શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ આ૦ બો૦ મઙ્ગલમ્ ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

પૂ. પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણિવરના પરમવિનેય

રચયિતા—મુનિશ્રી ચન્દ્રપ્રભસાગર-ચિત્રભાનુ.

શ્રી સિદ્ધચક્ર જયવંતુ છે.

શ્રીકર શોભતું જળમાં, હણીને સર્વની કાન્તિ;
સિતપક્ષી ઉડી આવે, નિરખવા તેહની શાન્તિ.

ધનેશ્વર ધનિકમાં મોટા, અરિહન્ત દેવમાં તેવા;
ચન્દ્ર તારા વિષે શોભે, સિદ્ધજન ઓપતા એવા.

કવચ જેમ કાષ્ટને કાપે, ભવિકના દુઃખ તેમ કાપે;
જટિલ કર્મોને જે રોકે, સૂરીશ્વર ધર્મને રોપે.

યત્નથી યતિને વિદ્યા, આપીને, શાન્તિમાં સ્થાપે;
વંશિક જેમ સુરભિને આપે, પાઠકજન જ્ઞાન તેમ આપે.

તુમ્બક જેમ સલિલમાં તારે, મુનિ તેમ ભવથી ઉગારે;
છેદે આ મન્ત્ર ભવોભવનાં, કરેલાં પાપ જે ભારે.

વી. સં. ૨૪૭૩
વિ. સં. ૨૦૦૩
વર્ષ ૧૪-અંક ૧.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૫, ૨૭, ધનજીસ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

માનવંતા ગ્રાહકોને

અમારા માનવંતા ગ્રાહકોને સહર્ષ જણાવવાનું કે તા. ૧૭-૧૦-૪૬ આશ્વિન માસમાં શરૂ થયેલ પ્રથમ અંકથી ચાલુ વર્ષ તા. ૧૭-૯-૪૭ ના રોજ પૂર્ણ થયેલ છે.

સમિતિના નિયમ મુજબ વર્ષના બાર અંક આપવા જોઈએ તે મુજબ તા. ૧૭-૯-૪૭ ના રોજ બારમો અંક દ્વિતીય શ્રાવણ માસનો આપેલ છે તે અંક અધિક માસ તરીકે નહિં ગણતાં ભાદ્રપદ માસનો ગણી લેવા વિનંતિ છે. હવેથી તા. ૧૭-૧૦-૪૭ ના રોજ આશ્વિન માસનો પ્રથમ અંક ચૌદમા વર્ષનો શરૂ થાય છે.

અસહ્ય મોંઘવારીના સમયમાં, કાગળ-મુદ્રણ-મજુરી-પ્રેસમેટર પાછળનું ખર્ચ વિચારતાં આ માસિકનું વાર્ષિક લવાજમ જૂજ છે, છતાં નક્કર વાંચન, સિદ્ધાન્તદોહન સાથે નવ નવ રસવતી પીરસીને અમોએ અમારા વાંચકોને સંતોષ પમાડેલો છે તે માટે અમારી તેરમા વર્ષના બાર અંકની બહોળી વાંચન સામગ્રી સાક્ષીરૂપ છે.

આશા છે કે અમારા તત્ત્વાકાંક્ષિ ગ્રાહકો ચાલુ વર્ષના ગ્રાહક તરીકે ચાલુ રહીને અમારા સરનામે લવાજમ મોકલી આપશે, કે જેથી કરીને અમોને વી. પી. નો ખર્ચ કરવાની જરૂર પડે નહિં.

પ્રથમ અંકની પ્રાપ્તિ પછી લવાજમ સમિતિને પ્રાપ્ત થયું નહિં હોય તો બીજો અંક વી. પી. થશે તે સ્વીકારવા સાદર ભલામણ છે.

આ માસિકનું વાંચન વિશાળ પ્રમાણમાં વધે તે માટે ગ્રાહકો વધારવાની પણ ખાસ ભલામણ છે, અમને જે ગ્રાહકોને ચાલુ વર્ષમાં રહેવાની ઈચ્છા ન હોય તેમણે તુરત લખી મોકલવું કે જેથી નકામા વી. પી. ખર્ચનું નુકશાન ધાર્મિક સંસ્થાને ન થાય.

પૂ સાધુ-સાધ્વીઓને, સંસ્થાઓને, અને જે જે વ્યક્તિઓને આ માસિક ભેટ (વગર લવાજમે) અપાય છે, તેઓએ યથાશક્તિ ઉદ્યમવંત થઈને આર્થિક મદદ મોકલવા-મોકલાવવા પ્રબંધ કરીને સમિતિને (આર્થિક મદદ કરવાની પણ) અનિવાર્ય જરૂર છે.

સહાયકોની ઉદારતા ઉપરજ આ માસિક નભે છે, નહિંતર કાઉન સાઈઝ ફોરમ ૩૬॥-પેજીસ સ્વરૂપ ની વિશાળ કાયમાં આટલું તત્ત્વમય વાંચન સમિતિ આપી શકેજ નહિં માટે ગ્રાહકો ચોગ્ય કદર કરીને સમિતિને સમૃદ્ધ બનાવવા ઉદ્યમવંત થશે. લિ૰ તન્ત્રી.

પૈસા ભરવાનું તથા પત્ર વ્યવહારાદિ કરવાનાં સ્થાન નીચે મુજબ છે:—

ઝવેરી પાનાચંદ રૂપચંદ તન્ત્રી.

ઠે૰ ૨૨૪, શેખમેમન સ્ટ્રીટ, ચોથે માળે, મુંબઈ નં. ૨

(અનિવાર્ય કારણોને લીધે હાલ સુરત ઉપરના સ્થળે પૈસા ભરવા વિનંતિ છે.)

શા૰ ગુલાબચંદલાલ જેચંદભાઈ હાલે.

ઠે૰ ઝોમીપુરા, ચાંદ્યાગલી, મુ. સુરત.

શ્રી ઋષભદેવજી ભગતીરામજીની પેઢી,

ઠે. સિદ્ધચક્રારાધનતીર્થ, દહેરા ખિડકી, બારાકુવા; મુ. ઉજ્જૈન-માળવા. C. I.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ–૧૪.	આશ્વિન–માસ.	તંત્રી:
અંક ૧ લો.	તા. ૧૭–૧૦–૪૭.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

શ્રીસિદ્ધચક્ર ઘણું જીવો!!!

લેખક:—ચિત્રભાનુ.

સિદ્ધચક્ર! એ ચાર અક્ષરનું તેજસ્વી નામ–અજ્ઞાન અન્ધકારને ભેદી આજે સાહિત્ય–ગગનમાં જ્ઞાનકિરણના ફૂવારા છોડી રહ્યું છે!

એના નામથી પતિત પણ પાવન બને છે. એની સ્થાપનાથી પાપી પણ પુણ્યશાળી બને છે, એના દ્રવ્યથી અધર્મી પણ ધર્મી બને છે; એની ભાવનાથી વિનાશી પણ અવિનાશી બને છે!

ગંગાનું પાવિત્ર્ય, સૂર્યનો પ્રકાશ, ચન્દ્રની શીતળતા અને સાગરનું ગામ્ભિર્ય—એ બધું સિદ્ધચક્રના પ્રત્યેક કિરણમાંથી ઝરતું આપણી આંખ સન્મુખ પ્રત્યક્ષ દેખાઈ રહ્યું છે!

સિદ્ધચક્રમાંથી ઝરતું સાહિત્ય એ સાહિત્ય નથી, પણ અમૃતનું ઝરણું છે! સિદ્ધચક્રમાંથી નીકળતી વાર્તા એ વાર્તા નથી, પણ આત્માનો પ્રકાશ છે! સિદ્ધચક્રમાંથી નીકળતી દેશના એ દેશના નથી, પણ આનન્દનો સાગર છે!

અશોકચક્ર હિન્દના જયને સૂચવે છે, સુદર્શનચક્ર ત્રણ ખંડના વિજયને પ્રઘોષે છે, ચક્રરત્ન છ ખંડના વિજયના વિજયની ઘોષણા કરે છે; પણ આ સિદ્ધચક્ર તો દુઃસાધ્ય એવા મોક્ષનગરના મહાવિજયને સૂચવે છે! કોઇની તાકાત નથી કે કોઇ એની ઓછી આંકણી કરી શકે!

ચાલો. આવા અપૂર્વ સિદ્ધચક્રને આપણે લાખખો વન્દન કરીએ. એ પવિત્ર સિદ્ધચક્રની પ્રાર્થના કરીએ, એ પાવન સિદ્ધચક્રનું વિશુદ્ધ ધ્યાન ધરીએ, એ અમર સિદ્ધચક્રમાંથી ઝરતા અમૃતબિન્દુનું પાન કરીએ, એ અનન્ત તેજથી દીપતા સિદ્ધચક્રમાંથી વિકસતા તેજ પુંજને આપણા જીવનમાં ભરીએ!

આવા સિદ્ધચક્રમાંથી જન્મેલું 'શ્રી સિદ્ધચક્ર' ધર્મ સમાજ અને સંસ્કૃતિની તેર તેર વર્ષ સુધી અખંડ સેવા બજાવતું, આજે પુણ્ય પવિત્ર ચૌદમા વર્ષમાં પ્રવેશ કરે છે વાંચક જનોને સુખ અને આનન્દની ગુલાંબી હવા આપતું **શ્રીસિદ્ધચક્ર ગૌરવ ભરેલા ચૌદમા વર્ષના મંગળ પ્રભાતમાં પગ મૂકે છે.** ચૌદમાં વર્ષના જવલન્ત યુગમાં પ્રવેશ કરતાં **શ્રી સિદ્ધચક્ર પર** સાહિત્ય–રસિકો, જ્ઞાન–પિપાસુઓ અને તત્ત્વચિન્તકો પોતાની પ્રેમભરી માહક દૃષ્ટિથી અમૃત વર્ષા વર્ષાવી રહ્યા છે!!

સૌને સુખ આપતું, વિશ્વમાં જ્ઞાનપુંજ વર્ષાવતું, સંસ્કૃતિને વિકસાવતું રાષ્ટ્રનું હિત ઇચ્છતું, ધર્મને ફેલાવતું સત્યનું રક્ષણ કરતું, અસત્યનો વિનાશ કરતું, સુખીના સુખમાં અભિવૃદ્ધિ કરતું, દુઃખીના દુઃખને ભેદતું, શિવરમાના નિશાનને સૂચવતું **ચૌદમા વર્ષમાં પેસતું શ્રી સિદ્ધચક્ર ઘણું જીવો!!!**

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ--પૂ. આગમોદ્ધારક-આચાર્ય-દેવેશ-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

[નોંધઃ—આશ્વિન-માસની શાશ્વત-આરાધના આવતી હોવાથી વિ સં. ૧૯૮૯ ના સુરત મુકામના ચાતુર્માસમાં વિજયાદશમીને દિને શ્રી ઉપાધ્યાય પદ પર અમોઘદેશના આપી હતી. તેનો સારભૂત સંચય પૂ. પં. શ્રા હેમસાગરજી પાસેથી મેળવીને, વાંચકો વિવેકપૂર્વક વાંચી શકે, અને વિચારી શકે તે હેતુથી પૂ. પ. પ્રવરશ્રી-ચન્દ્રસાગરજી-ગણિવર પાસે પેરેગ્રાફાદિ સુધારા-વધારા સાથે તૈયાર કરાવી અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય-વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ પ્રદર્શ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી.]

દેશનાના દિવ્ય અવતરણો.

૧ પૌદ્ગલિક ભાવે પણ ધર્મમાં જોડાવું જરૂરીનું છે.

૨ મોક્ષના લક્ષ્ય વગર પણ વ્રત નિયમાદિ લેવાં-દેવાં લાયક છે.

૩ અભિપ્રાય ન સુધારો ત્યાંથી આચારથી વિમુખ ન રહો.

૪ ઉદ્દેશ વિધેયના ફરક સમજો.

૫. અભિપ્રાયની અધમતા છતાં પણ વ્રતો દેવાય છે.

૬ સમ્યક્ત્વ પ્રાપ્તિ વગર વ્રત દેવામાં વાંધો નથી.

૭ વિધિવાદ અને કથાનુવાદના ફરક અને રહસ્ય સમજો.

૮ કરવાથી ફળ, અને નહિં કરવાથી નુકશાનનું દિગ્દર્શન કથામાં કરાય છે.

૯ પૂ. પાઠકવર્યોની આવશ્યકતા.

વર્તનનો સુધારો જરૂરીનો છે.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખર સૂરિશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે શ્રી શ્રીપાલ ચરિત્ર રચતાં થકાં આગળ જણાવી ગયા કે જગતનો કોઇપણ શબ્દ ચાહે ઇષ્ટ હોય કે અનિષ્ટ હોય કે ઉપેક્ષણીય હોય તો પણ તેનો અવાજ શ્રોતાને કાને આવે છે. શ્રવણેન્દ્રિયલબ્ધિ મળી હોવાથી શબ્દ સાંભળવાનું બને છે. છતાં જે ભાષા જાણતો હોય તે ભાષાનો અર્થ ઇચ્છાએ કે વગર ઇચ્છાએ સમજે છે. પણ જેઓને ભાષાનું જ્ઞાન ન હોય તે શ્રવણે અટકે છે. ભાષાના જ્ઞાનવાળા શબ્દ સાથે અર્થનો વિચાર જરૂર કરે છે. એ છતાં ત્રીજી ભૂમિકાએ જવું એ ધર્મિષ્ટનું લક્ષણ છે. ત્રીજી ભૂમિકાએ ન જાય તેને ધર્મિષ્ટ માનવા તૈયાર નથી તેમ શ્રીપાલના ચરિત્રમાં જે ધન માલ કુટુંબ અને નવપદ વિષયક વાત આવવાની તે દરેક શ્રોતાઓ સાંભળવાના અને અર્થ પણ સમજવાના. અહીં અર્થ કામની કથા તે બધી કથા સમજાય તો પણ છાંડવા લાયકપણે સમજવી જોઇએ, તો છાંડવા લાયક હતી તો ચરિત્રકારે શુંથી શું કરવા ? એક છોકરાએ દવા પીધી અને લાડવો મલ્યો. બીજાને દવા બતાવીને લાડવો બતાવ્યો. છોકરા લાડવા દ્વારાએ દવામાં જોડાતો હોય તો બીજા છોકરાને પણ લાડવો દેખાડાય. કારણ કે લાડવા દ્વારાએ દવામાં

એને જોડવો છે. પૌદ્ગલિકભાવે પણ ધર્મમાં જોડાવવું કે કેમ ? કોઇ મનુષ્ય તીર્થંકરના ગુણ જાણે અને કહે છે કે મોક્ષદાતા છે, કરમના કચરામાંથી કાઢનાર છે. તે કચરામાંથી નિકળવા માટે જીનેશ્વરે કહેલા વ્રતો કરવા લાયક માને, પણ કોઇ આ વ્રતો સમજતા નથી. અને મોક્ષ તે કરમનો કચરો કાઢનાર છે, એ ઉપદેશના તરફથી તે સમજતો નથી. હવે નહિં સમજતાં છતાં એ કહે કે મને આ નિયમ કરાવો. આ નિયમ દેવલોક માટે કરૂં છું, ગતિ સુધરે માટે કરૂં છું, નરકે ન જઊં તે માટે કરૂં છું. મોક્ષનું લક્ષ્ય નથી, તેવાને વ્રતની કર્તવ્યતા ખરી કે નહિં ? આને અભિપ્રાયનો સુધારો થયો નથી તો વર્તનનો સુધારો થવા દેવો કે નહિં ? અર્થાત વર્તનનો સુધારો જરૂરીનો છે. વ્રતનું ફળ સમજાવવું પણ ધર્મ કરતો અટકાવવો નહિં.

અભિપ્રાયની અધમતા છતાં વ્રત-નિયમ દેવાય છે.

દેવર્ધિ=દેવની ઋદ્ધિનું વર્ણન અને ધર્મ-સ્વરૂપનું વર્ણન કરવું ત્યાં આચાર પાળવાથી જે દેવતાની રિદ્ધિ મળે તેનું વર્ણન કરવું તે ગ્રંથકારે કેમ કર્યું ? તો કહે છે કે એ તો ફળ જણાવવા લક્ષ્યું છે. ઉદ્દેશ જણાવવા લક્ષ્યું નથી એમ કહો તો સમ્યકત્વ ટકાવવાથી દેવલોક મળે. એક દિવસના ચારિત્રથી વૈમાનિકની ગતિ મળે છે તે ફળ તરીકે જણાવ્યું છે, નહિં કે ઉદ્દેશ તરીકે જણાવ્યું છે. છતાં પણ આચરનારો મનુષ્ય એને માટે આચરે તો રોકવા લાયક કયું ? અભિપ્રાય સુધારવા લાયક કે વર્તન રોકવા લાયક ? તો કહેવું પડશે કે અભિપ્રાય સુધારવા લાયક છે. વર્તન રોકવા લાયક નથી. એક માણસ સટ્ટો કરતાં થાકયો છે, ખુવાર થયો છે; તે નિયમ માંગે છે તેને આપવો કે નહિં ? આપત્તિ ન જોઇએ અને ફકત બચવા માટે નિયમ માગ્યો, તો આપવો જોઇએ. શિકાર કરવાથી ત્રાસ પામી બચી ગયો, અને ફરી જીવન ભયમાં ન આવે માટે નિયમ લેવાનું નક્કી કર્યું તે નિયમ માંગે તો આપવો કે નહિં ? તો આપવો. ત્યાંસુધી પચ્ચખાણની મર્યાદા રાખી છે કે કન્યાદાનમાં ફળ સમજતો હોય, અને જૈન શાસનની વાસના પણ ન હોય એવો મનુષ્ય હોય તેવાને પણ વ્રત દઇ શકાય છે. તેને અંગે ચોથા અણુવ્રતમાં ખુલાસો કર્યો છે. કન્યાદાનના ફળની અપેક્ષાએ જે કન્યાદાન કર્યું હોય તેવા પર-વિવાહને હું નિંદું છું. ત્યાં શંકા કરી કે વ્રત સમકીતવાળાને આપો છો કે બીજાને ? જો સમકીતી હોય તો કન્યાદાન ફળદાયક છે તેમ હોય નહિં, અને તે મિથ્યાત્વી હોય તો તેને અણુવ્રત ન હોય તો મુગ્ધને માર્ગે ચઢાવવા માટે ગીતાર્થો અણુવ્રત દઈ શકે છે. અભિપ્રાય અધમ હોવા છતાં કન્યાદાનમાં લાભ માને તે પરિણતિ છેદ્યે-પાટલાની હદની છે. પણ તેવાને વ્રતની અયોગ્યતા નથી. પૌદ્ગલિક લૌકિક ફળની અપેક્ષાએ વ્રત કરતો હોય તેને વ્રતનો નિષેધ કરવો યોગ્ય નથી, પરંતુ સમજાવવાની જરૂર છે. અહીં શ્રીપાળની સાહેબી સાંભળી શ્રીપાળનો નવપદનો પ્રભાવ સાંભળી નવપદમાં જોડાય તો નવપદની આરાધનાનો નિષેધ કોઇપણ પ્રકારે કરાય નહિં. એક શેઠનો છોકરો રંડીબાજીમાં ખુવાર થયો છે, શરીર ધન પણ ખુવાર થયા છે; ગુરૂ પાસે તે છોકરાને બાપ લાવ્યો. સાહેબ હવે આને બ્રહ્મચર્યના પચ્ચખાણ આપો. કોઇ

અપેક્ષાએ પચ્ચખાણ લે છે? કહેવું પડશે કે શરીર ધન બચાવવા માટેજ પચ્ચખાણ કરે છે, તો પચ્ચખાણ દેવું કે નહિં? અભિપ્રાય પલટાવવાની જરૂર છે ખરી, પણ વર્તન અટકાવાય નહિં.

કથાદ્વારાએ ફળ દર્શન.

તત્ત્વ એ છે કે મહિમાથી પણ નવપદના આરાધનમાં જોડાય તો તેને જોડાતો રોકવાનો નથી, પણ એના અભિપ્રાય સુધારવાની જરૂર છે. જે ધર્મનું કાર્ય છે તે ધર્મ પુન્ય કેટલું બંધાવે છે?, તેનો પ્રભાવ કેટલો પડે છે?; તે બીજાના મગજમાં ઉતરે તો તેની ઉત્તમતા ખ્યાલમાં આવે, અને તેને આત્મીય ઉન્નતિ સમજવી સહેલી પડે. આટલાજ માટે દરેક જગોએ કથાનુયોગ રાખ્યો છે. વિધિ સૂત્રને કથાનુયોગમાં કૂરક કયો? વિધિ સૂત્રમાં આમ કરવું એ આવે છે. ધર્મ કથાનુયોગમાં આમ કર્યું તેથી આમ ફળ મળ્યું ને આમ કર્યું તેથી આમ નુકશાન થયું. વિધિવાદમાં ફળ જોડે ન હોય. કથાનુયોગમાં ફળ જોડે હોય ધર્મ એજ ઉત્કૃષ્ટ મંગળ, તે ધર્મ અહિંસા સંજમ ને તપ એમ ત્રણ ભેદે છે. देवावि तं नमं એ શું? સામાન્ય જગતને અંગે દ્રષ્ટાંત જોઇએ તેને અંગે અહીં સૂચન કર્યું કે દેવતા પણ નમસ્કાર કરે છે. તે પૌદ્ગલિક ફળ છે કે આત્મીય ફળ? અહીં 'ते जांवा मोक्षपयं यान्ति' કહેવું જોઇએ. નિશ્ચયે તે જીવ મોક્ષે જાય, કે જેનું મન ધર્મમાં હોય એમ કહેવું જોઇએ; તે જગોપર देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो' કેમ બોલ્યા? દેવતા પણ તેને નમસ્કાર કરે છે કે જેનું હંમેશાં ધર્મમાં મન છે. શાસ્ત્રકારે શ્રીપાળનું દ્રષ્ટાંત આપ્યું છે, કારણકે ફળ બતાવવામાં અડચણ નથી. ફળની ઇચ્છાએ પ્રવર્તે તો પ્રવૃતિ બંધ કરાવવાની નથી. આ હિસાબે શ્રીરત્નશેખરસૂરિજી શ્રીપાળની કથા શરૂ કરે છે. તેમાં અર્થ-કામ કથા, દેશ-કથા, સ્ત્રી કથા; વિગેરે વિકથાનો પ્રસંગ ડગલે પગલે આવે છે. કહેનાર આચાર્ય છતાં આ પ્રસંગો કેમ વર્ણવે છે? એકજ કે આ મુદ્દાએ પણ ધર્મમાં પ્રવર્તો.

કથાનું રહસ્ય અને ધ્યેય.

ધર્મમાં પ્રવર્તશે તો દુર્ગતિતો રોકાશેને? તેથી શ્રીરત્નશેખરસૂરિએ અર્થ-કામ-દેશ-ભકત સ્ત્રી-કથાના બધા પ્રસંગો ચરિત્રમાં લીધા છે, એથી સમજવાની જરૂર છે કે વિકથા કોને કહેવાય? દશવૈકાલિકની નિર્યુકિતમાં કથા-અકથા વિકથાના લક્ષણ આપ્યા છે. બીજાને સદ્ગતિની અભિલાષા રૂપ સંવેગ નિર્વેદ માટે જે કથા હોય તે કથા કહેવાય, અર્થાત્ તે અકથા કે વિકથા નથી એ વાત ધ્યાનમાં રાખીને શ્રીપાળ ની કથા કહેવાય છે.

તે કથામાં નવપદનું ધ્યાન ન હોય તો ગોળની ભેલી ગઇ ને તાપડું રહ્યું તેવી સ્થીતિ થાય. તેમ શ્રીપાળની કથામાં જો નવપદની આરાધના પરથી લક્ષ્ય ખસ્યું તો ગોળનો ભેલી ગઇ ને તાપડુ રહ્યું. ગોળની ભેલી હોય તો પણ સમજુ મનુષ્યે ગોળ મોંમાં નાંખવાનો હોય, તાપડું મોંમાં ન નંખાય. તેમ શ્રીપાળની કથામાં જે પૌદ્ગલિક ફળનું વર્ણન જરૂરીનું જોડે છે તે પણ ભેલીના તાપડા તરીકે છે. જ્યાં ભક્ષણનો પ્રસંગ આવે ત્યાં તાપડું ખસેડવું પડે. તેમ શ્રીપાલના ચરિત્રમાં કોઢ ગયો અને અજીતસેનને જીત્યા ત્યાં સુધીનો સઘળોએ પ્રસંગ

નવપદની ભેલીનું બારદાન છે. ભેલીમાં ભુલ્યા તો કામ ન લાગે. નવપદની આરાધનાનું લક્ષ્ય ભુલાય તો બધી કથા કેવળ બારદાન છે. ગોળની ભેલી પર રહેલું બારદાન ગોળના ભાવમાં જાય તેમ નવપદની સાથે રહેલી કથા અર્થ કામકથા નવપદના ભાવની છે, પણ એકલા બારદાનને કોઇ ગોળ ભાવે લે નહિં. નવપદના આરાધન-ભક્તિ સાથે શ્રીપાળનું ચરિત્ર સંભલાય તે બધું નવપદના આરાધના જેટલું કીંમતી છે, પણ અંદર ગોળની ભેલી હોય તે રૂપ નવપદનું ધ્યેય બસેડો નાંખીએ તો શ્રીપાળ ચરિત્ર એક નાટક જેવું ગણાય.

સિદ્ધપદની હયાતિમાં અરિહંતોની કિંમત.

નવપદનું વર્ણન કરતાં પહેલાં જગતમાં સૂર્ય, મકાનને અંગે દીપક, શરીરને અંગે ચક્ષુ પણ કહોકે પ્રકાશ કરનાર છે. અરિહંતને પહેલા પદમાં મુખ્ય રાખ્યા હવે એ વર્ણન કોની કીંમત ઉપર? ચક્ષુની કિંમત ખરી, પણ દ્રશ્ય વસ્તુ હોય તો કીંમતી. અંધારામાં કે ખાલી કુવામાં આંખ નાંખો તો તેમાં કંઇ જોવા ન મળે. તેમ અરિહંત મહારાજા રૂપી સૂર્ય દીપક કે નેત્ર કહો તેવા અરહિંત પણ સિદ્ધરૂપી ચીજ દેખવાની હોય તો. સિદ્ધપણા રૂપ ચીજની હયાતી છે માટે સૂર્ય દીપક કે ચક્ષુ દ્રશ્ય વસ્તુને અંગેજ કીંમતી રહે છે, તેમ અરિહંતની કિંમત સિદ્ધ ભગવંતના હિસાબે છે. ઉલટી રીતે કહીએ તો અરિહંત જગતને ફસાવનાર પણ કયારે? જો કર્મક્ષય કર્યા સિદ્ધપણું ન બનતું હોય તો. કર્મક્ષય નથી, સિદ્ધપણું નથી, તો પછી અરિહંતે જે ઉપદેશ કર્યો તે જગતને ફસાવ્યું. દાન દેવડાવી ઋદ્ધિ ખલાસ કરાવી, અને તપાસ્યા કરાવી નિર્બળ કરાવ્યા; પણ આ કયારે? જો કર્મક્ષય જેવી કે સિદ્ધ જેવી ચીજ ન હોય તો, અને મોક્ષ ન થતો હોય તો. અરિહંત મહારાજની પ્રમાણિકતા નિર્ભરતા સિદ્ધ મહારાજા ઉપર છે. જગતની ઉપર ઘાતકીપણું ગુજારનાર કહીએ પણ તે કયારે? સિદ્ધપણું ઉડી જાય તો. આપણે આરાધક છીએ, જીનેશ્વર આરાધ્ય છે, પરંતુ તીર્થંકર મહારાજા તીર્થંકરને નમસ્કાર ન કરે પણ સિદ્ધ મહારાજને નમસ્કાર છે. દીક્ષા લેતી વખતે સિદ્ધને નમસ્કાર કરી વ્રત ઉચ્ચરે, પણ અરિહંતને નમસ્કાર નહિં; કારણ કે મૂખ્ય જડ ત્યાં છે. અરિહંતોને પામવા લાયક સિદ્ધપણું છે. મોક્ષને પામવાની ઇચ્છાવાળા શ્રી મહાવીર પ્રભુ અરિહંતને એ પદ પ્રાપ્ય છે, પરંતુ પ્રાપ્ત નથી. તેથીજ સિદ્ધપદ પ્રાપ્ય હોવાથી અરિહંતો સિદ્ધપદને નમસ્કાર કરી ચારિત્ર અંગીકાર કરે છે.

ઢંઢેરો પીટનારા આચાર્યાદિ.

જે પ્રમાદ અજ્ઞાન દૂર કરે અને વાંચના આપે તે આચાર્ય મહારાજ. તેથી વાહન તરીકે આચાર્યને માનવાના છે. ભગવાનની વાણીના રિપોર્ટર છે. ભાષણ કર્યું, અને સભાએ સાંભળ્યું પણ રીપોર્ટર ન લખે તો જગતના લોકો સંદેશો શી રીતે સાંભળે? અલબ્ય કહેનારા છે છતાં કથની પ્રમાણે કરનાર નથી તેથી તેમને આપણે શાબાશી આપતા નથી.

પોતે તરનાર અને બીજાને તારનાર એવા એવા આચાર્યને માનીએ છીએ. મૂળ વાતમાં આવો સિદ્ધપદ ન હોય તો અરિહંત મહારાજનો વાસ્તવિક ઉપકાર નથી, એટલુંજ નહિં પણ અપકાર થાય. એટલા માટે સિદ્ધનું સ્વરૂપ બીજા પદમાં જણાવ્યું. જ્યારે આરાધ્યોએ ઉદ્યમ કર્યા તો આરાધકો ઉદ્યમ કરે તેમાં નવાઈ શી ?, દાન દેનાર ઓટલા પર બેઠો છે., ધન ઓટલા પર છે; પણ ઢંઢેરો પીટનાર તો જોઇએને ? ગામમાં ઢંઢેરો પીટવો જોઇયે. જેને લેવું હોય તે "આવો, ફલાણો આપે છે," તેમ આચાર્યાદિક ત્રણ તીર્થંકરના દાનનો ઢંઢેરો પીટનાર છે ?, કર્મ રહિત થવું હોય તે અહીં આવો, આ દાનની જાહેરાત. આચાર્ય ઉપાધ્યાય અને સાધુ તે અરિહંત મહારાજની જાહેરાત કરનાર-બોલતું છાપું છે. જેથી જેનું સારૂં ન ખમાય તે જાહેરાત રોકી દે. જે અરિહંતની પ્રસિદ્ધિના વિરોધી હોય તે છાપું રોકવા મથે. એમની પ્રસિદ્ધિથી નારાજ થનારા હોય તે ટેલીયા ઉપર બળાત્કાર કરે. તેમ આચાર્યાદિક જીનેશ્વરના શાસનની ટેલ પાડે છે.

જાહેર કરવામાં ચૂકે તો ગુન્હેગાર.

જેને મોક્ષમાર્ગ ન ગમતો હોય તે આ ટેલીયાને રોકવા માંડે. સૂત્ર વિરૂદ્ધ બોલનારા ને સૂત્ર સમજનારાઓ ખાસડા મારે છે. એમ ભગવાનની ટેલ સમજે છે તેઓ તેની વિરૂદ્ધ હોય તેને ખાસડા મારે છે. આ શાસને જમાલી સરખા, અને રોહગુપ્ત સરખાને પણ ફેંકી દીધા છે. ટેલીયાની ટેલની જેમ તમારે આચાર્યાદિક ત્રણ ટેલીયાની ટેલ તમારે સાંભળવી હોય ત્યારે સાંભળજો. આચાર્યાદિક અરિહંતના ટેલીયા છે. ટેલીયામાં જોર કરવાની અને બળાત્કાર કરવાની તાકાત નથી. તેને તો ટેલજ પાડવાની છે. અરિહંતનો આ સંદેશો કોઈ પ્રમાદી સાંભળે, અને કોઇક મધ્યમ રીતિએ ઉદ્યમ કરે. સરકારની જાહેરાત કરનારા થાળી પીટી ટેલ પાડે છે. થાળી પીટનાર ન થાળી પીટવા જાય તો ગુનેગાર. સાંભળનાર ન સાંભળે તો ગુનો નહિં. એમ શ્રોતાઓ માર્ગમાં ન આવે, ન સાંભળે, ન ગણકારે, તેનો ગુનો નહિં; પણ આચાર્યાદિક જાહેર કરવામાં ચૂકે તો ગુનેગાર છે.

આચાર્યોની આવશ્યકતા.

તો અરિહંતના કથનની થાળી પીટનાર, ટેલ પાડનાર આ ત્રણ. શહેરની પોલીસ હોય, અને એક સરકારની પોલીસ હોય. શહેરી પોલીસને બેફરજ. તોફાન થતું રોકવું અને શહેરની સવડ પણ કરી દેવી. સરકારી પોલીસ માત્ર હલ્લો રોકે. આ આચાર્ય શહેરીની પોલીસ છે. અન્યમતિનો હલ્લો હઠાવવો અને શહેરની વ્યવસ્થા જાળવવી. હલ્લામાં સામા થવું, અને વ્યવસ્થામાં કટિબદ્ધ થવું, તે માટે શહેરી પોલીસ બેવડી ફરજ કરવા બંધાએલો છે. તેમ આચાર્યો બેફરજ કરવા બંધાએલા છે. શહેરી પોલીસ જે વખતે ઉચિત હુકમ કરે તે પ્રજા કરવા બંધાએલી છે. એમ જૈન શાસનમાં અરિહંતનું વચન માન્ય છે, અને આચાર્યનું વચન માન્ય નથી તે શહેરમાં પ્રજાને રહેવાનો હક

નથી; તેમ જૈન શાસનમાં એ નિયમ રાખ્યો. તીર્થંકર મહારાજાએ જે હક રાખ્યો તે આચાર્યોના હકમાં રાજીનામું આપી પોતાનો હક છોડી દીધો છે. જીનેશ્વર મહારાજ મોક્ષે પહોંચ્યા, અને બધો હક-સત્તા આચાર્યને દીધી. તે આચાર્યોથી શાસન અત્યારે ધારણ કરાય છે. ગૌતમાદિ ગણધરોની અનુજ્ઞા થાય છે ત્યાં શું કરે છે? ગૌતમસ્વામી વિગેરે ગણધરોને દ્રવ્ય ગુણ પર્યાયથી તીર્થની અનુજ્ઞા કરે છે. સુધર્માસ્વામીને ગણની અનુજ્ઞા કરે છે. રાજાએ પોતાને હાથે રાજ્યાભિષેક કર્યો હોય તે રાજ્યાભિષેક ન માને તે રાજાને માનનારો કેટલો ગણાય?, તેમ આચાર્યો આચાર્યે પદધારી નામ આચાર્ય માટે વાત કરતો નથી. શાસનના ધોરીની વાત કહું છું. ત્રીજે પદે આચાર્યો મેલ્યા છે તે નામધારી આચાર્યો નહીં પણ કામ કરનારા. રાજીનામું આપનાર માટે તે વસ્તુ બોલનાર કેવો ગણાય? તીર્થંકરોએ આખું શાસન સુધર્માસ્વામીને આપ્યું. તેમણે જંબૂસ્વામીને આપ્યું. વર્તમાનકાલીક શહેરની પોલીસનું સ્વરૂપ વિચારીશું તો આચાર્યની કેટલા જરૂર છે તે સમજાશે.

અજ્ઞાનરૂપી નિમોનીયા મટાડનાર.

શહેર સડક વાહન સારૂં છતાં શારીરિક-શક્તિ નિમોનીયા જેવી હોય ત્યાં શું થાય? નિમોનીયા મટાડનાર જોઇએ. નેમોનીયા મટયા સિવાય તેનો ઉપયોગ થઇ શકે નહિં, તેમ અજ્ઞાનતા મૂર્ખતા મટે નહિં દૃષ્ટિ મોહ જાય નહિં, ત્યાં સુધી આચાર્યરૂપી વાહન, અરિહંતરૂપી સડક, અને સિદ્ધરૂપી શહેર તે બધા નકામા છે. માટે નિમોનીયા મટાડનારને પહેલો બોલાવવો જોઇએ. અજ્ઞાનરૂપ થએલો નેમોનીયા મટે નહિં ત્યાંસુધી આચાર્ય વાહન રૂપે હોય તો પણ આજીવનું કંઇ લીલું વળે નહિં માટે નિમોનીયા મટાડનાર તરીકે ઉપાધ્યાયની જરૂર છે. ઉપાધ્યાય શું કરે છે? વૈદ અને દાકટરની જેમ દવાની પેટી લઇ ફરે છે. તેમ સૂત્ર અને અર્થ રૂપી પેટી તેમાં બે વાત છે. કેટલીક દવા પોઇઝન છે, તેમ સૂત્ર અર્થમાં કેટલાક અર્થ એવા હોય છે કે મારી પાડે, પણ આમની પાસે દુર્ગતિના બચાવ જેમાં નિરૂપણ કરેલા હોય મોક્ષ મેળવવા માટે જે ઉપયોગી સૂત્ર-અર્થ તેની પેટો ભરેલી છે. એટલા માટે ઉપાધ્યાયને અગે સૂત્ર અર્થ બન્ને ધારણ કરનારા કહીએ છીએ.

નીર-ક્ષીર-અમૃતની ઉપમા ક્ષાયક સૂત્ર-અર્થ-સંવેગ.

સાપ અહીં કરડયો ને દવા દુંગરામાં કામ ન લાગે. તેમ ભવ્ય જીવને-અજ્ઞાનરૂપી નિમોનીયા થએલો છે. તે ખસે નહિં ત્યાંસુધી આચાર્યરૂપી વાહન ઉપયોગી થાય નહિં. માટે સૂત્ર અને અર્થ તે સંવેગમય શાસ્ત્ર-સૂત્ર એ વગર ચાલી શકતું નથી. તેથી સૂત્રને નિર્મળ—પાણીની ઉપમા દે છે. જળ વગર કોઇ જીવી શકતું નથી. તેમ શાસનમાં સૂત્રરૂપી પાણી વગર જીવન નથી. પાણી જીવનનો નિર્વાહ કરશે પણ જીવનને પુષ્ટ કરવું તે તાકાત પાણીમાં નથી પણ દૂધમાં તે તાકાત છે. તે માટે અર્થ દૂધ તરીકે લીધો. સૂત્ર-અર્થ નીર અને ક્ષીર છે, પાણી

દૂધમાં ભળેલું છે. અર્થમાં સૂત્રની દરકાર હોય છે, છતાં પાણી પીનારા દૂધ ખાનારા પણ મસાણુમાં જઇ સુવે છે. જેમાં વધારે શું ? જેટલો કાળ વધારે ટકાયું તેટલું ખરૂં. ત્રીજો પદાર્થ મલ્યો નથી. તેથી ત્રીજો પદાર્થ કયો ? અમૃત મલ્યું હોત તો મસાણુમાં સુવું ન પડે. તેમ સૂત્ર એ પાણી, અર્થ ક્ષીર તરીકે અને અમૃત તરીકે સંવેગ. મોક્ષની અભિલાષા દુર્ગતિનો ડર એવો સંવેગ એ ખરેખર અમૃત છે. શુદ્ધ પાણી દૂધ ને અમૃત તરીકે પ્રસિદ્ધ સૂત્ર અર્થ સંવેગ તે શાસનમાં જાહેર થએલા છે. એ ત્રણેમય શાસ્ત્રોએ કરી પ્રથમ સૂત્ર-અર્થ-સંવેગમય છે. તો સૂત્ર અર્થ સંવેગમય છે તો શ્રુત શબ્દ કેમ જોડયો ? સૂત્ર અર્થ સિવાયની શ્રુત ચીજ કઇ ? શ્રુતજ્ઞાન તે વકતાનો ક્ષયો પશમ તે સૂત્ર અર્થ અને સંવેગમય છે.

માવજત કરનારા ઉપાધ્યાય.

આવો શ્રુતોપયોગ એ નીર જેવો નિર્મલ, અર્થનો શ્રુત ઉપયોગ તે દુધ જેવો પૈષ્ટિક, અને સંવેગમય શ્રુત ઉપયોગ તે અમૃત જેવો છે. આખા જગતને પોષણ કરનાર વરસાદનું પાણી. કુવો જેણે ખોદ્યો તેની માલીકી, તળાવમાં ગામની માલીકી, અને વરસાદમાં કોઇની માલીકી નહિં. તેમ ઉપાધ્યાય પાસે જે શ્રુત તે દ્વારાએ પોષણ લેવાનો હક ? આખું જગત પોષણ મેળવે, માટે હંમેશા એ ઉપાધ્યાયનું ધ્યાન કરો. વૈદના કહેવા પ્રમાણે કરે તેજ રોગ મટાડે, અને તેજ વાહનનો ઉપયોગ કરી શકે, અને શહેરની શોભા મેળવવાનો તેનેજ વખત આવે. એક ક્ષણ પણ એ સિવાય નહિં. હંમેશા તન્મય થઇ ઉપાધ્યાયનું ધ્યાન કરો. આ ભવનો અજ્ઞાન નિમોનીયા મટાડવો હોય તો સગાંવહાલાંની મરજીનું સ્થાન નથી, પરંતુ તેને કંપાઉન્ડરની ટ્રીટમેન્ટમાં હાજર થવાનું. ઉપાધ્યાયજી આચાર્યના કંમ્પાઉન્ડર. ડાકટરની ટ્રીટમેન્ટ એકલી ખાવા પીવાની છે. ઉપાધ્યાયની ટ્રીટમેન્ટમાં મન વચન કાયા ત્રણે તેને સોંપવા પડે, અને તેમ થાયતોજ નેમોનીયા મટે ભયંકર દરદીને ડાકટરની ટ્રીટમેન્ટ વગર બચવું તે મુસ્કેલ છે, તેમ આ આત્માને અજ્ઞાન મિથ્યાત્વ કષાય જબરજસ્ત રોગો વળગેલા છે. માટે હંમેશાં ઉપાધ્યાયજીમાં તન્મય રહો. એમના વચનને અમલમાં મેલો. ડાકટર તેજ દરદી ઉપર ખુશ રહે છે કે જે ડાકટરના કહ્યા મુજબ ચાલે, પણ ઉપરાંત ચાલવાથી ડાકટર મારી નાંખતો નથી પણ આપોઆપ મરવું પડે છે. ડાકટરના કહ્યા પ્રમાણે ચાલે તો જીગરથી દવા કરી દરદી સારો કરી નાંખે છે. પ્રસન્નતાવાળા ઉપાધ્યાય રૂપી ડાકટરને વશવર્તીપણું કરો. જેણે હંમેશા પ્રસન્નતા રાખી છે, કોઇ ઉપર વૈર વિરોધ નથી, અને જો બરોબર ચાલે તો ઉપાધ્યાયજી પ્રસન્ન થઇ બરોબર માર્ગે લાવે છે. આ બધું છતાં શહેરની સુંદરતા. સડકની અનુકૂળતા, વાહન, અનુપમ અને ડાકટરનો અનુકૂળ છતાં; જોડે રહી માવજત કરનાર ન હોય, યોગ્ય ખોરાક પોષક હવા વાહન ન હોય તો; શહેરની સડકની સુંદરતા કયાં રહે ? આપણી માવજત કરનાર વર્ગ સારો ન હોય, તો ડાકટરના ઉપાયો ફળીભૂત ન નિવડે તે વર્ગનું નામ ઉપાધ્યાય છે. તે અધિકાર અને તેને સાનુકુળ વર્ગ સાધુ વિગેરે જે બતાવવામાં આવશે, તે અગ્રેવર્તમાન.

॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

(ગયા અંકથી ચાલુ)

સદુપદેશનું સુંદર ફળ.

લીધેલા વ્રત નિયમના સંરક્ષણનો, પરિણામ આવિર્ભાવ થવાનો અને થયેલા પરિણામ પ્રવર્તન વેગવંતા કરવાનો જે સદુપદેશ આપ્યો છે તે વિવેકી-વાંચકો વાંચી જાય અને વિચારી જાય ત્યારે હૃદયમાં એક વાત સહેજે આવિર્ભાવ થાય છે કે તે સદુપદેશનું સેવન કરનારને સુંદર ફળ કયું મળે છે ?, આ પ્રશ્નના સમાધાનમાં અર્થાત્ પૂર્વે ૩૬-૩૭ મી ગાથામાં આપેલા સુંદર ઉપદેશના ફળનું દિગ્દર્શન આ ગાથા-'एवमसंतोऽवि'० દ્વારા કરાવે છે.

એવી રીતે લીધેલા વ્રતોનું નિત્ય સ્મરણ કરવાથી, અંગીકૃત કરેલા સમ્યકત્વ અણુવ્રતાદિમાં આદર બહુમાન-ભાવ રાખવાથી, સમ્યકત્વ-અણુવ્રતના પ્રતિપક્ષરૂપ મિથ્યાત્વ-પ્રાણિવધાદિની દુગંછા કરવાથી, વ્રત-અવ્રતના નફા-નુકશાનોનું પર્યાલોચન કરવાથી, પ્રાપ્ત થયેલા સમ્યકત્વ-વ્રતોથી ઉત્તરોત્તર ગુણપ્રાપ્તિનો અભિલાષ રાખવાથી અર્થાત્ આ સાતે પ્રસંગોનું પુનઃ પુનઃ સર્વદા સેવન કરવાથી નહિં ઉત્પન્ન થયેલો સમ્યકત્વ-વિરતિ પરિણામ ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયેલો સમ્યકત્વ પરિણામ અને વિરતિનો પરિણામ વૃદ્ધિ પામતાં પામતાં સબળ તથા દ્રઢ બને છે અને અંતે પતન-ભાવને પામતોજ નથી. અર્થાત્ ઉપરના સદુપદેશના સાતે પ્રસંગોનું પુનિત ફળ સમ્યકત્વ પરિણામની અને વિરતિ પરિણામની પ્રાપ્તિ-દઢતા-વૃદ્ધિ છે. એટલુંજ નહિં પણ વૃદ્ધિ પામતાં વિરતિના પરિણામથી ઉત્તરોત્તર ગુણસ્થાનકોને સ્પર્શીને કૈવલ્ય દશા તથા અંતિમ ફળ મોક્ષ પ્રાપ્ત કરે છે, માટે બુદ્ધિમાન-પુણ્યાત્માઓએ ઉપર જણાવેલા નિત્ય સ્મૃતિ આદિ નિર્મળ સાતે પ્રસંગોનું અપ્રમત્તપણે સેવન કરવું અર્થાત્ પ્રમાદ રહિતપણે ઉદ્યમ કરવો જરૂરી છે. ગાથા. ૩૮.

યાવત્કથિકાનિ આદિનું સ્વરૂપ.

પૂર્વે જણાવેલા વ્રતોમાં કહેવા લાયક સર્વ કહેવાઈ ગયું છતાં કહેવાલાયક કંઇક રહી ગયું હોય તે વાતને જણાવતાં થકાં શાસ્ત્રકાર જણાવે છે કે ઘણું કરીને દેશવિરતિ ધર્મમાં કોઇક ભવ્યાત્માઓ ચાર મહિના પર્યંત બાર મહિના પર્યંત અને યાવજ્જીવ પર્યંતની અવધિએ વ્રતો નિયમ ગ્રહણ કરે છે. પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રતોનું પાલન કરનાર તેને વ્રત સંબંધિના નિયમો યાવજ્જીવના પચ્ચખાણ કરીને લે છે. તેથી અણુવ્રતો અને ગુણવ્રતોને [૧]યાવત્કથિકાનિ વ્રતો કહેવાય છે.

શિક્ષા વ્રતો કે જેનું સ્વરૂપ પૂર્વે વિસ્તારથી જણાવી ગયા છીએ તે શિક્ષાવ્રતોનું પાલન નિયમિત કાળ સુધીજ થાય છે. ચારે શિક્ષાવ્રતોનું પાલન નિયમિત કાળ સુધીજ કરાય છે.

---

૧. જ્યાંસુધી 'આ મનુષ્ય છે' એવો વ્યપદેશ જગત્માં થાય છે, ત્યાંસુધી વ્રત નિયમ ગ્રહણ કરીને પાલન કરવાં તેનું નામ 'यावत्कथिकानि' કહેવાય છે. અર્થાત્ લીધેલા વ્રત નિયમો આ શરીરમાં જ્યાંસુધી આત્મા રહે ત્યાંસુધી યાવજ્જીવ પાળવાના છે.

ચારે શિક્ષાવ્રતોનું સેવન પુનઃ પુનઃ કરવાનું હોય છે, કારણ કે શિક્ષા એટલે અભ્યાસ અને **पुनः पुनः प्रवृत्तिरूपोऽभ्यासः**' આ સૂત્રથી વારંવાર સેવન કરવાનું હોવાથી શ્રમણોપાસકોને આ શિક્ષાવ્રતોના પચ્ચખાણ યાવજ્જીવના હોતાં નથી. પરંતુ સામાયિક-દેશાવગાશિકા એ બે શિક્ષાવ્રતો દરરોજનું અનુષ્ઠાન છે. અને પૌષધોપવાસ-અતિથિસંવિભાગ આ બે શિક્ષાવ્રતોનું સેવન પોતે નિયત કરેલા દિવસે કરે છે. તેથી પ્રતિનિયતદિન અનુષ્ઠાન છે. તેથી આ ચારે શિક્ષાવ્રતોને ઇત્વરકાલાનિ શિક્ષાવ્રતાનિ કહેવાય છે. ગાથા ૩૯.

સંલેખના કેમ જણાવી નહિ ?

શાસ્ત્રોના અભ્યાસી-જ્ઞાતા ગુરૂવર્યો પાસે જેઓએ સમ્યકત્વ સહિત બારેવ્રતોનું સ્વરૂપ બહુમાનપૂર્વક શ્રવણ કર્યું છે, તે સમ્યકત્વ-વ્રતાદિના ભેદ-પ્રભેદાન્તરનું સૂક્ષ્મ રીતિએ અવલોકન કર્યું છે, વ્રત પ્રાપ્તિ-પાલનના લાભ અને વ્રતથી પતન-વ્રતનું અસેવન આદિના નુકશાનોનું નિરીક્ષણ કર્યું છે, શકિતની તુલના કરીને વ્રતોનો જ્ઞાતા બનીને વ્રતોને ગ્રહણ કર્યા છે, પાલન કર્યા છે, આવી પડતા ઉપસર્ગોનો સામનો કરીને વ્રતોમાં દ્રઢ રહીને વિરતિમય જીવન જીવી જાણ્યું છે, તેઓને શ્રાવકધર્મ કહ્યા પછી સંલેખનાનો સુંદર ઉપદેશ દેવાનો અવસર છે.

સંલેખના એટલે ચરમ-અનશન અર્થાત્ આહાર પાણીનો સર્વથા ત્યાગ કરીને અંતિમ અવસ્થાને અનુસરવું તે સંલેખના ચરમાનશનની ક્રિયા શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે.

જ્યારે તમે શ્રાવકોના વ્રતો-અતિચારાદિનું સ્વરૂપ કહ્યું તો પછી સંલેખના કેમ કીધી નહિ ?, જવાબમાં જણાવે છે કે સંલેખના જીવનના અંતમાં કરાય છે. જીવનના અંતનું નિયમન નથી. એટલુંજ નહિં પણ શ્રાવક શ્રાવકપણામાં પોતાનું જીવન પુરૂં કરશે એવો નિયમ પણ નથી, કારણ કે પરિણામની વૃદ્ધિ થતા કોઇ શ્રાવક દીક્ષા પણ ગ્રહણ કરે છે, અને તેથી શ્રાવકપણામાં શ્રાવકને યોગ્ય સંલેખના જણાવી નથી. શ્રાવક ધર્મનું સ્વરૂપ સંક્ષેપથી કહેવાનું હોવાથી પણ સંલેખનાનું સ્વરૂપ જણાવ્યું નથી. પરંતુ શ્રાવકધર્મને યોગ્ય કહેવા લાયકનો શેષ વિધિ (પૂર્વે જણાવી ગયા તે સિવાયનો) હવે આગળ જણાવાય છે. ગાથા-૪૦.

વસતી વિધાનાદિ લાભ.

૧. જે શહેર-નગર ગ્રામાદિમાં શ્રમણ ભગવંતોનું આવાગમન=જવું આવવું થતું હોય તેજ નગરમાં શ્રાવકોએ વસવું જોઇએ. ૨. તેવી રીતે જે નગર શહેર ગ્રામાદિમાં શ્રીજીનેશ્વર ભગવન્તની પ્રતિમાઓના દર્શન-વન્દન-પૂજન સત્કાર-સન્માદિ થઇ શકે તેવી જોગવાઇ હોય તેજ નગરમાં વસવું જોઇએ. ૩. એટલુંજ નહિં પણ અન્ય સાધર્મિકોનો-એકજ ધર્મની રીતિ,

નીતિ વ્યવહારનું આચરણ કરવાવાલાનો સમુદાય વસતો હોય ત્યાંજ શ્રાવકે રહેવું જોઇએ. ઉપરના ત્રણે સંયોગોને અનુલક્ષીને શ્રાવકે વસવું જોઇએ.

અન્ય શાસ્ત્રોમાં ઉપર જણાવેલ વિધિને સાચવવાથી શ્રાવકોને નીચે જણાવેલા લાભો થાય છે. શ્રમણ ભગવંતોને વંદન કરવાથી પાપનો નાશ, આરાધનાદિ કરતાં કરતાં કારણ વશાત્ આવિર્ભાવ થયેલા શંકાદિ ભાવોનું વિર્સજન, અર્થાત નિઃશકિત ભાવથી જીવનને ભાવિત બનાવવું, નિર્દોષ આહાર-પાણી (શ્રમણ ભગવંતોને) નું દાન દેવાથી નિર્મળ-નિર્જરા અથવા પુણ્યાનુબન્ધિ પુણ્યપ્રાપ્તિ, જ્ઞાનાદિ રસમય રત્નત્રયીનો અત્યુત્તમ લાભ, મિથ્યાદર્શનનો નાશ; પ્રાપ્ત થયેલ સમ્યકત્વાદિની અધિક-અધિકતર વિશુદ્ધિ, પરમ આદર્શ રૂપ તીર્થંકર ભગવન્તોની પ્રતિમાના દર્શન, શાસનમાં મંદ પડેલા સાધર્મિકોનું તન-મન-ધનથી સ્થિરીકરણ કરીને શાસનમાં શ્રમણોપાસકને દ્રઢ બનાવવું તે શાસનના સાર રૂપ સ્વામિ-વાત્સલ્ય અર્થાત્ સંસારના અનેક વિધ સંબંધ કરતાં અનેક ગુણ લાભદાયિ સાધર્મિવાત્સલ્ય ભાવમાં ઓતપ્રોત થવું, ને પરસ્પર મોક્ષમાર્ગ અનુકૂળ સહાય દેવી અને લેવી; અને પ્રાપ્ત કરેલા ધર્મનું સંરક્ષણ આદિ અનેકવિધ અસંખ્ય લાભો પ્રાપ્ત થાય છે. ગાથા ૪૧.

આ ઉપર જણાવેલાં પરમાર્થને નહિં પિછાણનારાઓ શુદ્ધ હવા અને શાન્તિમય વાતાવરણના બહાના નીચે ગામની બહાર, નદી-પાર, પરાં વિગેરેમાં બંગલા-મકાન બાંધીને રહેવા જાય છે. તેઓ શ્રાવકપણાના ધર્મમાં સ્થિર રહી શકતા નથી, કુટુંબમાં નવીન જન્મેલા બાળ બચ્ચાંઓને ધર્મ સન્મુખ કરી શકતા નથી, એટલુંજ નહિં પણ પ્રાપ્ત થયેલા ધર્મ સંસ્કારોમાં પૂર્વે દ્રઢ બનેલાઓ પણ ઢીલા પડીને પામેલ મનુષ્ય ભવને હારી જાય છે. આજની પંજાબની પરિસ્થતિ વિચારનારને પ્રાતઃસ્મરણીય પૂજ્ય પુરૂષોની ઉપરની વાતો વસવાટ કરવા માટે અતિ ઉપયોગી થઇ પડે તેમ છે.

પ્રતિદિન કર્તવ્ય વિધાન.

વિશિષ્ટ વસતીમાં વસવાવાળાને નિર્વિઘ્ને ધર્મની પ્રાપ્તિ, પ્રાપ્ત થયેલા ધર્મનો ટકાવ, ટકેલા ધર્મની વૃદ્ધિ અને ઉભયતઃ જીવનની આબાદી પ્રાપ્ત થાય એ નિર્વિવાદ સત્ય છે. હવે ઉપરની ગાથા ૪૧ ના વિવરણમાં જણાવેલ વસતીનો વિવેકપૂર્વક સ્વીકાર કરનારને તે વસતી અંગીકાર કર્યા પછી પ્રતિદિન કરવા લાયકની કરણી હવે જણાવાય છે. "णवकारेण विबोहो०" ઇત્યાદિ પદો વડે પ્રતિદિનનું અવશ્ય કરવાલાયકનું કાર્ય પ્રતિપાદન કરે છે.

રાત્રિમાં શયન કરેલા શ્રાવકે અતિ-અત્યંત બહુમાન આદર પૂર્વક અને પરમ મહામંગલ રૂપ પંચપરમેષ્ઠિના નમસ્કારના નિર્મળ સંસ્કાર

પૂર્વક જાગવું જોઇએ. પંચ પરમેષ્ઠિ નમસ્કાર-સ્વરૂપ નવકાર મંત્રનું સ્મરણ કરનાર શ્રાવકે શય્યામાં મનમાં (શબ્દોચ્ચાર ન થાય તેવી રીતે) તે નિર્મળ નવકારનું ચિન્તવન કરવું, આ રીતે ચિન્તવન કરવાથી સૂત્ર સંબંધિની અવિનય પ્રવૃત્તિ થતી નથી.

એવો અભિપ્રાય વૃત્તિકાર ભગવાન્ સિવાયના આચાર્યો જણાવે છે. નમસ્કાર મહામંત્રના નિર્મળ રંગથી રંગાયા પછી તુરત સદ્ અસદ્ કર્તવ્યનું અનુસ્મરણ કરવું જરૂરી છે. હું શ્રાવક છું, મ્હેં આ વ્રતો ગ્રહણ કરેલાં છે, વ્રતોના પાલન માટે મ્હેં અમુક નિયમો પણ ગ્રહણ કરેલાં છે, તેનું અનુચિન્તન કરવું. એટલુંજ નહિં પણ દ્રવ્યથી અમુક કુળની પરંપરામાં જન્મેલો છું, અમુકનો હું પુત્ર છું, ક્ષેત્રથી અમુક ગ્રામ અને ગામના અમુક ગૃહમાં રહું છું, કાલથી પ્રારમ્ભ સૂર્યોદયનો અવસર છે, અને ભાવથી મૂત્રાદિ બાધાએ કરીને રહિત છું એમ ઉપલક્ષણથી અનુસ્મરણ પણ કરી લેવું જરૂરી છે, કે જેથી કરીને નિદ્રાનો પરિહાર અને સ્વાસ્થ્યનો સુંદરતયા સ્વીકાર થાય છે. તે પછી કાયિકોત્સર્ગ શૌચાદિ વ્યાપાર એટલે સ્થંડીલ જવાની બાધાના પરિહારથી શરીરની સમાધિ થાય છે. અને તે પછી ભાવાનુષ્ઠાન રૂપ ચૈત્યવન્દનાદિ કરવું, અર્થાત્ ગૃહમંદિર બિરાજમાન જિનેશ્વર-ભગવંતના દર્શન વન્દનાદિ કરવાં. વન્દનાદિક કર્યા પછી વિધિપૂર્વક યોગ્ય શક્તિ અનુસાર પ્રભુ પાસે શાસ્ત્ર સુપ્રસિદ્ધ પચ્ચખાણ ધારણ કરવું. ગાથા ૪૨.

યાનાદિ વિધાન.

આ સ્થળે હવે ચૈત્યવન્દનનો વિધિ અને પ્રત્યાખ્યાન સંબન્ધિનો વિધિ જણાવે છે, કારણ કે પૂર્વ ગાથામાં "विहिपुव्वं" એ વિશેષણ છે, અને આ વિશેષણ ચૈત્યવન્દન-પ્રત્યાખ્યાન બંન્નેને સંભવી શકે છે તેથી યાનવિધિ આદિ અનુક્રમે વિધિ જણાવે છે.

तह चेईहरगमण० इत्यादि.

જિન મંદિરમાં જવાવાળા શ્રાવક-શ્રાવિકાએ પોતાના ગ્રહસ્થાશ્રમને અનુસરીને ઉચિત પહેર-વેશ, ઉચિત રિદ્ધિથી, ઉચિત પરિવાર યુકત આડંબરપૂર્વક જવું જોઇએ. આ કથનમાં બીજાને ધર્મ પમાડવાનું રહસ્ય સમાયેલું છે. કારણ કે ઉપર જણાવ્યા પ્રમાણે જનારાઓને નજરે નિહાળનારના હૃદયમાં દર્શનાદિ ધર્મ-કરણી માટે અનેરો ઉત્સાહ આવિર્ભાવ થાય છે. દર્શનાદિ ધર્મકરણી કરનારને દર્શનાદિ દ્વારા ભાવના ઉત્પન્ન થાય છે, થયેલી ભાવના દ્રઢ થાય છે, દ્રઢ થયેલી ભાવના વૃદ્ધિમતી થાય છે; પરંતુ ભાવના કરતાં પ્રભાવના અધિક ફલદાયિ છે એ ભૂલવા જેવું નથી. ભાવના એકજ જીવનું કલ્યાણ કરે છે, જ્યારે પ્રભાવના અનેકાનેક અસંખ્ય જીવોને પરમ કલ્યાણનું કારણ બને છે. અન્ન-વસ્ત્રની કારમી કટોકટીમાં,

જીવન નિર્વાહના સાધનોની પુરી સંકડામણમાં મંદરમાં ઓગષ્ટ ઇ. સ. ૧૯૪૭ નો દિવસ ઉજવવા ભલામણ થાય છે, એ ભલામણનો સ્વીકાર કરીને પ્રજા તન-મન-ધનથી શકિત અનુસાર એ દિવસ ઉજવે છે. આ "ઉજવણીમાં વાંધો નથી" એવું કહેનારાઓએ શાસન પ્રભાવનાના નિમિત્ત ભૂત અંગો પૈકી દર્શન-વન્દ-પૂજન-સત્કાર સન્માન માટે યોજાયેલી ક્રિયાઓ પૂ. તીર્થંકરોની, પૂ. આચાર્યવર્યોની, અને શાસન પ્રભાવનાના અદ્વિતીય અંગ સમા અષ્ટાહ્નિકા-રથયાત્રા-તીર્થયાત્રા અને ઉદ્યાપનમાં હજારો, લાખોના ખર્ચે કરાતી ક્રિયામાં વિરોધ કરવા જેવું જ નથી. બલ્કે વિરોધ કરે તો કહેવું પડશે કે લૌકિક કાર્યના વર્તમાન કાલિક તુચ્છ લાભો અને ભાવિ લાભો પાછળ કોઇ યોગ્ય નિર્ણય નથી અર્થાત લાભ થશેજ એવો નિર્ણય નથી છતાં તે પાછળ હજારો લાખોના ખર્ચ યોગ્ય સમજાય છે. અને લોકોત્તર કાર્યમાં નિયમા લાભજ છે. છતાં લાભ સમજાતો નથી તો તે બિચારાઓના વિવેક નેત્રો મીંચાઇ ગયા છે એમ કહેવું યોગ્યજ ગણાશે.

પૂર્વે જણાવેલ યાનવિધિ=જવાના વિધિમાં શાસન પ્રભાવનાનું નિમિત્ત સમજીને શ્રાવક શ્રાવિકાઓએ શકિત અનુસાર ઉદ્યમ કરવો.

પ્રવેશાદિ ઉચિત વિધાન.

હવે પ્રવેશ વિધિ જણાવે છે. પ્રવેશ કરનાર શ્રાવકે સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરવો, અચિત્ત દ્રવ્યોને રાખવા, એક સાટી ઉત્તરાસંગ કરવું, મંદિરમાં પ્રવેશ કરતી વખતે ત્રૈલોક્યનાથ ભગવાન્ ઉપર નજર પડે અંજલિ જોડવી, બધા વિચારોને તિલાંજલિ આપીને મનની એકાગ્રતા કરવી, અને આરાધનાના દરેક કાર્યમાં ઉદ્યમવંત થવું જરૂરીનું છે. જવાના અને પ્રવેશ કરવાના વિધિને સાચવીને પુણ્યાત્માઓ વિશ્વવન્દ્ય શ્રી અરિહંત ભગવન્તોની પ્રતિમાનું અષ્ટ પ્રકારી પૂજનાદિ કરીને સત્કાર કરવો. અને શાસ્ત્ર પ્રસિદ્ધ વિધિપૂર્વક ભાવસ્તવના રૂપ ચૈત્યવન્દનાદિ કરવું. ત્યારપછી સંસારતારક ગુરૂવર્ય પાસે જઇ વન્દન નમસ્કારાદિ ક્રિયા કરી, સુખશાતા પુછીને પ્રતિક્રમણ અવસરે લીધેલું કે ધારેલું પચ્ચખાણ ગુરૂ સાક્ષિએ લેવું. પૂ. ગુરૂવર્યો પાસેથી આગમાદિનું શ્રવણ કરવાથી સુંદર સદ્બોધ પ્રાપ્ત થાય છે. માટે વિનયપૂર્વક વન્દન કરીને આગમાદિ શ્રવણ કરવું. અવસર મળે ત્યારે અવસરે યતિવર્યોને સંયમ શરીર ઈન્દ્રીયો સંબંધમાં થતી બાધા વિગેરે પુછવી, અને પુછયા પછી શકિત અનુસાર તે બાધા ટાળવા માટે ઔષધ-અનુપાનાદિ ઉચિત કરવા લાયકનું સર્વ કરવું જરૂરી છે એમ સમજીને પુણ્યવાનોએ કરવું. ગાથા ૪૩.

અવિરૂદ્ધ વ્યવહારાદિ કર્તવ્ય.

સમ્યકત્વ સહિત વ્રત સ્વીકારનાર શ્રાવકે અથવા જૈન કૂળમાં જન્મેલા શ્રાવકે પૂર્વે જણાવેલાં પાપના પૂંજ ખડકી દેનાર પંદર કર્માદાનનો

અવશ્યમેવ પરિહાર કરીને પ્રાયઃ અનવદ્ય વ્યવહારથી આજીવિકાદિ ચલાવવી જરૂરી છે. ઓછું પાપ લાગે તેવી આજીવિકાથી જીવન જીવનારા શ્રાવકોને નિર્વિઘ્ને ધર્મારાધન થઈ શકે છે, અને તેવા વ્યવહારથી બીજાઓને અનુમોદનાના કારણ રૂપ બને છે; પરંતુ ઉપર જણાવ્યા મુજબ નહિં વર્તનારાઓ લીધેલા વ્રત નિયમ-ધર્મારાધનાદિનું યથાર્થ પાલન કરતા નથી, અને નિંદિત વ્યવહારાદિનું સેવન કરીને શાસનહેલનાના નિમિત્ત રૂપ બને છે; માટે અવિરૂદ્ધવ્યવહારનું સેવન કરવું જરૂરીનું છે. શરીર-ઇન્દ્રિયની આરોગ્યતાને અનુકૂળ અને લીધેલા પ્રત્યાખ્યાનના સમય-વિધિને સાચવીને યોગ્ય અવસરે ભોજન કરવું, કારણ કે અકાલે ભોજન કરવાથી ધર્મ અને શરીરને બાધા થવાનો સંભવ છે. ભોજન કરવાના અવસર અગાઉ જગદ્વન્દ્ય જિનેશ્વરોની પૂજા, ઉચીત દાનાદિ કર્મ આશ્રિતપરિવારની સંભાલના અને બીજે યોગ્ય કરવા લાયકનું સર્વ કરવું અને પચ્ચખાણનું સંભારીને, પાળીને, શોભાવીને પછી ભોજન યોગ્ય અવસરે કરવું. વિરતિ કરવાના અવિહડરંગથી રંગાયેલો શ્રાવક એક ક્ષણ પણ અવિરતિમાં જવા ઇચ્છે નહિ તે સારૂ ગંઠસહિયં-વેઢસહિયં પૂર્વક પચ્ચખાણમાં પ્રવર્તેલો હોવો જોઇએ તે પછી બપોરે ભોજન લીધા પછી અને આજીવિકા યોગ્ય અવિરૂદ્ધ વ્યવહારાદિ કરીને અવસર હોય તો વીતરાગની વાણી સાંભળી શકાય તેવા વ્યાખ્યાને સ્થાનમાં જઈને જિનાગમનું શ્રવણ કરવું. પ્રસિદ્ધચૈત્યસ્થિત તીર્થંકર ભગવંતના દર્શન-સત્કાર વન્દનાદિ કરવાં અને આદિ શબ્દથી તત્કાળ ઉચિત ચૈત્ય સંબંધીના કાર્યમાં અથવા ઉપાશ્રય સંબંધી કાર્યમાં અથવા ષડ્ વિધ આવશ્યકાદિ ક્રિયાદિમાં ઉદ્યમવંત થવું જરૂરી છે. ગાથા ૪૪.

વિશ્રામણ અને પરમેષ્ઠિ ચિન્તવનાદિ.

સન્ધ્યા સમયે આવશ્યકાદિ કરણી કરીને પછી શ્રમણ ભગવંતોની વિશ્રામણા કરવી. અર્થાત્ સંયમ-તપશ્ચર્યા રસિક યતિવર્યોની સંયમકાય વધુ મહેનત પડી હોય તો પગ ચંપી આદિ કરીને ખેદ દૂર કરવા પ્રયત્ન કરવો, એટલે વિનય-વૈયાવચ્ચ કરવો. ત્યારપછી પોતાની ભૂમિકા એટલે પોતાના વસવાના સ્થાનને ઉચીત વ્યાપાર શરૂ કરવાનો વિધિ જણાવે છે. પંચ પરમેષ્ઠિઓને અનુલક્ષીને નમસ્કાર-વન્દન-ગુણગાન-સ્તવનો-સ્મરણધ્યાનાદિ પોતાને ઘેર ગયા પછી એકાગ્ર ચિત્તે કરવાં. વિશ્વભરનાં લૌકિક સ્થાનો દુનિયાની નજરે ભલે ઉંચા જણાતા હોય, વિદ્યા-બુદ્ધિ-કળાના હિસાબે તે તે પદોની=સ્થાનોની ભલે ઉત્કૃષ્ટ કિંમત અંકાતી હોય, અને શ્રીમંતાઇ અને સત્તાને લીધે તે તે સ્થાનો શ્રેષ્ઠ સમજાવતાં હોય છતાં આ લોકોત્તર શાસનમાં પાંચજ સ્થાનો અર્થાત્ પાંચજ પદો ઉત્તમોત્તમ-શ્રેષ્ઠતમ સ્વીકારેલાં છે. કે જે પાંચ સ્થાનોની શ્રેષ્ઠતાનો સ્વીકાર રાજા-મહારાજા-પ્રતિવાસુદેવ-ચક્રવર્તી-નરેન્દ્ર-અસુરેન્દ્ર દેવેન્દ્રોએ પણ કરેલો છે, તો પછી વર્તમાન કાલીન રાજા-મહારાજા-સત્તાધીશ કે સરનશીનોને તે પાંચ સ્થાનાધિષ્ઠિત પરમેષ્ઠિઓને નતમસ્તકે નમવા યોગ્ય હોય અગર નમવા યોગ્ય સર્વદા-સર્વત્ર છે અને રહેશે તે કહેવું લેશભર અતિ

થયોક્તિ ભરેલુંજ નથી. અને તેથીજ પરમેષ્ઠિ-પદની વ્યુત્પત્તિ વૈયાકરણો આ રીતિએ જણાવે છે. परमे पदे तिष्ठन्ति इति परमेष्ठिनः ॥ અર્થાત્ પરમપદમાં રહેવાવાળા છે તેથીજ તે પરમેષ્ઠિઓ છે. અને તે અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય સાધુ પાંચજ છે. તે પંચ પરમેષ્ઠિઓ પ્રત્યે વધુ નમન-વન્દનાદિ કરનાર શ્રાવક આરાધનાને વધુ બળવત્તર બનાવે છે, કે જે આરાધના આરાધકને આરાધ્યપદમાં પ્રવેશ કરાવવાને પ્રબળ કાર્યસાધક નીવડે છે; માટેજ પંચ પરમેષ્ઠિઓનું પુનઃ પુનઃ સ્મરણ-નમન-વન્દન-દર્શન-પૂજન-સત્કાર-સન્માનમાં તલ્લીન થવું. અને આદિ શબ્દથી પૂર્વે ભણેલા સ્તોત્ર-પ્રકરણાદિ ગ્રન્થોની આવૃત્તિ=પરાવર્તન કરવું. કારણ કે સૂત્ર-અક્ષર-અર્થના પરાવર્તનથી નવ નવ સંવેગ વૈરાગ્યની વૃદ્ધિ થાય છે. અને તેથીજ અભ્યાસિયો કહે છે.

आवृत्तिः सर्वशास्त्राणाम् पाठादपि गरीयसी ॥

અર્થાત્ નવીન પાઠ-નવીન અભ્યાસ કરતાં ભણેલાં શાસ્ત્રોનું પરાવર્તન કરવું તે સર્વશ્રેષ્ઠ છે. બની શકે તો પ્રહર રાત્રિ સુધી ઉપરનો વિધિ સાચવીને શયન કરવું. શયન અવસરે ચાર શરણને ચિત્તમાં ધારણ કરીનેજ શ્રાવકે શયન કરવું યોગ્ય છે. ગાથા ૪૫.

અબ્રહ્મની વિરતિની આવશ્યકતા.

ચાર મંગલમય છે, ચાર લોકમાં ઉત્તમોત્તમ છે, અને ચાર શરણ કરવા યોગ્ય છે. તે અરિહંતો-સિદ્ધો-શ્રમણ ભગવંતો અને કેવલિ-ભગવંતે પ્રરૂપેલો ધર્મ=દાન-શિયળ-તપ-ભાવ અથવા દર્શન-જ્ઞાન-ચારિત્રની વિવિધ આરાધના રૂપ ધર્મ એ ચાર શરણ રૂપ છે. આ શરણ સ્વીકારનારા શ્રાવકે વિચારવું કે અબ્રહ્મથી વિરામ પામીને આત્મ કલ્યાણમાં મગ્ન થયેલાનું મ્હેં શરણ કર્યું છે તો મ્હારે પણ અબ્રહ્મથી વિરામ પામવો જરૂરી છે. અને તેઓના પુણ્ય પગલે ચાલ્યા વગર [1]ભાવશ્રાવકપણું પ્રાપ્ત થશેજ નહિં. આજ વાતને સ્પષ્ટ કરતાં ૪૬ મી ગાથામાં શાસ્ત્રકાર પોતે ભાવશ્રાવકપણાની પ્રાપ્તિના પ્રથમ ગુણ સ્પર્શન-પાલનમાં ઉદ્યમવંત થઇ શકે તે સારૂ [2]અબ્રહ્મની વિરતિને વિશેષપણે કથન કરે છે. अबंभं पुण विरई मोहदुगंछाइ ઇત્યાદિ [2]અબ્રહ્મ=સ્ત્રી ભોગ (સ્ત્રી સેવન કરવું તે) થી વિરામ પામવો, સ્ત્રી પરિભોગના હેતુભૂત વેદાદિનો ઉદય અને તત્સંબંધિ ચારિત્ર મોહનીય કર્મની નિન્દા પુનઃ પુનઃ કરવી. નિન્દા કરનાર શ્રાવકે આ રીતિએ નિન્દા કરવી—તે "यल्लज्जनीयम्०" ઇત્યાદિ શ્લોકથી સ્પષ્ટ કરે છે. જે શ્લોકનો ભાવાર્થ આ પ્રમાણે છે. લજ્જાને યોગ્ય, અતિ ગોપવવા લાયક, નહિં દેખવા લાયક, દુગંછનીય, અને મલમૂત્રાદિના

---

૧. ધર્મ સંગ્રહમાં અને સાડી ત્રણસો ગાથાના સ્તવનમાં ભાવ શ્રાવકની ભાવના ભાવતાં શ્રાવક પ્રથમ ગુણને ભાવે છે, તેમાં ઇતથી ચંચળ ચિત્તથી જે વાટ નરકની મ્હોટીરે, ખોટીરે, છાંડે એ ગુણ ઘુરે ગુણીએ. ઢાળ તેરમી ગાથા પહેલી.

૨. શ્રાવકને ઉદ્દેશીને વિધાન છે તેથી શ્રાવિકાઓએ સ્ત્રી શબ્દની જગોએ પુરૂષ શબ્દ સમજીને વાંચવું-વિચારવું જરૂરીનું છે.

સ્થાન રૂપ દુર્ગંધમય ગટર જેવું, આ શરીરને કામવાસનાથી કામિત થયેલ કરમીયા જેવો જીવ યાચે છે અર્થાત્ યાચના કરે છે, પ્રાપ્ત કરે છે, ભોગ ભોગવે છે અને નાચે છે છતાં હે મન! તું દુભાતું નથી અને દુઃખી થઈને વિરામજ પામતું નથી. આવી રીતે આત્મા મનને પુનઃ પુનઃ ધિક્કાર આપતો રહે. સંસારમાં મોહની વક્રતાને વખોડનો રહે તો જરૂર અબ્રહ્મની વિરતિ કરવાવાળો થાય. અને જેઓએ અબ્રહ્મની વિરતિ કરી છે તે ઉપર પ્રમાણે વિચારવાવાળો થાય તો વિરતિ-પચ્ચખાણમાં સુદૃઢ બને છે. એટલુંજ નહિં પણ સ્ત્રીઓના શરીરની વાસ્તવિક વિચારણા=ચિન્તવન અર્થાત્ સ્ત્રીઓના શરીરનું સ્વરૂપ ચિન્તવવું જરૂરી છે. તે આ રીતિએ ચિન્તવવું વીર્ય-રૂધિરમી બનેલું શરીર કે જેનાં નવ દ્વારો અતિ દુર્ગંધ મલથી વહ્યાંજ કરે છે, હાડકાંના મિલન માંત્રથી ઉભું રહેલા શરીરની હા-ધિક્કારે કોણ વાંછા કરે અર્થાત્ વિવેકી આત્મા કરી શકેજ નહિં. અને સાથે સાથે અબ્રહ્મની વિરતિના વિશિષ્ટ રંગમાં રંગાયેલા વિવેકી-વિરતિવન્ત મૃગેન્દ્ર વૃત્તિધર મહાત્માઓની જીવનચર્યા પ્રત્યે આદર-બહુમાન હૃદયપૂર્વક કરવાથી અંતરંગ પ્રીતિ વૃદ્ધિ પામે છે. અને તેથીજ પુણ્યાત્માઓએ બ્રહ્મચર્યધરોના યશોગાન ગાવાની અનિવાર્ય જરૂર છે. તેઓ ધન્ય છે! તેઓ વન્દનીય છે!! અને તેઓએજ ત્રૈલોક્યને પવિત્ર કરેલું છે કે જેઓએ ત્રણ ભુવનને ક્લેશ દેનારો કામ રૂપી મહા મલ્લને જીતીને હરાવ્યો છે. ગાથા. ૪૬.

ચિત્તવિન્યાસાદિ.

શ્રાવકને જ્યારે નિદ્રા દૂર થાય અને જાગૃત થાય ત્યારે જાગતા શ્રાવકે સૂક્ષ્મ પદાર્થો આત્મા-કર્મ-પુનર્જન્મ-પુનર્મરણ આદિ કર્મના પરિણામ વિષયક વિષયોમાં ચિત્તને સ્થાપન કરવું. અને સંસારના સ્વરૂપનું યથાર્થ પર્યાલોચનમાં પરિપૂર્ણ ચિત્તને સ્થાપન કરવું. કે જે સંસારમાં રંક રાજા બને છે, બ્હેન સ્ત્રી બને છે, સ્ત્રી બ્હેન બને છે, બ્હેન માતા બને છે, માતા બ્હેન બને છે, દુઃખી સુખી બને છે; અને સુખી દુઃખી બને છે, આવા નિર્ગુણમય સંસારથી ઉદ્વેગ થવો જરૂરી છે. ક્લેશ-કંકાસ અને પાપમય વ્યાપારો વડે જીવ જન્મ મરણની પરંપરા પામે છે. ઇત્યાદિ ભાવોની ભવ્ય-વિચારણામાં ચિત્તને સ્થાપન કરવું જરૂરી છે. ગાથા ૪૭.

ભાવવાલાયક ભાવો.

તેવીજ રીતે ભવાન્તરથી લાવેલા આયુષ્યના દળીયાની સ્થિતિમાં ક્ષણનો વધારો થતો નથી, લાવેલું આયુષ્ય પુરૂં ભોગવાય તેનો નિર્ણય નથી, બાંધેલા આયુષ્ય તૂટવાના અનેક કારણો મોજુદ છે, આવું વિજળીના ઝબકારાથી પણ અતિ વેગવાળું આયુષ્ય ક્ષણે ક્ષણે થતી હાનિ વિચારવા લાયક છે. પ્રાણિવધ આદિ અઢાર પાપસ્થાનકમાં આરૂઢ થયેલો અસદાચારિ આત્મા નરકાદિ અધમ ગતિને યોગ્ય અશુભ કર્મની પરંપરાને બાંધે છે, તેથી વિપાક (પરભવમાં દુર્ગતિમાં પ્રાપ્ત થતાં દુઃખોનો અનુભવ)નાં વિચારણામાં વિવેકી બનવું આવશ્યક છે. તથા ભાવવા લાયક ભાવમાં ચિત્તને વિશેષે સ્થાપન

(બાકી.)

—શ્રી પ્રશ્નોત્તર—પિયૂષાબ્ધિઃ—

૧. **પ્રશ્નોત્તરકારઃ**—નિર્ગ્રન્થ પ્રવચન-પિયૂષવર્ષિ-નવાંગી વૃત્તિકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી.

૨. **પ્રશ્નોત્તર-અવતરણકારઃ**—પૂ. ગીતાર્થ સાર્વભૌમ-આગમોદ્ધારક **શ્રી આનન્દસાગરસૂરીશ્વર**ના પરમવિનેય-વૈયાકરણકેસરિ-શ્રી સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક **પૂ. પન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરગણીન્દ્ર**ના અદ્વિતીય-પરમવિનેય **પં. શ્રી દેવેન્દ્રસાગર ગણિ.**

૩. **પ્રશ્નોત્તર સામગ્રી સંચયકારઃ**—**પૂ. પંન્યાસપ્રવરશ્રીજી**ના પરમવિનેય **પં. શ્રી દેવેન્દ્રસાગર ગણિ-વર્ય**ના પરમવિનેય **મુનિશ્રી દોલતસાગરજી.**

પૃ-૪૧, પં-૬, પ્રશ્ન-૨૯, **ननु मनोदुष्प्रणिधानादिषु० इत्यादिना।**

સામાયિકમાં દુવિહં તિવિહેણું ના ભાંગા વડે સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરવામાં આવે છે, ને સામાયિકમાં મનનું દુષ્પ્રણિધાન વિગેરે થાય છે, ને તેમ થવાથી પચ્ચક્ખાણનો ભંગ થતો હોવાથી સામાયિકનો અભાવજ થયો; ને તે ભંગ થવાથી પ્રાયશ્ચિતપણું લેવું પડે. વલી મન એવું ચંચલ છે કે જે દુષ્પ્રણિધાન વાર્યું રહી શકે એમ નથી તો પછી સામાયિક લેવા કરતાં તે સામાયિક નજ લેવું એ શું કલ્યાણકારી છે?

ઉત્તર—૨૯ ના, એમ નથી જે સામાયિક દુવિહં તિવિહેણુંના ભાંગાથી સ્વીકાર્યું છે તેમાં મનથી પાપ ન કરૂં વિગેરે (૩×૨=૬) છ ભાંગા સ્વરૂપ પચ્ચક્ખાણમાં એક ભાંગાના ભંગમાં પણ બાકીના પાંચનો સદ્ભાવ હોવાથી સામાયિકનો સર્વથા નાશ નથી. એટલુંજ નહિં પણ મિચ્છામિ દુક્કડં માત્ર દેવા વડે કરીને મનોદુષ્પ્રણિધાનની શુદ્ધિ થાય છે. અને સર્વ વિરતિ સામાયિકમાં પણ તેવીજ રીતે શાસ્ત્રકારોએ ગુપ્તિના ભંગમાં મિથ્યાદુષ્કૃત પ્રાયશ્ચિત કથન કરેલું છે, કહ્યું છે કે—**બીઓ** સહસાકારથી અથવા ગુપ્તિના ભંગથી થયેલો જે દ્વિતીય એટલે અતિચાર પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થાય છે, એટલે મનોદુષ્પ્રણિધાન માત્રથી સામાયિકનો અભાવ કહેવો તે વ્યાજબી નથી. અથવા દોષવાલું સામાયિક કરવા છતાં ન કરવું એ કથન પણ શાસ્ત્રસંગત નથી, કારણ કે પ્રથમ અવસ્થામાં અતિચારવાલું અનુષ્ઠાન પણ અભ્યાસથી લાંબે કાલે નિરતિચાર અનુષ્ઠાન થાય છે; માટે દોષ લાગી જવા માત્રથી સદનુષ્ઠાનનો ત્યાગ કરવો ઉચિત નથી. કહ્યું છે કે—**'अभ्यासोऽपि प्रायः इत्यादिना'** ઘણા જન્મને અનુસરતો અભ્યાસ પણ શુદ્ધ થાય છે.

પૃષ્ટ-૪૧, પં-૧૩, પ્રશ્ન-૩૦, **केचन मन्यन्ते एगे अबीए इत्यादिना।**

અહિં પૈાષધશાલામાં સામાયિક કરે એમ જે કહ્યું **'एगे अबीए'** એ પાઠને આગલ કરીને કેટલાકો કહે છે કે એકલોજ સામાયિક કરે એવું જે કહે છે, તે શું સત્ય છે?

ઉત્તર-૩૦. આ બાબતમાં એકાન્ત નથી, કારણ કે શાસ્ત્રોમાં બીજો પાઠ પણ દેખાય છે. વ્યવહાર ભાષામાં લખ્યું છે કે—**रायसुयाई पंचवि-इत्यादिना।** આ ઉપરથી ઘણા ભેલા થઇને પણ સામાયિક કરી શકે છે.

પૃ-૪૩, પં-૭, પ્રશ્ન-૩૧, **अत्रकेचिदाहुः० इत्यादिना।**

અહિં કેટલાકો કહે છે કે દિશાના વ્રતનો સંક્ષેપ કરવો તેનું જ નામ દેશાવકાશિક વ્રત સમજવું ને તેના અતિચારો પણ દિગ્વ્રતને અનુસારેજ જણાય છે.

ઉત્તર–૩૦, જો કે દેશાવકાશિકની વ્યાખ્યા કરતાં ઉપલક્ષણથી દરેક વ્રતનો સંક્ષેપકરણ એટલે સંક્ષેપ કરવો તેનું નામ પણ દેશાવકાશિક કહેવાય છે, ને તેવીજ રીતે ઉપલક્ષણથી તેના અતિચારો પણ તે તે વ્રતની માફક સમજવા. અથવા તો પ્રાણાતિપાત આદિ વ્રતોના સંક્ષેપકરણમાં વધબન્ધાદિ અતિચારો જેમ ઘટે છે, તેમ દિગ્વ્રતના સંક્ષેપમાં સંક્ષિપ્તપણું (સંકોચપણું) હોવાથી ક્ષેત્રના શબ્દાનુપાત વિગેરે અતિચારો પણ ઘટે છે; ને તેથીજ જુદા જણાવ્યા છે. જો કે દરેક વ્રતના પાંચ પાંચ અતિચાર જણાવેલા હોવાથી સર્વ વ્રતોના ભેદોનો વિશેષ વિશેષથી અતિચારો જણાવ્યા નથી. નહિંતર રાત્રિ ભોજન આદિ વ્રત ભેદોને વિષે તેના અતિચાર જણાવત પણ તેના અતિચારો જણાવ્યા નથી, પરન્તુ જ્યાં જ્યાં જેટલા જેટલા અતિચાર ઘટતા હોય તેટલા તેટલા અતિચાર સમજી લેવા.

પૃ–૪૫, પં–૧૦, પ્રશ્ન–૩૧ અ. ननु किं पौषधिकस्य रजोहरणमस्ति? શું પૌષધવાલાને રજોહરણ હોય?

ઉત્તર–૩૧ અ, હોય, કારણ કે આવશ્યક ચૂર્ણીકાર મહારાજ સામાયિક સામાચારિમાં જણાવે છે કે રજોહરણથી પ્રમાર્જન કરે એટલે કર્મ રજને હરણ કરનારૂં સાધન (ચરવલો) તે વડે પ્રમાર્જન કરે. અથવા ગુરૂ મહારાજની પાસે અપોગ્રહણ રજોહરણ (દંડાસણ) હોય તે માંગે અને તે લઇને પ્રમાર્જન વિગેરે કરે ને તે ન હોય તો મુહપત્તિના છેડા વડે પ્રમાર્જન કરતો પૌષધવાલો આત્મા કર્મરજને ટાલે છે.

પ્રશ્ન–૩૧ આ, આ બારે વ્રતોના અધિકારમાં અતિચારો ત્યાગ કરવાપણે કથન કર્યા છે. તો તે અતિચારોનું પણ વ્રતોની માફક પચ્ચખ્ખાણ કરવાનું કેમ જણાવ્યું નહિં?, અને ફકત અતિચારનું વર્જન માત્રજ કહ્યું?

ઉત્તર–૩૧ આ, આવાસ કર્મના અદનુયથી ઉદય વગર આવેલી તાત્ત્વિક વિરતિના પરિણામથી થયેલ (સર્વે) બારે શુદ્ધ વ્રતોમાં કહેલ અતિચારો ઘટતા નથી. કારણ કે પરિપૂર્ણ દેશવિરતિના પરિણામ હોય છે, છતાં પરિપૂર્ણ દેશવિરતિના પરિણામનો સદ્ભાવ ન હોય તોજ બન્ધાદિ અતિચારો ઘટે છે; ને તે ટાઇમે શકિત અનુસાર સર્વ અતિચારોનું વર્જન કરવાનું કહ્યું છે. જ્યારે શુદ્ધ વિરતિવાન્–આત્મા સ્વભાવિક રીતેજ અતિચારોમાં પ્રવૃત્તિ કરતો નથી, અને આ કારણથી અતિચારોનો વ્રતોને વિષે અસંભવ હોવાથી વ્રતની માફક અતિચારોનું પચ્ચખ્ખાણ રાખ્યું નથી. એટલુંજ નહિ પણ અતિચારનું પચ્ચખ્ખાણ રાખવામાં આવે તો વ્રતોના પરિણામ રૂપ જે મર્યાદા છે તે તૂટી જાય છે.

શ્રો. ૩૫, પૃ–૫૦, પં–૧૦, પ્રશ્ન–૩૨, सम्यक्त्वव्रतोपादानात० इत्यादिना।

કર્મ દોષથી વ્રત અંગીકારના ટાઇમે વ્રતના પરિણામ ન હોય તો પણ પ્રયત્ન વિશેષથી વ્રતના પરિણામ થઈ જાય છે. આ સાંભલી એમ શંકા ન કરવી કે શું વ્રતના પરિણામના અભાવમાં વ્રતનું ગ્રહણ હોય?

(ચાલુ)

મદદ મોકલવા માટેનું અમોઘ ફલદાયિ સ્થાન.

અખિલ ભારતવર્ષીય શ્રી વર્દ્ધમાન તપ સહાય સમિતિ.

ઠે૦ ઝવેરી જમનાદાસ મોનજી, બુલીયન એકસચેંજ, મુંબઈ નં. ૨.

અખિલ હિંદભરના સઘળા શ્રી વર્દ્ધમાન તપ આયંબીલ ખાતાંની સંસ્થાઓનો પુરાં થતાં વર્ષનો આવક-જાવકનો વિગતવાર રીપોર્ટ ભરી મોકલવા માટે નીચેના સરનામેથી સમિતિના ફોર્મ મંગાવી લેવા સાદર ભલામણ છે. ફોર્મ મંગાવવાનું સ્થાન--**ઝવેરી જમનાદાસ મોનજી ઠે૦ બુલીયન એકસચેંજ, મુંબઈ નં. ૨**

આ સંસ્થા **આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીના પરમવિનેય સિદ્ધચક્ર-આરાધન તીર્થોદ્ધારક પૂ. પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી** ગણિવરના સદુપદેશથી રાજનગર મુકામે વિ. સં. ૧૯૯૯ ના કારતક સુદ ૧ થી સ્થાપન થયેલ આ સંસ્થાએ વિ. સં. ૨૦૦૩ ના બીજા શ્રાવણ સુદ ૧૫ સુધીનો સઘળો આવક-જાવકનો હિસાબ બહાર પાડયો છે તો તેનો રીપોર્ટ મંગાવીને, વાંચીને વિચારવાથી સમિતિની કાર્યવાહી પ્રત્યે ભારો ભાર અનુમોદન થયા વગર રહેતું જ નથી.

અખિલ ભારતવર્ષીય શ્રી વર્દ્ધમાન તપ સહાયક સમિતિને શરૂઆતમાં તન-મન-ધનથી પગભર બનાવવાનું માન રાજનગર નિવાસી **શેઠ ગીરધરલાલ છોટાલાલને** ફાળે જાય છે, અને અમદાવાદ મુકામના પોતાના વહીવટમાં રૂ. ૧૮૨૬૭-૩-૦ રૂપૈયા ભેગા કરીને વિ. સં. ૨૦૦૦ ના અશાડ સુદ ૭ સુધીમાં રૂ. ૧૪૪૭૫-૪-૦ બાવીસ ઉપરાંત ગામોને બે વર્ષ સુધી મદદ કરીને ખાતાં ઉભાં રખાવ્યાં છે. તે દરમીયાનનો રીપોર્ટ--હિસાબ આવક જાવક સાથે બહાર પાડીને બાકીનો વધારો મુંબાઈ મુકામે **પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીના** હાથે મોટા પાયા પર શરૂ થયેલ સમિતિની ઓફીસના ખજાનચી ઉપર રૂ. ૩૭૬૧-૧૫-૦ મોકલી આપ્યા છે. હવેથી મદદ કરનારે મુંબાઈ મુકામે નીચેના સરનામે મદદ મોકલવી. મુંબાઈ મુકામે સ્થાપન થયેલ સમિતિને અમદાવાદનો તમામ વહીવટ મળી ગયા પછી વિ. સં. ૨૦૦૦ ના શ્રાવણ સુદ ૧૪ થી વિ. સં. ૨૦૦૩ ના બીજા શ્રાવણ સુદ ૧૫ સુધીની ત્રણ વર્ષની ટુંક કાર્યોની નોંધ નીચે મુજબ છે. નીચેનું સરવૈયું ખજાનચી મંત્રીની સહીથી બહાર પડેલ છે.

જ

૨૮૦૬૦।।।	ટીપના મુંબાઈથી તથા અમદાવાદથી વધારાની રકમ સાથેના
૩૬।	રૂ. વ્યાજના આવ્યા
૭૦)	રૂ. વ્યાજના આવ્યા
૧૧૬૨)	સુરત સગરામપુરાથી
૨૦૨)	અચ્છારીથી. ઉપરના બંન્ને ગામના પૂ. પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણિવરના ઉપદેશથી આવ્યા.
૨૯૫૩૧)	

ઉ

૯૬૩૯।।	બહાર ગામને મદદના મોકલ્યા વિ. સં. ૨૦૦૦ શ્રા સુ. ૧૪ થી ૨૦૦૧ શ્રા. સુ ૧૫ સુધીમાં.
૬૮૫૯)	પદર ગામને મદદના મોકલ્યા વિ. સં. ૨૦૦૧ સુધી.
૫૦૪૬)	બહારગામ માટે મદદના મોકલ્યા વિ. સં. ૨૦૦૨ ની સાલના
૧૫૫૬।-।।।	ત્રણ વર્ષના માણસોના પગાર, ઇન્સપેકશન ખર્ચ, સ્ટેશનરી, જાહેર ખબર વિગેરેના
૨૩૧૦૦।।।-।।।	
૬૪૩૦)-।	શ્રી પુરાંત સેન્ટલ બેંક ઓફ ઈન્ડીયામાં ૨૦૦૩ના બી. શ્રા. સુદ. ૧૫,
૨૯૫૩૧)	

તા. ૬:—વર્દ્ધમાન તપ માટે મદદ માંગનારે, અને મદદ માટે ભરવાનું ફોર્મ મંગાવનારે, મદદ માટે નાણાં ભરનારે નીચે લખેલ સ્થળે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારાદિનું સ્થાનઃ—

ઝવેરી જમનાદાસ મોનજી

અ ભા. શ્રી વર્દ્ધમાન તપ સહાયક સમિતિના ખજાનચી અને મંત્રી,

ઠે૦ બુલીયન એકસચેંજ, મુબઇ નં. ૨.

ઉપરની બીના તેઓશ્રીના રીપોર્ટ દ્વારાએ તારવીને સકળ સંઘની જાણ માટે છપાવી છે. અને સકળ સંઘ હજુ પણ કટોકટીના સમયમાં વધુ ઉદારતાનો હાથ લંબાવીને સમિતિના ઉદ્દેશને પાર પાડશે એવી આશા છે. વિશેષ મુંબાઈની સમિતિને રીપોર્ટ છપાવીને બહાર પાડતાં મોડું થવાથી અને અત્ર મોડો રીપોર્ટ મલવાથી આ સંસ્થાને પગભર બનાવવા માટે મુંબાઇ મુકામે સમિતિના કાર્યવાહકો પર ભલામણ પત્ર પૂ. **પંન્યાસપ્રવરશ્રીજીએ** લખ્યો, અને પત્રના પરિણામે ઘાટકોપર મુકામે **રાવસાહેબ દેવજી ટોકરશી જે. પી.** અને શેઠ **શીંગજી વીકમશી**ના સયુક્ત પ્રયાસથી અને **નિઃસ્વાર્થ સેવાભાવી નેમિદાસ તારાચંદ**ની જાત મહેનતથી રૂ. ૧૮૦૦) ઉપરાંતની ટીપ થવા પામી છે એવા સમાચાર છે.

મુંબાઈ મુકામે શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં સમિતિના કાર્યવાહકોએ રીપોર્ટ વાંચી સંભળાવ્યો છે એટલે તે અવસરે પણ સારા પ્રમાણમાં ટીપ થવા સંભવ છે. ચંચળ લક્ષ્મીને અચળ બનાવવા ઉપરની સંસ્થાને મદદ કરો.

અત્ર પણ ભાદરવા સુદ ૪ ના દિવસે પૂ. **પંન્યાસપ્રવરશ્રી**ના સદુપદેશથી ભારતવર્ષના આયંબીલ ખાતાના મદદ માટેની ટીપ રૂ. ૧૮૩૨) ઉપરાંતની થઇ છે. અત્ર રૂપીઆ ભરનારાઓએ **શેઠ ખુબચંદ હીરાચંદ શીરપુર-પશ્ચિમ ખાનદેશ** એ સરનામે રૂપીઆ ભરી જવા વિનતિ છે

શીરપુર પશ્ચિમ ખાનદેશ મુકામે રૂપૈયા ભરનારાઓના મુખ્યારંક નામો નીચે મુજબ.

૧૦૧) શેઠ ખુબચંદ હીરાચંદ	૧૦૧) શેઠ પુલચંદ પોપટલાલ
૧૦૧) શેઠ દીપચંદ રૂપચંદ	૧૦૧) શેઠ ઝીપરૂભાઈ દીપચંદ
૧૦૧) શેઠ અમરતલાલ વલજી પાટણવાળા	૧૦૧) શા. હીરાચંદ ગુલાબચંદ
૧૦૧) શેઠ લક્ષ્મીચંદ ધરમચંદ	૧૦૧) શેઠ ભોગીલાલ છમનાજી
૧૦૧) શેઠ વેલચંદ લક્ષ્મીચંદ	૧૦૧) શેઠ રેવચંદ દેવચંદ
૧૦૧) શેઠ ચંપાલાલ દેવચંદ	૧૦૧) શેઠ અનુપચંદ ધરમાજી
૧૦૧) શેઠ ભાગચંદ માણેકચંદ	૧૦૧) શેઠ જેશંગલાલ રતનચંદ દવાવાળા

ઉપર મુજબ સિવાયના ૫૧-૨૫-૧૧ ની સંખ્યામાં ઘણા નામો હોવાથી આપ્યા નથી.

અખિલ ભારતવર્ષીય શ્રી વર્દ્ધમાન તપ સહાયક સમિતિ-બ્રાંચ

શીરપુર-પશ્ચિમ ખાનદેશ તરફથી

લી૦ ઉત્તમચંદ જીભ્રુભાઈના પ્રણામ.



લેખક—મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી-ચિત્રભાનુ.

ધરા ફાટશે, આભ તૂટશે, ગગનના તારાઓનો વસુંધરા પર ઢગલો થશે, ચન્દ્રમાંથી અંગારા ઝરશે, પથ્થર પર કમળ ઊગશે, વિશ્વનો રંગ પલકમાં મેઘ ધનુષ્યની જેમ પલટાઇ જશે, સાગર માળા મૂકશે, તોય મારા ઉપાડેલા કાર્યને તો કોઇ રોકી શકશે નહિ. આવી ધૈર્યતા અને વાસ્તવિક ભાવનાની નક્કરતાથી ઉપાડેલું વિરાટ અને દુઃસાધ્ય કાર્ય પણ સાધક માટે નાનું અને સુસાધ્ય બની જાય છે!

આ વિરાટ કાર્ય મારાથી થશે કે નહિ? આમ કેવળ વિચારમાંજ જીવન વ્યતિત કરનાર પામર માનવ, કોઇ કાળે કાર્ય સિદ્ધ કરી શકતો નથી!

હિમ્મત અને ઉત્સાહના પુરથી આગે કદમ ભરનાર માનવજ વિશ્વમાં વિજયની પતાકા ફરકાવે છે!

કેવળ તગદીર પર ભરોસો રાખી તઝબિજને જતી કરવી, એ તો માણસાઇનું દેવાળું અને અશક્તિનું પ્રદર્શન છે!

કાર્યની બગશ અને ઝીણવટપૂર્વકની સાધના, સાધકને પૂર્ણપણાને કેમ પમાડે છે તેના પર તમને એક પ્રાચીન દ્રષ્ટાન્ત આપું—

ઉજાણીનો દિવસ છે. માનવ સાગર ઉપવન ભણી ઉભરાઇ રહ્યો છે. આનન્દનું વાતાવરણ મૂર્ત સ્વરૂપમાં દશ્યમાન થાય છે. નટગણની કળા આજે પુર બહારમાં ખીલી છે. એક ચતુર નટ પોતાની કાંધ પર ગાયને ઉપાડી કળા કૌશલ્ય વડે જનતાના હૈયાને ડોલાવી રહ્યો છે. લોકોના મુખમાંથી એકજ અવાજ નીકળે છે, "શું એનું બળ! શું એની નિપુણતા!"

ઉપવનના એક ઉંચા મંચ પર બેઠેલા રાજા ને રાણી આ દશ્ય જોઇ પ્રસન્ન બને છે. રાજા, રાણીને કહે છે, "આનું કેવું અપૂર્વ બળ! ગાય જેવી ગાયને પણ કાંધ પર ઉપાડે છે. અજબ છે, આનું બળ!"

સ્મિત કરી રાણી કહે છે, "રાજન્! આપને આમાં આશ્ચર્ય શું થાય છે? પ્રયત્ન કરતાં દરેક કાર્ય સિદ્ધ થાય છે. સાધે તે વધે. ગાય તો શું પણ વજનદાર એવી ભેંસ પણ કાંધ પર ઉપાડી શકાય છે!"

"કહેવું સહેલું છે, કરવું મુશ્કેલ છે. બોલો છો તેમ કરો તો બતાવો કે જેથી ખબર પડે કે કામ આમ થાય છે." રાજા ગંભીર બની આક્ષેપ કરે છે.

આ સમય ચર્ચાને અયોગ્ય જાણી, ચર્ચા પડતી મૂકી, રાણી નિરધાર કરે છે, કે આ વાતનો સચોટ પુરાવો અવસરે રાજાને આપવો. **ખરેખર, નિશ્ચિત હૃદયના માનવો, ભુજા વડે સાગર તરી શકે છે, પગ વડે અરણ્ય ઓળંગી શકે છે, ભયંકર ગણાતા સિંહને**

વશ કરી શકે છે, દુર્ધર ઇન્દ્રિયોનો જય કરી શકે છે, દુઃસાધ્ય વિદ્યાને મેળવી શકે છે, મનને નિયન્ત્રિત કરી શકે છે, ધારેલી ધારણા સફળ કરી શકે છે, અને અમોઘ મુક્તિને પ્રાપ્ત કરી શકે છે!

પોતે બોલેલા વચનને કેવી રીતે પાર પાડવું, એની ચિન્તામાં બેઠેલી રાણીને ખબર મળ્યા કે, ગૌશાળામાં એને વ્હાલી ગણાતી ભેંસને પાઠો અવતરી છે. આ સમાચાર મળતાંજ એને એક સુંદર વિચાર સૂઝી આવ્યો— ગૌશાળા મહેલની નીચેજ છે. માત્ર ત્રીસ પગથીયાનું છેટું છે, એકાન્ત છે. ચાલો, આવતી કાલથી પાડીનો પ્રયોગ કરીએ.

બીજે દિવસે રાણી વ્હેલી ઉઠે છે. કછોટો મારે છે. ગાય દોહે છે. પીવાય તેટલું દૂધ પી લે છે. બાકીનું પાડીને પીવા દે છે. પછી પાડીને પોતાની કાંધ પર ઉપાડી ત્રણ ચાર વાર દાદર ચડ ઉતર કરે છે. અને પાડીને ગૌશાળામાં મૂકી દે છે. આમ રોજ કસરત વધે છે, સ્નાયુ (મસળ) ગોળ બને છે. શક્તિ સ્ફૂરે છે. થોડાજ દિવસમાં કોમળાંગીનું શરીર એક પહેલવાનના રૂપમાં પરિણમે છે. સમયનાં વા'ણા વ્હાતાં પાડી ભેંસ બને છે. રાણીએ જોયું કે હવે આ ભેંસ ઉપાડવા એક પેલવાન પણ અસમર્થ છે.

સન્ધ્યાના રંગથી રંગીલું બનેલું યુગલ પરસ્પર વાર્તાના ઝપાટા લગાવી રહ્યું છે. રાણી નમ્ર વદને કહી રહી છે, "રાજન્! આપણી જે ઉજાણીના દિવસે ચર્ચા થઇ હતી કે **'પ્રયત્ન એ માણસને પૂર્ણ બનાવે છે.'** તેને હું પ્રત્યક્ષ પ્રમાણદ્વારા બતાવવા ઉત્સુક છું, જો આપની આજ્ઞા હોય તો."

રાણી બીજે દિવસે, રાજાની સમક્ષ, ગામના પહેલવાન બળવાન્ અને કળવાન્ માણસોને ભેગા કરે છે અને ભેંસને તેમની સમક્ષ રજુ કરી ઉદ્‌ઘોષણા કરે છે, "આ ભેંસને એકજ માણસ પોતાની કાંધ પર ઉપાડી, આ દાદર પર ત્રણવાર ચડ ઉતર કરશે, તેને એક હજાર રૂપિયાનું ઇનામ આપવામાં આવશે."

આ અખતરામાં કળવાન્ શું કે, બળવાન્ શું, પહેલવાન્ શું કે બુદ્ધિમાન શું, બધા અફળ જાય છે. બધાના મોં પર નિરાશાની છાયા છવાઈ જાય છે!!! આ કૂતુહલ જોઇ રાજા કહે છે, "શું આ કાર્ય શક્ય છે? એક ગાય ઉપાડવી પણ માનવ માટે કઠિન છે, તો પછી વજનદાર એવી આ ભેંસ તો કેમજ ઉપાડી શકાય?"

રાણી વદે છે "જો આપની આજ્ઞા હોય, તો આ આપની દાસી ઉપાડવા તૈયાર છે."

વિસ્મય અને આશંકાની દૃષ્ટિથી રાણી ભણી જોતો, રાજા આજ્ઞા આપે છે.

રાણી એકદમ કછોટો મારી, ભેંસ પાસે આવે છે, એની પીઠ પર હાથ ફેરવી, જરા નમી, પોતાની કાંધ પર રાખેતા મુજબ ભેંસને ઉપાડી, ધમધમ કરતી દાદરના પગથીયાં ચડવા લાગે છે. જોત જોતામાં ત્રણવાર ચઢ ઉતર કરી, ભેંસને એના સ્થાને મૂકે છે!

આ ગજબનાક બળ અને અપૂર્વ સાહસથી ચકિત બનેલા લોકોના મુખમાંથી ગગનભેદી

અવાજ નીકળે છે,—"વ્હા ! કમાલ કરી ! કયાં રાણીની કોમળ કાયા અને કયાં આ ભયંકર વજનદાર ભેંસ !"

આ અવસરે રાણી જનતાને ઉદ્દેશીને ધીર, ગંભીર વાણીથી કહે છેઃ—

"પ્રયત્ન દ્વારા માનવ પૂર્ણ બની શકે છે. આ વાત તમને સમજાવવા માટે મારે આ સાહસ કરવું પડયું છે. માટે આજથી સૂતા હો તો જાગૃત બનો, જાગૃત હો તો ઉભા થાઓ. ઉભા હો તો ટટ્ટાર બનો, નિર્બળ હો તો સબળ બનો. અધર્મી હો તો ધર્મી બનો. એદી હો તો સચેત બનો, જગતમાં ફતેહ મેળવની હોય તો તમારી સુષુપ્ત ગુપ્ત શકિતઓને પ્રગટાવો ! મારાથી આ વિરાટ કાર્ય નહિં બને એવી નિર્માલ્ય વાત મુખથી ઉચ્ચારશો નહિ. ધીર બનો ! વીર બનો ! હિમ્મત રાખો ! આત્મામાં અનન્ત શકિતઓ છે. એ શકિતઓ વડે તમે તમારા આત્માનું ગાઢ અન્ધકાર ભેદી શકો છો. એ શકિતઓ વડે કૈવલ્ય જ્યોત પ્રગટાવી શકો છો. એ શકિતઓ વડે મુકિત-મહાલમાં આઝાદ બની બેસી શકો છો. માટે જાગો ! અને તમારી ગૂઢ શકિત-ઓને પ્રગટાવી, વિશ્વમાં વિજયનો ડંકો વગડાવો !!! એક અંગ્રેજ કવિ પણ આ વાતની સાક્ષી પૂરતાં જણાવે છે કે—Practice makes a man perfect.

સાહિત્ય-રસિકો માટે

કલિકાલ-સર્વજ્ઞ-શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનો સાક્ષાત્કાર કરાવતો, અને પંન્યાસપ્રવર-શ્રી ચન્દ્રસાગરજી-ગણીન્દ્રકૃત-આનન્દબોધિનીથી ઓપતો સંજ્ઞા-સન્ધિ-નામ-કારક પર્યંતનો પ્રથમ—ભાગ બહાર પડયો છે, તે "શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્" કિંમત રૂા. ૩૦) ત્રીશથી મંગાવી લેવો.

પ્રાપ્તિસ્થાનઃ—

૧. ઝવેરી જમનાદાસ મોનજી.
ઠે૦ મુન્સીયન-એક્ષચેંજ, મુંબઇ નં. ૨.

૨. ઝવેરી પાનાચંદ રૂપચંદ.
ઠે૦ ૨૫/૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.
ઠે૦ બારાકુવા, દેહરા ખિડકી, ઉજ્જૈન, (માલવા)

૪. શા. નેમિચંદ તારાચંદ. ૪૦૭, કોટન એકસચેંજ, કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨.

૫. શા. મફતલાલ મોહનલાલ.
ઠે૦ રસીકલાલ નગીનદાસની કું, દાદર ગલ્લી, મુળજી જેઠા માર્કીટ, મુંબઈ નં. ૨.

૬. ઝવેરી મોહનલાલ ગુલાબચંદ.
ઠે. ઝવેરી ભુવન, મુ. વલસાડ.

૭. શા. બાબુભાઇ દલપતભાઇ.
ઠે. ભોંયરાપાડો, મુ. ખંભાત. (વાયા આણંદ)

૮. શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર.
ઠે૦ પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઇ નં. ૩

૯. શ્રી સરસ્વતી પુસ્તક ભણ્ડાર,
પં. ભૂરાલાલ કે. શાહ,
ઠે૦ હાથીખાના, રતનપોળ-અમદાવાદ.

અમોઘ–પર્વાશધન.

શીરપુર–પશ્ચિમ ખાનદેશમાં અમારા પુણ્યોદયે **પૂ. પંન્યાસ પ્રવર શ્રીચન્દ્રસાગરજી** આદિ ઠાણાં સાત ચાતુર્માસ છે. અત્રના શાસન પ્રભાવનાના કાર્યોની રૂપરેખા સંક્ષિપ્તથી અમે પૂર્વના અંકોમાં જણાવી ગયા છીએ. થઇ ગયેલી શાસન પ્રભાવનાના પુનીત કાર્યોના મહા-મંદિરના સુવર્ણ કળશ સમાન ચાલુ વર્ષની પર્યુષણા પર્વની આરાધના હતી. પચાસ વર્ષમાં નહિં થયેલા, નહિં જોયેલા, નહિં અનુભવેલા પર્યુષણાના પ્રસંગો શ્રીસંઘે અનુ-ભવ્યા હતા. ચાલીશ ઘરના જૈનોમાં નાના મોટા અઢીસોની સંખ્યામાંથી સો બાળ-બચ્ચાં સિવાયની સંખ્યામાં ૧૦૮ તપશ્ચર્યા આકર્ષક હતી. **૧. માસ ખમણ, ૬ સોળભત્તા, ૪ દશ ઉપવાશ, ૬૪ અઠ્ઠાઇઓ, ૧. છ ઉપવાસવાળા, ૩૨ પાંચ ઉપવાસવાળા હતા. પુના, બાલાપુર, બુરાનપુર, પાટણ, તળેગાંવ** વિગેરે બહારગામથી તપશ્ચર્યા કરનારના સગાંવહાલાં અને પર્યુષણા કરવા આવનારની પણ અઢીસો ઉપરાંતની ભાઇ બ્હેનોની સંખ્યા હતી. એટલે છઠ્ઠ અઠ્ઠમની તપશ્ચર્યાઓ પુર પ્રમાણમાં હતી. દશ બાર જગાએ કલ્પસૂત્રની પધરામણી અને શાસન અધિષ્ઠાયકની સ્થાપના નિમિત્તે રાત્રિજાગરણ આદિ સારા પ્રમાણમાં થયાં હતાં. ભાદરવા સુદ ૧ને દિવસે સુપનાની બોલીમાં ઘી ૫૦૦) મણ રૂા. **૨૫૦૦)** ની ઉપજ થઇ હતી. પર્યુષણાના આઠ દિવસમાં અને ભાદરવા સુદ ૪ના દિવસે મળીને કુલ ૮૦) મણ ૩ ૧૯૦૦) ની ઉપજ થઇ હતી. સુપનાની બોલીના સઘળા રૂપીઆ દેવ દ્રવ્યમાંજ જાય છે. દેવદ્રવ્યના ગામે થતી ઉપજમાંથી સાધારણ ખાતે લઇ જવાનો રિવાજ આ ગામમાં છેજ નહિં એ નોંધપાત્ર બીના છે. સાંવત્સરિક પ્રતિક્રમણ અવસરે બોલાતાં સૂત્રોના ટાંક ૨૮૦૦૦ થયાં હતાં, જેની ઉપજ **રૂા. ૧૪૫૫**ની થઇ હતી. અને આ જ્ઞાન ખાતાની ઉપજમાં જ્ઞાન પૂજન, ગુરૂ પૂજનમાં રૂ. છસોની ઉપજ થઈ હતી. અખિલ ભારતવર્ષીય વર્દ્ધમાન તપ સમિતિએ કરેલી કાર્યવાહીનો ચાર વર્ષનો રીપોર્ટ વાંચી સંભળાવતાં અને પૂ. પન્યાસજીએ આ ખાતાને વધુ પોષણ કરીને હિંદભરના આયંબીલ ખાતાં ટકાવવાની અનિવાર્ય જરૂર છે એમ જણાવતાં રૂ. **૧૮૦૦)** ઉપરાંતની ટીપ થઇ ગઈ છે.

તળેગાંવવાળા તરફથી દરેક તપસ્વીઓને (૧૦૮ ને) **એક એક રૂપીઆની પ્રભાવના** થઇ હતી. તપસ્વીઓ તરફથી નાના મોટા વાસણની પ્રભાવનાઓ ગણત્રી વગરની હતી. અત્ર બિરાજમાન સાધ્વીના બેઠાણુમાંથી **સાધ્વીશ્રી સુબોધશ્રીજીએ સોળ ઉપવાસ** કર્યા હતા. તેમના પારણા ઉપર આકોલા, મુંબાઇ, પેથાપુરથી આવેલા સંસારપક્ષના સગાંઓએ રૂા. **૧૪૦૦)** ઉપરાંતનો ખર્ચ કરી સુંદર શાસનપ્રભાવના કરી હતી. આઠ દિવસમાં આંગી, પૂજા, ભાવના, પ્રભાવના, પારણા, અત્તર વાયણા, સ્વામીવાત્સલ્ય સાધર્મિક ભક્તિ વર્તમાન કાળે કોઇ દેશ ગામ, શહેરમાં ન થાય તેવી અનિર્વચનાય હતી.

૫૪૪. મિત્રનો દ્રોહ કરનારા, કરેલા ઉપકારને ભૂલનારા, સ્વામિનો દ્રોહ કરનારા, અને વિશ્વાસનો ઘાત કરનારા એ બધાની ક્રિયાઓ નરક પ્રત્યે લઈ જનારી છે, અર્થાત્ તે બધા નરક પ્રત્યે પ્રયાણ કરનારા છે.

૫૪૫. સંક્લેશને ઉત્પન્ન કરનાર, અને સંક્લેશની વૃદ્ધિ કરનાર કહેવાતા શુભ સ્થાનો પણ દૂરથી ત્યાગજ કરવાં શ્રેયસ્કર છે.

૫૪૬. વિરોધની પરંપરા પ્રાપ્ત થાય તેવા સ્થાનોમાં ભાગ્યશાળીઓને વસવુંજ નહિં.

૫૪૭. સ્ત્રીઓને પિતૃગૃહે, અને પુરૂષોને શ્વસુરગૃહે વસવું હિતકર નથી, તેવીજ રીતે એકજ સ્થાને યતિવર્યોએ વાસ કરવો તે પણ હિતકર નથી.

૫૪૮. મૃગેન્દ્રો, સત્પુરૂષો અને ગજેન્દ્રો અપમાનવર્ધક સ્થાનમાં ક્ષણભર રહી શકતાજ નથી.

૫૪૯. યતિવર્યો, યાચકો; અને નિર્ધનો વાયુની જેમ એકજ સ્થળે સ્થિર રહેતા નથી, આથી નહિં રહેવાનાં પ્રયોજન–પરમાર્થ–ફલાદિને વિચારવાની જરૂર છે.

૫૫૦. જેવી રીતે પ્રકાશ કરવાના સ્વભાવવાળો પ્રકાશમય દીપક બીજા દીપકની અપેક્ષા રાખતો નથી, તેવીજ રીતે પ્રબળ પુણ્યવંતો બીજા પુણ્યવંતની અપેક્ષા રાખતાજ નથી.

૫૫૧. નિર્ગુણી આત્માઓ ગુણરત્નાકર ગુણિજનોને નિહાળી શકતાજ નથી.

૫૫૨. ગુણવાન્ થવું એ જેટલું મુશ્કેલ છે, તે કરતાંએ અધિક ગુણવાનોમાં દેખીને પ્રમોદી થવું અર્થાત્ ગુણાનુરાગી થવું અતિ–અત્યંત–મુશ્કેલ કાર્ય છે.

૫૫૩. ઇર્ષ્યાના સર્વથા અભાવમાંજ આત્માઓ ગુણવાન્ અને ગુણાનુરાગી રહી શકે છે, અન્યથા નહિંજ.

૫૫૪. કહેવાતા ગુણવાન્ આત્માઓ પણ અધિક ગુણવાન્ પ્રત્યે મત્સરી જણાય છે, તો તે સ્થાનમાં ઇર્ષ્યાનો આવિર્ભાવ છે, એ સમજતાં શીખો.

૫૫૫. ગુણરત્નાકર ગુણિજનોને નિર્ગુણી કહેવા–લખવા અને દેખાડવામાં ઉદ્યમવંત થનારાઓ સમ્યક્ત્વના સારભૂત રહસ્યથી વિમુખ થઇને ભવ ભ્રમણની વૃદ્ધિ કરે છે એમ શ્રી ધર્મદાસગણિવર ફરમાવે છે.

મુદ્રક : મૂલચંદ કસનજસ કાપડીયા "જૈન વિજય" પ્રી. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, ઘાણલાગ, ઝાલેશ્વર, મુંબઇ.

આગમોદ્ધારકની ઉપાસનામાંથી–

(લેખકઃ—સુધાવર્ષી.)

નોંધઃ—આરાધકોની આરાધના અધિક-અધિકતર-અધિકતમ ઉજ્વળ બને અને વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય તેઃહેતુથી અત્ર ભાવવાહિ-વાક્યો અપાય છે. લિ૰ તન્ત્રી.

૫૩૭. લાભદાયિ-કાર્યનો અવસર ગુમાવનારને ભવિષ્યમાં પશ્ચાતાપ થાય છે, માટે અવસરોચિત કાર્ય અવસરે કરી લેવું, પરંતુ આલસ્ય-પ્રમાદને આધિન થઇ અવસર ચુકવોજ નહિં.

૫૩૮. પુણ્યશાલિઓના પ્રબળ પુણ્ય પ્રભાવથી સુકાઇ ગયેલાં વન-વૃક્ષો અને નદી નિર્ઝરણાં પણ નવપલ્લવિત થાય છે, માટે પુણ્ય રક્ષણ-વૃદ્ધિના ઉપાયોમાં સત્વર ઉદ્યમવન્ત થવું જરૂરીનું છે.

૫૩૯. જેવી રીતે ચિંતામણી રત્ન ચિત્તને ચમત્કાર પમાડનારા ગુણો વડે સ્વયં જ્યોત્યાં માન-પ્રતિષ્ઠાને પૂજા પામે છે, તેવી રીતે પુણ્યશાળિઓ પોતાના પ્રબળ પુણ્ય પ્રભાવે સર્વત્ર-સર્વદા-સર્વથા માન-સન્માન-સત્કાર-પૂજા-પ્રતિષ્ઠા પામે છે તેમાં નવાઇ નથી.

૫૪૦. ઉત્તમ પુરૂષોના આચાર-વિચાર અને વાણીથી કુલ-જાતિ-ઉત્તમતા આદિ ગુણોનું પ્રકાશન થાય છે.

૫૪૧. એકજ સ્થળે વસવામાં માન હાનિ થાય છે, એવું સમજીને સૂર્ય સમાન ભાગ્યવાનો સ્થલાન્તર કરતા જણાય છે.

૫૪૨. કૃષ્ણ પક્ષનાં ચંદ્રમાની જેમ કલાવાન્-ભાગ્યશાળિ બાહ્ય-અભ્યંતર લક્ષ્મી સહિત થવાથી લઘુતાને પામે છે તે વિવેકીયોએ વિચારવું જોઇએ.

૫૪૩. પંડિત-સજ્જન શિરોમણિ એવો શત્રુ સારો છે, પરંતુ મૂર્ખ મિત્ર એ વર્તમાન-ભાવિ જીવન માટે ભયંકર છે.

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જું.]

श्री कैलासरससागरसूरि ज्ञानमन्दिर
कोबातीर्थ जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पिन ३८२००७

श्री सिद्धचक्र.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

भावार्थ:—शाश्वत आनन्दने देनारा श्री सिद्धचक्रने नमस्कार थाओ. अने सर्व मन्त्रोने विषे आ मन्त्र अचिन्त्य-चिन्तामणिनी जेम आचरण करे छे. —आ. बो.

"नमो" पदनी निर्मळता. लेखांक-१.

आलेखकारः—सुधावर्षी=पू. पंन्यासप्रवर श्री चन्द्रसागरजी गणीन्द्रः

त्रेत्रीश व्यंजनमांना बेज व्यंजनो, चौद स्वरमांना बेज स्वरो, बेज व्यंजन अने बेज स्वरथी संमिलित थयेला बेज अक्षरो बेज अक्षरोनुं बनेल सुनीतपद, पुनितपदमां स्थित थयेल पवित्र आराधन-धर्म; अने बेज आराधन धर्मनो त्रिकालाबाधित-अविच्छिन्न-प्रभाव अचिन्त्य अने अनिर्वचनीय छे.

आ निर्मळ पदना निर्झरणामां झीलतां पापीओ पुण्यशालिओ बने छे, दुर्गति तरफ दोट मुकनारा मानवीओ सद्गति तरफ विधावे छे, अधम पदमां आवी पडेला आत्माओ उच्च स्थान अने उच्च पदना अधिकारी बने छे, चिन्तामणि अने चित्रावेलनी पाछळ चिन्ताशील बनेला बेहोश जीवो अभिनव चिन्तामणिने प्राप्त करे छे; अरे! एटलुंज नहिं पण ए पदनो स्पर्श जलने स्थळ बनावे छे, विषने अमृत बनावे छे. उष्ण अग्निनी ज्वालाओने पाणी

[वधु माटे जुओ टाईटल पेज २ जुं.]

वी. सं. २४७४
वि. सं. २००४
वर्ष १४-अंक २.

प्रकाशिका—
श्री सिद्धचक्र साहित्य प्रचारक समिति,
तन्त्रीः—पानाचंद रूपचंद झवेरी.
२५, २७, धनजीस्ट्रीट—मुंबइ.

वार्षिक लवाजम
३. ३-०-०
छुटक नकल एकना
३. ०—४—६

પાણી કરે છે, વિકાળ વિષધરને વિશિષ્ટ–જલ–સ્થલ સ્થિત પુષ્પોની પુષ્પમાળ બનાવે છે; અને શૂળીને સિંહાસન બનાવે છે. આટલેથી એનો મહિમા પરિસમાપ્ત થતો નથી પણ **સર્વ પાપનો અને સકળ કર્મોનો નાશ કરીને આરાધ્યપદની ઉત્તમોત્તમ ભૂમિકાને પ્રાપ્ત કરાવે છે, કે જે અચળપદની પ્રાપ્તિ પછી પ્રાપ્ત કરવા જેવું સ્થાન જગતમાં=ચૌદ રાજલોકમાં છેજ નહિ. આ પુનીત પદનું નામ છે—નમો.**

પંચ મંગળ મહાશ્રુતસ્કંધ નમસ્કાર મહામંત્રના નવ પદો છે, આઠ સંપદા છે, અને ૬૮ અડસઠ અક્ષરો છે; છતાં બે અક્ષરોનું બનેલું 'નમો' પદ અખૂટ પ્રભાવમય અને અચિન્ત્ય શક્તિમય છે. નમોપદની નિર્મળતા સંબંધિ નવ નવીન પદ્યો, નિબંધો, અને યશોગાથાના ગહન ગ્રંથો લખીએ તેટલા ઓછા છે.

નમો પદની નિર્મળતાનો નિર્ણયાત્મક વિવેકભર્યો વિચાર કરીએ તો નમસ્કાર મહામંત્ર સ્થિત પદો આરાધ્ય વિભાગમાં, આરાધન વિભાગમાં અને ફળનિર્દેશ વિભાગમાં વહેંચાઈ જાય છે. વિવેક પુરસ્સર થયેલા વિભાગશઃ વિશિષ્ટ પદોના પરમાર્થ સમજીએ ત્યારે **" एसो पंच नमुक्कारो सव्वपावप्पणासणो "** આ પદોનું કથન કેવળ સત્યજ છે એ આરાધકોના હૃદયપટ પર અંકિત થઇ જાય છે.

સહાયકોને.

સહાયકોની સુંદર સહાય ઉપર નભે છે માટે પૂ. સાધુ સાધ્વીઓને, ધાર્મિક સંસ્થાઓને, અને જે જે વ્યકિતઓને આ માસિક ભેટ (વગર લવાજમે) મોકલાય છે. તેઓએ યથાશકિત ઉદ્યમવંત થઇને આર્થિક મદદ મોકલવા–મોકલાવવા પ્રબંધ કરવા વિનંતિ છે.

ચાલુ વર્ષમાં પૂ. સાધુ સાધ્વીઓએ, શ્રી સંઘોએ અને જે જે વ્યકિતઓએ આ માસિકના વાંચનની કદર કરીને જે જે ભેટ રકમો મોકલી છે તે સર્વનો સમિતિ સાદર આભાર માને છે એજ.

લિ૦ તન્ત્રી.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૪.	કાર્તિક-માસ.	તંત્રીઃ
અંક ૨ જો.	તા. ૧૭-૧૧-૪૭.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

દિવાળી સફળ કેમ થાય ?

પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્રના પરમ વિનેય—

લેઃ—ચન્દ્રપ્રભસાગર-ચિત્રભાનુ.

મહાવીર ! એ ચાર અક્ષરથી સુશોભિત બનેલું જનતાનું પ્યારૂં નામ, ભારતના પ્રત્યેક માનવના હૈયામાં, આજે પણ સુવર્ણાક્ષરોથી અંકિત બનેલું છે !

એ પુનીત નામના ઉચ્ચાર સાથે માનવ-હૈયાં ડોલી ઉઠે છે. એ પવિત્ર નામના શ્રવણ માત્રથી અહિંસાનું વિરાટ સ્વરૂપ આપણી નજર સન્મુખ ખડું થાય છે. એ પાવન નામની રટણ સાથે મૂર્તિમન્ત-માનવતાના દર્શન થાય છે. એ ભવ્ય મૂર્તિના ધ્યાન માત્રથી અઘોર પાપી પણ પુણ્યશાળી બને છે !

એ મૂર્ધન્યમણિની સરખામણી વિશ્વના કોઇપણ પ્રીરસ્તાથી થઇ શકે તેમ નથી. એમનું જીવન એ તો કરૂણાનો સાગર અને દયાનો ભંડાર હતું. એમની અનન્ત-શકિતઓ અને અપૂર્વ સહનશીલતા વિશ્વની વિભૂતિઓથી વિલક્ષણ હતી. તેઓ ભયંકર યાતના આપનારની સામે પણ મધુર સ્મિત કરી જાણતા, તેઓ સંગમ જેવા ક્રૂર સામાનિક-દેવ પર પણ કૃપાજળ વરસાવી જાણતા, અને વિષમ-વિષથી વ્યાપક એવો ડંખ મારનાર ચણ્ડકૌશિકને પણ શાન્તવદને આત્મિક માર્ગ દેખાડી જાણતા, તેથીજ તેમનું જીવન શબ્દ લીલાથી લલિત નહોતું, પણ વાસ્તવિક આધ્યાત્મિક-લાલીથી રંગાએલું હતું !

આ વિરાટ વીર પુરૂષે પોતાની પ્રજ્ઞા-પ્રતિભાવડે હિંસક-વિશ્વને અહિંસક બનાવ્યું. જેણે પોતાના વિરાટ-પુરૂષાર્થવડે સ્વાર્થી જગતને પરમાર્થી બનાવ્યું. જેણે પોતાની તેજસ્વી શક્તિઓ રેડી મુડદાલ વિશ્વને જીવન્ત બનાવ્યું. જેણે પોતાનાં જવલન્ત જીવનમાંથી જ્ઞાનકિરણ વરસાવી માનવતાના આદર્શોને અજવાળ્યાં. અને જેણે પોતાના અણમોલ જીવનને હોમી માનવતાનો દીપક જવલન્ત રાખ્યો—એવી વિરલ વિભૂતિ આપણા મહાભાગ્યે લાધી છતાં આપણી ગમાર બુદ્ધિ, એ માનવ રત્નને પારખી ન શકી

એજ આજના દિવસે ખેદ અને કરૂણતાનો વિષય છે !

એમને કોઇ સ્વાર્થ નહોતો. ઊલટો એમનો માર્ગ તો કંટકથી ભરેલો હતો. એમની સાધના અગ્નિ પરીક્ષા જેવી કપરી હતી. એમના વ્રતો તલવારની ધાર જેવા તીખાં હતાં. એમનું આલું અન્તર વેદનાથી છલાછલ હતું. વિકરેલી પાશવતા જોઇ એમનું કોમળ હૈયું ધ્રુજી ઉઠતું. સ્વર્ગના બ્હાને યજ્ઞમાં થતી કારમી હિંસા જોઇ એમનું હૃદય દ્રવી જતું. એમના નયનોમાં નીર હતાં, વાણીમાંથી કૃપાના ઝરણાં અને દયાની નીક વ્હેતી; આ બધું આમ ભાસવાનું કારણ સબળ હતું, અને તે વિશ્વ કલ્યાણની તીવ્ર મનોકામના !

તેથીજ તેમને સુંવાળી તળાઇએ કંટક શય્યા ભાસતી, સુંદર આભૂષણ એ શરીરનો બોજો લાગતો, ભોગ એ રોગ જાણતા, ઈન્દ્રિઓના વિલાસ એ નરકની યાતના દેખાતી, મહેલાતો એ ભયંકર કેદખાનાં ભાસતાં, સંસાર એ સળગતી ભઠ્ઠી જણાતી, અને વિલાસથી છલકાતાં રાજમન્દિરો કરતાં, નિર્જન વન અને પર્ણકુટિ તેમને સુમધુર ભાસતી !

શાન્તિની શીતળ છાયા વિશ્વમાં વિસ્તારવી એજ એમને મન એક અપૂર્વ સુખ હતું, અને તેમ કરવામાં તેમણે ન ગણ્યો દિવસ કે ન ગણી રાત. ન જોયું સુખ કે ન લીધો આરામ. નં જોઈ ભૂખ કે ન ગણી તરસ. એમના જીવનનો ક્ષણે ક્ષણ આ મહાન્ આદર્શની પાછળ ઝૂઝવામાં અને આ સિદ્ધિને સિદ્ધ કરવામાં વ્યતિત થયો !

તેજ મહાપુરૂષના **નિર્વાણનો દિવસ તે આજનો દિવસ-દિવાળીનો દિવસ !** આથી આજનો દિવસ એ આપણા દુષ્કર્તવ્યોને નિરખી પ્રાયશ્ચિત કરવાનો દિવસ છે. આજના મહાન દિવસે દીપકની શત-શત માળાઓની સામે, પવિત્ર મને પ્રતિજ્ઞા કરજો કે--

"આજથી હમે અહિંસક બનીશું, સત્ય= જુઠું નહિં બોલીશું, ચૌર્યનો ત્યાગ કરીશું, સંયમને જીવનમાં વણીશું, સંતોષી જીવન જીવીશું આપસમાં લડીશું નહિ પ્રેમ અને વાત્સલ્યનાં ઝરણાં વ્હેતાં કરીશું, સરળતા અને વિશાળતાની વિશુદ્ધ દૃષ્ટિ પુનઃ સતેજ કરીશું, સંસ્કારી સાદાઇ અને સુસુંદર શીયળની દિવ્ય જ્યોત દિવાળીની દીપમાળા સાથે જવલન્ત બનાવીશું !"

બસ, આટલું થયું તો જાણજો કે આપણી દિવાળી સફળ છે !

માનવંતા ગ્રાહકોને.

" પ્રથમ અંકની પ્રાપ્તિ પછી લવાજમ સમિતિને પ્રાપ્ત થયું નહિ હોય તો બીજો અંક વી. પી. થશે તે સ્વીકારવા સાદર ભલામણ છે." આ પ્રથમ અંકની જાહેરાત મુજબ ચાલુ અંકથી વી. પી શરૂ થાય છે માટે દરેક ગ્રાહકને વિનંતિ પૂર્વક સ્વીકારી લેવા ભલામણ છે.

આશા છે કે અસહ્ય મોંઘવારીના સમયમાં કાગળ-મુદ્રણ-મજુરી-પ્રેસ મેટર આદિ પાછળનું ખર્ચ વિચારતાં આ માસિકનું વાર્ષિક લવાજમ જૂજ છે, છતાં નક્કર-વાંચન સિદ્ધાન્ત દોહન સુધા સાથે નવ નવ રસવતી પૂર્વક પીરસાય છે. માટે ચાલુ વર્ષમાં ગ્રાહક રહીને માસિકની મહત્વતા વધારવા કટીબદ્ધ થશો. સાથે સાથે નવીન ગ્રાહકો વધારીને અમારા ઉત્સાહને પ્રોત્સાહન આપશો.

ચાલુ વર્ષમાં ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય તેમણે તુરત નીચેના સરનામે લખી મોકલવું કે જેથી વી. પી. ખર્ચનું નુકસાન ધાર્મિક સંસ્થાને ન થાય.

પત્રવ્યવહારાદિ પૈસા ભરવાનાં સ્થળ—

૧. ઝવેરી પાનાચંદ રૂપચંદ
ઠે. ૨૨૪ શેખમેમણ સ્ટ્રીટ, મુંબઇ નં. ૨

૨. શા. ગુણવંતલાલ જેચંદભાઈ ઠાર
ઠે. ગોપીપુરા, ચાંદ્લાગલી મુ. સુરત.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકાર:—પૂ. આગમોદ્ધારક-આચાર્ય-દેવેશ-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

[નોંધ:—ત્રૈલોક્યનાથ ભગવાન્ મહાવીરે નિર્વાણ પામતાં પહેલાં પૂ. દેશનાકારે આપેલી અંતિમ-દેશનાનું સુંદર સ્વરૂપ વિ. સં. ૧૯૮૯ ના સુરત મુકામના ચાતુર્માસમાં આપેલી અમોઘ દેશના દ્વારાએ સમજાવ્યું. તેનો સારભૂત સંચય પૂ. પં. શ્રી હેમસાગરજી પાસેથી મેળવીને, વાંચકો વિવેકપૂર્વક વાંચી શકે, અને વિચારી શકે તે હેતુથી પૂ. પન્યાસ-પ્રવરશ્રી-ચન્દ્રસાગરજી-ગણિન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા-વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય-વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી.]

દેશનાના દિવ્ય અવતરણો.

૧ ફાયદા કારક અને નુકશાન કારક ઇચ્છાઓ.

૨ દીન-દારૂડીયાના બકવાદો.

૩ ઇચ્છારૂપી સત્તાના દોર દમામ.

૪ અર્થ-કામની કારમી વાસનાના ઉંડા મૂળ.

૫ મોહ મદીરાની સોંઘવારી.

૬ અર્થ-કામનું અનર્થપણું સમજો.

૭ વ્યસન નિવારણના વિશિષ્ટ ઉપાય.

૮ મોક્ષ પ્રાપ્તિ સુધી ધર્મ પ્રવૃત્તિની જરૂર.

૯ મેળવેલું મુકવું જ પડે છે, તો હર્ષે મેળવેલું ન મુકાય તેવો ઉદ્યમ કરો.

अनन्तदुःखसंसारो मोक्षोऽनंतसुखः खलु ।
तयोस्त्यागपरिप्राप्तिहेतुर्धर्मं विना नहि ॥

જીતાયેલી પ્રજા.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્ય સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે જણાવતાં થકાં કહે છે કે—ભગવાન્ મહાવીર મહારાજે છેલ્લામાં છેલ્લી નિર્વાણ પામતી વખત શાસનની મર્યાદા ટકે ત્યાંસુધી ટકાવી રાખનાર કોઇપણ સંદેશો કહ્યો હોય તો આ સંદેશો છે. જેનો પછીનો કોઈ સંદેશો નથી. મોક્ષ પામતી વખતનો સંદેશો, ભવ્યને હૃદયમાં કોતરી રાખવાનો સંદેશો, અને શાસનની કીડ તરીકેનો સંદેશો, જે કહ્યો તે સંદેશો કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી ઉપરના શ્લોકમાં જણાવે છે. ભવ્યોને સર્વ જન સમુદાયમાં કેઇ કેઇ ઇચ્છાઓ રહેલી છે?; કઇ નુકશાન કરનારી છે?, અને કઇ ફાયદો કરનારી છે? તે છતાં તેને ભરોસે ભવ્યો પણ ભૂલ્યા છે. જે ઇચ્છાઓ ફાયદો કરનારી છે. તે તરફ વિવેકી સજ્જનો દોરાએલા છે. છેલ્લા સંદેશામાં પહેલો ભાગ એ જણાવ્યો કે. મહાનુભાવો આ જગતના જીવો કર્મના પરિણામ આગળ શીર ઝુકાવનારા છે તે બધાને નામી શબ્દથી આગળના શ્લોકમાં જણાવી દીધા છે. સંસારી જીવોને ચેતના છે, પણ ચેતના બહેર મારી ગઇ છે. અત્યારે મુખ્ય ધર્મ એકજ થઇ ગયો છે. કર્મ રાજાના પરિણામ આગળ શીર ઝુકાવી દેવું તેમાં ચું કે ચાં કરવુંજ નહિં.

"જે કર્મ પરિણામ રાજા ચુકાદો ફળ આપે તે કબુલ કરી લેવું" એવા આ સંસારી જીવ હોવાથી તે જીવોને ચેતનાના નામે ન બોલાવતા નામી કહી બોલાવ્યા. નામો કહેવાથી આપણે ખુશ થઇએ છીએ. નામી ભાઇ, નામી બાઇ, નામી કોમ, નામી શહેર; આ બધા શબ્દોને ઉંડા ઉતરી તપાસો તો અહીં નામી એટલે નામ ચીન તરીકે શબ્દ નથી. અહીં નામીપણું એટલે શીરને ઝુકાવે તે. નામી એટલે જીતાએલી પ્રજા. હારેલી પ્રજા તે શાથી હારી છે? હારેલી પ્રજા કોણે ગણી? મોક્ષે ગએલો અનંતમો ભાગ છોડી દઇએ તો બાકીના બધા જીવો કર્મના પરિણામ આગળ શીર ઝુકાવનારા, તેથી નામી ગણ્યા.

દારૂડીયાનો બકવાદ.

નામના મેળવેલી તેમ નહિં, પરંતુ જો હુકમનો અમલ કરવાવાળા જે જીવો છે તેને નામી શબ્દ એકજ બસ છે. આ ભયંકર બદનામી છે. કર્મ એક જડ ચીજ છે. આપણે તે કર્મને ભગવાન તરીકે બોલાવેલી, ઉછેરેલી, રાખેલા ચીજ, તે આપણી ઉપર સરદારી કરે છે. ખરેખર વિચાર કરો તો અકલ ઉદ્યમ પુરૂષાર્થનું પરિણામ શું આવ્યું? જે આપણી ચેતના પ્રવર્તિ તેનું પરિણામ કયાં આવ્યું? બદનામીમાં. સંસારી જીવોને પોતાના હાથે લાવેલી ચીજ પોતે ઉછેરેલી ચીજ તેની તાબેદારી કરવી પડે છે, તેના હુકમ આગળ તૃણતુસ જેટલો પણ ફરક પડતો નથી. જીવની અકલની ખામી કેટલી? જેણે એક રખડતાને ઠેકાણે પાડયો એવા મારાથી પોષાયો હતો એજ મારી ઉપર શીરજોરી કરે છે. ખરેખર શું ભૂલ કરી એક મનુષ્યને ઠેકાણે પાડયો હોય વધાર્યો હોય પોષ્યો હોય તેજ ઉપગાર માનવાની શીરજોરી કરે તો તે વખતે આપણી અકલનો પશ્ચાતાપ થાય છે. તો આ કર્મ ચીજ કઇ? ચૌદ રાજલોકમાં રખડનારી ચીજ તેનો ધંધોધડો ન હતો, તે કર્મને આત્મામાં સ્થાન આપ્યું તેની મરંપરાએ પોષવા દીધી તે કરમને રક્ષિત રાખ્યું. પરિણામ એ આવ્યું કે અત્યારે કર્મના હુકમમાં રહેવું પડે છે. શા કારણથી આમ બન્યું?, કે એને લીધે આપણને જીનેશ્વરોએ ઇલકાબ આપી દીધો કે તમે જીતાએલી પ્રજા છો, નામી પ્રજા છો. નામચીન પ્રજા નહીં પણ નમવાવાળી પ્રજા છો. જેમ કર્મનો હુકમ થાય તેમ જીવ ગર્ભમાં રહે બહાર નિકળે ગુમુતરમાં આળોટે. તેમાં આળોટવું વિગેરે આપણી ઇચ્છાને આધીન કયું કરીએ છીએ?, અને કર્મના ફરમાનથી કયું કરીએ છીએ? આ વિભાગ પાડો. પોતાની ઇચ્છાએ આ જીવ કંઇપણ કરતો નથી. કર્મના પરિણામ આગળ શિર ઝુકાવી રહ્યા છે. નબળા માટી ઉપર રાંડ હલ્લો કરે છે, ત્યારે માટી મોંઢાથી ઘરમાં સપડાયેલો બહાદૂરીને બકવા માંડે કે લે રાંડ લેતી-જા ઘણી મોંઢાનો શૂરવીર. આપણે કર્મ રાજાની આગળ શિર ઝુકાવ્યા જઇએ કર્મની આધીનતાએ જન્મ જરા મરણ રોગ શોક ભોગવીએ; અને અમે એમ શું નબળા માટી જેવા છીએ? એ શું જોઇને બોલાય છે? આપણે દરેક બાબતમાં કરમ આગળ શીર ઝુકાવીએ અને બંદાએ કર્યું વિગેરે બહાર પોકારીએ. નબળો માટી માર ખાતો જાય ને લે રાંડ લેતી જા. શી રીતે એમ કહેવાય છે? સ્વરૂપ તો તારૂં વિચારી જો. સોટા ખાઇને બરડો સુઝી ગયો છે. એક પરિણામ કર્મનું તું નિષ્ફળ કરી

શકતો નથી. કર્મના તમામ પરિણામને આધીન થનારો, કર્મની બેડી જેટલી થાય તેટલી ઠોકાવનારો, કર્મની બેડીના ખડકલા પગમાં ઘસાવનારો; શું જોઇને હું બોલે છે. દારૂડીયાને હું બોલું છું શું ને થાય છે શું તે ભાન હોતું નથી, તેમ તમે બોલો છો. આ જીવ મોહ મદિરામાં ચકચૂર થઈ ગએલો છે તેથી પરાધીન અવસ્થાને જોતો નથી. ખરેખર! દારૂ-ડીયા સિવાય એ બને નહિં.

વ્યસની-પ્રજાની નિર્માલ્યતા.

હવે દારૂ કોણે પાઈ દીધો છે?, અને મોહ મદિરા આટલી સસ્તી કોણે કરી?; જેમાં પોતાનું સ્વરૂપ પરાધીનતાનું, અને પરાધીનતા તોડવી ખરાબ લાગે છે, અને પરાધીનતા-વૃત્તિ સુંદર લાગે છે. આવી મોહ મદિરા સોંઘી કોણે કરી છે? મોહ મદિરા સોંઘી થએલી છે, તેનાજ પરિણામે નાના મોટા આદમી સ્ત્રીઓ જાનવરો બધા પી રહ્યા છે. પ્રજાને નિર્માલ્ય કરવી હોય તો અફીણને દારૂ આદિના વ્યસનો કુદકે ભુસકે વધારી દેવા જોઈએ. જોરદાર પ્રજા પણ નિર્માલ્ય થઈ જાય છે. તેમ આ અનંત શક્તિની ઋદ્ધિવાલી આ પ્રજાને, અનંત સુખવાલી આ પ્રજાને નિર્બળ બનાવવા માટે મોહ મદિરા સોંઘી થઇ ગઇ છે. સોંઘી હોવાથી હરકોઈ પી લે તેથી નિર્માલ્ય બની જાય.

ઇચ્છારૂપી સત્તાની નાશભાગ.

ચીનને નિર્માલ્ય બનાવવા માટે પરાણે અફીણ ઘાલ્યું, અને ફક્ત સોંઘું કરી દીધું. સોંઘું ભાડુ ને સિધપુરની જાત્રા થાય તો હરકોઇ જાત્રા કરવા જાય. તેથી બાળ વૃદ્ધ જુવાન સ્ત્રી પુરૂષ બધા મોહમદિરા પીવા લાગ્યા. જગત નિર્માલ્ય થયું તેનું કારણ મોહ મદિરાની સોંઘ-વારી. ઇચ્છારૂપી સત્તાએ તે સોંઘવારી કરી. તેથી દરેક મોહ મદિરા તરફ લલચાયા અને તેના પાન તરફ લલચાયા. તેથી રખડતા કર્મને ઘેર લાવ્યા તેને વધાર્યાં ટકાવ્યા ને પરિણામ એ આવ્યું કે એ હુકમ કરે તેમ વર્તવું. એને આ જીતાએલી પ્રજા ગણવી. તમારી અનંત સમૃદ્ધિ સુખ વીર્ય હોવા છતાં આ બાહ્ય ઇચ્છાએ મદિરા સોંઘી કરી તમને નિર્મૂળ કરી નાખ્યા. નિઃશસ્ત્ર પ્રજા હૈયાત હોય તો પણ દુષ્ટ સત્તાને નિર્મૂલ કરી શકે છે. તમારી સત્તામાં અનંત સુખ વિગેરે હૈયાત છે. ઇચ્છા-રૂપી દુષ્ટ સત્તાએ ગમે તેટલી મોહ મદિરા સોંઘી કરીને તમને કર્મ રાજાના તાબેદાર બનાવી દીધા છે. તમારી અંદરની સત્તા જે વખતે જાગ્રત થાય તે વખતે ઇચ્છારૂપી શાણી સરકારને ભાગી જવું પડશે. દુષ્ટશાહી સરકારને ઓલખો, તે દહાડે તેની નાશ ભાગ.

અર્થ-કામના ઊંડા મૂળ.

દુષ્ટ સરકારી સત્તાને ખરાબરૂપે સમજશો ત્યારે સાચા માર્ગે આવી શકશો. આથી ભગવાને છેલ્લા સંદેશામાં સાવચેત કર્યા છે. તેમાં ચાર ઇચ્છાઓ કર્મે તમારામાં જોડી છે. ચાર ઇચ્છાઓમાં બે ઇચ્છાઓ વગર મને જોડવી પડી છે. ખરા મનથી બે ઇચ્છાઓ જોડી છે. સરકારે પેનસનનો કાયદો કર્યો તે દેશી પ્રજાને પણ પેન્શન મળે છે. દેશી પ્રજાના હીત માટે તે કાયદો ન હતો, પણ તે તો યુરોપીયનને ઘેર બેઠા પેનસન આપવા માટે કાયદો કર્યો. તેમ અહીં પણ આ કર્મરાજાને આ સંસાર ચક્રમાં જીવો માટે બે ઇચ્છાઓ

ઉભી કરવીજ ન હતી. માત્ર પ્રથમ બે ઇચ્છાજ રાખવી હતી. અર્થ અને કામ. મોહ મદિરાને સાંધી કરનારી અર્થ ને કામની ઇચ્છા. એ ઇચ્છા સરકારને ધર્મ ને કામ જોડે લેવા પડે છે પણ તે પેટમાં ખટકે છે. પ્રસંગ આવે તો દેશીના પેનસન બંધ થાય છે, પરંતુ યુરોપીયનના કેટલા બંધ થયા ? એ મુદ્દાએ તો શરૂ કર્યું છે. યુરોપીયનના પેનસન એકે બંધ નહિં, પણ દેશીના સેંકડો પેનશન બંધ થાય છે. તેમ મોક્ષની ઇચ્છા વિજળીના ઝબકારાની માફક બંધ થઇ જાય, પરંતુ અર્થને કામની ઇચ્છા બાળી નાંખી હોય તો પણ બંધ ન થાય.

અનર્થકારી અર્થ અને કામ.

ધર્મ ને મોક્ષની ઇચ્છા ફટઇયા કુંવર જેવી છે. ફટઇયા કુંવરને વર્ષાસન મલ્યું તો ઠીક અને ન મલ્યું તો ઠીક. તેમ જગતમાં ઇચ્છા ચક્રમાં અર્થ કામની ઇચ્છા પાટવી કુંવર તરીકે ભાગ ભજવે છે. ધર્મ મોક્ષની ઇચ્છા ફટઇયા કુંવર માફક એક આજીવિકા લઇ કામ કરે છે. માટે છેલ્લી દેશનામાં જણાવ્યું કે આ ઇચ્છાનું ચક્ર ચતુરંત છે. સંસાર ચક્ર ઉપર આ ચાલી રહ્યું છે, તેમાં અર્થ કામને પુરૂષાર્થ ગણ્યા છે. તેમાં જણાવે છે કે નામ માત્ર તેનું અર્થ છે. જેને પોતાને દેખવાને આંખ નથી તેવાનું સૂરજ નામ પડે તો નામ માત્રનું સૂરજ. તેમ અહીં કહેવાય પુરૂષાર્થ. પણ નામ કહેવાય પુરૂષાર્થ. **અનર્થો પરમાર્થતઃ** પરમાર્થથી પુરૂષાર્થ નથી. ભગવાન શ્રી મહાવીર છેલ્લા સંદેશામાં જણાવે છે કે અર્થ કામ નામ માત્ર પુરૂષાર્થ છે, પણ તત્ત્વથી પુરૂષના એ બે અનર્થ છે. એ બે સિવાય કોઇ અનર્થ કરનારી ચીજ નથી. અનર્થ-કરનારી ચીજ આ બે.

વ્યસન-નિવારણ ઔષધ.

વૈદ્ય ગાંધીના સૈયારા જેવી એ બે છે. અહીં વૈદ્ય બતાવે કે સીંહણનો દાઢ જોઇએ. દરદીને ન મળે ત્યારે ગાંધી પાસે વૈદ્યને લઇ જાય. વૈદ્ય કહે એ ખરી સીંહણની દાઢ છે. તેમ અહીં અર્થ ને કામ એ બે વૈદ્ય ગાંધીના સૈયારાવાળા છે. અર્થના પોષણે કામનું પોષણ. કામ એટલે બાહ્ય ઇંદ્રિયનું સુખ. બાહ્ય ઇંદ્રિયના જે સુખ તે કામ, અને તેના સાધન તે અર્થ. અર્થ આવે એટલે કામની ઉત્પત્તિ. એ બે મલીને આખા જગતને ધુતી ખાધું છે. તે વાત છેલ્લા સંદેશામાં જણાવે છે. અનર્થની ખાણ તરીકે આ બેજ છે. જ્યારે ઇચ્છા રહિત થવું તેજ મનુષ્યનો મુખ્ય ધર્મ. દારૂનું પડેલું વ્યસન, અને અફીણનું વ્યસન ક્રમેક્રમે છુટે તો તબીયત પર અસર કરે નહિં; અને વ્યસન છુટે. એકદમ છોડે તો તબીયત પર અસર કરે ને પછી સજ્જડ વળગે. તેમ ઇચ્છાનો લપ એવી છે કે ક્રમસર છોડો તો અસર ન કરે ને છુટી જાય. એકદમ છોડો તો ઉલટી મજબુત થાય. માટે ઇચ્છાને એકદમ ન કાઢતાં રીતિથી છોડો. ઇચ્છાને સર્વથા કુટી બાળવી છે માટે ક્રમથી ઇચ્છાને ખસેડો. તે માટે કહ્યું કે હંમેશાં જે પદાર્થો શરીરમાં પ્રવેશ કરે તેથી રોગોત્પત્તિ થતી હોય તો તે પદાર્થથી વિરૂદ્ધ પદાર્થો શરીરમાં નાખવા જોઇએ, તોજ રોગનો નાશ કરે. તેમ અર્થ કામથી થતી કર્મ રોગની વૃદ્ધિ દૂર કરવી હોય અને નિર્મૂળ કરવી હોય તો તમારા આત્મામાં ધર્મને મોક્ષની ઇચ્છા દાખલ કરો. ધર્મને મોક્ષ દવાના પુદ્ગલો અને અર્થ કામ એ રોગના પુદ્ગલો છે. રોગના પુદ્ગલો હઠાવવા માટે દવાના પુદ્ગલો

જરૂરી છે. તેમ અર્થ કામના પુદ્ગલોને ખસેડવા માટે ધર્મ મોક્ષ દેવાના પુદ્ગલોની જરૂર છે. અને એજ વ્યસન નિવારણ ઔષધ છે.

સદા રહી શકે તેવો અર્થકાળ નથી.

જો અર્થ હોય તો એક મોક્ષ છે, કારણ કે તે પુરૂષાર્થની સાચી વ્યાખ્યા તપાસીએ તો મોક્ષમાંજ અર્થપણું સાચું નીવડશે. વિવેકી-ઓએ પુરૂષાર્થની વ્યાખ્યા કઈ કરી છે? જે પદાર્થ જાણવામાં આવ્યો પછી વિવેકી જેને હંમેશા ધારણ કરે તેનું નામ પુરૂષાર્થ. જે વસ્તુ જાણવામાં આવ્યા પછી વિવેકી હંમેશાં જેના સમાગમને ઈચ્છે તે પુરૂષાર્થ. અર્થ કામને જાણે છતાં વિવેકીઓ રોજ રાખવા ઇચ્છતા નથી. તેથી મહાવીર મહારાજે सव्वाओ मेहुणाओ वेरमणं, અને सव्वाओ परिग्गहाओ वेरमणं એ વ્રતો નિયમીત કર્યા. સર્વ કામથી અને સર્વ પરિગ્રહથી વિરમવું. અર્થ ને કામ વિવેકી ને ઇચ્છવા લાયક રહ્યા નહિં. તો હંમેશાં રહેવાની અને રાખવાની વાતજ અસંભવિત છે. પહેલા ભવથી કોઇ ઋદ્ધિ લઇને આવ્યું નથી, કામ કોઇ પરભવથી લાવ્યું નથી. હંમેશાં સાથે રહેનારા એ બંન્ને અર્થ અને કામ નથી. સદા રહેવાવાળી ચીજ નથી. સદા રહો તેવી ઇચ્છા અર્થ કામમાં કરી શકાતીજ નથી.

ધર્મની જરૂર કયાં સુધી?

ત્યારે શું આ હિસાબે ધર્મ એવી ચીજ તો ખરીને?, જે વસ્તુ જાણવામાં આવી હોય પોતાનામાં હંમેશાં રહે તેમ ઇચ્છાય તેવો ધર્મ ખરો કે નહિં? ધર્મ પણ એ તરીકે નથી. જે ધર્મને વિવેકીઓ ઇચ્છે છે તે હંમેશાં પોતાનામાં રહો તે તરીકે નહિં. કયા રૂપે ધર્મ છે? મોક્ષના સાધન રૂપે છે. ઘડા માટે દંડની જરૂર પણ ચક્ર ભમાડવા પુરતી. ચક્ર ભમી જાય પછી દંડની જરૂર નથી. ઘડો લેવા જાય છે તે જોડે લાકડી લાવતો નથી. લાકડીની કેટલા પુરતી જરૂર હતી, ઘડો થાય તેટલા પુરતી. ઘડો થયા પછી લાકડીની જરૂર નથી. ધર્મ પણ મોક્ષ મેળવે છે. મોક્ષ મેળવી દીધા પછી આ ધર્મની જરૂર નથી. આ વાત મગજમાં લેશો ત્યારે શાસ્ત્રકારોએ ઉત્તમમાં ઉત્તમ કહેલા યોગની સમજણ પડશે. ધર્મ બંધ કરવો તે ઉત્તમમાં ઉત્તમ છેલ્લો યોગ, ધર્મ બંધ કરવો તે. જ્યાં મોક્ષ રૂપ કાર્ય થવા આવે ત્યારે धर्मास्त्याज्याः અર્થાત્ મોહનીયના ક્ષયોપશમથી, સારા સારા સંસર્ગોથી, જે આચરણો અને પ્રવૃત્તિઓ થાય છે તે ક્ષાયિક ભાવ થાય તે પછી ધર્મની બધી પ્રવૃત્તિઓ બંધ કરવાની હોય. ખીચડી ચડી ગયા પછી ચૂલાનો તાપ દરેક ધીમો કરે છે. ખીચડી ચડી ગયા પછી લાકડા ઉભેરતો નથી. લાકડા સળગાવવાનું તત્વ ખીચડી રાંધવાનું હતું. ક્ષાયોપશમિકનું તત્ત્વ મોક્ષની પ્રાપ્તિમાં હતું. મોક્ષ સાધ્ય થાય એટલે ક્ષાયોપશમિક સાધનની જરૂર રહેતી નથી. આપણે પણ મોક્ષ પામતી વખતે જ્ઞાયિક ભાવ આવે તે વખતે જ્ઞાયોપ-શમિકાદિ ભાવનો રહેજે ત્યાગ થઇ જાય છે. તે ક્ષાયોપશમિક ભાવ બંધ કરવા અત્યારે તૈયાર ન થવું. નિર્બુદ્ધિ-જાતવાળા પણ ખીચડી તૈયાર થયા પછી લાકડા ખેંચી લે છે. પણ તૈયાર ન થઇ હોય તો તે પણ લાકડાં સળગાવે છે. આગળ ઓલવવા છે તો અત્યારે શું કામ સળગાવવા તેવો વિચાર નિર્બુદ્ધિ જાત પણ કરતી નથી. ક્ષાયિક ધર્મ ન મળે ત્યાંસુધી

ક્ષાયોપશમિક ધર્મ તનતોડ મહેનત કરીને કરવાનો છે.

મોક્ષના ઉદ્દેશથી ધર્મારાધન.

તે વખતે ઓલવવાના ધારી અત્યારથી ન સળગાવીએ તો ખીચડી ન થાય. ધર્મ એ સળગતા લાકડાની પેઠે ખીચડીને સ્થાને રહેલા શ્રેષ્ઠ કાર્યરૂપ મોક્ષના કારણ તરીકે જરૂરી છે. ધર્મની જરૂર કેટલી ? મોક્ષ પ્રાપ્ત થાય તેટલી. મોક્ષ પ્રાપ્તિ થયા પછી ધર્મની જરૂર નથી. આથી બીજી વાત આવી ગઇ. જેઓ મોક્ષ મલ્યા પછી ધર્મની જરૂર ગણીને પાછી નવ મહિનાની અંધારી કોટડીના કેદખાનામાં આવે છે, તે અહીં નથી. અન્ય દર્શનને અનુસરનારાઓએ શું માન્યું છે ? વિશિષ્ટ જ્ઞાની ધર્મ-તીર્થ કરનારા પરમપદે જઇ ધરમનો તિરસ્કાર થતો દેખે તો પાછા ભવમાં આવે છે. સીઝેલી ખીચડી પાછી કાચી થઇ ગઇ. મોક્ષે જાય અને અહીં ઊંધું ચતું થાય તો પાછું આવવું પડે. અહીં ધરમની આરાધના મોક્ષના ઉદ્દેશથી છે, આથીજ ધર્મની જરૂરી છે.

કુશળ કવિકર્મ નથી.

કાગડાને મેં ઠગ્યો. સ્થંડિલ માટેનું પાણી પહેલાથી ઢોળી નાંખ્યું. હવે મને તે કાગડો ઠગે શી રીતે ? છોકરો બેવકુફ બન્યો. ક્રિયાએ કર્મ છે તો કરવું શું કરવા ? આવું કહેનારાઓ તેમને સાવચેત થવાનું કે મોક્ષ ન થાય ત્યાંસુધી ધરમની જરૂર છે. ધરમની જરૂર કયારે નહિં ? મોક્ષ થાય ત્યારે ધરમનો જરૂર નથી. મોક્ષ એકજ અર્થ. ધર્મ અર્થ ખરો પણ મોક્ષના કારણ તરીકે ધર્મજ. આથી સંસારને સાધવાના સાધનરૂપ અર્થ તરીકે અને કામને કાર્ય તરીકે ફળ પરિણામ તરીકે જણાવીને તે બંન્નેને અનર્થભૂત જણાવ્યા છે. ધર્મ મોક્ષ ઉત્તમ રૂપે જણાવ્યા આ ફલિતાર્થ કર્યો. પરંતુ કવિઓની પદ્ધત્તિ છે કે જેમ વીરા શાળવીથી નીકની પાળ તુટી ગઇ અને ઢીંચણ દઇ બંધ કરી તે કૃષ્ણ મહારાજે કવી બનીને જણાવ્યું કે ચક્રથી ઉખડી ગએલા ગંગા અર્થાત્ મેલું પાણી વહેવા લાગી તે રૂપ ગંગાને જેણે પગ માત્રથી રોકી તેનું નામ ક્ષત્રીય એક ગાડાના પૈંડાથી જરા પાળી ખસી ગઇ તે નીકને ગંગા અને પૈંડાને ચક્ર બનાવી દીધા. કવિની આ સ્થીતિ છે. 'જીહાં ન પહોંચે રવિ તિહાં પહોંચે કવિ' તમે અર્થ કામને સંસારના કાર્ય-કારણો બનાવીને હલકો કરી નાંખો અને ધર્મ-મોક્ષને ઉંચા કરી નાંખો તે કવિતાનો રસ માનવો કે બીજું કંઇ ? ના તે કવિતાની રીતિએ કવિ કર્મ કરી ગણાવેલું નથી.

સ્વાભાવિક ઇચ્છા.

તમારા અભિપ્રાયથી જુઓ ખરી વાસ્તવિક ઇચ્છા શાની છે ? કેવળ બાળવૃદ્ધ જુવાન સ્ત્રી પુરૂષ જાનવર દરેકને વાસ્તવિક ઇચ્છા દુઃખથી દૂર રહું, અને સુખનો સહેલાણી થંઉ. બાકી બધી ઇચ્છાઓ કૃત્રિમ. વાસ્તવિક ઇચ્છા સુખની. એ જગતની બહેકાવટની ઇચ્છા નથી. જગતમાં માલ ધન બાયડી વિગેરે બહેકાવટની ઇચ્છા છે. જગતે જે કિંમતી ગણ્યું ત્યાં દોરાઇ જાય તે બહેકાવટ. સુખની ઇચ્છા તે સ્વાભાવિક છે, અને તેજ રીતે દુઃખથી દૂર થવું તે પણ સ્વાભાવિક ઇચ્છા છે; સ્વાભાવિક ઇચ્છા આ બેજ છે. આ તો તમારે મંજુર છે. જો તે મંજુર હોય તો મેં કહ્યું તે કવિત્વ શક્તિનું નથી.

મોક્ષની રજીસ્ટર ઓફીસ.

આ સંસારનો છેડો કયાં ? કોઇ જગોપર નથી. અનંતાકાળની સ્થીતિ તરીકે આ સંસાર એ અનંત દુઃખનું સ્થાનક છે. છતાં આપણે જાણીએ છીએ કે પાંખો નથી તેથી અગ્નિમાં બળવાનું જે પાણીમાં ડૂબવાનું થાય છે. પાંખો નથી તો તે વિચાર કરવો શા કામનો ? તેમ સંસારનો પાર નહિં તો સુખનું સ્થાન મળે તેવું છે તો અહીંથી નીકળીએ એ શું કામનું ? સર્વીસ છોડી બાવા થવા નીકળ્યા, અંતે પાછી નોકરી કરવી પડી અહીંથી નીકળીએ ને ફેર પાછું આવવું પડે તેમ ન થાય માટે બીજું સ્થાન છે. જગતમાં એક જગોપર પણ વીમો ઉતારનારી કંપની નથી. મારી કોઇપણ જીંદગીથી ધન દૂર ન થાય તેવો વીમો ઉતારનારી કંપની છે ? આ જગતનો વીમો ઉતારનારી એક પણ કુંપની નથી. અહીં એવી કંપની છે કે એક કાચી બે ઘડીમાં અનંતી ઋદ્ધિ સુખ શક્તિ મેળવો શકો તે રજીસ્ટર કરી આપે કે કોઈ દહાડો પાછું ન જાય, એવી બાંયેધરી આપે છે, અનંત ઋદ્ધિ સુખ શક્તિમાં લગીર પણ ઓછું ન થાય તેની બાંયેધરી આપે છે. તમે આખી જીંદગી મેળવો તેની બાંયેધરી કોઇ આપતું નથી. ધક્કો મારી બસેડો નાખવાના એક કાચી બે ઘડીની મહેનતમાં મેળવેલી મોંઘી ઋદ્ધિની બાંયધરી છે કે એક કણી પણ તેમાં ઓછી થવા ન દે. જે ઓફીસ તેને અંગે કહે છે કે-કાચી બે ઘડીની મેળવેલી અનંતી ઋદ્ધિ સુખને શક્તિની બાંયધરી આપે છે. ક્ષાયિક ભાવની શરૂઆત છે પણ છેડો નથી. જે બાંયધરી અપાય છે તે અશરીર અસંગ નિર્મોહ-શાશ્વતું સ્થાન છે. તેથી બાંયધરો દેવાય છે. અનંત સુખનું સ્થાન હોય તો કેવળ મોક્ષજ. કોઇપણ મહેનતના ફળને વીખરાઈ જતું બચાવનારો નથી. તમારી મહેનતના ફળને અખંડીત રાખનાર હોય તો કેવળ મોક્ષની રજીસ્ટર ઓફીસ છે. માટેજ **मोक्षोऽनंतसुखः खलु.** મોક્ષ એજ અનંત સુખ દેનાર. સર્વ ઋદ્ધિએ પૂર્ણ આવો મોક્ષ છે.

અન્વય વ્યતિરેકે ધર્મની જરૂર.

અનંત દુઃખના કારણ ભૂત સંસારથી દૂર રહેવું આ બન્ને એકજ વસ્તુથી થાય છે. એક પંથ ને દો કાજ. ધર્મરૂપો પંથથી બે કાર્ય થાય છે, અનંત દુઃખનો નાશ થાય છે અનંત સુખની પ્રાપ્તિ થાય છે. ધર્મ વિના બીજું નથી તો ધર્મજ છે એમ કહેવું હતું. છતાં ધર્મ વિના બીજું નથી. આમ ઉલ્ટો ન્યાય શું કરવા કર્યો ? તમારા વચનથી બન્ને માનવાના છે. સાધુ

કહેવાની જગોપર ઉલટું શું કરવા કહ્યું ? વાત બરી. તને ન્યાયનો લક્ષ્ય ન રહ્યો. આ વાત આમ છે ને આ વાત આમ નથી. આ બેના બુસ્સામાં ફરક છે. પહેલામાં નિષેધનો બોજો માથે લે છે. દાણડો ઘોળી નથી. તો ઘોળી ન હોવાનો બોજો બોલનાર માથે લે છે. તેમ અનંત દુઃખમય ત્યાગના કારણ ભૂત ધર્મ સિવાય બીજું નથી. તે સાબીત કરવાનો બોજો તીર્થંકર માથે લે છે. ધર્મ સિવાય જે જે ચીજો તે અનંત દુઃખમય સંસારના કારણભૂત છે. મોક્ષ માટે કારણ ધર્મ છે. અને દુઃખમય સંસારના નાશનું કારણ તીર્થંકર મહારાજ માથે લે છે. બેવડે દોરે બાંધ્યું द्विर्बद्धं सुबद्धं । અનંત સુખમય મોક્ષનું કારણ ધર્મ છે તે સિવાય બીજું નથી. અન્વય વ્યતિરેકે બન્ને દૃઢ કર્યા. ધર્મ સિવાયના બધા કારણો કોઇ મોક્ષ સાધી આપનાર નથી તે વ્યતિરેકી વિચાર છે. ધર્મ સિવાય કોઈ બીજું મોક્ષનું કારણ નથી. તેથી બેવડું કહ્યું. આમ કહી મહાવીર મહારાજે છેલ્લો સંદેશો બેજ પહોંચાડયો કે મોક્ષ મેળવવા માટે ધર્મના આલંબનની જરૂર છે, આ સાંભળી જે લોકો ધર્મ તરફ પ્રવર્તિવાળા થશે. તે આ ભવ પર ભવ કલ્યાણ માંગલિક માલા પામી મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

સાહિત્ય-રસિકો માટે

કલિકાલ-સર્વજ્ઞ-શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનો સાક્ષાત્કાર કરાવતો, અને પંન્યાસપ્રવર-શ્રી ચન્દ્રસાગરજી-ગણીન્દ્રકૃત-આનન્દબોધિનીથી બોપતો સંજ્ઞા-સન્ધિ-નામ-કારક પર્યંતનો પ્રથમ—ભાગ બહાર પડયો છે, તે **"શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્"** કિંમત રૂા. ૩૦) ત્રીશથી મંગાવી લેવો.

પ્રાપ્તિસ્થાનઃ—

૧. ઝવેરી જમનાદાસ મોનજી.
ઠે૦ બુલીયન-બેક્ષચેંજ, મુંબઇ નં. ૨.

૨. ઝવેરી પાનાચંદ રૂપચંદ.
ઠે૦ ૨૫/૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.
ઠે૦ બારાકુવા, દેહરા બિડકી, ઉજ્જૈન, (માલવા)

૪. શા. નેમિચંદ તારાચંદ. ૪૦૭, કોટન એકસચેંજ,
કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨.

૫. શા. મફતલાલ મોહનલાલ.
ઠે૦ રસીકલાલ નગીનદાસની કુંં, દાદર ગલી,
મુળજી જેઠા મારકીટ, મુંબઈ નં. ૨.

૬. ઝવેરી મોહનલાલ ગુલાબચંદ.
ઠે. ઝવેરી ભુવન, મુ. વલસાડ.

૭. શા. બાબુભાઇ દલપતભાઇ.
ઠે. ભોંયરાપાડો, મુ. ખંભાત. (વાયા આણંદ)

૮. શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર.
ઠે૦ પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઇ નં. ૩

૯. શ્રી સરસ્વતી પુસ્તક ભણ્ડાર,
પં. ભૂરાલાલ કે. શાહ,
ઠે૦ હાથીખાના, રતનપોળ-અમદાવાદ.

—શ્રી પ્રશ્નોત્તર—પિયૂષાબ્ધિઃ—

૧. **પ્રશ્નોત્તરકારઃ**—નિર્ગ્રન્થ પ્રવચન–પિયૂષવૃષ્ટિ–નવાંગી વૃત્તિકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી.

૨. **પ્રશ્નોત્તર–અવતરણકારઃ**—પૂ. ગીતાર્થ સાર્વભૌમ–આગમોદ્ધારક **શ્રી આનન્દસાગરસૂરીશ્વર**ના પરમવિનેય–વૈયાકરણકેસરિ–શ્રી સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક **પૂ. પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરગણીન્દ્ર**ના અદ્વિતીય–પરમવિનેય **પં. શ્રી દેવેન્દ્રસાગર ગણિ.**

૩. **પ્રશ્નોત્તર સામગ્રી સંચયકારઃ—પૂ. પંન્યાસપ્રવરશ્રીજી**ના પરમવિનેય **પં. શ્રી દેવેન્દ્રસાગર ગણિ-વર્ય**ના પરમવિનેય **મુનિશ્રી દોલતસાગરજી.**

ઉત્તર—૩૨, આગ્રહ દ્વેષાદિથી અને લજ્જાદિના કારણે પરિણામ વગર પણ વ્રતના અંગીકારનો સંભવ છે ને શાસ્ત્રોમાં સાંભલીએ છીએ કે જીવ માત્રે અનંતીવાર દ્રવ્યથી શ્રાવકપણું સ્વીકારેલું છે જે અમે પૂર્વના પ્રશ્નોત્તરમાં જણાવી ગયા છીએ.

પૃ-૫૦, પં-૧૩, પ્રશ્ન-૩૩, **अथोक्तविपर्ययमाह-अकुशलकर्मोदयतः० इत्यादिना।**

વ્રત ગ્રહણ કર્યા પછી વ્રતધારીઓએ તે વ્રતના રક્ષણમાં અવશ્ય ઉદ્યમ કરવો કે જેથી અશુભ કષાયાદિ કર્મોના ઉદયથી પડતા પરિણામને અટકાવી શકે અને જો યથા યોગ્ય પ્રયત્ન ન કરે તો પરિણામ હોવા છતાં પડી જાય ત્યારે શંકાકાર પુછે કે પરિણામ પતિતનું લક્ષણ શું? શું પૂજા ન કરે?, શું પચ્ચખ્ખાણ ન કરે?, શું સામાયિક ન કરે કે બીજું કાંઈ?;—

ઉત્તર-૩૩, પતિતપરિણામિ આત્મા વિરતિની વિરતિવાલાઓની અને વિરતિના ઉપદેશકોની નિન્દા કરે, અવજ્ઞા કરે, અનાદર કરે, અને આદિ શબ્દથી તે વ્રત રક્ષણના જે જે ઉપાયો હોય તેમાં પ્રવૃત્તિ કરે નહિ બીજાને રક્ષણાદિ ઉપાયોમાં પ્રવૃત્તિ કરાવા દેજ નહિ અને તેવી પ્રવૃત્તિ કરનારની નિન્દા વિગેરે કરીને અટકાવે આ પતિતપરિણામી આત્માઓના લક્ષણ જાણવા.

પૃ-૫૫, પં-૧૧-૧૨, પ્રશ્ન-૩૪, **न च चैत्यगृहागम० इत्यादिना।**

જ્યારે આનિશ્રાકૃત મંદિર હોય ત્યાં સાધુઓ વ્યાખ્યાન આપે છે, અને જ્યાં અનિશ્રાકૃત મંદિર ન હોય ત્યાં નિશ્રાકૃત મંદિરમાં પણ સાધુઓ વ્યાખ્યાન આપે છે. જો નિશ્રકૃત છે એમ ધારી શ્રાવકોની વિનંતિ છતાં વ્યાખ્યાન ન આપે તો લોગવિરૂદ્ધ અને અશ્રદ્ધા ભંગ આદિ દોષની પ્રાપ્તિ થાય, આ સાંભલી એવો અર્થ ન કરવો કે સાધુઓ જૈન મંદિરમાં રહેતા હતા ને ત્યાં વ્યાખ્યાન કરતા હતા ત્યારે શું અર્થ કરવો?

ઉત્તર-૩૪, પૂર્વકાલમાં ભગવંતના મંદિરની બહાર મોટો મંડપ સાધારણ રહેતો અને જ્યારે મુનિ ભગવન્તો પધારે ત્યારે મંદિરમાં દર્શન કરે તુરત બ્હાર મંડપમાં વ્યાખ્યાન આપીને બીજે સ્થાને ઉતરતા હતા. અથવા મંદિરની બહાર સાધારણ જગ્યામાં ઉતરતા પરન્તુ મંદિરમાં ઉતરતા નહિ ને જેઓ મંદિરમાં રહે તે ચૈત્યવાસીઓ છે. શુદ્ધ સાધુ નથી; એ દર્શાવતાં વ્યવહાર ભાષ્યમાં લખ્યું છે કે-જો કે મંદિર સાધુ માટે બનાવ્યું નથી એટલે આધાકર્મી નથી, એટલે સાધુ-શ્રાવકને પ્રભુ ભકિત નિમિત્તેજ કરાવ્યું છે છતાં તે મંદિરમાં રહેવાનું ત્યાગ કરનાર મુનિ ભગવન્તોથી સાચી ભકિત કરાઇ છે અન્યથા એટલે મંદિરમાં રહેતાં મહાન્ આશાતના કરે છે ને તેના કારણ તરીકે જણાવતાં દુર્ગંધ મલનું ઝરવું અને આ શરીર પણ અશાતનવાલું છે ને મુખ ને ગુદા બે દ્વારોથી વાયુનું વહન થાય છે. માટે સાધુઓએ મંદિરમાં ન રહેવું એ કથનથી સાધુઓ મંદિરમાં રહેતા નહિ પરન્તુ મંદિરના મંડપમાં વ્યાખ્યાન કરતા હતા.

પૃ–૫૬, પં–૩, પ્રશ્ન–૩૫, **નન્વાવશ્યકકરણંજ ઇત્યાદિના** ।

શ્રાવકને આવશ્યક પડાવશ્યક સ્વરૂપ પ્રતિક્રમણ કરવું ઉચિત નથી, કારણ કે શ્રાવકને વ્રતાદિની માફક શાસ્ત્રમાં શ્રાવકને આવશ્યક કર્તવ્ય તરીકે કથન કરેલું નથી તે વાતને સ્પષ્ટ કરતાં જણાવે છે કે શ્રાવક ધર્મના મૂલભૂત ઉપાશક દશાંગ આદિ આગમમાં આવશ્યકનાં ઉપદેશક તેના ધ્વનિત કરનાર વચનો મલતાં નથી. એટલુંજ નહિં પરંતુ ઉપાશક દશાંગના ઉદ્ધારરૂપ શ્રાવકપ્રજ્ઞપ્તિ આદિ ગ્રંથોમાં પણ આવશ્યકનું સુચન જણાવતું નથી. તેવીજ રીતે આ ચાલુ અધિકારમાં શ્રાવકની દરરોજની ક્રિયાનું પ્રતિપાદન કરતાં આચાર્ય મહારાજ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પણ **चिइ वंदणमो**–એટલુંજ લખે છે માટે શ્રાવકને આવશ્યક કરવું ઉચિત નથી આ પ્રમાણે પ્રશ્નકારનો પ્રશ્ન છે.

ઉત્તર–૩૫, અનુયોગદ્વાર સુત્રમાં લખ્યું છે કે, **समणेण सावएण य. ઇત્યાદિના**૦ સાધુ અને શ્રાવકને દિવસ ને રાત્રિના અન્તે અવશ્ય કરવા લાયક હોવાથી તેને આવશ્યક કહેવાય છે, આ પાઠ ઉપરથી શ્રાવકને આવશ્યકનો હંમેશા કર્તવ્ય તરીકે ઉપદેશ છે. કદાચ કોઈ કહે કે આ હેતુ અસિદ્ધ છે. એક પાઠ મલવા માત્રથી હેતુ સિદ્ધ કેમ થાય? તેને ઉત્તર આપતાં કહે છે કે એમ નથી ઉપરના ગ્રંથોમાં કે જ્યાં આવશ્યકનો અભાવ જણાય છે ત્યાં ચૈત્યવંદન આદિ શબ્દો વડે કરીનેજ આવશ્યકનો નિર્દેશ કરેલોજ છે.

પૃ–૫૬, પં–૫, પ્રશ્ન–૩૬, **अथ ब्रूषे समणेण सावएण य० ઇત્યાદિના** ।

જે અવશ્ય કરવા લાયક તેનુંજ નામ જો આવશ્યક કહેતા હો તો પછી શ્રાવકને તીર્થંકર દેવનું દર્શન વંદન પૂજા વિગેરે અવશ્ય કર્તવ્ય તરીકે છે એટલે ચૈત્યપૂજા વિગેરે તેજ આવશ્યક કહેવું ઉચિત છે. પણ જો ષડ્વિધ આવશ્યકજ અવશ્ય કર્તવ્ય તરીકે શ્રાવકને જણાવ્યું હોત અને એ ઉપરથી જે ષડ્વિધ આવશ્યક કરવાવાલો હોય તેજ શ્રાવક કહેવાય, અને એવી રીતે શ્રાવકની વ્યાખ્યા નથી. કારણ કે અવિરતિ-એને કે જે કેવલ સમ્યક્ત્વ સામાયિક શ્રુત સામાયિકને પામેલા છે, તેવા આત્માને પણ શ્રાવકપણાનો વ્યપદેશ થાય છે?

ઉત્તર–૩૬, જે તમો ઉપરના પ્રશ્નમાં કહી ગયા કે ઉપાશક દશાદિ ગ્રંથોમાં શ્રાવકોને ષડ્વિધ આવશ્યક કરવાનું કહેલું નહિં હોવાથી શ્રાવકને આવશ્યક કરવું ઉચિત નથી, તે વાત અયોગ્ય છે. કારણ કે કહેલું નથી એમ કહીને જે તમો હેતુ જણાવો છો તે હેતુજ અસિદ્ધ છે, કારણ કે ઉપાશક દશાંગ આદિમાં સાક્ષાત્ આવશ્યક કરવાનું કથન નથી, તો પણ અનુયોગદ્વારને વિષે તો તે વાત સાફ સાફ જણાવી છે કે સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા ઉભયકાલ એટલે સવાર સાંજ ષડ્વિધ આવશ્યકને એકાગ્ર ચિત્તથી શુદ્ધ ઉપયોગ પૂર્વક કરે તો તેને લોકોત્તર સંબન્ધનું ભાવ આવશ્યક કહેલું. આવું સ્પષ્ટ કથન હોવા છતાં તમો કુયુક્તિ કરીને ચૈત્યવંદનાદિ શ્રાવકને આવશ્યક છે માટે ચૈત્યવંદનાદિનેજ આવશ્યક કહ્યું છે તે વાત પણ તમારી યુક્તિ યુક્ત નથી કારણ કે શાસ્ત્રોમાં જગ્યા જગ્યાએ **अज्झायणछक्क-वग्गो** એ પાઠથી અધ્યયન છતાં સમુદાયનેજ આવશ્યક શબ્દથી સંબોધન કરેલ છે. એટલે ષડ્વિધ આવશ્યકનુંજ આવશ્યક (ષડાવશ્યક રૂપ પ્રતિક્રમણ) પણે નિશ્ચિત છે. તે વાત ઉમાસ્વાતિ વાચકજી મહારાજ શ્રાવક પ્રજ્ઞપ્તિમાં સાફ સાફ જણાવે છે કે જેની ટીકા પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે કરેલી છે, અને તે આ પ્રમાણે છે. સમ્યક્દર્શન યુક્ત ને ષડ્વિધ આવશ્યકમાં રક્ત એવો શ્રાવક હોય છે. અહીંયા અશઠ ગીતાર્થની આચરણારૂપ જીત લક્ષણનું ઘટવાપણું છે એટલે જીત નામનો જે પાંચમો વ્યવહાર છે તેનું અહિં સમર્થન છે. વલી તમોએ જે કહ્યું કે "આવશ્યક શબ્દથી ષડ્વિધ–આવશ્યક જો હોત તો ષડ્વિધ આવશ્યકને કરવાવાલોજ શ્રાવક હોઇ શકે બીજો નહિ" એ વાત પણ અસંગત છે, કારણ કે સાધુ પક્ષમાં પણ આ દુષણનું સમાન પણ છે. જે ષડ્વિધ આવશ્યક કરે તેજ સાધુઓ કહેવાય અને એ વાત યથાર્થ માનીએ તો મધ્યમ બાવીશ તીર્થંકરના સાધુઓ કે જે કારણ વડેજ આવશ્યક કરવાવાલા છે તેવા મધ્યમ=બાવીશ તીર્થંકરના સાધુઓને અશ્રમણપણું આવી જશે ને એ પ્રમાણે છેજ નહિ. (ચાલુ)

॥ श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

આલેખનકાર:—પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર.

(ગયા અંકથી ચાલુ)

કરવા માટે **खणलाभदीवणाए** ઇત્યાદિ પદોથી શાસ્ત્રકાર સ્પષ્ટ કરે છે. અર્થાત્ અશુભ અધ્યવસાયથી અત્યંત અશુભ કર્મની પ્રાપ્તિ અને શુભ અધ્યવસાયથી અત્યંત શુભકર્મની પ્રાપ્તિ અલ્પ કાળમાં થાય છે. અથવા દશ દ્રષ્ટાન્તે દુર્લભ મનુષ્યભવ પ્રાપ્ત થયો છે, તે મનુષ્ય પણું સફળ કરવાને સાનુકૂળ સંજોગો પ્રાપ્ત થયા છે માટે મોક્ષ સાધવાનો આ અનુપમ અવસર છે એમ વિચારવું. તે અવસરની વિચારણા ચાર પ્રકારે છે. દ્રવ્યથી મનુષ્યપણું મળ્યું છે, ક્ષેત્રથી સાનુકૂળ સામગ્રીથી ભરપૂર આર્યક્ષેત્ર પ્રાપ્ત થયું છે, કાળથી દુઃષમકાળ મળ્યો છે કે જે કાળમાં (અલ્પ સમયમાં) તુરત ઇષ્ટ કાર્યની સિદ્ધિ થઇ શકે તેવો કાળ પ્રાપ્ત થયો છે. અને તેથી "**यत्राऽल्पेनापि कालेन०**" ઇત્યાદિ પદો વડે **કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી** સુષમાદિ કૃતયુગ કરતાં પણ કલિકાલના યશોગાન ગાય છે. ભાવથી બોધિ રત્નની પ્રાપ્તિ થયેલ છે. અર્થાત્ હેય-ઉપાદેયનો યથાસ્થિત વિવેક પ્રાપ્ત થયો છે. માટે મોક્ષસાધનાની પ્રાપ્તિમાં જેટલો લાભ લેવાય તેટલો લઇ લેવો. અથવા તો ક્ષણ લાભને દીપકના દ્રષ્ટાન્તથી અને ક્ષણ લાભને દ્વીપના દ્રષ્ટાન્તથી ભાવવા લાયક છે. મહાન્ ભયંકર અંધકારમાં અટવાઈ ગયેલા જીવોને દીપક જેમ સહાયક થાય છે, તેવીજ રીતે ઉદન્વાન્ના ઉંડા નીર, ઉછરાતાં મગર મત્સ્યાદિ જલચર જંતુઓ, ઉછળતી ભરતી અને ઉતરતા ઓટ સમાન સંસાર સમુદ્રમાં દુઃખાદિરૂપ જલ, વિષયકષાયાદિ રૂપ મગર-મત્સ્યો, સંપત્તિ-આપત્તિ આદિ સાધન સામગ્રીના ભરતી ઓટમાંથી પાર ઉતરવા માટે જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલો ધર્મજ દ્વીપ સમાન છે. એમ સમજીને આત્માર્થીઓએ અવસરનો લાભ લીધાજ કરવો જરૂરી છે. અને શ્રુત-ચારિત્રાદિક વિવિધ ગુણોની પ્રાપ્તિ-ટકાવ અને વૃદ્ધિ પરંપરામાં ચિત્તને સ્થાપન કરવું. જેઓએ આઠ મદને અને મદોન્મત્ત મદનને-કામદેવને જીત્યા છે, જેઓએ વિષય વિકાર રહિત માનસિક-વાચિક-કાયિક પ્રવૃત્તિમાં ઉદ્યમવંત છે, અને જેઓએ પરપૌદ્ગલિક ભાવોની આશાને સહાય તિલાંજલી આપેલી છે તેવાઓને અહીંજ મોક્ષ છે એમ સમજવું અને એ સમજણમાં ચિત્તને સ્થાપન કરવું. અથવા વિવિધ ક્ષમા, દયાદિ ધર્મ ગુણોમાં ચિત્તને સ્થાપન કરવું. ગા. ૪૮.

सर्वोत्कृष्टसंवेगामृतः

અર્થરાગમાં અંધ બનેલા અને કામરાગથી કલુષિત થયેલા ધર્મના અધિકારીઓ પણ કુશલ અનુષ્ઠાનથી પતન ભાવને પામે છે, અર્થાત્ કુશલ અનુષ્ઠાનના સેવનનો યથાર્થ લાભ લઇ શક્તાજ નથી. તેથીજ ધર્મના અધિકારીઓએ અર્થરાગ અને કામરાગ ધર્મમાં બાધક છે માટે તેના વિપક્ષ તરીકે કેવળ મોક્ષ પ્રાપ્તિને અનુકૂળ ધર્મરાગમાં રંગાઈ જવું જરૂરીનું છે. બોધિલાભની પ્રાપ્તિ કરાવનાર ગુરૂનો બદલો

વાળી શકાયજ એમ નથી, અને તે બદલો વાળવો હોય તો ધર્મથી વિમુખ થયેલા ગુરૂ વર્યને ફરીથી ધર્મમાં સ્થાપન કરવાથીજ વળે છે. આ વાતને ઠાણાંગ સૂત્રના ત્રીજા ઠાણામાં ત્રણ દુષ્પ્રતિકારને યોગ્ય જણાવ્યા છે. **૧ માતા-પિતા, ૨ આપત્તિકાળમાં પોતાનું સર્વ-સ્વ દેઇને જીવન ટકાવનાર શ્રેષ્ઠિવર્યાદિ, અને ત્રીજા બોધિ પ્રાપ્ત કરાવનાર ગુરૂ છે.** આથી આ ત્રણેના ઉપકાર તળે દબાયલા આત્માઓ સંસારની સર્વ સંપત્તિ દ્વારા વિનય બહુમાન સેવા-વૈયાવચ્ચ કરે, તો પણ તેનો બદલો વળતોજ નથી. વધુ જિજ્ઞાસુઓએ **સ્થાનાંગવૃત્તિ વિચારવી.** આજ વાતને વળી ન્યાયાચાર્ય-શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજી સમ્યકત્વની સડસઠ બોલની શરૂઆતમાં સમકિતદાયક ગુરૂવર્યનો બદલો ક્રોડા ક્રોડ ભવોમાં વાળી શકાતોજ નથી તે માટે આ પદો જણાવે છે—**"સમકિતદાયક ગુરૂતણો પચ્ચુવયાર ન થાય, ભવ ક્રોડાક્રોડે કરી કરતાં સર્વ ઉપાય"** આ પદ્યના પુનીત પરમાર્થને ધ્યાનમાં લેતાં ધર્મ પમાડવા રૂપ પ્રત્યુપકારાદિને વિષે ચિત્તનું સ્થાપન કરવું એ જરૂરી છે. ધર્મ પમાડનાર ધર્મમાં સ્થિતિ હોવો જોઇએ તેથી માસકલ્પાદિ વિધિ સાચવીને વિહારાદિમાં ઉદ્યમવંત રહેવું. વિહારમાં ઉદ્યમવંત આત્માઓ ગ્રામાનુગ્રામ વિહાર કરે તો અનેકાનેક ગામના શ્રી સંઘોને જિનેશ્વર પ્રણીત ધર્મ-અનુષ્ઠાન-વાણીનો લાભ પ્રાપ્ત થાય. એટલુંજ નહિં પણ પૂર્વે જણાવેલા આત્માને હિતકારી દ્રવ્ય-ગુણ-પર્યાયાદિની સૂક્ષ્મ વિચારણામાં ચિત્તને સ્થાપન કરવું જરૂરી છે. કારણ કે સૂક્ષ્મ પદાર્થની વિચારણામાં તલ્લીન થયેલા સુજ્ઞાનીઓને તે સુજ્ઞાનદશા એજ ચારિત્ર છે, અને નિર્વિકલ્પ ઉપયોગની દશામાં જો તે જીવો વર્તતા હોય તો કર્મ બંધનોને અવકાશજ રહેતો નથી. આજ વાતને ન્યાયાચાર્ય શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજી સવાસો ગાથાના સ્તવનની ત્રીજી ઢાળમાં જણાવે છે કે-"જ્ઞાન દશા જે આકરી તેહ ચરણ વિચારો, નિર્વિકલ્પ ઉપયોગમાં નહિં કર્મનો ચારો-આતમ તત્ત્વ વિચારીએ." આ ઉપરથી ચિત્તવિન્યાસ કરવાની નીતિરિતિનો જે આત્મા અમલ કરશે, સંસારના કંટાળારૂપ સંવેગ અર્થાત્ સુર નર નરેન્દ્રના સઘળાંએ સુખો દુઃખરૂપ છે એમ માનશે પરંતુ મોક્ષનું સુખજ વાસ્તવિક સુખ છે. એવો મોક્ષ પ્રત્યે જેને દઢ અનુરાગ થશે તેઓને તેજ સંવેગ અમૃત છે કે જેના પ્રભાવે આત્મા જન્મ-જરા-મરણથી રહિત અજરામર પદ પ્રાપ્ત કરે છે. અને તેથીજ તેનું નામ **સર્વોત્કૃષ્ટ સંવેગ રસાયન છે** કે જે પૂર્વ જણાવેલ રિતિનીતિ યુકત ચિત્ત વિન્યાસ દેઇ શકે છે. અર્થાત્ દેવા સમર્થ છે.

ચારિત્ર પરિણામની પ્રાપ્તિ.

પ્રતિદિન સવારથી શરૂ થતી શ્રાવક ધર્મ યોગ્ય વિધિનું પ્રતિપાદન ગાથા ૪૨. **'नवकारेण विबोहो०'** ઇત્યાદિ પદોથી જણાવી ગયા. હવે જો આ પંચાશકમાં જણાવેલાં અનુષ્ઠાનને જે શ્રાવકો જીવનમાં આદર કરશે તો તેઓ સુંદર ફલ પ્રાપ્ત કરશે તે જણાવે છે. પૂર્વે જણાવેલ ગાથા ૪૨ થી ગાથા ૪૯ સુધીના પદોમાં પંચ પરમેષ્ઠિના નમસ્કાર પૂર્વક જાગવું ત્યાંથી શરૂ કરીને ચિત્તવિન્યાસાદિ વિધિને ઉક્ત નિતિ રિતિએ નિરંતર કર્યા કરવો. એ ક્રિયાઓને

અસ્ખલિત કરનારા શ્રાવકોને સંસારના વિયોગ ભૂત સુંદર એવો સર્વ વિરતિનો પરિણામ પ્રાપ્ત થાય છે.

આ ઉપરથી શાસ્ત્રકાર સ્પષ્ટ કરે છે કે શ્રાવકયોગ્ય અનુષ્ઠાનના અભ્યાસિઓને **નિરંતર શુભ અનુષ્ઠાનના સેવનથી આ ભવે અથવા અન્ય ભવમાં ચારિત્રના પરિણામ પ્રાપ્ત થાય છે.** અર્થાત્ ચારિત્રના પરિણામ સાથે સર્વ વિરતિપણું સ્વીકારવા ભાગ્યશાળી થાય છે. પંચાશક શાસ્ત્રના વૃત્તિકાર ભગવાન્ **શ્રી અભયદેવસૂરીશ્વરજી** આ પંચાશકની પચાસમી ગાથાના ઉત્તર પદમાં 'भवविरहबीयभूओ' विरह[1] પદથી શ્વેતામ્બર શ્રી હરિભદ્રાચાર્યજ છે એમ જણાવે છે.

ઉપસંહાર –

પ્રથમ પંચાશકશાસ્ત્ર સારાંશની પૂર્વે પ્રકરણના પ્રાતઃસ્મરણીયપણેતા, પ્રકરણ સ્થિત વિભાગો, પ્રકરણ શબ્દનું રહસ્ય, પંચાશક શબ્દનું સાન્વર્થપણું, ગ્રન્થ પ્રમાણ, પંચાશકોના નામ, પ્રથમ પંચાશકની સહેતુકતા, પ્રણેતાનો નિર્ણય, ભવ વિરહની ભવ્યતા અને અલૌકિકતા, ૧૯ પંચાશકમાં આવતા વિરહાદિ પદોનો વિવેક; અને પ્રથમ વિભાગીય અને દ્વિતીય વિભાગીય પંચાશકોની વ્યવસ્થાદિનું વ્યવસ્થિત વર્ણન સારાંશ રૂપે આલેખેલું છે તે વિસ્તારથી આલેખન કરીને સમજાવી ગયા. આરાધન પદથી= **નમિઊણ** પદથી ગ્રંથનો પ્રારંભ કરીને ગ્રંથકારે શ્રાવક ધર્મ યોગ્ય વિધિ-વિધાન-અનુષ્ઠાનાદિ સંક્ષેપમાં પદ્યરૂપે અને નવાંગી વૃત્તિકારે વિસ્તૃત વૃત્તિ રૂપે આલેખન કરેલું છે; તે બધાનો સારાંશ પૂ. ગ્રંથકાર તથા પૂ. વૃત્તિકારના આશયને અનુસરીને અત્ર આલેખન કરેલો છે. **"સુવિવેકિ-વાંચકોને સારાંશ રૂપ સુધાનું આસ્વાદન કરીને ભવવિરહના ભવ્ય માર્ગે નિર્વિઘ્ન આગળ વધારવા ઉદ્યમવંત થાઓ"** એક મહેચ્છા પૂર્વક પ્રથમ પંચાશકનો સારાંશ પરિસમાપ્તની પુનીત અવસ્થાને પ્રાપ્ત થાય છે.

समाप्तो यं श्रावकधर्मविधिः ॥



॥ द्वितीय पंचाशकशास्त्रसारांशः ॥

શાશ્વત શાન્તિદાયક-સકલ મંત્ર-તંત્ર-યન્ત્રાધિરાજ રાજેશ્વર-**શ્રી સિદ્ધચક્ર યન્ત્રનું** હૃદય મંદિરમાં ધ્યાન ધરીને સર્વ પ્રકારના સકલ સમિહિત પૂરણ કરવામાં અચિન્ત્ય ચિન્તામણિ સદૃશ **શ્રી શંખેશ્વરતીર્થાધિપતિ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથને** બહુમાન પુરસ્સર વન્દન નમસ્કાર કરીને બીજું પંચાશક શ્રી જિન દીક્ષા કે જેનું વાસ્તવિક નામ સ્વયંસેવક દીક્ષા પંચાશક છે તેનો અત્ર સારાંશ શરૂ કરાય છે.

તારનાર આરાધના છે.

તરી ગયેલા પૂ. તીર્થંકરો કે પૂ. સિદ્ધ ભગવંતો તારનાર નથી, સર્વસ્વ સમર્પણ કરીને પરમપદે પહોંચવાના ભગીરથ પ્રયત્ન કરવાવાળા પૂ. આચાર્ય ભગવન્તો, પૂ. ઉપાધ્યાય ભગવંતો કે પૂ. શ્રમણ ભગવંતો પણ ઘનઘાતી કર્મનો

---

૧. જુઓ. પંચાશકશાસ્ત્ર-પૃ ૬૩ નવાંગીકારની વૃત્તિ પંક્તિ ૧૦, અને પંચાશક શાસ્ત્ર સારાંશમાં ભવવિરહની ભવ્યતાનું પ્રકરણ વાંચો સિદ્ધચક્ર વર્ષ ૧૩ અંક ૬-પૃ. ૧૩૫.

ખેરાં પાણી અને કામ ભોગની વિષમ વાસનાના વમળમા માર્ગમાંથી નીકળીને કેવળજ્ઞાનને કાંઠે પહોંચ્યા નથી એટલે તેઓ પણ તારનારા નથી; તો પછી તારનાર છે કોણ? આ પ્રશ્નના સમાધાનમાં આદર્શરૂપ આરાધ્ય ભગવંતો તારનાર નથી પરંતુ સંસાર સમુદ્રથી તારનાર, બ્હાર કાઢનાર, પાર ઉતારનાર કાંઠે પહોંચાડનાર અને સહિસલામત અવ્યાબાધ અચળ સ્થાને સ્થિત કરનાર **આરાધના છે.** તેથીજ ગ્રંથકાર આરાધન પદ **નમિઊણ**થી પંચાશકના પ્રથમ પદ્યની શરૂઆત કરે છે. તરવાની કળામાં અધુરા આરાધકોને તારનારી આરાધના છે, છતાં આરાધ્યની ઓળખ વગર આરાધકો આરાધનાને બદલે વિરાધનામાં ઉતરી જાય નહિં તેથી પ્રથમ આરાધ્યપદ વિભૂષિત આસન્નોપકારી શ્રી મહાવીર મહારાજાને નમસ્કાર કરીને ગ્રંથકાર ગ્રંથનો પ્રારંભ કરે છે. ત્રિકાળવર્તિ અરિહંતોની વિચારણા કરીએ તો અનંતા અનંત તીર્થંકરો= અરિહંતો હોઇ શકે છે, અને તેથી વર્તમાન શાસનપતિ ઉપકારી હોવાથી તેમનું નામ સ્મરણ કરે છે. પરંતુ શ્રી મહાવીર શબ્દના વૃત્તિકારની વૃત્તિથી મહાવીર્ય વડે સુશોભિત હતા, કર્મશત્રુની સઘળી વ્યુહ વ્યવસ્થાનું ભેદન કરવાવાળા મહા વીર્યશાલિ વિગેરે અર્થની ઉંડાણમાં ઉતરીએ તો ત્રણે કાળના તીર્થંકરો કર્મનો ઉચ્છેદન કરવામાં મહાવીર તરીકે શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે. તેથીજ **નમિઊણ** એક શબ્દથી એકને અને અનેક અરિહંતોને નમન કરીને ગ્રંથકારે આરાધ્ય ભગવંતો પ્રત્યેની આરાધનાના અખંડ પ્રેમને પ્રગટ કર્યો છે તે સમજવું યુક્તિ યુક્ત છે. ગ્રંથકાર ગ્રન્થનું ગૌરવ ભર્યું ગુન્થન કરતાં જેમ આરાધન પદને વિસરી જતા નથી, તેમ સુજ્ઞાનિ-વિવેકવન્ત આત્માઓએ વાંચન-મનન-પરિશીલન કાળે **હૃદય મંદિરમાં આરાધ્ય ભગવંત પ્રત્યે લક્ષ્ય રાખીને આરાધનાની ભરતી ઓટ વગરની ઉભરાયા કરે એજ આરાધકોને આરાધ્યપદ પામવાનો અસ્ખલિત રાજ-માર્ગ છે.** ઓટ વગરની ઉક્ત આરાધનાની ભરતીના ભરપૂર તરંગો ભાવુકોના ભવ્ય હૃદયમાં નિર્ધાર થઇ જાય કે તારનારી આરાધના છે, આરાધ્ય અને આરાધક વચ્ચેના અગમ્ય ભેદને ભેદનારી અર્થાત્ અનાદિકાળના ભવ્ય ભેદને છેદનારી આરાધના છે, "તારનાર આરાધના છે;" એ દૃઢ નિશ્ચયને લક્ષ્યમાં રાખીને હવે ગ્રંથના સારાંશનું આસ્વાદન કરવા સુજ્ઞાન સુધાસ્વાદના અર્થિ એવા આપણે આગળ વધવા ઉદ્યમવંત થઇએ.

આ સ્વયંસેવક દીક્ષા છે.

મહાવીર્યશાલિ-મહાવીર મહાવીર મહારાજાને નમસ્કાર કરીને જિન દીક્ષાના વિધિને હું કહીશ. અને તે વિધિ નિપુણનીતિયુક્ત અને જિનાગમને આશ્રીને કહીશ. જિનાગમ પ્રણીત-નિપુણનીતિયુકત વિધિ હું ભવ્યજનોના હિતાર્થે સંક્ષેપથી કહીશ. ગાથા. ૧ લી.

પૂર્વેના ભાષાન્તરકારોએ, લેખકોએ અને વર્તમાન કાલીન ઉપદેશકોએ (ગુરૂ પરંપરાએ સૂત્ર-અર્થ-રહસ્યને નહિં પામેલા ઉપદેશકોએ) આ પંચાશકના પ્રથમ પદ્યના જિનદીક્ષા શબ્દને આગળ કરીને સર્વ વિરતિ ધર્મ પાલનની દીક્ષા સાથે એટલે અણગાર ધર્મની દીક્ષાના નામે ભાષાન્તર-આલેખન અને ઉપદેશ દઇને શાસ્ત્ર-

કારના આશયને સમજવામાં ઉતાવળ કરી છે એ કહેવું સ્થાનપુરસ્સરનું છે. કારણ કે દશ પંચાશક સુધી શાસ્ત્રકારે શ્રાવકધર્મ કથન કર્યો છે, અને એ વાતને વૃત્તિકારે વૃત્તિમાં સ્પષ્ટ કરી છે. અને જિનદીક્ષાને શ્રાવક ધર્મ સાથે સુસંગત જણાવી છે એટલુંજ નહિં પણ વૃત્તિકારના [1]પરમાર્થને પિછાણવા જેટલી ધૈર્યતા જાળવીજ નથી. તેઓ વૃત્તિકાર સ્પષ્ટપણે જણાવે છે કે જિનદીક્ષા આ પદથી મોક્ષને અનુકૂળ અણગારધર્મની દીક્ષાને અહીં આ બીજા પંચાશકમાં અવકાશજ નથી. અને આથીજ **અમારા પૂજ્ય ગુરૂવર્ય ભગવંતો આ દ્વિતીય પંચાશકને [2]સ્વયંસેવક દીક્ષા પંચાશક તરીકે જણાવે છે, ઓળખાવે છે, આલેખે છે અને મુદ્રણ કરાવવાનો પ્રબંધ કરે છે.** આ પંચાશકમાં દીક્ષાના વિધિથી સ્વયંસેવકોને જિનદીક્ષાદ્વારાએ સ્વયંસેવકપણું કઈ રીતિએ પ્રાપ્ત થાય છે તે જાણવામાં આવશે એટલે આ બીજા પંચાશકને સ્વયંસેવક દીક્ષાના નામે વાંચવા વિચારવામાં અને ઓળખવામાં લેશભર વાંધો આવશે નહિ.

ચિત્તમુંડન જિનદિક્ષા.

અવસર અને પ્રસંગને નહિં પિછાણનારાઓ રામ શબ્દ દ્વારાએ અનેક પ્રસંગ–અવસરમાં અકળાઇ જાય છે, તેવીજ રીતે જિન દીક્ષા શબ્દમાં રહેલ દીક્ષા શબ્દના પરમાર્થને નહિં પિછાણનારાઓ પણ ઘેલીના પહેરણાં જેવી અવસ્થાને પામે તેમાં નવાઇ નથી. નાણાં ભીડની કટોકટીમાં દલાલની દલાલીમાં, મરણ પામતા માનવીના મૃત્યુ સમાચારમાં, ક્ષત્રીય રહિત પૃથ્વી બનાવનારના સૂચનમાં, અને લંકાને જીતનાર યશોગાનમાં વપરાતો "રામ" શબ્દ વર્ણ માત્રાથી એકજ છે પરંતુ અર્થથી પ્રસંગે પ્રસંગે ભિન્ન ભિન્ન સ્વરૂપે દર્શન દે છે એ વિવેકીઓએ ભુલવું જોઇએ નહિ અર્થાત તે તે પ્રસંગમાં વપરાયેલ રામ શબ્દના અર્થને અવલોકવાની ખાસ જરૂર છે એમ સમજવું આવશ્યક છે.

દશ રામે પૈસાના દર્શન થતાંજ નથી એવી સખ્ત નાણાં ભીડ છે અહિં દશરામથી=દશ આના વ્યાજથી પણ પૈસા મળતાજ નથી. આગ્રા–દિલ્હીના બજારમાં ગ્રાહક પાછળ પડેલો દલાલ રામ–રામ–રામ ત્રણ વખત બોલીને વેપારીને સાવધાન કરે છે. વેપારી માથું ધુણાવે એટલે દલાલની ત્રણ ટકા દલાલી નક્કી થાય છે. મરણ પામતા માનવીના રામ રમી ગયા એટલે મરી ગયો છે એમ નક્કી થાય છે. ક્ષત્રીય વગરની પૃથ્વી કરી એ શબ્દથી પરશુરામ લેવાય છે, અને રામે લંકા લીધી તેમાં રામ શબ્દથી દશરથનો રામ લેવાય છે.

તેવીજ રીતે દીક્ષા શબ્દના ઘણા અર્થો ઘણા પ્રસંગોમાં લેવાય છે. ધાતુ પાઠ અને ધાતુ પારાયણમાં કથન કરેલા અર્થોને અવલોકવાથી અનેક પ્રસંગોમાં વપરાતો દીક્ષા શબ્દનો પરમાર્થ સમજાશે. દીક્ષા શબ્દનો અર્થ મુંડન અર્થમાં વપરાય છે, તો પણ શાસ્ત્રમાં "**पंच मुंडा पन्नत्ता कोहमुंडे० सिरमुंडे**" ઇત્યાદિ ચાર કષાય અને શિર મુંડનમાં એ રીતે પંચસ્થાને

---

૧. જુઓ. પંચાશક બીજું પૃ-૬૪ પંક્તિ. ૫. **अनेनशिवदीक्षाकामादिव्युदासः**। જુઓ પંચાશક અગીઆરમું પૃ-૨૮૭ વૃત્તિ-પંક્તિ ૧૨.

૨. જુઓ. પંચાશકશાસ્ત્ર દ્વિતીયાવૃત્તિ-પૃ-૧-પૃ-૩.

વપરાય છે. ચાલુ પ્રસંગમાં એટલે જિનદીક્ષાના અધિકારમાં ચિત્તનું મુંડન અર્થાત્ મિથ્યાત્વ-ક્રોધાદિનું મુંડન સમજવું જરૂરી છે. ચિત્તના મુંડન વગર પ્રશાન્તચિત્ત હોતું નથી. અને જેથી કરીને અપ્રસન્ન ચિત્તવાળો ધર્મનો અધિકારી થતોજ નથી. સમ્યગ્દર્શનાદિ કુશલ-વ્યાપાર રૂપ ધર્મનું સેવન અલ્પ સત્ત્વવાન્ જીવો કરી શકતાંજ નથી, અને તેથીજ આપત્તિકાળમાં અલ્પસત્ત્વવંત જીવો વિકળતાને પામીને માર્ગથી પતિત થાય છે; આથીજ "ण हि अप्पसन्तचित्तो धम्माहिगारी जओ होइ" એવકારપૂર્વક પ્રશાન્ત ચિત્તવાળાને ધર્મનું અધિકારીપણું પ્રતિપાદન કર્યું છે. ગાથા-૨.

ચરમાવર્તનો ચમત્કાર.

અનંતા અનંત પુદ્ગલ પરાવર્તો પર્યંત પરિભ્રમણ કરનાર જીવને ભાવમુંડન રૂપ દીક્ષા પ્રબળ પુણ્ય પ્રભાવે ચરમાવર્ત=છેલ્લા પુદ્ગલ પરાવર્તન પ્રાપ્ત થાય છે. એવી કોઇ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઇ કુળ નથી, એવું કોઇ સ્થાન નથી કે જેને વિષે જગત્ભરના સઘળા જીવો અનંતા અનંતી વખત જન્મ ધારણ કર્યો ન હોય અને મર્યા ન હોય અર્થાત્ વિશ્વભરના વિશ્વ જીવો વિશ્વના સર્વ સ્થાનોમાં અનંતા અનંતી વખત જન્મ્યા અને મરણ પામેલા છે. આજ વાતને શાસ્ત્રકારો—

"न सा जाई न सा जोणी, नतं ठाणं न तं कुलं।
न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥१॥"

આ પદ્યથી સ્પષ્ટ કરે છે. સંસારરૂપી ભયંકર ભવાટવીમાં પરિભ્રમણ કરતો કોઇપણ આત્મા જ્યારે ચૌદ રાજલોકવર્તિ સમસ્ત પુદ્ગલોને અનંત જન્મ મરણ વડે સ્વસ્વ યોગ્ય ઔદારિકાદિ શરીરપણે ગ્રહણ કરીને મુકે છે ત્યારે સ્થૂલ પુદ્ગલ પરાવર્ત કહેવાય છે. એક પુદ્ગલ પરાવર્તમાં અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી કાળનું પ્રમાણ હોય છે. આવા આવા અનંતા અનંત પુદ્ગલ પરાવર્તમાં પરિભ્રમણ કરતાં કરતાં નદી ગોળપાષાણ ન્યાયે કર્મ ઓછાં થતાં છેલ્લો પુદ્ગલ પરાવર્ત આવે છે. ત્યારે તેને ચરમાવર્ત કહેવાય છે. શાસ્ત્રવિહિત પ્રવૃત્તિ વિરૂદ્ધ ઇચ્છાથી, અજ્ઞાનથી, લાલચથી, બળાત્કારથી કરતાં કરતાં દીર્ઘકર્મ સ્થિતિને ઘટાડવામાં કારણરૂપ છે તેને યથા પ્રવૃત્તિ કરણ કહે છે. આવી યથાપ્રવૃત્તિકરણના પ્રબળ પ્રભાવે ઉત્તરોત્તર નિર્મળતાને પ્રાપ્ત કરતો જીવ શુદ્ધ સ્વભાવને અનુસરે છે. નિર્મળ સ્વભાવવાળો જીવ ઉત્તરોત્તર વિશુદ્ધિને અનુસરે છે. તે અવસરે ભાવમુંડન રૂપ દીક્ષા પ્રાપ્ત થાય છે. વિંશતિ વિંશિકા નામના ગ્રંથમાં ગ્રંથકારે જણાવેલ લોકનું અનાદિપણું, કુલ નિતિ લોક ધર્મ અને ચરમાવર્તવિંશિકાનું વિવેક પૂર્વક પરિશીલન થાય તો ચરમાવર્ત વિંશિકામાં ચરમાવર્તની આશ્ચર્યકારી ઘટનાઓ જરૂર લક્ષ્યમાં આવે. ચરમાવર્ત સિવાયના કાળમાં પરિભ્રમણ કરનાર જીવનો=સઘળાઓએ કાળ બાલ્યકાળ જેવો છે, પરંતુ ચરમાવર્તમાં ધર્મ યૌવનવસ્થા પામવાનો સમય છે. આજ વાતને અધ્યાત્મ માર્ગ અભ્યાસિ **શ્રી આનન્દઘનજીએ શ્રી સંભવનાથજીના** સ્તવનમાં પ્રગટ કરી છે. "ચરમાવર્ત હો ચરમકરણ તથા ભવસ્થિતિ પરિપાક દોષ ટળે વળી દ્રષ્ટિ ખુલે ભલી રે પ્રાપ્તિ પ્રવચન વાર" ઇત્યાદિ. ધર્મ કરણને યોગ્ય ચિત્તનું અનુકૂળ થવું એજ

ચરમાવર્તનો ચમત્કાર છે અર્થાત્ ચરમાવર્તના પ્રબળ પ્રભાવે આગળ કહેવાશે તેવા ધર્મ પ્રાપ્તિના સાનુકૂળ સંયોગો પ્રાપ્ત થાય છે. ગાથા ૩.

દીક્ષાની યોગ્યતા.

જિન-દીક્ષા કે જેને આપણે સ્વયંસેવક દીક્ષાથી-ઓળખવાનું પસંદ કરેલું છે, તે દીક્ષાને યોગ્ય ચરમાવર્તમાં છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં વિશુદ્ધિવન્ત જીવન હોય છે; અને હવે તે દીક્ષાના અધિકારિ જીવનું વિશેષ સ્વરૂપ જણાવે છે. દીક્ષામાંજ અનુરાગ એટલે શાસનના હિતમાં અથવા શાસનની પ્રભાવનામાં સર્વસ્વ સમર્પણ કરૂં એવો અતિ અત્યંત રાગ હોય, શાસન માન્ય વ્યવહાર કુશલ બહુ જનો જે જે અનુષ્ઠાનાદિનો વિરોધ કરતા હોય તેનો પરિહાર કરવાવાળો હોય; અને ઉપલક્ષણથી શાસન માન્ય વ્યવહાર કુશળ બહુ જન માન્ય અનુષ્ઠાન વિધિનું સેવન કરવાવાળો હોય. આ ઉપરથી દીક્ષા પ્રત્યેનો રાગ અને લોક વિરૂદ્ધનો પરિહાર એ બંનેની વિદ્યમાનતામાંજ દીક્ષાનું અધિકારી પણું સૂચવેલું છે. દીક્ષા પ્રત્યેના રાગમાં રંગાઇ ગયેલાઓને અને લોક વિરૂદ્ધ ક્રિયા અનુષ્ઠાનાદિના પરિહારથી પવિત્ર થયેલા પુણ્યાત્માઓને સમ્યગ્-દર્શન-જ્ઞાનાદિ શુભ અનુષ્ઠાન યુકત દીક્ષા દાયક ગુરૂનો સંબંધ થાય છે. આ પ્રમાણે દીક્ષા અધિકારી જીવની યથાર્થ યોગ્યતા પ્રતિપાદન કરી. હવે દીક્ષાનો રાગ છે તે તપાસવા માટે આગળની ત્રણ ગાથા કહેવાય છે. તે ગાથાના પદોથી દીક્ષાના રાગિ આત્માઓના જીવન-વ્યવહારને તપાસવાથી દીક્ષાના રાગના નિર્ણય થાય છે. ગાથા. ૪

દીક્ષાનુરાગની પરીક્ષા.

સંસારમાં પરિભ્રમણ કરનાર આત્માને સ્વભાવથી તથા વિધિ કર્મના સમૂહનો ક્ષયોપશમ થવાથી દીક્ષાના વિષયમાં શ્રદ્ધા થાય છે. ત્યારે તેઓ દીક્ષા, સંબંધિ ગુણ ગણને પ્રતિપાદન કરવામાં તત્પર શ્રુત ધર્મને સાંભળીને અથવા દીક્ષિતોના ગુણ ગણ સાંભળીને, અને ગુણગણના ભંડાર દીક્ષિતોને નયણે નિહાળીને પરમ પ્રમોદને અનુભવે છે. સ્વીકારી છે જિન દીક્ષા જેણે એવા દીક્ષિત જીવો મોક્ષ માર્ગરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રને સેવતા હોય છે, અને હંમેશા તેઓ ધર્માનુષ્ઠાન કરનારા ઘણા જનોને સંમત હોય છે. આ સ્થળે સ્વભાવથી પ્રાપ્ત થતું સમ્યગ્દર્શન કથન કરેલું છે, કારણ કે ગાથામાં **पयतीए** એ પદથી નિસર્ગથી=સ્વભાવથી સમ્યગ્-દર્શનનો સ્વીકાર સમજવો જરૂરી છે, અને **सोऊण** તથા **दट्ठूण** એ બેમાંથી એક પદને આશ્રીને અધિગમ સમ્યક્ત્વ પ્રતિપત્તિ સમજવી જરૂરી છે. આજ વાતને તત્ત્વાર્થકાર **"तन्निसर्गादधिगमाद्वा"** આ સૂત્રથી સમ્યગ્દર્શનની પ્રતિપતિના બે પ્રકારો જણાવે છે. ગાથા ૫.

આ સ્વયંસેવક દીક્ષામાં રૂચિ પ્રગટ થાય છે, અને હું તે દીક્ષા કયારે પામું એવા ભાવ ઉત્પન્ન થાય છે. કે જે શ્રદ્ધા સંસાર સમુદ્રને પાર ઉતરવામાં નાવા સમાન છે. સંસાર સંબન્ધિ સઘળાં વિનાશિ ભાવરૂપ ફલો પ્રત્યે નિર્મળ નિસ્પૃહાને આવિર્ભાવ કરે છે; અને અંતે લૌકિક દેવ-ગુરૂ-ધર્મનો ત્યાગ કરાવે છે. લૌકિક દેવ-ગુરૂ-ધર્મના ત્યાગનેજ અત્ર દીક્ષા કહેવાય છે. જે માટે શાસ્ત્રોમાં કહ્યું છે કે—

" समणो वासओ पुव्वामेव मिच्छत्ताओ० "

ઇત્યાદિ પદો વડે પૂર્વે સેવેલાં મિથ્યાત્વી દેવ-ગુરૂ-ધર્મ અને તે સંબંધિ અનુષ્ઠાન સાધન સામગ્રી રૂપ મિથ્યાત્વને [પ્રતિક્રમું છું અને લૌકોત્તર દેવ ગુરૂ ધર્મ સંબંધિના સમ્યક્ત્વને સ્વીકારૂં છું. એટલુંજ નહિં પણ અન્ય તીર્થિકો અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલાં દેવ-દેવીને વંદન-નમસ્કાર-દાન-માન સત્કારાદિ પણ કરીશ નહિં એવી સમ્યક્ત્વ સ્વીકારવા સમય પ્રતિજ્ઞા લેવાય છે. અને લૌકિક દેવગુરૂ ધર્મ ત્યાગનો ભાવ અસ્ખલિતપણે આવિર્ભાવ થયા કરે છે તે સાનુબંધ શ્રદ્ધા કહેવાય છે. ગાથા-૬.

દીક્ષા સ્વીકારના પ્રસંગમાં આવતાં સઘળાં વિઘ્નોનો અભાવ અર્થાત્ જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ વિઘ્નોની અવિદ્યમાનતા છતાં કોઇપણ ઉપક્રમથી ન તૂટે એવાં નિરૂપક્રમ કિલષ્ટકર્મોના ઉદયથી થતા વિઘ્નોના વિષમ-પ્રસંગમાં પણ ચિત્તનું નિશ્ચળપણું રહે તેવું દાઢર્ય હોવુંજ જોઇએ. આવી રીતે છઠ્ઠી ગાથામાં જણાવેલી ૧. શ્રદ્ધા, ૨. વિઘ્નોનો અભાવ, અને આવી પડેલાં વિઘ્નોના સમયે પણ ૩. ચિત્તની દાઢર્યતા, એ ત્રણ લક્ષણથી લક્ષિત થયેલો દીક્ષાનો અનુરાગ છે. અર્થાત્ દીક્ષાના રાગનું પૂર્વે જણાવેલાં ત્રણ લક્ષણથી દીક્ષિતનું પરીક્ષણ થાય છે એવું શાસ્ત્ર રહસ્યના જાણકારોએ જણાવેલું છે. ગાથા ૭.

લોક વિરૂદ્ધ ત્યાગનું સ્વરૂપ.

પૂર્વ ગાથા ૫-૬-૭ એ ત્રણ ગાથામાં દીક્ષાના અનુરાગને પરખવામાં વિસ્તારપૂર્વક ત્રણ લક્ષણો જણાવી ગયા. કારણ કે ચોથી ગાથામાં દીક્ષિત થનારને દીક્ષાનો અનુરાગ અને લોક વિરૂદ્ધનો ત્યાગ હોવો જોઇએ, અને તે સિવાય ચાલુ અધિકારની દીક્ષામાં દીક્ષિત યોગ્ય નથી અર્થાત્ અધિકારી નથી એ પણ જણાવી ગયા છીએ. તેથી સિંહાવલોકન ન્યાયે લોક-વિરૂદ્ધનો ત્યાગ એટલું જણાવેલ હોવાથી તેજ વાતને વિશેષ પણે અત્ર સ્પષ્ટ કરે છે. અર્થાત લોક વિરૂદ્ધનો અધિકાર અનુક્રમે ગાથા ૮ ૯ ૧૦ ગાથાથી જણાવે છે.

સમસ્ત લોકની નિન્દા-હિલના થાય, તેવું તો વિશેષત=કરવું જ નહિં, કારણ કે નિન્દા પામતો જન સમુદાય નિન્દા કરનાર પ્રત્યે વિરૂદ્ધ થાય છે. આથી આ પ્રથમ લોક વિરૂદ્ધ છે. દર્શન, જ્ઞાન-ચારિત્ર આદિ ગુણ ગણની ઋદ્ધિવાળા આચાર્ય-ઉપાધ્યાય-અને શ્રમણ ભગવતોની નિન્દા ન કરવી કારણ કે ગુણગણના ભંડાર આત્મા-ઓનો મોટો સમુદાય ગુણગણનો પક્ષપાતી હોય છે, આથી તેવા ગુણીજનોની નિંદા ન કરવી તે બીજું. સરળ બુદ્ધિવાળા જીવો પોત પોતાની બુદ્ધિથી સર્વજ્ઞ ભાષિત અનુષ્ઠાનનું સેવન કરતા હોય તો હાંસી ઠઠ્ઠા-મશ્કરી કરવી નહિં. વાત વાતમાં કહી દેવું કે "કોઈ ધૂર્તોએ આ બિચારાઓને પકડાવી દીધું છે અને તેથી બિચારા કલેશ કદર્થના પામે છે" આવા આવા શબ્દોથી ઋજુધર્મ કરણશીલવંત લોકને હસવા નહિં એ ત્રીજું, કારણ કે ધર્મ કરણીમાં મોટો સમુદાય અવ્યુત્પન્ન-સરળ બુદ્ધિવાળો હોય છે, માટે તેમની ક્રિયા અનુષ્ઠાનને હસવાથી તે બધા વિરૂદ્ધ થઇ જાય છે માટે ત્રીજું લોક વિરૂદ્ધ જણાવ્યું. ગાથા-૮. (અપૂર્ણ.)

મદદ મોકલવા માટેનું અમોઘ-ફલદાયિ સ્થાન.

અખિલ હિંદભરના શ્રીવર્દ્ધમાન તપ આયંબીલ ખાતાઓને સખ્ત-મોંઘવારીનો સામનો કરવો, આવી પડેલો તોટો પુરો કરવો, અને કંટ્રોલ જમાનામાં આયંબીલ માટેનું અનાજ પુરું પાડવું વિગેરે અનેકવિધ મુશ્કેલીમાં મુકાઇ ગયેલા ખાતાંઓની મુશ્કેલી નિવારવા આ સંસ્થાની સ્થાપના થઇ છે. ચાર વર્ષમાં બજાવેલી બીના જોવા દરેકને ભલામણ છે, માટે નીચેના સ્થળેથી રીપોર્ટ મંગાવવો.

અત્યાર સુધી સંસ્થામાં રૂ. ૪૩૦૦૦) લગભગ રકમ ભેટ આવી છે, અને રૂ. ૩૮૦૦૦) લગભગ ચાર વર્ષમાં પચીસ ગામની સંસ્થાઓને તોટો આપીને ઉભી રાખી છે, માટે દરેક જૈન બંધુએ **આ ખાતાને નવા વર્ષનો મુબારકબાદી તરીકે નીચેના સ્થળે ૧૦૧) એકસો એક રૂપીઆ મોકલાવીને અખંડ પુણ્ય ઉપાર્જન કરવા ચુકવું નહિં.**

હાલમાં સમિતિ પાસે રૂ. ૬૩૭૬।।।=।।। સીલક છે (બેલેન્સ છે) ગયા વર્ષમાં રૂ. ૪૦૦૦) ચાર હજાર મુંબાઇમાંથી, રૂ. ૨૦૦૦) બે હજાર લગભગ ઘાટકોપરમાંથી, રૂ. ૧૮૦૦) ઉપરાંત શીરપુર (પશ્ચિમ ખાનદેશ)માંથી મળ્યા છે. એટલે ચાલુ વર્ષમાં ભેટ રકમો આવી જવાથી સમિતિ પાસે રૂ. ૧૪૦૦૦) ચૌદ હજાર લગભગ થશે.

એટલે સંસ્થાઓના તોટાને પહોંચી વળવા માટે હજુ પણ લગભગ એક લાખ રૂપીઆની મદદ છે. સમિતિના કાર્યવાહકો—**૧ શેઠ રજી સોજપાળ રાવસાહેબ, ૨ રાયબહાદુર દેવજી ટોકરશી, ૩ શેઠ શીંગજીભાઈ વિકમશી, ૪ શેઠ ભાઇચંદ નગીનભાઇ ઝવેરી, ૫ શેઠ મુળચંદ બુલાખીદાસ, ૬ ઝવેરી જમનાદાસ મોનજી ખજાનચી-મંત્રી, ૭ શેઠ વાડીલાલ ચત્રભુજ; અને ૮ શેઠ શાંતિલાલ મગનલાલ છે.** આ આઠે જણોના પરિશ્રમથી આ સમિતિનું સુંદર કાર્ય ચાલે છે.

આ સમિતિને પગભર બનાવવા માટે અમદાવાદવાળા **શા. ગીરધરલાલ છોટાલાલ** અથાગ પરિશ્રમ ઉઠાવે છે.

પત્ર વ્યવહાર-પૈસા ભરવાનાં સ્થળોઃ—

૧. ઝવેરી જમનાદાસ મોનજી
(અખિલ ભારતવર્ષીય શ્રી વ. તપ સહાયક સમિતિના ખજાનચી અને મંત્રી)
હે. બુલીયન એકસચેંજ, **મુંબાઇ નં. ૨.**

૨. શેઠ બુધ્ધચંદ હીરાચંદ
હે. બજાર, શીરપુર (પશ્ચિમ ખાનદેશ,) સ્ટેશન **નરડાના-T. V. Rly.**

૩. શેઠ ગીરધરલાલ છોટાલાલ
પાંચકુવા, **અમદાવાદ.**

૪. શ્રીઋષભદેવજી છગનીરામજીની પેઢી.
ખારાકુવા, દહેરા ખિડકી, **ઉજ્જૈન-માળવા.**

અ૦ ભા૦ શ્રીવર્દ્ધમાન તપ સહાયક સમિતિ-બ્રાંચ (શીરપુર-પશ્ચિમ ખાનદેશ) તરફથી

લિ૦ ઉત્તમચંદ જિબુભાઈના પ્રણામ.

આગમોદ્ધારકની ઉપાસનામાંથી–

આલેખનકાર:—સુધાવર્ષી–પૂ. પંન્યાસ પ્રવર શ્રીચન્દ્રસાગરજી ગણી-દ.

નોંધ:—આરાધકોની આરાધના અધિક-અધિકતર–અધિકતમ ઉજ્વળ બને અને વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય તે હેતુથી અત્ર ભાવવાહિ-વાકયો અપાય છે. લિ૦ તન્ત્રી.

૫૫૬. અવિશ્વાસની અંધાધુંધીમાં વિવેક કાર્યસાધક થઈ શકતોજ નથી.

૫૫૭. અભયદાનમાં ઓતપ્રોત થયેલા આત્મકલ્યાણકાંક્ષિ આત્માઓ ત્રિવિધયોગે ત્રિકરણ વિશુદ્ધિએ નિર્મળ શીલધર્મનું સેવન કરે છે, અને તેથીજ અબ્રહ્મસેવનમાં અસંખ્ય જીવોને અભયદાન મળે છે.

૫૫૮. વિશ્વભરમાં બ્રહ્મચર્યવ્રતધારિયો અભયદાનદાતાઓમાં શિરોમણિ મૂર્ધન્ય છે.

૫૫૯. બ્રહ્મચર્યવ્રતનું સેવન કરનારો અસંખ્યાત બે ઈન્દ્રિય જીવોને, અસંખ્યાત સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિયોને; અને નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય પ્રાણિઓને અભયદાન આપીને અખંડ પુણ્ય ઉપાર્જન કરે છે.

૫૬૦. આત્મકલ્યાણાર્થિઓ દેશના દેવાના અવસરે આલસ્યાદિના પ્રબળ પ્રભાવે આડાંઅવળાં બ્હાનાં ધરે છે, તેવા ઉપદેશકોને ભવાન્તરમાં વીતરાગની વાણી સંભળાવનારાઓનો સુસંયોગ થવો મુસ્કેલ છે.

૫૬૧. ગુણગણના ભંડાર સમા કહેવાતા આત્માઓ સમાન ગુણવાળાને કે અધિક ગુણવાળાને દેખીને કે સાંભળીને પ્રમોદ પામતાજ નથી તેનું વાસ્તવિક કારણ ગુણાનુરાગના અંશનો અભાવ છે.

૫૬૨. કીર્તિના કોટડા અને પ્રતિષ્ઠાના પાયાને મજબુત બનાવવા અનીચ્છનીય કૃત્યો કરે છે તેઓ ખરેખર પ્રબળ પાપના ઈજારદારો છે.

૫૬૩. ચાર હત્યા કરનારો દૃઢ પ્રહારી કરોડ કર્મો અને ઘનઘાતીના ઘેરાં પાણીનો પાર પામીને કૈવલ્ય અને અનુક્રમે મોક્ષ પામે છે તેમાં કામભોગની વાસનાનો વિરહ છે.

૫૬૪. ચિત્રભૂતિ અણગારને અણગાર અવસ્થામાં અને માસક્ષમણની તપસ્યાના સેવનમાં પણ કામભોગની વાસનાના વિષય કીચડમાં ફસાતાં અનુક્રમે સાતમી સુધી પહોંચવું પડયું માટેજ કામ-ભોગની વિષયવાસનાઓ અતિ ભયંકર છે એ વિવેકિયોએ સમજવું જરૂરી છે.

૫૬૫. ચક્રવર્તિઓ અને ત્રૈલોકયનાથ તીર્થંકરોના રાજમંદિરોમાં રત્નજડિત સુવર્ણાલંકારાદિને નિર્માલ્ય-કરમાયેલ પુષ્પમાળાની જેમ અવગણીને ફેંકી દેવાતાં નહોતાં, પરંતુ અચિન્ત્યભોગ-સાધન-સામગ્રી સંપન્ન શાલિભદ્રકુમાર દિન પ્રતિદિન રત્ન-સુવર્ણાલંકારો અને દેવદૂષ્યાદિ વસ્ત્રોને નિર્માલ્ય ગણીને ફેંકી દેતો હતો એ સત્પાત્રદાનનું અખંડ પુણ્ય ફળ છે, છતાં આવો ભોગી ભોગને રોગ ગણીને સંયમ લેવા ઉજમાળ થાય છે.

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

'નમો' પદની નિર્મળતા યાને ત્રિવેણી સંગમારાધન[illegible] અંક-૨

આલેખનકાર:—સુધાવર્ષી=પૂ. પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરજી ગણ[illegible]

"નમો" પદની નિર્મળતા અને તેની આશ્ચર્યકારિ-અલૌકિકતા એ અરિહંતાદિક પંચ-પરમેષ્ઠિઓ સાથે સુસંગત સંબંધ ધરાવનારી સ્યાદ્વાદ મુદ્રા મુદ્રિત શાસનસિદ્ધ વિશિષ્ટ વસ્તુ છે.

પંચપરમેષ્ઠિઓ પ્રત્યે હૃદય મંદિરમ[illegible]તો "નમો" પદનો નિર્મળ ધ્વનિ અને નમ્ર બનેલાના પુનીત પાંચે અંગોમાં ઓતપ્રોત થયે[illegible]સ્થમનન્ત સ્વરૂપ—અદ્વિતીય નમસ્કાર એજ અમોઘ અરાધના છે. અર્થાત્-**નમસ્કારની [illegible]આરાધનામાં ઓતપ્રોત થયેલો આરાધક આરાધ્યપદો પ્રતિ અસ્ખલિતપણે અમોઘ કૂચ કરીને ઈષ્ટ કાર્યની સિદ્ધિ કરે છે. આથીજ આરાધક આરાધના અને આરાધ્યરૂપ ત્રિવેણીનો સંગમ વિજયવંત છે.**

કન્યાની પ્રાપ્તિ માટે નીકળેલા વરના વ્હાલેશ્વરીઓ કન્યાને અને કન્યાના સંબંધને ભૂલે, વરની પ્રાપ્તિ માટે વલખાં મારનારાં કન્યાના કુટુંબીઓ વરને અને વરના સંબંધને ભૂલે, ગોળ-સાકરની મીઠાશ પાછળ મોહિત થયેલાઓ બારદાનને બાઝે અને ગોળ-સાકર રૂપ મૂળ પદાર્થને ભૂલે; અને મુસાફરી કરનારો મુસાફર ઈષ્ટ સ્થળ અને ઈષ્ટ સ્થળ પ્રાપ્તિના સંબંધને ભૂલે તો ભૂલનારની ભૂલ માટે ભારોભાર મૂર્ખતાનું પ્રદર્શન હરકોઈ દેખી શકે છે અને હસી શકે છે. તેવીજ રીતે નમોપદની આરાધનામાં ઓતપ્રોત થયેલો આરાધક આરાધ્ય ભગવન્ત-પંચ-પરમેષ્ઠિઓને અને તેઓશ્રી પ્રત્યે પોતાના પુનીત સંબંધને ભૂલે તો તે ભૂલ માટે ભારોભાર ઠપકો આપવા શબ્દકોષો પણ ઓછા પડે એ કહેવું સ્થાન પુરસ્સરનું છે **આથીજ આરાધ્ય સાથેનો સંબંધ અનિવાર્ય છે.**

નમોપદની નિર્મળતાનું આસ્વાદન કરનારે સેવ્ય સેવકપણાનો, પૂજ્ય પૂજકપણાનો, આરાધ્ય-આરાધકપણાનો, અને વન્દ્ય-વન્દકપણાના વિશિષ્ટ સંબંધ સમજવો તોજ **નમોપદની નિર્મળતા** કાર્યસાધક બને.

વી. સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪
વર્ષ ૧૪-અંક ૩.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
તન્ત્રી:—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૫, ૨૭, ધનજીસ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

તંત્રી સ્થાનેથી—

જામનગર નિવાસિ—

ઝવેરી જમનાદાસ મોનજી.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિની સાહિત્ય સેવા પ્રત્યે હમદર્દી દાખવનાર, સિદ્ધચક્ર માસિકમાં આવતી સામગ્રીથી ચતુર્વિધ સંઘ અમોઘ લાભ લેઇ રહેલ છે તેથી તેની કદર કરીને ઉપર જણાવેલા મુંબઇના સુપ્રસિદ્ધ શ્રેષ્ઠી **બીજા વર્ગના જીંદગી પર્યંતના સભાસદ માટે આ સમિતિને રૂ. ૨૫૧) બસો એકાવન આ[redacted] વચન આપ્યું છે,** તેથી સમીતિ તેનો સાભાર સ્વીકાર સાથે નોંધ લે છે.

તેઓશ્રી હાલ બુલીયન એકસચેંજમાં વિઠ્ઠલદાસ ઠાકોરદાસની કું. ના મુખ્ય ભાગીદાર છે, સોના ચાંદીના વેપારમાં કુશળ કાર્યવાહી કરનાર અગ્રેડ વેપારી છે, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પેટ્રન છે. [redacted]ી વર્દ્ધમાન જૈનાગમ સંસ્થા–પાલીતાણાના ટ્રસ્ટી–ખજાનચી છે. શાસનસેવા[redacted]ન પરોપકારાદિ શુભ્ર કાર્યો પાછળ ચપળ લક્ષ્મીનો સુંદર વ્યય કરીને પુણ્યાનુબન્ધિ પુણ્ય બાંધે છે.

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ **આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનન્દ-સાગરસૂરીશ્વરજી** અને તેઓશ્રીના વિદ્વાન્ વિનેય **શ્રી સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર** ઉપર તેઓશ્રી અવિહડ ગુરૂભક્તિ ધરાવે છે. પાલીતાણાના આગમ મંદીરમાં પચીસ હજાર રૂપીઆ આપીને એક મોટું મંદિરાદિ પોતાના ખર્ચે બંધાવ્યું છે. આ સમિતિ ભવિષ્યમાં સુંદર કાર્ય ચાલુ રાખશે અને શાસન સેવા બજાવશે તો વધુ આર્થિક સહાય આપવા તેઓશ્રીએ ઇચ્છા દર્શાવી છે તેથી તેની સાભાર હર્ષપૂર્વક નોંધ લેઇને વિરમીએ છીએ. એજ.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૪.	મૃગશિર-માસ.	તંત્રીઃ
અંક ૩ જો.	તા. ૧૭-૧૨-૪૭.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

સંપ અને સંગઠન

લેઃ ચન્દ્રપ્રભસાગર ચિત્રભાનુ.

"સંપની આવશ્યકતા છે. સંગઠન અનિવાર્ય છે. સંપ અને સંગઠન વિના આપણું કલ્યાણ નથી. આપણે જો સંપ અને સંગઠન નહિ કેળવીએ, તો આપણે વિનાશની એક ઊંડી ખાડીમાં ગબડી જઇશું !....." આ સુવર્ણ સત્યનું, હજારોની માનવ મેદનીમાં વિવેચન કરનારા અને વર્તમાન સામાયિકો દ્વારા નિવેદન બહાર પાડાનારા મહાનુભાવોએ, સંપ અને સંગઠનના માર્ગ ભણી પોતે કેટલાં ડગ ઉપાડ્યાં" તેનો એ મહાનુભાવોએ, કોઇ દિવસ વિચાર કર્યો છે ખરો ? અને કર્યો છે તો અમલમાં મૂક્યો ખરો ? કારણ કે, સંપ અને સંગઠન એ એવી કોઈ બાજારૂ ચીજ તો છે જ નહિ કે જે કેવળ વાક્ચાતુર્યથી સુસાધ્ય બને અગર ભાષણ માત્રથી તમારી સન્મુખ ખડી થઇ જાય !

સ્વાભાવિક રીતે દુન્યવિ એવો નિયમ છે કે, જેની સાથે તમારે મૈત્રી કરવી છે, તેની સામે બે ડગલાં જવું જોઇએ અને વિનમ્ર રીતે વર્તવું જોઇએ. આમ થાય તોજ મૈત્રી બંધાય, જ્યારે આવી નાની બાબત માટે પણ આમ વર્તવાની આવશ્યકતા છે, ત્યારે, સંપ અને સંગઠન તો એક મહાન્ પ્રશ્ન છે, કે જેના દ્વારા ઐહિક અને પારલૌકિક ઉભય હિત સુસુંદર રીતે સાધી શકાય ! આવા સંપ અને સંગઠન માટે, આ ભાષણ કર્તા મહાનુભાવો, પોતાના પ્રતિસ્પર્દ્ધિ સામે બે ડગલાં ગયા છે ખરા ? અને વિનમ્ર રીતે વર્ત્યા છે ખરા ? જો આવી રીતે પોતે વૈયકિતક પ્રયોગ ન કર્યો હોય, તો તેમના ભાષણની અને નિવેદનની અસર જનતા પર કેટલી થાય, તે સહજ સમજી શકાય તેમ છે !

સંપ અને સંગઠનના ઉપાસકોએ પહેલાં તો હૃદયની વિશુદ્ધિ કરવી ઘટે. પછી સંકુચિતતાને, માનને અને સામુદાયિક આક્ષેપોને જલાંજલિ આપવી પડે. અને અનાદિકાળથી સંગ્રહી રાખેલા અજ્ઞાનને, સત્યની ભઠ્ઠીમાં બાળીને ખાખ કરવું ઘટે—આમ હૃદય નિર્મળ કરી; નક્કર જગતની વાસ્તવિકતામાં પોતાના જીવનને કરાનાર ઉપદેશકો, સંપ અને સંગઠનનો માર્ગ સરળ બનાવી શકે અને બીજાને દોરી શકે !

પણ કમનસીબે કહેવું પડે છે, કે આ સદ્ગુણોનો મહાન્માં મહાન્ શત્રુ હોય તો તે દ્રષ્ટિરાગ છે, તે દ્રષ્ટિરાગ, સંપ અને સંગઠનનો વિનાશ કરવામાં એક ઝેર સમાન છે. અને તે ઝેર આપણા કેટલાક સમાજ નાયકોના અંગે અંગમાં વ્યાપેલું છે. આથી આ ઝેરથી મૂર્ચ્છિત

થએલા માનવો સત્યની નિકટમાં જઈ શકતાં નથી અને જાય છે તો તે વિશુદ્ધ સત્યને પારખી શકતાં નથી, અને પારખી ન શકવાના કારણે બીજા સાથે મૈત્રી–સંપ કેળવી શકતા નથી આ છે દ્રષ્ટિરાગનો દોષ !

ભલે ખોટા કાં ન હોય, પણ દ્રષ્ટિરાગીઓ એમ માને છે કે, અમે માન્યા તેજ દેવ! અમે સ્વીકાર્યા એજ ગુરૂ! અમે શોધ્યો એજ ધર્મ! અને અમે પસંદ કર્યો એજ ગચ્છ! સાચો છે. બીજા બધા ખોટા. આ અવળી માન્યતાને લીધે, તે સદ્દેવ, સદ્ગુરૂ અને સદ્ધર્મને નિન્દે છે, વખોડે છે. આનું પરિણામ એ આવે કે, આ અસહિષ્ણુતાને પરિણામે અન્ય ધર્મીઓ સાથે વિવાદ ઉભો થાય છે, વિવાદ, વિતંડાનું સ્વરૂપ લે છે. વિતંડાવાદ, સંપ અને સંગઠ્ઠનનો ક્ષણુમાત્રમાં વિનાશ સર્જે છે!

અલબત, આટલેથી અટકે તો સારૂં. પણ ઘણીવાર તો આ દ્રષ્ટિરાગીઓ, પોતાનાજ અંગ સમા પોતાનાજ ધર્મનો, પોતાનાજ હાથે વિનાશ નોતરે છે. જેમકે:—

એક ગુરૂના બે ચેલા હતા. બન્ને જણ ગુરૂ પ્રત્યે અનહદ ભક્તિવાળા. પણ જરા બુદ્ધિ સાથે બન્નેને બારામો ચન્દ્રમા હતો. એક દિવસ બન્ને જણ ગુરૂના પગ દાબવા બેઠા. પગ દાબતાં બન્ને તકરાર થઇ. ગુરૂએ ચૂકાદો આપ્યો–એકે જમણો પગ દાબવો અને બીજાએ ડાબો પગ દાબવો. આ વ્હેંચણીથી બન્ને ચેલા ખૂશ થયા. થોડીવાર પછી, ગુરૂને જરા પડખું ફેરવવાનું મન થયું, એટલે પોતાનો ડાબો પગ પોતાન. જમણા પગ પર મૂકયો. આ બનાવ જોઇ, જમણા પગવાળો ચેલો ચમકયો. પોતાની બાજુમાં પડેલો ડંડો હાથમાં લઇ, એ બોલ્યો: "અક્કલ છે કે નહિ ? મારા ગુરૂના જમણા પગ પર પગ મૂકે છે ? લેતો જા." એમ કહી ગુરૂના ડાબા પગ પર જોરથી એક ડંડો લગાવી દીધો. આથી જમણા પગવાળો ચેલો ખીજ્યો. એ ખૂણામાં પડેલો ધોકો લઇ આવ્યો અને બોલ્યો:—"ભાનબાન છે કે નહિ ? મારા ભાગમાં આવેલા ગુરૂના પગ પર ડંડો મારે છે ? એનો બદલો તું પણ લેતો જા." એમ કહી ગુરૂના ડાબા પર જોરથી ધોકો માર્યો.

આ બનાવથી સહેજે સમજી શકાય છે, કે આ બે ચેલાઓની મૂર્ખાઇ ભરી ભક્તિથી ગુરૂના બન્ને પગનો નાશ થયો અને ગુરૂ ખાટલે પડયા. આ રીત સામાન્ય રીતે મૂર્ખાઇનું પ્રદર્શન કરે છે. પણ આવીજ મૂર્ખાઇ, આપણા કેટલાક દ્રષ્ટિરાગી સમાજ નાયકો પણ કરે છે તે કયાં જગતથી અજાણ છે ?

પોતાના ગચ્છને સારો કહેવડાવવા ખાતર, પોતાનાજ ધર્મના બીજા ગચ્છોને વખોડવા, નિન્દવા–હલકા પાડવા–એ જૈનધર્મ રૂપી ગુરૂના, ગચ્છ રૂપી પગ છેદીને, જૈનધર્મ રૂપ ગુરૂને ખાટલે નાંખ્યા બરાબર છે ! આ સાદી અને સીધી સમજણ પણ આ સંપના અધ્યાપકો સમજી શકતા નથી, આ કેવી વિચિત્ર ઘટના છે? આવા દ્રષ્ટિરાગી નાયકો માટે, આચાર્ય ભગવાન શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજ, શ્રી વીતરાગ સ્તોત્રમાં જણાવે છે.

कामरागस्नेहरागावीषत्कनिवारणौ ।
दृष्टिरागस्तु पापीयान् दुरुच्छेदः सतामपि ॥

(**અર્થ**:—કામરાગ અને સ્નેહરાગ સહેલાઇથી નિવારી શકાય: પણ પાપી એવો દ્રષ્ટિરાગ તો સજ્જન માણસો માટે પણ દુરૂચ્છેદ છે=દુઃખે કરી નિવારી શકાય !)

આ કથન આપણને એજ સૂચવે છે, કે સંપ અને સંગઠનના ઉપાસકો જ્યાં સુધી દ્રષ્ટિરાગી છે, ત્યાં સુધી તે કદિપણ સંપ અને સંગઠન સાધવામાં સફળ નિવડશે નહિ. માટે જેના હૈયામાં સંપ અને સંગઠનની સાચી ધગશ હોય, જેનું સ્વપ્ન સંપ અને સંગઠનનું સામ્રાજ્ય સર્જવા માંગતું હોય તેણે વ્હેલી તકે= પહેલી તકે દ્રષ્ટિરાગને તિલાંજલી આપવી પડશે !

જે પુણ્ય દિવસે આ વાત આપણા સમાજ નાયકોના શોણિતના કણે કણમાં વ્યાપિ જશે અને આ દિવ્યદ્રષ્ટિની પ્રબળ જ્યોત, આપણા મનોમન્દિરમાં ઝળહળી જશે, તે પુણ્ય દિવસે સંપ અને સંગઠનનો ઉજવળ પ્રકાશ આપણી નજર સન્મુખ પથરાએલો હશે ! અને ત્યારેજ આ પુણ્યશ્લોકના અર્થનો અનુભવ–સિદ્ધ આસ્વાદ જણાશે.

खामेमि सव्वे जीवे सव्वे जीवा खमंतु मे ।
मित्ति मे सव्व भूएसु, वेरं मज्झं न केणइ ॥

(**અર્થ**—હું સર્વ જીવોને ખમાવું છું. સર્વ જીવો મને ખમાવો. મારે સર્વ પ્રાણી સાથે મિત્રતા છે. મારે કોઇ સાથે વૈર–વિરોધ નથી આ બન્ને વખતની ક્રિયા આપણને શિખામણ આપે છે કે સદા સંપ અને સંગઠનમાં રહો !

સાહિત્ય–રસિકો માટે

કલિકાલ–સર્વજ્ઞ–શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની સર્વજ્ઞતાનો સાક્ષાત્કાર કરાવતો, અને પંન્યાસપ્રવર–શ્રી ચન્દ્રસાગરજી–ગણીન્દ્રકૃત–આનન્દબોધિનીથી ઓપતો સંજ્ઞા–સન્ધિ–નામકારક પર્યંતનો પ્રથમ—ભાગ બહાર પડયો છે, તે "**શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્**" કિંમત રૂા. ૩૦) ત્રીશથી મંગાવી લેવો.

પ્રાપ્તિસ્થાનઃ—

૧. ઝવેરી જમનાદાસ મોનજી.
ઠે૦ બુલીયન–એક્ષચેંજ, મુંબઇ નં. ૨.

૨. ઝવેરી પાનાચંદ રૂપચંદ.
ઠે૦ ૨૫/૨૭. ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

૩. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી.
ઠે૦ ખારાકુવા, દેહરા ખિડકી, ઉજ્જૈન, (માલવા)

૪. શા. નેમિચંદ તારાચંદ. ૪૦૭, કોટન એક્સચેંજ,
કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨.

૫. શા. મફતલાલ મોહનલાલ.
ઠે૦ રસીકલાલ નગીનદાસની કું, દાદર ગલી,
મુળજી જેઠા માર્કીટ, મુંબઇ નં. ૨.

૬. ઝવેરી મોહનલાલ ગુલાબચંદ.
ઠે. ઝવેરી ભવન, મુ. વલસાડ.

૭. શા. બાબુભાઇ દલપતભાઇ.
ઠે. ભોંયરાપાડો, મુ. ખંભાત. (ત્રાયા આણંદ)

૮. શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર.
ઠે૦ પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઇ નં. ૩

૯. શ્રી સરસ્વતી પુસ્તક ભણ્ડાર,
પં. ભૂરાલાલ કે. શાહ,
ઠે૦ હાથીખાના, રતનપોળ–અમદાવાદ.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ—પૂ. આગમોદ્ધારક-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.
સ્થળઃ—શ્રી નાગજી ભુધરની પોળનો ઉપાશ્રય, મુ. અમદાવાદ.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૫ ના ચાતુર્માસમાં પૂ. દેશનાકારે શ્રી સૂત્રકૃતાંગ સૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધના પ્રથમ-પુંડરીક-અધ્યયન ઉપર અને ભાવનાધિકારે શ્રી વિંશતિસ્થાનક ચરિત્ર ઉપર અમોઘ-દેશના આપી હતી, તેનો સારભૂત સંચય પૂ. પંન્યાસ-પ્રવરશ્રી-ચન્દ્રસાગરજી-ગણિવરના પરમવિનેય મુનિશ્રી સુબોધસાગરજી પાસેથી મેળવીને વાંચકો વિવેકપૂર્વક વાંચી શકે અને વિચારી શકે તે હેતુથી પૂ. પં. પ્રવરશ્રીજી પાસે પેરેગ્રાફાદિ સુધારા-વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય-વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી]

દેશનાના દિવ્ય અવતરણો.

૧ પાપના પોષણમાં આખું જગત્ અને પાપના શોષણમાં કોઇ શોધ્યો પણ જડે નહિ.

૨ જન્મેલાઓને જવાનું નક્કી છે, છતાં જવા પહેલાં જવાની તૈયારી કરો.

૩ અધમ કૃત્યોના ફળ ભોગવવાના અવસરે ધર્મને વગોવો નહિ.

૪ અઢાર દોષના અભાવમાં સર્વત્ર દેવપણું ન સંભવે, પરંતુ અઢાર દોષના અભાવમાંજ અરિહંતપણું સંભવે છે.

૫ કામ-ભોગ સિવાયની વસ્તુઓમાં અપવાદને સ્થાન છે.

૬ પાણીમાં રહી શકાય અને બચી શકાય, પરંતુ કિચ્ચડમાં રહી શકાય નહિ. અને બચી શકાયજ નહિ.

૭ ઘરબાર છોડીને જગતની પંચાત છોડવાની જરૂર.

૮ કર્મરૂપ પાણીમાંથી સહીસલામત નીકળવું સહેલું છે, પણ કામ-ભોગરૂપ કીચ્ચડમાંથી નીકળવું મુશ્કેલ છે.

૯ ચારે મહાવ્રતના પાલનમાં અપવાદને સ્થાન છે, પરંતુ ચોથા મહાવ્રતમાં અપવાદને સ્થાનજ નથી.

૧૦ સોગઠી બાજી જેવા સંકલ્પો અને વિકલ્પો.

૧૧ પૂછેલા પ્રશ્નનો ઉત્તર હાથમાં રાખી પૂછનારા વાસુદેવ-શ્રીકૃષ્ણ.

૧૨ આરાધના કરીને આરાધ્ય થવાનો હક્ક ચતુર્વિધ સંઘની હરકોઇ વ્યકિતને છે.

૧૩ સંકલ્પના હિસાબે અને ફળના હિસાબે વિંશતિ-સ્થાનકની મહત્તા.

આંખની દરકાર ન પાલવે.

શાસ્ત્રકાર ગણધર મહારાજા શ્રી સુધર્માસ્વામીજી મહારાજ જંબુસ્વામિજીને સૂયગડાંગ સૂત્રના અર્થાધિકારને સમજાવતાં આગળ જણાવી ગયા કે જેવી રીતે શ્રમણ ભગવંત મહાવીર મહારાજે પુંડરીક અધ્યયન કહેલ છે તેવીજ રીતે હું તમોને કહું છું. સાક્ષાત્ સાંભળેલી વાતને કહું છું. હવે તે પાઠા ફેર કહેવાતી હોય તો અર્થ જુદો થાય. માટે જેવી રીતે કહેલ છે. તેવીજ રીતે કહું છું. પુંડરીક અધ્યયનમાં વાવડી,

પાણી, કચરો ચારે દિશાના ચાર પુરૂષો, અને તેનું ખુંચવું; તથા પાંચમો ભિક્ષુક તેનું આવવું નહિ ખુંચવું, અને કમળને બહાર લાવવું વિગેરે હકીકત જણાવી તે દ્રષ્ટાન્તરૂપે જણાવી પણ તેમાં શું કહેવા માગું છું ? તીર્થંકર મહારાજાને વાવડી, પાણી, કચરા, આદિની પંચાત શી ? અરે જેણે વીતરાગપણું, જેને રાજ્ય અને મહર્દ્ધિની દરકાર નથી, શરીર આદિની પણ જેને દરકાર નથી, અરે ! આંખને પણ ચોળે નહિ. જે આંખ ઉપર આંગળી ફેરવવી તે તો સ્વાભાવિક ચીજ છે, છતાં તે મહાત્મા શરીર ઉપરના મમત્વ ભાવથી એટલા બધા દૂર થઇ ગયા છે કે આંખની પણ દરકાર નથી. દુનિયાના માણસોને શરીરની દરકાર કદાચ પાલવે પણ આંખની દરકાર તો ન પાલવે.

ધર્મના નામે નાંખો નહિં.

મેઘકુમારે આખું શરીર વોસરાવ્યું. પણ આંખને છોડીને મારા શરીરને ન્હાય જેમ કરો સંથારામાં ધૂળ આવતી હોય તો ભલે આવો. મેં જોઇ લીધું કે તીર્યંચપણામાં સસલા ઉપર જીવદયાની બુદ્ધિથી હું રાજાનો પુત્ર થયો, અને ધર્મ પામ્યો. આ બુદ્ધિ આટલું કામ કરે છે. અહિં જે મેઘકુમાર સાધુ પર દ્વેષ કરે છે, છતાં વિચારે છે કે ન્હાય મને તે દુઃખ કરતા હોય. તો પણ તેમના ઉપર અપ્રીતિ કે ક્રોધ કરવો તે વ્યાજબી નથી. કારણ પ્રથમ મેં બચાવનું બી વાવ્યું છે. એવું સુંદર બી વાવનારો મેઘકુમાર જે જીંદગીનો ભોગ આપે છે. પૂર્વભવમાં રાતદિન સુધી પણ પોતાનો પગ ઉભો રાખીને ત્યાં કાળ કરી ગયો છે. અરે સર્વસ્વ ત્યાં આપ્યું છે. જીવનના ભોગે કરેલ છે. છતાં ત્યાં નમાજ કરતાં મરજીદ કોટે વળગી એવી સ્થિતિ નથી થઇ. ધર્મ કરવા તૈયાર થઇએ છીએ પણ તે ધર્મ કરતાં કદાચ આપત્તિ આવી જાય તો તો કોઇ ઉભો રહે તેવા સેંકડે પાંચ ટકા નહિ હોય. આપણામાં પારકા ધર્મની નિંદા કરનારા ઘણા હોય છે. અરે પોતાને ધર્મ કરવો ન સૂજે એટલે એટલે એવાઓ ધર્મની નિંદા કરે છે કે ફલાણાએ ઉજમણું, ઉદ્યાપન, સંઘ–વિગેરે કાઢવાથી આને આ ફળ મળ્યું. કહો કે સસલાને બચાવવા માટે પગ ઉભો રહ્યો. અને પગ પડયો ત્યાં અગ્નિ અને તેથી મરવું વિગેરે છતાં સસલાની દયાજ કારણ છે. અહિં રંડીબાજી વિગેરેમાં મસ્ત રહેતા હોય. છતાં દુઃખ આવે. નુકસાની થાય. આપત્તી આવે કે તૂર્ત ધર્મના કાર્ય ઉપર દૃષ્ટિ નાંખે. અને ધર્મનેજ નિમિત્ત આપે, પણ પોતાના ખરાબ કર્તવ્ય તરફ જોવું નથી. અર્થાત્ દેવગુરૂ અને ધર્મના નામે નાંખવું છે. વગર લેવા દેવાએ હાલ ધર્મના માથે નાખીએ છીએ.

ઉદ્ધારક–શ્રીભગવાન.

મેઘ કુમારનો જીવ જે હાથી તે વખતે વર્તમાનમાં પરિણામ બગડેલ છે એવો મેઘકુમાર જેવો જો તેની સાથે હોત તો પેલા હાથીને આ જીવદયા તો નજ કરવા દેત. પોતાનો જીવ ગુમાવી પારકી દયા કરવાની તો હોતી હશે ? હવે સાધુપણામાં તો વગર સંબંધે જોડાવા તૈયાર છીએ. જુઓ સાધુપણામાં લક્ષ્મીનો નાશ અને ધર્મનું કરવું એ બે વાત છે અર્થાત્ અહિં સંબંધએ નથી. સસલાની દયામાં તો રાતદિનનો સંબંધ છે. છતાં અહિં મેઘકુમારનો જીવ નસીબદાર કે આપણા જેવા ધર્મથી પતન કરાવનારાઓ નહોતા મળ્યા. નહિં મળેલા તેથીજ મરતાં મરતાં પણ દયાની અનુમોદના કરવા લાગ્યો. કોણ એ હાથીનો જીવ. **जातस्य हि ध्रुवं मृत्युः**

એ હિસાબે તો જન્મેલાનું મૃત્યુ નક્કી હતું. છતાં સસલાના બચાવવાના અંગે જે મારા જીવનનો ભોગ થાય છે. જે વસ્તુ મનુષ્યમાં કે સમ્યક્ત્વમાં મળવી મુશ્કેલ છે, તે તિર્યંચપણામાં અને મિથ્યાત્વમાં મળી છે. અરે જે વસ્તુ દેવ ગુરૂ અને ધર્મના સંયોગે મળે તે વસ્તુ મને દેવગુરૂ અને ધર્મના સંસ્કાર કે સંબંધ વિના મળી. અને આવી જીવદયાથી હું મેઘકુમાર પણે રાજા થયો, અને ધર્મી થયો અરે બોધ પામી સાધુ થયો છું. અહિં હવે જે નિર્ગ્રંથો મને ધૂળ ઉડાડે છે. તે શા માટે? પ્રમાર્જન માટે. છતાં હું અકળાઉં છું તે શા માટે? જે માણસે દરિદ્રને પોતાના લુગડાં આદિ સર્વસ્વ આપેલું હોય, અને તે સારી દશામાં પાંચ દોકડા મળે ભેઇમાની કરતો હોય તો તે કેટલું બધું હાસ્યાસ્પદ ગણાય. કહો કે સસલાના બચાવ માટે કરેલો આત્મભોગ આશ્ચર્ય કારક ન્હોતો લાગ્યો. છતાં અહિં નિર્ગ્રંથો પ્રમાર્જન દ્વારાએ ધૂળ ઉડાડે અને તેથી શરીરને સહાય જેવું દુઃખ પામતાં દેખું પણ દરકાર ન કરવી જોઇએ. કારણ હાલ મનુષ્યપણું પામી. સાધુપણું પામી. તીર્થંકરના વચન સાંભળવા ભાગ્યશાળી થયો છું અને તે સસલાની દયા ભૂલી જઈ આ મનુષ્યપણામાં મારી આ સ્થિતિ કેમ? અહિં મારા તીર્થંકર મહારાજે મ્હારી સ્થિતિ બદલી. હું બહુજ નીચા વિચારમાં આવી ગયો છતાં મને ભગવાને ઉદ્ધર્યો.

જગતના પંચાતીયા.

સસલા જેવાના પરિહારના વિચારો કયાં?, અને નિર્ગ્રંથોની ધૂળ પ્રત્યે ઇતરાજી કયાં? આ બન્ને પ્રકારના વિચારોની તુલના કરતાં મને જે તીર્થંકર મહારાજે ઉદ્ધર્યો છે. અને છેવટે તે પોતાનું આખું શરીર વોસરાવે છે. આટલી હદે ચઢેલા પણ આંખનો અપવાદ રાખે છે. જેને જાતિસ્મરણ જ્ઞાન થયેલ છે. પૂર્વ ભવનું કામ જેણે જાતિએ અનુભવ્યું છે, તે પણ આંખની છુટ રાખે છે. છતાં પ્રભુ મહાવીર તો આંખને મસલવા સરખી અર્થાત્ સ્પર્શ પણ નહિ કરવાના એવા નિર્મમત્વ પુરૂષ જે છે તેને વાવડી પાણી કચરા આદિથી મતલબ કે કામ શું? ધીર ધારનો ધંધો કરનારને પોતાના ઘરાકનીજ પંચાત હોય. આજકાલના વ્રત અવસ્થામાં આવીને ત્યાગી બની બેઠેલાને પણ આખા ગામની અને શેરીની પંચાત અમુકે ધીર્યા, અને અમુકે ઘાલ્યા. અમુકે આમ વ્યાપાર કર્યો અને અમુકે ખોયા. અરે મહાનુભાવ! વ્યાપાર રોજગાર મુકીને આવ્યો, છતાં તેં તો ઓલામાંથી ચુલામાં પેસવાનું કર્યું, ગૃહસ્થપણામાં તો પોતાના લેણ દેણાનીજ પંચાત કરતો હતો, અને હવે તો તેં આખા ગામની પંચાત માથે ઉપાડી.આ પંચાત તને કોને સોંપી? જેમ બાઇઓ નવરી બેઠી નખોદ કાઢે, એના જેવી પુરૂષોની વાત છે. તેમ અહિં મહાવીર મહારાજે રાજ્યપાટ ઘરબાર વિગેરેનો ધંધો અને પંચાત છોડી–તો પછી અહિં વાવડી વિગેરેની પંચાત કરવા નીકળ્યા. જો પોતે વાવડી, પાણી કચરારૂપે તેને માનતા હોય તો જરૂર તું કહે છે તેવી સ્થિતિ મહાવીરની કહેવાય કે ઘરબાર વિગેરેથી પરવાર્યા એટલે આ પંચાત લીધી.

કામભોગનો કીચડ.

આ ઉપરથી મહાવીર મહારાજા નિંદા કરવા નથી બેઠા, તેમ તેવો અર્થ પણ થતો નથી. છતાં ખુલ્લા શબ્દોમાં પ્રભુએ જણાવ્યું કે, આ વાવડીની ચિન્તા કરવા હું બેઠો નથી, પણ દ્રષ્ટાન્તરૂપે તમોને જણાવ્યું છે. જેમ નાનું બચ્ચું

નાનું શીખતી વખતે કોઇના જમે તો કોઇના ઉધાર આદિ રકમો લખે પણ તેમાં અડે કે આભડે તેને કંઇ પણ લેવા દેવા નથી. કંઈપણ લાગતું વળગતું નથી. હવે જેમ નાનું છોકરું સ્લેટ ઉપર જમે–ઉધાર વાટવટાવ કરે છે પણ તેનું તત્ત્વ પેઢી માંડીને તેવું કરવું તેમાં છે. તેમ અહિં વાવડી વિગેરેમાં કંઇ લાગતું નથી. કંઈપણ કરવાનું કે છોડવાનું કહ્યું છે. તેમ ન સમજશો. પણ દ્રષ્ટાન્ત માત્ર છે એમ સમજો. તો બોલ્યા શા માટે ? છોકરાના નામામાં સાચી વાત નથી. પણ શીખવાનો ઉપયોગ પેઢી ઉપર છે. તેમ અહિં દ્રષ્ટાન્તમાં વિધિ નિષેધ નથી, પણ જે હું અહિં વાવડીની જગોપર લોક–પાણીની–જગોપર–લોકમાં પાણીરૂપ કર્મો ભરેલા છે. એક આકાશ પ્રદેશ અનંતી કર્મ વર્ગણાથી ભરેલો છે. પાણીમાં ડુબવા છતાં તરીને બચી શકીએ. એમાં રહ્યા છતાં એમાંથી બચી શકાય. પણ કીચડમાં રહેવું અને તેમાંથી બચવું એ બનતું નથી. તેમ અહિં કામભોગ એવી ચીજ છે કે તેમાંથી રહીને બચી શકાયજ નહી. ચોદમા ગુણઠાણા સુધી કર્મવાળો જીવ છે. સિદ્ધ થાય ત્યારે કર્મ વગરનો થાય છે. હવે કર્મ સહિત છતાં કર્મથી બચે છે. મોક્ષે જાય છે. એટલે કર્મ સહિત પણ કર્મથી બચી શકાય અને તેથી પાણીની જગોપર કર્મને કહેવાય પરન્તુ કામભોગ એવી ચીજ છે કે જેમાં રહ્યા થકી બચી શકાયજ નહિ. જેમ કીચડમાં ઉતરેલો કીચડથી બચી શકે નહિ. પણ ખુંચી જાય. તેમ કામભોગમાં સમજી લેવું.

સાકાર દેવની જરૂર.

મોહથી રહિત–જ્ઞાનાવરણીયાદિ રહિત–દર્શનાવરણીય અને અંતરાયથી રહિત જેમ સિદ્ધોને માન્યા, એટલે ઘાતિથી રહિત માન્યા; તેમ બાકીના ભવોપગ્રાહિક ચારથી રહિત તીર્થંકરને માની લેવા હતા ને ?, અરે ! નિરંજન નિરાકાર જ્યોતિ સ્વરૂપ માની લેવા હતા ને ?; અરે આ વાત સાંભળવી સારી લાગે પણ વિચારમાં તે વાત ટકતી નથી. હવે જો નિરંજન નિરાકારમાં જો ઉતરીયે તો કોઇપણ સ્થાન નથી. કર્મોને ખપાવે ત્યારે નિરંજન નિરાકાર બને છે. કર્મો ખપાવે કયારે ? કે મોહ મલ્લરૂપ શત્રુ સામે લડે–ત્યારે કર્મો ખપાવવાનું બને. દુનિયામાં બધા મોહમાં ફસાયેલા છે. તેના પોષણની રીતિમાં મશગુલ છે. પણ તેના શોષણમાં કોઈ તૈયાર નથી. તેમ તેના શોષણ માટે કોઇ સાધન પણ નથી. હવે એકલા નિરંજન નિરાકાર જ્યોતિ: સ્વરૂપ દેવ માનીએ તો સિદ્ધ ભગવાન થાય. પછી અરિહંતાદિને શેમાં ગણવા ? એકલા નિરંજન નિરાકારવાળા જો ભગવાન્ માનીએ તો પછી મોહશત્રુને જીતવા માટે હથિયાર કોણ આપે ? અને તે તો અરિહંત વિના બીજા આપી શકે નહિ. માટેજ સાકારદેવ અરિહંતની જરૂર છે.

દેવત્વનો ગમક.

હવે અંગ વિના મુખજ કયાંથી ?, અને મુખ વિના શાસ્ત્ર કહેવાનું કયાંથી ?; આથી કેવળજ્ઞાની વિનાના કોઇએ પણ કહેલાં કલ્પિત શાસ્ત્રો થઈ જાય. આપણે ચારે ઘાતિ કર્મના ક્ષયવાળા તીર્થંકર હોય તેથીજ તેઓ શરીરવાળા, મુખવાળા અને શાસ્ત્રોને કહેવાવાળા દેવ માનવામાં અડચણ આવતી નથી. હવે બાકીનાં ચાર કર્મો પડેલા છે. તો પણ દેવ માનવામાં વાંધો નથી. તો પછી આઠમાં વાંધો શો ? તો પ્રથમનાં ચાર ઘાતિ કર્મનો ક્ષય કર્યો છે, પરંતુ (ઘાતીના) તેના ઉદય વિનાના છે. જેમ પાણીમાં ડુબતાને

પાણીમાં તરવાવાળો બચાવે, પણ કચરામાં ખુંચવાવાળો બીજાને કચરામાં ખુંચી જતાં બચાવી શકતો નથી. તેમ અહિં ચારે ઘાતિમાં જેઓ ખુંચેલા છે, તેઓ બીજાને બચાવી શકતા નથી. બાકીના ચાર અઘાતી કર્મો ઉદયમાં હોય તેનો વાંધો નથી. પણ ચારે ઘાતિ કર્મો તો બંધ ઉદય ઉદીરણા અને સત્તાથી ગયેલા હોવાજ જોઈએ, તોજ દેવત્વ માની શકાય. વ્યવહારમાં અઢારે દોષથી રહિત હોય તેને દેવ માનીએ. વળી તે કયા ? તેટલાજ કેમ ? ઓછા કેમ નહિ માનવા કરતાં નિરંજન નિરાકાર માનીએ તો વાંધો શું ? તે માટે કહે છે કે જે દેવ અઢારે દોષથી રહિત તેજ સાચા દેવ સમજવા. વીતરાગ માત્ર અઢારે દોષથી રહિત છે. તીર્થંકર મહારાજા સિવાયના જે સામાન્ય કેવલીઓ છે. તેમાં અઢારે દોષોમાંનો કયો છે ! કહો કે એકે નથી. છતાં દેવ કેમ નહિ ? તો અઢારે દોષમાંનો એકપણ દોષ હોય તે દેવ નહિ તેથી વ્યાવર્તકપણું જણાવે છે. વ્યતિરેક વ્યાપ્તિ છે. શીતતાનો અભાવ તે અગ્નિનો ગમક બને એટલે **अस्त्यत्राग्निः शैत्याभावात्** શૈત્યનો અભાવ તેજ અગ્નિનો ગમક છે. હવે જ્યાં જ્યાં શૈત્યનો અભાવ હોય ત્યાં ત્યાં અગ્નિ તો હોયજ એમ નહિં અઢારે દોષનો અભાવ ત્યાં દેવત્વ હોય, એવો નિયમ નહિં. પણ જ્યાં જ્યાં દેવત્વ ત્યાં ત્યાં અઢારે દોષનો અભાવ તો હોય. એમાં વાંધો નહિ, દેવત્વનો ગમક છે.

રહી શકાય નહિં અને બની શકાય નહિં.

સંબોધ સિત્તરિ કારે કહ્યું છે કે અઢારે દોષો જેનામાં નથી, તેવા દેવોને હું નમસ્કાર કરું છું. આપણે જે કુદેવ માનીએ છીયે. તે અઢાર દોષની અપેક્ષાએ. એટલે જેમાં અઢારે દોષ કે તે માંહેનો એક પણ હોય તેને સ્વપ્ને પણ દેવ તરીકે માનીએજ નહિ. જ્યાં જ્યાં દેવપણું ત્યાં ત્યાં અઢાર દોષનું રહિતપણું હોય. જ્યાં કામ–ભોગપણું હોય ત્યાં દેવપણું પાલવે નહિં. ઇતર–દર્શનકારો કહે છે કે અમારા ઈશ્વર નિર્લેપ છે. તેમની પાસે રાધા કે પાર્વતી આવે તોયે અડચણ નથી. તેમ આપણામાં કેવળજ્ઞાની થયાં પછી કોઈ બાયડી રાખે તો શું ?, તેનું કેવળજ્ઞાન જાય તેમ છે ?, કહો કે જાય નહિ. પરન્તુ કેવળજ્ઞાની તો બાયડી રાખેજ નહિં. બાયડી રાખે તે કેવળજ્ઞાની થાયજ નહિ. કર્મનો બંધ સમયે સમયે હોય. શાતાનો બંધ અને તે કર્મનો પણ તોડ થયા કરે છે, પણ મોહમાં નહિ. કામભોગ શીવાયની વસ્તુમાં જ્ઞાની ન્હાય જેમ કરે. જેમ વર્ષામાં તેઓ ચાલે કે વર્ષા વગર ચાલે તેની અડચણ નહિં, તેમ વિહાર રાત્રિએ કે દિવસે કરે તો વાંધો નહિ. પણ કામભોગમાં તેમ ન ચાલે કારણ તેમાં રહેવું અને બચવું મુશ્કેલ છે. આથી પાણીમાં રહેવું અને બચવું શકય છે, પણ કચરામાં રહેવું અને બચવું શકય નથી.

અપવાદ વગરનું મહાવ્રત.

જીવ હિંસાદિ ચારે વ્રતમાં અપવાદ છે. સાધુ કાચા પાણીના છાંટા પણ ન લે. છતાં આખી નદી ઉતરે–કહો કે શું ?, અપવાદને અંગે–છુટ; હિંસામાં છકાય જીવની દયા પાળવી જોઈએ છતાં અપવાદ રાખ્યો. જુઠમાં; જેમ વિહારમાં મૃગલા જોયા. "મૃગલાં ગયા છે ?, એમ જોયું છે. પારધી આવ્યો" અને પુછયું ત્યારે મૌનપણે રહેવું પણ કહેવાની દરકાર ન કરવી. કદાચ જવાબ દીધા વિના છુટકો નથી, તો પછી નથી જાણતો

એમ બોલે ટીકાકારોનો તો અર્થ કંઇ જગે લગાડવાનો છે તે સમજતા નથી. દુનિયામાં પુરૂષને અંગે કુઆ મામા તરીકે પ્રશ્ન ઉદ્ભવે પણ તેને અંગે પુઆ કે ફોઇ તરીકેનો પ્રશ્ન ઉદ્ભવવાનો સંભવ નથી. હવે અહિં મૃગલાને પોતે જાણે છે તો પણ એવું જે વાકય બોલાય છે. તે મૃષાવાદના અપવાદ માટે છે. સૂત્રકારે છુટ્ટી આપી કે હું જાણું છું છતાં **નો જાણંતી** એમ ઇતિથી ઉપસંહાર કહેવો. **નો જાણેજ્જા** એમ ન બોલ્યા. જેઓ ટીકાને સમજતા નથી. તેઓ ખોટો બકવાદ કરે તેને માટે સ્થાન નથી. હવે જેમ હિંસામાં અપવાદ તેમ જુઠમાં પણ અપવાદ સિદ્ધ થયો. અદત્તાદાનમાં પણ ત્રણ ખંડના રાજ્યના માલીકના ગામમાં સંથારો કરેલ છે. ચોરીનો આરોપ આવ્યો છે. અને ખાલી કરવા કહે છે. પણ શકિતમાન સાધુએ જવાબ આપ્યો કે, જા નથી જાતા. એમ જવાબ આપ્યો. ત્યારે તે નહિ આપેલી જગ્યાનું પણ ગ્રહણ કર્યું. તે અદત્તાદાન થયું ને અરે, કોઇના ઘરમાં પેઠો અને ત્યાંથી નીકળવાનો પ્રસંગ આવ્યો. વરસાદ વર્ષી રહ્યો છે. અમાવસ્યાની રાત્રી, સાધુનો સમુદાય. તેવામાં કોઇ કહે હાલ નિકળો તો પછી નથી નીકળતા એમ કહેવાનો પ્રસંગ આવે ત્યારે અદત્તાદાન લાગે. છતાં તેવી છુટ શાસ્ત્રકારે આપી. પરિગ્રહમાં ધર્મોપગરણ તરીકે અપવાદ છે. અહિં પૈસા, વાડી વિગેરેની છુટ નહિં લેતા. પ્રસંગો ખ્યાલમાં રાખશો કે કયા સ્થાને જુઠું આદિ બોલવું. તે અપવાદો ધ્યાનમાં લેવાના. ચારે વ્રતમાં અપવાદ છે. પણ ચોથા મૈથુનવિરમણવ્રતમાં અપવાદ નથી. તે ખ્યાલમાં રાખો અને તેથી કામભોગ તે કચરો અને તેમાં રહેવાથી પોતે ન બચે તેમ બીજાને પણ ન બચાવી શકાય. માટે ભગવાન મહાવીર મહારાજે વાવડીના કચરા સ્થાને જગતના કામ. ભોગની ઉપમા આપી. હવે કમળ–મુસાફરો ભિક્ષુક તરીકે કમળતા ઉડવા તરીકે કોને કોને ગણવા તે અગ્રે જણાવશે.

સહાયકોને.

સહાયકોની સુંદર સહાય ઉપર નભે છે માટે પૂ. સાધુ સાધ્વીઓને, ધાર્મિક સંસ્થાઓને, અને જે જે વ્યકિતઓને આ માસિક ભેટ (વગર લવાજમે) મોકલાય છે. તેઓએ યથાશકિત ઉદ્યમવંત થઇને આર્થિક મદદ મોકલવા–મોકલાવવા પ્રબંધ કરવા વિનંતિ છે.

ચાલુ વર્ષમાં પૂ. સાધ્વીઓએ, શ્રી સંઘોએ અને જે જે વ્યકિતઓએ આ માસિકના વાંચનની કદર કરીને જે જે ભેટ રકમો મોકલી છે તે સર્વનો સમિતિ સાદર આભાર માને છે એજ.

લિ૰ તન્ત્રી.

ભાવનાધિકાર.

સોગઠી બાજી જેવા શબ્દો-વિચારો.

શાસ્ત્રકાર મહારાજ જીનહર્ષસૂરિજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે વિશંતિ સ્થાનક ચરિત્રની રચના કરતાં થકાં આગળ જણાવી ગયા કે--જગતમાં દેશભેદે, કાળભેદે, પુરૂષભેદે ઘણા પ્રકારના તપો જૈન શાસનમાં કહેવામાં આવ્યા. પરંતુ વીસ સ્થાનકની તપસ્યા જેવું એક પણ તપો અનુષ્ઠાન નથી. વખતની અપેક્ષાએ વિચારીએ તો શ્રી વર્ધમાન-આયંબીલ તપ-જબરજસ્ત છે. છતાં શાસ્ત્રકાર શા માટે વીસ સ્થાનકને મોટું બીરૂદ આપે છે? શું તેઓ અચામામ્લ તપ નહિં જાણતા હોય. અરે તે તપ અનાદિથી શાસ્ત્રમાં ઉલ્લેખીત છે. તેની વિધિ વધારે નહિ. પણ એક આંબિલ એક ઉપ૦ તેમ બે ત્રણ ચારના આંતરે આંતરે ઉપવાસ યાવત્ ૧૦૦ સુધી સમજવાનું. એ હતું છતાં વીસ સ્થાનક વધારે શાથી? તપસ્યા કે દિવસના કામના અપેક્ષાએ તે વધારે નથી. પરંતુ ખરેખર. જે તેમાં વધારો છે. તે આરાધનાના ઉપયોગમાં વિશસ્થાનકની જે આરાધના તે આખા જગતના જીવો ત્યાગી થઇ જાઓ એવી બુદ્ધિ કે ભાવના છે. આપણે શબ્દ સાંભળીએ કે બોલીએ છીએ તે સોગઠીબાજી જેવા શબ્દો બોલીએ છીએ. પારકી સોગઠીનો મારવાનો વિચાર કરીએ, પણ પોતાની સોગઠી બરોબર રહેવી જોઇએ. બીજાની સોગઠી મરે ત્યા આનંદ પણ પોતાની મરે તો કેડમાંથી દુણાળા થઇએ. બીજો કોઇ દીક્ષા લે અને પાપથી છુટો થાય ત્યારે. ધન્ય ભાગ્ય કહીએ. પણ મારી સોગઠીને એટલે મારાં છોકરાંને અડશો નહી. મારી સોગઠીને કોઈ પાછી ન કરશો, પોતાના ઉપાયે સોગઠીને ઉંધી ચલાવવા પણ ખુશી નથી. તેમ આ જીવ પોતાના સંબંધી અને સગાંઓ આશ્રવવાળા પાપમાં ખૂંચ્યા રહે તેની ફીકર નથી. પણ બીજો તરી ગયો. સંસારથી પાર ઉતર્યો તેમાં રાજી રહે આ બધા શબ્દો અને વિચારો સોગઠી બાજી જેવા છે.

નિર્ણિત ઉત્તર પૂર્વકનો પ્રશ્ન.

વીસ સ્થાનકમાં તો એ ધ્યેય હોય છે કે પ્રથમ પોતાના કુટુંબને ત્યાગી બનાવે પછી જીવોને આ વાતથી ખ્યાલ આવશે કે કૃષ્ણ મહારાજા પોતાના ફરજંદોને જાણી જોઇને જોર જુલ્મથી દીક્ષા અપાવે છે. રાણીઓ કુંવરીને શણગારીને પોતાના બાપા પાસે વરવા માટે મોકલે છે. ત્યાં કૃષ્ણજી પ્રશ્ન કહે છે. પણ તે કેવો કે જેનો ઉત્તર પોતાની પાસે છે. નાના છોકરાને ડાહ્યો કે ગાંડો પૂછીએ તેમાં તે ડાહ્યોજ કહે પણ ગાંડોજ બોલે તેમ નથી. કૃષ્ણજી પણ પ્રશ્ન કરે છે કે કુંવરીઓ તમારે રાણી થવું છે છે કે દાસી? કહો આનો ઉત્તર પોતાની પાસે છે ને? પણ એમ નથી પુછતા કે શી ઇચ્છા છે? અનિચ્છિત પ્રશ્ન નથી પૂછતા. જેનો જવાબ નક્કી કરી રાખેલો છે, તેવોજ પ્રશ્ન અહિં પુછે છે અને ઉત્તરમાં રાણી થવાનો જવાબ આપે છે.

દાસી થવાનું કોઇ પસંદ ન કરે. હવે રાણી થવાનો જવાબ આપેલો છે. તેથી પોતે કહે છે કે તમોને જે જગે હું વરાવીશ ત્યાં તમારૂં દાસીપણું મટવાનું નથી. આમાં ઉત્તર દેવાનું સ્થાનજ નથી. એકાંત રાણીપણું તો કયાં મળવાનું નથી. કારણ જ્યાં નાંખુ ત્યાં તો રાજા મારો દાસ છે, એટલે દાસીપણું તો સદા રહેવાનું. કારણ ત્રણ ખંડનો અધિપતિ વાસુદેવ તરીકે પોતે છે. તેથી પરણાવવામાં તો દાસીપણું છે. હવે રાણી થવું છે. દાસીપણું અંશે પણ ન જોઇએ તો મારી રાણીઓ દાસીઓ છે. પ્રથમ બીજાની રાણીઓ દાસી.

આરાધનાનો સમાન હક.

હવે જે નેમનાથજી મહારાજની સાધ્વીઓ આગળ મહારાણીઓ દાસીઓ હતી અને તન મનથી તુંહિ તુંહિ કહે છે. માટે તમો કુંવરીઓ સાધ્વીના સમુદાયમાં ભળો તો રાણીપણું છે. પારકા છોકરાને મુંડવાની વાત નથી. પોતાના ફરજનોને મુંડવાની વાત છે. હવે સોગઠીને રહાય જેટલી ન મારવા દે. પણ કલ્લાક પછી તે રમત બંધ થશે. એટલે તો ઉઠવાનું છે. તેમ કુટુંબને રહાય જેટલું પકડી રાખીએ. પણ વખત આવે આંખ મીંચીને જવાનું જ છે. સોગઠા બાજી ઉપડે ત્યારે સોગઠી રહેતી નથી, તેમ અહિં રહાય જેટલું રાખો પણ અહિં તો આડા પગે નીકળવાનો પ્રસંગ આવે કે જવાનું છે. પોતાના કુટુંબને અંગે ત્યાગની કેટલી બધી તમન્ના કે જે ભોગ માર્ગમાંથી રોકીને ત્યાગ માર્ગે લઇ જાય છે. જો કે કૃષ્ણજી પોતે અવિરતિ છે, છતાં એકે કુંવર માટે પણ કન્યાનું માગું નહિ. તેમ કુંવરીઓને અંગે વરનું માગું નહિ. આ તો અવિરતી છે. દેશવિરતિવાળા નહિ. કહો કઇ દશાએ. આ કારણથી વિશતિસ્થાનકની તપસ્યા ઉંચા નંબરે ગણાઇ. દ્રવ્યથી ઉંચી નથી. પણ ત્યાગની ભાવના અતિ છે. અને જગત ઉદ્ધારની ભાવના છે અને તેજ પરિણામ છે.

માનવંતા ગ્રાહકોને.

"પ્રથમ અંકની પ્રાપ્તિ પછી લવાજમ સમિતિને પ્રાપ્ત થયું નહિ હોય તો બીજો અંક વી. પી. થશે તે સ્વીકારવા સાદર ભલામણ છે." આ પ્રથમ અંકની જાહેરાત મુજબ ચાલુ અંકથી વી. પી. શરૂ થાય છે માટે દરેક ગ્રાહકને વિનંતિ પૂર્વક સ્વીકારી લેવા ભલામણ છે.

આશા છે કે અસહ્ય મોંઘવારીના સમયમાં કાગળ-મુદ્રણ-મજુરી-પ્રેસ મેટર આદિ પાછળનું ખર્ચ વિચારતાં આ માસિકનું વાર્ષિક લવાજમ જૂજ છે, છતાં નક્કર-વાંચન સિદ્ધાન્ત દોહન સુધા સાથે નવ નવ રસવતી-પૂર્વક પીરસાય છે. માટે ચાલુ વર્ષમાં ગ્રાહક રહીને માસિકની મહત્વતા વધારવા કટીબદ્ધ થશો. સાથે સાથે નવીન ગ્રાહકો વધારીને અમારા ઉત્સાહને પ્રોત્સાહન આપશો.

ચાલુ વર્ષમાં ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય તેમણે તુરત નીચેના સરનામે લખી મોકલવું કે જેથી વી. પી. ખર્ચનું નુકસાન ધાર્મિક સંસ્થાને ન થાય.

પત્રવ્યવહારાદિ પૈસા ભરવાનાં સ્થળ—

૧. ઝવેરી પાનાચંદ રૂપચંદ
ઠે. ૨૨૪ શેખમેમણ સ્ટ્રીટ, મુંબઇ નં. ૨

૨. શા. ગુણવંતલાલ જેચંદભાઇ ઝવેરી
ઠે. ગોપીપુરા આંબાગલી મુ. સુરત.

તેથી વીશસ્થાનક તપની આરાધના કરવાવાળો આખા જગતને પાપમાંથી બચાવવાવાળો હોય છે. પરિણતિની અપેક્ષાએ વીશસ્થાનકની કિંમત ગણી. અને તેથી તપો ઘણા હોય છે. પણ વીશ સ્થાનક જેવા તપના પરિણામવાળું બીજું તપજ નથી આ તપસ્યા આપણાથી કેમ થાય? એ તો તીર્થંકરો કરે. આપણે તો કાગ જેવા છીએ અને તેઓ હંસ જેવા. હંસનું અનુકરણ અને તેની ચાલે ચાલવું કાગડાથી ન બને. તેથી તીર્થંકરોની તપસ્યાનું અનુકરણ આપણાથી બનેજ કેમ? વાત ખરી. પરંતુ તીર્થંકરોએ વીશસ્થાનકની તપસ્યા કરી પણ બીજાએ તેવી તપસ્યા ન કરવી એવું કંઇ નથી. જેમ હંસમાં પંચેન્દ્રીયપણું, તિર્યંચપણું આદિએ કાગડામાં સરખાપણું છે. તેવીજ રીતે વીશસ્થાનકની તપની આરાધના કરવાનો હક્ક દરેકને છે. અરે ખુદ તીર્થંકર નામકર્મ બાંધવાવાળા તીર્થંકર પદ ભોગવીને મોક્ષે ગયા છે.

સંકલ્પના હિસાબે વિશંતિસ્થાનકની મહત્તા.

તપની અંદર અનેક પ્રકારના તપો છે. દાન–શીયળ અને ભાવનાના ભેદો નિયમિત છે. તેની દેશ કાળ ભેદે ભિન્નતા સ્પર્શતી નથી, પરંન્તુ તપ એવી ચીજ છે કે દેશે દેશે. કાળે કાળે ભિન્નતા સ્પર્શી રહી છે. ઉદ્દેશો, વિધિઓ રીતિઓ બધું તપમાં ભિન્ન છે. માનો કે ચંદનબાલાનો અઠમ તે ઋષભદેવજીથી લઇ પાર્શ્વનાથજીના વારા સુધીમાં નહિ. છતાં શ્રીમહાવીર સ્વામીજીના વારામાં થયેલો તે અઠમ ગણવો કે નહિ. તો કહો કે ગણાય. કારણ સ્વરૂપમાં ભિન્નતા ન થાય. કદાચ કહો કે દિવસે ઉપવાસ અને રાત્રીએ પારણું એમ ન બને. કૌશામ્બી જેવી નગરી અને મહાવીર મહારાજા જેવા ભિક્ષુક ચંદકબાળાના અઠમના પારણામાં બાકળાનું વહોરાવવાનું અનુકરણ તે આ ચંદનબાલાના તપનું નિમિત્ત છે. બીજો હેતુ નહિં. પરંતુ તપસ્યા એવી ચીજ છે કે કે ક્ષેત્ર ભેદે અને દેશ ભેદે ભિન્ન થઇ શકે છે. હવે મગધ દેશમાં દિનરાત્રિના ઉપવાસ હોય છે. તો ગુજરાતમાં દિવસના જડશે? તો તે ન બને. સ્વરૂપ તો એકજ જાતનું રહેવું જોઇએ. તપસ્યા અનેક પ્રકારની પરંન્તુ વીશસ્થાનકની તપસ્યાની તુલનામાં કોઇ આવી શકતી નથી. વીશસ્થાનક તે દસ વર્ષનું પ્રમાણ, અને ઉપવાસ આયંબીલ એકાસણાથી કરે તો પણ તપસ્યાના સ્વરૂપમાં ફરક નહિં. શ્રી વર્ધમાન તપ ચૌદ વર્ષે પણ પુરો ન થાય તેમાં તો ૫૦૫૦ આયંબીલ અને ૧૦૦ ઉપવાસ આવે છે. વિશસ્થાનકના તપમાં

ચારસો દિવસને અને અહિં વર્ધમાન તપમાં તો કેટલા ગુણા દહાડા છે. છતાં તમો વીશસ્થાકને ચઢાવો છો તે શાથી? તપસ્યાની અપેક્ષાએ કાળની અપેક્ષાએ વર્ધમાન તપ ચઢી જાય એમાં ના કબુલ નથી, પરંતુ અસ્ખલિતપણે જગત સમથ જીવોના ઉદ્ધારની કલ્પના સંકલ્પ તે વીશસ્થાનકની અપેક્ષાએ બીજામાં નથી. શાથી વીશસ્થાનક તપની મહત્તા બતાવી? તો સંકલ્પના હિસાબે. કયો સંકલ્પ? જગત જીવ માત્રના ઉદ્ધારનો. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પાંચમાં જે અરિહંત પદવી તે વીશસ્થાનક કે તે માંહેના એક પણની આરાધના વિના બની શકે નહિ. હવે તેનાં પદોની વિચારણા અગે વર્તમાન.

શ્રી પ્રશ્નોત્તર પિયૂષાબ્ધિનો સુધારો.

વર્ષ–૧૩, અંક–૧૨, પા. ૨૮૦ કોલમ પહેલી લીટી ૧૪,

મરહિયંતિ ના બદલે ગરહિયંતિ

ઇતિ પછી લખેલા અર્થને બદલે

ક્રોધાદિક ચાર કષાય અને નિંદવા લાયક જે કર્મ તે અવદ્ય કહેવાય છે તે અવદ્યે કરીને સહિત મન વચન કાયાનો જે વ્યાપાર તેનું પચ્ચખ્ખાણ કરાય છે.

કોલમ બીજી લીટી ૧૨ થી શરૂ આ લીટી રહી ગઇ છે –

સ્નાત્ર પૂજા વિધેય તરિકે હોય તો પછી તે સામાયિકવાલાને

કોલમ બીજી લીટી ૧૭ ઇત્યાદિના પછી–પ્રાયે કરીને

,, લીટી ૨૭ ભાષાને બદલે ભાષ્ય

વર્ષ–૧૪, અંક–૧, પા–૧૭ કોલમ પહેલી લીટી ૩૦ બીજોથી શુદ્ધી થાય છે ત્યાંસુધીની જે બે લીટી છે તે ખોટી છે તેના બદલે નીચે મુજબ જોઇએ.

બીજો એટલે બીજું પ્રાયશ્ચિત કે જે પ્રતિક્રમણ નામનું કહેવાય છે તે પણ ફકત એકલુંજ પ્રતિક્રમણ. કારણકે પહેલામાં એકલું આલોચન હોય છે એટલે ફકત બનેલી બીના ગુરૂભગવંતોને નિવેદન કરવી એટલુંજ આલોચન નામના પ્રાયશ્ચિતમાં હોય છે જ્યારે બીજા પ્રાયશ્ચિતમાં કેવલ પ્રતિક્રમણ એટલે પાપથી પીછા હઠવું તે પણ આલોચન વગર ત્યારે શંકા થશે કે આત્મા બીજા પ્રાયશ્ચિતને લાયક કયારે બને? તો તેના ઉત્તરમાં સમજવું કે સહસાકાર અને સમિતિ ગુપ્તિનો ભંગ થવાથી બીજા પ્રાયશ્ચિતને લાયક બને છે ત્યારે તેની શુદ્ધિ શું કરવાથી થાય? તો સમજવું કે અનુતાપ એટલે પશ્ચાતાપ કરવાથી અથવા મિચ્છામિ દુક્કડં દેવાથી.

આ ઉપરથી સમજવાનું કે દોષ-લાગી જવા માત્રથી અનુષ્ઠાન છોડી દેવું એ કોઇપણ રીતે ઉચિત નથી.

અખિલ ભારતવર્ષીય શ્રી વર્દ્ધમાન તપ સહાય સમિતિ.

ચાલુ વર્ષના સહાયકોની મુંબઇ મુકામની શુભ નામાવલી.

૨૦૧)	શેઠ	માણેકલાલ ચુનીલાલ	વાલકેશ્વર, હેંગીંગ ગાર્ડન પાસે, મુંબઇ
૨૦૧)	,,	મૂળચંદ બુલાખીદાસ,	ઠે. પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ
૨૦૧)	,,	જમનાદાસ મોનજી	ઠે. બુલીયન એકસચેંજ, મુંબઇ નં. ૨
૨૦૧)	,,	ચીમનલાલ ડાહ્યાભાઈ	ઠે. જયંત મેટલ વર્કસ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ
૨૦૧)	,,	પોપટલાલ કેવળદાસ	મુંબઇ
૨૦૧)	,,	જીવાભાઇ કેશરીચંદ	,,
૨૦૧)	,,	મોહનલાલ મગનલાલ	ઠે. સુંદર ચોક, મુળજી જેઠા માર્કેટ, મુંબઈ
૨૦૧)	,,	હાથીભાઇ ગલાલચંદ	મુંબઇ
૧૦૧)	,,	ઝવેરી પાનાચંદ રૂપચંદ ઘેલાભાઇ	ઠે. ૨૨૪, શેખમેમન સ્ટ્રીટ, મુંબઇ નં. ૨
૧૦૧)	,,	ભાયચંદભાઇ નગીનદાસ ઝવેરી	ઠે. પાયધુની, શ્રી ગોડીપાર્શ્વનાથનું મંદિર, મુંબઇ
૧૦૧)	,,	શાન્તિલાલ મગનલાલ	મુંબઇ
૧૦૧)	,,	મગનલાલ લાલજીભાઇ	ઠે. વિઠ્ઠલદાસ ઠાકોરદાસની કું., બુલીયન એકસચેંજ, મુંબઈ
૧૦૧)	,,	કલ્યાણજી વી. મહેતા	મુંબઇ
૧૦૧)	,,	વાડીલાલ દોલતરામ	ઠે. સુતર બજાર, મુંબઇ
૧૦૧)	,,	રતીલાલ છબીલદાસ	મુંબઇ
૧૦૧)	,,	નટવરલાલ મોહનલાલ	,,
૧૦૧)	,,	ગોવિંદજીભાઈ વિઠ્ઠલદાસ	,,
૧૦૧)	,,	વી. બી. કુસુમગર	,,
૧૦૧)	,,	ચંદુલાલની કું પની (લાખવાળા)	મુંબઇ
૧૦૧)	,,	કસ્તુરચંદ નાનચંદ	,,
૧૦૧)	,,	જેશંગભાઇ સાંકળચંદ	ઠે. બુલીયન એકસચેંજ, મુંબઇ નં. ૨
૧૦૧)	,,	સોમચંદ ચુનીલાલ	મુંબઇ
૧૦૧)	,,	ચુનીલાલ ગુલાબચંદ	,,
૧૦૧)	,,	છોટાલાલ દેવશીભાઇ	,,
૧૦૧)	,,	રાયચંદ મોતીચંદ	,,
૧૦૧)	,,	મણીલાલ હેમચંદ પાટણવાળા	,,
૧૦૧)	,,	પ્રેમચંદ છોટાલાલ પાટણવાળા	,,
૧૦૧)	,,	પુલચંદ પરશોતમદાસ તંબોલી	,,
૧૦૧)	,,	દલસુખભાઇ અમથાલાલ	,,

૧૦૧) શેઠ અંબાલાલ અમીચંદ મુંબઈ
૧૦૧) „ મણીલાલ ચીમનલાલ એન્ડ કું. „
૧૦૧) શ્રી શાહ હ. લલ્લુભાઈ રાયચંદ „
૧૦૧) શેઠ કુલચંદ શામજી „
૧૦૧) „ ચંદુલાલ ખુશાલચંદ „
૧૦૧) શ્રી સેન્ડહર્સ્ટ રોડના ઉપાશ્રયેથી „
૧૦૧) શ્રી લીંચ જૈન સંઘ તરફથી „
૫) શ્રી શાહ હ. વાડીલાલ જેઠાલાલ „

૪૪૪૧)

ઉપર મુજબની રકમો મુંબઇ મુકામે ભરાવવાનું કાર્ય સમિતિના કાર્યવાહકોએ વિ. સં. ૨૦૦૩ ના બીજા શ્રાવણ વદ ૧૧ ને ગુરૂવારથી શરૂ કર્યું હતું. જેઓએ પૈસા ન ભર્યા હોય તેઓએ **ઝવેરી જમનાદાસ મોનજી, બુલીયન એકસચેંજ મુંબઇ નં. ૨** ના સરનામે ભરી જવા વિનંતિ છે.

અખિલ ભારતવર્ષીય શ્રી વર્દ્ધમાન તપ સહાયક સમિતિના ચાલુ વર્ષના સહાયકોની અમદાવાદ મુકામની શુભ નામાવલી.

૫૦૦) શેઠ ગીરધરલાલ છોટાલાલ ઠે. ઝાંપડાની પોળ, મુ૦ અમદાવાદ
૫૦૦) „ ગીરધરલાલ છોટાલાલના ધર્મપત્ની બાઇ ચંચળ તરફથી
૨૦૧) „ સુમતિલાલ પોપટલાલ મનસુખરામ ઠે. નાગજી ભુધરની પોળ, અમદાવાદ
૧૦૧) „ નાનાલાલ કેશવલાલ ઠે. મરચંટ સોસાયટી „
૧૦૧) „ છગનલાલ ખેમચંદ ઠે. મુહુરત પોળ „
૧૦૧) „ ફકીરચંદ ઇશ્વરલાલ ઠે. લુણસાવાડો „
૧૦૧) „ અજીતભાઇ જયંતીલાલ ઠે. કાળુશાની પોળ „
૧૦૧) „ ચીનુભાઇ મનુભાઈ ઠે. મસ્કતી મારકીટ „
૧૦૧) „ ભોગીલાલ ત્રીકમલાલ „ „ „
૧૦૧) „ કેશવલાલ ગીરધરલાલ „ „ „
૧૦૧) „ ચીમનલાલ ગીરધરલાલ „ „ „
૧૦૧) „ મણીલાલ છગનલાલ ઠે. સુરદાસ શેઠની પોળ „
૧૦૧) „ મીઠાલાલ ડાહ્યાભાઈ ઠે. મરચંટ સોસાયટી „
૫૧) „ વાડીલાલ વનમાળીદાસ ઠે. કાળીશેરી, મુ૦ **કડી** (ગુજરાત)

૨૨૬૨)

ઉપર મુજબ રૂ. ૨૨૬૨) અમદાવાદવાળા શેઠ ગીરધરલાલ છોટાલાલના અથાગ પ્રયત્નથી પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવર્યની શુભ પ્રેરણાથી હમારી સમિતિને ચાલુ વર્ષમાં ભેટ મળ્યા છે. તેથી પ્રેરણા કરનાર, પ્રયત્ન કરનાર અને ભેટ મોકલનાર સખી ગૃહસ્થોનો આભાર માનીયે છીએ. અને હજુ વધુ રકમો મિત્ર મંડળમાં ભરાવીને હમોને આભારી કરશો.

મુંબઇ પાસે ઘાટકોપરના પરામાં રાયબહાદુર શેઠ દેવજી ટોકરશી મુલજી જે. પી. અને શેઠ સિંગજી વિક્રમશીજીની ખાસ પ્રેરણાથી અને શેઠ નેમીદાસ તારાચંદના

અથાગ પ્રયત્નથી નીચેની રકમો સમિતિને મદદ માટે ભરાઇ ચુકી છે.

૨૦૧) શેઠ ટોકરશી મુળજી
૨૦૧) ,, સીંગજી વીક્રમશી
૨૦૧) ,, ભાયચંદ અમુલખચંદ
૨૦૧) ,, નરોત્તમદાસ કેશવલાલ
૧૦૧) ,, લક્ષ્મીચંદ મંગળજી
૧૦૧) ,, લાલજી પુનશી
૧૦૧) ,, હીરજીભાઇ ઘેલાભાઇ
૧૦૧) ,, નેમીચંદ લખમશી
૧૦૧) ,, નેમીદાસ તારાચંદ
૧૦૧) ,, વછરાજ વીરચંદ
૧૦૧) ,, નેણશી વીરજી વોરા
૧૦૧) ,, ગુલાબચંદ ગફલભાઇ
૧૦૧) ,, નાનચંદ પરમાનંદ
૫૧) ,, હરીલાલ ગીરધરલાલ
૫૧) ,, ઠાકરશીભાઈ ઘેલાભાઇ
૫૧ ,, છોટાલાલ જીવણલાલ
૫૧) શ્રી
૭૫) શ્રી

———

૧૯૯૨)

॥श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર.

(ગયા અંકથી ચાલુ)

બહુ જનસમુદાય સાથે અનેક વિધ અપકારાદિ કૃત્યો કરીને વિરોધ કર્યો હોય તેવા વિરોધિઓ સાથે સંગ-સંબંધ-લેવડદેવડ રાખવી તે ચોથું. વળી દેશ-નગર-ગ્રામ-જ્ઞાત-કુલાદિના આચારથીવિરૂદ્ધ કર્યું હોય અથવા દેશાદિના આચારનું ઉલ્લંઘન ન કર્યું હોય પરંતુ ઉલ્લંઘન કરનાર સાથેનો સંપર્ક આદિ સાધ્યા હોય તે પાંચમું લોક વિરૂદ્ધ. દેશકાલ વૈભવ વય અવસ્થાદિને ઉચીત નહિં એવા વસ્ત્ર-પુષ્પાદિ ભોગ સામગ્રીઓ વડે કરાતાં દેહ, સત્કારાદિ અને ધનનો વ્યય વિગેરે જોઈને ગંભીરતા ગુમાવીને જનસમુદાય સમક્ષ તે ઉપરની વાતોનું નિરકુંશપણે પ્રકાશન કરવું તે પણ છઠું લોકવિરૂદ્ધ છે. અન્ય આચાર્ય આ વાતને જણાવતાં કહે છે કે-દેશ કાલ-વૈભવાદિને અનુચિત દાનાદિ કરવાવાળો લોકમાં હાંસી પાત્ર ઠરે છે તેથી તે લોક વિરૂદ્ધ છઠું છે એમ સમજવું. ગાથા ૯.

ગુણવન્ત જીવોને આવી પડેલ આપદાઓનું અવલોકન કરીને હૃદયમાં સંતોષ પામવો, આપત્તિમાં આવી પડેલ સાધુ પુરૂષોનું રક્ષણ કરી શકાય તેવું બલ-સંયોગ સામગ્રી હોવા છતાં રક્ષણ ન કરવું તે પણ સાતમું લોક વિરૂદ્ધ છે. આ ઉપર જણાવેલાં સાત લોક વિરૂદ્ધનો ત્યાગ કરવો આદિ શબ્દથી ચાડી-ચુગલી-આળ તમોહમત દેવાં વિગેરેથી વિરામ પામવું. એટલે ઉપર જણાવેલાં લોક વિરૂદ્ધો વિગેરે જાણવા લાયક છે, અને સમસ્ત પ્રકારે પરિહરવા લાયક છે. ગાથા ૧૦.

સુંદર ગુરૂનો યોગ.

પૂર્વે જણાવેલો દીક્ષાનો અનુરાગ અને લોકવિરૂદ્ધનો ત્યાગ દીક્ષાના અધિકારીને અવશ્યમેવ હોવો જોઈએ, અને આવા પુણ્યાત્માઓને સુંદર ગુરૂનો જોગ થવો યોગ્ય છે. અર્થાત્ સુંદર ગુરૂનો યોગ મળવોજ જોઈએ. **સમ્યગ્જ્ઞાન અને સદનુષ્ઠાન સંપન્ન સદ્ગુરૂ દીક્ષાદાયક આચાર્ય રૂપ સુંદર ગુરૂનો સંબંધ થયા વગર દીક્ષાર્થિ જીવ ભાવહિત સાધી શકતો નથી.** તેથી સુંદર ગુરૂના સંબંધનું વર્ણન કરતાં જણાવે છે. જ્ઞાનાદિ ગુણે કરીને યુક્ત હોય એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનામાં ઉદ્યમવંત હોય તેવા ગુરૂવર્ય દીક્ષા દેવાને યોગ્ય છે. સ્વપ્નમાં, અગાધ પાણીમાં, જાજવલ્યમાન અગ્નિમાં અને ખાડા વિગેરેમાં ફસાઇ પડેલાઓને બચાવ કરનારની જરૂર છે. જેવી રીતે નિંદ્રા આધીન થયેલ જીવને સર્પ શ્વાપદાદિથી બચાવવું, પાણીમાં ડુબતાને સાધન સામગ્રીથી તારવું, અગ્નિમાં આવી પડેલાનું સહીસલામત રક્ષણ કરવું, અને ખાડામાં પડેલાને બહાર કાઢીને દોરવણી આપવાનું કાર્ય કરવું કરાવવું જરૂરી છે, અને પર્વત-પ્રાસાદ-વૃક્ષ-શિખર ઉપર અચલ રીતિએ આરોહણ કરાવવું જેમ જરૂરી છે, તેવી રીતે અનેક ઉપમાને પ્રાપ્ત થયેલા આ સંસાર સમુદ્રનો પાર પામવામાં અને અનેક

પ્રસંગોમાં રક્ષણ કરવા માટે સુંદર ગુરૂનો યોગ અત્ર જણાવ્યો છે. ગાથા ૧૧.

સમવસરણ રચના વિધિ.

દીક્ષાનું સ્વરૂપ સ્વયંસેવક દીક્ષા અથવા ચિત્ત મુંડન જિનદીક્ષા, ચરમાવર્તનું સંક્ષેપ સ્વરૂપ, દીક્ષાની યોગ્યતા, દીક્ષાનો અનુરાગ, દીક્ષાના અનુરાગનું પરીક્ષણ, લોકવિરૂદ્ધનું સ્વરૂપ અને સુંદર ગુરૂનો યોગાદિ ને સંક્ષેપમાં સારાંશરૂપે જણાવી ગયા. આ રીતિએ દીક્ષા સંબંધનો અધિકાર અગીઆર ગાથા સુધી જણાવી ગયા. હવે દીક્ષાના અર્થિઆત્માઓને દીક્ષા દેવી જોઇએ. તેથી દીક્ષાનો વિધિ ૧૨મી ગાથાથી શાસ્ત્રકાર શરૂ કરે છે. તે વિધિની પ્રાથમિક શરૂઆત સમવસરણાદિની રચનારૂપ છે, તેથી સમવસરણની રચના જે રીતિએ કરાય છે તે રીતિએ શાસ્ત્રવિધિ જણાવે છે.

શાસ્ત્રમાં કથન કરેલ ઝૅંકારપૂર્વક=પ્રણવના નમસ્કારપૂર્વક મંત્રાક્ષરોથી શરૂ કરીને અંતમાં સ્વાહા પદ આવે છે તે મંત્રાક્ષરોથી અનુક્રમે વાયુકુમાર દેવનું આહ્વાહન કરવું. અને તે આહ્વાહન મુક્તાશુક્તિ મુદ્રાએ કરવું. આપ્ત પુરૂષોએ કહ્યો કરેલ મુદ્રા અને મંત્રાક્ષરોથી આહ્વાન કર્યા છતાં તે તે દેવોનું આગમન થવું તે અસંભવ છે, તો પછી આહ્વાહન કરવાની જરૂર શી ?, આ પ્રશ્નના સમાધાનમાં જણાવે છે કે તે તે દેવોનું અત્ર સંસ્મરણ કરવું એજ વિધિમાર્ગ છે. દેવોને મુદ્રા પૂર્વકના મંત્રાદિ અક્ષરોથી આહ્વાહન કરીને તે તે દેવોનું કર્મ શરૂ કરવું. વાયુકુમારના દેવો ભૂમિ પ્રમાર્જન કરે તેવી રીતે હવે જણાવેલો વિધિ સાંભળીને ભુમિનું પ્રમાર્જન કરવું, અને મેઘકુમારાદિ દેવોને મુદ્રાપૂર્વક મંત્રાક્ષરોથી આહ્વાહન કરીને સુગંધિ જલવૃષ્ટિથી ભુમિને સિંચન કરવું ગાથા ૧૨-૧૩.

કુસુમવૃષ્ટિ આદિની રચના.

ઋતુદેવી એટલે વસન્ત-ગ્રીષ્મ, વર્ષા, શરદ્ હેમન્ત, શિશિરના નામથી શાસ્ત્ર પ્રસિદ્ધ ઋતુ ઓનું મંત્રાક્ષરોથી આહ્વાહન કરીને સુંદર ગંધથી સમૃદ્ધ એવી કુસુમવૃષ્ટિ કરવી જરૂરની છે. અને આથીજ ઋતુદેવી સંબંધિનું સર્વ કામ સમાપ્ત થાયછે. અગ્નિ કુમાર દેવનું આહ્વાન કરીને કૃષ્ણાગુરૂ ધૂપઘાનાને દેવો વિકુર્વે છે. આ સંબંધમાં કેટલાક આચાર્યો ધુપઘાનામાં ધુપ કૃષ્ણા ગુરૂ નાંખે છે અને કેટલાકો કહે છે કે ધુપઘાનાની વિકૂર્વણા કરે છે, પરંતુ પરમાર્થ તો કેવલી ભગવન્તને ગમ્ય છે. ગાથા ૧૪.

વૈમાનિક-જ્યોતિષ ભવનપતિ દેવોના આહ્વાહનપૂર્વક મણિકંચન-રૂપ્યમય ત્રણ ગઢોની રચના કરવી. વ્યન્તરદેવોનું આહ્વાહન કરીને તોરણ, પાદપીઠ, દેવચ્છન્દ, વાવડીઓની રચના કરવી તથા ચૈત્યવૃક્ષ, સિંહાસન, છત્ર, ચક્ર, ધર્મધ્વજ, સુવર્ણ કમળ, જિન પ્રતિબિંબ, ચામરાદિની રચના કરવી. ગાથા. ૧૫-૧૬.

પરમાત્માનો સ્થાપના અને પર્ષદા.

સમવસરણને યોગ્ય સઘળી સામગ્રીઓની રચના થયા બાદ ત્રિભુવન ગુરૂની સ્થાપના કરવા લાયક છે. લોકમાં પિતા પૂજ્ય મનાય છે, પરંતુ પિતામહ તો અધિકતર પૂજ્યપણે સ્વીકારાય છે. તેથીજ સકલ જગતના પિતામહ સ્વરૂપ ત્રિભુવન ગુરૂની સ્થાપના ઉપર જણાવેલા સમવસરણમાં કરવી. કારણકે સકલ જગતના

જીવોનો ધર્મ પિતા સ્વરૂપ છે, અને એ ધર્મની ઉત્પત્તિ ભગવાન્થીજ થયેલી છે; એટલે ધર્મના પિતા ભગવાન્ છે. આ ઉપરથી ખ્યાલમાં આવશે કે જગત જીવોના ત્રિભુવન ગુરૂ ભગવાન્ પિતામહ છે. આ પ્રતિમાઓ ઉત્કૃષ્ટ વર્ણવાળી સમવસરણમાં ચતુર્મુખ રૂપે બિરાજમાન હોય કે દેખતાંની સાથે આલ્હાદજનક થાય. ગા. ૧૭.

હવે ચારે ખૂણામાં ચારે પર્ષદાઓની સ્થાપના કરવાનું જણાવે છે. પૂર્વ દક્ષિણ દિશાના અગ્નિ ખૂણામાં ગણધર ભગવંતો, સાતિશય જ્ઞાનિ મુનિ ભગવંતો, વૈમાનિક દેવો, વૈમાનિક દેવીઓ અને સાધ્વીઓ; પશ્ચિમ-દક્ષિણના નૈરૂત્ય ખૂણામાં ભવનપતિ-વાણવ્યંતર, જ્યોતિષ્ક દેવોની દેવીઓ; પશ્ચિમ-ઉત્તર દિશાના વાયવ્ય ખૂણામાં ભવનપતિ વાનવ્યંતર-જ્યોતિષ્ક દેવોની ત્રણ પર્ષદા પ્રવચન પુરૂષોએ જણાવી છે; અને પૂર્વ-ઉત્તર દિશાના ઇશાન કોણમાં વૈમાનિક દેવો, મનુષ્યો અને મનુષ્યની સ્ત્રીઓની ત્રણ પર્ષદાની સ્થાપના પોત-પોતાના વર્ણાનુસાર કરવી. ગાથા ૧૮-૧૯-૨૦-૨૧.

સમવસરણના પ્રાકારોની વ્યવસ્થા.

ભવનપતિ-વ્યંતરોની સ્થાપના પાંચ વર્ણની, જ્યોતિષ્ક દેવોની સ્થાપન રક્ત વર્ણની, વૈમાનિક દેવોની સ્થાપના રક્ત-પીત-સિત=ઉજ્વળ વર્ણની, અને અસુરકુમારના દેવોની સ્થાપના કાળા વર્ણની પોત પોતાના શરીરની ઉંચાઇ વિગેરે શાસ્ત્રમાં બતાવી છે તે પ્રમાણે કરવી. પ્રથમ પ્રકારમાં પૂર્વે જણાવેલી બારે પર્ષદા પોત પોતાના સ્થાનમાં ઉચીત જગાએ બેસે છે, બીજા પ્રાકારમાં સર્પ-નોળીઓ, મૃગ-મૃગેન્દ્ર, ઉંદર-મૂષક, બકરી-વાઘ વિગેરે જાતિ વૈર વિરોધી જીવો પોતાનું વૈર વિસારીને બેસે છે તેવી યોગ્ય સ્થાપના કરવી; અને ત્રીજા પ્રાકારમાં સ્વર્ગમાંથી આવેલા દેવોનાં યાન=વાહન અર્થાત્ હાથી, સિંહ, મગર, મોર, હંસાદિ આકારને ધારણ કરવાવાળા વાહનોની સ્થાપના કરવી. આવી રીતે સંપૂર્ણ સામગ્રીઓથી સુશોભિત સમવસરણની રચના પુરી થાય એટલે પૂર્વે જણાવેલ દીક્ષાર્થિનો દીક્ષા વિધિ શરૂ કરવો. ગાથા ૨૨.

દૃઢ રૂચિ-વિધિ સાધન-પ્રવેશાદિ.

શાસ્ત્ર પ્રસિદ્ધ સમવસરણની સ્થાપના થયે છતે સ્વયંસેવકની દીક્ષા લેવાનો અભિલાષી પોતાની સંપદા, વિભવ ઋદ્ધિ અનુસારે ભક્તિ આદર બહુમાન દેખાડતો, દ્રવ્યથી સ્નાનાદિ ક્રિયાપૂર્વક ચન્દનાદિથી વિલેપન કરીને, સુશોભિત વસ્ત્ર ધારણ કરીને અને ભાવથી વિશુદ્ધ અંતઃકરણપૂર્વક તે દીક્ષાર્થિ સમવસરણની ભૂમિ સમીપે દિવસના અંતભાગમાં અર્થાત્ પ્રશસ્ત તિથિ કરણ, વાર, નક્ષત્ર, યોગ, ચન્દ્રબળ-લગ્નાદિ દેખીને દિવસના અંતભાગમાં આવે છે. ગાથા. ૨૩.

ભુવનગુરૂના યથાસ્થિત ગુણોનું યથાર્થ

આગમન કરવું. પ્રબળ રાગ-દ્વેષાદિવૈરિઓના સમુદાયનો નાશ કરવાવાળા, સમસ્ત વિશ્વની વિશ્વ વસ્તુઓને વિશિષ્ટ પ્રકારે જણાવાવાળા, સુર-અસુર-નર-નરેન્દ્રોના સમુદાયો વડે સેવા વન્દનાદિ પૂજાતિશયને પ્રાપ્ત થયેલા, વિશ્વભરના સમસ્ત જીવોની શંકાને ઉચ્છેદ કરનારા, અને સવાસો યોજનમાં મારી મરકી આદિ અનેક-વિધ ઉપદ્રવો પલાયન પામી ગયા છે એવા પ્રબળ પ્રભાવવાળા ત્રૈલોક્યનાથ ભગવંતના અનેકાનેક ગુણોનું યથાર્થ કથન સાંભળવાથી ઉત્પન્ન થઇ છે તીવ્ર શ્રદ્ધા જેને એવો તે દીક્ષાર્થિ દેવાધિદેવ પ્રત્યે દેવત્વપણાની રૂચિને પ્રતીતિપૂર્વક દૃઢ કરે છે.

આ પ્રતીતિપૂર્વક થયેલ રૂચિથી અન્ય તીર્થિક દેવ-ગુરૂને નમન વન્દનાદિ કલ્પતાં નથી, અને જિનેશ્વરોને, જૈન મુનિપ્રવરોને, અને જિનાગમસ્થિત વિધાનો=સિદ્ધાંતોને આદરપૂર્વક સ્વીકારે છે અને નમન-વન્દનાદિ કલ્પે છે એ મુજબની દ્રઢ રૂચિ થાય છે. દીક્ષાર્થિને સામાન્યથી વિધિ સાધન અને સમવસરણમાં પ્રવેશ કરવાનો વિધિ બતાવવો જોઇએ. જિન દીક્ષા થયા પછી નમનવન્દનાદિ કોને કરવું ઉચીત છે અને જૈનેતર દેવ-ગુરૂ આદિને નમન વન્દન કરવું કલ્પતું નથી તે પૂર્વ જણાવી ગયા.

અથવા હવે તારા હાથની અંજલિમાં પુષ્પો આપશે, આંખે પાટા બાંધશે, તારા હૃદયની હિંમતપૂર્વક અક્ષોભપણે સમવસરણ સ્થાપિત જિનેશ્વર સન્મુખ તે પુષ્પો નંખાવશે, અને આ મ્હારો આત્મા તથા પુત્ર-પુત્રી-કલત્ર-ધન-માલ-મીલ્કત આપનાં છે અર્થાત્ જરૂર પડે શાસન-નાંજ છે એવું તારી પાસે નિવેદન કરાવશે. આ રીતિએ સામાન્યથી વિધિ સાધન અને પછી સમવસરણ પ્રવેશ અનુક્રમે તને આગળ જણાવાશે અર્થાત તારી પાસે કરાવાશે. ગાથા ૨૪.

દીક્ષાનું ભાવિ ફળ પ્રદર્શન.

શ્રેષ્ઠ સુગંધવાળા પુષ્પોને તે દીક્ષાર્થિ સંબંધિ અંજલિ રૂપ બનાવેલા બંન્ને હાથમાં દેવા, શુકલ વસ્ત્રથી નયનોને પીડા ન થાય તેવી રીતે તેને (નયનોને) આચ્છાદન કરવું, અને તે પછી દીક્ષાર્થિ પાસે પુષ્પો સમવસરણ સ્થિત-ભગવાનની સન્મુખ પુષ્પો નંખાવવા. પુષ્પપાત અવસરે ગુરૂ વિવેકપૂર્વક તપાસે છે કે પુષ્પો શુભ સ્થાને પડયાં છે કે અશુભ સ્થાને પડયાં છે?, અને આ ઉપરથી કઇ ગતિમાંથી આ જીવ આવ્યો છે? આ દીક્ષાની આરાધના કરશે કે વિરાધના કરશે?; આ જીવની શુભ ગતિ થશે કે અશુભ ગતિ થશે?; આ પ્રશ્નોના પર્યાલોચનની પરિસમાપ્તિમાં શુભાશુભનો નિર્ણય ગુરૂ કરે છે. પૂર્વ ગુરૂ સંપ્રદાય એવો છે કે સમવસરણ મધ્યે પુષ્પપાત થયો હોય તો દીક્ષા આરાધનાથી ઉત્પન્ન થયેલ પુણ્યથી સુગતિ અને સમવસરણની બહાર પુષ્પપાત થયો હોય તો દીક્ષાની વિરાધના કરીને કુગતિને પ્રાપ્ત કરનારો થશે. આ સંબંધમાં વિશેષ જાણવાની ઇચ્છાવાળાઓએ અન્ય ગ્રંથોથી વિચારી લેવું જરૂરી છે. કારણકે ગ્રન્થ વિસ્તારના ભયથી અત્ર તે સંબંધમાં વધુ વિવેચન જરૂરી નથી. ગાથા. ૨૫.

(અપૂર્ણ)

શીરપુરના વર્તમાન.

લેખકઃ—**ઉત્તમચ દ.**

શીરપુર—પશ્ચિમ ખાનદેશમાં અમારા પ્રબળ પુણ્યોદયે **પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર સાગરજી ગણીન્દ્ર** આદિ સાત ઠાણાં અને સાધ્વીશ્રી સુબોધશ્રીજી તથા સુવ્રતાશ્રીજી બે ઠાણાં મળી કુલ સાત ઠાણાં સાધુઓનાં અને બે ઠાણાં સાધ્વીનું ચાતુર્માસ નિર્વિઘ્ને પરિસમાપ્ત થયું, છતાં પરિસમાપ્તિના પ્રભાવનાના કાર્યો હજુ સુધી પરિસમાપ્ત થયાંજ નથી.

વિ. સં. ૨૦૦૩ના ભાદરવા સુદ ૧૩ સૂર્યવાસરે તા. ૨૮-૯-૪૭ના રોજ પૂ પંન્યાસપ્રવરશ્રીજીએ શ્રીવર્દ્ધમાન આયંબીલતપની ૬૧મી (એકસઠમી) ઓળીનો પુનીત પ્રારંભ કર્યો. આ ઓળીનો અંતિમ દિવસ કા. સુ. ૧૫નો હતો, અને તે દિવસે ઉપવાસ આવતો હોવાથી તથા કારતક વદ ૧ ના પારણું આવતું હોવાથી શ્રીસંઘે કા. સુ. ૧૧ના રોજથી શ્રીઅષ્ટાન્હિકા મહોત્સવનો પ્રારંભ કર્યો

વિ. સં. ૨૦૦૪ના કારતક સુદ ૧૧ના રોજ **પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીને** ૫૫ મું (પંચાવનમું) વર્ષ બેસતું હોવાથી અને ટમકુર—મહિસૂર સ્ટેટથી વન્દનાર્થે આવેલા **તખતગઢવાળા શ્રેષ્ઠિ જુહારમલજી** (મુનિશ્રી ચન્દ્રકાન્ત સાગરજીના સંસારીભાઇ)ની વૃદ્ધિ પામતી ભાવનાથી પ્રથમ દિવસની પૂજા-આંગી ભાવના પ્રભાવના તેઓશ્રી તરફથી હતી તે સિવાયના સાતે દિવસની આંગી, પૂજા, પ્રભાવના અનુક્રમે શ્રેષ્ઠિ ગુલાબચંદ કસ્તુરચંદ, શ્રેષ્ઠિ મોતીચંદભાઇ ખૂબચંદ, શ્રેષ્ઠિ કંકુચંદ હીરાચંદ, શ્રેષ્ઠિ નગીનદાસ લીલાચંદ ગુલાબચંદ, શ્રેષ્ઠિ વેલચંદ લક્ષ્મીચંદ અને શ્રેષ્ઠિ ખુબચંદ હીરાચંદભાઈ તરફથી હતી. ઉપર પ્રમાણે આઠ દિવસનો અષ્ટાન્હિકા મહોત્સવ શાસન પ્રભાવના વધે તે રીતે ઉજવવામાં આવ્યો.

કા. સુ. ૧૫ના ચાતુર્માસ બદલાવવામાટે ભિન્ન ભિન્ન વ્યક્તિઓના ભાવ હોવાથી પ્રથમ દિવસે શ્રેષ્ઠિ નગીનદાસ લીલાચંદ ગુલાબચંદને ત્યાં, દ્વિતીય દિવસે શ્રેષ્ઠિ વેલચંદ લક્ષ્મીચંદને ત્યાં, તૃતીય દિવસે શ્રેષ્ઠિ મોતીચંદ ખૂબચંદને ત્યાં, અને ચતુર્થ દિવસે શ્રેષ્ઠિ ખૂબચંદ હીરાચંદને ત્યાં ચાતુર્માસ બદલવામાં આવ્યું ચાતુર્માસ બદલાવનાર ભાવિક શ્રાવકોએ વાજતે ગાજતે ચતુર્વિધસંઘની પધરામણી કરાવીને વ્યાખ્યાન-વાણી ગુરૂપૂજન પ્રભાવના અને રાત્રિ જાગરણ કરાવીને છુટે હાથે ચપળ લક્ષ્મીનો સદ્વ્યય કરીને શાસન પ્રભાવનાદિ શુભ કાર્યો દ્વારા અખંડ પુણ્યાનુબન્ધિ પુણ્ય ઉપાર્જન કર્યું.

કા. વદી ૧ ના રોજ પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીનું પારણું ૬૧મી ઓળીનું હતું તે નિમિત્તે ઉજ્જૈનથી શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢીના ટ્રસ્ટી શ્રેષ્ઠિ મગનીરામજી માંગીલાલજી, પીપલોનવાળા ગેંદાલાલજી હીરાલાલજી અને મુંબાઈના ઝવેરી જમનાદાસ મોનજી, જીરાજભાઈ વિગેરેએ આવીને શાસન પ્રભાવનામાં વધારો કર્યો હતો. પ્રતિક્રમણમાં એક દિવસ શ્રેષ્ઠિ મગનીરામજી માંગીલાલજી તરફથી રૂપૈયો અને શ્રીફળની પ્રભાવના હતી.

કારતક વદી પાંચમના રોજ ઉપાશ્રયે આવવા અગાઉ શ્રીસંઘ તરફથી ફાગણ ચાતુર્માસ સુધી વધુ સ્થિરતા કરવાની વિનંતિ થઈ હતી, પરંતુ તેના જવાબમાં **પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીએ** જણાવ્યું હતું કે શાસનનું કોઈ ખાસ મહત્વનું કાર્ય નહિં હોય તો પારણા પછી શારીરિક કારણે થોડા દિવસની ભાવના છે. છેવટે શ્રીસંઘે માન એકાદશી સુધી સ્થિરતા જરૂર કરવા એમ જણાવ્યું તો લાભ લાભ દેખી સ્થિરતા પ્રાયઃ સ્થિરતા સંભવ છે, પછી જોવી ક્ષેત્ર સ્પર્શના. કારણકે હૈદ્રાબાદની હદ નજીક આવેલ શ્રી અંતરીક્ષજી તીર્થ સુધી શુદ્ધ વાતાવરણ હોય તો તીર્થદર્શન કરવાની ભાવના અત્રના સાધુઓને છે.

માગશર સુદ ૧ તા. ૧૩-૧૨-૪૭ના રોજ અત્ર પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીની અધ્યક્ષતામાં માંડવગઢ તીર્થની કાર્યવાહક સમિતિની એક સભા મળી હતી. એજ.

જાહેર નિવેદન—અને મદદ મોકલવા માટેનું અમોઘ-ફલદાયિ સ્થાન.

અખિલ હિંદભરના શ્રી વર્દ્ધમાન તપ આયંબીલ ખાતાંઓને સર્વત્ર મોંઘવારીનો સામનો કરવો, આવક કરતાં વધુ ખર્ચ થવો, થઈ ગયેલા ખર્ચના તોટાની પૂર્તિ માટે ફાંફાં મારવાં, અને કંટ્રોલના જમાનામાં આયંબીલ કરનારાઓ માટે અનાજ પુરું પાડવું વિગેરે વિગેરે અનેકવિધ મુસ્કેલીમાં મુકાઈ ગયેલા ખાતાંઓની મુસ્કેલી નિવારવા માટે આ **અખિલ ભારતવર્ષીય શ્રી વર્દ્ધમાન તપ સહાયક સોસાયટી**ની સ્થાપના થયેલી છે.

આ સંસ્થાની સ્થાપના **પૂ. પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રસાગરજી** ગણિવર્યની શુભ પ્રેરણાથી અને સદુપદેશથી વિ. સં. ૧૯૯૯ના કારતક સુદ ૮ ના રોજે અમદાવાદ મુકામે સ્થાપના થઈ. **અમદાવાદવાળા શેઠ ગીરધરલાલ છોટાલાલનો જાતિ મહેનત**થી આ સંસ્થાની શરૂઆત સુંદર થઈ અને એ વર્ષ પર્યંત અઢાર હજાર ઉપરાંતની રકમ અમદાવાદ શ્રી સંઘ પાસેથી મેળવીને બાવીશ ગામોની સંસ્થાના તોટા ભરપાયા કરી આપવાનું સુંદર કાર્ય કરીને તે તે ગામનો શુભ આશીર્વાદ મેળવવા આ સંસ્થા ભાગ્યશાળી થઇ. એ વર્ષમાં પંદર હજાર રૂપીઆ ઉપરાંત તોટા ભરપાયા કરવા પાછળ અને માણસોના પગાર, સ્ટેશનરી જાહેરાત પાછળ ખર્ચ થયો. તે અવસરે શેઠ ગીરધરલાલ છોટાલાલ ખજાનચી અને બીજા ચાર ગૃહસ્થો (વોરા જગચ્ચન્દ્ર નેમચંદ, શા રસિકલાલ સોમચંદ અને શા. ચીનુભાઈ મોહનલાલ)ની સમિતિએ સુંદર કાર્ય કરી આવક જાવકનો હિસાબ છપાવીને બહાર પાડયો અને સમિતિ પાસે બાકી રહેલા રૂ. ૩૭૬૧-૧૫-૦ (બેલેન્સ) મુંબાઈ સમિતિને આપીને સઘળો વહીવટ તેને સુપરત કર્યો **શ્રી અમદાવાદ વર્દ્ધમાન તપ સહાયક સમિતિ**ના નામની આ સંસ્થાનો વહીવટ ઉપર મુજબ ચાલ્યો, અને મુંબાઈ ઘાટકોપર મુકામે **પૂ. પંન્યાસપ્રવરશ્રીજી**નું ચાતુર્માસ થયું ત્યારે આ સંસ્થાનું નામ **અખિલ-ભારત-વર્ષીય શ્રી વર્દ્ધમાન તપ સહાયક સમિતિ-મુંબાઈ રાખવામાં આવ્યું છે.**

મુંબઇ મુકામે આ સંસ્થાનું નામ શરૂ થવા સાથે પચીસ હજાર ઉપરાંત રૂપેયા મુંબાઈ અને પરાના શ્રી સંઘે આપ્યા. વિ સં. ૨૦૦૧ થી વિ. સં. ૨૦૦૩ સુધીની કાર્યવાહીમાં આ સંસ્થાએ પચીસ ઉપરાંત ગામની સંસ્થાઓને ત્રણ વર્ષ એક સરખો તોટો ભરપાયા કરી સજીવન રાખી છે. માટે આ સંસ્થાને ચાલુ વર્ષની મુબારકબાદી તરીકે રૂ. ૨૦૧) અને ઓછામાં ઓછા રૂ. ૧૦૧) મોકલી આપીને અખંડ પુણ્ય ઉપાર્જન કરશો.

હાલમાં સમિતિ પાસે રૂ ૬૩૭૬।।।-।।। સીલક છે, અને ચાલુ વર્ષમાં મુંબઇ મુકામે રૂ. ૪૪૪૧) અમદાવાદ મુકામે રૂ. ૨૨૬૨), શીરપુર મુકામે ૧૮૩૨), ઘાટકોપર મુકામે રૂ. ૧૯૯૨) મદદ માટે શ્રી સંઘ તરફથી ટીપ દ્વારાએ ભરાયા છે. એટલે ચાલુ વર્ષમાં સત્તર હજાર ઉપરાંત ભંડોળ થયા સંભવ છે. હજુ દરેક જગોએ સંસ્થા પ્રત્યે લાગણી ધરાવનારાઓ રૂપેયા ભરાવી રહ્યા છે, અને ભરાયેલા રૂપીઆ એકઠા કરીને મુંબાઇ મુકામે મોકલી રહ્યા છે. એજ

આ સંસ્થાને હજુ પણ ૮૩ હજાર રૂપીઆની જરૂર છે કે જેથી તેનું કાર્યક્ષેત્ર સંતોષપૂર્વક નભી શકે.

ચાલુ વર્ષના પ્રથમ અંકમાં શીરપુરના સહાયકોની શુભ નામાવલી આપેલી છે, એટલે હવે મુંબાઇ અમદાવાદ અને ઘાટકોપરના સહાયકોની શુભ નામાવલી અનુક્રમે અપાય છે.

લિ૦ **અ. ભા. શ્રી વર્દ્ધમાન તપ સહાયક સમિતિ શાંચ,**
(શીરપુર પશ્ચિમ ખાનદેશ) તરફથી
ઉત્તમચંદ જિભુભાઇના પ્રણામ.

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ આ૦ બો૦ મઙ્ગલમ્ ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —**આ. બો.**

'નમો' પદની નિર્મળતા યાને ભેદ-છેદનું દિગ્દર્શન લેખાંક-૩

આલેખનકાર:—**સુધાવર્ષી=પૂ. પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર.**

ચાલુ વર્ષના (ચૌદમા વર્ષના) બીજા અને ત્રીજા અંકમાં અનુક્રમે **"નમો" પદની નિર્મળતા,** અને **ત્રિવેણી સંગમારાધ્યન્નાનું** આંતરસ્વરૂપ વિવેકપૂર્વક વિચાર્યું હશે!, અથવા પુનીત ભાવે પરિશીલન કર્યું હશે!; તો તે વાંચકોને **"નમો"** પદની અમોઘસિદ્ધિ હસ્તગત થયા વગર રહેશેજ નહિં.

વાંચકોએ વિવેકપૂર્વક યાદ રાખવું જરૂરી છે કે-અનેકવિધ-અકળ-આફતોનો સફળ સામનો કરીને, અપાર અબ્ધિરૂપ સંસારમાંથી પાર ઉતરીને, માર્ગદર્શક બનેલા **આરાધ્ય ભગવન્ત-અરિહંતો** અને પાર ન પામી શકાય એવા સંસાર સમુદ્રનો પાર પામીને, પરમપદે પહોંચેલા=સ્થિત થયેલા **સિદ્ધ ભગવંતો** હાથ ઝાલીને તારી શકતાજ નથી. કારણ કે હાથ ઝાલીને તારવાની સ્થિતિમાં તેઓ છેજ નહિ.

આરાધ્યપદે સ્થિત થયેલા અને પ્રથમ પરમેષ્ઠિપદને શોભાવનારા અરિહંતોએ દર્શાવેલા માર્ગે કૂચ કરનારા-શાસન પ્રભાવક **આચાર્યો-ઉપાધ્યાયો તથા સાધુ**

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું.)

વી. સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪
વર્ષ ૧૪-અંક ૪.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
તન્ત્રી:—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૫, ૨૭, ધનજીસ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

ભગવંતો સંસાર સમુદ્રથી પાર ઉતરવાની પુનીત તાલાવેલીમાં પડેલા છે. અને તેઓ પણ માર્ગદર્શક કે સહાયક બની શકે છે, પરંતુ હાથ ઝાલીને તારવાની સ્થિતિમાં તેઓ પણ છેજ નહિ.

માર્ગદર્શક પરમેષ્ઠિ-ભગવન્તોએ કરેલા માર્ગદર્શનથી અને ફરમાવેલા અમોઘ સાધન સેવનાથી આરાધકોની આરાધના આરાધ્ય-ભગવંતો પ્રત્યે અવિહડ-અસ્ખલિત બને તો જરૂર આરાધકો પણ આરાધ્ય ભગવંતો બને એમાં શંકાને સ્થાનજ નથી.

પંચ પરમેષ્ઠિ પદમાંના કોઇપણ પરમેષ્ઠિ પદ પ્રાપ્તિના ઉમેદવારે તે તે પરમેષ્ઠિપણાને અને મ્હારા આરાધકપણાને કેટલું અંતર છે?, અર્થાત્ તે બે વચ્ચે કેટલો ભેદ છે?; એ પ્રથમ સમજવાની જરૂર છે. ભેદ સમજ્યા પછી છેદ કરવામાં "નમો" પદની અમોઘ સાધન તો સમજવી જરૂરી છે.

આરાધકોની ભેદની ભવ્ય ભેખડ સમજવી જેટલી સહેલી છે, તેના કરતાં તે ભેદની ભેખડને તોડવા કટીબદ્ધ થવું મુશ્કેલ કાર્ય છે.

વર્તમાન ચોવિશીમાં અરિહંત થયેલા પ્રથમ તીર્થંકર ઋષભદેવને તેર ભવ, સોળમા શ્રી શાંતિનાથ ભગવાનને બાર ભવ, બાવીશમા શ્રી નેમનાથને નવ ભવ, ત્રેવીશમા પુરિશાદાનીય શ્રી પાર્શ્વનાથને દશ ભવ; અને આસન્નોપકારિ અંતિમ શાસનાધિપતિ શ્રી મહાવીર મહારાજાને સત્તાવીશ ભવ શાસ્ત્રકારોએ શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલા છે. આ રીતિએ અરિહંત થનારા આત્માઓના ભવોનો નિર્ણય શાસ્ત્ર પ્રસિદ્ધ-જૈન જનતામાં જાહેર છે.

વર્તમાનકાલમાં અરિહંત પદની આરાધના કરનારને અને અરિહંતપદપ્રાપ્તિની ઉમેદવારી કરનારને પોતાના ભવનો નિર્ણય થયો નથી; તથા ભવનો નિર્ણય થઈ શકે તેવી પ્રવૃત્તિને પગભર બનાવી નથી, તો પછી આરાધકનો વર્તમાન કાલીન ભવ અને આરાધ્યપદ-અરિહંત પ્રાપ્તિના ભેદનું=અંતરનું નક્કી કરવું એ નભ=પ્રદેશના નક્ષત્રપતિને હસ્તગત કરવાની બાળચેષ્ટા જેવું છે.

સેવ્ય કક્ષામાં થઈ ગયેલા અરિહંતો અને ભાવિ ચોવીશીમાં થનારા તીર્થંકરો=અરિહંતોના ભવનો નિર્ણય શાસ્ત્રકારે કરી દીધો, અને કોઈ રથળે સેવકોના ભવનો નિર્ણય કર્યો નહિ એ પક્ષપાતને પોષણ કરવા જેવું છે એમ કહી દેવું પણ ઉચીત નથી.

અરિહંત પદની પ્રાપ્તિ કરનારાઓએ આ સંસારચક્રમાં અનાદિ અનંત કાળથી અનંતા અનંત જન્મ-મરણ કરી અનંતા અનંત ભવો કરેલા છે, પરંતુ સ્વસનમાન્ય શ્રમણ ભગવંતોના સમાગમમાં આવીને જે ભવમાં તેઓ તત્ત્વત્રયીની શ્રદ્ધા કરી, પ્રતીતિ કરી અને રૂચિ કરી ત્યારેજ સમ્યક્ત્વ પામ્યા; અને તે પછી થયેલા-થનારા અરિહંતોની સમ્યક્ત્વ પ્રાપ્તિનો પ્રથમ ભવ શાસ્ત્રકારે ગણત્રીમાં લીધો. તેવીજ રીતે આરાધક પણ ચાલુ ભવમાં તત્ત્વત્રયી ની શ્રદ્ધા-પ્રતીતિ રૂચિમાં ઓતપ્રોત થઇ જાય તો આ ભવ ગણત્રીને યોગ્ય પણ થઈ શકે. આ રીતિએ આરાધ્ય આરાધક વચ્ચેના ભવોનું અંતર=ભેદ સમજી ગયા, અને ભેદ છેદ કરવાનું યોગ્ય શિક્ષણ શીખ્યા છતાં ભેદ જ્ઞાનની પરિપક્વ દશા માટે સાધુ સમાગમ, સાધુ સેવા, ઉપદેશ શ્રવણ અને વિવેક આદિનું પુનઃ પુનઃ સેવન કરનાર "નમો" પદની નિર્મળતાનો યથાશક્ય લાભ લઈ શકે છે. ઇતિશમ્.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૪.	પોષ-માસ.	તંત્રીઃ
અંક ૪ થો.	તા. ૧૭-૧-૪૮.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ—પૂ. આગમોદ્ધારક-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.
સ્થળઃ—શ્રી. નાગજી ભુધરની પોળનો ઉપાશ્રય, મુ. અમદાવાદ.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૫ ના ચાતુર્માસમાં પૂ. દેશનાકારે શ્રીસૂત્રકૃતાંગ-સૂત્રના દ્વિતીય-શ્રુતસ્કંધના પ્રથમ-પુંડરીક-અધ્યયન ઉપર અને ભાવનાધિકારે શ્રી વિંશતિસ્થાનક-ચરિત્ર ઉપર અમોઘ-દેશના આપી હતી, તેનો સારભૂત સંચય પૂ. પંન્યાસ-પ્રવરશ્રી-ચન્દ્રસાગરજી-ગણિવરના પરમવિનેય મુનિશ્રી સુબોધસાગરજી પાસેથી મેળવીને વાંચકો વિવેકપૂર્વક વાંચી શકે અને વિચારી શકે તે હેતુથી પૂ. પં. પ્રવરશ્રીજી પાસે પેરેગ્રાફાદિ સુધારા-વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય-વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ પ્રદત્ત તેઓશ્રીની અત્ર ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી.]

દેશનાના દિવ્ય અવતરણો.

૧. કર્મ-રહિત સિદ્ધો અને કર્માધીન જીવો.

૨. વસ્ત્ર જેવો જીવ કર્મને ખેંચે છે.

૩. નિગોદમાં જનારા નિર્મળ-જ્ઞાનિયો.

૪. ઉન્નત દશા-અવનત દશાની પ્રાપ્તિ કરાવનારા શુભાશુભ કર્મો.

૫. તૃણા રહિત-તારક તત્ત્વત્રયિ.

૬. ઢીંગલીઓને અલંકાર-વસ્ત્રોથી શણગારાય છે, છતાં તે (ઢીંગલીઓ) તૃષ્ણાતુર નથી.

૭. અસંખ્ય કેવળિ-ભગવંતોને અરિહંતપણું કેમ નહિ ?

૮. સારા આહારમાંથી દુગંછનીયવિષ્ટા અને નરસા ખાતરમાંથી ખાદ્ય અનાજ બને છે માટે પુદ્ગલ-પ્રત્યે બદ્ધાગ્રહી ન બનો.

૯. શાસન માન્ય અકાટય-સિદ્ધાન્ત પરિણામવાદ.

૧૦. સર્વ પુદ્ગલો સર્વદા ઇષ્ટ રૂપે કે અનિષ્ટ રૂપે રહે તેવો નિયમજ નથી.

૧૧. શક્તિ-સામગ્રી રહિત સતિઓની કાર્યદશા ભક્તિ રૂપ છે.

૧૨. શક્તિ-સામગ્રી સહિત વેશ્યાઓના વ્યવહાર અનાચારની ખાણ રૂપ છે.

૧૩. એકની વિરાધનામાં સર્વની વિરાધના.

૧૪. એકની સેવના-પૂજના-સ્તુતિમાં સર્વની સેવના-પૂજના-સ્તુતિને માનનારા જૈનો.

આપણે કર્મને આધીન છીએ.

શાસ્ત્રકાર મહારાજા પૂ. શ્રીગણધર-ભગવાન્ **શ્રી સુધર્માસ્વામીજી મહારાજશ્રી જંબુસ્વામીજીને** ઉદ્દેશીને સૂત્રકૃતાંગ-સૂત્રના અર્થાધિકારને સમજાવતાં આગળ જણાવી ગયા કે-જેમ ભમરો પુષ્પમાંથી રસ લે છે અને પુષ્પને કિલામણા કરતો નથી તેમ સાધુઓ ગૃહસ્થો પાસેથી ગોચરી લે છે. ઝાડના ફુલમાંથી રસનું પીવું, તેમાં ઝાડ-ફુલ કે રસ પીવાની પ્રેરણા કોઇએ પણ કરી નથી. આ દુનીયાનો સ્વાભાવિક બનાવ હતો, તે ઉપરથી સાધુપણાની વૃત્તિ મજબુત કરવામાં આવી. આપણે વાવડી આદિની બનાવટ સાથે મતલબ નથી, પણ મતલબ કઇ ? તો દાર્ષ્ટાન્તિકની મતલબ છે. અહિં વાવડીને લોક સમજવો. વાવડીની જગોએ લોક ગોઠવ્યો તો પાણીની જગોએ શું લેવું ? આ ચૌદ રાજલોકનો એક પણ પ્રદેશ એવો નથી કે જેમાં કર્મ વર્ગણા ભરેલી ન હોય. જેમ વાવડીમાં રહેવું અને કોરા=સુકા રહેવું તે ન બને, તેમ આ સંસારમાં કોઇપણ જીવ કર્મ રહિત રહી શકતોજ નથી. હવે સિદ્ધ મહારાજ માટે શું ? સિદ્ધ મહારાજ પણ જ્યાં રહ્યા છે, ત્યાં પણ કર્મ વર્ગણા છે. ઉર્ધ્વ-અધો અને તિર્ચ્છા એમ ત્રણે જગો પર કર્મો ભરેલાં છે. અને તેથી સિદ્ધ મહારાજ જ્યાં છે, ત્યાં પણ કર્મોની અનંતી વર્ગણા રહેલી છે. તો પછી સિદ્ધ અને સંસારીમાં ફરક શો ? કારણ કર્મો તો બન્ને સ્થાને રહેલા છે. હવે દરબારી મહેલમાં દરબાર અને ભંગી જાય છે. પણ દરબારનું જવું સ્વતંત્ર પણ ભંગીનું જવું તે પરાધીન છે. તેમ આપણે જે કર્મોમાં રહ્યા છીએ, તે કષાયવાળા હોવાથી તેને આધીન છીએ. અહિં આધીનતાનો ફરક છે. મનુષ્યપણા રૂપી કર્મનો ઉદય થાય તો મનુષ્ય ગતિમાં રહેવું પડે છે. તેમ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય કે ચઉરિન્દ્રિયપણાને લાયકનો કર્મનો ઉદય થયો હોય તો ત્યાં જવું પડે અને રહેવું પડે છે. આથી આપણે કર્મને આધીન છીએ.

વસ્ત્ર જેવા જીવાત્મા.

હવે કર્મ કરનાર જીવાત્મા પોતે છે, તો પછી પરાધીન કેમ ? સ્ત્રી જેમ શોભા શણગારને આધીન થઇ પોતાના હાથે બંગડી ઘાલે ખરી, પણ કાઢતાં દુઃખ ઉદ્ભવે તેવીજ રીતે આ કર્મો આપણે રાગદ્વેષને આધીન થઇ બાંધીએ, પણ બાંધ્યા પછી આપણે તેના ગુલામ થઇએ છીએ. આપણે કરેલા દસ્તાવેજમાં આપણે બંધનમાં રહીએ છીએ, તેમ કર્મ આપણે બાંધ્યા તો પછી આધીન આપણે રહેવું જ પડે. હવે સિદ્ધ મહારાજ જ્યાં રહે છે, તે પ્રદેશોમાં કર્મ વર્ગણા છે. ફકત ફરક એટલોજ કે સિદ્ધ મહારાજના આત્માને કંઇપણ લાગતું વળગતું નથી. જેવી રીતે પાણીમાં લુગડું નાંખીએ તો તુર્ત ભીનું થાય, પણ કાંસાની સળી નાંખીએ તો કોરીને કોરી રહે. કહો કે લુગડું પાણીને ચૂસે છે, કાંસુ પાણીને ચૂસેજ નહિ, એટલુંજ નહિં પણ અડકેજ નહિ. લોઢું વિગેરે તો પાણીને અડકે ખરૂં, અર્થાત્ લોઢું ભીનું થાય પણ કાંસાની સળી પાણીમાં હોવા છતાં પાણી સાથે લેવા દેવા નહિં. આપણે કર્મની અંદર

વસ્ત્ર-લુગડાં જેવાં છીએ, અર્થાત સમયે સમયે કર્મોને બાંધીએ તેવાં છીએ.

હવે શંકા કરે છે કે સમયે સમયે આ જીવ કર્મ બાંધનાર છે તેનો શો નિયમ? શાસ્ત્રોના વચનોનો વિચાર કરવો નથી, તેવાઓને જરૂર શંકા થાય તેમાં નવાઇ શી? હવે શરીરમાં લોહી ફરે છે કે નહિ?, કહો કે સજ્જડ વેગથી લોહી ફરે છે. હવે તેની સાથે ઉષ્ણતા છે ને?, કહેવું પડશે કે હા, હવે ઉષ્ણતા વેગવાળાને થાય છે. તે વીજળી થઈને વેગવાળાને ખેંચે કે નહિ. ગરમીનો સ્વભાવ છે કે બાહ્ય પુદ્ગલોને ખેંચે, તેમ લોહીમાં રહેલી ઉષ્ણતા અને વેગ તે બન્ને પુદ્ગલોને ખેંચે કે કે નહિ? હવે શંકા થાય કે અમારામાં થતી વસ્તુ અમને માલમ હોય કે નહિ. હવે ખોરાક ક્ષયે છીએ તેના આઠ ભાગ, (સાત ધાતુ અને આઠમો મલરૂપે) થાય છે તે? આ આઠ ભાગ ખોરાકના ક્ષણે ક્ષણે બને છે. એક ક્ષણ એવો નથી કે જેમાં સાત ધાતુ અને મલરૂપ આઠમો હોદ્દ ન બનતો હોય. હવે આવી રીતે બન્યા છતાં તમારા મનમાં માંસ, મજ્જા, અસ્થિ આદિ કેમ બને છે તેનો કોઇ દિન વિચાર કર્યો છે? કહો કે ખોરાક જઠરાગ્નિ દ્વારાએ પચીને આઠ ભાગે થઇ જાય છે. તેમ શાસ્ત્રની દ્રષ્ટિએ લોહીની ઉષ્ણતાએ વેગ અને તે વેગથી કર્મના પુદ્ગલો ખેંચાય અને તેનાથી તેના આઠ ભાગ પડે તેમાં નવાઇ શી? કાંસાની સળી જેમ પાણીમાં નાંખીએ છતાં ભીની ન થાય, તેમ સિદ્ધ જીવો કર્મ વર્ગણામાં રહેવા છતાં તેને પકડી શકતાજ નથી. પણ આપણે તો પાણીમાં લુગડાની જેમ કર્મને પકડનારાં છીએ.

નિગોદમાં જનારા સમ્યક્‌જ્ઞાનિઓ.

સિદ્ધના જીવોને કર્મની સાથે કોઇ જાતનો સંબંધ નથી. સંસારી જીવો કર્મ વર્ગણા વચ્ચે રહેલો છે. તેથી ક્ષણ ક્ષણે પણ કર્મ વર્ગણા ગ્રહણ કર્યા સિવાય રહેતો નથી. આપણે મૂળ વાત એ છે કે વાવડીમાં ખુણે ખોચરે પાણી ભરેલું છે, તેમ આ લોકમાં કર્મ વર્ગણા ભરેલી છે. તેથી પ્રભુ મહાવીરે જણાવ્યું છે કે- મ્હે વાવડીમાં જેમ પાણી કહ્યું છે, તેમ આ લોકમાં પાણીરૂપ કર્મ છે. વાવડીમાં પાણી હોય જો કે તે વધવાવાળું ખરૂં, અને તે નુકસાન ન કરે, તથા તેમાં તરી શકાય તેવું પણ છે, તેમ કર્મોમાં પણ બે પ્રકાર છે. કેટલાંક કર્મો નિગોદ સુધી આ જીવને નીચે ઉતારે. ૧૧ મા ગુણઠાણે પહોંચેલા, મનઃપર્યવ-ઋજુ-મતિ જ્ઞાનવાળા ચૌદ પૂર્વી, આહારક શરીરને કરવાની તાકાતવાળાઓ પણ નિગોદમાં જઇ આવ્યા છે. શાથી? કર્મોને લીધે. કોઇક ભવાંતરમાં એટલે ઉપશાંત મોહનીયનો ભવ-ચૌદ પૂર્વો-કે આહારક શરીર કરવાવાળા જીવો તે ભવોની અનંતરના તુરતના ભવમાં ચારે ગતિમાં ભટકવાવાળા થાય છે. હવે ઉપશાંત મોહ ગુણ ઠાણે સમકિતિ હોય, તે દેવલોક વિના બીજે ન જાય. ૧૧ મેં ગુણઠાણે સમ્યકત્વ નિયમિત હોય. આ બધા ઉપર પાણી ફેરવીને તમો તેને નિગોદ સુધી ઉતારવાની કેમ વાત કરો છો? નિશ્ચય સમકિતવાળા છે, અને વ્યવહાર સમકિતવાળો તે નથી. વ્યવહાર-સમ્યકત્વમાં તો જીનેશ્વરે કહ્યું છે તે સાચું છે. ચાલુ પ્રસંગમાં અહિં તેવા નથી. અહિં તો પદાર્થના સ્વરૂપનો નિશ્ચય કરવાવાળા, અને આથી નિશ્ચિત સમકિત

વાળાઓને શી રીતે નિગોદમાં લઇ જવાનું કહો છો ? રાજને અંગે દ્રોહવાચક શબ્દો ન બોલાય. પણ જો તે રાજ્ય ઉપરથી ઉતરી જાય અને પછી કોઇ અકાર્ય કરે તો તેને માટે તે શબ્દો બોલાય તો તેને લાગતા નથી. કારણ ગાદી છોડી દીધી. હવે અહિં ૧૧ મે રહ્યો થકો નરકાયું બાંધતો નથી. મનઃપર્યવજ્ઞાની ચૌદપૂર્વી કે આહારક શરીરવાળો છે તે તે વખતે તેઓ નરકાયુ કે નિગોદનું આયુષ્ય બાંધતો નથી, પણ ૧૧ માં ગુણઠાણાથી ખસે ચૌદપૂર્વનું જ્ઞાન જાય, મનઃપર્યવ જાય, ત્યારે તે આયુષ્ય બાંધે છે. હવે ઉપશાંત મોહનીયવાળા ચૌદપૂર્વી મનઃપર્યવ જ્ઞાની આહારક આદિવાળાઓ પડતાં પડતાં નિગોદાદિને અનુકૂળનું આયુષ્ય બાંધીને તે નિગોદમાં રખડવાવાળા થાય છે.

ચઢાવનાર અને પાડનારા કર્મો.

કર્મનો સ્વભાવ રખડાવવાનો જેમ છે, તેમ ચઢાવવાનો પણ કર્મનો સ્વભાવ છે. મેઘકુમારનો જીવ હાથીપણામાં જાનવરપણું અને જંગલીપણું ભોગવે છે. આવી સ્થિતિમાં ધર્મકાર્ય કરવાનો પ્રસંગ આવ્યો તે એકજ કાર્યે, અને તે પણ ફક્ત અઢી દિનમાં જો કે આયુષ્ય સો વર્ષનું હતું છતાં સાડા બે દિન છોડી બાકીના ૧૦૦ વર્ષના દિવસો જંગલીપણાના કે જાનવરપણાના હતા. સાડી બે દિનના પ્રતાપે મનુષ્યપણું, તેમાં શ્રેણિક રાજાના કુલમાં ધારણીની કુક્ષિથી પુત્રપણે. તેમાં પ્રભુ મહાવીરનો સમાગમ. તેમનું વચન પરિણમે એટલે આઠ આઠ બંધન રૂપ સ્ત્રીનો હતી તેને છોડીને જેણે દીક્ષા અંગીકાર કરી, અને તેથી આવતા ભવે મોક્ષે જવાનું ફાઈનલ કર્યું. આ પ્રભાવ કોનો ? પેલા અઢીદિનના શુભ કર્મનો. કયાં ? તો સસલાની દયાને અંગે બાંધેલું શુભ કર્મ એટલું બધું પ્રબલ કે જેના પ્રતાપે આટલી બધી ઉન્નત દશામાં આવ્યો. આ કર્મનો સ્વભાવ ચઢાવવાનો છે, તેમ પાડવાનો છે. નરક અને નિગોદમાં પણ લઇ જાય, અને મનુષ્યપણામાં પણ તેજ કર્મ લાવે છે.

મનુષ્ય મતિ કોરા ચેક જેવો છે.

આ મનુષ્યપણું જ મોક્ષની નિશાની છે, અને બાકીની ત્રણે ગતિમાં કોઇ પણ જીવ મોક્ષે ગયો નથી, જતો નથી; અને જશે પણ નહિ. અતીત કાલે ગયા, ભવિષ્યત્ કાલે મોક્ષે જશે, અને વર્તમાનકાલે જે મોક્ષે જાય છે; તે બધા કઇ ગતિમાંથી ? તો મનુષ્ય ગતિમાંથી. આ મનુષ્ય ગતિ તે મોક્ષનો ચેક છે. તેનો ઉપર કોઇ પણ સ્થાન લખવું તે તમારી મરજીની વાત છે. કારણ કોરા ચેક ઉપર જે સંખ્યા લખવી હોય તે લખી શકાય, ફક્ત સહી થયેલી જોઇએ. ચાલુ જમાનામાં સાંભળીએ છીએ કે ફલાણા રાજ્યે ફલાણા રાજ્યને કોરો ચેક આપ્યો. એનો અર્થ એજ કે તારે ઉત્પાત કરવો હોય તે કરી લે, અમે તારી પંછળ બેઠેલા છીએ. તેમ આ કર્મરાજાએ મનુષ્યરૂપી કોરો ચેક આપ્યો છે. તેમાં તમારે જે ગતિનું જે સ્થાનનું જે જાતિનું ભાથું ભરવું હોય તે ભરી લો. મોક્ષનો આંક આ મનુષ્ય ગતિ શિવાય બીજે ભરાય નહિ. મનુષ્યની ગતિનો જે ચેક મળેલો છે. તેમાં મનુષ્ય કે તિર્યંચનો ભરાય દેવનો કે નરકનો ચેક ભરી શકાય. એટલે નરક તિર્યંચ અને દેવ ગતિવાળાને ચેક

ભરવા માટે મર્યાદા છે. મોક્ષનો ચેક કોઇ ગતિવાળા ભરી ન શકે, કારણ કે સત્તા નહિ; પણ મનુષ્ય ગતિવાળાને સર્વ સત્તા. ચારે ગતિ અને પાંચમી મોક્ષ ગતિનો પણ ચેક ભરી શકે. હવે આવી ગતિ મોક્ષના ચેક ભરવા માટે મળી હોય અને જો દુર્ગતિના આંકડા ભરીયે તો પછી આપણા જેવો બીજો મૂર્ખ કયો ? ચોવીસ કલાકની જીંદગી ગઇ તે તો ચોક્કસ છે, પાછી લાવો તો આવે તેમ નથી. તેના બદલામાં કેટલો આંકડો સદ્ગતિનો ભર્યો કહો ? કહો કે ત્રેવીસ કલાક તો કર્મનો અને એક કલાક ધર્મનો અને તે પણ વ્યવહાર પૂરતો. ધ્યાન તો સંસારના વ્યવહારમાંજ. મન તો કયાંય ફરતું હોય. હવે આ મનુષ્ય ગતિ શિવાય બીજી ગતિમાં મોક્ષનો ચેક ભરાય નહિ. આ ગતિમાંજ લીમીટ વગરનું અને કોરો ચેક મળી શકે છે. તે કર્મનોજ પ્રભાવ છે. એટલે નરક નિગોદમાં કર્મ લઇ જાય અને મોક્ષે પણ તે કર્મ લઇ જાય છે.

કીચ્ચડ અને કામભોગ.

હે શ્રમણો !, હે આયુષ્ય મન્તો !; વાવડીમાં જે પાણી છે, તે ડુબાડનાર પણ છે, અને જીવાડનાર પણ છે. ઉપયોગ કરવા ઉપર આધાર છે. તેમ આ કર્મ વર્ગણા પણ તેવીજ છે એટલે નિગોદમાં રખડાવે ખરી અને મોક્ષે પહોંચાડે પણ ખરી. મનુષ્યગતિ, વજ્ર-ઋષભ નારાચ સંઘયણ-આદિ શાને લીધે ? શુભ કર્મોને લીધે. અર્થાત્ કર્મના સદુપયોગ કરો તો મોક્ષે પહોંચાડે અને દુરૂપયોગ કરો તો નરકના ખાડામાં લઇ જાય. હવે પાણીને તળીએ કચરો છે, ડોળાય તો પાણીમાં માલમ પડે. તે કચરો નીચો રહે દેખાવમાં ન આવે તો પણ પગ પકડે પહેલો તેમ જગતમાં કામ ભોગ એવી ચીજ છે અર્થાત તૃષ્ણા એવી ચીજ છે કે લોકોને દેખાય નહિ. પણ આત્માને લાગે સૌથી પ્રથમ, તેમ આ જગતમાં આશા તૃષ્ણા વાંચ્છા લોભ આદિ ચીજો બહાર દેખાવમાં માલુમ ન પડે; પણ પકડે એવી કે ચસકવા ન દે. પાણીમાં ડુબેલો તો જઈ શકે, પણ કચરામાં ખુંચેલો તો ખસી ન શકે. તેમ અહિં કામભોગાદિ રૂપ કચરામાં ખુંચેલો માણસ જરાય ઉંચો આવી શકતો નથી.

તૃષ્ણા રહિત તારકો.

દેવ ગુરૂ અને ધર્મને શાને લીધે માનીએ ? કે કામભોગ ન હોવાને લીધે. હવે દેવને તેવા માનીએ છીએ કે અસ્ત્ર-શસ્ત્ર-સ્ત્રી વિગેરેથી રહિત હોય. માનો કે ત્રિશુલ હાથમાં આપ્યું છે, તો શું મારવાનું છે કોઇને ? અરે ખોળામાં સ્ત્રીની પુતલી બેસાડી હોય તેથી શું વાંધો ? તે મૂર્તિથી ખોળો ભારે થશે. આપણે શું ? એવા દેવ નહિ માનવા, તો ઘરેણાં-ગાંઠા પહેરાંવવાની છુટ-અને બાયડી કે ત્રિશુલ ન ખપે એ કેમ બને ? હથિયાર અને સ્ત્રી તે આશા તૃષ્ણાના ચિન્હો છે. ઘરેણાં-ગાંઠા પુતલાને પહેરાવાય છે, નાની છોકરીઓને ઢીંગલીઓને ઘરેણાં પહેરાવે છે, પણ તેને આશા તૃષ્ણા હોતી નથી અને રહેતી નથી. કામભોગની આશા તૃષ્ણા જેને હોય તેને સ્વપ્નને પણ દેવ મનાયજ નહિ. આથી સ્ત્રીવાળા હથિયારવાળાને દેવ નથી માનતા, તેમ ગણતાયે પણ નથી. આથી દેવના લક્ષણમાં સ્ત્રી અને હથિયાર ન જોઇયે. તેમ ગુરૂમાં સંપૂર્ણ વીતરાગનું ઉપાસકપણું જોઇએ, અને છેવટે કંચન-કામિનીનો ત્યાગી તો જોઇએ. સામાયિક પ્રતિક્રમણાદિમાં ધર્મ શાથી માનો

છો ? કહો કે તેટલો કાળ આશા તૃષ્ણાથી બચવા માટે તેને ધર્મ માનીયે છીયે. સંસારનો કચરો આશા તૃષ્ણા છે. જૈન શાસન માન્ય તારકો આશા-તૃષ્ણા વગરના હોય છે.

અદર્શનીયમાંથી દર્શનીય-પદાર્થોત્પત્તિ.

અપેક્ષાએ વાવડીમાં કીચડ જણાયો છે, તેથી જગતરૂપ વાવડીમાં કીચડના સ્થાને અહિં કામ ભોગરૂપ કચરો છે. વળી તમો અહિં કમળને બતાવો છો, તેની ઉત્પત્તિ પાણી અને કચરાથી હોય છે. હવે શહેરના લોકો માટે જનશબ્દ અને દેશના લોકો માટે જનપદ શબ્દ રાખ્યો. બન્ને પ્રકારના લોકોમાં શિક્ષણ વિવેક બુદ્ધિમાં ઋદ્ધિ સિદ્ધિ અને રીતભાતમાં ફરક હોય, પણ ઉત્પત્તિમાં કોઇપણ જાતનો ફરક નથી. કારણ બન્નેની ઉત્પત્તિ કર્મથી અને કામભોગથી છે. હવે એ નિયમ નથી કે નઠારામાંથી સારૂં નજ થાય. સારામાંથી નઠારૂં થાય, અને નઠારામાંથી સારૂં થાય. પાંચ પકવાન્નથી વિષ્ટા થાય અને ખાતર-ઉકરડામાંથી મેવો થાય, અને અનાજ જેવી સારી વસ્તુ પણ તેમાંથી ઉદ્ભવે છે, તેમ કર્મ અને કામભોગ રૂપી કચરામાંથી જન અને જનપદની ઉત્પત્તિ છે. અદર્શનીયમાંથી દર્શનીય પદાર્થની ઉત્પત્તિ થાય છે. જો કે ઉત્પત્તિના સાધનો ખરાબ હોય પણ પદાર્થ સારો હોય. જેમ કિચ્ચડ અને પાણીમાંથી કમળની ઉત્પત્તિ થઈ.

પરિણામવાદની પુનીતતા.

હવે સર્વજ્ઞપ્રણીત જૈન-શાસ્ત્રનો અકાટય-સિદ્ધાન્ત પરિણામવાદ છે. એટલે ચીજરૂપે ચીજ રહે. અને પર્યાયરૂપે પલ્ટાય. દ્રવ્યરૂપે એક વસ્તુ કોઇ એક પણ પર્યાયથી ફેરફાર થાય. આંગળી વક્રપણે-જડાપણે ફરે પાછી આંગળી તો તેની તેજ. જેમ માટીમાંથી ઘડો થયો, તેમાં ઘડાપણું અને માટીપણું બન્ને છે એમ જૈનો માને છે પણ બીજાઓ તો ઘડાપણું અને માટીપણું ઉડાડી દે છે. આથી પરિણામ વાદવાળાને સમયે સમયે તે પરિણામો બદલાય. હવે સારી વસ્તુ દેખી સારાયે પરિણામ થાય, અને નરસા પણ થાય. પુદ્ગલો જુદા જુદા રૂપે પરિણમે છે. સર્વ પુદ્ગલો સર્વ કાલે ઇષ્ટ કે અનિષ્ટરૂપે રહે તેવો નિયમ નથી. જૈન શાસ્ત્રજ પરિણામવાદ ઉપર નિર્ભર છે. હવે એ પણ નિયમ નથી કે ખરાબ કાર્યને લીધે ખરાબ અગર સારા પણ પરિણામ થાય. એ પરિણામવાદની પ્રબળતા છે.

કમળને સ્થાને લોકસમુદાય.

હવે કર્મ અને ભોગ ઉપરથી સારી નરસી ઉત્પત્તિ થાય તેથી તેને વખાણવા જોઇએ નહિ. હવે કુમારપાળને કે સંપ્રત્તિને રાજ્ય મલ્યું ત્યાંસુધી શું કર્યું હતું ? કહો કે મુઠી ચણા માટે (શેકેલા ચણા) ભટકવાનું હતું. સંપ્રતિ રાજાની પણ તેજ સ્થિતિ હતી ને ? પરંતુ ખાવા માટે ચારિત્ર લેનારે રાજાના ભવમાં ઢેરાઓ અને જીર્ણોદ્ધારો કર્યા. ધર્મની ઉન્નતિ કરી એ બધો પ્રતાપ તો પૂર્વ પુણ્યથી પ્રાપ્ત થયેલ રાજ્યનો-તો પછી તેની અનુમોદના કરવીને ? તો જૈનીઓને ત્યાં તેવો નિયમ નથી. તે તો ખરાબ કાર્યથી સારૂં અને સારાથી ખરાબ પણ કાર્યની ઉત્પત્તિ જૈનો માને છે. હવે ગામમાં અને દેશમાં રહેવાવાળા લોકો તે બધા કમળ જેવા છે. કમળ જરા પાણીમાં

કે કચરામાં ઉત્પન્ન થયું તેથી તેને કોઇ હલકું માનતું નથી. તેમ જગતમાં જીવો કામભોગ રૂપી કર્મ કચરાથી ઉત્પન્ન થયેલ છે છતાં તેને ઉત્તમ ગણે છે. શાથી ? મોક્ષ ગતિનો કોરો ચેક લઇને આવેલા છે. તેથી તેઓ ઉત્તમ છે. હે શ્રમણો ?, હે આયુષ્યમન્તો ?; ગામડાના અને શહેરના લોકોની અપેક્ષાએ મેં અહિં કમળનો જથ્થો કહ્યો છે. હવે ચાર માણસો કયા ?, પાંચમો ભિક્ષક કયો ?; તે અધિકાર અગ્રે વર્તમાન.

—ભાવનાધિકારે.—

ખાડાવાળી સડકમાં મુંઝવણ.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન જીનહર્ષસૂરીજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે વિંશતિ-સ્થાનક ચરિત્રની રચના કરતાં થકાં આગળ સુચવી ગયા કે—**અરિહંત સિદ્ધ પવયણ** ભૂત-કાળમાં કોઇપણ તીર્થંકર એવા થયા નથી, વર્તમાનમાં થતા નથી, અને ભવિષ્યમાં થશે નહિં કે જેને વીશ સ્થાનકની આરાધના ન કરી હોય. આથી વીસ સ્થાનકની આરાધના દરેક તીર્થંકરને કરવાનીજ હોય. હવે વીસ સ્થાનકની આરાધના કરી શકે કે ન પણ કરી શકે. શકિત હોય અને ન પણ હોય. કોઇ જીંદગીના અંત સમય પહેલાં સાવચેત થયો હોય, અને કોઇ શારિરીક પ્રકૃતિની અનુકુળતા-વાળો ન હોય એ જીંદગીમાં અંત સમયે સાવધાન થયો હોય. ત્રણ રસ્તામાંથી કોઈ પણ એક રસ્તામાં જવું સારૂં એમ ધારીને નીસરણીનાં પગથીયાં છ ઈંચવાળા, એક એક ફુટ, ત્રણ ત્રણ ફુટને આંતરે પગથીયા દેખ્યા હોય. તેમાં બચ્ચાં સામાન્ય મનુષ્યો અને મજુરોને ક્રમવાર અનુકુલ હોય છે. તેમ જીનેશ્વરોએ પણ તીર્થંકર થવા માટે જુદા જુદા રસ્તા બતાવી રાખ્યા છે. પરંતુ ભગવાને કહ્યું હોય કે મારી જેમ માસ માસ ખમણના ઉપવાસ કરી વીસ સ્થાન-કની આરાધના કરે તોજ તીર્થંકર પદ પ્રાપ્ત કરી શકો. હવે જે સડકમાં વીસ ફુટનો ખાડો કરી દેવામાં આવે પછી તે સડક સીધી હોય તો પણ વાહન અને રાહદારીને શું કામ લાગે ? કહો કે સડક હોવા છતાં કામ ન લાગે. તેવી રીતે પ્રભુ મહાવીરે તીર્થંકર પદવીની છુટ આપી પણ માસ-પાસ ખમણ વર્ષો સુધી કરવા જોઇએ એમ જો કહે તો સડક ખરી પણ ખાડાવાળી કહેવાય. તે સડક રાહદારીના કામની નહિં, અને વાહનના કામની પણ નહિં એના જેવી સ્થિતિ થાય.

શક્તિ આદિને અનુકુળ તપોધર્મ સેવન.

૧૧ અગીઆર લાખ ઉપરના માસ ખમણ કરો તોજ તીર્થંકર થાય, એમાં ચૂંચા ન થાય. આવી રીતે તીર્થંકર પદવી તીર્થંકરોએ મેળવી છે, તેવી રીતે મેળવે. ચાંદલો વિમાનનો રતન-મય પણ અધર રહેવા છતાં લેવાય નહિં. તેમ અહિં તીર્થંકર પદવી લેવાની છુટ ખરી, પણ લાખ લાખ વર્ષ તપસ્યા કરો. એટલા નહિં પણ વીસજ દિવસ કરો. સતી પતિને ઘેર ઘેંસ રાંધીને ખવરાવે, તો પણ તે ભક્તિ; અને વેશ્યા દુધપાક રાંધીને ખવરાવે તો પણ તે અનાચાર સતિના ઘરમાં શક્તિ કે સામગ્રી ન હોય તો ઘેંસ રાંધી ખવરાવે, તેવી રીતે શક્તિ અને સમયની ખામીને લીધે, સંઘયણની ખામીને લીધે, આયુષ્યની અલ્પતાને લીધે, વીસે ન

આરાધો તો ચાલે સતિના મનમાં ભાવના તો એવી હોવી જોઇએ કે જો દુધપાકની અગર તેથી પણ વધુ સામગ્રી મળે તો તે કરીને ખવરાવું. તેવી રીતે અહિં ભાવના તો બાકીના ઓગણીસ-પદની રહેવી જોઇએ.

એકની વિરાધનામાં સર્વની વિરાધના.

ગોશાળાએ ત્રેવીસ તીર્થંકરોને આપણી જેમ માનતો હતો, અને ચોવીસમાં મહાવીર નહિં. પાત્ર હું પોતે. આથી એકની વિરાધના તેથી એકનું નુકશાન માનવું ને?, કહો કે એકની પણ વિરાધના તે સર્વની વિરાધના. તેથી શાસ્ત્રકારોએ નિયમ રાખ્યો છે કે એક અરિહંત એક સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય સાધુ કે સંઘની વિરાધના તે સર્વની વિરાધના સમજવી. જો એમ ન હોત તો ગોશાળો ન્હાલ થઇ જાત, પણ જૈન શાસનને એકની પણ વિરાધના પાલવતી નથી. અહિં મહાવીરની મૂર્તિ હોય અને તેની આશાતના કહો તેથી એકની આશાતના એ સર્વની આશાતના. તેમજ એકની સ્તુતિએ સર્વની સ્તુતિ સમજવી. શાથી? જૈન શાસન એકની પણ વિરાધનાને ખમવાવાળું નથી. તેથી ચોકખો નિયમ રાખે છે કે એકની પુજાથી સર્વની પૂજા. ધનાસાર્થવાહે ધર્મ ઘોષના શિષ્યોને દાન દીધું. આથી બાકીના સાધુઓને દાતાન્તરાય રહ્યો ને? અરે, નયસારે જે જંગલમાં ભુલા પડેલા સાધુઓને વહોરાવ્યું, બાકીના વહોરાવ્યા વગરના હતા, તેથી નુકશાનને! જો જૈન શાસનમાં ન આવો તો ધનાસાર્થવાહે દીધેલ દાન તે સુપાત્રદાન કહેવાય નહિ. કારણ સર્વને આપે ત્યારે તે સુપાત્ર કહેવાય. કહો કે એકને પણ સુપાત્ર બુદ્ધિથી દાન આપ્યું તેથી સર્વ મુનિઓને સુપાત્ર તરીકે સમજનારો કહેવાય. ગોશાળો આવતા ભવે-શાસન પ્રત્યનિક થશે ને? આથી જણાવ્યું કે વીસ સ્થાનક ન આરાધી શકો. લાખ વર્ષ સુધી માસ ખમણની તપસ્યા ન કરી શકો તો ભાવના તો લાંબી મુદતની આરાધનાની હૃદયમાં વસવી જોઇએ.

અસંખ્ય-કેવળીઓને અરિહંતપણું કેમ નહિ?

પ્રથમ નંબરે અરિહંત પદ છે. તેમનું નામ આરાધના સાંભળીને આનંદ થાય. સૂર્ય ઉદય સાંભળી જગતને આનંદ પણ ઘુવડના કુલને દુઃખ થાય. તેમ જૈનોને અરિહંતનું નામ સાંભળીને ભડકવું છે. સામાન્ય કેવળી-ગણધર-કેવલી મૂક કેવલીમાં કંઇ ફરક છે ખરો? જ્ઞાનાવરણીયાદિ ચારે ઘાતિ કર્મના ક્ષયમાં ફરક નથી. અનંત જ્ઞાનાદિ ચતુષ્ટયમાં ફરક નથી તો પછી આ અવસર્પિણીમાં અસંખ્યાતા કેવલજ્ઞાની થયાં તેમાં આ ચોવીસ તીર્થંકર ચોપડે ચઢયા. અને બાકીના ન ચઢયા તેનું પાપ કોને? કેવલજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય તે તીર્થંકર જેવોજ કેવલિને હતો. છતાં આ કેમ ભુલાઈ ગયા? કોણ કહે છે. જૈન શાસનના વિરોધિઓ? અરિહંતની આરાધના કરવા તૈયાર થયેલાને મહાવીર મહારાજની આરાધનામાં પ્રથમના તેવીસને ભુલ્યા. એમ કહી નિંદા કરનારાઓ અસંખ્યાતને ભુલ્યાની વાત કરે છે. વસ્તુ સમજાવવી માત્ર શાસ્ત્રકારનું કથન છે. સમજાવ્યા છતાં મનમાંથી ન કાઢે તેનું શું? વાત તો ઠીક છે, પણ આપણા ગળે ઉતરતી

ઉતરતી નથી. શું તેમાં કંઇ નાળું કરવું. વાતની શંકા કરે તો સમાધાન પણ થાય. વાત ઠીક કરવી છે અને કહેવી છે. પણ ઘટમાં ઉતરતી નથી. એનો રસ્તો કયો? રોહિણીયા ચોરને તો કાંટો વાગ્યો એટલે રોકાયો અને શબ્દ સંભળાઇ ગયો તેથી રસ્તો મળી ગયો પણ જેને વાત ઠીક કહેવી છે છતાં ઉતરતું નથી. એના માટે હવે કયો રસ્તો લેવો? તેવી રીતે "અહિં ચોવીસે તીર્થંકરો ચોપડે ચઢીને અસંખ્યાતા કેવલીઓને ભૂલાવી દીધા." આવું બોલનારા માટે સમજવા માંગે તો સમાધાન થાય. પણ જે સમજવા માંગે પણ ગળે ઉતરવા ન માંગે તે માટે રસ્તો નથી? કે અસંખ્યાતા કેવલી કર્યા કોણે? આ ચોવિસીમાં થયા તે કબુલ પણ કર્યા કોણે? એક ગુફામાં સો માણસ ઉતર્યું. હવે દીવા હતા તે બુજાઇ ગયા. થાય શું? પણ એકની પાસે દીવાસળી હતી તેણે પોતાની મસાળ સળગાવી. તેવી રીતે બીજા દસે મસાલ સળગાવી હવે સળગવામાં ફરક નથી. પણ જશ તો પ્રથમ સળાગવનારનેજ મળે બીજાને નહિં. તેમ અહિં પણ તીર્થંકરો મોક્ષમાર્ગ બંધ થયેલો હોય તેને ખોલનારા છે. કેવલીઓ ખોલેલા માર્ગે મોક્ષે જનારા છે, પણ માર્ગને ખુલ્લો કરનાર તો તીર્થંકરો છે. આ વાતને અંગે તમો પણ પર્યુષણમાં સાંભળો છો. તેમનો બે પ્રકારનો પર્યાય. કેવલિપણું પર્યાયાન્તકૃત એટલે કેવલિપણાની પરંપરા, અને યુગાન્તકૃત મોક્ષે જનારાની પાટપરંપરા. મોક્ષના મુસાફર કેવળીઓ ખરા પણ મોક્ષ માર્ગને વહેવડાવનારા તીર્થંકરોજ. કેવલીઓ મોક્ષ માર્ગને કરવાવાળા કે ઉઘાડવાળા નહિ. સડકે જવાવાળા ખરા. પણ સડકને બાંધવાવાળા નહિં કોણ? કેવલિઓ. હવે શાસન સ્થાપનારા મોક્ષમાર્ગને ચલાવનારાનો કોઇપણ હોય તો આ ચોવિસ છે. તેમણે ભૂલાવ્યા નથી, પણ અસંખ્યાત કેવલિઓની તે ચોવીસ જડ છે. તેથી પ્રથમ પદે અરિહંતની જડ બતાવી. તે કેવા હોય. તેની આરાધના કેવી રીતે કોણે કરી એ અગ્રે જણાવશે.

માનવંતા ગ્રાહકોને.

"પ્રથમ અંકની પ્રાપ્તિ પછી લવાજમ સમિતિને પ્રાપ્ત થયું નહિ હોય તો બીજો અંક વી. પી. થશે તે સ્વીકારવા સાદર ભલામણ છે." આ પ્રથમ અંકની જાહેરાત મુજબ ચાલુ અંકથી વી. પી શરૂ થાય છે માટે દરેક ગ્રાહકને વિનંતિ પૂર્વક સ્વીકારી લેવા ભલામણ છે.

આશા છે કે અસહ્ય મોંઘવારીના સમયમાં કાગળ-મુદ્રણ-મજુરી-પ્રેસ મેટર આદિ પાછળનું ખર્ચ વિચારતાં આ માસિકનું વાર્ષિક લવાજમ જૂજ છે, છતાં નક્કર-વાંચન સિદ્ધાન્ત દોહન સુધા સાથે નવ નવ રસવતી પૂર્વક પીરસાય છે. માટે ચાલુ વર્ષમાં ગ્રાહક રહીને માસિકની મહત્વતા વધારવા કટીબદ્ધ થશો. સાથે સાથે નવીન ગ્રાહકો વધારીને અમારા ઉત્સાહને પ્રોત્સાહન આપશો.

ચાલુ વર્ષમાં ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય તેમણે તુરત નીચેના સરનામે લખી મોકલવું કે જેથી વી. પી. ખર્ચનું નુકસાન ધાર્મિક સંસ્થાને ન થાય.

પત્રવ્યવહારાદિ પૈસા ભરવાનાં સ્થળ—

૧. ઝવેરી પાનાચંદ રૂપચંદ
ઠે. ૨૨૪ શેખમેમણ સ્ટ્રીટ, મુંબઇ નં. ૨

૨. શા. ગુણવંતલાલ જેચંદભાઈ ઠાર
ઠે. ઝોપીપુરા ચાંદ્યાગલી મુ. સુરત.

[ગયા પેજ ૩ થી ચાલુ]

શીરપુરના વર્તમાન—માળવદેશનું મશહૂર શ્રી માંડવગઢ તીર્થની કાર્યવાહક સમિતિની એક જનરલ બેઠક અત્ર પૂ. પં. શ્રી ચંદ્રસાગરજી ગણિવર્યની અધ્યક્ષતામાં મળી હતી. તા. ૧૪–૧૨–૧૯૪૭ ના રોજ માગશર સુદ ૨ ને બપોરે શરૂ થતી મીટીંગમાં બુંદનાવરથી શેઠ નંદરામ ચોપડા, નંદરામ લોઢા, બખતગઢથી શેઠ ચંપાલાલજી (ગુમાનજી તારાચંદવાળા), ભભુતમલજી, ધાર શહેરથી શ્રેષ્ઠિ ગટુલાલજી, ઓંકારલાલજી, કાનવનથી શ્રેષ્ટિ વાલચંદજી, માલેગાંવથી સંઘવી ભોગીલાલ લાલચંદ અને ઈન્દોરથી રતનલાલજી આવ્યા હતા. માંડવગઢથી પ્રાચીનતા પૂરવાર કરી શકે તેવું તારાપુરનું જીર્ણ મંદિર છે, કે જે હાલ ધાર સ્ટેટના તાબામાં છે. તેને કારખાનાએ (માંડવગઢ તીર્થ કારખાનાએ) જૈન શ્વે૦ સંઘના હકને નુકશાન ન પહોંચે તે રીતે લેઇ લેવું, અને જીર્ણોદ્ધાર કરાવીને તેનું રક્ષણ કરવું. તારાપુરથી હાલના માંડવગઢના તીર્થ સુધીની સડક સ્ટેટ કરે છે તેમાં અડધી રકમ જૈનો આપે એવી કબુલાતનો નિર્ણય અને સ્ટેટ સાથે કેવી વાટાઘાટ કરીને કામ કરવું તે બીનાઓ વિગતવાર ચર્ચાઇ હતી. અંતમાં ધાર સ્ટેટ પાસેથી જીર્ણ મંદીર, સડક સંબંધીનો દસ્તાવેજ વિગેરે કરવાની, અને આસપાસની જગ્યા ખરીદવાની સત્તા શેઠ ગટુલાલજીને આપી હતી. સડક બાંધવા માટે વીસ હજારનું ખર્ચ છે તેમાંથી દશ હજાર રૂપીઆ જૈન સંઘને આપવા પેટે બે હજારની ટીપ શ્રી વિજયદેવસૂરસંઘ તરફથી શ્રી ગોડીજીના સંઘમાં થયેલ છે તે બીનાનો પત્ર પૂ. પંન્યાસપ્રવરશ્રીજી પર હતો તે વાંચી સંભળાવ્યો હતો. માંડવગઢના તીર્થના મૂળ પંચ ધાતુમય મૂળ પ્રતિમાજી બુરાનપુર છે, તે પ્રતિમાજી પણ તારાપુર તીર્થની આબાદી બાદ લાવવાનું નક્કી થયેલ છે. સાત વર્ષનો હિસાબ–રીપોર્ટ આ તીર્થનો બહાર પાડવાનો નિર્ણય થયો છે. બધા ભગવન્તોના દાગીના નથી તેથી કરાવવાની પરવાનગી સંઘવી ભોગીલાલ માલેગાંવવાળાને આપી છે, અને તે ઝવેરી જમનાદાસ મોનજી મુંબઇ મુકામે તેમની મારફત કરાવવાનું નક્કી થયેલ છે. આ તીર્થની કમીટીમાં ખાલી પડેલ જગામાં મેમ્બરોની પુરવણીમાં શીરપુરવાળા શ્રેષ્ઠિ વેલચંદ લક્ષ્મીચંદ, શ્રેષ્ઠિ નગીનદાસ લીલાચંદ ગુલાબચંદ અને ઉજ્જૈનવાળા મગનીરામજી માંગીલાલજી શીરોલીયાને સર્વાનુમતે લીધા છે. આ તીર્થની કમીટીના સભ્યોએ વ્યાખ્યાનવાણીમાં લાભ લીધો, અને બુંદનાવરવાળા શ્રેષ્ઠિ નંદરામ ચોપડા તરફથી શ્રીફળની પ્રભાવના થઇ હતી.

વર્તમાનમાં હાલના દરેક સ્થળોના જિનમંદિરોમાં શ્રી સિદ્ધચક્રયંત્રનું સંપૂર્ણ આલંબન થયેલા સિદ્ધચક્રજીના ગટ્ટા મળતાજ નથી તેની ખોટ પુરી કરવાને લગભગ ત્રણ વર્ષથી એક સરખો પ્રયત્ન ચાલુ હતો. તે પ્રયત્ન ચાલુ વર્ષે સફળ થયો છે અને તામ્રપત્ર ઉપર આલેખનનું કામ શરૂ થયેલ છે. ૪૫) પીસ્તાલીસ ઉપરની સંખ્યામાં

જુદી જુદી વ્યકિતઓ તરફથી પોતાના ખર્ચે તૈયાર કરવાનું નક્કી થયેલ. હજુ નવનવીન નામો નોંધાય છે. ઉજ્જૈન શ્રી સિદ્ધચક્રારાધન તીર્થસ્થાન પર અંજનશલાકા પ્રતિષ્ઠિત થયેલ શ્રી સિદ્ધચક્રપટ્ટકને અનુસરતી પ્રતિકૃતિ રૂપે આ તામ્રપત્રો તૈયાર થાય છે. આલેખન કરાવનાર રૂા. ૩૧) એકત્રીસ રૂપીઆ આપીને પોતાનું મુબારક નામ કોતરાવી શકે છે. વધુ ખુલાસા માટે નીચેના સરનામે પુછો. ઝવેરી મોહનલાલ ગુલાબચંદ, ઠે૦ ઝવેરી ભુવન. મુ. વલસાડ. (B.B.C.I. Rly)

ઈન્દોર જૈન શ્વે. સંઘ તરફથી ઘેબરમલજી રતનલાલે, નરેન્દ્રચન્દ્ર હીરાલાલે અને નેમિચંદ જૈને ઇન્દોર ચાતુર્માસ માટે, અને માલગાંવ માટે સંઘવી ભોગીલાલ લાલચંદે વિનંતિ કરી હતી.

વિ. પુરૂષાદાનીયપાર્શ્વનાથજીની પોષ દશમીની આરાધના માટે માગ૦ વદ ૮–૯–૧૦ તારીખ ૪–૫–૬ રવિ, સોમ મંગળવારે શ્રી શીરપુર સંઘ તરફથી થઈ હતી. પૂજા આંગી પ્રભાવના અને એકાસણાનો પ્રબંધ શ્રી સંઘ તરફથી થયો હતો, આરાધકોને શ્રીફળની પ્રભાવના મહિદ પુરવાળા સંઘવી ચંપાલાલજી તરફથી થઇ હતી. આરાધનામાં ૧૭૧) ભાઇ બ્હેનોએ લાભ લીધો હતો. જેમાં સાત સાત વર્ષની છોકરી–છોકરાએ પણ આરાધનમાં લાભ લીધો છે. રથયાત્રા પણ સુંદર રીતે કાઢવામાં આવી હતી.

વિ. ચાલુ વર્ષના પોષ વદ ૧૦ તા. ૪–૨–૧૯૪૮ થી માહ સુદ ૩ તા. ૧૩–૨–૧૯૪૮ સુધીનો અષ્ટાન્હિકા મહોત્સવ અને અષ્ટોત્તરી સ્નાત્ર સ્વામિવાત્સલ્યાદિ કાર્યો થશે, જેના ખર્ચ માટે ત્રણ હજાર રૂપીઆનો પ્રબંધ શ્રી સંઘે મળીને કર્યો છે. અને તે પછી સ્વ. લીલાચંદ ગુલાબચંદના પુણ્ય સ્મરણાર્થે તેમના ચી. પુત્ર શા. નગીનદાસ લીલાચંદ તરફથી અષ્ટાન્હિકા મહોત્સવ સ્વામિ વાત્સલ્યાદિ થનાર છે. એજ.

સહાયકોને.

સહાયકોની સુંદર સહાય ઉપર નભે છે માટે પૂ. સાધુ સાધ્વીઓને, ધાર્મિક સંસ્થાઓને, અને જે જે વ્યકિતઓને આ માસિક ભેટ (વગર લવાજમે) મોકલાય છે. તેઓએ યથાશકિત ઉદ્યમવંત થઇને આર્થિક મદદ મોકલવા–મોકલાવવા પ્રબંધ કરવા વિનંતિ છે.

ચાલુ વર્ષમાં પૂ. સાધ્વીઓએ, શ્રી સંઘોએ અને જે જે વ્યકિતઓએ આ માસિકના વાંચનની કદર કરીને જે જે ભેટ રકમો મોકલી છે તે સર્વનો સમિતિ સાદર આભાર માને છે એજ.

લિ૦ તન્ત્રી.

અખિલ ભારતવર્ષીય શ્રી વર્દ્ધમાન તપ સહાયક સમિતિને ચાલુ વર્ષના નવા સહાયકોની મુબારક નામાવલી.

શ્રી સિદ્ધચક્ર માસિકના ગત અંકોમાં ભેટ રકમ મોકલનારાઓના નામો આપી ગયા છીએ, અને હજુ પણ શ્રી સંસ્થાના આગેવાનો પાસેથી વધુમાં રૂ ૨૦૧) અને ઓછામાં રૂ. ૧૦૧) ની આ સમિતિ આશા રાખે છે.

૨૦૧)	એન. મનસુખરામની કું,	ઠે૦ ટંકશાળ મુ. અમદાવાદ
૨૦૧)	શેઠ રવજી સોજપાળ	શાન્તિનિકેતન માટુંગા, મુંબઇ
૧૦૧)	શ્રેષ્ઠિ હીરાલાલ નાનાલાલ	ઠે૦ મસ્કતી માર્કીટ, મુ. અમદાવાદ
૧૦૧)	શ્રેષ્ઠિ પુંજાભાઇ હઠીસંગ	,, ,, ,,
૧૦૧)	શેઠ ધેલાભાઈ દોલતરામ	ઠે. મરચંટ સોસાયટી અમદાવાદ
૧૦૧)	શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇ સાંકળચંદ	ઠે. મંગળ પારેખનો ખાંચો શાહપુર ,,
૧૦૧)	શેઠ શાન્તિકુમાર જગાભાઇ	ઠે. પતાસાની પોળ ,,
૧૦૧)	શેઠ પ્રેમચંદ બાલાભાઈ	ઠે. ઝાંપડાની પોળ ,,
૧૦૧)	શેઠ કલ્યાણુભાઈ મણીભાઇ	ઠે શેખનો પાડો ,,
૧૦૧)	શેઠ રસીકલાલ રતીલાલ	ઠે. પાંચકુવા ,,
૧૦૧)	શેઠ છોટાલાલ ભીખાભાઈ	ઠે. પ્રાગરાજગલી, મુળજી જેઠા માર્કીટ મુંબઇ નં. ૨
૧૦૧)	શ્રેષ્ઠિ ભાણુજી ધરમશી છાપરીયા	ઠે. છાપરીયા બીલ્ડીંગ, ન્યુ ચર્ની રોડ, કૃષ્ણ સીનેમા સામે મુંબઇ નં. ૪
૧૦૧)	,, સોમચંદ સાંકળચંદ હઠીસંગ	અમદાવાદ
૨૦૧)	,, છગનલાલ લક્ષ્મીચંદ	,,
૧૦૧)	,, પુંજાભાઈ છોટાલાલ	,,
૧૦૧)	,, હીરાચંદ રતનચંદ	,,
૧૦૧)	,, ચુનીલાલ દીપચંદ	,,
૧૦૧)	,, વાડીલાલ જમનાદાસ	,,
૨૧૧૮)		

ઉપર મુજબની ભેટ રકમો મળવાથી રૂપીઆ અઢાર હજાર ઉપરાંતનું ભંડોળ થવા સંભવ છે. હજુ સંસ્થા પ્રત્યે લાગણી ધરાવનારાઓ રૂપીઆ ભરાવી રહ્યા છે, અને ભરાયેલી રકમો એકઠી કરીને મુંબઇ મુકામે ખજાનચી પર મોકલી આપવામાં સફળ પ્રયત્ન કરી રહ્યા છે.

તા. ક:—**અખિલ-ભારત-વર્ષના શ્રી વર્દ્ધમાન તપ આયંબીલ ખાતાંઓના સંચાલકોને નમ્ર વિનંતિ છે કે પોતાની સંસ્થાને પડેલી તોટાની રકમ મેળવવા માટે નીચેના સ્થળેથી યોગ્ય હકીકત પુરી પાડવા માટેનાં ફોર્મ મંગાવી લેશો, અને સાચી હકીકત ભરી તુરત નીચેના સ્થળે રવાના કરશો.**

સંસ્થાની યોગ્ય કાર્યવાહી જાણવા માટે, રીપોર્ટ અગર પત્રવ્યવહારાદિ કરવા માટે; અને ભેટ રકમ મોકલવા માટેનું સ્થળ ધ્યાનમાં રાખો.

ઝવેરી જમનાદાસ મોનજી, ખજાનચી અને મંત્રી.

બ્રુલીયન એકસચેંજ મુંબઇ નં. ૨

લિ. અ૦ ભા૦ શ્રી વર્દ્ધમાન તપ સહાયક સમિતિ-બ્રાંચ તરફથી **ઉત્તમચંદ જીભુભાઈના** પ્રણામ.

શીરપુર-(પશ્ચિમ ખાનદેશ.)

॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર

(ગયાં અંકથી ચાલુ)

"હે ભગવંત! કૃપા કરીને આપ મને દર્શન પડિમા-સમ્યક્ત્વ સામાયક ઉચ્ચરાવોજી" ઇત્યાદિ શબ્દો દીક્ષા યોગ્ય જીવો માટે અભિવ્યવહાર કહેવાય છે. અને તેથી દીક્ષા, આરાધના વિરાધનાથી થવાવાળી શુભ ગતિ-અશુભ ગતિનો નિર્ણય અસ્ખલિતાદિ ગુણ દોષ તપાસીને નક્કી કરવો એજ આચાર્યોનો અભિવ્યવહાર છે. અર્થાત તે અવસરે આચાર્ય ભગવન્તોના મન-વચન-કાય યોગની પ્રવૃત્તિથી દીક્ષાર્થિઓની શુભા-શુભ ગતિનો નિર્ણય કરવો એજ આચાર્યોનો અભિવ્યવહાર છે. આવો મત કેટલાક આચાર્યોનો છે.

વળી બીજા કેટલાક આચાર્યો આ સંબંધમાં આ રીતે જણાવે છે કે—ક્રોધ, લોભ, મોહ, ભયાદિ વ્યાકુલ મનવાળા આચાર્ય તે અવસરે દીક્ષાર્થિના સંબંધની દીક્ષા પ્રસંગમાં બોલે તે બોલેલા શબ્દો શુભ હોય તો શુભ ગતિ અને અને અશુભ શબ્દો હોય તો અશુભ ગતિ સમજવી. અથવા તે અવસરે દીવો, ચન્દ્ર, અને તારાઓ પ્રવૃદ્ધમાન તેજવાળા થાય અગર હોય તેના કરતાં વધુ તેજવાળા જણાય તો દીક્ષાર્થિની શુભ ગતિ અન્યથા અશુભ ગતિ સમજવી. અર્થાત્ દીક્ષા પ્રદાન પછી ઉત્તર કાળે ભાવિમાં થનારા શુભ વ્યાપારાદિનો નિર્ણય કરાય છે. ગાથા-૨૬.

બહિઃ પુષ્પપાતે દીક્ષા નિષેધ.

સમવસરણની મધ્યમાં પુષ્પાત થયો હોય તો પૂર્વના પુનીત સંકેતથી દીક્ષાર્થિને દીક્ષા દેવાય છે, અને તે સબંધમાં મતમતાન્તરનો યોગ્ય આશ્રય લેઇને પણ દીક્ષાદાનનો વિધિ સચવાય છે; પરંતુ સમવસરણની બહાર પુષ્પ-પાત થયો હોય તો કયો વિધિ છે તે જણાવે છે.

જો દીક્ષાર્થિના હાથે નંખાવેલા પુષ્પ બહાર પડયા હોય તો તે દીક્ષાર્થિ જીવ પાસે શંકાદિ અતિચારની આલોચના, પોતાના અભિપ્રાયનું નિવેદન; અને ચાર શરણને ચિત્તમાં ધારણ કરાવવાં, અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિ પ્રરૂપેલા ધર્મને મંગળમય મનાવવાં, લોકને વિષે તે પાંચને ઉત્તમ મનાવવાં, અને શરણ રૂપે સ્વીકાર કરાવવાં, અને પંચ પરમેષ્ઠીઓને નમસ્કારાદિ ક્રિયાઓ કરાવવી.

આવી રીતે એક વાર પુષ્પો સમવસરણની બ્હાર પડયા હોય તો ઉપર પ્રમાણેનો વિધિ બીજી વખત કરાવવો, અને બીજી વખત પૂર્વની ક્રિયાને અનુસરીને પુષ્પ નંખાવવા છતાં બ્હાર પડે તો આલોચનાદિ કરાવીને ત્રીજી વાર પુષ્પ નંખાવવાં, છતાં ત્રીજી વખત જો પુષ્પો સમવ-સરણની બ્હારજ પડે તો સમજવું કે આ દિક્ષાર્થી જીવ સમ્યક્ત્વને અનુસરતી સ્વયંસેવક દીક્ષાને અયોગ્યજ છે.

હવે દીક્ષાર્થિ જીવ દીક્ષાને અયોગ્ય છે એમ જાણ્યા પછી તે દીક્ષાર્થિ જીવને કહેવું હે! ભાગ્યશાલિ! આ પ્રસંગે તને દીક્ષા નહિં દેઇ શકાય, પરંતુ બીજા કોઇ પ્રસંગે પુનઃ તને દીક્ષા આપવા પ્રયત્ન કરશું ઇત્યાદિ કોમલ વચન વડે તેને સમજાવવો જરૂરી છે. ગાથા. ૨૭.

દીક્ષાર્થિને સમ્યક્ત્વનું આરોપણ.

પુષ્યપાત પછી દીક્ષા દેવાનો નિર્ણય થયો હોય તેવા દીક્ષા યોગ્ય જીવને સમ્યગ્દર્શનનું આરોપણ કરવું યોગ્ય છે. તેથી દીક્ષા ઉચિત નિશ્ચિત થયેલા દીક્ષાર્થિને પુષ્યપાતની ક્રિયા કરાવ્યા પછી તેની આંખેથી આચ્છાદિત કરેલ વસ્ત્ર દૂર કરીને જિનેશ્વર ભગવન્તની પ્રતિમાના દર્શન ગુરૂ મહારાજે કરાવવા યોગ્ય છે. આ સ્થળે દીક્ષા શબ્દથી સર્વવિરતિને સંબોધન કરનારા ઉપદેશકોને નવાંગી વૃત્તિકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી જણાવે છે કે— **दर्शनमिति सम्यग्दर्शनं तस्यारोपणीयं, एतदारोपणमेव च दीक्षोच्यते** । અર્થાત્ સમ્યગ્દર્શનનું આરોપણ કરવું એજ દીક્ષાદાનનો વિધિક્રમ છે. ગુરૂવર્યે નીચેનો પાઠ ઉચ્ચરાવવો અને દીક્ષાર્થિએ તે પાઠ શ્રવણ કરીને તેનું સઘળું રહસ્ય સ્વીકાર્યું છે એમ પુનઃઉચ્ચારણ કરવું. તે પાઠ આ પ્રમાણે છે:—

"अहं भंते! तुम्हाणं समीवे मिच्छात्ताउ पडिक्कमामि, संमत्तं उवसंपज्जामि." ઇત્યાદિ પદોના પૂનીત ભાવોથી પરિપૂર્ણ થયેલા પાઠનું પરમાર્થ આ પ્રમાણે છે. હે ભગવંત! હું આપની સમીપે મિથ્યાત્વને અને મિથ્યાત્વના કારણોને પૂર્વે સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં હોય તે સર્વેને પ્રતિક્રમું છું અર્થાત્ આત્મ સાક્ષિએ નિન્દું છું અને આપ શ્રીમાન્ ગુરૂવર્યની સાક્ષિએ ગર્હા=પ્રગટપણે ગર્હું છું=નિન્દું છું અને સમ્યક્ત્વને સ્વીકારૂં છું. આજથી હવે મને અન્ય તીર્થિકો—અન્યતીર્થિકના દેવો, અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલાં અરિહંત ચૈત્યોને વન્દન નમસ્કાર કરવો કલ્પતોજ નથી. એટલુંજ નહિં પણ નહિં બોલાવ્યા વગર એકાદ વખત તેઓની સાથે બોલવા રૂપ આલાપ, વારંવાર વિચાર વિનિમય કરવા રૂપ સંલાપ પણ કલ્પતો નથી, અને તેઓને (અન્ય તીર્થિકાદિઓને) અશન—પાન ખાદિમ સ્વાદિમ આદિ ચાર પ્રકારનો આહાર દેવો તથા દેવરાવવાનું પણ મને કલ્પતુંજ નથી. રાજાના હુકમથી, ગણ=સમુદાયના કહેવાથી, દેવતાઓના પ્રબળ પ્રભાવથી, વડીલોની આજ્ઞાથી, ચોરાદિ બળવાનોના બળાત્કારથી અને આજીવિકા દુભાતી હોવાથી લીધેલ પ્રતિજ્ઞાથી વિરૂદ્ધ આચરણ કરવું પડે તેની છુટ રાખીને અને દ્રવ્યથી દર્શનના=સમ્યક્ત્વના સઘળાં દ્રવ્યોને સાધનોને અંગીકાર કરીને, ક્ષેત્રથી સર્વ લોકને વિષે, કાળથી આ શરીરમાં જ્યાં સુધી જીવન વ્યવહાર છે ત્યાં સુધી. અને ભાવથી ગ્રહ ભૂત પિશાચાદિનું છલાદિ કે ઉપદ્રવ ન હોય, સંન્નિપાતાદિ દશામાં પરાધીન અવસ્થા ન આવી હોય, અર્થાત્ મારા સમ્યક્ત્વના પરિણામનું પતન થાય તેવા કોઇ પણ પ્રબળ પરાધીન અવસ્થા કરી મૂકે તેવા પરિણામ ન થાય ત્યાં સુધી આ દર્શન=સમ્યક્ત્વ પ્રતિમા=પ્રતિજ્ઞાનો સ્વીકાર કરૂં છું આ બધું દીક્ષાર્થિએ સ્વીકાર્યું છે એટલે તુરત ગુરૂવર્ય વાસક્ષેપ નાંખે છે. અને નીચેનો આશીર્વાદ જણાવે છે—**"नित्थारग पारगो होहि,"** **"गुरु गुणेहिं वड्ढाहि"** આ બે આશીર્વચનથી ગુરૂ દીક્ષાર્થિને જણાવે છે કે "તું સંસાર સમુદ્રનો પાર પામવાવાળો થા "અને

વિશિષ્ટ ગુણગણે કરીને તું વૃદ્ધિ પામ." ગાથા. ૨૮. પૂર્વાર્દ્ધ.

મર્યાદા કથન અનુમોદન અને હર્ષાવલોકન.

સમ્યક્ત્વનું આરોપણ મિથ્યાત્વના પ્રતિક્રમણ-પૂર્વક કરાવીને હવે દીક્ષિત થયેલા જીવને સ્થિતિ સાધન એટલે દીક્ષિતની મર્યાદા જણાવે છે. હવે આ સમ્યક્ત્વનું આરોપણ થયા પછી આજથી તમારે હે ભાગ્યશાળિ! દેવ તરીકે અરિહંત ભગવન્તોને, ગુરૂ તરીકે મોક્ષમાર્ગના સાધક સુસાધુઓને અને સર્વજ્ઞ ભગવંતે કથન કરેલાં જીવાજીવાદિ નવપદાર્થમાં શ્રદ્ધા પ્રતીતિ રૂચિરૂપ સમ્યક્ત્વને ધારણ કરવું. એટલુંજ નહિં પણ હવેથી લૌકિક તીર્થ. અને લૌકિક દેવ-ગુરૂ ધર્મનું સેવન કરવું કલ્પતુંજ નથી. અને સાથે સાથે ત્રૈલોક્યનાથ અરિહંતાદિનું ત્રિકાલ વન્દનાદિ અનુષ્ઠાન કલ્પે છે માટે તે સેવન કર્યાજ કરવું જરૂરી છે. આ દીક્ષિત થયેલા જીવને સમ્યક્ત્વ આરોપણ પછી આ સ્થિતિમર્યાદામાં રહેવાથી સમ્યક્ત્વની વિશુદ્ધિ થાય છે. અથવા પુષ્પપાત અને અક્ષિવસ્ત્રાચ્છાદન કર્યા પછી હવે તમારે ઉપર પ્રમાણે પ્રવૃત્તિ-નિવૃત્તિ રૂપ જીવન જીવવા ઉજમાળ થવું.

તે પછી ઉપબૃંહણું એટલે દીક્ષાર્થિનું અનુમોદન કરવું તે આ પ્રમાણે. "તું ધન્ય છે, ક્ષીણ થઈ ગયા છે પ્રાયઃ કલેશ તારા તેથી તું ધર્મનો અધિકારી થયો છે, અને ભગવાનની નજીકમાં પુષ્પપાતથી નિશ્ચિત થયો છે તેથી હવે તારૂં નજીકમાં કલ્યાણ થવાનું છે, તું ધન્ય છે કે સકલ કલ્યાણની વેલડીઓના મૂળ રૂપે સ્વયં-સેવક અથવા સમ્યક્ત્વ આરોપણની ભાગવતી દીક્ષા પામ્યો છે, તે દીક્ષાની પ્રાપ્તિમાં તું સકલ કલ્યાણોને પામ્યો છે" આવાં આવાં પ્રમોદસૂચક અને વીર્યોલ્લાસવર્ધક વિશિષ્ટ ભાવોથી ભાવિત વચનો બોલીને ખૂબ ખૂબ અનુમોદના કરવી. અનુમોદના-કરનાર પોતાના સમ્યક્ત્વને નિર્મળ કરે છે અને શ્રવણ કરનારા સર્વને નિર્મળતાના પરમ કારણરૂપ બને છે માટે દર્શનાચારના આ પાંચમા ઉપબૃંહણ નામના આચારનું અસ્ખલિત પણે આરાધન કરવું જરૂરી છે.

આ અવસરે દીક્ષાર્થિના મુખ હૃદયાદિ હર્ષ કલ્લોલમાં ઝીલે છે કે દૈન્યતા-ઉદાસીનતામાં ડૂબે છે તે સારૂ હર્ષ, સંતોષ, દૈન્ય, ઉદાસીનતાનું નિરીક્ષણ કરવું, કે જેથી દીક્ષાર્થિની ભાવિ આરાધનાનું નિયમન થાય છે. ગાથા. ૨૮. ઉત્તરાર્દ્ધ.

સમર્પકનું શુદ્ધ નિવેદન.

દીક્ષાર્થિના સંબંધમાં ગુરૂવર્યે શું કરવું ઉચીત છે તે ગુરૂને કરવા યોગ્ય વ્યાપાર વિસ્તારથી પૂર્વે જણાવેલા ગાથા દ્વારાએ જણાવી ગયા. હવે ગુરૂ પ્રત્યે વિનીત શિષ્યાદિનો શો વ્યાપાર સંભવી શકે ? તે "**अह तिपयाहिण पुव्वं**" ઇત્યાદી પદો દ્વારા પરમાર્થ સમજાવતા શાસ્ત્રકાર જણાવે છે. પૂર્વે કરવા યોગ્ય ઉચીત વ્યાપાર ગુરૂ સંબંધનો જણાવીને હવે શિષ્યાદિ સંબંધનો વ્યાપાર આ પ્રમાણે છે કે દીક્ષિત થયેલા શિષ્યાદિએ ગુરૂને સમ્યકભાવે ત્રણ પ્રદક્ષિણા દેવી. અને શુદ્ધ ચિત્ત રત્નથી આ પ્રમાણે ધર્માચાર્ય ગુરૂવર્યને નિવેદન કરવું જરૂરી છે.-**भवदीयोऽहं किङ्करो, यूयं मे भवोदधिनिमग्नस्य नाथाः**" અર્થાત્ "હું આપનો કિંકર છું અને આપશ્રી ભવોદધિમાં ડુબેલા એવા મારા નાથ છો" આજ વચન દ્વારાએ ગુરૂ પ્રત્યે દીક્ષાર્થિ શિષ્યનું વાસ્તવિક સમર્પણ

સ્પષ્ટ થાય છે. જે આત્મા સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર થયો હોય તેને કંઇપણ સમર્પણ કરવાનું બાકીજ રહેતું નથી, તેથી સર્વથા એટલે તે સ્વયંસેવક–કિંકર–દાસ થનારૂ પોતાની માલીકિના બે પગવાળાં, ચાર પગવાળાં, ધન, ધાન્ય, સ્થાવર, જંગમ મિલ્કત સાથે હૃદય-આત્મા સર્વસ્વ સમર્પણ કરે છે. અને હૃદયના ભાવથી કબુલે છે કે મારી સઘળી સંપત્તિઓ આપશ્રીના ચરણમાં છે એટલે શાસન પ્રભાવના માટે જ્યારે જ્યારે ઉપયોગ કરવાની ઇચ્છા થાય ત્યારે ઉપયોગ કરીને મને કૃતાર્થ કરશો. પરંતુ કહેવા રૂપ આ નિવેદન નથી પણ પરમાર્થથી અવશ્યે તન–મન ધનાદિ સમર્પણ કરવા રૂપ આ દ્રઢ નિવેદન છે. ગાથા. ૨૯.

ઉત્કૃષ્ટ ગુરૂ ભક્તિ અને દાન.

સુવિનીત શિષ્યાદિએ નિર્મળ ભાવે દ્રઢતા પૂર્વક કરેલું આત્મનિવેદન ઘણુંજ સુંદર હોય પરંતુ તે ગુરૂ મહારાજ સ્વીકારે તો તે સ્વાત્મ નિવેદન સફળ થાય છે, નહિં તો નહિંજ આવી શંકા કરનારને શાસ્ત્રકાર ઉત્તર આપે છે— **"एसा खलु गुरुभत्ती०"** આ પદો દ્વારા શંકાનું નિરસન કરતાં જણાવે છે કે પૂર્વે સર્વથા પ્રકારે સમર્પણ કરનારની ગુરૂભક્તિ અતિ–ઉચ્ચ કક્ષાની છે તે આથી સાબિત થાય છે. જે આત્માએ સર્વસ્વ સમર્પણ કર્યું નથી તેની ભક્તિની કાંઇ કિંમત નથી.

વાણીના વિલાસ માત્રથી બોલનારની અવસ્થે ભક્તિને બદલે અભક્તિ આવિર્ભાવ થાય છે માટે સર્વસ્વ સમર્પણ કરનારની ભક્તિનું ફળ અચિન્ત્ય છે. ધર્માચાર્ય પ્રત્યે આદર–બહુમાન એટલે બાહ્યથી સેવા ભક્તિ વિનય અને હૃદયથી આદર પૂર્વકનાં બહુમાન, ગુરૂના વાસ્તવિક ગુણોનું સ્તવન યશ: કીર્તન, નજરમાં આવેલા કે શ્રવણ ગોચર થયેલા અવગુણાદિની ઉપેક્ષા અને આશાતના અલ્પ પણ ન કરવી એજ ગૌરવ ભરેલી ગુરૂ ભક્તિ સુવિનીત શિષ્યાદિની સફળતા બને છે. સુવિનીત શિષ્યાદિએ ગુરૂ ભક્તિ સદા કરવીજ જોઇએ કારણ કે શ્રીસ્થાનાંગ સૂત્રમાં ગુરૂવર્યના ઉપકારને દુષ્પ્રતિકારપણે વર્ણવ્યો છે એટલે ગુરૂ ઉપકારનો બદલો કોઇપણ રીતિએ વાળી શકાતોજ નથી. **"तिण्हं दुप्पडियारं समणाउसो ! तं जहा–अम्मा-पियारस्स गुरुस्स भट्टिस्स"** આ પદો સ્થાનાંગ સૂત્રના ત્રીજા ઠાણામાં જણાવેલા છે. વિસ્તારથી જાણવાના અભિલાષિઓએ સ્થાનાંગ વૃત્તિનો પરમાર્થ અવલોકવો. પરંતુ ચાલુ પ્રસંગમાં ગુરૂ મહારાજના ઉપકારનો બદલો વાળનાર શિષ્ય–પ્રશિષ્યાદિએ પોતાની વર્તમાન સમગ્ર–સામગ્રીઓથી વાળવા ઉદ્યમવંત થાય તો પણ વળી શકતોજ નથી, ફકત અધર્મને રસ્તે ઉતરી ગયેલા ગુરૂને ધર્મ માર્ગમાં સ્થિર કરે તોજ બદલો વળી શકે છે, અન્યથા નહિંજ. ઉપર જણાવેલી ગુરૂભક્તિ અને સર્વસ્વ સમર્પણ કરનારૂ ઉત્કૃષ્ટ દાનધર્મ કરનાર દાનેશ્વરી છે. ધન–માલ–મીલ્કત–શરીર દેનારાઓ એક એક વસ્તુને દેનારા છે જ્યારે આત્માર્પણ કરનાર તો સર્વસ્વ સમર્પણ કર્યું છે માટે આત્મદાન કરવું એજ સર્વસ્વ સમર્પણરૂપ સર્વોત્કૃષ્ટ દાન ધર્મરૂપ કલ્યાણકારિ કુશલ અનુષ્ઠાન થયેલું છે. એમ સમજવું. ગાથા ૩૦ પૂર્વાર્દ્ધ.

ઉત્કૃષ્ટ દાનધર્મરૂપ સ્વાત્માર્પણ.

"જેમ તેમ કષ્ટે કરીને આત્મનિવેદન કરવાથીજ ઉત્કૃષ્ટ દાન–ધર્મ થઇ જતો હોય તો જગતમાં હરકોઇ કરી શકે" એવી શંકા કરનારને શાસ્ત્રકાર ઉત્તર આપે છે કે સ્વાત્માર્પણ કરનાર તે અવસરે કલંક રહિત પૂનીત પરિણામની પ્રબળ દૃઢતાવાળો હોય તો તેનું સ્વાત્માર્પણ સફળ થાય છે.

સ્વાત્મ નિવેદન કરવાથી લોકમાં અને ધર્મિજનોમાં મ્હારી કીર્તિ વધશે એવી રીતે કીર્તિ આદિની અપેક્ષાવાળા આત્માઓ સ્વાત્માર્પણ કરે છે તો તે પરિણામથી કલંકિત થયેલું સ્વાત્માર્પણનું સુંદર ફળ યથાર્થ મેસી શકતુંજ નથી, અને પવિત્ર પરિણામવાળું નિર્દૂષિત સ્વાત્માર્પણ અલ્પકાળમાં યથેચ્છ ઇષ્ટ સિદ્ધિને પ્રાપ્ત કરે છે; અને સિદ્ધિ સંપન્નાત્મા અન્યને તે ઇષ્ટ સિદ્ધિનો લાભ આપવા ભાગ્યશાળિ બને છે. આ સ્વાત્માર્પણ વિશુદ્ધ ભાવથી થયેલું હોય તો ભાવ અનુષ્ઠાનનું કારણરૂપ અમોઘ–અવન્ધ્ય બીજરૂપ છે. આ ઉપરથી **આત્માર્થિઓએ અચળ સ્વભાવે પવિત્ર પરિણામપૂર્વક નિર્દૂષિત સ્વાત્માર્પણ સર્વથા ભાવે કરીને ઉત્કૃષ્ટ દાનધર્મ દ્વારાએ ઉત્કૃષ્ટ ફળના ભાગીદાર થવું એજ શ્રેયસ્કર છે.** ભાવપૂર્વક સ્વાત્માર્પણ ન થાય છતાં શરમથી અગર સાંસારિક ઇચ્છાથી થાય તો ભાવ વિશુદ્ધિના અભાવમાં પણ દ્રવ્યથી સ્વાત્માર્પણરૂપ દ્રવ્ય અનુષ્ઠાન કરનારને પણ ભાવાનુષ્ઠાનનું કારણ એટલે ભાવકાર્યરૂપ ફલનું તે બીજ બને છે. એટલે દ્રવ્યથી થયેલ સ્વાત્માર્પણ આ ભવમાં નહિં તો બીજા ભવમાં વિશુદ્ધ થશે, અને પછીના ભવોની પરંપરામાં વિશુદ્ધ–વિશુદ્ધતર–વિશુદ્ધતમ ભાવાનુષ્ઠાન થતાં કાર્યસિદ્ધિ થવામાં વિલંબ થશે નહિં.

આ ઉપરથી શાસ્ત્રકારે ભાવાનુષ્ઠાનનું અમોઘ બીજ દ્રવ્યાનુષ્ઠાન છે એ પ્રતિપાદન કર્યું. આ પ્રસંગને પ્રત્યાખ્યાન અષ્ટકના આઠમા શ્લોકમાં શાસ્ત્રકારે પ્રતિપાદન કરીને જણાવ્યું કે–જિનેશ્વર ભગવંતે કથન કરેલું છે એવી સદ્ભક્તિપૂર્વક ગ્રહણ કરેલું દ્રવ્ય અનુષ્ઠાન બાધા પામે અગર લીધેલા વ્રત–નિયમ–પચ્ચખાણ તૂટી જાય તો પણ તે દ્રવ્ય પચ્ચખાણાદિ ભાવિ જીવનમાં ભાવ પચ્ચખાણના કારણ રૂપ બને છે એ ભૂલવા જેવું નથી. વધુ જિજ્ઞાસુઓએ તે શ્લોકની પ્રત્યાખ્યાન અષ્ટકનો ૮ મો શ્લોક "**जिनोक्त मिति०**") વૃત્તિ ગુરૂગમ વિચારવી જરૂરી છે. એક મહિને એકડો કરનાર બાળક અને એક મહિને રસોડામાં રસોઇ શિખનાર બાળિકા બાવા યોગ્ય રોટલી તૈયાર કરે છે. ત્યારે બુદ્ધિમાનોથી શરૂઆતના પ્રથમ દિવસથી કાર્ય–કારણ ભાવને સ્વીકાર્યા વગર મહિનાના અંતમાં ઉપરના બે કાર્યોની સુંદરતાને અપનાવી શકાતીજ નથી. તેવી રીતે ભાવાનુષ્ઠાન પૂર્વે થયેલાં દ્રવ્યાનુષ્ઠાનોમાં પણ કાર્ય–કારણ ભાવ ઘટાવવો, અને ભાવ વિશુદ્ધિ પૂર્વક સ્વાત્માર્પણ રૂપ ઉત્કૃષ્ટ દાન

ધર્મમાં પણ દ્રવ્યથી દાન ધર્મ ઘટી શકે છે. ગાથા. ૪૦. ઉત્તરાર્દ્ધ.

ભાવરહિતસ્વાત્માર્પણની અમોઘતા.

ભાવ વિશુદ્ધિના અભાવપૂર્વક કરેલું આત્મ નિવેદન પણ ઉત્કૃષ્ટ દાન ધર્મના બીજભૂત થાય છે. આ વાતને આ એકત્રીસ પદ્યમાં શાસ્ત્રકાર વર્ણવે છે. સજ્જન શિરોમણિઓને આદરવા લાયકનું આત્મનિવેદન શ્રવણ કરવા માત્રથી પણ અસત્પુરૂષો આદરવાને સમર્થ થતાજ નથી, કારણ કે સ્વાત્માર્પણ કરવા યોગ્ય તેઓમાં વીર્યોલ્લાસનો અભાવ હોય છે. ભાવ વિશુદ્ધિ રહિત એવો આત્મા ઉત્તમ પુરૂષને અનુસરતા આત્મ નિવેદનથી દાન ધર્મની ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત કરે છે, પરંતુ આત્મ નિવેદનરૂપ દાન ધર્મ પણ વિશુદ્ધભાવના વિરહકાળમાં કરાતો હોવાથી ઉત્કૃષ્ટ હોતો નથી, તો પણ ઉત્તમ પુરૂષોએ કરેલા સ્વાત્માર્પણને અનુસરતો હોવાથી ઉત્કૃષ્ટપણાના નિમિત્તભૂત ભાવવિશુદ્ધિનો જનક છે, અર્થાત્ ભાવવિશુદ્ધિનું અવન્ધ્ય કારણ હોવાથી ઉત્કૃષ્ટ દાન ધર્મનું બીજ નહિં હોવા છતાં પણ બીજરૂપ થાય છે. અને તેથી પૂર્વે જણાવેલ ગાથામાં "**इहराविय बीयमेयस्स**" આથી સદ્ગુરૂવર્યે ન સ્વીકારેલ હોવાથી પણ આત્મ નિવેદનનું નિષ્ફલપણું નથી, કારણ કે સદનુષ્ઠાનનું દ્રવ્યપણું હોવા છતાં પણ પ્રાયઃ કરીને પરંપરાએ ભાવાનુષ્ઠાનનું સફળ બીજ બને છે. ગાથા ૩૧.

ભાવાનુષ્ઠાનનું સફલ બીજ.

હવે જેઓ એવી શંકા કરે છે કે ભાવરહિત–આત્મ નિવેદનને જે ગુરૂઓ સ્વીકારે છે ગુરૂઓને તે અવસરે અધિકરણ દોષ લાગે છે. **अधिक्रियते दुर्गतावनेनात्मेत्यधिकरणम्**, અર્થાત્ દીક્ષિતે આત્મ સંબન્ધિ નિવેદન કરે છતે પરિગ્રહ–આરંભાદિની અનુમોદના રૂપ દોષ ગુરૂને લાગે છે, અને તેથીજ તે દોષથી દૂષિત થયેલા ગુરૂ પણ દુર્ગતિના ભાગીદાર થાય છે. આ ભાવને અનુસરતી શંકા કરનારને શાસ્ત્રકાર ઉત્તર આપતાં જણાવે છે કે–પૂર્વે શંકાકારે દીક્ષિતનું સ્વાત્મ નિવેદન ભાવરહિત હોવાથી નિષ્ફળતા જણાવી હતી, તેના જવાબમાં અમોએ પૂર્વ ગાથામાં સફળતા દર્શાવી દીધી. હવે તેજ શંકાકાર કહે છે કે નિષ્ફળતાને તમે સફલતા સ્વરૂપમાં પલટાવી નાંખી છતાં પણ ગુરૂને અધિકરણ દોષ થાય છે એવું જે તું કહે છે તે પણ નથી. **'गुरूणोऽवि णाहिगरणं ममत्तरहियस्स एत्थ वत्थुंमि'** મમત્વરહિત–ગુરૂવર્યને પણ આ વસ્તુમાં અધિકરણ નથી. અર્થાત્ દીક્ષિત જીવ, તેની પુત્ર સંતતિ પરિવાર સંપદારૂપ વસ્તુમાં સદ્ગુરૂવર્યનું નિઃસંગપણું હોવાથી અધિકરણ દોષના અંશ માત્રને અવકાશજ નથી. એટલુંજ નહિં પણ તે દીક્ષિત જીવના પરિણામનું વિશોધન કરવામાં તે ગુરૂવર્ય આપ્તપુરૂષ પ્રણીત ઉપદેશદ્વારાએ પ્રવૃત્તમાન થયેલા છે. આ ઉપરથી સ્વાત્માર્પણ કરનાર શિષ્યાદિના પરિણામનું વિશોધન કરવાની પ્રબળ પ્રવૃત્તિ એજ સદ્ગુરૂવર્યનું નિર્મળ નિઃસંગપણું સૂચન કરે છે. અનુમાનને અનુસરવાવાળાએ પક્ષ–સાધ્ય–હેતુ અને દ્રષ્ટાન્તથી વિચારવું જરૂરી છે, તેથીજ પક્ષ-દીક્ષિત-આત્મ નિવેદન, સાધ્ય–ગુરૂઓને અધિકરણ રૂપ નથી; હેતુ મમત્વ રહિતપણું હોવાથી; દ્રષ્ટાન્તમાં

શરીરાદિ વિચારવાં. આ અનુમાનને અવરોધવામાં મમત્વરહિતપણાના હેતુને અસિદ્ધ માનવાની જરૂર નથી, કારણકે શરીરની પોષણ વૃદ્ધિ આદિ માટે ભોજનાદિકની પ્રવૃત્તિ ઇષ્ટ છે તેમજ અહીં સ્વાત્માર્પણ દીક્ષિત–જીવના ચારિત્ર પરિણામની વિશુદ્ધિ–વૃદ્ધિ–પુષ્ટિ આદિ માટે સદુપદેશાદિ પ્રવૃત્તિનો સ્વીકાર પણ ઇષ્ટજ છે. ગાથા. ૩૨.

પ્રયત્નવન્ત ગુરૂનો સદુપદેશ.

આ રીતિએ દીક્ષા વિધિ એટલે દીક્ષિત થનારે=સર્વસ્વ સ્વાત્માર્પણ કરનારે શું શું કરવું અને તે તે અવસરે ગુરૂએ કેમ વર્તવું તે સંબંધનો અધિકાર વિસ્તારપૂર્વક પૂર્વપક્ષીય ઉત્તર પક્ષીય–શંકા સમાધાન સાથે જણાવી દીધો. હવે દીક્ષિત પ્રત્યે ગુરૂવર્યની પુનીત પ્રવૃત્તિરૂપ ઉપદેશાદિ જણાવે છે.

દીક્ષિતના ઇંગિત આકારો વડે પરિણામ તપાસવાં, અર્થાત્ દીક્ષિતનું જવું આવવું રૂપ જે ગતિ તેની ગમનાગમન ગતિથી, વિવિધ ચેષ્ટાથી, પ્રસંગ પર બોલવાથી, અને નયન–મુખના વિકારાદિ વડે તેનું આંતરિક મનઃ તપાસવું, અને ઉપર પ્રમાણે ઇંગિત આકારો તપાસીને દીક્ષિતની દીક્ષા સફળ થાય તેવી રીતે ધર્મ વૃદ્ધિને અનુકૂળ સર્વજ્ઞપ્રણીત ઉપદેશ દેવો. ભાવની વિશુદ્ધિ માટે દાનાદિનો ઉપદેશ, અને સદ્‌ગુરૂના વિનય–વૈયાવચ્ચરૂપ સેવાદિનો ઉપદેશ દેવો. આ ઉપદેશ દેનાર એવો ઉપદેશ દે કે જેથી દીક્ષિત શ્રોતાઓ લોકોત્તર તત્વની સમ્યક્ પ્રકારે પ્રાપ્તિ કરનારા થાય. જે પુણ્યાત્માઓ નીતિ–ન્યાયથી પ્રાપ્ત કરેલું ધન આશ્રિત જનોના (પુત્ર–પુત્રી–પરિવાર–નોકર–ચાકર–દાસ–દાસી આદિના) નિભાવને બાધ ન પહોંચે તેવી રીતે ઉપયોગ રાખીને તથા ગુરૂ આજ્ઞા પામીને સાતે ક્ષેત્રોમાં અને દીન અનાથ વિગેરેમાં અનુકંપાદિ સાધન સામગ્રી વડે દાન કરે છે. તેજ મહાદાન કહેવાય છે, આવા ઉપદેશથી દાનને અનુસરવાવાળા થાય. તેવીજ રીતે ગુરૂ-વર્યની સેવા નિમિત્તે દર્શન–વન્દન–નમસ્કાર કરવાં, શરીરાદિ અસ્વાસ્થ્ય કારણે સુખ શાતા પૃચ્છન કરવું. ઔષધ અનુપાનાદિ લાવી આપવા વિગેરેમાં ઉદ્યમવંત થવું, પરંતુ તે ગુરૂવર્ય જ્ઞાન પઠન–પાઠન–વ્યાખ્યાન–ધ્યાન–યોગાદિ ઉપાસનામાં હોય તો તે સેવા કરણીમાં શિષ્યાદિની સેવા એવી ન હોય કે તે વિઘ્નભૂત થાય. ગાથા ૩૩.

શિષ્ય ગુરૂના પ્રયત્નો.

મિથ્યાત્વનું ગર્હન–નિન્દન–વર્જન કરવા રૂપ સ્વાત્મ નિવેદન, દીક્ષા વિધાન થયા પછી શિષ્ય–ગુરૂને શુભ કરણીય દેખાડતાં થકાં કહે છે. પ્રથમ દીક્ષિત આત્માને યોગ્ય કરણીયનું પ્રતિપાદન કરે છે. સમ્યક્ શ્રદ્ધા–પ્રતિતિ–રૂચિવાળા, હેય ઉપાદેયમાં આદરવાળો, ગુરૂભક્તિમાં તલ્લીન બનેલો, લીધેલા વ્રત–નિયમ પાલન કરવામાં ધૈર્યતા ધારણ કરવાવાળો, ગાંભીર્ય–દાક્ષિણ્ય–લબ્ધલક્ષાદિ ગુણગણાદિ સંપત્તિવાળો,

મિથ્યાદ્રષ્ટિના વિવિધ વ્યવહારો પૈકિ વન્દન–નમન–આલાપ–સંલાપ–દાનાદિ ક્રિયામાં સ્પૃહા રહિતપણે વર્તવાવાળો, જૈનાગમમાં કથન કરેલાં દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ અને ધર્મ તત્ત્વરૂપ પદાર્થ-ત્રયીની સેવનામાં રસિક એવો દીક્ષિત જીવ લીધેલ દીક્ષામાં હંમેશા ઉદ્યમવંત હોય છે, પરંતુ ઉપર જણાવેલા ગુણગણ રહિત આત્મા ઉદ્યમ કરી શકતોજ નથી, કારણ કે એ પ્રકારે જણાવેલા પ્રયત્નને પરિસમાપ્તિ અવસ્થા સુધી સફળ કરવામાં જ્ઞાનાદિ ગુણ સંબંધનુંજ સાધ્યપણું સ્વીકારેલું છે. તેવીજ રીતે ગુરૂએ પણ શિષ્યનું જીવન–આત્મહિતકર પ્રવૃત્તિમાં પગભર બને તેવો પ્રયત્ન કરવો જરૂરી છે. ધર્માચાર્ય ગુરૂવર્ય પણ જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર–તત્સંબંધિ ગ્રહન–આસેવન શિક્ષા સારણા–વારણા–ચોયણા–પ્રતિચોયણા કરવામાં તત્પર હોય અને આશ્રિત શિષ્યાદિ પ્રત્યે અનુગ્રહ બુદ્ધિવાળા હોય. એટલુંજ નહિં પણ શિષ્યાદિ સંબંધમાં જણા-વેલ નિઃસંગતા અને પદાર્થરસિકતાપરાયણ ગુરૂ હોય તોજ શિષ્યાદિનું ભલું કરી શકે. અન્યથા કરી શકેજ નહિં. કારણ કે નિઃસંગતાના અભાવમાં રાગાદિનો સંભવ હોઇ શકે અને રાગાદિ–અવસ્થાધીન ગુરૂ સ્વાત્માર્પણ કરેલ દીક્ષિત શિષ્યાદિ પ્રત્યે પોતાની ફરજ તથા વિશુદ્ધ આજ્ઞા કરી શકતોજ નથી. તેવીજ રીતે પદાર્થ રસિકતાશૂન્ય ગુરૂ દેવતત્ત્વ–ગુરૂતત્ત્વાદિનું પ્રતિ-પાદન કરવામાં કુશળ કાર્ય કરવાને અશક્ત હોય છે, અને તેથીજ કરીને શિષ્યાદિના હૃદયની શંકાનું ઉન્મૂલન કરી શકતોજ નથી. આથીજ શિષ્ય સંબંધમાં જે ગુણો જણાવ્યા તેવીજ રીતે રીતે ગુરૂમાં પણ ગુણો પ્રત્યે આદરભાવ વધેલો હોય તો બન્ને પ્રયત્નવંત થઇને રત્નત્રયીને અનુકૂળનું જીવન પગભર કરી શકે છે. ગાથા–૩૪.

પ્રશંસનીય–પુણ્યાત્માઓ.

પૂર્વના પદ્યમાં દીક્ષા દેનાર અને દીક્ષા લેનાર પોતાનું જીવન સફળ કરી શકે, અને પ્રયત્નવંત થઈ શાસનમાન્ય માર્ગની સેવા કરી શકે તેથી દીક્ષાદાયક ગુરૂ તથા દીક્ષા લેનાર શિષ્યાદિ સંબંધમાં પરસ્પર વર્તવા યોગ્ય વિધિ વિધાનાદિ વિસ્તારપૂર્વક જણાવી ગયા. હવે ચાલુ પદ્ય દ્વારાએ દીક્ષિતોની=સર્વસ્વ સમર્પણ કરનાર દીક્ષિત શિષ્યાદિની શાસ્ત્રકારો પ્રશંસા કરે છે. ધર્મરૂપી ભાવધન પ્રાપ્ત કર્યું છે જેને એવા સાધુઓને અથવા એવા પુણ્યવંતોને ધન્ય છે, અર્થાત્ જેઓએ સર્વસ્વ સમર્પણ કરીને કૃતાર્થ થયા છે તે દીક્ષિતો–પુણ્યવંતો ધન્ય છે. કારણ કે દીક્ષા ગ્રહણ કરી તે દિવસથી ત્રિકાલ જિનદર્શન–વંદન, પૂજન, સત્કાર, સન્માનાદિ કરીને તેઓ બહુમાન–આદરાદિને વિષયભૂત થાય છે. એટલે પુણ્યવાનોથી તે પ્રશંસા કરવાને યોગ્ય થયા છે. ભાવ ધર્મરૂપી ધન પામેલાઓ તે દીક્ષિતોની પ્રશંસા કરે છે. પણ દ્વેષ કરતા નથી; કારણ કે તેઓ હૃદયથકી પોતાનો અભિપ્રાય જાહેર કરે છે કે ક્ષુદ્ર જીવો તે સર્વસ્વ સમર્પણ રૂપ દીક્ષા પ્રાપ્ત કરી શકતોજ નથી; અને મોહમાં અંધ થયેલાઓજ તે દીક્ષા અને તેઓ પ્રત્યે દ્વેષ ધારણ કરે છે. સિંહનાદ સરખી શુદ્ધ દેશના ક્ષુદ્ર મૃગલાં સરખાં અલ્પ સત્ત્વ જીવોને ભય-કારક નીવડે છે. પરંતુ સત્ત્વશાલિ દીક્ષિતોને તો તે દેશના લાભદાયિ થાય છે. ગાથા ૩૫.

(અપૂર્ણ)

અનુમોદનીય સમાચાર

લેખકઃ—ઉત્તમચંદ જિભ્રભાઈ.

શ્રી સુરતના વર્તમાન—શ્રી આગમોદ્ધારક સંસ્થાના વહીવટદ્વારા સત્તાવાર રીતે જાહેર કરે તે કે પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારકની અમોઘ કૃપાથી તૈયાર થયેલ શ્રી વર્દ્ધમાન–તામ્ર–આગમ મંદીરના મહોત્સવનાં (પ્રતિષ્ઠાદિનાં) મુહૂર્તો ચાલુ વર્ષના પોષ વદ ૧૦ થી માહ સુદ ૩ સુધીનાં છે.

શ્રી બહુધાનના વર્તમાન—પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ **આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજીની** આજ્ઞાથી અને તેઓશ્રીના પરમવિનેય **પંન્યાસ પ્રવરશ્રી ચંદ્રસાગરજી**ની સંમતિથી તેઓશ્રીના પરમવિનેય **પં. શ્રી દેવેન્દ્રસાગરજી** આદિ ઠા. ૬ નું ચાતુર્માસ બહુધાનમાં થયું, તે દરમીયાન ચાતુર્માસમાં શાસન પ્રભાવનાનાં અનેકાનેક કાર્યો થયાં છે. શ્રી અક્ષયનિધિ, શ્રી અષ્ટમહાસિદ્ધિ, અને નવકાર મંત્રની આરાધના, અભૂતપૂર્વ પર્યુષણ પર્વની આરાધના અને તે પ્રસંગે ૧૪ અઠ્ઠાઇ કરનાર તપસ્વીઓ, પંચમંગળ મહાશ્રુતસ્કંધ ઉપધાન તપોધર્મની આરાધનામાં ૪૭ સ્ત્રીઓ અને ૨૪ પુરૂષો હતા. તેમાં માલારોપણ કરાવનારાઓની સંખ્યા ૬૪ ની હતી. અષ્ટાન્હિકા મહોત્સવ, માળનો વરઘોડો, વરઘોડામાં સુરતથી રથ, બેન્ડ વિગેરે, અને તે પ્રસંગે શાંતિસ્નાત્રાદિ ક્રિયાઓ તથા માલારોપણની ક્રિયાઓ અતિ દર્શનીય હતી. માલારોપણ અવસરે અચ્છારીવાલા રાયચંદભાઇ ગુલાબચંદ તરફથી શ્રીફળની પ્રભાવના હતી. ઉપધાન કરનાર શા. કાન્તિલાલ ડાહ્યાભાઈની ભાવના વધતાં પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યશ્રીજીની આજ્ઞાથી સુરત મુકામે પં. શ્રી હેમસાગરજીએ દીક્ષા આપીને પં. દેવેન્દ્રસાગરજીના શ્રી નાગેન્દ્રસાગર નામથી વિભૂષિત કરીને શિષ્ય બનાવ્યા. માલાની ઉછામણીનું બધું દ્રવ્ય દેવદ્રવ્યમાંજ જશે એવો નિર્ણય નક્કી થયેલ હોવાથી માળાઓનું ઘી ૧૫૦૦) મણ શાંતિસ્નાત્રાદિની બોલીમાં ૧૦૦૦) મણ કુલ ૨૫૦૦) મણ આશરે થયું હતું. માળા પ્રસંગે આજુબાજુ બહારગામથી ૮૦૦) આઠસો લગભગ માણસ આવ્યું હતું. બહારગામથી વંદનાર્થે શેઠ મુળચંદ બુલાખીદાસ, છોટાલાલ ભીખાભાઇ, જેશંગભાઇ ઉગરચંદ અને વડુવાલા શેઠ આવ્યા હતા. ઉપધાનમાં બે દિવસ આયંબીલની ઠોળી કરાવી, રૂા. ૨૫૦) ઉપાશ્રયના જીર્ણોદ્ધારમાં અને પૂજા–પ્રભાવના કરીને તેઓ રવાના થયા. પં. દેવેન્દ્રસાગરજીની તબીયત નરમ હતી તે અવસરે પ્રાંતીજવાળા ડો. માધવલાલ સાથે બુહારીવાળા શેઠ ઝવેરચંદ પન્નાજી આવ્યા હતા, યથા અવસરે ઉચીત સેવા કરી વંદન કરી તેઓ પણ રવાના થયા. અત્રથી પૂજ્યપાદના વંદનાર્થે સુરત તરફ જવા સાધુઓની ધારણા છે.

[વધુ માટે જુઓ પાનું ૮૬ મું.]

આગમોદ્ધારકની ઉપાસનામાંથી–

પૂ.આ.શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા, જિ. ગાંધીનગર, પિન ૩૮૨૦૦૯

આલેખનકાર:—સુધાવર્ષી–પૂ. પંન્યાસ પ્રવર શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર.

નોંધ:—આરાધકોની આરાધના અધિક-અધિકતર-અધિકતમ ઉજ્વળ બને અને વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય તે હેતુથી અત્ર ભાવવાહિ-વાક્યો અપાય છે. લિ૦ **તન્ત્રી.**

૫૬૬. લેનાર માસખમણના મુનિપ્રવર પ્રાપ્ત થાય, દેવાનો સુઅવસર પ્રાપ્ત થાય, દેવાયોગ્ય ક્ષીર, ખાંડ, ઘૃતાદિ જોગવાઇ પણ નિર્દોષ પ્રાપ્ત થાય છતાં દેવાના અવસરમાં ચિત્તની અનુકૂળતા શાલિભદ્રને અનુસરતી થવી એજ દાનફળ પ્રાપ્તિની આકરી કસોટી છે.

૫૬૭. ધીર પુરૂષોએ કરેલી વાર્તા શ્રવણ કરીને વ્રત લેવાના પરિણામ થવા, અને વ્રત લેવા ઉદ્યમવંત થવું, પરંતુ વ્રત લેવાં જતાં જતાં પાછાં પગલાં ભરવાં અને અવિરતિની આંધીમાં અટવાઇ જવું એ અલ્પસત્ત્વશાલિ જીવોની નિષ્પુણ્યકદશાનું પ્રગટ પ્રદર્શન છે.

૫૬૮. "શાલિભદ્રની ઋદ્ધિ હોજ્જે" એ પંક્તિસ્થ શબ્દોને પ્રેમપૂર્વક લખનારા પુણ્યાત્માઓને પણ શાલિભદ્રના વૈરાગ્ય અને વિવેકની આછી ઝાંખી જીવનના અંત સુધી સમજાતી નથી એજ ખેદનો વિષય છે.

૫૬૯. શાલિભદ્રને કાયર કહેનાર ધન્યકુમારને પોતાની સ્ત્રીઓના હિતકર વચન સંભળાય છે ત્યારે સંયમ માર્ગે કૂચ કરે છે. ખરેખર! જેઓનો ગૃહ મંદિરમાં પતિહિતકરણૈકબદ્ધ-કક્ષ–પરાયણા પતિવ્રતાઓ છે, અને અવસરે પતિઓને સન્માર્ગે પ્રેરે છે તેઓના ગૃહ મંદિરો સ્વર્ગ લોકથી પણ અધિક છે.

૫૭૦. પરોપદેશ દેવામાં કુશળ ઉપદેશકોને ધન્યકુમારના સંયમ માર્ગની કૂચ રહેણી–કહેણીના રસમય માર્ગની પ્રેરક છે માટે તે પ્રસંગનું પરિશીલન કરો.

૫૭૧. પ્રસ્વેદ–મલ–કીચ્ચડથી મલીન થયેલાં વસ્ત્રો ઉપર સુશોભિત સુંદર રંગ અને ચિત્ત–આલ્હાદક ચિત્રો ઓપી નીકળતાંજ નથી, તેવી રીતે શાસનમાન્ય વ્યવહારથી વિરૂદ્ધ હીન વ્યવહારમાં વર્તતા વિરતિવંત જીવોના સંયમાદિ શુભ કરણીઓ પણ શોભી શકતીજ નથી. અર્થાત્ તે તે જીવોના આચારાદિ સ્વપરઘાતક અને શાસનહીલના કરાવવાના પ્રબળ કારણરૂપ બને છે.

૫૭૨. ભક્તિ–વિનય–બહુમાન–આદર–ગુણ સ્તવનાદિ પ્રયોગ દ્વારાએ પૂજ્ય વડીલોનું જેઓ આરાધન કરે છે, તે ખરેખર વિવેકભર્યું વશીકરણ અને કલ્યાણકારિ કામણ કરે છે એ વિવેકીઓએ સમજવું જરૂરી છે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

'નમો'પદની નિર્મળતા યાને ઇચ્છાયોગનું દિગ્દર્શન લેખાંક-૪

આલેખનકાર:—**સુધાવર્ષી=પૂ. પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર.**

નમોપદની નિર્મળતાને નિર્મળ-હૃદયમંદિરમાં સ્થિર કરીને, નમન-નમનીય-નમન કરનારના સ્વરૂપ ત્રિવેણી સંગમનો સંપૂર્ણતયા સંબંધ કરીને; અને નમનીય-પદાર્થપ્રાપ્તિના ભવ્ય ભેદોને સમજીને તે તે ભેદનું છેદન કરવું એ નમન કરનારાઓની અવશ્યમેવ ફરજ છે. આ પ્રસંગને વિસ્તારપૂર્વક પૂર્વના ત્રણ અંકોમાં વિચારી ગયા છીએ.

આશય-ભાં ફરક.

નમોપદની નિર્મળ સેવના કરનારોજ આરાધ્ય અને આરાધક વચ્ચેના ભેદને ભાંગી શકવા સમર્થ નીવડે છે, અને તેથીજ શાસન માન્ય-આરાધ્ય ભગવન્તો સંબન્ધિની આરાધના= નમોપદની યથાર્થ સેવના આરાધકોને અધિક-અધિકતર-અધિકતમ ઉજાળે કરે છે.

નમોપદની સાર્થકતા માટે કહેવાતો વિધિ, કરાતો વિધિ અને અંતિમ સાધ્ય=વાહ અને સ્વરૂપ-ઇષ્ટ પ્રાપ્તિનો પુનીત વિધિ તદ્દન જુદાજ છે. જૈનકૂળમાં જન્મીને કૂલાચારથી, હુકમ-આજ્ઞાથી, વડીલોને ગમી રાખવાના ઈરાદાથી, વર્તમાન-ભાવિ અપાયોને મુદ્દાથી, શરમ-લજ્જાથી, વિચિત્ર મનોરથોની મુંઝવણથી, શંકાનું સમાધાનાદિ કરવા બળવાનોના બળાત્કારથી; અને મોહની મર્મિક-મદોન્મત્તા આદિ અનેકવિધ પ્રતિકુળતા અને તીર્થ-વિધિ સંસારરસિક-નમન કરનારાઓને ધારેલ કાર્ય સિદ્ધિમાં જરૂર અંશતઃ મદદગાર બને છે; પરંતુ પારમાર્થિક ઇષ્ટ સિદ્ધિમાં અથવા તો પારમાર્થિ અંશતઃ મદદગાર ભલે બને, પણ સંપૂર્ણતઃ મદદગાર કે કાર્યસાધક બની શકા કે કરાતો વિધિ અને શાસ્ત્રમાં કહેવાતો વિધિ જૂદાં છે.

હેરેગીરપણું. રણુમાં નથી.

નમોપદની વાસ્તવિક-વ્યવહાર પ્રવૃત્તિનું અવલંબન કરનારો જરૂર છે, અને સાથે સાથે વિનય ધર્મ રત્નની પ્રાપ્તિ કરે છે. પરંતુ વિશ્વ દ્વારા કરાતો વિધિ બે પ્રકારનો છે, ૧. શાસ્ત્ર સંમત, અને ૨. શાસ્ત્રાર્થ સંમત અને અસંમત-કરાતો વિધિ ઇચ્છાયોગને કેવી રીતે અનુસરે છે

ગણધર મહારાજા શ્રીમાન્ ધારાજ શ્રી જંબુસ્વામીજીને અધિકાર જણાવતાં થકાં ગયા કે—હે જંબુ! શ્રમણ ર મહારાજે સૂત્રકૃતાંગ સૂત્રના વાત કહી છે. તેવી રીતે મેં નેવી રીતે દાર્ષ્ટાન્તિક હું તને કહી

વી. સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪
વર્ષ ૧૪-અંક ૫.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતી
તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૫, ૨૭, ધનજીસ્ટ્રીટ—મુંબઇ.

અનુમોદનીય-પ્રસંગો.

સુરત—પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આગમાવતાર ૧૦૦૮ શ્રી આનન્દસાગર સૂરીશ્વરજીની પુનીત નજર તળે અને શ્રી આગમોદ્ધારક સંસ્થાના કાર્યવાહકોના સ્તુત્ય પ્રયાસથી અલ્પ કાળમાં શ્રી તામ્રપત્ર આગમ મંદિર તૈયાર થઇ ગયું છે. અને પ્રતિષ્ઠાદિના પુનીત કાર્યો પોષ વદ ૧૦ થી માહ સુદ ૩ સુધીમાં પરિસમાપ્ત થશે. આ પ્રસંગનો લાભ લેવા અને શાસનશોભામાં વૃદ્ધિ કરવા માટે ગામ-ગામાન્તરથી સારા પ્રમાણમાં ચતુર્વિધ સંઘ આવેલો છે.

કડોદ—પૂ. પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવર્યના પરમવિનેય પં. શ્રી દેવેન્દ્રસાગરજીએ એક નૂતન દીક્ષિતને ઉપસ્થાપના કરાવીને સુરત પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગનો લાભ લેવા માટે સુરત તરફ સાત ઠાણાં સાથે પંડોંચી ગયા છે. અને તેઓ હાલ નવાપુરા સુરતમાં છે.

શિરપુર—આગમોદ્ધારક સંસ્થાના કાર્યવાહક ઝવેરી મોતીચંદ ગુલાબચંદ અને અમદાવાદથી શેઠ ગીરધરલાલ છોટાલાલ, સોમચંદ મંગળદાસ, શેઠ ચીમનલાલ મંગળદાસ આદિએ સુરત પ્રતિષ્ઠા મહોત્સવના શુભ પ્રસંગે પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી આદિ ઠાણાંને આગ્રહ પૂર્વક વિનંતિ [illegible] હતી. અને શેઠ ગીરધરભાઇએ ઘર દીઠ રૂપૈયો એક અને વ્યકિત દીઠ એક શ્રીફળની [illegible]ના કરી સુંદર લાભ લીધો હતો.

[illegible]ષ વદ ૨ થી પોષ વદ ૯ સુધી સ્વ. શેઠ લીલાચંદ ગુલાબચંદના પુણ્ય સ્મરણાર્થે [illegible]નગીનદાસભાઇએ અઠ્ઠાઇ મહોત્સવાદિ શુભ કાર્યો કરીને પુણ્ય લક્ષ્મીનો સદ્વ્યય [illegible]સંઘ તરફ પોષ વદ ૧૦ થી માહ સુદ ૫ સુધીના અષ્ટાહ્નિકા મહોત્સવ- [illegible]યાદિ શુભ કાર્યો ચાલુ છે, અને આ પ્રસંગ પર આંગી બનાવનાર, પૂજા [illegible]ને ક્રિયા કરાવનારાઓ તથા બહારગામથી ભાઈ બહેનોએ સારો લાભ લીધો [illegible]રવિવારે ૧૬ ભાઇ બહેનોએ ચતુર્થ વ્રત, ૨૦ ભાઈ બહેનોએ બાર વ્રત, [illegible]બહેનોએ છુટાં છુટાં વ્રત તથા જ્ઞાન પંચમી-નવપદની ઓળી પોષ- [illegible]ઉચ્ચર્યાં હતાં. આ નિમિત્તે ત્રણ જણ તરફથી શ્રીફળની પ્રભાવના, [illegible]ની પ્રભાવના, અને બે જણ તરફથી કેળાંની મળીને કુલ નવ પ્રભાવનાઓ

[illegible]સુદ ૧૪ સુધી શેઠ જિપુશા દીપચંદ તરફથી અષ્ટાન્હિકા મહોત્સવ, [illegible]ર્ય થવાનાં છે. આથીજ પૂ. પંન્યાસ પ્રવરશ્રીજી આદિ ઠાણાંની [illegible]સુધી-થવાની છે.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૪.	માહ-માસ.	તંત્રીઃ
અંક ૫ મો.	તા. ૧૭-૨-૪૮.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ—પૂ. આગમોદ્ધારક-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.
સ્થળઃ—શ્રી નાગજી ભુધરની પોળનો ઉપાશ્રય, મુ. અમદાવાદ.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૫ ના ચાતુર્માસમાં પૂ. દેશનાકારે શ્રીસૂત્રકૃતાંગ-સૂત્રના દ્વિતીય-શ્રુતસ્કંધના પ્રથમ-પુંડરીક-અધ્યયન ઉપર અને ભાવનાધિકારે શ્રી વિંશતિસ્થાનક-ચરિત્ર ઉપર અમોઘ-દેશના આપી હતી, તેનો સારભૂત સંચય પૂ. પંન્યાસ-પ્રવરશ્રી-ચન્દ્રસાગરજી-ગણિવરના પરમવિનેય મુનિશ્રી સુબોધસાગરજી પાસેથી મેળવીને વાંચકો વિવેકપૂર્વક વાંચી શકે અને વિચારી શકે તે હેતુથી પૂ. પં. પ્રવરશ્રીજી પાસે પેરેગ્રાફાદિ સુધારા-વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય-વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી]

દેશનાના દિવ્ય અવતરણો.

૧. દ્રષ્ટાંતોમાં વિધિ-નિષેધનું નિયમિતપણું નથી.

૨. કાર્ય-કારણની કિંમતમાં ફરક.

૩. સુપાત્રદાનના અનુમોદન સાથે રસોઇના આરંભની અનુમોદના થતી નથી.

૪. વિધિ-અનુવાદના ફરક સમજ્યા વગર શાસ્ત્રીય વાતો સમજાતી નથી.

૫. ઉપમા દેવા યોગ્ય વસ્તુઓ પ્રસંગે પ્રસંગે પોતાનું બહુરૂપીપણું દેખાડે છે.

૬. ધર્મકથનમાં રંક-રાજાની વ્યવસ્થા એક સરખી.

૭. જૈનત્વની જડ ત્રણ વસ્તુમાં છે.

૮. શ્રદ્ધા-પ્રતીતિ-અને રૂચિમાં ફરક.

૯. ભોગનો પ્રબળ પ્રવાહ અને ત્યાગની મુશ્કેલતા.

૧૦. પ્રતિહાર્યોનું પહેરેગીરપણું.

૧૧. કુદરતની અનુકુળતા અને તીર્થંકરોનું સામ્રાજ્ય.

કાર્યની કિંમત કારણમાં નથી.

શાસ્ત્રકાર શ્રી ગણધર મહારાજા શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજ શ્રી જંબુસ્વામીજીને સૂયગડાંગ સૂત્રનો અધિકાર જણાવતાં થકાં આગળ જણાવી ગયા કે—હે જંબુ! શ્રમણ ભગવંત મહાવીર મહારાજે સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ અધ્યયનની વાત કહી છે. તેવી રીતે મેં સાંભળેલું છે. તેવી રીતે દાર્ષ્ટાન્તિક હું તને કહી

દેખાડું છું આવી રીતે શરૂઆત કરીને વાવડી, પાણી, કચરો, કમળ, મોટું કમળ, ખુંચેલા ચાર પુરૂષો, પાંચમો ભિક્ષુ; અને કમળનું બહાર આવવું વિગેરે દૃષ્ટાન્તમાં જણાવેલા પદાર્થો છે. તેમાં કોઇપણ પ્રકારે વિધિ કે નિષેધને સ્થાન નથી. એટલે વાવડીનાં પગથીયાં કરવાં, તેમાં જવા આવવા માટે સવડ કરવી; ઉંડું પાણી છે માટે જવું નહિ વિગેરે વિધિ કે નિષેધ આ ચાલુ પ્રકરણના દૃષ્ટાન્તમાં હોતા નથી. જેમ **जहा दुमस्स पुप्फेसु भमरो आवियइ रसं.** એ વાકયમાં ઝાડ, ફુલ વિગેરે ઉછેરવાની વાત નથી. અને તેનાથી ભમરાને રસ પીવાનું સાધન ઉભું કરવાનું નથી. આથી જે વિધિ નિષેધથી પર એવું દ્રષ્ટાન્ત હોય છે, અને યોગ્ય સંબંધ વિનાનું હોય છે. દાર્ષ્ટાન્તિક અર્થની સાથે સંબંધ તેનો હોય છે. જેમ **जहा दुमस्स** ના દ્રષ્ટાન્ત-દાર્ષ્ટાન્તિકમાં શ્રાવકો, આહાર વિગેરે ઘટાવવાનું છે. તેમ અહિં વાવડીના અંગે જણાવેલા દાર્ષ્ટાન્તિક પદાર્થો છે. તેમાં તત્ત્વ એજ કે દાર્ષ્ટાન્તિક-પદાર્થોને ઘટાવીને સમજાવવો-હે શ્રમણો, અહિં વાવડીની જગોએ લોક લેવાનો છે. વાવડીની જગોએ લોક મેં પ્રથમથી ધારી રાખેલ છે. વાવડીમાં પાણી તેમ અહિં કર્મ. વાવડીનો કચરો તેમ અહિં કામભોગ. તેમજ કમળો તે અહિં લોકો. શહેરના અને દેશના લોકોને ઉદ્દેશીને આત્મામાં ધારણ કરીને આ વાવડીમાં કમળો કહેવામાં આવ્યા છે. જેમ કમળની ઉત્પત્તિ પાણી અને કચરાને અંગે છે. કોઇપણ કમળને માથે ચઢાવનારો કચરાને માથે ચઢાવતો નથી. કાર્યને ઇચ્છનારે કારણને ઇચ્છવું જ જોઇએ એવું નથી. કારણ વિના કાર્યની ઉત્પત્તિ ન થાય એ વાત સર્વને કબુલ કરવાની છે. પણ કાર્યની કિંમત કારણમાં હોય નહિં. આંબાની કિંમત કારણ રૂપ ગોટલામાં ન હોય. કાર્યની જેટલી કિંમત તેટલીજ કિંમત કારણની હોયજ નહિં. તેવી રીતે કાર્યની ઉત્તમતા ગણીને કમળ માથે ચઢાવાયું પણ કચરો જે કારણ છે તે માથે ન ચઢાવાય. કહો કે કાર્યની કિંમત કાર્યને લાગુ થાય. કારણની કિંમત કારણને લાગુ થાય. પણ કાર્યની કિંમત કારણને લાગે છે, પરંતુ કારણની કિંમત કાર્યને લાગતી નથી.

કારણની અનુમોદનાનો નિયમ નથી.

શાસ્ત્રકારે ભવ્યનું દીક્ષાદિ કાર્ય સારૂં માનીને કર્મ-કામ-ભોગાદિને સારા ન માન્યા. **चत्तारि परमंगलानि.** એ વસ્તુમાં જીવ માત્રને ચાર વસ્તુ દુર્લભ. તીર્થંકર કે ગણધર થવાનો હોય તો. તેઓ મનુષ્યપણું પામ્યા વગર મોક્ષે અનાદિ કાળથી કેમ ન ગયા? કહો કે તેમને પણ રખડવું પડયું? કહો કે તેમને પણ મનુષ્ય પણું મળવું મુશ્કેલ થયું. એ મનુષ્યપણાની પ્રશંસા કરીને મનુષ્યપણાને ઉત્તમ ગણ્યું છે. મનુષ્ય ગતિ બાંધ્યા શિવાય, કોઈ પણ જીવ મનુષ્ય ગતિ રૂપ કાર્ય કરતો નથી અને તે પણ કામ-ભોગાદિથી થાય છે. તેથી તે કારણ અશુભ હોવાથી તેની અનુમોદના કે પ્રશંસા કરાયજ નહિં. હવે કદાચ કાર્યની પ્રશંસા કે અનુમોદના કરાય તો તેથી કારણની અનુમોદના કે પ્રશંસા ન કરી કહેવાય એમ એકાંત નથી. ત્રિકાળ જીનેશ્વરનું પુજન સમ્યગ્દૃષ્ટિએ કરવું જોઇએ. આવું શાસ્ત્રકારે વિધાન કર્યું. હવે પુજા તો સ્થાવરની હિંસા વિના તો થવાની નથી. પૂજાની અનુમોદના કરનારે **वंदण वत्तिआए**

पूअण वत्तिआए. આદિ પદો સામાયિક પ્રતિક્રમણાદિમાં જે બોલાય છે. તો તેથી શું? અનુમોદનાથી પ્રશસ્ત પૂજાનું અનુમોદન સામાયિકમાં થઇ શકે છે. કારણ લોગસ્સમાં **कित्तिय वंदिय महिआ.** વિગેરે પદોથી પ્રશંસા આવી જાય છે. પ્રતિક્રમણમાં પણ કીર્તન-પૂજન-વંદનના ફલની ઇચ્છા રખાય છે. કહો કે તે કરનારે પેલી હિંસાની અનુમોદના કરી કે નહિં? કહો કે કાર્યની અનુમોદનાએ કારણની અનુમોદના આવી જાય છે. એવો નિયમ નથી. તેથી સુપાત્ર દાનના અનુમોદનવાળો-રસોઇના આરંભના અનુમોદનમાં આવતો નથી. વસ્ત્ર, પાણી, આહાર, આશન, પાન, આદિમ, સ્વાદિમ આદિનો ત્યાગ કરવાથી-દાન દેવાર્થ સ્વાદિમ આદિમાં થતી હિંસાનો ભાગી થતો નથી. આથી હવે ભવ્ય થવાનાં કારણો જે કર્મ અને કર્મભોગ છે તે કારણોની અનુમોદના કે પ્રશંસા હોતી નથી. સુપાત્રદાન દાનપણે વખાણાયું. તેથી તેના અંગે થતા આરંભ સમારંભના કાર્યોને વખાણાતાં નથી. ઉપભોગના અંગે સંબંધ નથી. કારણોની અનુમોદના કરવીજ જોઇએ. એવો નિયમ છેજ નહિ.

અનુવાદનું સમર્થન.

અહિં ચાલુ પ્રસંગમાં ગામના અને શહેરના લોકોને શ્રેષ્ઠ તરીકે ગણ્યા તેથી કમળોની ઉપમા આપી છે. હવે અહિં જણુજન અને જણુવય એમ બે ભેદો કરીને કામ શું? મનુષ્ય માત્ર સામાન્ય કહેવા હતા ને? ધર્મના અધિકારમાં શહેરી તોયે શું? કે ગામડીઓ હોય તોયે શું? એમ ભેદ ન હોય? છતાં શ્રમણ ભગવંતે શા માટે ભેદ કર્યો? જણ એટલે શહેરી લોકો અને જનપદ એટલે દેશના એટલે શહેરી સિવાયના લોકો આવા બે વિભાગની જરૂર શી? પ્રથમ તો એ વિચારી લો—કે દુનિયાનો પ્રસિદ્ધ શબ્દ મુકવામાં આવ્યો છે કે વિધાન કરીને મુકવામાં આવ્યો છે. આ વિભાગ દુનિયાના તમામ પંથોમાં છે. જૈન શાસ્ત્રકારે નવો ભેદ કહ્યો નથી. કાર્યોનો પણ અનુવાદ કર્યો છે. અને તેથી બન્ને લોકોને કમલ તરીકે ઉપમા આપી. જરાક ઉંડા ઉતરો તો શાસ્ત્રકારે તો બન્નેને સરખા ગણી કમળની ઉપમા આપી, પણ જુદી જુદી ઉપમાઓ ન આપી. જ્યાં દાર્ષ્ટાન્તિકમાં ભેદ નથી. વળી અનુવાદ અને વિધાન કોને કહેવાય. તે સમજમાં ન આવે તો શું કહેવું? અનુવાદ તેનું નામ કે જગતમાં બનતી સ્થીતિ બતાવવી. જેમ હેમચંદ્રાચાર્ય મહારાજે—'सूची रीति पुष्पाभिः स्तोत्रैः' આ વાકય જણાવ્યું. પવિત્ર થકો ઘરમાં જીનેશ્વરનાં જે બિંબો હોય તેનું પુષ્પાદિકથી પૂજન કરે. આ વાકયમાં તમો સ્નાનનું વિધાન કરો છો. એવું કહેનારને કહે છે કે ના. તો શું? કહે છે કે તે અનુવાદ છે. જગતમાં સ્નાન કરવું તે નીતિથી વ્યવહારથી સિદ્ધજ છે. માટે કેવળ આ તો અનુવાદ છે. તેથી સ્નાનનું ફળ કહેવાની જરૂર નથી કે આવું સ્નાન કરે તો આ ફળ પીઠીથી કે સાબુથી સ્નાન કરીએ તો આવું ફલ થાય. એમ દેખાડવાનું નથી. કારણ જગતમાં સ્નાન કરવું તે સિદ્ધજ છે. વલી ભગવાનને નિવેદ ધરવું તે વિધાન તેમ અહિં શહેરના અને દેશના લોકોનું જે દૃષ્ટાંત તરીકે જણાવાયું તે વિધાન નથી પણ અનુવાદ રૂપે છે.

ઉપમા દેવા યોગ્યનું સ્પષ્ટીકરણ.

હવે શહેરી અને ગામડીઆ એવા વિભાગો કેમ નથી કરતા. તો પ્રથમના જમાનામાં ગામ-

ડીઆ નહિં કહેતા દેશના લોકો તરીકેનો વિભાગ હતો. તે જણાવ્યો છે. આ વિભાગ પ્રભુ વીરે કર્યો નથી. કે શહેરમાં રહે. તેને-જણ કહેજો અને બાકીનાને દેશના લોકો કહેજો. પણ પ્રચલિત પ્રથાને અનુસરી અહિં વિભાગનો અનુવાદ કરેલો છે. તેથી જણાવ્યું કે જે જે શહેરી અને દેશના લોકો છે તે ધર્મને અંગે સરખા છે. કારણ શહેરીપણું તે સદ્ગતીનું કારણ નથી, તેમ દુર્ગતીનું પણ કારણ નથી. તેમ દેશપણું=ગામડીયાપણું પણ સદ્ગતિ કે દુર્ગતિનું કારણ નથી. બન્નેનો સરખો હક્ક છે. જૈન શાસ્ત્રમાં સદ્ગતિ અને દુર્ગતિનો ઇજારો એકને મળતો નથી. શહેરીને દેવ તરીકે અને ગામડીઆને ભૂત તરીકે ગણવો એવી સ્થિતિ નથી. પણ બન્નેને ધર્મની પ્રાપ્તિમાં લાયક ગણ્યા છે. જે જે શહેરના લોકો, જે જે દેશના લોકો તે અહિં પુંડરીકના દૃષ્ટાંતમાં કમળ તરીકે ગણાવ્યા છે. હવે કમળની ઉપમા તો તીર્થંકરને દેવાય છે. અપણે બોલીએ છીએ કે—**पुरिसवर पुंडरीआणं**-આ ઉપમા દેવાય છે. જે ઉપમા તીર્થંકરને દેવાય તે બધા લોકોને કેમ અપાય? ત્યાં સ્તુતિ કરવી છે. કમળ દ્વારાએ અને અહિં લોકોને કમળની ઉપમાથી શ્રેષ્ઠ બતાવાય છે એ કેમ બને? ઉપમાની વસ્તુનું એક સરખું રજીસ્ટર થયેલું હોતું નથી. એવી એ ઉપમા બીજા ઉપમેયમાં ઘટાડી શકાય. કલ્પસૂત્રમાં તીર્થંકર મહારાજના વિમાનને પુંડરીક કમળની ઉપમા આપી છે, અને ખુદને પણ પુરિસવર૦ માં પુંડરીકની ઉપમા આપી છે. આથી પુરૂષોમાં શ્રેષ્ઠ પુંડરીક તરીકે ગણાવ્યા. હસમા અધ્યયનમાં શ્રેષ્ઠ કમળ જેવું અહિં શહેર અને ગામના લોકો ૮૪ લાખ જીવાયોનિના હિસાબે ધર્મને લાયક હોઇ શ્રેષ્ઠ કમળ જેવા છે. અર્થાત ધર્મની લાયકાતને અંગે શ્રેષ્ઠ કમળની ઉપમા આપી છે. હે શ્રમણો! શહેરી લોકો, અને દેશના લોકો તે બધા અપ્પાહટ્ટું-આત્મામાં ધારીને દૃષ્ટાંતરૂપે પ્રથમ કહીને, પછી દાષ્ટાન્તિક તરીકે ઘટાવાય છે પરંતુ પ્રથમથી મેં કમળોની જગોએ તે લોકો ધારેલા છે. તેથી **'पद्मवर पुंडरीक'** એમ કહેલ છે.

ધર્મકથનાવસરે રંક-રાયનો ભેદ નથી.

હવે મોટા કમળમાં કોને મૂકવા. **रायाणं च खलु मया अप्पाहट्टु०** એટલે જે પ્રજામાં આ રાજાઓ છે. તેમને આશ્રયીને મેં મોટું કમળ કહેલ છે. રાજા એટલે મનુષ્ય હોય. અને મનુષ્યમાં અધિક હોય, તેમ અહિં કમળો હોય અને કમળમાં અધિક હોય તેથી અહિં મોટા કમળ તરીકે રાજાને ગણાવ્યો છે. જૈન શાસન રાજા અને રંકમાં ફેર પાડતો નથી. એટલે જેવું રંકને અંગે તેવું જ રાજાને અંગે વર્તન રાખે છે. તેથી આ આચારાંગમાં કહેલ છે કે જેવી રીતે ઋદ્ધિમાન યાવત્ ચક્રવર્તિ આદિ ઋદ્ધિમન્તોને ધર્મ કહેવાય. તેવીજ રીતે દરિદ્રોને પણ ધર્મ કહેવાય. સૂત્ર અને અર્થ તે ઋદ્ધિમાન અને દરિદ્ર બન્નેને આદરથી કહેવું તેટલા માટે કહે છે કે જેવી રીતે દરિદ્ર આગળ કહો તેવી રીતે ચક્રવર્તી આગળ પણ કહો. પરન્તુ ચક્રવર્તીની છાયા દરિદ્રમાં પડવાની ન હોય. જૈન શાસન દરિદ્રો અને ઋદ્ધિમાનો માટે ધર્મ કથનમાં ફરક રાખતું નથી. પણ અહિં મહાવીર મહારાજે લોકોને જુદા ગણાવી દીધા તેમ અહિં મનુષ્યોમાં રાજાને અધિક બતાવ્યો.

જુદા પાડયા તે શાથી ?, મોટા કમળ તરીકેની ઉપમા આપવાથી. જે મનુષ્યો વાકયના ભાવાર્થને ન સમજે તે મનુષ્યો અજ્ઞાની બનીને એલફેલ બોલે તેમાં કંઇ આશ્ચર્ય નથી. એક આદમીનો સાળો ઉભો હતો. તેણે બોલાવી કહ્યું કે જમાઇરાજ આવો. છોકરાએ વિચાર્યું કે, મારા માબાપ આવી રીતે બોલાવે છે તેથી હું બોલાવું છું. સાસુ સસરા કહે તે વ્યાજબી પણ સાળો શી રીતે બોલી શકે. વગર સમજનું બોલવું થયું તેથી અહિં માન સન્માન ન રહે. સમજ્યા વિના, વાકય અને અર્થ સમજ્યા વિના જેમ તેમ બોલે તેની કિંમત શું થાય ? આશ્ર સંસારનો હેતુ. સંવર તે મોક્ષનો હેતુ. સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર મોક્ષનાં કારણો છે. તેવી રીતે મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગ તે સંસારનાં કારણો છે. આ વાત જેમ દરિદ્રને બતાવીએ તેમ ચક્રવર્તિને બતાવવી જોઇએ.

ત્રણ વસ્તુની હયાતિમાં જૈનપણું.

રંકથી માંડીને રાજા સુધી દરેકને ત્યાગને ધર્મ તરીકે ગણાવવાનોજ છે. ભોગને ત્યાગ તરીકેજ કહેવાનો છે. તેજ ધર્મ છે. ત્યાગ એજ ધર્મ, અને ભોગ એજ સંસાર. શ્રીમંતને બાયડી પરણાવવાનું અને દરિદ્રને તેનો ત્યાગ કરવાનું કહેવાય નહિં. ધર્મ કહેવામાં માર્ગ એકજ. તેમાં વ્યક્તિરૂપે ધર્મ કથનમાં વિભાગ ન હોય. મોક્ષમાર્ગને અંગે જીવાજીવાદિકનું નિરૂપણ ધર્મના સ્વરૂપને અંગે-દેવગુરૂના અંગે-દરિદ્ર ચક્રવર્ત્તિને જુદું જુદું કહેવાનું નથી. ઇતરોમાં ગુરૂ મંત્રો અપાય. કંઠી બાંધતાંજ આપે. બ્રાહ્મણોમાં જનોઇ વખતે ગુરૂમંત્ર અપાય. અહિં જૈન શાસનમાં ગુરૂમંત્ર ન દેવાય. પણ શિષ્ય મંત્રવાળો થાય. કારણ ઉપાસક દશાંગમાં આનંદ શ્રાવક પ્રથમ પ્રતિબોધ સમયે ત્રણજ વસ્તુ ઉચ્ચારે છે. ચિત્રસારથી પ્રતિબોધ પામતાં ત્રણ વસ્તુ ઉચ્ચારે છે. વાસુદેવ શ્રીકૃષ્ણજી પણ ત્રણ વસ્તુ ઉચ્ચારે છે. એટલે જૈનપણું તેનું નામ કહેવાય છે કે ત્રણ વસ્તુની જાહેરાત કરવી. કઇ કઇ ત્રણ વસ્તુ ? **सद्दहामि णं भंते निग्गंथं पावयणं** તેમજ **पत्तियामि णं० रोएमि णं** એ ત્રણ વસ્તુઓને સમજવી. સર્વ જૈન કહેવડાવવા માંગે ખરા પણ આ ત્રણ વસ્તુ લક્ષ્યમાં લીધી નથી તેને લક્ષ્યમાં લો. પ્રથમ હે ભગવંત આ નિર્ગ્રંથ પ્રવચન ત્યાગમય જૈન શાસન તેની શ્રદ્ધા કરૂં. એટલે જે આ દુનિયાનાં હિંસાપ્રધાન ભોગપ્રધાન જે દર્શનો તેની શ્રદ્ધાને છોડી દઉં. એકલી શ્રદ્ધા કરૂં છું એમ નહિં. જેમ નાના બચ્ચાંને આ માનજે એમ કહીએ કે તુરત માને કોઇ પુછે કે આમ કેમ માને છે તો બાપાએ કહ્યું છે માટે. પછી જઇએ તો વાઘે-સર્પ કરડે તો મરી જઇએ. આ વાત બાપે કહી છે માટે માને છે. છોકરાએ અગ્નિ સાપથી ડરવા વિગેરે માન્યું. જેઓને બાવા વાકયં પ્રમાણું નથી પરંતુ બીબીવાકયં પ્રમાણું હોય તેમને તો બાવાવાકયં પ્રમાણું એ નહિં ગમે. કેટલાકો શાસ્ત્રને નહિં માનવાવાળા બાવાવાકયં પ્રમાણુંની વાત આગળ કરીને હાંસી કરવાવાળા છે. પણ તેઓ બીબી વાકય માનવાવાળા તો છે. કારણ પ્રથમનું કથન શાસ્ત્રો ખસેડવા માટે તે કહે છે. નાનું બચ્ચું હોય તેને બાપના કહેવા પ્રમાણે માનવું પડે. પછી મોટી ઉંમરે કંઇ પ્રતિતીવાળા થવું જોઇએ. ત્યાગમય જૈન પ્રવચનની એકલી શ્રદ્ધા કરૂં છું. એમ નહિ પણ પ્રતીતિ બાતલી પણ તે નિર્ગ્રંથ પ્રવચનનીજ કરૂં છું. આત્માને તારનાર-શ્રેષ્ઠ પણ તેજ ચીજ છે. બીજી કોઇ

ચીજ નથી. હવે આવી પ્રતિજ્ઞા તે ભોળાપણાથી કે બીન અક્કલથી કરી નથી, જેમ દસ્તાવેજ લખતા લખવું પડે છે કે અક્કલ હુશ્યારીથી મેં સહી કરી છે. જેવું માનવું તેવુંજ આ નિર્ગ્રંથ પ્રવચન છે એમ માનું છું પારકા ઘરનો હીરો ઝવેરીના હાથમાં આપ્યો. ખાતરી કરવા માટે હથોડી મારી જોઇ. હવે હીરાની ખાતરી સાથે પારકો છે, એ પણ ખાતરી થઇ એટલે પ્રામાણિક પુરૂષ પાછો આપે. પણ લેવાની બુદ્ધિ ન કરે. એ આ નિર્ગ્રંથ શાસનનો પુરો આદર કરવા રૂચિ ધરાવું છું. આનું નામ જૈનપણું, સામ્યાન્યપણે કહીએ છીએ જીનેશ્વરને દેવ તરીકે માને તે જૈન–ત્યાગમય જૈન શાસનની શ્રદ્ધા–પ્રતીતિ–અને રૂચિ. એ ત્રણ વસ્તુ જેનામાં હોય તે જૈની કહેવાય.

ધર્મસ્થાનમાં ભેદની ચોખવટ.

દરિદ્રને જૈન થવા માટે આ ત્રણ ચીજો તેવીજ ચક્રવર્ત્તી માટે તે ત્રણ ચીજો સમજવી. **એ અપેક્ષાએ જહા પણ્ણસ્સ કત્થઇ રાયાણં તહા દરિદ્દસ્સ કત્થઇ.** એટલે ઋદ્ધિમાન અને દરિદ્ર બન્નેને ધર્મનું કથન સરખી રીતે છે. આ વાત જ્યારે લક્ષ્યમાં આવશે ત્યારે કેટલીક વાતનો નિકાલ થશે. કે ધર્મના આચરણ સાથે ઋદ્ધિ સાથે સંબંધ નથી. સંબંધ છે એવું કહેવાવાળાને કહેવું પડશે કે માર્ગમાં લેશભર ફરક નથી. પણ આચરણમાં તો ફરક છે. સૌ-ધર્મેન્દ્ર જીનેશ્વરના અભિષેકો કરતી વખતે પ્રથમ અચ્યુતને ઉભો કરે પછી ઇશાનેંદ્ર આદિ અભિષેક કરે. આ તો અભિષેકની વાત કરી. પણ સમોવસરણમાં ઋદ્ધિમન્તોના આચરણમાં ફરક હોય છે. તેનાથી હલકા સામે જાય અને ઉભા થાય. એ કથનમાં ફરક છે. આવશ્યક જેવી નિત્ય ક્રિયામાં ઋદ્ધિમન્તોનો અહો છે કે પ્રતિક્રમણનો વખત થાય એટલે સર્વ સાધુ દિવસના પ્રાયશ્ચિતનો કાઉસ્સગ્ગ કરે. અને પછી આચાર્ય મહારાજ ન આવે ત્યાંસુધી સ્વાધ્યાય કરે. હવે આચાર્યને તો કામ ન હોય તેઓ શા માટે પાછળથી આવે. કારણ નાના સાધુને પાણી કાઢવું, અને પાતરા બાંધવાનું વિગેરે કામ હોય છે. છતાં આચાર્ય મહારાજે ઋદ્ધિમન્તો પોતાની પાસે આવે ત્યારે ધર્મ સમજાવતાં વખત લાગે તો તેથી શું નાના સાધુઓ બેસી રહે છે?, ના, પરંતુ ધર્મના આચરણ અને કથનમાં ઋદ્ધિમન્તો અને દરિદ્રોમાં પણ ફેર રહે છે, પણ ધર્મ માર્ગમાં ફરક નથી. રાજા અને પ્રધાન બન્ને સાથે દીક્ષિત હોય છતાં પ્રધાન વધી ગયો હોય તો પણ પ્રધાનને રોકવા પડે. શેઠ નોકરમાં પણ દીક્ષા સમયે નાના મોટાનો ખ્યાલ રાખવો પડે છે. અહિં રાજાઓને મોટા શ્રેષ્ઠીઓને મોટા કમળ તરીકે જણાવેલા છે. રાજાને મોટા શી રીતે. કઇ અપેક્ષાએ વિગેરે તેમજ ચાર માણસ કયા અને પાંચમો ભિક્ષુક કોણ વિગેરે ભેદો અગ્રે જણાવાશે.

—:ભાવનાધિકારે:—

ભોગના પ્રબળ પ્રવાહમાં ત્યાગની મુશ્કેલતા.

શાસ્ત્રકાર મહારાજા જિનહર્ષસૂરિજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે વિંશતિસ્થાનક ચરિત્રની રચના કરતાં થકાં આગળ જણાવી ગયા કે અતીત કાળમાં કોઇપણ તીર્થંકર એવા થયા નથી, વર્તમાનમાં થતા નથી, ભવિષ્યમાં થવાના નથી, કે જેઓ વીસસ્થાનકને આરાધ્યા સિવાય થયા હોય. આરાધ્યા વિના કોઇ થતા નથી. તેમાં પ્રથમ સ્થાનક અરિહંત–તે શા માટે પ્રથમ? અઢારે ક્રોડાક્રોડનું અંધારૂં નાશ કરનાર જો હોય તો ભગવાન અરિહંતજ છે. ઉત્સર્પિણીના ચોવીસમા તીર્થંકર થઇ ગયા પછી ત્યાગ એ ધર્મ છે. એવી જે વસ્તુ તે અઢારે ક્રોડાક્રોડ

સાગરોપમ સુધી ઉડો ગઈ. એટલુંજ નહિં પણ લોકો ચોવીસે કલાક ભોગ ભોગનો જાપજ કરી રહ્યા હોય ? અરે યુગલીઆની જીંદગી ભલે ત્રણ પલ્યોપમની હોય. પણ તેને હોય શું ?, ભોગ ભોગને ભોગજ. આખું જગત જ્યાં ભોગનો જાપ કરી રહ્યું હોય, અને ભોગ માટે મથી રહ્યું હોય. અરે યુગલીઓના ઉતરતા કાળમાં=હમણાના કાળમાં જ્યાં ચોરી થતી હોય. આવી આખી દુનિયાની સ્થિતિ હોય. તે વખતે "ભોગ શ્રેય નહિ પણ ત્યાગ શ્રેય" એ બોલવું તે કેટલું મુશ્કેલ છે. દુનિયાના પ્રવાહમાં તણાવું પડે છે. જે વિદ્યાર્થીઓને સ્કુલ છોડવી નથી. વકિલોને કોર્ટની પ્રેકટીસો છોડવી નહોતી. છતાં પ્રવાહમાં તણાઇ જવું પડયું. કાપડીઆઓને કાપડ બાબત સરકારની દખલગીરી પસંદ નહોતી છતાં પ્રવાહમાં તણાઇને પરસ્પરને (પ્રજા વેપારીને) અબજોનું નુકશાન થયું આવી રીતે એકેક ચીજ ગણીએ તો પ્રવાહમાં તણાઇને લોકોએ શું શું નથી કર્યું ? હવે જ્યાં જગતમાં પ્રવાહજ થઈ રહ્યો છે. ત્યાં એકલા માણસે ત્યાગ વસ્તુ કહેવી તે કેટલી મુશ્કેલ ?

તીર્થંકરોના પલ્લે પરિણામ.

આજકાલ તો હજી સાંભળેલી છે એટલે વાંધો નથી આવતો. કેટલીક વખત કેરીઓ જોઇએ પણ આંબા ન જોઇએ. ચોમાસા માટે, ધર્મ માટે, અને પર્યુષણ માટે સાધુ જોઇએ ખરા પણ દીક્ષા લે તે ન પાલવે. સાધુ વગર શાસન ચાલ્યું નથી, સ્થપાયું નથી અને રહેવાનું નથી. સાધુની વિદ્યમાનતાએજ શાસનની વિદ્યમાનતા છે. આટલું બધું શાસનને અંગે સાધુનું જરૂરીયાત પણું છે. છતાં સાધુપણું લેવાય તે ગમતું નથી. ત્યાગના સંસ્કારો છતાં તેના ફળો જાણવા છતાં દીક્ષા ન ગમે તો પછી તીર્થંકર મહારાજા જ્યારે જગત ભોગમાં ને ભોગમાંજ રાચ્યું માચ્યું છે, ત્યાગ શબ્દ પણ સાંભળ્યો નથી, તેવે પ્રસંગે તેઓને કેટલી મુશ્કેલી આવતી હશે ? આવા સમયે પણ એકલો ત્યાગ ધર્મ સમજાવે છે. આથી પંચપરમેષ્ઠિમાં અને નવપદમાં અરિહંતને ઉચ્ચ સ્થાન આપવામાં આવે તો વાંધો નથી. લાકડું લોઢું સર્વ દરિયામાં જાય પણ માછલું એકજ સામે તીરે જાય. તેમ આખું જગત ભોગમાં રાચી રહેલું છે. પણ ત્યાગ તરફ જવા માટે એકલા તીર્થંકરજ તૈયાર હોય છે. વખણાય કોણ ? જે ફાવ્યો હોય તેજ ! ૧૯૧૪ની લડાઇમાં જર્મનને અંગે રૂશીયા રોમાનીયા વિગેરે બુમો પાડતા હતા. તે અવસરે જર્મનો પાસે અમેરીકાની ૧૪ શરતો વિશ્વાસઘાતથી કરાવી. પછી બેડીમાં આવ્યા. એટલે જર્મન હાર્યું. એટલે પરિણામમાં મીંડું. બળવાન તો જર્મન હતું. તેથી શું વળે ? હવે કેવલીઓ ઘણા પણ પરિણામ તો તીર્થંકરના પલ્લામાં કે જેના શાસનમાં તીર્થસ્થાપના થાય. મહાવીર સ્વામીના ૧૪૦૦૦ સાધુ ત્યારે ગૌતમ સ્વામીજીના ૫૦ હજાર કેવલીઓ. મહાવીરસ્વામીજીના ૭૦૦ કેવલીઓ છે. કહો કે-ગૌતમ સ્વામી વધ્યા ને ? પણ કહો કે પરિણામ તો મહાવીર સ્વામીના પલ્લે હોય.

પહેરેગીર પ્રાતિહાર્યો.

એટલુંજ નહિ પણ ગર્ભ સમયથી-પૂજ્યતા જેની શરૂ થઇ છે. દેવલોકથી ચ્યવીને માતાના ગર્ભમાં આવે ત્યારે અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું શરીર હોય. છતાં ઇન્દ્રો તેમની સ્તુતિ કરે છે, અભિષેક કરે છે એટલે ગર્ભથી કોઇની આરાધના થતી હોય તો તીર્થંકરનીજ થાય છે. અરે કુદરત કોઇના પક્ષમાં હોતી નથી. કુદરત દરેકને સીધી હોતી નથી. કદાચ થોડો

વખત કુદરત સીધી આવે પણ પણ પરિણામે તો મીંડું. ચક્રવર્તિ-વાસુદેવો ઘણા થયા. પણ કુદરત તે કોઈના ફેવરમાં નહિ. ફકત એક ત્રિલોકના નાથ તીર્થંકરજ એવા છે કે જેની ફેવરમાં કુદરત છે. શાથી ? તો માતાના ગર્ભમાં આવે કે ત્રણે લોકમાં અજવાળા થાય. ત્યાં તેમની માતા પિતા કે કુટુંબીઓ કે મોસાળા અજવાળા કરતા નથી. અર્થાત જેમની ગર્ભ-જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન-નિર્વાણ અને ચ્યવનાદિમાં કુદરત અનુકુળજ હોય છે. તેથી નવપદમાં અને પંચપરમેષ્ઠિમાં તેઓ પ્રથમ નંબરે છે. અહો અર્હત્ નામ શાથી ? કુદરતને આધીન બની દેવો આઠ પ્રાતિહાર્યો ચોવીસે કલાક રાખે છે. આઠ પ્રાતિહાર્યો-ચોત્રીશ અતિશયો-અતિશયો તે અમુક સમોવસરણના વખતે હોય. પ્રાતિહાર્યો-તેમાં **प्रातिहारस्य कर्म** એટલે જેમ પહેરેગીર તેનું કાર્ય ચોવિસે કલાક હોય. પ્રધાન કે સેનાપતિ તે અમુક વખતના હોય, પરંતુ પહેરેગીરના કામની જેમ આ આઠ પ્રતિહાર્યો ચોવિસે કલાક રહેવાવાળા. અને તેથી દેવતાઓ તે રીતે રહી સેવા કરે છે જેની તેથી તેનું નામ અરિહંતો.

સિદ્ધપણાની વાસ્તવિકતા.

દિગંબરો કહે છે કે અમો વીતરાગ માનીએ છીએ. છત્ર ચામર એ રાજચિન્હ છે, પણ વીતરાગપણાનો ચિહ્ન નઓ. જો રાજચિહ્ન તરીકે હોય તો વીતરાગને રખાય નહિ. છતાં દેવતાઇ છત્ર ચામરોથી, સિંહાસનોથી, તમારા માનેલા દેવમાં ભોગીપણું આવતું નથી. પણ દુનિયાને છેતરવા માટે વીતરાગપણામાં ખોટો બાધ લેવાય છે. કદાચ જો વીતરાગપણામાં બાધ આવતો હોય તો પછી પૂજાદિ શા માટે ? હવે **नमो अरिहंताणं** ની જગોએ **नमो केवलिआणं** બોલો કારણ તેમને છત્ર ચામરાદિ હોતા નથી. છતાં માનવા છે. અરિહંતને આથી આઠ પ્રાતિહાર્યો કરે છે. તેથી વિતરાગપણું જતું નથી. હવે કુદરતને આધિન થઇને એટલે દેવતાઓને કહેવા કોઇ જાતું નથી. તીર્થંકરો માંગતા નથી, ગણધરો કહેતા નથી, મુનિઓ કે રજવાડાઓ કહેતા નથી. પણ કુદરત દેવતાઓને પરિણામ કરે છે, અને તેવા સતત પરિણામથી તેઓ આઠ પ્રાતિહાર્ય ગોઠવે છે. તે એક ગામથી બીજે ગામ વિહાર કરે ત્યારે સિંહાસન પાદપીઠ છત્રચામર આદિ સાથે રહે છે. પ્રાતિહાર્ય એટલે ચોવીસે કલાક પહેરેગીર જેવા આવા દેવતાઓથી પુજાએલા અરિહંત હોય છે. તેથી પ્રથમપદે અને મુખ્યપણે તેમની આરાધના જણાવી છે. ચ્યવનમાં ચૌદ સ્વપ્નો દેખતાં ઇંદ્રાદિકનું આવવું થાય છે. જન્માભિષેક અને નિર્વાણ કલ્યાણકમાં ભક્તિ માટે આવવું આદિ સર્વ દલાલીમાં છે. કોની દલાલી આ ? તો સિદ્ધપદની-જગતને સિદ્ધિપદ મેળવી આપવા તૈયાર થયા. માલ ન હોય તો દલાલને દલાલીની કિંમત નહિ. અહિં પરમાત્માનો કિંમત ઉત્તમતા તે શાને લીધે ? સિદ્ધપણાને અંગે. જો સિદ્ધપણું ન હોય તો અરિહંત મહારાજ જેવા કોઇ ઠગારા નહિ. સંસારથી ઉદ્ધાર, આઠ કર્મનો ક્ષય, અને મોક્ષમાર્ગનું થવું. એ જો ન થતું હોય તો આ બધું ઠગાઇમાં જાય. પણ તેમ નથી વાસ્તવિક છે. સિદ્ધપણું વાસ્તવિક છે, તે કર્મક્ષયથી બની શકે છે સર્વ કાલ માટે સરખું છે, અને તેની દલાલી માટે તીર્થંકરનો મહિમા હોય તેમાં આશ્ચર્ય નથી. હવે સિદ્ધ કેટલા કયા તેમનું સ્વરૂપ-તેની શ્રદ્ધા જગતને છે કે નહિ વિગેરે અધિકાર અગ્રે જણાવશો.

—શ્રી પ્રશ્નોત્તર—પિયૂષાબ્ધિઃ—

૧. **પ્રશ્નોત્તરકારઃ**—નિર્ગ્રન્થ પ્રવચન—પિયૂષવર્ષિ—નવાંગી વૃત્તિકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી.

૨. **પ્રશ્નોત્તર-અવતરણકારઃ**—પૂ. ગીતાર્થ સાર્વભૌમ-આગમોદ્ધારક **શ્રી આનન્દસાગરસૂરીશ્વર**ના પરમ-વિનેય-વૈયાકરણકેસરિ-શ્રી સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક **પૂ. પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરગણીન્દ્ર**ના અદ્વિતીય-પરમવિનેય **પં. શ્રી દેવેન્દ્રસાગર ગણિ.**

૩. **પ્રશ્નોત્તર સામગ્રી સંચયકારઃ**—**પૂ. પંન્યાસપ્રવરશ્રીજી**ના પરમવિનેય **પં. શ્રી દેવેન્દ્રસાગર ગણિ-વર્ય**ના પરમવિનેય **મુનિ શ્રી દોલતસાગરજી.**

પૃ-૫૭, પં-૨, પ્રશ્ન-૩૭, **યદિ ષડ્વિધાવશ્યકમ્-ઇત્યાદિના.**

કદાચ તમો એમ કહેશો કે **"समणेण सावएण य"** આ ગાથા છેલ્લા તીર્થંકરના સાધુને આશ્રયિ છે. તો ઠીક છે પરન્તુ ષડ્વિધ આવશ્યક તે જણાવવાવાલી એજ ગાથા પણ શ્રાવકને માટે હોય તો શું દૂષણ છે? કદાચ તમો કહેતા હોય કે ષડ્વિધ આવશ્યકને અતિ-ચારની શુદ્ધિરૂપ છે ને શ્રાવકોને આલોચનાદિ દશ પ્રકારના પ્રાયશ્ચિતમાંથી એક પણ પ્રાયશ્ચિતની શુદ્ધિ નિશિથાદિ ગ્રંથોમાં શ્રાવકોને માટે જણાવી નથી અને તેથીજ અમો કહીએ છીએ કે શ્રાવકોને અતિચાર ઘટતા નથી. સંજ્વલન કષાયના ઉદયમાંજ અતિચારોનું કથન છે.

ઉત્તર-૩૭, જો કે નિશિથાદિ ગ્રંથોમાં શ્રાવકોને દશ પ્રકારના પ્રાયશ્ચિતથી થતી શુદ્ધિ જણાતી નથી તો પણ તે શુદ્ધિ શ્રાવકે જીતકલ્પ આદિ ગ્રંથોથી અવશ્ય સ્વીકારવી જોઈએ. જો એમ ન હોય તો ઉપાશકદશાંગ નામના શ્રાવક સંબન્ધના શાસ્ત્રમાં વીર પ્રભુના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજીએ આણંદ શ્રાવક પ્રત્યે જે કહ્યું કે હે આણંદ! તું આં અર્થનું આલોચન, પ્રતિક્રમણ, નિન્દન અને ગર્હન કરવાપૂર્વક યથાયોગ્ય તપ કર્મ પ્રાયશ્ચિતને અંગીકાર કર એમ કેમ ઘટી શકે અને પ્રત્યાખ્યાનાવરણીય અપ્રત્યાખ્યાના-વરણીય કષાયના ઉદયમાં પણ અતિચારો ઘટે છે. જે વાત અમો આગળ વિસ્તારથી પૂર્વે જણાવી ગયા છીએ.

પૃ-૫૭, પં-૧૦, પ્રશ્ન-૩૮, **યદીદં ચૈત્ય० ઇત્યાદિના.**

તમો જે કહો છો કે શ્રાવકને ચૈત્યવંદનાદિક અવશ્ય-કરણીય છે માટે તેજ આવશ્યક કરવું એમાં શો વાંધો છે?

ઉત્તર-૩૮, જો ચૈત્યવંદનાદિકજ આવશ્યક હોત તો અનુયોગદ્વારમાં **अन्तो अहोनिसिस्सय इत्यादिना.** એ વચન વડે રાત્રિ દિવસના અન્તે એટલે બન્ને સંધ્યાએજ શ્રાવકને આવશ્યક કરવાલાયક ચૈત્ય-વંદનાદિક કહેત, પરંતુ જ્યારે શાસ્ત્રમાં તો દર્શન શુદ્ધિને માટે ત્રિકાલ દેવવંદનાદિ કરવાનું લખ્યું છે. આ ઉપરથી ફલીતાર્થ એજ થશે કે સાધુ ભગવંતની જેમ શ્રાવકોને બન્ને સંધ્યા કરવાનો નિયમ ષડ્વિધ આવશ્યક રૂપ આવશ્યક એજ ઘટે છે. પરન્તુ અવશ્ય કરણીયરૂપ ગણીને ચૈત્ય વંદનને તે નિયમ ઘટતો નથી.

પૃ-૫૭, પં-૧૨, પ્રશ્ન-૩૯, **किंच-सव्वंति० इत्यादिना.**

જ્યારે સાધુ અને શ્રાવક માટે જે તમો ઉભયકાલે ષડ્વિધ આવશ્યકનું વિધાન કરો છો, પરન્તુ તે આવશ્યકની આદિમાં આવતું સામાયિક બન્નેને જુદું છે કે એક?

ઉત્તર-૩૯, સાધુ અને શ્રાવક બન્નેને ષડ્વિધ આવશ્યકની આદિમાં આવતું સામાયિક છે. પરંતુ તેમાં સાધુ ભગવન્તોને સર્વસાવદ્યનું પચ્ચક્ખાણ છે, જ્યારે શ્રાવકોને ફકત સાવદ્યજ યોગનું પચ્ચક્ખાણ છે એટલે સર્વ શબ્દ નથી. હવે જો શ્રાવક કે જે સર્વ વિરતિવાન નથી છતાં **सव्व** શબ્દ સામાયિકમાં મોકલે

તો સર્વ સાવદ્યના ત્યાગનું પચ્ચખ્ખાણ લેનાર શ્રાવક સર્વ સામાયિકને દેશ સામાયિક બન્નેથી ભ્રષ્ટ થાય છે.

પૃ-૫૮, પં-૫, પ્રશ્ન-૪૦, ××××××

किइकम्मकरो हवइ साहू० આ નિર્યુક્તિની ગાથામાં ગ્રહણ કરેલા સાધૂ શબ્દથી શ્રાવકનો વ્યવહારચ્છેદ કરેલો હોવાથી શું શ્રાવકોને વંદન કરવું કલ્પતું નથી ?

ઉત્તર-૪૦, ના એમ નથી. જ્યાં જ્યાં સાધુનું ગ્રહણ ત્યાં બીજાએ પણ વંદન કરવાનું ઉપલક્ષણથી સમજવાનું છે, તેમાં પણ સાધુ શબ્દ શ્રાવકના વ્યવચ્છેદ માટે નથી. જો શ્રાવકનો વ્યવચ્છેદ માનીએ તો સાધ્વીનો પણ વ્યવચ્છેદ આવી જાય, તે કોઇપણ રીતે સંગત નથી; ફકત માતાદિ વિશેષણમાં વંદનકનો નિષેધ છે જેમ કહ્યું છે કે મોટા સાધુ એટલે લાંબા સાધુ પર્યાયવાલા સર્વ રત્નાધિકો (સાધુ-સાધ્વીઓ) પોતાના માતા પિતા કે વડીલ બંધુ પાસે વંદન ન કરાવે. પરન્તુ **पञ्चमहव्वयजुत्तो** શબ્દ છે, છતાં ચાર મહાવ્રતવાલા મધ્યમ તીર્થંકરના સાધુઓને વ્યવચ્છેદ થયો એમ નહિ; કારણ કે વંદન હમેશાં ગુણવાનની ભકિતરૂપ હોવાથી જેમ મુનિ ભગવંતોને પરસ્પર ગુણનું બહુમાન ભકિત હોય તેવી રીતે શ્રાવકોને પણ બહુમાન ભકિત આદિનો લાભ થાય છે.

પૃ-૫૮, પં-૧૦, પ્રશ્ન-૪૧, **प्रतिक्रमणं तु सामान्यतः० इत्यादिना।**

સામાન્યથી ઇરિયાવહિ પડિક્કમવા માત્રથી પ્રતિક્રમણ કહેવાય છે, પરન્તુ ભિન્ન ભિન્ન અભિગ્રહવાલા શ્રાવકોને એકજ ઇરિયાવહિ સુત્ર વડે કરીને પ્રતિક્રમણ કેમ ઘટે ? વળી જેણે એકવ્રત અંગીકાર કર્યું નથી તેને અતિચારનો સંભવ નથી અને જ્યારે અતિચારનો અસંભવ નથી તો પછી ઇરિયાવહિ સુત્રનું ઉચ્ચારણ પણ અસંગત છે. વગર વ્રતે કે વગર અતિચારે પ્રતિક્રમણ સુત્ર ભણવાનું હોય તો પછી મહાવ્રત અને મહાવ્રતના અતિચારોના ઉચ્ચારણનો પ્રસંગ આવશે ?

ઉત્તર-૪૧, ના, એમ નથી. જેણે વ્રત અંગીકાર કર્યાં નથી એવા પણ સમ્યકદૃષ્ટિ શ્રાવકને પ્રતિક્રમણના અતિચારોના ઉચ્ચારણમાં અશ્રદ્ધાન આદિ વિષયનું પ્રતિક્રમણ માનેલું છે. કહ્યું છે કે શ્રાવક નિષિદ્ધ કરેલા કાર્યો કરે ને જે કરવા લાયક કાર્યો ન કરે, જિનશાસનના તત્વોની અશ્રદ્ધા કરે ને જે કાંઈ જિનવાણી સાંભળી હોય તેનું બીજાની સમક્ષ કથન કરતાં વિપરીત કથન કરે એ ચારે વસ્તુનું હું પ્રતિક્રમણ કરૂં છું. આ ઉપરથી વ્રત લીધા હોય તોજ પ્રતિક્રમણ હોય એવો નિયમ નથી. જેમ શ્રાવકને અગીયાર પડિમાને સાધુનું બાર પડિમા અંગીકાર કરી નથી એવા એવા સાધુ ભગવન્તોને પણ પગામ સજ્ઝાયમાં આ પાઠ કહીને પ્રતિક્રમણ કરે છે તેવી રીતે શ્રાવકો માટે પણ સમજવું જરૂરી છે.

પૃ-૫૮, પં-૧૪, પ્રશ્ન-૪૨, **ननु यद्येवं तदा० इत्यादिना।**

જો પછી એમજ છે તો શ્રાવકે સાધુ-પ્રતિક્રમણ સૂત્ર કે જે પગામ સજ્ઝાય છે તે વડે પ્રતિક્રમણ કરે તો વાંધો શો છે ?

ઉત્તર-૪૨, ફકત શ્રાવકનું પ્રતિક્રમણ સૂત્ર કે જે વંદિત્તા સૂત્ર કહેવાય છે તે સૂત્રમાં શ્રાવકના અણુવ્રતો સંબન્ધી અને શ્રાવકને કરવા લાયક, નહિ કરવા લાયક સંબન્ધી વૃતાન્ત વિસ્તારથી કથન કરેલો હોવાથી તેજ વંદિત્તા સૂત્ર શ્રાવકને ખાસ અત્યંત ઉપયોગી છે માટે શ્રાવકને સાધુના પ્રતિક્રમણ સૂત્રથી નહિ પરન્તુ વંદિત્તા સૂત્રથી પ્રતિક્રમણ કરવું વ્યાજબી છે.

પૃ-૫૯, પં-૩, પ્રશ્ન-૪૩, **ननु साधुप्रतिक्रमणात्० इत्यादिना।**

કોઈ કહે કે સાધુ પ્રતિક્રમણથી જુદું એવું શ્રાવકનું પ્રતિક્રમણ સૂત્ર બનાવટી છે એટલે પાછલથી બનાવેલું છે કારણ કે સૂત્રની નિર્યુક્તિ ભાષ્ય ચૂર્ણિ આદિ કાંઇ રચેલાં નથી માટે અનાર્ષ છે એટલે તે શ્રાવકનું પ્રતિક્રમણ સૂત્ર મહાપુરૂષનું રચેલું નથી.

ઉત્તર–૪૩, ના, એમ નથી. આવશ્યક આદિ દશ શાસ્ત્ર સિવાયના આગમ સૂત્રની નિર્યુક્તિઓ છેજ નહિ. તેમજ ઉવવાઇ આદિ ઉપાંગોની ચૂર્ણિઓ છેજ નહિ તે તે અંગ ઉપાંગ સૂત્રોને અનાર્ષપણાનો એટલે મહાપુરૂષોને નહિ રચેલાનો દોષ આવશે, ને તે સૂત્રોને અનાર્ષ તો તમો પણ કહેતા નથી તેનું શું ? માટે શ્રાવકને પ્રતિક્રમણ હોવાથી શ્રાવકના લાયકનું પ્રતિક્રમણસૂત્ર પણ છે ને આર્ષ એટલે મહાપુરૂષ રચિત છે એ માનવામાં વાંધો નથી.

તા. ક:—ઉપરની બન્ને શંકાઓ બીજા મતવાલાઓ કહે છે તેઓને પણ લાગુ પડી શકે છે કારણ કે સ્થાનક સંપ્રદાયના શ્રાવકો પ્રતિક્રમણ કરતાં શ્રમણ સૂત્રરૂપ પગામ સજ્ઝાય હાલ બોલે છે.

પૃ-૫૯, પં–૭, પ્રશ્ન–૪૪, **ननु पारिष्ठापनिकाद्यः इत्यादिना ।**

પચ્ચખ્ખાણને વિષે જે પારિષ્ઠાપનિકા નામનો આગાર આવે છે તે સાધુ ભગવન્તોનેજ ઘટે છે, પરન્તુ શ્રાવકોને તે પારિષ્ઠાપનિકા નામનો આગાર ઘટતો નથી. આ ઉપરથી પચ્ચખ્ખાણ આવશ્યક સાધુ ભગવન્તોનેજ હોય શ્રાવકને હોઇ શકે નહિ.

ઉત્તર–૪૪. ના, એમ નથી ગુરૂઆદિક જે આચાર્ય તથા જ્ઞાનરૂપી વિગેરે જે પારિષ્ઠાપનિકાના અધિકારી નથી તેઓને તથા ભગવતીજીના યોગોદ્વહન કરવાવાલા સાધુ ભગવંતો કે જે ગૃહસ્થ સંસૃષ્ટ પારિષ્ઠાપનિકા આદિના અધિકારી નથી. છતાં પણ અખંડ સૂત્રનો ઉચ્ચાર કરવાથી તે ન્યાયે કરીને તેઓને પચ્ચખ્ખાણ લેતાં ગૃહસ્થ સંસૃષ્ટ પારિષ્ઠાપનિકા વિગેરે આગારો લેવાય છે એવી રીતે ગૃહસ્થોને પણ પચ્ચખ્ખાણ લેતાં અખંડ સૂત્રનો ઉચ્ચાર કરવો એ ન્યાયે પારિષ્ઠાપનિકાનો આગાર હોય છે ને તેથી શ્રાવકોને પચ્ચખ્ખાણ નામનું આવશ્યક છે.

માનવંતા ગ્રાહકોને.

" પ્રથમ અંકની પ્રાપ્તિ પછી લવાજમ સમિતિને પ્રાપ્ત થયું નહિ હોય તો બીજો અંક વી. પી. થશે તે સ્વીકારવા સાદર ભલામણ છે." આ પ્રથમ અંકની જાહેરાત મુજબ ચાલુ અંકથી વી. પી શરૂ થાય છે માટે દરેક ગ્રાહકને વિનંતિ પૂર્વક સ્વીકારી લેવા ભલામણ છે.

આશા છે કે અસહ્ય મોંઘવારીના સમયમાં કાગળ–મુદ્રણ–મજુરી–પ્રેસ મેટર આદિ પાછળનું ખર્ચ વિચારતાં આ માસિકનું વાર્ષિક લવાજમ જૂજ છે, છતાં નજીકર–વાંચન સિદ્ધાન્ત દોહન સુધા સાથે નવ નવ રસવતી પૂર્વક પીરસાય છે. માટે ચાલુ વર્ષમાં ગ્રાહક રહીને માસિકની મહત્વતા વધારવા કટીબદ્ધ થશો. સાથે સાથે નવીન ગ્રાહકો વધારીને અમારા ઉત્સાહને પ્રોત્સાહન આપશો.

ચાલુ વર્ષમાં ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય તેમણે તુરત નીચેના સરનામે લખી મોકલવું કે જેથી વી. પી. ખર્ચનું નુકસાન ધાર્મિક સંસ્થાને ન થાય.

પત્રવ્યવહારાદિ પૈસા ભરવાનાં સ્થળ—

૧. ઝવેરી પાનાચંદ રૂપચંદ
ઠે. ૨૨૪ શેખમેમણ સ્ટ્રીટ, **મુંબઇ નં. ૨**

૨. શા. ગુણવંતલાલ જેચંદભાઈ ઠાર
ઠે. ગોપીપુરા, ચાંદ્લાગલી **મુ. સુરત.**

અખિલ-ભારતવર્ષીય શ્રી વર્દ્ધમાન તપ સહાયક સમિતિના ચાલુ વર્ષના વધુ નવા સહાયકો.

આ સમિતિને વધુમાં વધુ રૂ. ૨૦૧) અને ઓછામાં ઓછી રૂ. ૧૦૧)ની માંગણી આ સંસ્થાની છે, છતાં વધુ મોકલનારનો આ સમિતિ આભાર માને છે.

૨૦૧)	શા. વાડીલાલ ચત્રભુજ	ઠે. પ્રદીપ નિવાસ, નવરોજ લેન, મુ. ઘાટકોપર, જી. આઇ. પી.
૧૦૧)	શા. ધરમશી પ્રેમચંદ	માંડવી-કચ્છ
૧૦૧)	શ્રેષ્ઠિ-મનુભાઇ શાંતિલાલ	ઠે. મસ્કતી મારકીટ, અમદાવાદ
૧૦૧)	શ્રેષ્ઠિ-જેશંગભાઇ છોટાલાલ સુતરીયા	ઠે. લુણસાવાડો, મોટીપોળ, મુ. અમદાવાદ
૧૦૧)	શ્રેષ્ઠિ-હિંમતલાલ બુધાલાલ	ઠે. મસ્કતી મારકીટ, મુ. અમદાવાદ
૧૦૧)	શ્રેષ્ઠિ-વાડીલાલ ખેમચંદની ધર્મપત્ની બાઇ ચંપા હ. શેઠ છગનલાલ લક્ષ્મીચંદ	ઠે. જૈન મરચંટ સોસાયટી, મુ. અમદાવાદ
૧૦૧)	શ્રેષ્ઠિ-મણીલાલ મોહનલાલ	ઠે. ઝવેરીવાડ, શેઠનો પાડો, મુ. અમદાવાદ

૮૦૭)

આ સંસ્થાનું ભંડોળ રૂપીઆ ૧૯ હજાર) ઓગણીશ હજાર ઉપરાંતનું આ વર્ષે થવા પામ્યું છે.

તા. ક:—**અખિલ-ભારતવર્ષના શ્રી વર્દ્ધમાન તપ આયંબીલ ખાતાના સંચાલકો નમ્ર વિનંતિ છે કે પોતાની સંસ્થાને પડેલી તોટાની રકમ મેળવવા માટે નીચેના સ્થળેથી ચોગ્ય હકીકત પુરી પાડવા માટેનાં ફોર્મ મંગાવી લેશો, અને સાચી હકીકત ભરીને તુરત નીચેના સ્થળે રવાના કરશો.**

સંસ્થાની પાંચ વર્ષની પુરી કાર્યવાહી જાણવા માટે રીપોર્ટ પણ નીચેના સ્થળેથી મળશે.

ઝવેરી જમનાદાસ મોનજી, ખજાનચી અને મંત્રી.

અ૦ ભા૦ વ-શ્રી વ-ત-સ-સમિતિ—**મુંબાઇ,**

ઠે૦ બુલીયન એકસચેંજ, મુંબાઇ નં. ૨.

॥श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર.

(ગયા અંકથી ચાલુ)

દીક્ષિતોનું અવશ્ય કર્તવ્ય.

દીક્ષા લીધા પછી દીક્ષિતે જે કરવા લાયક છે તેનો ઉપદેશ દેતાં શાસ્ત્રકાર જણાવે છે કે શ્રમણ ભગવંતોને નિર્દોષ વસ્ત્ર-પાત્ર-અન્ન પાણી વિગેરે પોતાના માટે તૈયાર કરેલાં એવાં દેવાં, અને પોતાની શક્તિનું ઉલ્લંઘન કર્યા વગર અર્થાત્ ચિત્ત=હૃદયના પરિણામ તથા પોતાના ધન-ધાન્યાદિકને અનુકુળપણે દાન દેવામાં ઉદ્યમવંત રહેવું. દીક્ષિતે દીક્ષા લીધા પછી આવું દાન ફરજીયાત દેવું પડશે એવું જે કહેતા હોય તેનો પરિહાર કરતાં જણાવે છે કે-પોતાની શ્રદ્ધાને અનુકૂળ થયેલો (આ શ્રમણ ભગવંતોનેજ દેવાય છે તેમાંજ મ્હારૂં હિત છે આવા પ્રતીતિપૂર્વકના અભિલાષને અનુકૂળ માન્યતાવાળો સંવેગ=મોક્ષાભિલાષને અનુકૂળ અર્થાત્ હું સંસાર છોડીને સાધુ થઇ શકતોજ નથી માટે મ્હારી ભોગ-સામગ્રી-સાધનો તે સંયમિયોના સંયમાર્થને ઉપયોગી બને, તો મને નજીકમાં સંયમ પ્રાપ્ત થાય, અને અનુક્રમે મોક્ષ પ્રાપ્તિનો અમોઘ માર્ગ મ્હારા માટે સફળ થાય, કારણ કે સુર-નર-નરેન્દ્રની સંપદાઓ પરિણામે દુઃખદાયિ છે, ફક્ત મોક્ષનો અભિલાષ=અથવા શિવસુખનો અભિલાષજ આત્માને હિતકર છે. આવી ધારણાના સંવેગરંગથી રંગાયેલો=શાસન માન્ય સુધાથી સિંચાયલો, ન્હાના મ્હોટા પર્યાયવાળાને ક્રમને સાચવવાવાળો, પોતાના વિભવને અનુસરતો સ્વ-પર-જનાદિ લૌકિક શુભ કાર્યને દેવા યોગ્ય ચીજ વસ્તુ-સાધન સામગ્રી દેવામાં વિવેકવાળો, અને સ્વ શાસન રસિકો, સ્વજન સંબંધિઓ-તથા સ્વશાસન ઇતરો પ્રત્યે યોગ્યતા સમજવાવાળો હોવાથી ફરજીઆત દાન દેવાતું નથી પણ ઉપરના વિશેષણોથી વિશેષિત થયેલો તે દીક્ષિત પુણ્યાત્મા કરવા યોગ્યજ કરે છે. એજ સમાધાન સમજવું જરૂરી છે. ગાથા ૩૬.

સમ્યગ્ દીક્ષાના નિર્ણીત-ચિન્હો.

દીક્ષા દેનારનો અને દીક્ષા લેનારનો યોગ્ય દિશામાં સફળ પ્રયત્ન હોવા છતાં તે દીક્ષાઃ સમ્યગ્ અથવા અસમ્યગ્ થાય અર્થાત્ દીક્ષા લાભદાયિ અથવા દીક્ષા લાભ વગરની થાય તેથી સમ્યગ્ દીક્ષાનો નિશ્ચય કઇ રીતે થાય. તે માટે તેના લિંગ=ચિહ્નો જણાવે છે-દીક્ષાના સ્વીકાર અવસરે આગળ જણાવાશે તે ગુણો હોય અગર તે ગુણો પ્રયત્નથી પ્રાપ્ત કરેલા હોય. સમ્યકત્વ, સમ્યકત્વની સાથે થવાવાળા પ્રશમ= અપરાધિઓનું ચિત્તથી પણ પ્રતિકૂળપણું નહિં ચિન્તવવું વિગેરે, સંવેગ (પૂર્વે વિસ્તારથી અર્થ જણાવ્યો છે)=મોક્ષાભિલાષ, નિર્વેદ= ચારગતિ રૂપ સંસાર બંદિખાનામાં છુટવાનો તીવ્ર અભિલાષ, અનુકંપા=દ્રવ્યથી દુઃખીયાના દુઃખ દેખીને દુઃખી થવું અને શકિત અનુસારે તે દુઃખથી મુકત કરવા કરાવવાની તીવ્રતા, તથા ભાવથી ધર્મરહિત જીવો ભાવિ જીવનમાં દુઃખ પ્રાપ્ત કરશે માટે ધર્મ પમાડવાની તમન્ના-રૂપ દ્રવ્ય-ભાવરૂપ અનુકંપા, આસ્તિકય=સર્વજ્ઞ ભગવંતોએ જે પ્રતિપાદન કર્યું છે તેજ સત્ય

છે, ભલે મને ન સમજાય છતાં તે મહાપુરૂષોએ જે કથન કર્યું છે તેજ સત્ય છે. આવો પરિણામ તે આસ્તિકય કહેવાય છે, વીતરાગના વચન સાંભળવાની અતિ ઉત્કંઠા= સંસારમાં સર્વ સાધન સામગ્રી સંયોગોની અનુકૂળતા અને સાંસારિક વ્યવહાર માટે લેશભર ચિંતાને અવકાશ પણ ન હોય છતાં બધાં સાધનોને તિલાંજલિ આપી તે જિનવાણીનું પાન કરવા ઉદ્યમવંત થવું એજ સુશ્રુષા= શ્રુતિરાગ, લીધેલા વ્રત નિયમોને પાળવામાં અતિ વિકટ પ્રસંગોમાં પણ ઉદ્યમી હોય તો તે અવસરનો ધર્મરાગ, દેવ-ગુરૂના વૈયાવચ્ચમાં પ્રમાદરહિતપણું; સાધર્મિક=સમાન ધર્મને આચરવાવાળા પ્રત્યે અવિહડ પ્રીતિ=ધર્મસ્નેહ, શાસન માન્ય ઉપદેશને શ્રવણ કરવાથી હેય-ઉપાદેય રૂપ તીવ્ર બોધ; અને ધર્મ પ્રાપ્તિ કરાવનાર, ધર્મનું સંરક્ષણ કરનાર, ધર્મની વૃદ્ધિ કરાવનાર તથા પરિષહ ઉપસર્ગાદિ આપત્તિકાળે નવ નવીન બોધ-હિત શિક્ષા-સારણાદિ વડે સ્થિર કરનાર ધર્માચાર્ય પ્રત્યે દ્રઢ રાગાદિ ગુણો દીક્ષાપ્રાપ્તિ દિનથી વધુ વધુ વૃદ્ધિમન્ત થયા હોય અગર થતાં હોય તો સમ્યગ્ દીક્ષાનાં આ અવ્યભિચારી ચિહ્નો છે=લિંગો છે. સમ્યગ્ દીક્ષામાં પૂર્વે જણાવેલ દાનાદિક ધર્મનું સેવન અને સિવાય ઉપરના ગુણો અધિક-અધિકતર પ્રતિદિવસ પ્રગટપણે વૃદ્ધિ થતાં જણાતાં હોય તો સમજવું એ સમ્યગ્ દીક્ષાના ગમક એ ચિહ્નો છે. આથી= સામર્થ્યથી એ નિર્ણય થયો કે ઉપર જણાવેલા ગુણોથી ઉલટું જીવન જીવનારાઓમાં સમ્યગ્ દીક્ષાનો સદ્ભાવ નથી. ગાથા ૩૭.

સમ્યકત્વાદિ ગુણવૃદ્ધિનાં સફળ કારણો.

હવે સમ્યગ્ દીક્ષાથી દીક્ષિત થયેલાને ગુણવૃદ્ધિ કરવાની જરૂર છે, અને તેથીજ સમ્યકત્વાદિ ગુણોની પરિવૃદ્ધિ થાય તેને અનુસરતું માર્ગદર્શન કરે છે. અતિશુદ્ધ અધ્યવસાયથી જીવન જીવવામાં દીક્ષાના સ્વીકારપણું ગુણ વૃદ્ધિને આવરક-કર્મોના ક્ષયોપશમ શરૂ થાય છે. જેમ જેમ ગુણવૃદ્ધિને રોકનાર કર્મોનો ક્ષયોપશમ શરૂ થાય છે, તેમ તેમ ગુણ વૃદ્ધિ વિશેષ થાય છે. અને તેથીજ કર્મ ક્ષયોપશમરૂપ કારણથી સ્વીકાર કરેલા ગુણની વૃદ્ધિરૂપ કાર્ય આગળ વધે છે. આથીજ શાસ્ત્રકારોએ સ્વીકાર કરેલી સર્વસ્વ સમર્પણરૂપ દીક્ષામાં સમ્યકત્વાદિ ગુણગણની વૃદ્ધિ માટે પરિશુદ્ધ ભાવની દિનપ્રતિદિન વૃદ્ધિ કરવા માટે દીક્ષિતોએ હરહંમેશ કટીબદ્ધ રહેવું જરૂરી છે. કાર્ય-કારણ ભાવના હાર્દને સમજનારાઓ આ પ્રસંગે સ્વીકાર કરેલા ગુણવૃદ્ધિ કાર્યમાં પરિશુદ્ધભાવ અને કર્મ ક્ષયોપશમને અમોઘકારણ તરીકે સ્વીકારે છે પરિશુદ્ધ ભાવથી કર્મક્ષયોપશમ અને કર્મક્ષયોપશમથી સમ્યકત્વાદિ ગુણગણની વૃદ્ધિ નિયમા થાય છે. ગાથા ૩૮.

સાધર્મિક પ્રીતિવર્ધન.

સમ્યગ્ દીક્ષામાં અધિકૃત ગુણવૃદ્ધિ, સાધર્મિક પ્રીતિની વૃદ્ધિ, જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમરૂપ બોધની વૃદ્ધિ, ધર્માચાર્ય ગુરૂ પ્રત્યે ભક્તિની વૃદ્ધિ રૂપ લિંગોનું પ્રતિપાદન પૂર્વે ગાથા-૩૭ માં જણાવી ગયા હતા, અને તેથીજ ગાથા-૩૮ માં અધિકૃત ગુણવૃદ્ધિ=સમ્યકત્વાદિ ગુણગણની વૃદ્ધિમાં કાર્યકારણ ભાવની વિવેક પૂર્વક સમજી વિસ્તારથી જણાવી ગયા. હવે આ પદ્યમાં=ગાથામાં સાધર્મિકની પ્રીતિ વૃદ્ધિ

થાય તે જણાવે છે. અનુકૂળ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ કારણજ અમોઘ સાધન રૂપ છે, અને આથીજ અધ્યાત્મ ભાવમાં તલ્લીન શ્રીમદ્ આનંદઘનજી મહારાજ શ્રીસંભવનાથજીના સ્તવનમાં જણાવે છે કે "કારણ જોગે હો કારજ નીપજે૦" ઇત્યાદિ પદો દ્વારા કારણના અનુકૂળ સંબંધમાં કાર્યની ઉત્પત્તિ અવશ્યમેવ થાય છે. એ સંબંધમાં કોઇપણ બુદ્ધિમાનને વાંધો-ઝઘડો કે વિવાદ કરવાનો લેશભર અવકાશ નથી. પરંતુ કારણ વગર કાર્યની ઇષ્ટસિદ્ધિ કરવામાં ઉદ્યમ કરવો તે કેવળ ગાંડપણ છે. આ ઉપરથી ગાથા-૩૭ માં જણાવેલા લિંગોની ઉત્પત્તિ અને વૃદ્ધિના અમોઘ કારણો ગાથા-૩૮ થી ગાથા ૪૧ સુધીમાં શાસ્ત્રકાર પોતે જણાવે છે, અને કાર્યકારણ ભાવનું દૃષ્ટિકરણ કરે છે. દીક્ષિતને આચરવા યોગ્ય શ્રુતધર્મમાં અને ચારિત્રધર્મમાં બહુમાનાત્=અતિ આદર કરવાથી પક્ષપાત કરવાથી અર્થાત્ સામાન્ય દેખાવ રૂપે નહિં પણ સાધર્મિકોના જીવનમાં સારરૂપે આ ઉપર જણાવેલા શ્રુત-ચારિત્ર ધર્મ છે એવું સમજપૂર્વક સ્વીકાર કરીને પ્રધાનપણે પક્ષપાત કરવાથી દીક્ષિતો પ્રત્યે સાધર્મિકનો સ્નેહ વૃદ્ધિ પામે છે. સમાનધર્મ સંબંધિનું સેવન કરનાર પ્રત્યે પ્રેમજન્ય વાત્સલ્ય ભાવની વૃદ્ધિ કરવી, એટલે "કાર્યે કારણોપચારાત્" આ ન્યાયથી પ્રધાનભાવે ધર્મના બહુમાનથી અને સાધર્મિકો પ્રત્યેના અનુરાગથી સાધર્મિક પ્રીતિ વૃદ્ધિ રૂપ કાર્ય પ્રગટ થાય છે. આ ઉપરથી અતિ વિશુદ્ધ ભાવથી અધિકૃત ગુણ=સમ્યક્ત્વાદિ ગુણની વૃદ્ધિ અને પ્રધાનભાવે ધર્મના આદર બહુમાન પુરસ્સર સાધર્મિક અનુરાગથી સાધર્મિક પ્રીતિ-વૃદ્ધિ થાય એ નિર્વિવાદજ છે. પૂર્વાર્દ્ધ ગાથા ૩૬.

પ્રીતિ અને ભક્તિમાં તફાવત.

ધર્મ વિષયક પ્રાથમિક પ્રીતિ માત્ર પણ પ્રધાન ભાવથી અને ધર્મનું અતિ ઉત્તમપણું સ્વીકારવાથી ધર્મ વિષયક પ્રીતિને ધર્મ વિષયક ભક્તિ કહેવામાં લેશભર વાંધો નથી. ધર્મ વિષયક પ્રીતિ-ભક્તિમાં આટલો ભેદ છે, અર્થાત્ આટલો ફરક=તફાવત છે. જે સ્થળે ઉત્કૃષ્ટ આદર છે. તેનું નામ પ્રીતિ છે, અને પ્રીતિ કરનારને નિયત સ્થળ સિવાયના સઘળા સ્થાનોનો ત્યાગ કરવાથી તે પ્રીતિ હિતના ઉદયને અનુસરવાવાળી હોય છે, કે જે પ્રીતિ પૂર્વકના આચારને શાસ્ત્રકારો પ્રીતિ અનુષ્ઠાન કહે છે. પ્રીતિ કરવા લાયકના સ્થાન કરતાં ભક્તિ કરવા લાયકનું સ્થાન અતિ ગૌરવવાળું હોય છે, અને તેથીજ ભક્તિ કરવા લાયકનું સ્થાન અધિક ગૌરવવાળું હોય છે, અને તેથીજ ભક્તિ કરવા લાયકનું સ્થાન અધિક વન્દનીય, નમનીય-પૂજનીય, સ્તવનીય, અને સન્માનીય હોય છે. સ્ત્રીનું સ્થાન પતિને આદરણીય-દર્શનીય અને યથાયોગ્ય સત્કારણીય છે. તેના કરતાં જન્મ આપનારી જનેતાનું સ્થાન અધિકતર-અધિકતમ આદરણીય-દર્શનીય સત્કારણીય છે. એટલુંજ નહિં પણ સ્ત્રી વન્દનીય-પૂજનીય-સ્તવનીય અને નમનીય જીવનભરમાં થઇ શકતી નથી, જ્યારે તીર્થ સ્વરૂપ માતાજી પ્રત્યે સ્ત્રીનો પતિ વન્દનાદિક બધાં આચારોનું જરૂર સેવન કરે છે. સ્ત્રીત્વ ધર્મની સમાનતા છતાં સ્ત્રી-માતા પ્રત્યે પ્રીતિ-ભક્તિનું આટલું અંતર રહે છે. પત્ની પતિ પ્રત્યે જે હિત ધરાવે છે તેના કરતાં માતા તે પુત્ર પ્રત્યે અલૌકિક હિત ધરાવે છે. પરદેશથી આવનાર પતિને પત્ની પૂછે છે કે શું લાવ્યા ?, અને માતા પૂછે છે કે હે

પુત્ર ? સુખ શાન્તિ પૂર્વક આવ્યો ?; અર્થાત્ હિત ઉદયની સામાન્યતા હોવા છતાં આટલો ફરક જગત ભરની જનતામાં પણ પ્રસિદ્ધ છે. આ ઉપરથી ઉપરના કારણોનું વારંવાર સેવન કરનારને સાધર્મિક પ્રત્યેનો અનુરાગ વૃદ્ધિ પામે છે. ઉત્તરાર્દ્ધ ગાથા ૩૯.

બોધ્ય વૃદ્ધિ અને ગુરૂ ભક્તિ વર્ધન સ્વરૂપ.

હવે શાસ્ત્રકાર બોધવૃદ્ધિની લિંગતા=ચિહ્નતા પ્રતિપાદન કરતાં થકા શાસ્ત્રકાર જણાવે છે— અર્થાત્ "ચિહ્નિયાઽ" આદિ પદોથી સ્પષ્ટ કરે છે. સ્વયંસેવકની દીક્ષાને સ્વીકારનાર-દીક્ષિતને આદરવા યોગ્ય આચારથી ઘણું કરીને સર્વ કર્મનો ક્ષયોપશમ થાય છે. શાસનમાન્ય આચારોનું પુનઃ પુનઃ સેવન કરવાથી જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષયોપશમ થાય છે, અને તે ક્ષયોપશમની વૃદ્ધિ એટલે જ્ઞાનની વૃદ્ધિ અર્થાત્ બોધની વૃદ્ધિ થાય છે. બોધવૃદ્ધિમાં વધવાવાળો તે દીક્ષિત હેય-ઉપાદેયની યથાયોગ્ય વ્હેંચણ કરીને સન્માર્ગની પ્રાપ્તિ-સ્થિરતા અને વૃદ્ધિ આદિના પ્રબળ નિમિત્ત રૂપ સદ્ગુરૂવર્ય છે. તેથી તેઓશ્રીની ભક્તિ-વિનય-વૈયાવચ્ચમાં સર્વસ્વ સમર્પણ કર્યું છે. અને કરે છે. અને તેથીજ બોધ વૃદ્ધિ લિંગની સમાપ્તિ સાથે ગુરૂ ભક્તિ વૃદ્ધિ-ચિહ્નનું પ્રતિપાદન કરે છે. ગાથા. ૪૦.

આ લોક અને પરલોકની કલ્યાણકારિ— સંપદાઓના અવન્ધ્ય કારણ રૂપ દીક્ષા અર્થાત સર્વસ્વ સમર્પણ કરવાની ભાવના રૂપ આચારની પ્રાપ્તિ અને તે દીક્ષાને ટકાવવા-વધારવાના ક્રમશઃ આચારોનું શ્રવણ-સેવન-અને પરિશીલનના અમોઘ કારણ તે ગુરૂવર્ય છે. અને "કોડો કલ્યાણના પરમ કારણ રૂપ ગુરૂના ભક્તિ-બહુમાન-વૈયાવચ્ચ આદિ દ્વારાએ તન-મન-ધનાદિ સમર્પણ કરી કૃતાર્થ થવું એમાંજ મારૂં કલ્યાણ છે." આ પરિણામની ધારાએ તે ગુરૂવર્યની ભક્તિ બહુમાન પૂર્વક વધતા પરિણામે કરે છે, કારણ કે આ ગુરૂવર્ય કેવળ મારા બોધ વૃદ્ધિ માટે કેવળ ઉપકારિ નથી પરંતુ તેઓશ્રીના સમાગમમાં આવવાવાળા સર્વને ઉપકારિ છે. તેથી ગુરૂ ભક્તિની વૃદ્ધિ દેખીને બીજા જીવો પણ સન્માર્ગગામિ બને, સ્થિર થાય; અને આગળ વધવાવાળા થાય. ગાથા. ૪૧.

પરંપર ફલરૂપ પરમદીક્ષા.

પૂર્વે જણાવેલાં અધિકૃત ગુણ વૃદ્ધિ, સાધર્મિક પ્રીતિવૃદ્ધિ, બોધવૃદ્ધિ અને ગુરૂભક્તિવૃદ્ધિ આદિના સ્વરૂપને સમજનારો અને સેવન કરનારો દીક્ષિત કલ્યાણવાન્ છે, કારણ કે આ લોક અને પરલોકના કલ્યાણકારિ હેતુભૂત દીક્ષાને પ્રાપ્ત કરવાવાલો છે. નિગ્રંથ પ્રવચન શાસનને અને શાસન સંચાલક ગુરૂવર્યને સર્વસ્વસમર્પણ કરવા રૂપ સ્વયંસેવકપણાની દીક્ષાની પ્રાપ્તિથી અનુક્રમે પોતાના આત્મિક જીવનને શુદ્ધ-શુદ્ધતર બનાવતો અંતે શુદ્ધતમ જીવન પથ પ્રત્યે પુનીત પ્રયાણ શરૂ કરે છે. જિનદીક્ષા સંબંધિ ધર્મોને અર્થાત્ જિનેશ્વર ભગવંત ગુરૂ અને આગમની ભક્તિ-પ્રભાવના કરતો તે દીક્ષિત મહા-સત્ત્વશાલિ=મહાનુભાવ અનુક્રમે આ દીક્ષાના અમોઘ-ફલરૂપ પરમદીક્ષા=સર્વવિરતિ ધર્મરૂપ દીક્ષાને પ્રાપ્ત કરે છે. આ ઉપરથી જિનદીક્ષાની પ્રાપ્તિ પછી કથન કરેલા આચારોને પુનઃ પુનઃ સેવન કરવાથી વધતા વીર્યોલ્લાસપૂર્વક નિયમા સર્વવિરતિ ધર્મ રૂપ દીક્ષાને પ્રાપ્ત કરે છે એ ઉત્તરાર્દ્ધનું રહસ્ય શાસ્ત્રકાર સ્પષ્ટ કરે છે.

જિનદીક્ષાને સર્વવિરતિ દીક્ષાના સ્વાંગ સજનારા ઉપદેશકોએ ગ્રંથકાર ગુમ્ફિત ઉત્તરાર્દ્ધને અવલોકયું નથી, કારણ કે ઉપર જણાવેલા જિનદીક્ષાના વિધિને પ્રાપ્ત કરવાવાળો કલ્યાણી= મહાનુભાવ–આ દીક્ષિત સમ્યગ્ ભાવ સારનું સેવન કરતો કરતો પરેમદીક્ષાને પ્રાપ્ત કરે છે. જે માટે ગ્રંથકારના આ ગુમ્ફિત પદો છે. ××××××

। सम्मं समायरन्तो पावइ तह परमदिक्खंपि ॥४२॥

આ પદોના પરમાર્થને વૃત્તિકાર ભગવાન્ જણાવે છે.—

कल्याणी सन्नेष प्राप्नोति तथा परमदीक्षामपि यथेतरदीक्षां प्राप्त इति हृदयम् ॥ આ ઉપરથી જિનદીક્ષા=સ્વયંસેવકપણાની પ્રાપ્તિથી પૂર્વે જણાવેલા ગુણોને પ્રાપ્ત કરીને કેવળ આ લોક–પરલોકની (નર–નરેન્દ્રની સંપત્તિઓ) સંપદાઓ પ્રાપ્તિ માત્રથી તે દીક્ષિત કલ્યાણી થયો છે એમ નહિ પરંતુ તે કલ્યાણી મહાનુભાવ ઉત્તરોત્તર જીવનને શુધ્ધ–શુધ્ધતર–શુદ્ધતમ બનાવીને માનવ જીવનને સફળ કરવાલાયકનું સર્વ વિરતિ ધર્મના શ્રેષ્ઠપદરૂપ અમોઘ ફળ પ્રાપ્ત કરે છે.

પરમ દીક્ષિતને મોક્ષનો અનુભવ-૩૩.

જિનદીક્ષા પ્રાપ્તિનું અનન્તર ફલ સર્વ વિરતિ દીક્ષાની પ્રાપ્તિ થવી તે છે, તે વાતનું શાસ્ત્રકાર પૂર્વ પદોમાં સમર્થન કરી ગયા. હવે અનન્તર ફલ સ્વરૂપ સર્વ વિરતિ પ્રાપ્ત કરનારો તે દીક્ષિત પરંપરાએ અંતિમ ફલ રૂપ મોક્ષ ફલ કેવી રીતે પ્રાપ્ત કરે છે તે જણાવે છે. મોક્ષમાર્ગને અંતરાય ભૂત થનારા નિન્દનીય આચારો ચાર છે. ૧ મિથ્યાત્વ, ૨ અવિરતિ, ૩ કષાય અને ૪ યોગ. આ ચારે મોક્ષ પ્રાપ્તિમાં વિઘ્ન કરનારા વિપરીત આચારો છે. સર્વ વિરતિ ધર્મની પ્રાપ્તિ પૂર્વે ભૂતકાળમાં જે જે વિપરીત આચારો સેવ્યા હોય બીજાઓ પાસે સેવરાવ્યાં હોય અને અનુમોદ્યાં હોય તેનું આત્મ સાક્ષિએ નિન્દન–ગર્હન કરવું. અને ઉપલક્ષણથી વર્તમાન કાલિક-મિથ્યાચારોથી વિરામ પામવું તથા ભાવિકાલમાં તે તે વિપરીત મિથ્યા આચારોનું સેવન નહિ કરવા સંબંધમાં વ્રત પચ્ચખાણમાં વધુ વધુ ઉદ્યમી થવું જરૂરી છે.

બીજા આચાર્યો મિથ્યાચારનું લક્ષણ પ્રતિપાદન કરતાં જણાવે છે કે—બાહ્ય ઇન્દ્રિયોનો વ્યાપાર=શ્રવણ-દર્શનાદિ અશુધ્ધ આત્મઘાતક વ્યાપારનો સંયમ કરીને જે મૂઢાત્મા મનથી ઇન્દ્રિય વિષયક પદાર્થોનું સ્મરણ કરે છે તે મિથ્યા–આચાર છે.

વસ્તુતઃ વૃત્તિકાર ભગવાનાદિ તો મન-વચન-કાયાથી કરવું, કરાવવું અને અનુમોદન કરવા રૂપ આત્મઘાતક પ્રવૃત્તિને મિથ્યા આચાર કહેવો તેજ અત્ર પ્રાસંગિક અને શાસ્ત્રસિદ્ધ શાસ્ત્રમાન્ય છે. ત્રિકાળ વિષયક મિથ્યાચારને ભાવથી નિન્દન–ગર્હણ કરવાવાલોજ સર્વવિરતિનું જીવન જીવતાં છતાં મુકિત પદ=નિઃસંગતાનો નિર્મળ પદનો અનુભવ કરીને અનુક્રમે સમસ્ત કર્મથી મુકત થઇને મોક્ષપદ=પરમપદ=સિદ્ધપદને પ્રાપ્ત કરે છે. આજ વાતને સ્પષ્ટ કરતાં પૂર્વાચાર્ય કથિત પદ્ય–"**निर्जितमदमदनानां वाक्काय**" ની સાક્ષિ આપે છે. અર્થાત્ **જેઓએ આઠ મદ અને મહામલ્લ મદનને જીત્યો છે, માનસિક—વાચિક—કાયિક પ્રવૃત્તિઓને વિશેષે કરીને વિકાર રહિત બનાવી છે, અને વીર્યોલ્લાસની વૃદ્ધિ પૂર્વક પ્રબળ**

પ્રયત્નથી પરપૌદ્ગલિક આશાઓને સર્વથા-સર્વદા-સર્વત્ર દેશવટો દીધેલો છે. તેવાં સુવિદિત શિરોમણિ-સર્વ વિરતિ ધરોને આ સંસારમાં=આ લોકમાં મોક્ષજ છે. ગાથા. ૪૩.

અસદ્-આગ્રહનો અંતકરનારા. ૩૪.

આ પ્રકરણમાં જિન દીક્ષા વિધિને વિસ્તારથી જણાવી ગયા. આ વિધાનને વિધિપૂર્વક આગમ નીતિ ન્યાયે ભાવવાવાળો સકૃત્બંધક અને અપુનર્બંધક જીવો અસદ્-અભિનિવેશ હઠાગ્રહના વિરહપણાને જલ્દી પ્રાપ્ત કરે છે.

મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ=સીત્તેર કોડાકોડી સ્થિતિને એક વાર ભેદશે તે સકૃદ્બન્ધક કહેવાય છે. અર્થાત્ પ્રવૃત્તિ કરણબલથી ગ્રન્થિ પ્રદેશની સમીપમાં આવેલો છે, ગ્રન્થિ ભેદ=રાગ દ્વેષની નિબિડ ગાંઠ તો ભેદી નથી, પરંતુ એકદા=કોઇ એક કાળે મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિને ભેદશે તેવા જીવને સકૃદ્બન્ધક કહેવાય છે. હવે જે કોઇ જીવ યથાપ્રવૃત્તિ કરણના પ્રબળ પ્રભાવે કર્મને ખપાવતો ગ્રન્થિપ્રદેશની સમીપમાં આવેલો છે, અને રાગદ્વેષની કઠિણ ગાંઠને ભેદી નથી પરંતુ બાંધેલી ગાંઠને ભેદે છે. અર્થાત્ નવી બાંધવાનો નથી અને ભેદવાનો તેવા જીવને અપુનર્બંધક કહેવાય છે. સકૃદ્બંધક અને અપુનર્બંધક જીવોને ગ્રંથિ ભેદ થયો નથી તેથીજ કુગ્રહ=અસદ્-આગ્રહ થવાનો સંભવ છે તેથી તે જીવોને માની શકાય છે. પરંતુ ચતુર્થ ગુણસ્થાનકવર્તિ-અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવોને અસદ્-આગ્રહ થવાનો સંભવ નથી. અને આથીજ સકૃદ્બંધક-અપુનર્બંધક અનુક્રમે મોક્ષમાર્ગની સન્મુખ થયેલો અને મોક્ષમાર્ગના પ્રથમ પગથિયાની પ્રાપ્તિની તૈયારીમાં હોવાથી મોક્ષમાર્ગ પતિત આ બંનેને કુગ્રહની સંભાવના અને તેનો (કુગ્રહનો) ત્યાગ ઘટી શકે છે.

વૃત્તિકાર ભગવાન્ સમ્યગ્ દૃષ્ટિઓ માટે આ વિધાનનો નિષેધ કરે છે, તો પછી સર્વવિરતિધરો માટે જિનદીક્ષાના વિધાનનનું આયોજન કરવું તે શાસ્ત્રકાર અને વૃત્તિકારના આશયથી તદ્દન વિરૂદ્ધજ છે, અર્થાત્ અસંગત છે.

અસદ્ આગ્રહનો વિરહ થવાથી ભવ વિરહ સહેજે થાય છે, અને સાથે સાથે ગ્રંથકાર વિરહ શબ્દથી પોતાનું નામ ધ્વનિત કરે છે. આ વાતને 'ભવવિરહની ભવ્યતા' આદિ પ્રકરણોથી પૂર્વે વિસ્તારથી જણાવેલી છે. સકૃદ્બંધક અને અપુનર્બંધકને ભાવ-સમ્યકત્વનો અભાવ હોવાથી જિનદીક્ષામાં=સર્વસ્વ સમર્પણ કરવાના વિધાન સ્વરૂપ દીક્ષામાં દ્રવ્ય સમ્યકત્વનો આરોપ કરાય છે એ સમજવું અત્ર સુસંગત છે. ગાથા-૪૪.

॥ समाप्तोऽयं द्वितीयपञ्चाशकशास्त्रसारांशः ॥

દ્વિતીય પંચાશકની આવશ્યકતા અને ઉપસંહાર.

શ્રાવકધર્મ વિધિને પ્રથમ પંચાશકમાં કહ્યો, અને શ્રાવક ધર્મને સ્વીકારવાવાળો સમ્યકત્વ પ્રાપ્તિ પૂર્વે જિનદીક્ષાને સ્વીકારે છે. શ્રાવક શબ્દાર્થને અનુસરવાવાળો શ્રાવક નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધાવાળો, પ્રતીતિવાળો અને રૂચિવાળો થયો છે કે નહિં અર્થાત્ ભાવ સમ્યકત્વની વિરહ દશારૂપ ભાવિકાળમાં તે ભાવ સમ્યકત્વની યોગ્યતા પ્રાપ્ત કરવાવાળો થશે કે નહિં તે

માટે આ બીજું પંચાશક જિનદીક્ષાનું છે એ ભૂલવા જેવું નથી: અને તેથીજ ચાલુ પંચાશકની બીજી ગાથામાં ચિત્ત મુંડનનો અધિકાર વિસ્તારથી પ્રતિપાદન કરેલો છે. એટલુંજ નહિં પણ જિનદીક્ષાના અધિકારિઓ સકૃદ્બંધક-અપુનર્બંધક જીવો જણાવીને ભાવસમ્યકત્વના વિરહ કાળમાં દ્રવ્ય સમ્યકત્વનું આરોપણ કરવું ઉચીતજ છે એ વાત પણ શાસ્ત્રકારે સમજાવી દીધી છે. આ રીતિએ જે વાંચકો આ પંચાશકમાં સ્વયંસેવક દીક્ષા વિધિ કથન પ્રતિજ્ઞા, અને ચિત્તમુંડન દીક્ષા આદિ પ્રકરણોનું પુરેપુરૂં પર્યાલોચન કરીને વિવેકપૂર્વક નિર્ણય કરશે તેઓજ આ પ્રકરણના પુનીત પરમાર્થને પ્રાપ્ત કરીને અનંતર ફલરૂપ સર્વ વિરતિના અને પરંપર ફલરૂપ મોક્ષના અવન્ધ્ય કારણરૂપ અસદ્આગ્રહનો વિરામ કરવાને ભાગ્યશાળિ થશે.

શ્રેષ્ઠતમ સામગ્રીઓ પ્રથમ પંચાશકમાં શ્રાવક ધર્મ વિધાનનું કથન કરવા અવસરે શાસ્ત્રકારના આશયને આવિર્ભાવ કરતાં થકાં વૃત્તિકારે વૃત્તિદ્વારા જણાવ્યું હતું કે શ્રાવક ધર્મના વિધાનને અનુસરવાવાળો જરૂર યતિધર્મ યોગ્ય થઈ શકે છે, અને તેથીજ શાસ્ત્રકાર પ્રથમ શ્રાવક ધર્મ પ્રકરણને પ્રતિપાદન કરે છે એ વાત પ્રથમ પંચાશકમાં વિચારી ગયા.

પરંતુ શ્રાવક ધર્મની પ્રથમ ભૂમિકા સમ્યકત્વપૂર્વકની છે, અને સમ્યકત્વના સ્પર્શન-પાલન-અનુપાલન વગરના વ્રતો યથાર્થ કાર્ય સાધક થઈ શકતાં નથી. વળી મોટો જન-સમુદાય એવો પણ હોય કે વીતરાગની વાણીનું શ્રવણ કરવામાં રસિક બન્યો હોય પરંતુ સમ્યકત્વનું સ્પર્શન કરવામાં યથાર્થ ભાગ્યશાળિ ન પણ થયો હોય. આથીજ શાસ્ત્રકારે સિંહાવલોકન ન્યાયે સમ્યકત્વનું સ્વરૂપ, વ્રતોનું સ્વરૂપાદિ પ્રથમ પંચાશકમાં જણાવીને **ભાવ સમ્યકત્વની અભિમુખ કરવાની અનેકવિધ સામગ્રીઓ બીજા જિનદીક્ષા નામના આ પંચાશકમાં પીરસીને ઉપકારની અમોઘ વર્ષાઓ વર્ષાવી છે તે ભુલવા જેવું નથી.** પ્રથમ પંચાશક પછી ત્રીજા પંચાશકનો સંબંધ અનુસ્યૂત રહી શકે એવો હોવા છતાં સકૃદ્બંધક-અપુનર્બંધકાદિ જીવોના લાભ માટે બીજું પંચાશક કહેલું છે. શ્રાવક ધર્મનાં વિધાનો વાંચીને, વિચારીને અને પરિશીલનપૂર્વક સેવન કરીને યતિધર્મ યોગ્ય થવાવાળા શ્રાવકોને ત્રીજા પંચાશકનો વન્દનાદિ અધિકાર જણાવવાને બદલે બીજું પંચાશક કયા ઉદ્દેશથી જણાવ્યું છે તે વાત વિસ્તાર પૂર્વક વિચારી ગયા છીએ છતાં સ્મૃતિપથમાં તે વાત ફરી તાજી કરવી પડે છે. શરૂઆતમાં શ્રાવક ધર્મનું પ્રકરણ યતિ ધર્મની યોગ્યતા પ્રાપ્ત કરાવવા માટેજ છે, તેથી શાસ્ત્રકાર પ્રથમ પંચાશકની પચાસમી ગાથાના ઉત્તરાર્ધમાં— **"भवविरहबीय भूओ जायइ चारित्त-परिणामो'** અર્થાત્ ભવવિરહના બીજભૂત ચારિત્રનો

પરિણામ શ્રાવક ધર્મ–વિધાનોનું સેવન કરનારને સુરૂપમેવ પ્રાપ્ત થાય છે, એમ જણાવે છે. અને સાથેજ બીજા પંચાશકમાં જિન દીક્ષા વિષયક વિધાનની શરૂઆતમાં સર્વવિરતિ ધર્મ સ્વરૂપ શિવ દીક્ષા ગ્રહણ કરવાનો નિષેધ કરે છે. આથીજ ભાવ સમ્યકત્વની પ્રાપ્તિ પૂર્વે શ્રેષ્ઠતમ સામગ્રી રૂપ સર્વસ્વ–સમર્પણ ભાવની સ્વયં સેવક દીક્ષા અર્થાત્ આવી દીક્ષા છેલ્લા પુદ્ગળ પરાવર્તમાં પ્રાપ્ત થાય છે. તે સંબંધી વિસ્તારથી ઉલ્લેખ શાસ્ત્રકાર કરી ગયા છે. એ પણ યાદ રાખવું જરૂરી છે.

વસ્તુતઃ સિંહાવલોકન ન્યાયે અને ભાવ સમ્યકત્વના વિરહ કાળમાં સ્મૃતિપથમાં જિન દીક્ષાના વિધાન વિષયક પ્રકરણો તથા સંક્ષેપ ઉલ્લેખો પ્રથમતયા લક્ષ્યમાં રાખવાની અનિવાર્ય જરૂર છે. અને તે પછી શ્રાવક ધર્મના વિધાનોને સ્મૃતિપથમાં સ્થિર કરવા માટે જરૂરી સમજીને અત્ર પ્રથમ જિન દીક્ષાના વાંચી ગયેલા પ્રકરણો ક્રમવાર જણાવાય છે. સાથે સાથે શ્રાવક ધર્મ વિધિ વિષયક પ્રકરણોનું સૂચન અને તે પછી ત્રીજા પંચાશકના સારાંશનાં પ્રારંભ કરાય છે.

દીક્ષા પ્રાપ્તિના પૂર્વ પ્રસંગો.

ભાવ. સમ્યકત્વથી ભાવિત થનારાઓનું નિદર્શન કરાવતાં શ્રી જિનદીક્ષાના સારાંશમાં આરાધકોને આરાધ્યપદમાં પ્રવેશ કરાવનારી આરાધના છે. તેથીજ પ્રથમ પ્રકરણમાં (પેરેગ્રાફમાં) **૧. 'તારનાર આરાધના છે'** આરાધનાનો અસ્ખલિત માર્ગ જિન-દીક્ષાદ્વારાએ શરૂ થાય છે, તેથી બીજા પેરેગ્રાફમાં ૨. **આ સ્વયં-સેવક દીક્ષા, છે.** આ દ્વારાએ આરાધનાનો આદર્શ શાસ્ત્રકારે જણાવ્યો તેને સારાંશમાં સ્પષ્ટ કર્યો છે. ચિત્તમુંડન વગર જિનદીક્ષાની વાસ્તવિક પ્રાપ્તિ થતીજ નથી તેથી ત્રીજા પેરેગ્રાફમાં ૩. **ચિત્તમુંડન રૂપ** જિનદીક્ષા જણાવી છે. ચિત્તમુંડન રૂપ જિનદીક્ષાની પ્રાપ્તિ ચરમાવર્તમાં થાય છે તેથી ચોથા પેરેગ્રાફમાં ૪. **ચરમાવર્તનો ચમત્કાર** સ્પષ્ટ કર્યો છે. ચરમાવર્તમાં આવેલ પુણ્યાત્માઓ જિનદીક્ષા પ્રાપ્તિની યોગ્યતાનો નિર્ણય આ આ પાંચમા પેરેગ્રાફ રૂપ ૫. **દીક્ષાની યોગ્યતામાં** જણાવાય છે. દીક્ષાની યોગ્યતાને પારખવામાં દીક્ષાના અનુરાગનું પરીક્ષણ કરવા માટે ૬. **દીક્ષાનુરાગીના પરીક્ષાનો** પેરેગ્રાફ છે, કે જેની અંદર શ્રદ્ધા વિઘ્નોનો અભ્યાસ અને ચિત્તની દાઢર્યતા તપાસાય છે. તે પછી લોક વિરૂદ્ધના ત્યાગ વગર આ દીક્ષા દેદીપ્યમાન બની શકતીજ નથી. તેથી ૭. **લોક વિરૂદ્ધ ત્યાગનું સ્વરૂપ** સાતમા પેરેગ્રાફમાં જણાવાય છે. દીક્ષાર્થિ જીવોના વર્તમાન-ભાવિ હિતની વૃદ્ધિ આદિ માટે સુંદર ગુરૂનો યોગ અનિવાર્ય છે. તેથી આઠમા પેરેગ્રાફમાં ૮ **સુંદર ગુરૂના યોગની મહત્વતાના** યશોગાન યથાર્થ રીતિએ ગાયાં છે. સદ્ગુરૂવર્યની પ્રાપ્તિ પછી દીક્ષાનું દાન દેવાધિદેવ સન્મુખજ દેવાય છે. તેથીજ અનુક્રમે ૯, ૧૦, ૧૧, ૧૨, એ ચાર પેરેગ્રાફમાં ૯. **સમવસરણ રચના વિધિ. ૧૦. કુસુમ-વૃષ્ટિ આદિની રચના, ૧૧. પરમાત્માની સ્થાપના અને પર્ષદા, અને ૧૨. સમ-વસરણના પ્રકારોની વ્યવસ્થા** જણાવેલી છે, તે દ્રઢપણે ચિત્તમાં ધારી રાખવી જરૂરી છે.

(અપૂર્ણ)

૫૮૦. સ્વાત્મસમર્પણની ક્રિયા અને સ્વાત્માર્પણ સ્વીકારનારની પરસ્પરની ક્રિયા પળવારમાં થઇ જાય છે, પરંતુ બંન્નેના નિર્વાહનું કામ જીવન પર્યંત શરૂ રહે છે એ ઉભયતઃ વિવેક-પૂર્વક વિચારણીય છે.

૫૮૧. અલ્પ ઉદ્યમને અધિક ફલદાયિ દર્શાવનાર વિશ્વમાં પુણ્યજ છે, માટે પુણ્યપ્રાપ્તિના વિવિધ પ્રસંગોનું પુનઃ પુનઃ સેવન કરો.

૫૮૨. સંસાર સમુદ્રની ભરતી ઓટના ભવ્ય પ્રસંગો ભલા ભલા વિવેકીયોને અને પ્રતિભાવ સંપન્ન પ્રજ્ઞાશાલિયોને મુંઝવે છે એજ હૃદયમાંથી સુજ્ઞાનિપણાની ગેરહાજરી સૂચવે છે.

૫૮૩. વિનાશિ પદાર્થો દ્વારાએ અવિનાશિભાવોને સમૃદ્ધશાલિ બનાવતાં શીખો નહિંતર મનુષ્ય જીવન હારી જશો.

૫૮૪. કહેવાતા મહાપુરૂષો મહાવ્યસનમાં મુંઝાયેલા હોય છે તો પછી વ્યસની બનેલા અને વ્યસનમાં ડૂબેલા આશ્રિતોને તારનાર કોણ? અર્થાત્ તારનારજ નથી.

૫૮૫. આશ્રયના અતિદૌર્બલ્યપણાથી આશ્રિતો પરાભવ પામે છે એ કલિકાલ સર્વજ્ઞના વચનો વિવેકીયો માટે જરૂર વિચારણીય છે.

૫૮૬. કીડીઓને પાંખો આવે છે ત્યારે મરણ પામવાની આગાહી કરાય છે, તેવીજ રીતે સામાન્ય માનવીઓને સંપત્તિ આદિ મદના અતિરેકમાં વિપત્તિઓના વાદળો આવિર્ભાવ થાય છે.

૫૮૭. માનવીઓ ઉપર કઠોર કર્મનો ઉદય વર્તતો હોય છે, ત્યારે પ્રભાવશાલિ પુરૂષાની બુદ્ધિમાં બગાડ થાય છે.

૫૮૮. વિચારશાલિ વિવેકીઓને ઉત્પન્ન થયેલો ક્રોધ પ્રશાન્તપણાને પામે છે એજ વિશુદ્ધ વિચારણાનો વિજય છે.

૫૮૯. ક્રોધનો ઉદય થવો એ સહેલી વાત છે, પણ ક્રોધને આધીન બનીને ક્રોધના ફળ ચાખવા જેવી પ્રવૃત્તિમાંથી બચી જવું એજ મુશ્કેલી અને પુણ્યવંતોની ખરી કાર્ય-કુશળતા છે.

૫૯૦. વિવેક વગરના મહાન્ સમારોહ અને મહાન્ સમારંભો મહાન આપત્તિમાં પલટાઇ જાય છે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૯

આલેખનકારઃ—સુધાવર્ષી-પૂ. પંન્યાસ પ્રવર શ્રીચન્દ્રસાગરજી ગણિવર્ય.

નોંધઃ—આરાધકોની આરાધના અધિક-અધિકતર-અધિકતમ ઉજ્વળ બને અને વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય તે હેતુથી અત્ર ભાવવાહિ-વાક્યો અપાય છે. લિ૦ તન્ત્રી.

૫૭૩. તન–મન–ધનાદિ સ્થાવર–જંગમાદિ સઘળીયે સંપત્તિઓનું સમર્પણ કરવાના સુંદર પરિણામ વગર શાસન પ્રત્યેનો અનુરાગ છે એમ કહી શકાતુંજ નથી માટેજ શાસનરસિકોએ અને શાસનરાગીઓએ સાવધાન થવાની જરૂર છે.

૫૭૪. દુનિયાદારીના સ્વયંસેવકપણાને અને શાસનમાન્ય સ્વયંસેવકપણાને આભ–જમીન જેટલું અંતર છે.

૫૭૫. દુનિયાદારીના સ્વયંસેવકપણામાં સ્વાર્થ ઠાંસીને ભરેલો હોય છે, જ્યારે શાસનમાન્ય સ્વયંસેવકપણામાં નિસ્વાર્થના નિર્મળ નિઝરણા ઝરી રહેલાં હોય છે.

૫૭૬. શાસનમાન્ય સ્વયંસેવકો અલ્પકાળમાં આવ્યા બાદ માર્ગ પ્રત્યે નિર્વિઘ્ને અસ્ખલિત કૂચ કૂચ કરે છે તે નિઃશંક સત્ય છે.

૫૭૭. વિકારના વિવિધ હેતુઓ પ્રાપ્ત થયા છતાં જેઓનાં ચિત્ત વિકારને પ્રાપ્ત થતાં નથી તેઓજ મહાધૈર્યવંતો છે, અને વિકારો ઉત્પન્ન થયે છતે પણ વિકારોના વિનાશ માટે અપ્રમત્તપણે કટીબદ્ધ થયેલાઓ છે તે પણ ધૈર્યવંતો છે.

૫૭૮. ઇર્ષ્યાળુ ભાઇઓના પુનઃ પુનઃ ઇર્ષ્યાકર્તવ્યોથી જેનું હૃદય ખિન્ન થતું નથી, પરંતુ આ ભાઇઓ મને અનુકૂળ થતાજ નથી માટે મ્હારો કોઇ દુષ્કર્મનો ઉદય છે એવા વિચારોને વશીભૂત થયેલ ધન્યકુમાર ખરેખર ધન્ય છે, પ્રશંસાપાત્ર છે. એ વિચારણાને હૃદયમંદિરમાં દ્રષ્ટાંત રૂપે સ્થીર કરતાં શીખો.

૫૭૯. સ્વાત્મસમર્પણ કરનાર સંસારસમુદ્રથી તરવાની તીવ્ર અભિલાષાવાળો હોવો જોઇએ અને સ્વાત્મસમર્પણ કરનાર શિષ્યાદિને સ્વીકારનાર સદ્ગુરૂ તારવાની તીવ્ર અભિલાષાવાળો તથા પ્રાણાંતે પણ તારવાનો પ્રતિકૂળ સંયોગોમાં પ્રબળ સામનો કરનાર હોવો જોઇએ તોજ સ્વાત્મસમર્પક અને સ્વીકારનારનો સુવર્ણ સાથે સુગંધ જેવો મેળ મળ્યો છે એમ કહેવું સ્થાનપુરસ્સરનું છે.

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જું.]

શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ: શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

કલ્યાણકારિ—પ્રભાવના.

આલેખનકાર:—**સુધાવર્ષી=પૂ. પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર.**

દુર્ગતિમાં પડતા પ્રાણીઓને બચાવનાર ધર્મ છે. અને આથીજ શાસ્ત્રકારોએ સંસાર સમુદ્રથી તારવાને સમર્થ ચારે પ્રકારનો ધર્મ કહેલો છે. દાનધર્મ, શિયળ ધર્મ; અને તપો-ધર્મ એ સંસાર સમુદ્રથી તરીને પાર ઉતરવાની અભિલાષા વાળાને સ્વતંત્ર મદદગાર બનતાજ નથી. પરંતુ એ ત્રણે ભાવધર્મપૂર્વકના સેવન કરવામાં આવે તોજ તારી શકે છે, અન્યથા નહિજ.

ભાવધર્મનું અવલંબન લેનારો સંસાર સમુદ્રથી તરીને, પાર ઉતરીને ઘનઘાતિ કર્મોનો ઘાત કરીને; અને કેવળજ્ઞાન પામીને મોક્ષે જઇ શકે છે. પરંતુ ભાવધર્મથી ભાવિત થનારને ધર્મ પમાડવાની પ્રબળ ઇચ્છા થાય છે, ત્યારે તે તે પુણ્યાત્માઓને **પ્રભાવનાના પુનીત સાધનોનું અવશ્યમેવ અવલંબન લેવુંજ પડે છે.**

ભાવના એકજ જીવનું કલ્યાણ કરે છે, જ્યારે પ્રભાવનાની પુનીત સામગ્રી-સાધન સંયોગો અનેકાનેક અસંખ્ય-આત્માઓનું કલ્યાણ કરી શકે છે એ નિર્વિવાદ-સત્ય છે. પ્રભાવનાના પરમ અંગભૂત-રથયાત્રાનું રસિક વિધાન અને એ વિધાનને અનુસરતી રસિક કાર્યવાહીજ **સંપ્રતિ રાજાને શાસનપ્રભાવક બનાવવા સમર્થ નીવડી છે.**

પ્રતિષ્ઠા અને પ્રવજ્યા, લઘુશાંતિસ્નાત્ર અને બૃહચ્છાન્તિસ્નાત્ર, અંજનશલાકા અને અષ્ટાહ્નિકા, રથયાત્રા અને સંઘેહરણના દિવ્યદાન; તથા તીર્થયાત્રા અને તપશ્ચર્યાઓના પુનીત

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જો]

વી. સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪
વર્ષ ૧૪-અંક ૬.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
તન્ત્રી:—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૫, ૨૭, ધનજીસ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

તંત્રી સ્થાનેથીઃ—

અનુમોદનીય—

દીક્ષા પ્રસંગો.

પ્રાતઃસ્મરણીય **પૂ. આગમોદ્ધારક આગમાવતારના અમોઘ ઉપદેશના પ્રતિફ સમા** શાસન–પ્રભાવનાના શ્રેષ્ઠતમ કાર્યના **યાદગાર દિને અર્થાત્ શ્રી વર્દ્ધમાન જૈન આગમ-મંદિરમાં ત્રૈલોકયનાથ ભગવંતોના ગાદીનશીન કરવાના યાદગાર દિને** વીશા ઓસવાલ જ્ઞાતિની બાલિકાઓ પ્રવ્રજ્યા અંગીકાર કરવાના પુનીત પંથે પ્રયાણ કરવા ઉદ્યમવંત થઈ હતી.

ઉમ્મરમાં બાલિકાઓ નાની છતાં સંયમ લેવાના સુંદર–પ્રૌઢ મનોરથોએ અને પ્રવ્રજ્યાગ્રહણના પુનીત કાર્યોએ જૈન સમાજના સઘળાંએ યુવાનોનાં અને વૃદ્ધોનાં હૃદયપટ ઉપર ત્યાગની આછી ઝાંખી કરાવી દીધી હતી અને તેની સૌરભ હજુ સુધી સુરતમાં પ્રસરી રહી છે.

મહા સુદ ૩ને શુક્રવારે પ્રતિષ્ઠામહોત્સવરૂપ મહામંદિરના સુવર્ણકળશસૂચક પ્રથમ દીક્ષા આગમોદ્ધારક પૂ. શ્રી સાગરાનન્દસૂરીશ્વરજીની નિશ્રામાં **શા. ભગુભાઇ દીપચંદની ચી. પુત્રી પ્રભાબ્હેનની થઇ** અને **પૂ. વિદુષી સાધ્વીશ્રી તિલકશ્રીજીના સુવિનેયા મૃગેન્દ્રશ્રીજીના શિષ્યા પ્રબોધશ્રીજી** તરીકેના નામથી જાહેર કર્યા છે.

ત્યાર પછી મહા સુદ ૬ને દિવસે **શા. રૂપચંદ ફકીરચંદની પુત્રી જયાબ્હેનની દીક્ષા** ખૂબ મહોત્સવપૂર્વક થઇ, અને પૂ. **વિદુષી સાધ્વીશ્રી તિલકશ્રીજીના પ્રશિષ્યા તપસ્વિની તીર્થશ્રીજીના પ્રશિષ્યા નિરૂપમાશ્રીજીના શિષ્યા શ્રી જયેષ્ઠાશ્રીજીથી** અલંકૃત કર્યા છે.

મહા સુદ ૧૪ના રોજ શાસનપ્રભાવના વધે તે રીતિએ બે બ્હેનોની દીક્ષા **પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આગમાવતાર શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીના** વરદ હસ્તે થઇ છે, તે અતિ પ્રશંસનીય છે. **તેઓ શ્રેષ્ઠિ લલ્લુભાઇ ઘેલાભાઈની બે પુત્રીઓ** અનુક્રમે **પદ્માબ્હેન અને નવલબ્હેનની સંયમ લેવાની** ઉત્કટ ભાવના થતાં તેમના માતુશ્રીજી તથા ભાઇએ હર્ષભર રજા આપી. દીક્ષા નિમિત્તે **શ્રી અનંતનાથજી ભગવાનના મંદિરમાં** મહા સુદ ૧૩ થી પાંચ દિનના મહોત્સવની શરૂઆત થઇ, અને આંગી પૂજા ભાવનાદિની વિશેષે થવા લાગ્યાં દીક્ષાને દિવસે પોતાના ઘર આંગણેથી દીક્ષાગ્રહણ માટેનો વરઘોડો ચઢયો હતો. દીક્ષાર્થિ બંન્ને બ્હેનો પુષ્પોથી શણગારેલી ચાર ઘોડાની બગીમાં બિરાજમાન હતા. જેમાં પાંચ સાંબેલાં, પોલીસ બેન્ડ, શીખ બેન્ડ, અને શાસનના અગ્રગણ્ય શ્રાવક,

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જું.]

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૪.	ફાલ્ગુન-માસ.	તંત્રીઃ
અંક ૬ ઠો.	તા. ૧૭-૩-૪૮.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

સુરતને આંગણે અદ્વિતીય-શ્રેષ્ઠતમ કાર્ય.

શું સ્વર્ગ સુરતમાં ઉતર્યું ?, ના ! એ શકય નથી. પણ પૂ. આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના પ્રબળ પુણ્ય પ્રભાવે સુરત સ્વર્ગ બન્યું છે!!!

શ્રી વર્દ્ધમાન જૈન તામ્રપત્ર આગમમંદિર—ગગનચુંબી ધ્વજાદંડથી, ભવ્ય રચનાઓથી, અલૌકિક-કિંમતી કોતરણીથી, નયનાનંદકારી સુંદર સોહામણિ મૂર્તિઓથી, દૈવિક કલાકૃતિથી, હૃદયંગમ કારીગરીથી; અને અપૂર્વ પ્રતિષ્ઠાના પુનીત વિધાનોથી—આજે અનેરી રીતિએ શોભી રહ્યું છે!!!

મહિમાવન્ત-માહ માસની યાદગાર શુકલા-તૃતીયાના દિવસે પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમાવતાર શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજજીના વરદ-હસ્તે પુનીત-પ્રતિષ્ઠાનો જ્યારે વાસક્ષેપની વર્ષા વર્ષી ત્યારે માનવસાગરનો મહાન્-અપૂર્વ હર્ષ જય જયકારનું રૂપ ધારણ કરી પ્રગટ થતો હતો ! આ માનવમેદનીના મુખોમાંથી જય જયકારના લાખ્ખો પુષ્પો એક સાથે સરી પડતાં હતાં જાણે પાણીથી સભર વરસતાં વાદળાં!!!

નવ મહિનાના નાજુક સમયમાં રત્નત્રયીના રસિક-પ્રતીક સમા આવા ભવ્ય મંદિરના સર્જનમાં પૂ. આગમોદ્ધારકની આજીવન અસ્ખલિત-આગમ ઉપાસનાનોજ દિવ્ય-પ્રભાવ છે. આવી પદાર્થપ્રાપ્તિની વિષમ પરિસ્થિતિમાં દૂર દૂરના દેશ-પ્રદેશથી દર્શનાર્થે આવતા દશ દશ હજાર સ્વામિ ભાઇઓની સાધર્મિકભક્તિ કરવી એ સુંદર-સર્વોત્તમ કાર્ય સુરતના શ્રી જૈન સંઘ માટે હૈયાના હર્ષથી પ્રશંસવા લાયક એક અપૂર્વ પ્રસંગ છે!!!

લાખ્ખો રૂપીયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલા આ શ્રી વર્દ્ધમાન તામ્રપત્ર જૈન આગમ મંદિરમાં તન-મન અને ધનથી અપૂર્વ-સેવા આપનારા-દાનવીર નરરત્ન-શાસન રસિકોની શાસનભક્તિ આજે જૈન આલમમાં શતશત મુખે વખણાઇ રહી છે. ધન્ય છે એ પ્રબુદ્ધ પ્રભાવિ-શાસનાધિપતિ-અંતિમ તીર્થંકર શ્રી વર્દ્ધમાનવિભૂનો મૂર્તિને !

ચિત્તાકર્ષક મનોરમ મૂર્તિના દિવ્યદર્શનથી અને નિર્મળ હર્ષાશ્રુજલથી આંખના આવેલા મોતીઆ પણ વિલય પામ્યા છે!!

હજારો વર્ષના વાણાં વીતી ગયા પછી,

(વધુ માટે જુઓ પેજ ૧૨૬)

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ—પૂ. આગમોદ્ધારક-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

સ્થળઃ—શ્રી નાગજી ભુધરની પોળનો ઉપાશ્રય, મુ. અમદાવાદ.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૦ ના ચાતુર્માસમાં સુરત બંદરે આપેલ શ્રી ધર્મ રત્ન પ્રકરણની દેશનાનો સારભૂત સંચય શ્રી હેમસાગરજીએ કરેલો છે, અને વાંચકો વિવેક પૂર્વક વાંચી શકે તે હેતુથી પૂ. પંન્યાસ-પ્રવરશ્રી-ચન્દ્રસાગરજી ગણીન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે, છતાં પૂ. દેશનાકારના આશય-વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર અમો ક્ષમા યાચીએ છીએ.

[લિ. તંત્રી]

દેશનાના દિવ્ય અવતરણો.

૧. સત્તર પાપસ્થાનકો જવાં સહેલ છે, પણ વિજ્ઞાનભૂમિનું સ્પર્શન થવું મુશ્કેલ છે.

૨. સત્તર પાપસ્થાનકો નહિં છોડવા છતાં આરાધક દશાની પ્રાપ્તિ.

૩. વિજ્ઞાનભૂમિકાની પ્રાપ્તિમાં સમ્યકત્વનું આસ્વાદન.

૪. તપસ્વિઓને આશ્રવ રોકાણની અનિવાર્ય જરૂર.

૫. આશ્રવના રોકાણ સાથે સંવર-નિર્જરાનું પોષણ કરવું જરૂરી છે.

૬. કાયાની ઉપાસનામાં જન્મનું દુકાળીઆપણું.

૭. તીવ્ર તપશ્ચર્યા અને વિજ્ઞાનભૂમિના સ્પર્શન વચ્ચે જમીન-આભ જેટલું અંતર.

૮. જુઠ્ઠા પાડવાની જહેમતમાં અંધ-મતાની પરાકાષ્ઠા.

૯. કહેવાતા શિષ્ય ગોશાળાની બદ દાનત અને અંતિમ જીવન સુધારણા.

૧૦. પચાસ વર્ષના મોહ, મમત્વને છોડનારા ગણધરો.

૧૧. વિજ્ઞાનભૂમિના સદ્‌ભાવમાં સમ્યકત્વ અને અભાવમાં મિથ્યાત્વ.

સત્તર પાપસ્થાનકવાળો પણ આરાધક.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાન્તિચન્દ્ર સૂરીશ્વર મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મરત્ન પ્રકરણ કરતાં થકાં. ધર્મરત્નને લાયક ૨૧ ગુણ, તેનું સ્વરૂપ. દ્રષ્ટાંતો આગળ જણાવી ગયા. તે જણાવવાથી દરેક શ્રોતાને શ્રવણ અને જ્ઞાન એ બે ભૂમિકાની પ્રાપ્તિ સહેજથી થઈ ગઇ હોય છે. ઇતર જાતિની અપેક્ષાએ પોતાની પૂર્વ અપેક્ષાએ એ બે ભૂમિકા મળવી પણ મુશ્કેલ હતી. પણ અત્યારે

(૧૨૫ પેજથી ચાલુ)

વર્તમાન સમયમાં પૂ. આગમોદ્ધારક-આગમાવતાર શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજજીના પવિત્ર-પ્રયાસથી જૈનશાસનના જીવન સ્વરૂપ અમૂલ્ય આગમો શિલાઓ અને તામ્રપત્રો ઉપર આરૂઢ થાય છે, એ મહાકાર્ય જૈન સંસ્કૃતિ માટે અને જૈન સમાજ માટે એક અપૂર્વ ગૌરવનું દિવ્ય-હર્ષનું અને પુનીત પ્રશંસાનું અદ્વિતીય શ્રેષ્ઠતમ કાર્ય છે.

લેઃ—ચિત્રભાનુ.

જે સંજ્ઞી પંચેદ્રિંય મનુષ્ય પણું. પ્રાપ્ત થઇ ગયું છે. તે અપેક્ષાએ શ્રવણ જ્ઞાન બે પ્રાપ્ત થવી મુશ્કેલ ન હતી. તે માટે તીવ્ર પ્રયત્નની અગર મધ્યમ પ્રયત્નની પણ જરૂર ન હતી. જૈન કૂળમાં જન્મેલો હોવાથી સ્હેજે જૈન શાસ્ત્રની વાત સમજી શકે છે. સ્હેજે ગુરૂનો યોગ થાય. અને તેથી જીવને તે ગુરૂ ધર્મનોજ ઉપદેશ આપે છે. તેથી ધર્મ સંબંધી શ્રવણ અને જ્ઞાનનો ઉપદેશ મળે. તેથી તે બે શ્રવણ જ્ઞાન ભૂમિકા સ્હેજે મળી જાય છે, પણ ત્રીજી ભૂમિકાનો ખરેખર પ્રયત્ન કરવાનો બાકી છે. ત્રીજી વિજ્ઞાન ભૂમિકા એટલે શું ? એ આવી જાય તો સત્તરે પાપસ્થાનક ચાલુ હોય તો તે આરાધક થઇ જાય છે. વિજ્ઞાન ન આવ્યું હોય તો ૧૭ પાપસ્થાનક બંધ કર્યા હોય, તે પાપ-સ્થાનકમાં ન પ્રવર્તતો હોય તો પણ વિરાધક ગણાય છે. વિજ્ઞાન ભૂમિકાનું સ્વરૂપ કહેવા પહેલાં વિજ્ઞાન ભૂમિકાની જરૂરી મગજમાં લેવાની છે. ૧૭ પાપસ્થાનકમાં એક પણ ન છોડયું હોય તો પણ તે આરાધક, અને વિજ્ઞાન પ્રાપ્ત ન થયું તો ૧૭ છોડયા હોય તો પણ તે વિરાધક. આ વાત સમજવા માટે શાસ્ત્રીય હકીકત લક્ષ્યમાં લેવાની જરૂર છે. અવિરતિ સમકીતિ ચોથે ગુણઠાણે રહેલો છે. એક મિથ્યાત્વને છોડીને બેઠો છે, અને બાકીના ૧૭ પાપસ્થાનકમાંથી એક પણ પાપસ્થાનક તેણે છોડયું નથી છતાં તે આરાધક કે વિરાધક ? તો કહે છે કે આરાધક. ગોશાળાને જમાલી અથવા અંત્ય પ્રદેશવાદી કે ગોષ્ઠા માહિલ પાંચ મહાવ્રત ધારી તીવ્ર તપસ્યાવાળા છતાં પણ વિરાધક શાથી ? કહો કે વિજ્ઞાનભૂમિનો અભાવ, વિજ્ઞાન ભૂમિકા આવી એટલે સમ્ય-કત્વ અવ્યું. તેને ૧૭ પાપસ્થાનક ન છુટયા હોય તો પણ આરાધકપણું છે. ગોશાળા જમાલી સરખાને ૧૭ પાપસ્થાનક બંધ થયા હોય છતાં પણ વિજ્ઞાનભૂમિકા ન મળી હોવાથી તે વિરાધક છે.

જન્મારાનો દુકાળીઓ.

જે માટે શાસ્ત્રકાર કહે છે કે. "मासे मासे०" ઇત્યાદિ જે વિજ્ઞાન ભૂમિકા વગરનો જીવ. મહિના મહિનાના ઉપવાસ કરે, એટલુંજ નહિં પણ પણ આપણે એક ઉપવાસ કરીએ, અને અંતર વાયણેને પારણે ધમાલ કરી મૂકીએ. નિર્જરા માટે ઉપવાસ કર્યો હતો, અને જેટલા ક્ષણ જાય છે તે નિર્જરામય છે. કર્મ બંધનથી બચવા માટે તપસ્યા કરી હતી અત્યારે જે ક્ષણ જાય છે તે બંધ નથી બચવામાં જાય છે. આશ્રવના રોકાણ માટે તપસ્યા કરી હતી. અત્યારે ક્ષણ જાય છે તે આશ્રવના રોકાણમાં વૃદ્ધિ છે. આ ધારણા તપસ્યા કરતી વખતે કેટલી રાખીએ છીએ ? પારણે આ ધારણા રહેવી જોઈએ તે કેટલી રહે છે ? નિર્જરા, સંવર, આશ્રવ રોકાવાનું લક્ષ્ય ભૂલી જવાય છે. જ્યારે એક એક ઉપવાસમાં ભૂલી જવાયતો અઠવાડીયા પખ-વાડીયાના હોય તો શું થાય ? પણ વાયુને અંગે શેક કરાય છે. ચામડી ગરમ લાઇ જેવી થઇ જાય છે. પગ જો તે વખતે હવા લેવા બેસે તો શું થાય ? વાયુની શાંતિ માટે શેક કર્યો ગરમાવો થયો અને જો હવા લેવા બેસે તો શેક કર્યા પછી લીધેલા હવામાં સાંજેજ સાંધા દુઃખવા માંડે છે. વાયુની દવા કર્યા ઉપર હવા અસર જલ્દી કરે છે. તેવી રીતે આપણે નિર્જ-રાની, સંવર પોષણની, આશ્રવ રોકાણની દવા કરી તે વખતે આશ્રવ અને બંધમાં ભુસકો

મારીએ છીએ તો આપણી વલે શી થાય? આ પોતાના આત્માને સમજાવવા માટે કહું છું. નાગાની નાગાઇ પોષવા માટે કહેતો નથી. તપસ્યા નહીં કરવાવાળાને બોલવા માટે કહેતો નથી. આ મારૂં કથન તમે જે ઉદ્દેશથી તપસ્યા કરી છે તે ઉદ્દેશને પકડી રાખવા માટે કહું છું. આ પુદ્ગલને કેવી રીતે મેં રાખ્યું છે કે મારી નિર્જરા આગળ વધવા દેતું નથી. જે આશ્રવને રોકું છું તે થાય તોજ કલ્યાણ પંથ આ લાડકડો લાડી-લારે લાગી છે તેને લાડ લડાવ્યા છે તે નડે છે. લાડકડી લાડીને લાડ લડાવ્યા ન હતે તો અત્યારે નિર્જરા સંવર કરવામાં આશ્રવ રોકવામાં કેટલી મદદગાર થાત? આ વિચાર કરી પોરસી નોકારશી કરો તો લાભ ટકી રહે પણ તે ન કરતાં જન્મારાનો દુકાળીયો છું. આ કાયાની હઠને લીધે જન્મના દુકાળીયાની સ્થીતિમાં આવીએ છીએ.

વિજ્ઞાનભૂમિની વિશિષ્ટતા,

જ્યારે આપણે સમજવાવાળા નિર્જરા સંવરમાં લાભ માનનારા, અને ઇંદ્રિયનો આશ્રવ તથા કષાય કર્મ બંધ સમજનારા પણ કાયારૂપ ઝુંપડો સળગવા માંડે છે તે વખતે બધી સાન અને ભાન ભુલી જઇએ છીએ. નિર્જરા સંવરનું પોષણ, આશ્રવનું રોકાણ તે કેશવટો ભોગવે છે તો જેઓ મહિનાના નિયમીત ઉપવાસ, તમને પારણે રાબડો ને મગ ન મલ્યા હોય તો મગજની ટેમ્પરેચર બગડે છે અને બોછાશ લાગે છે. અહીં ડાભની અણી ઉપર જેટલું ટકી શકે તેટલુંજ મહિનાના ઉપવાસના પારણે માત્ર એક વખત ખાય. વિચારો અને પ્રવર્તનની અપેક્ષાએ આપણી સ્થીતિ કરતાં તેની સ્થીતિ કેટલી ચડીઆતી થઈ ગઈ? એક વખત તે પણ ડાભની અણી પર રહે તેટલું ખાવું પાછા બીજે દહાડેથી મહિનાના ઉપવાસ કરે છે. શાસ્ત્રકાર આ વાત જણાવીને વિજ્ઞાન ભૂમિકાની કિંમત કેવી આંકે છે? તે માલમ પડશે. આવી તપસ્યા કરી, અને આવી રીતે પારણું કરે તેવાને વિજ્ઞાન ભૂમિકા જે સંપૂર્ણ પૂર્ણિમાના ચંદ્ર સ્વરૂપે ખુલ્લેલી છે. તેવી ભૂમિકાનો ૧૬મો ભાગ પણ તેને પામવા લાયક નથી. કેાણ? મહિના મહિનાના ઉપવાસ કરી પારણે ડાભની અણી ઉપર રહે તેટલું ખાનારો તેવો તપસ્વી. ઘરબાર છોડી નિકળી ગયો તે વિજ્ઞાન ભૂમિકા રૂપ ચંદ્રનો ૧૬મો ભાગ પણ પામવાને લાયક નથી અને પામી શકતો પણ પણ નથી. આ વિચારશો તો નિશ્ચય થશે કે વિજ્ઞાન ભૂમિકા જેવી જરૂરી ચીજ બીજી કોઇ દુનીયામાં નથી. વિજ્ઞાન ભૂમિકા પામ્યા છતાં ગૃહસ્થ અવિરતિ છતાં આરાધક. લગીર ઊંડા ઉતરો તો દુર્લભ બોધિ, અનંત સંસારી, દેવ-ગુરૂ-સાધુ-તીર્થંકરના ઘાતક તેઓ પણ વિજ્ઞાન ભૂમિકાના પ્રતાપે ઉંચી કોટીમાં આવ્યા.

જુઠ્ઠા પાડવાની જહેમત.

ગોશાળો તેણે શું નથી કર્યું? મહાવીર મહારાજ પાસે શિષ્ય તરીકે રહેતાં છતાં ઢાનત કઇ? મહાવીર મહારાજને જુઠ્ઠા પાડવા, અને નાક કાપીને અપશુકન કરે તેમ પોતાનું બગાડીને પણ મહાવીરને જુઠ્ઠા પાડવા એ અધમતાની કોટિ કઇ? ગોશાળાએ પોતે પ્રશ્ન ઉઠાવ્યો. મહાવીર મહારાજને મૌનપણું છતાં અભિગ્રહ છતાં 'ક્ષુભ્યતુ દુર્જનઃ' એ ન્યાયે સજ્જનને સંતોષ કરવા કરતાં પ્રથમ દુર્જનને સંતોષ કરવો. સજ્જન અસંતોષમાં આવ્યો હશે તો દેખશે અને કહેશે કે મારામાં લાયકાત નથી,

ભાગ્ય નથી. આવા વિચારો કરી સજ્જન પોતાનું બગાડવાનો નથી. તો બીજાનું તો બગાડેજ શાનો ? પણ દુર્જનને અસંતોષનું કારણ આપો તો તે સ્વ-પર બન્નેને બગાડવાનું કારણ બને. શ્રી મહાવીર ભગવાને ઉત્તર દીધો કે આ કુલના જીવો એકજ શીંગમાં તલપણે થશે. ગોશાળાને હવે સાત પુલના જીવો તલપણે આવે તો શું અને ન આવે તો પણ શું ? ગોશાળા સરખાના મનમાં ખાત્રી થઇ કે જરૂર આ જીવો તલપણે થવાના છે. કેમ ? એ ખાત્રી ન થઈ હોય તો એ છોડવાને ઉખેડી નાંખવાની જરૂર રહેત નહિં. હવે જુઠું પાડવા જેનું ધ્યેય થાય તે કઇ સ્થીતિનો જીવ કહેવાય ? એક બાજુ ખાત્રી થાય છે છતાં આ કહે છે એમ કુલના જીવ તલરૂપે થવાના છે. પણ હવે તેને જુઠ્ઠો કેમ પાડું ? વિચારજો ! આ ગોશાળાની શિષ્યપણાની સ્થીતિ. હજુ સર્વજ્ઞપણે થવાની સ્થીતિ આગળ છે. શીંગમાં સડેલા આમ હોય. પોતે મહાવીર મહારાજને પુછ્યું છે, અને ભગવાને ફરમાવ્યું કે સાત જીવો તલની શીંગમાં થવાના. આ સાચું લાગ્યું પણ એ સત્યવાદી છતાં જુઠો કેમ ઠરે ? તે માટે નાક કાપું પણ અપશુકન કરૂં એવા દુર્જન હોય તેવી રીતે ગોશાળાએ સાધુપણાની અભયદાનની સ્થીતિ કોરાણે મૂકી. છોડવાને ઉખેડી નાખ્યો. કયા મુદ્દાથી છોડવો ઉખેડયો ? મહાવીર મહારાજ સત્યવાદી ન રહો ને કોઇપણ પ્રકારે મૃષાવાદી ઠરો. તીર્થંકર સરખા મહાપુરૂષને સત્યવાદી તરીકે જાણ્યા છે તેવાને જુઠ્ઠા ઠરાવવા માટે આવા અપકૃત્યમાં પ્રવર્ત્યો. અતીશાયિ પુરૂષ ધારીને જોડે રહ્યા છે, પ્રતીતિ થઇ છે, અને સત્યવાદી થઇ જશે; માટે આવી સમૃદ્ધિ જ્ઞાન ધ્યાનમાં છે. એમ સમજે છે છતાં એ મૃષાવાદી ઠરો એ કયારે હોય ? સત્યવાદીના એક્કા ન હોત તો, જુઠા ઠરાવવા મથતે નહિં. તે વખતના જગતમાં સત્યવાદીમાં એટલે છદ્મસ્થપણામાં પણ સત્યવાદીપણામાં એક્કા છે. હજુ કેવળીપણાની વરસોની વાર છે. સત્યવાદીપણાની એક્કાની છાપ ભુંસવી એ જેની ધારણા છે, તે એમને એમ ન ભુંસાય તે માટે જુઠ્ઠા પાડવા જહેમત ઉઠાવે છે.

અધમતાની ઉચ્ચ કક્ષા.

અચ્છેદકને કૂટ નિમિત્ત પૂછવા દે છે. એક હાથમાં ધારદાર તલવાર ને એક હાથમાં તણખલું છે. એક હાથમાં કીડી હોય અને પ્રશ્ન કરે કે જીવશે કે મરશે ? દાનત કઇ ? જો જીવશે કહે તો ચગદી ઘાલીશ. મરશે કહેતો સાચવીને મેલી દઇશ. આવો અચ્છેદકનો કૂટ પ્રશ્ન છે, તેમ ગોશાળે પણ કઇ સ્થીતિ કરી છે કૂટ કર્ત્તવ્યની. જાણી જોઇને સત્યવાદીને અયોગ્ય રીતિએ મૃષાવાદી ઠરાવી દેવો, આ દાનતે ઝાડ તલનો છોડવો ઉખેડયો. સાધુપણાની લાઇનમાં વનસ્પતિ કાયરૂપ છોડવો ઉખેડવા તૈયાર થયો તે માત્ર મહાંવીરને ખોટા પાડવા માટે. વિચારજો કે અધમતાનો છેડો કયાં સુધી ? તેમ આગળ જેઓએ તેને જો લેશ્યાના ઉપદ્રવથી બચાવ્યો છે. બીજો હોય તો ધાર્મિક દ્રષ્ટિ દૂર રહી પણ દુનિયાદારીના હિસાબે જીવિત દાતા તરીકે જીંદગીભર ગુલામ રહે તો ઉપકારનો બદલો વળેજ નહિં. તેમાં એ વસ્તુ સિદ્ધ થઇને પ્રતીતિ થઇ, અર્થાત્ જેણે તે જો લેશ્યાનો ઉપાય કહ્યો છે, અને તે તે જો લેશ્યા સાધીને સિદ્ધ થઇ. ભગવાન મહાવીર હોય નહિં ને હું બચું નહિં. એક બાજુ ગુરૂ, એક બાજુ સત્યવાદી,

અને એક બાજુ જીવિત દાતા છે. છતાં સામા વડીયા પણાની સ્થીતિ એ કેટલી અધમતા હશે ત્યારે થઇ હશે? તેમાં પણ એમના (પ્રભુ મહાવીરના) પક્ષમાં બોલે એટલા માત્રમાં બે સાધુને બાળી નાખ્યા. સર્વાનુભૂતિ સુનક્ષત્રને શાથી નાખ્યા? ગોશાળા સાથે તેમને સીધો સંબંધ નથી. જીવિતદાતાના પક્ષનું બોલ્યા. અર્થાત્ ગુરૂ મહારાજના પક્ષનું બોલ્યા તેથી બાળી નાંખ્યા. જેને પ્રત્યનીકતાને લીધે તે જે લેશ્યાથી સાફ કરી નાંખ્યા. સર્વજ્ઞના પક્ષને સર્વજ્ઞના ગુણોને, સર્વજ્ઞના મહિમાને સાફ કરવા મથ્યો. એટલું જ નહિં પણ ખુદ સર્વજ્ઞ ઉપર તે જે લેશ્યા ફેંકીને ઘાતકીપણે ક્રૂરપણે મારી નાંખવાની તૈયારી કરી, માટે તેના ઘાતકી પણાનો વિચાર કરો. આ ગોશાળાની અધમતાથી ઉચ્ચ કથાને વિચારો.

વિજ્ઞાનભૂમિનો સદ્‌ભાવ અને અભાવ.

આવી અધમતાની હદે ગએલો ગોશાળો વિજ્ઞાન ભૂમિકાના પ્રતાપે એકડો કરી જાય છે, અર્થાત્ શાસનમાન્ય સ્થિતિ પ્રાપ્ત થાય છે છેવટે મરવાની અણીમાં કબુલ કરીને પામવા લાયકની સ્થિતિ પામી લે છે. ભગવાનના પ્રરૂપેલા પદાર્થ અને શાસન સિદ્ધાંતો સાચા છે, અને હું જુઠો છું. મારી મટ્ટી એટલે મડદાની બરાબી કરજો. મરતી વખતે પોતાની મટ્ટી બરાબ કરવાનો ઓર્ડર આપ્યો છે. આપણે એક વસ્તુ દશ વીસ વરસથી કરતા હોઇએ. પણ શાસ્ત્રમાં કંઈ ફેરફાર દેખ્યું તો ફેરવતાં કેટલો વિચાર કરીએ છીએ, અને પછી કરતા હોઇએ તે સાબીત કરવા કેટલો પ્રયત્ન કરીએ છીએ. મનમાં ભૂલ્યાનો પસ્તાવો થતો નથી, અને ઓઘે જીનેશ્વર દેવની માન્યતા છે. હું કંઇ દ્રષ્ટિમાં જઉં છું તે વિચારો. જે વસ્તુ ૬૦ વરસ સુધી સારી માની કરી. ૬૧ મે વર્ષે માલમ પડી કે સારી નહિં તો ત્યાં ધક્કો કેટલો વાગે છે? હું કહું છું ભગવાન ગૌતમ સ્વામીને ૫૦ વરસે મિથ્યાત્વ છોડવું પડયું તે સહેલું પડયું. આપણને પાંચ વરસનો માનેલો મત તે ફેરવવો મુશ્કેલ પડે છે. મત માનનારા જાણે કે આ વાત બરી છે, આમાં દોકડો કે પૈસાર બોલીએ એવું નથી; તેવી વાતમાં ગૌતમ સ્વામીના મિથ્યાત્વ કરતા આપણી હાલત કેવી થાય છે તે વિચારો. નિંદકોના મોંઢે વાત ચાલી કે જેને નિમીત્તે આરંભ થાય તે દુર્ગતિએ જાય. કરનાર અને અનુમોદનાર પણ દુર્ગતિએ જાય. ભગવાનના નિમિત્તે સમોસરણ થાય તો પછી ભગવાનનું શું થાય? સમવસરણમાં વાયરા વનસ્પતિ પાણીના જીવની વિરાધના થાય. રાયપસેણીમાં લખ્યું છે પણ મનાય કેમ? સૂત્રમાં લખે પણ આપણે તો વિચારવું જોઇએ ને તેમ શાસ્ત્રની દરેક વાતોમાં લક્ષ્ય દેવાની જરૂર છે. તે વિચારશો તો વિજ્ઞાન ભૂમિકાની કિંમત કેટલી છે? ત્યાગ દ્રષ્ટિએ નિઃસ્પૃહપણું, નિર્મમત્વપણું આવવું કેટલું મુશ્કેલ છે? ગોશાળો નવા મતને લઇને બેઠેલો છે, અને સાથે મહાવીર મહારાજનો હરિફ બની બેઠેલો છે. પોતાના ભકતોને લઇ શરણે જાય છે. ઠુંઠીયા=અંધ ભકતો મળે છે અને કહે છે કે ઘોળામાં ધૂળ કયાં ઘાલીએ? ઘડપણને લીધે ઘોળામાં ધુળ ઘાલવા જેવું લાગે છે. મરણ વખતે ઓર્ડર કર્યો કે-હે મારા ભકતો! હું તમોને નહીં રૂચતું કહીશ, તોપણ મારા કહ્યાજ પ્રમાણે કરશો એવી મને ખાત્રી છે. મારા પ્રાણમાં પ્રાણ છે ત્યાં સુધી મ્હારૂં વચન નહી જ જાય કલ્પ સૂત્રમાં નાગકેતુ શા મુદ્દાએ શીખરે ચઢયા? પહેલાં હું મરૂં, મારા

દેખતા જિન મંદિરને નુકશાન થાય એ નહીં બને, મર્યા પછી ચાહે તે થાવ. ગોશાળાને ઘણા ભક્તો છતાં એ ગોશાળાની સ્થીતિ હતી, પરંતુ તેના શ્રાવકોની સ્થિતિ જુદી હું જુઠો મહાવીર મહારાજા સાચા છે. આ બે વચન કહેતા છાતી ફાટી કેમ ન જાય? આગળ દીવા જેવો હુકમ દે છે કે આ સાવત્થી નગરીમાં ૮૪ ચૌટામાં હું મરી જઉં ત્યારે મારે પગે દોરડો બાંધી કુતરાની પેઠે ઘસડજો. ૧૧ લાખનો નેતા દુનીયાની વાત પ્રમાણે આમ પોતાના ભક્તોને મરણ વખતે કહે છે. એટલુંજ નહિં પણ ભક્તોને ઓર્ડર કરે છે કે તમે ઉદ્‌ઘોષણા કરજો કે 'દુષ્ટ પાપીષ્ટ દુરાત્મા ગોશાળો જીનને ઓળવનારો, ખોટો જીન થએલો" એ ૧૧ લાખનો નેતા છતાં પોતાના સઘળા ભક્તોને આ શબ્દો સંભલાવે છે. ને જગતમાં ડીંડોમ પીટવા માટે જણાવે છે. "સાચા તીર્થંકર મહાવીર દેવની અવજ્ઞા કરનારો હું ગોશાળો છું." આમ ૮૪ ચૌટે ઉદ્‌ઘોષણા કરજો, અને મરેલા કુતરાની પેઠે ઘસડજો. વિચારો કેટલો માનસિક પવન ફર્યો હશે? બારોબર થતી પ્રશંસા તીર્થંકરની સહન કરી શકતો નહતો. પોતાની નહિં કરેલી અવજ્ઞા તેને અવજ્ઞા માનતો હતો. છેલ્લી વખતે જે ઓર્ડર કાઢે છે. વિચારો! છેલ્લી જીંદગીમાં વાયરો કેટલો ફર્યો છે? આ વિચારશો તો માલમ પડશે કે વિજ્ઞાન ભૂમિકા વખતે કેવો વાયરો વાય છે? આવી કલ્યાણની વેલડી રૂપ કલ્યાણ ભૂમિકા પ્રાપ્ત થાય ત્યારે પ્રથમના કરેલા કુકૃત્યો કયાંઇ દબાઇ જાય છે. પરિમિત સંસાર થઇ ગયો હોય તો આ વિજ્ઞાન ભૂમિકાની હવાના પ્રતાપે જમાલી વિગેરે વિજ્ઞાન ભૂમિથી ખસી ગયા અને વિરાધક બની ગયા. વિજ્ઞાન ભૂમિકામાં આવેલો ૧૭ પાપસ્થાનક સેવે તો પણ આરાધક ને વિજ્ઞાન ભૂમિકામાં નહીં આવેલો ૧૭ પાપસ્થાનકનો પરિહાર કરે તો પણ વિરાધક. આરાધકપણું ને વિરાધકપણું તે આ વિજ્ઞાન નામની ત્રીજી ભૂમિકા ઉપર તેના સદ્‌ભાવ અગર અભાવ ઉપર આધાર રાખે છે. તેથી વિજ્ઞાન ભૂમિકા પ્રાપ્ત કરવી એ ભવ્ય જીવોનું જરૂરી કર્તવ્ય છે. પણ તે વિજ્ઞાન ભૂમિકા કહેવી કોને? વળી તે ધર્મરત્નના અર્થી એવા જીવનેજ હોય છે. તેમાં મુખ્યાર્થને લક્ષ્યાર્થ-વાળાના કર્તવ્યો કેવા હોય તે અધિકાર અગ્રે વર્તમાન.

માનવંતા ગ્રાહકોને.

" પ્રથમ અંકની પ્રાપ્તિ પછી લવાજમ સમિતિને પ્રાપ્ત થયું નહિ હોય તો બીજો અંક વી. પી. થશે તે સ્વીકારવા સાદર ભલામણ છે." આ પ્રથમ અંકની જાહેરાત મુજબ ચાલુ અંકથી વી. પી શરૂ થાય છે માટે દરેક ગ્રાહકને વિનંતિ પૂર્વક સ્વીકારી લેવા ભલામણ છે.

આશા છે કે અસહ્ય મોંઘવારીના સમયમાં કાગળ-મુદ્રણ-મજુરી-પ્રેસ મેટર આદિ પાછળનું ખર્ચ વિચારતાં આ માસિકનું વાર્ષિક લવાજમ જૂજ છે, છતાં નક્કર-વાંચન સિદ્ધાન્ત દોહન સુધા સાથે નવ નવ રસવતી પૂર્વક પીરસાય છે. માટે ચાલુ વર્ષમાં ગ્રાહક રહીને માસિકની મહત્વતા વધારવા કટીબદ્ધ થશો. સાથે સાથે નવીન ગ્રાહકો વધારીને અમારા ઉત્સાહને પ્રોત્સાહન આપશો.

ચાલુ વર્ષમાં ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા ન હોય તેમણે તુરત નીચેના સરનામે લખી મોકલવું કે જેથી વી. પી. ખર્ચનું નુકસાન ધાર્મિક સંસ્થાને ન થાય.

પત્રવ્યવહારાદિ પૈસા ભરવાનાં સ્થળ—

૧. ઝવેરી પાનાચંદ રૂપચંદ
ઠે. ૨૨૪ શેખમેમણ સ્ટ્રીટ, મુંબઇ નં. ૨

૨. શા. ગુણવંતલાલ જેચંદભાઈ ઠાર
ઠે. ગોપીપુરા, ચાંદ્લાગલી મુ. સુરત.

શું શીતળદાસ ?

લે:—મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી ચિત્રભાનુ.

પાપ જ્યારે પોતાના ક્રૂર ચક્રનો એક વિકરાળ આંટો ફેરવે છે ત્યારે માનવના હૈયામાં ક્રોધ ઉત્પન્ન થાય છે અને માનવની માનવતા ક્રોધના ભેંકાર વાવાઝોડામાં શીર્ણ-વિશીર્ણ બની જાય છે.

જેમ એક ભયંકર ઝંઝાવાતથી રમણીય અને ચિત્તાકર્ષક ઉપવન બદસુરત થઇ જાય છે, જેમ એક વિરાટ ધરતીકંપથી મનોહર અને ખુબસુરત મહેલાતોથી શોભતી નગરી બિહામણાં ખંડેરમાં પલટાઇ જાય છે, તેમ ક્રોધ-દાવાનળથી હજારો બલ્કે ક્રોડો વર્ષની તપસ્યાઓ એક ક્ષણ માત્રમાં બળીને ખાખ થઈ જાય છે !

ક્રોધ સુરૂપ ચહેરાને કુરૂપ બનાવે છે ! ક્રોધ દીર્ઘકાળની પ્રીતિનો પલવારમાં નાશ કરે છે. ક્રોધ આશ્રય સ્થાનને તો બાળી ભસ્મીભૂત કરે પણ સાથે રહેતા અન્યને પણ પ્રાયઃ સળગાવી દે છે. તેથીજ તો જ્ઞાનીઓ ક્રોધને આગની ઉપમા આપે છે !

જ્યાં સુધી ક્રોધ મૂળથી નાશ ન પામે, ત્યાં સુધી માનવ માટે મુક્તિ દુર્લભ તો શું પણ અશકયજ છે. પણ કેટલાક અજ્ઞાની આત્માઓ ક્રોધના કડવા પરિણામને જાણ્યા વગર માન-પાન મેળવવા માટે બાહ્ય સમતા—શીતળતાને ધારણ કરે છે, અને અંતરમાં ક્રોધથી ધમધમતા હોય છે; પણ અવસરે ક્રોધ પોતાની ક્ષયતાનીયત પ્રગટ કર્યા વિના રહેતોજ નથી. જેમ કે—શીતળદાસ નામનો એક સંત, વસંતપુરના સુરમ્ય ઉપવનમાં ધૂણી ધકાવી જીવન વ્યતીત કરતો હતો. એની કીર્તિ, ચારે દિશાઓમાં વાયુની જેમ પ્રસરેલી હતી. એની અલૌકિક સમતાની વાત જનમુખમાં વારેવારે પ્રશંસાતી. લોકોની ધારણા એકજ હતી કે, શીતળદાસ જેવો જિતક્રોધ સાધુ એક પણ નથી !

આ લોકવાયકા સમ્યગ્દૃષ્ટિ શાન્તુભાઇના ગળે ન ઉતરી. એ પ્રજ્ઞ સારી રીતે સમજતો હતો કે—જિનશાસનના સાધુ-સંત વિના અન્ય બાવાઓ માટે આ અપૂર્વ-સિદ્ધિ શકય નથી. એમાં વળી આમ ધૂણી ધકાવી, ચલમ ફૂંકતા બાવાઓ માટે તો નહિજ. સત્યની ગવેષણા કરવા માટે, શાન્તુભાઇએ એક દિવસ સાંજે, શીતળદાસની ઝુંપડી પાસે જઇ કહ્યું:—

"शीतलदासजी ! थोडी आग है ?"

ધૂણીમાં અગ્નિ ન હોવાથી હસતા મોંઢે શીતળદાસે કહ્યું:—

" नहिजी, आग नहि है. "

ઠાવકું મોં રાખી ફરી એણે કહ્યું:—

"महेरबानी करके थोरीसी दीजीएगा."

બાવાએ જરા કડક થઈ કહ્યું:—

"भाइ ! कहते हैं कि नहि है तो जिद क्यों करते हो ?"

શાન્તુભાઈ સમજી ગયા કે હવે શીતળદાસ, ઉષ્ણદાસ થવાની તૈયારીમાં છે. એટલે એ જરા પ્રસન્નમુખે બોલ્યા:—

"अजी, दबी हूइ दीसती तो है."

આડંબર અને દંભથી છીપાવેલો ક્રોધ લાંબા કાળ સુધી ટકતો નથી. બનાવટ તે અંતે બનાવટજ છે. દંભના

વર્તુલની મર્યાદા જ્યારે પરિસ્ફોટ થાય છે ત્યારે તે પોતાનું પાશવી રૂપ પ્રગટ કરે છે. બનાવટી સોનું તેજાબ આગળ જેમ ઉઘાડું પડે છે તેમ શીતળદાસ પણ હવે ઉઘાડા પડવા લાગ્યા.

લાલ આંખ કરી કહ્યું:—

"अबे गद्धे कहींके सुनता है या नहिं. एक बार कह दीयाकि आग नहिं है तो फिर क्यों शरारत करता है?"

શાન્તુએ વિસ્મયચકિત આંખે કહ્યું:—

"बावाजी! अब धूंवेका तो गोटा नीकलने लगा है. म्हेर करके थोरी आग दे दीजीएगा."

હવે એનાથી ન સહાયું. એનો છીપેલો ક્રોધ પૂર્ણ સ્વરૂપમાં પ્રગટ થયો. ક્રોધથી ધમધમતા ચહેરે, ચિપીઓ લઇ, શીતળદાસ શાન્તુભાઇને મારવા દોડ્યો.

બાવાજીના પોલનો પરપોટો ફૂટી ગયો. ઠંભના વાદળાં ચીરાઇ ગયાં. સિંહચર્મધારી શિયાળીયું પકડાઇ ગયું. શીતળદાસ સર્વાંગ વ્યાપક ક્રોધી બની ગયો, ત્યારે શાન્તુભાઇએ કહ્યું:—

'शीतलदासजी! अब तो आग भभक उठी. आप कहते थे कि आग नहि है, तो यह आग कहांसे आइ? क्रोध वही तो आग है. जब तक आपके हृदयमें क्रोध है तब तक इस काषक्लेशसे आपको मुक्ति नहि मिलेगी. सुनीए—

काम क्रोध मद लोभकी, जब लग मनमें आश।
तब लग पण्डित मूर्खहिं, सबहिं एक समान॥"

સમ્યગ્દૃષ્ટિ શાન્તુભાઇની આ હિતકર મધુર વાણી સાંભળી, બાવાજી પોતાની ભયંકર ભૂલ સમજી ગયા. એના હૈયામાં પશ્ચાતાપની પવિત્ર ગંગા વ્હેવા લાગી. સમતાના અમૃત બિન્દુઓ વરસવા લાગ્યાં. અને એના મુખમાંથી આ શબ્દો સરી પડ્યા.

"आप मेरे गुरु हो. आपने मुझे सत्य मार्ग बताया. यदि आप न मिलते तो मेरा जन्म बीगड जाता—व्यर्थ जाता. मे शीतलदास नहि हुं लेकीन क्रोधदास हुं!"



卐 શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય. 卐

નોંધ:—આ 'શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય' નામના નાનકડા ગ્રન્થમાં આલેખન કરેલ લખાણ વાંચકોના લાભાર્થે અપાય છે. લેખકઃ-પંન્યાસ પ્રવરશ્રી ચંદ્રસાગરજી ગણીવર. તંત્રી.

[લેખાંક ૧૨ મો]

પ્રતીતિપૂર્વક ધર્મનું સેવન જેમ જેમ થતું જાય છે તેમ તેમ રૂચિ વિશેષતઃ વધતી જાય છે. રૂચિ શબ્દ પ્રિય જણાતી વસ્તુના સંબંધમાં વપરાય છે. આ વાતને શબ્દાવતાર કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી શ્રી સિદ્ધ-હેમચન્દ્રશબ્દાનુશાસનના કારક પ્રકરણમાં रुचिकृप्यर्थ० એ સૂત્રમાં સ્પષ્ટ જણાવે છે. અર્થી આત્માએ એ સૂત્રનું પરિશીલન કરવું જરૂરી છે. "रोएमि णं भंते। इणमेव निग्गंथं पावयणं" આ નિર્ગ્રંથ પ્રવચન મને રૂચે છે, અર્થાત્ આ પ્રવચન સિવાય જગતનું કોઇ દર્શન મારી રૂચિનો વિષય થતું નથી. વિશેષમાં તે નિર્ગ્રંથ પ્રવચનની નીતિ રીતિ અને નિયમ બંધારણ એવાં સુદ્દઢ છે કે જેમ જેમ તેના સહવાસમાં આવું છું તેમ તેમ પ્રવચન પ્રત્યેની મારી રૂચિમાં વધારો થતોજ જાય છે; કારણ કે નિર્ગ્રંથ પ્રવચનનો એવો પૂનિત પ્રભાવ છે કે તેના સહવાસમાં આવેલાને શાસનસેવાના નવ-નવા અભિલાષો ઉત્પન્ન થયાજ કરે છે. જઠરાગ્નિ ઉપર જામી ગયેલો મલ દૂર થવાથી જેમ સ્વાભાવિક રૂચિ ઉત્પન્ન થાય છે તેમ પૌદ્ગલિક ભાવોનો અર્થાત્ અર્થ અને કામની વાસના-ઓનો જે મલ (અનાદિકાળથી આ આત્મા ઉપર જામી ગયેલો) તે દૂર થવાથી નિર્ગ્રંથ પ્રવચનની સેવનાની રૂચિ દિનપ્રતિદિન વધતી જાય છે. વૃદ્ધિ પામતી તત્ત્વત્રયીની રૂચિનો એ અજબ ચમત્કાર છે કે તે સિવાયના સર્વ પદાર્થો ઉપરની અરૂચિમાં હર-હંમેશ વધારો થયા કરે છે.

'जिनदत्ताय रोचते धर्मः' જિનદત્તને રૂચે છે, અર્થાત્ જિનદત્તના જીવનમાં એક ધર્મજ રૂચિકર છે. ધર્મ સિવાય બીજું કાંઇપણ રૂચિકર નથી અર્થાત્ રૂચતું નથી. ધર્મ જિન-દત્તના જીવનમાં ધર્મ સેવનનો નવ-નવ અભિલાષ ઉત્પન્ન કરે છે એમ કહેવામાં, સમજવામાં કે માનવામાં કાંઇપણ વાંધો નથી.

સર્વજ્ઞકથિત ધર્મમાંજ એવી શક્તિ છે કે-જિનદત્તને ધર્મ કરવાનો અભિલાષ ઉત્પન્ન કરે છે. અને જેમ જેમ ધર્મનું સેવન કરતો જાય છે તેમ તેમ ધર્મસેવનના અભિલાષમાં વધારો થયાજ કરે છે. જ્યાંસુધી ક્ષાયિકભાવના સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી ત્યાંસુધી સમુદ્રના તરંગોની જેમ ભરતી-ઓટના તરંગોને અનુ-વવા પડે છે. એમ કરતાં કરતાં જ્યારે ક્ષાયકભાવ પ્રાપ્ત થાય ત્યારપછી અભિલાષના તરંગોનો અટપટો અનુભવ કરવાનું કાર્ય બાકી રહેતું જ નથી. રૂચિપદમાં વૃદ્ધિ પામતા આત્માને ક્ષણે ક્ષણે આત્મસાક્ષાત્કારના વાસ્તવિક અનુભવોનું સ્પર્શન થયાજ કરે છે. અંતર્મુહૂર્ત પ્રમાણ સુધી જે આત્માને આવું સ્પર્શન થયું હોય તે આત્માને ત્યારપછી અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સમય સુધી આ સંસારમાં પરિભ્રમણ કરવાનું બાકી રહેતું નથી અર્થાત્ વધારેમાં

વધારે અર્ધપુદ્ગલપરાવર્ત સુધીના સમયમાં તો તે જીવ મુક્તિપદને પામ્યા વિના રહી શકતોજ નથી.

સ્પર્શન પાલન અને અનુપાલનના પ્રસંગો–

દેવાધિદેવ-વીતરાગ, શાસન-સંચાલક ગુરૂ વર્ય અને વીતરાગ પ્રણીત ધર્મ એ ત્રણ તત્ત્વને પોતાના તારક તરીકે અને તે સિવાયના જગત ભરના સર્વ પદાર્થોને ડુબાડનાર તરીકે સ્વીકારવા-રૂપ પ્રતીતિપૂર્વકની તાત્ત્વિક રૂચિ અને તાત્ત્વિક સ્પર્શન પછી પણ માર્ગમાં કારમી કઠિનતાઓ અને મહાન્ મુશ્કેલીઓ પણ ઊભેલી હોય છે. ભગવાન્ મહાવીરના જીવને નયસારના ભવમાં તત્ત્વત્રયીની રૂચિ અને સ્પર્શન થયાં હતાં. ને સમ્યકત્વ સ્પર્શન ક્ષાયિકભાવના નહિ હોવાથી મરિચિના ભવમાં ભગવાન મહાવીરને દીક્ષાઅવસરે રૂચિ અને સ્પર્શન હોવા છતાં પાલન અવસરે 'क्वचिला इत्थं पि' ઈત્યાદિ બોલીને જીતેલી બાજી હારી જવાથી સંસારમાં ઘણું રખડવું પડયું. પ્રતીતિપૂર્વકની રૂચિ અને સ્પર્શન થયા પછી સંસારના પરિભ્રમણકાળનું નિયમન થાય છે એ વાત સાચી છે, છતાં 'જાગતાની પાડી અને ઉંઘતાનો પાડો' એ કહેવતને ચરિતાર્થ થવાનો પ્રસંગ પાલન અવસરે ખડો થાય છે.

વહેપારીને ગ્રાહકની બદમાસી અને નાણાની ભીડ નડતી ન હોય તો નફો પ્રાપ્ત કરીને ઘરભેગો કરવામાં તેને વિલંબ લાગતો નથી. વહેપારીઓ જેટલી કમાણી કરે છે તે બધી જો તેમના ઘર ભેગી થઇ શકતી હોય તો છાપરાનાં નળીયાં પણ સોનાના બનાવી શકાય. પરંતુ જ્યારે બજારમાં કાઈસીસ આવે છે, નાણાભીડ સખ્ત હોય છે, ઈજ્જતને સાચવવામાં જીવન-મરણનો સવાલ આવી પડે છે; ત્યારે તે મુશ્કેલીઓ રૂપ મહાસાગરને ઓળંગી જવાનું માન તો શાણા-સમજુ-વિચારશીલ અને પુણ્યવંત વહેપારીઓનેજ પ્રાપ્ત થાય છે. તે પ્રમાણે દેવ-ગુરૂ-ધર્મની શ્રદ્ધા-પ્રતીતિ-રૂચિ અને સ્પર્શનમાં વિઘ્ન ન આવે ત્યાંસુધી તો રાજમાર્ગની માફક જીવનગાડી પુરપાટ દોડતીજ જાય છે; પરંતુ વિઘ્ન આવતાંની સાથેજ ગાડી એકદમ અટકી જાય છે. ત્યારે વિચારશીલ ધર્મી જીવ તો માર્ગ કાઢીને જીવન ગાડીને આગળ ચલાવી શકે છે, પણ અણસમજુની ગાડી તો ઘોંચમાંજ ખુંચી જાય છે.

પીઠ અને મહાપીઠ જેવા મુનીશ્વરો પણ ગુરૂવર્યે કથન કરેલા સાચા ગુણગાનને સમજી શકયા નહિ અને અવગણના કરી મિથ્યાત્વ પામી ગયા અર્થાત્ તેમની જીવનગાડી તાત્ત્વિક પરિણામના પુનિત પાટા ઉપરથી ઉતરીને ઓ વેદને બાંધી ગઇ. અગીયાર અંગનો અભ્યાસી જમાલિ એક વિચારભેદમાં ભગવાનની સામે પડયો. કેવલીના કથનને સદ્દહી શકયો નહિ અર્થાત્ કહેવાતો જ્ઞાની અજ્ઞાની થઇ ગયો. સમ્યકત્વ પામવાં સહેલ છે પણ પાલન અવસરે ટકાવવાં મુશ્કેલ છે.

પ્રતીતિપૂર્વકની રુચિ, સ્પર્શન અને પાલન વિઘ્નના અભાવ સુધી તો નભી શકે છે પરંતુ વિઘ્નનો પ્રસંગ આવતાંજ ધમેલા સોનાને ધૂળ ભેગું કરવામાં વિલંબ લાગતો નથી. આત્માના તાત્ત્વિક પરિણામન' સ્પર્શન અને પાલન વિના વગર

સીધા નહેજ જાય છે પણ પીઠ, મહાપીઠ, મરિચિ અને જમાલિ જેવો પ્રસંગ જ્યારે આપણે માટે ખડો થાય ત્યારે આપણું શું થશે તે વિચારવાની વાંચકને ખાસ જરૂર છે.

મહાજ્ઞાનીઓ, મહાદાનેશ્વરીઓ, મહાશિયલવંતાઓ અને મહાતપસ્વીઓ આત્મિક શક્તિના વિકાસપૂર્વક આગળ વધ્યા છે અને વધે છે, વિઘ્ન વગરના વર્ષો, મહિના, દિવસો અને કલાકોમાં સુંદર આરાધના કરી છે અને કરે છે, પરંતુ વિઘ્નના વાદળોથી ઘેરાઇ જાય છે ત્યારે પુનિત પરિણામના પાટા ઉપર પુરપાટ દોડવાવાળી ધર્મમય જીવનગાડીઓ કયાં અથડાઇ ગઇ અને કયા ખાડામાં પડી ગઇ તેનો પત્તો લાગ્યો નથી અને લાગતો નથી એ આરાધકોને માટે ખાસ વિચારણીય વિષય છે!!!

અમોઘ આરાધનામાં પ્રવેશી ગયેલા આરાધકો આરાધકકક્ષામાં પહોંચી જવાને બદલે વિરાધક બનીને વિરાધનામાં ઉતરી જાય છે, આરાધકો આરાધના કરીને આરાધક બનવાને બદલે વિરાધના કરી વિરાધકો બન્યા અને બને છે; તે બધાનું મૂળ તપાસવામાં આવે તો તત્ત્વત્રયીની વાસ્તવિક શ્રદ્ધા પ્રતીતિ-રૂચિ સ્પર્શન-પાલન અને અનુપાલનના પ્રસંગોમાં સર્વજ્ઞ શાસનની નીતિ-રીતિએ ટકવું જોઇએ પણ ટકાયું નહિ તેથી આ પરિણામ આવ્યું.

અનુપમશ્રદ્ધાની હાજરી વગર કહેવાતા જ્ઞાનીઓને જ્ઞાની માનવા જૈનશાસન તૈયાર નથી. અનુપમશ્રદ્ધાની હાજરી વગર કહેવાતા જ્ઞાનીઓનું જ્ઞાન પ્રમાણભૂત ઠરતું નથી. અનુપમશ્રદ્ધાની હાજરી વગર સંયમધારીઓને સંયમનાં સાચાં ફળ મળી શકતા નથી. અનુપમ શ્રદ્ધાની હાજરી વગર ચારિત્રવૃક્ષના પુષ્પ-ફળની યથાર્થ પ્રાપ્તિ થતી નથી. તેથી જ અનુપમ શ્રદ્ધાની હાજરી આ જિંદગી સુધી જ નહિ પણ આત્મા ક્ષાયિક ભાવની શ્રદ્ધા, જ્ઞાન અને મોક્ષ ન પામે ત્યાં સુધી જરૂર છે, એમ સમજીને અનુપમશ્રદ્ધાના અદ્વિતીય વિષયને જુદી જુદી રીતિએ જુદા જુદા પ્રકરણોમાં યુક્તિ-પ્રયુક્તિસર સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. હવે અનુપમ શ્રદ્ધાપૂર્વકની સમજ આવ્યા પછી ચારિત્રના વિભાગ તરફ નજર કરીએ.

આ સ્થળે મૈત્ર્યાદિભાવ સંયુકત વિશેષણોની સાર્થકતા વિચારી ગયા. હવે તે વિશેષણ યુકત વિશેષ્ય-સર્વજ્ઞકથિત ધર્મમય અનુષ્ઠાનો શી ચીજ છે? તે ધર્મમય અનુષ્ઠાનોને ચારિત્ર સાથે શો સંબંધ છે? તે સંબંધી વિચાર કરીએ.

પૂર્વ પ્રકરણોના અનુસ્યૂત સંબંધ અને રહસ્ય

સિંહાવલોકન ન્યાયે કરીને ગ્રંથના પૂર્વાપર પ્રકરણોનું પરિશીલન કરવાથી ચર્ચેલા વિષયો સમજી શકાયા છે કે નહિ તે સ્પષ્ટ થઇ જાય છે. આ ગ્રંથની શરૂઆતમાં 'માનવ જીવનની દુર્લભતા' નામના પ્રકરણનો પ્રારંભ કરીને દુર્લભતાને નામે યથેચ્છ પ્રલાપિઓના પ્રલાપો કેવા હોય છે? પ્રલાપોના પ્રશ્નોત્તરોનો પરમાર્થ શો? તે પિછાણી ગયા. માનવ-જીવનની દુર્લભતા સ્વીકારનારને સફળ કરવાના સહકારી સંયોગોની અનિવાર્ય જરૂર છે એ પણ સમજી ગયા. તેવા સહકારિ-સંયોગો પ્રાપ્ત થયા પછી પણ તેને સફળ કરવા એ ભાગ્યશાળીઓનું પરમ કર્તવ્ય છે.

[અપૂર્ણ.]

॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર.

(ગયા અંકથી ચાલુ)

દીક્ષા પ્રાપ્તિ પછીના ઉત્તર પ્રસંગો.

દીક્ષા પ્રાપ્તિ કરવાની તૈયારીમાં યોગ્યતાના નિર્ણય માટેનો પ્રસંગ શરૂઆત કરતાં દીક્ષાર્થિની દ્રઢ રૂચિ જિનશાસન પ્રત્યે થાય તેથી ભુવનગુરૂના ગુણોનું યથાર્થ કથનાદિ કરવા માટે તેરમા પેરેગ્રાફમાં ૧૩ **દ્રઢ રૂચિવિધિ સાધન પ્રવેશાદિ** જણાવ્યા. દીક્ષાર્થિ દીક્ષિત થયા પછી તે દીક્ષાનું ભાવિફળ કેવું પ્રાપ્ત કરશે તે સારૂ ૧૪ **દીક્ષાનું ભાવિફળ પ્રદર્શન** અને ૧૫ **બહિઃ પુષ્પપાતે દીક્ષા નિષેધ** જણાવ્યો છે. છતાં યોગ્ય સ્થાને પુષ્પપાત થયેલાને દીક્ષાદાનાદિ માટે ૧૬ **દીક્ષાર્થિને સમ્યકત્વનું આરોપણ** અને ૧૭ **મર્યાદા-કથન-અનુમોદન** અને **હર્ષાવલોકનનું** સ્પષ્ટીકરણ કરાય છે. અને તે પછી સર્વસ્વ સમર્પણ કરનારનું આત્મનિવેદન ૧૫ અનુક્રમે ૧૮ **સમર્પકનું શુદ્ધ નિવેદન,** ૧૯ **ઉત્કૃષ્ટ ગુરૂભક્તિ** અને **દાન,** ૨૦ **ઉત્કૃષ્ટ દાન ધર્મસ્વરૂપ સ્વાત્માર્પણનું દિગ્દર્શન** કરાવાય છે. ભાવ સહિત સ્વાત્માર્પણ જેમ ફલદાયક છે તેવી રીતે ભાવ રહિત સ્વાત્માર્પણની કિંમત સમજાવતાં ૨૧ **ભાવ રહિત સ્વાત્માર્પણની અમોઘતાનું** પ્રતિપાદનનો પરિચય કરાવાય છે, અને તે આત્મનિવેદન રૂપ ૨૨ **ભાવાનુષ્ઠાનનું સફલ બીજ** બને છે તેથી બાવીશમા પેરગ્રાફમાં તે અધિકારનું સૂચન કરાય છે. સ્વાત્માર્પણ કરનાર અને સ્વીકારની તે પછીની (દીક્ષા પ્રાપ્તિ પછીની) જીવન ચર્યા જણાવતાં અનુક્રમે ૨૩ **પ્રયત્નવન્ત ગુરૂનો સદુપદેશ,** ૨૪ **શિષ્ય-ગુરૂના પ્રયત્નો** અર્થાત **પારસ્પરિક પ્રયત્નો,** ૨૫ **પ્રશંસનીય-પુણ્યાત્માઓ,** ૨૬ **દીક્ષિતોનું અવશ્ય-કર્તવ્ય,** ૨૭ **સમ્યગ્ દીક્ષાના નિર્ણીત ચિન્હો,** ૨૮ **સમ્યકત્વાદિ ગુણવૃદ્ધિના સફળ કારણો,** ૨૯ **સાધર્મિક પ્રીતિ વર્ધન,** ૩૦ **પ્રીતિ અને ભક્તિમાં તફાવત,** ૩૧ **બોધવૃદ્ધિ અને ગુરૂભક્તિ વર્ધન સ્વરૂપ,** ૩૨ **પરંપર ફળ રૂપ પરમ દીક્ષા,** ૩૩ **પરમ દીક્ષિતને મોક્ષનો અનુભવ,** અને અંતમાં ૩૪ **અસદ્ આગ્રહનો અંત કરનારાઓનું** સ્પષ્ટીકરણ કરીને આ પંચાશક (દ્વિતીય) પંચાશકની પરિસમાપ્તિ થાય છે.

અભિમુખ થયેલ અભ્યાસી.

જિન દીક્ષાના પૂર્વે જણાવેલ ચોત્રીશ પુનીત પેરેગ્રાફના સારાંશને વાંચનારો, વિચારનારો અને મનન પૂર્વક પરિશીલન કરીને તે રીતિએ જીવન જીવનારો શ્રાવક ધર્મ વિધિવિધાનોને અનુસરતું જીવન જીવવાને યોગ્યજ બને છે, કારણ કે સ્વયંસેવકપણાની દીક્ષામાં કથિત કરેલા

ભાવોમાં ઉત્તીર્ણ થયેલો હોય છે. આથીજ દ્રવ્ય સમ્યક્ત્વનું સેવન કરનારો પુણ્યાત્મા પણ ભાવ સમ્યક્ત્વને અનુસરતી શ્રદ્ધા-પ્રતીતિ-રૂચિમાં વધતા પરિણામવાળો થઇ-ભાવ સમ્યક્ત્વનું સ્પર્શન પાલન અને અનુપાલન કરવા જરૂર ભાગ્યશાલી થાય છે, અને આવા પુણ્યાત્માઓ પોતાના સ્મૃતિપથમાં પૂર્વે જણાવેલા શ્રાવક ધર્મ-વિધિ સંબન્ધિ સારાશના પેરેગ્રાફોને સ્થિરીકરણ કરીને ઉત્તરોત્તર મોક્ષમાર્ગની મુસાફરીમાં આગળ વધે છે, તે પણ નિઃશંક બાબત છે. સારાંશનો અભ્યાસી ત્રીજા પંચાશકનાં સારાંશ વાંચવા માટે અભિમુખ થાય તે માટે આ કથન છે.

આ [૧]માસિકના ગત વર્ષના નવમા અંકમાં પ્રથમ પંચાશકના સારાંશનો પ્રારંભ કરેલો છે. તે પહેલાં ૬-૭-૮ એ [૨]ત્રણ અંકમાં ૧૯ પંચાશકોનું ઉત્થાન, પૂર્વાપર સંબંધ, દરેક પંચાશકની પરિસમાપ્તિમાં ભવવિરહની ભવ્યતા, પ્રથમ પંચાશક પ્રારંભની સહેતુકતા આદિ પ્રકરણો વાંચવાથી, વિચારવાથી, અને મનન પૂર્વક પરિશીલન કરીને સ્મૃતિપથમાં તે સારાંશને તાજો રાખવાથી આગળના પ્રકરણોના પેરેગ્રાફોના પુનીત ભાવોથી આત્મા અપૂર્વ આનંદને વેદી શકે છે, અર્થાત્ નવનવીન સારાંશને વાંચતા-વિચારતાં ઉઠતી શંકાઓનું સહેજે નિરસન થઇ જાય છે.

[૧]ગત વર્ષના નવમા અંકથી પ્રારંભ કરેલ પ્રથમ પંચાશકનો સારાંશ ચાલુ વર્ષના બીજા અંકમાં પુરો થાય છે. સાથે સાથે બીજા પંચાશકનો પ્રારંભ પણ તે અંકમાં થાય છે. એટલે પ્રથમ પંચાશકના સારાંશને સ્મૃતિપથમાં તાજો રાખવા માટે આટલી સૂચના કરીને હવે આપણે ત્રીજા પંચાશકના પુનીત સારાંશનું આસ્વાદન કરીએ.

॥समाप्तोऽयं द्वितीय पंचाशकशास्त्र सारांशोपसंहारः॥

[૧] સિદ્ધચક્ર માસિક વર્ષ ૧૩

।।તૃતીય-પઞ્ચાશકશાસ્ત્ર સારાંશઃ।।

શાશ્વત-શાન્તિદાયક-સકલમન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજ રાજેશ્વર શ્રી સિદ્ધચક્ર મહાયન્ત્રનું હૃદયમંદિરમાં ધ્યાન ધરીને અને સકલ સમીહિત પૂરણ કરવામાં અચિન્ત્ય ચિન્તામણિ સદૃશ શ્રી શંખેશ્વરાધિપતિ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથને અત્યંત વિનમ્રભાવે સબહુમાન પુરસ્સર-સર્વસ્વ સમર્પણ કરવા સ્વરૂપ ભાવ-વન્દન નમસ્કાર કરીને ત્રીજું પંચાશક શ્રી વન્દન વિધાનક જેનું નામ છે, તેનો અત્ર સારાંશ શરૂ કરાય છે.

સામર્થ્યશાલિ-નમસ્કાર.

ત્રીજા પંચાશકના પ્રારંભમાં પણ શાસ્ત્રકાર આસન્નોપકારિ અંતિમ શ્રી વર્દ્ધમાન વિભુને ભાવથી નમસ્કાર કરીને હું વન્દનવિધાનને કહીશ એમ જણાવે છે. વાંચક! યાદ હશે કે પ્રથમ પંચાશકના પ્રારંભમાં અને દ્વિતીય પંચાશકના પ્રારંભમાં પણ ઉપકારિઓના ઉપકારનું વિસ્મરણ કર્યા વગર નમસ્કાર કરવાનું ભૂલતાજ નથી. **અનેક વિધ ગહન ગ્રંથોનું ગુંથન કરનાર શાસ્ત્રવતાર શ્રીહરિભદ્રસૂરીશ્વરજી 'નમિઊણ વદ્ધમાણં' એ પદદ્વારા ઈષ્ટદેવને નમસ્કાર કરીને, લઘુતા દર્શાવીને, અને માનનું મર્દન કરવા પૂર્વક અત્યંત વિનમ્ર ભાવથી ભાવિત થઇને વાંચકોને, વિચારકોને અને અભ્યાસકોને તેજ રીતિએ વર્તવા ભારપૂર્વક ભલામણ કરે છે. આરાધનાના અનેકવિધ પ્રકારોમાં નમસ્કારની કરણી શ્રેષ્ઠતમ સ્વરૂપે પ્રથમપદે બીરાજમાન છે.**

જે વૃક્ષના મૂળીઆં જમીનમાં ઊંડા ગયા નથી, દૃઢીભૂત બન્યા નથી, અને સુરક્ષિત રહ્યાંજ નથી તે મૂળીઆં ખાતર-પાણી-હવા-વંટોળીઆદિ ઝીલવાને અશકત બને છે; એટલુંજ નહિ પણ તે મૂળીઆં અર્થિઓને ઈષ્ટ પર્ણ-પુષ્પ કે ફળ દઈ શકતાંજ નથી. તેવીજ રીતે ધર્મકરણીરૂપ કલ્પવૃક્ષનું મૂળ વિનય છે. માનના મર્દન વગર વિનયધર્મના મૂળરૂપ વિનયનો આવિર્ભાવ થતોજ નથી. કદાચ થયો હોય તો તે ટકી શકતો નથી, વૃદ્ધિ પામી શકતો નથી અને ઈષ્ટ પુષ્પફલાદિને દઇ શકતોજ નથી. આથીજ શાસ્ત્રકારો, ગ્રંથકારો, ઉપદેશકો, અને વકતાઓ આરંભ કાળે ઇષ્ટ દેવાદિને માનને મર્દન કરવા પૂર્વક અત્યંત વિનમ્ર ભાવે નમસ્કારાદિ ક્રિયા કરવાનું ભૂલી જતાજ નથી. **વકતા અને શ્રોતાના મનવ જીવને નવપલ્લવિત કરનાર નમસ્કારની કરણીજ છે. કારણ કે નમસ્કાર કરનારો માનનું મર્દન કર્યા વગર પંચાંગ નમસ્કાર કરી શકતોજ નથી. પંચાંગ નમસ્કાર સાથે ભાવનાથી ભાવિત થયેલ હૃદયનો સુંદર સહકાર સધાઈ ગયેલો હોય તો એકજ નમસ્કાર સંસાર સમુદ્રથી પાર ઉતારવામાં કાર્યસાધક બને છે. સામર્થ્ય યોગને અનુસરતી નમસ્કારકરણી કરીને આ શાસનમાં કેઇક પુણ્યાત્માઓ ઘનઘાતી કર્મનો ઘાત કરીને કૈવલ્યાદિ લક્ષ્મી પામી ગયા છે. નમસ્કારનું આલોકિક અચિન્ત્ય સામર્થ્ય નિહાળીને પુણ્યાત્માઓ દેવાધિ દેવાદિ પ્રત્યે અવ-**

સરોચિત નમસ્કાર કરવાનું સર્વદા-સર્વત્ર સ્મૃતિપથમાં શાસ્ત્રકારની જેમ યાદ રાખશે એવી શાસ્ત્રકારની ચાલુ રસિક રચના પણ ભલામણ કરે છે. ગાથા ૧. પૂર્વાર્દ્ધ.

મુદ્રાની મહત્ત્વતા.

ઉત્કૃષ્ટ આદિ ત્રણ ભેદ કરીને યુકત વન્દનવિધાન છે. એ ત્રણ ભેદનાં વિવરણમાં જઘન્ય ભેદને જણાવતાં નમસ્કારની કરણી જણાવે છે. ઉત્કૃષ્ટ વન્દન અને આદિપદથી મધ્યમ વન્દન તથા જઘન્ય વન્દન લેવાનું જણાવે છે. તથા તે ઉત્કૃષ્ટ આદિ ત્રણ વન્દનોમાં કરાતી અંગવિન્યાસ રૂપ મુદ્રાઓથી વન્દનોની પરિશુદ્ધતા પ્રતિપાદન કરાય છે. **વન્દના-અવસરે પ્રસંગે પ્રસંગે કથન કરેલી મુદ્રાઓને જેઓ સાચવતા નથી તેઓ વન્દનના યથાર્થ-ફળને પામી શકતાજ નથી.** જેવી રીતે ફણીધરના વિષથી વ્યાપ્ત થયેલા માનવીને ગારૂડીઓ વિષ ઉતારણ અવસરે ઉચીત મુદ્રા કરવા પૂર્વક વિષ ઉતારવા સમર્થ થાય છે, અન્યથા નહિં જ, તેવી રીતે મન્ત્રસ્થિત પદોના પરમાર્થને નહિં જાણનાર વિષ ઉતારનારને અને વિષથી વ્યાપ્ત થયેલાને મંત્રોચ્ચારણ અવસરે બન્નેને યોગ્ય અંગોપાંગ વિન્યાસરૂપ મુદ્રાઓ સાચવીજ પડે છે, અને મુદ્રાઓના સંરક્ષણ પૂર્વક મંત્રો કાર્યસાધક બનીને જલ્દી વિષને હરણ કરવા સમર્થ નીવડે છે. સૂત્રના પરમાર્થને જાણનારા અને નહિં જાણનારાઓ વન્દન-અવસરે ઉચીત મુદ્રાઓને સાચવ્યા વગર મહા મોહરૂપ વિષધરના વિષને દૂર કરવા સમર્થ થઇ શકતા નથી. અને આથીજ ત્રણ પ્રકારના ઉત્કૃષ્ટાદિ વન્દનાના ભેદો મુદ્રાદિને સાચવવા પૂર્વક પરિશુદ્ધ બને છે; અર્થાત્ દૂષણ રહિત ફલદાયક નીવડે છે. એમ શાસ્ત્રકાર જણાવે છે. ગાથા ૧. ઉત્તરાર્દ્ધ:

ત્રિવિધવન્દના-સ્વરૂપ.

જે વન્દનમાં અલ્પપદોચ્ચારણ કરવાનું હોય અને ક્રિયા અલ્પ કરવાની હોય તેને જઘન્યા= સ્વલ્પા વન્દના કહેવાય છે. ત્રણ ભુવનના સકલ જનસમુદાયના મસ્તક વિષે ચૂડામણિ સમાન શ્રી વીર વિભુને પ્રકર્ષે કરીને નમસ્કાર કરૂં છું. અથવા 'વન્દે વીરમ્' શ્રી વીરવિભુને હું વન્દન કરૂં છું, અગર સ્તવન કરૂં છું; અર્થાત ઉપર જણાવેલ પ્રસંગોમાં નમસ્કાર કરૂં છું, વન્દન કરૂં છું કે સ્તવના કરૂં છું. આ ક્રિયાઓમાં અલ્પ પદોનો ઉચ્ચાર કરવાનો છે અને ક્રિયામાં બે હાથ-મસ્તક અગર તો પંચાંગ નમસ્કાર કરવાનો છે. આથીજ શાસ્ત્રકાર નમસ્કાર પાઠ પૂર્વકથો થતી ક્રિયાને જઘન્યા વન્દના જણાવે છે.

જઘન્ય વન્દનમાં જણાવેલું સ્વરૂપ જે વન્દનામાં નથી અને ઉત્કૃષ્ટ વન્દનામાં હવે પછી કહેવાશે તે સ્વરૂપ પણ નથી એવી વન્દનાને મધ્યમા કહેવાય છે. દંડગ=શક્રસ્તવ પૂર્વક એક સ્તુતિનું ઉચ્ચારણ શ્રી અરિહંત ભગવંત પાસે કરાય છે તે મધ્યમ-વન્દના કહેવાય છે. અર્થાત જિનમંદિરમાં જઇને વર્તમાનમાં ત્રણ ખમાસમણા પૂર્વક, ચૈત્યવંદન-શક્રસ્તવ-પ્રણિધાનાદિ પૂર્વક; અને અરિહંત ચેઇયાણંના ઉચ્ચારણ પૂર્વક એક નવકારનો કાઉસગ્ગ કરીને સ્તુતિ બોલીએ છીએ તે મધ્યમ વન્દના છે. આથીજ શાસ્ત્રકાર દણ્ડક-સ્તુતિ યુગલને મધ્યમ વન્દના જણાવે છે.

પંચવિધ અભિગમને સાચવવા, જિનમન્દિર વિષયક ૮૪ ચોરાશી આશાતનાનું વર્જન કરવું; અને ત્રણ પ્રદક્ષિણા દેવો ઇત્યાદિ શાસ્ત્રવિહિત વિધિને સાચવીને સંપૂર્ણ વન્દના કરાય છે તેને ઉત્કૃષ્ટ વન્દના કહેવાય છે. અર્થાત પાંચ દંડક= પાંચ શકસ્તવ, આઠ સ્તુતિ અને પ્રણિધાન પાઠ (જાવંતિ ચેઇઆઈં જાવંત કેવિ સાહુ જય વીયરાય) ના ઉચ્ચારપૂર્વક દેવાધિદેવને જે વન્દન કરાય છે, તેનેજ ઉત્કૃષ્ટવન્દના કહેવાય છે. આથીજ શાસ્ત્રોમાં વિધિપૂર્વક કરાતી સંપૂર્ણ વન્દનાને ઉત્કૃષ્ટવન્દના કહેવાય છે. અને તેથીજ કેટલાક આચાર્યો તો પાંચ શકસ્તવના પાઠોચ્ચારણ જે વન્દનામાં હોય તેને સંપૂર્ણ=ઉત્કૃષ્ટ વન્દના જણાવે છે. આ પ્રમાણે ત્રિવિધ વન્દના જાણવી. ગાથા ૨.

ભાવભેદથી વન્દનાની ત્રિવિધતા.

પૂર્વે જણાવેલાં વન્દનાના ત્રણ પ્રકારોથી જુદી રીતિએ એટલે પ્રકારાન્તરથી ત્રણ ભેદો અત્ર જણાવાય છે. વન્દનાના અધિકારિ જીવોને થતાં પરિણામ વિશેષથી અર્થાત ગુણસ્થાનકવર્તિ જીવોને થતાં ભાવ=પરિણામ ભેદથી પ્રમોદ સ્વરૂપનું ત્રૈવિધ્યપણું હોવાથી વન્દના ત્રણ પ્રકારની છે. અપુનર્બંધકને અવિરતિસમ્યગ્દ્રષ્ટિને, અને સર્વવિરતિધરને અનુક્રમે જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ વન્દના હોય છે. કારણ કે અપુનર્બંધક જીવોને થતો પરિણામ-વિશેષ પ્રમોદ એ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવો કરતાં જઘન્યપણે અર્થાત અલ્પપણે હોય છે. તેથી જઘન્ય વન્દના, અને અવિરતિસમ્યગ્દૃષ્ટિ જીવોને વન્દના વિષયક-થતો પરિણામ વિશેષ પ્રમોદ એ અપુનર્બંધક જીવો કરતાં વધુ અને સર્વવિરતિધર કરતાં ઓછો હોવાથી મધ્યમ-વન્દના; અને સર્વ વિરતિધરોને થતો વન્દના વિષયક પ્રમોદ પૂર્વના બંન્ને અધિકારિયો કરતાં વિશેષ હોવાથી ઉત્કૃષ્ટ વંન્દના કહેલી છે. અથવા અપુનર્બંધક આદિ ત્રણે અધિકારિઓને દ્વિતીય પદ્યમાં જણાવેલી જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ વન્દના દરેકને ત્રણ ત્રણ વન્દના જણાવેલી છે. અપુનર્બંધક જીવો સિવાયના સકૃદ્ બન્ધક-માર્ગાભિમુખ-માર્ગપતિત મિથ્યાદ્રષ્ટિ જીવોને ઉપર જણાવેલી ત્રણ વન્દનામાં એક પણ વન્દના હોતી નથી, કારણકે વન્દનાના અધિકારિપણાની યોગ્યતા તેઓમાં નથી. આ રીતિએ વન્દનાના અધિકારિ જીવોનું પ્રતિપાદન કર્યું, અને વન્દનાના અનધિકારિ જીવોનું પણ પ્રતિપાદન કર્યું ગાથા ૩.

અપુનર્બંધકની ઓળખના ચિન્હો.

અપુનર્બંધક આદિ જીવોને જઘન્યાદિ વન્દના સંભવી શકે છે, તેથી પ્રથમ અપુનર્બંધકની યોગ્યતાને પ્રતિપાદન કરે છે. તે અપુનર્બંધક અશુદ્ધ કર્મ અને તેના કારણરૂપ હિંસા-જૂઠ ચોરી આદિ પાપસ્થાનકોને અતિ અત્યંત સંક્લિષ્ટ પરિણામથી કરતો નથી, કારણકે અત્યંત-ઉત્કૃષ્ટ કોટિના મિથ્યાત્વાદિ કર્મનો ક્ષયોપશમ કરેલો હોવાથી અવસરોચિત કરવું પડે તો પ્રસંગે પ્રસંગે મન્દ પરિણામે પાપ કરે છે, પરંતુ તીવ્ર પરિણામે પાપ કરતોજ નથી. એટલુંજ નહિં પણ તે અપુનર્બંધક આત્મા અતિ ભયંકર સંસારને અર્થાત સંસારની સર્વ સાધન સામગ્રી સંયોગ પ્રત્યે આદર બહુમાન કરતોજ નથી, અને તે અપુનર્બંધક જીવ) દેવ-અતિથિ-માતા-પિતા-બ્હેન-ભાઇ

આદિ સગાં સંબન્ધિ આશ્રિત જનો પ્રત્યે દેશકાલ અવસ્થાને આશ્રિને ઉચિત સ્થિતિ અનુકૂળ મર્યાદાનું સેવન કરે છે. આ રીતિએ ક્રિયા દ્વારાએ અપુનર્બંધક આત્માને ઓળખવાનાં ચિહ્નો જણાવ્યાં. ગાથા. ૪.

સમ્યગ્દ્રષ્ટિને ઓળખવાનાં લક્ષણો.

હવે સમ્યગ્ દ્રષ્ટિ-આત્માઓને ઓળખવા માટેના ત્રણ ચિહ્નો જણાવે છે. ૧ ધર્મશાસ્ત્ર વિષયક શુશ્રૂષા, ૨. ધર્મ રાગ; અને ૩ ગુરૂ-દેવનું વૈયાવરંચ આ ત્રણ લક્ષણોથી લક્ષિત થયેલી ક્રિયાના રંગમાં રંગાએલા આત્માઓજ સમ્યગ્દ્રષ્ટિ હોઇ શકે છે, અર્થાત્ સમ્યગદ્રષ્ટિ આત્માઓમાં ઉપરના ત્રણ ચિન્હો ક્રિયા દ્વારાએ સ્પષ્ટપણે જાણી શકાય છે. ભર યુવાવસ્થા હોય, શારીરિક-આર્થિક-માનસિક સંપત્તિ સાધન-સામગ્રી સંયોગે સુખી હોય, સર્વ રાગ-રાગણીમાં ગવાતાં=ગાવા લાયક ગીત ગાન શ્રવણનો શોખીન હોય; અને તે અવસરે દેવ-દેવી દેવાંગનાઓનાં ગીતગાન ગવાતાં હોય અને શ્રવણમાં તલ્લીન બન્યો હોય, છતાં ઉપરની સર્વ સામગ્રી આદિને તરછોડીને સર્વજ્ઞ કથિત શાસ્ત્ર સાંભળવાની તીવ્ર ઇચ્છા વર્તતી હોય અને શ્રવણ કરવામાં ઉદ્યમવંત થતો હોય તો પ્રથમ શુશ્રૂષા=એટલે ધર્મ શ્રુતિ રાગથી આ સમ્યગ્દ્રષ્ટિ-આત્મા રંગાયો છે એમ સમજવું.

બીજો ધર્મરાગ=સર્વજ્ઞ કથિત કુશલ અનુષ્ઠાનોના સેવનમાં સુરાગથી રંગાઇ ગયો હોય. જેવી રીતે ભયંકર અટવી ઉતરીને આવ્યો હોય, ક્ષુધાથી પિડિત થયો હોય, જાતનો બ્રાહ્મણ હોય; અને ગામમાં પ્રવેશ કરવાની સાથે મનોહર ઘીથી ભર્યાં ઘેબર મળતાં હોય છતાં આ બધી સાધન સામગ્રી સંયોગ છોડીને પણ લીધેલાં વ્રત નિયમાદિનું સેવન કરવા ઉદ્યમવંત થાય તો તે સમ્યગ્દ્રષ્ટિ આત્મા બીજા ધર્મરાગના લિંગથી=ચિહ્નથી ચિહ્નને થયો છે એમ સમજવું.

ધર્મની પ્રાપ્તિ કરાવનાર, પ્રાપ્ત કરેલાં ધર્મનું ઉપદેશ દ્વારાએ રક્ષણ કરનાર, ડામાડોળ ચિત્તવાળાઓ ધર્મ ચિન્તામણિ રત્નને ચિત્તમાં સ્થાપન નહિ કરતાં દેખીને ઉપદેશ દ્વારાએ તેઓને સ્થિરીકરણ કરનાર ધર્માચાર્યાદિનું અને ત્રૈલોક્યનાથ દેવાધિદેવનું પોતની શક્તિનું ઉલ્લંઘન કર્યા વગર સરળ સ્વભાવે વૈયાવચ્ચ કરવું અર્થાત્ તેમાં પ્રમાદ રહિતપણે ઉદ્યમ કરનારને ત્રીજુ લિંગ આવિર્ભાવ થયેલું છે.

ત્રીજા ચિહ્નથી ચિહ્નિત થયેલ સમ્યગ્દ્રષ્ટિ હૃદયમાં એમજ ધારે છે કે "ભવ્ય પ્રાણિઓના પરમ આધાર રૂપ તે બન્નેનું (સદ્ગુરૂનું અને દેવાધિદેવનું) ઉપસ્થિત થયેલ કાર્ય તેજ મ્હારે હિતાવહ છે" એવી ધારણાપૂર્વક વિદ્યાસાધકની જેમ વૈયાવચ્ચ કરવામાં ઉદ્યમવંત હોય છે. આવો આત્મા ગુણને ગુણીને, ગણુના, સાધનને જાણનારો, શ્રદ્ધા-પ્રતીતિ રૂચિમાં ઓતપ્રોત બનેલો, અને વૈયાવચ્ચરૂપ અપ્રતિપાતિ ગુણનેજ ચિંતામણિ સમજનારો હોય છે. અર્થાત્ રાગ, દ્વેષની (સંસાર વિષયક નિબિડ રાગ દ્વેષની) નિબિડ ગાંઠને ભેદેલી તાત્ત્વિક પદાર્થ પ્રત્યે તેઓને તીવ્ર પ્રેમ હોય છે. ગાથા. ૫.

ચારિત્રવંત-જીવોની ઓળખ માટેનાં લક્ષણો.

સર્વજ્ઞભાષિત-તત્ત્વમાર્ગને અનુસરતો આચાર છે જેનો તે માર્ગાનુસારી, અર્થાત્ ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ કરેલો હોવાથી સ્વભાવથી તત્ત્વમાર્ગને અનુકૂળ પ્રવૃત્તિ-નિવૃત્તિ

(અનુકૂળમાં પ્રવૃત્તિ અને પ્રતિકૂળમાં નિવૃત્તિ) કરવામાં રસિક હોય તેને માર્ગાનુસારિ-સર્વ વિરતિધર કહેવાય છે. ઉપર જણાવેલ માર્ગાનુસારિપણાને પામેલ વિરતિધરને તત્ત્વપ્રાપ્તિ વિલંબ વગર થાય છે, કારણ કે તત્ત્વપ્રાપ્તિમાં માર્ગાનુસારિપણું એ સફળ કારણ રૂપ છે. જેવી રીતે ભયંકર અટવીમાં ભુલા પડેલા મુસાફરને ઇષ્ટ નગરની પ્રાપ્તિ યોગ્ય રસ્તાની પ્રાપ્તિ સાથે સહેલાઇથી થાય છે, તેવી રીતે આ સંસારમાં પરિભ્રમણ કરનાર ભવ્યાત્માઓને તે માર્ગાનુસારિપણાની પ્રાપ્તિ સાથે તત્ત્વપ્રાપ્તિ થાય છે, માટેજ માર્ગાનુસારિપણામાં સ્થિરતા એ તત્ત્વપ્રાપ્તિનો અમોઘ રાજમાર્ગ છે.

તત્ત્વપ્રાપ્તિ થવી અગર તો તત્ત્વ પ્રત્યે શ્રદ્ધા થવી અર્થાત્ શ્રદ્ધાળુપણાની પ્રાપ્તિ થવી એ તત્ત્વ પ્રત્યેની શત્રુતા-અરૂચિ-અણગમો-અનાદરાદિ કલેશની પરંપરાને દેશવટો દેવા જેવું છે. કારણ કે તત્ત્વ સંબંધિ શત્રુતા આદિનો વિશેષે નાશ થવાથી તે પુણ્યાત્માઓ પ્રાપ્ત કરવા લાયક મહાનિધાન-સ્વરૂપ-તત્ત્વ પ્રાપ્તિ-ટકાવ-સંરક્ષણ-વૃદ્ધિને અનુકૂળ ઉપદેશ શ્રહણ વિધિમાં પરિપૂર્ણ શ્રદ્ધાળુ-પ્રતીતિવંત અને રૂચિવર્ધક જીવન જીવનારાઓ હોય છે.

કોઇક પ્રસંગે અનાઉપયોગે એ વિરતિધરથી શાસ્ત્રથી વિરૂદ્ધ પ્રવૃત્તિ થઇ જાય અગર વિરૂદ્ધ પ્રસંગનું અનુમોદન થઇ જાય તો તેવા પ્રસંગમાં અતિચારાદિ લાગી જાય તો ભવભીરૂ ગીતાર્થ ભગવંતો ઉપદેશ દ્વારા બોધ પમાડવાને સમર્થ થાય છે તેથી તે પ્રજ્ઞાપનીય કહેવાય છે કારણ કે તે આત્માએ તેવા પ્રકારના કર્મોનો ક્ષયોપશમ કરેલો હોવાથી અને અસદ્ આગ્રહને તિલાંજલિ આપેલ હોવાથી તે જીવની અતિ કોમળ ભૂમિમાં ઉપદેશ રૂપ પુનીત પાણીને પરિણમી જતાં વારજ લાગતી નથી. પ્રાપ્ત કરવા લાયક મહાનિધિની કીંમત સમજનારા આત્માની ઉન્માર્ગ પ્રવૃત્તિને બંધ કરીને સન્માર્ગ પ્રવૃત્તિ બતાવનારાઓનો ઇસારો જેમ કાર્યસાધક બને છે તેમ આ પ્રસંગનું પરિપૂર્ણતાયે પર્યાલોચન કરનારને જરૂર પ્રજ્ઞાપનીયપણું હૃદયમાં સ્થિર થાય છે.

તેવીજ રીતે સર્વજ્ઞ ભાષિત કુશલ અનુષ્ઠાનોને મહાનિધાન સ્વરૂપ સમજવાવાળા તે ચારિત્રવન્ત જીવને ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થયેલ હોવાથી મોક્ષ માર્ગની સાધના રૂપ અનુષ્ઠાન ક્રિયાકાંડ કરવામાં પ્રમાદ રહિત પણે તત્પરતા હોય છે. આથીજ શાસ્ત્રકાર તેઓ ક્રિયા પરજ હોય છે. એમ જણાવે છે. કારણકે ચારિત્રવન્ત આત્માઓનું ચારિત્ર એ સત્ક્રિયા કરણ સ્વરૂપ હોવાથી તે તે આત્માઓ સત્ક્રિયામાં રકતજ હોય છે.

માર્ગાનુસારિપણું શ્રદ્ધાળુપણું, શ્રદ્ધા-પ્રતીતિ રૂચિમાં અતિ રસિકપણું થવાથી અને ગુરૂ પ્રત્યે આદર બહુમાન થવાથી ગંભીર આગમ ભાવોને પરિણમાવી શકે તેવી યોગ્યતાવાળું પ્રજ્ઞાપનીયપણું; અને ક્રિયારસિકપણું પ્રાપ્ત થવાથી વિશુદ્ધ અધ્યવસાયના જોરે પોતે ગુણવાન્ હોવા છતાં પરમાં રહેલા જ્ઞાનાદિ ગુણાદિનો પ્રમોદવાન્=ગુણાનુરાગી હોય. એટલુંજ નહિં પણ તે **ગુણાનુરાગી પોતાનામાં પ્રાપ્ત થયેલ યત્કિંચિત ગુણગણનો સંચય કરે છે, અને નહિં પ્રાપ્ત થયેલા ગુણોની અનુમોદના કરવા પૂર્વક તે તે ગુણ પ્રાપ્તિ માટે ઉદ્યમ કરે છે. શાસન માન્ય ગુણવાનોની નિન્દા અપભ્રાજના અનાદરથી**

અન્યને કોષ દૂર રહે છે. અને નિર્ગુણ આત્માઓની ઉપેક્ષા કરે છે. સાથે સાથે ગુણવાનો પ્રત્યે બહુમાન-આદર-પ્રશંસા સ્તવનાદિ કરી જન્મ કૃતાર્થ કરે છે, અને ઇર્ષ્યા, અદેખાઇ અને મત્સર ભાવને સર્વદા સર્વત્ર સર્વથા દેશવટો દે છે. ત્યારેજ ગુણાનુરાગિપણું સ્થિર થાય છે.

પોતાની શક્તિનું માપ કાઢીને તે વિરતિ પર શક્ય અનુષ્ઠાનમાં પ્રમાદ કરતા નથી, અને અશક્ય અનુષ્ઠાનમાં ઉદ્યમ કરવાને લેશભર લલચાતો નથીજ. આવોજ આત્મા શક્યારમ્ભ સંગત કહેવાય છે. ગાથા ૬.

આ રીતિએ ઉપર જણાવેલાં છ લક્ષણથી લક્ષિત થયેલો જીવ ચારિત્રવન્ત છે, અર્થાત્ છ લક્ષણના રહસ્યને પામેલા જીવો ચારિત્રવન્ત હોઇ શકે તેમાં શંકાને સ્થાનજ નથી.

માર્ગાનુસારિપણાની વિશિષ્ટતા.

"ચરિત્રવન્ત જીવોની ઓળખ માટેનાં લક્ષણો" એ પેરેગ્રાફમાં જણાવી ગયેલા માર્ગાનુસારિપણું, શ્રદ્ધાળુપણું, પ્રજ્ઞાપનીયપણું, ક્રિયાતત્પરપણું, ગુણરાગિપણું; અને શક્યાનુષ્ઠાનમાં યથાશક્તિ ઉદ્યમીપણું વિગેરે છ ગુણો પામેલા જીવોને ચારિત્રવન્ત જીવો કહેવાય છે. પછી ભલે તે જીવો દેશવિરતિધર હોય કે સર્વવિરતિધર હોય, અર્થાત્ દેશચારિત્રવન્ત શ્રાવકો અને સર્વચારિત્રવન્ત સાધુઓને ઉપર જણાવેલાં છ લિંગો=છ ચિહ્નો હોવાથી તેઓને ભાવચારિત્રવન્ત આત્માઓ કહેવાય છે.

શાસન માન્ય શ્રી ધર્મસંગ્રહ ગ્રંથની વૃત્તિના કર્તા ન્યાયાચાર્ય શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ તેજ ગ્રંથોના ભાવને સાડી ત્રણસો ગાથાના સ્તવનની (ગુર્જર ભાષામાં રચેલ પદ્યાત્મકરૂપ સ્તવનની) ચૌદમી ઢાલમાં ભાવસાધુનું યથાર્થ સ્વરૂપ પ્રતિપાદન કરે છે. તે સ્વરૂપ આ પ્રમાણે છે. ભાવશ્રાવકના સત્તર ગુણ ગણથી ભાવિત થયેલો આત્મા ભાવસાધુપામી શકે છે, અને તે ભાવસાધુપણું સાત સુંદર લક્ષણોથી સુશોભિત થયેલું હોય છે. ૧ માર્ગાનુસારિ ક્રિયા, ૨ નિર્વિવાદ શ્રેષ્ઠ શ્રદ્ધા, ૩ સરળ ભાવે પન્નવણિજ્જતા, ૪ પ્રમાદ રહિત પણે ક્રિયા સેવન, ૫ શક્ત્યનુસાર શક્યાનુષ્ઠાનમાં ઉદ્યમ, ૬ ગુણાનુરાગ; અને ૭ ગુરૂવર્યની આજ્ઞાનું આરાધન આ સાત લક્ષણથી લક્ષિત થયેલ આત્મા=ભાવસાધુ ભવસમુદ્રનો પાર પામી શકે છે.

માર્ગાનુસારિપણાની ક્રિયાનું પ્રતિપાદન કરતાં ન્યાયાચાર્ય શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજી સ્પષ્ટીકરણ કરવાપૂર્વક તેજ ઢાલની ચોથી-પાંચમી-છઠ્ઠી અને સાતમી ગાથા જણાવે છે. આથી આપણે પંચાશક શાસ્ત્રકારના છઠ્ઠા પદ્યની પુનીત વૃત્તિમાં શ્રી નવાંગી વૃત્તિકાર જે સ્પષ્ટીકરણ કરી ગયા છે તેથી શ્રીમદ્ ન્યાયાચાર્ય સ્પષ્ટીકરણ કરે છે.

ઢાળ ચૌદમીની ગાથાઓ ૪-૫ આ પ્રમાણે છે.

માર્ગ સમયની સ્થિતિ તથા સંવિજ્ઞ બુધની નીતિ,
એ દોઈ અનુસારે ક્રિયા, જે પાલે હો તેન લહે ભીતિ.

સાહેબજી સાચી તાહરી વાણ. ગાથા-૪

સૂત્રે ભણ્યું પણ અન્યથા, જુદું જ બહુ ગુણ જાણ,
સંવિજ્ઞ વિબુદ્ધે આચર્યું, કાંઇ દીસે હો કાલાદિ પ્રમાણ.

સાહેબજી. ગાથા. ૫.

[અપૂર્ણ.]

શ્રાવિકાઓ પુરા પ્રમાણમાં હતા. તેથી શાસન પ્રભાવના સુંદર થઇ હતી અને જૈનો તેમજ જૈનતરો આ દીક્ષાની શત શત મુખે ભૂરિ ભૂરિ પ્રશંસા કરતા હતા. ઘરના આંગણે ખાસ બંધાવેલ મંડપમાં દીક્ષા થઇ, અને નામ સ્થાપન અવસરે **પૂ. વિદુષી સાધ્વીશ્રી તિલક શ્રીજીના સુવિનેયા સાધ્વી શ્રી મૃગેન્દ્રશ્રીજીના સુવિનીત સાધ્વી શ્રી સંવેગશ્રીજીના શિષ્યા પ્રશમશ્રીજી** (પદ્માબ્હેનનું નામ) અને **સાધ્વીશ્રી પ્રશમશ્રીજીના શિષ્યા તરીકે સાધ્વીશ્રી નિર્વેદશ્રીજી** (નવલબ્હેનનું નામ) રાખવામાં આવ્યું હતું.

પદ્માબ્હેને દીક્ષા લેવા પહેલાં હમારી સંસ્થાને શ્રી સિદ્ધચક્ર માસિક ખાતે રૂા. ૨૦૧) અંકે બસોને એક સાદર સમર્પણ કર્યા છે. તેથી સમિતિ તરફથી હું તેમનો આભાર માનું છું, અને સંયમ જ્ઞાનાદિકના માર્ગે અસ્ખલિત ઉદ્યમ કરી, વડીલોની આજ્ઞામાં રહીને શાસન પ્રભાવનાના કાર્યોમાં પ્રયત્નવન્ત રહેશે એજ એક મહેચ્છા.

શાસન માન્ય પૂ. **સાધ્વીશ્રી તિલકશ્રીજી** મહારાજ પોતાના શિષ્યા-પ્રશિષ્યાદિ પરિવાર સહિત શ્રી રાજનગર મુકામે બિરાજે છે. તેઓશ્રીના **આજ્ઞાંકિત-પ્રશિષ્યા સાધ્વીશ્રી રંજનશ્રીજીએ** અને સુવિનીત શિષ્યા સાધ્વીશ્રી મનોહરશ્રીજીએ અનુક્રમે અત્ર (સુરત ચાર્તુમાસમાં) તથા માલવદેશના નાના મોટા ગામોમાં વિશેષત: ધાર્મિક પ્રચાર સારો કરેલો છે. એટલુંજ નહિં પણ **શ્રાવિકા બ્હેનોમાં સંયમાદિની અભિવૃદ્ધિ થાય તેવું પ્રોત્સાહન આપીને શાસન-સમુદાયની કીર્તિને ઉજ્વળ બનાવી છે.**

ઉપરની બધી દીક્ષાઓ મા-બાપ આદિ વડીલોની સંમતિ પૂર્વકની થઈ હતી. **સંયમરસિક આત્માઓ શાસન પ્રભાવનાની વૃદ્ધિમાં સુંદર ફાળો આપી શકે છે. ખરેખર ! જૈન શાસનની બલિહારી છે.”**

[ટાઇટલ પેજ ૧ થી ચાલુ]

પ્રસંગો-મહોત્સવો આદિ દ્રષ્ટિગોચર કે કર્ણગોચર થાય છે ત્યારે ત્યારે જૈન-જૈનેતરોના સુસ્ત પડેલાં હૃદયો પણ અનુમોદનાના અનેકવિધ કલ્લોલોથી ઉભરાઇ જાય છે.

સુરતની થયેલ પ્રતિષ્ઠાના પુનીત પ્રસંગો જેણે નયને નિહાળ્યા હશે ? અગર જેણે દેશ પરદેશમાં બેઠાં બેઠાં પણ શ્રવણ ગોચર કર્યાં હશે. તે બધાઓનાં હૃદયો ઓટ વગરની ભવ્ય ભરતીનો તરંગ સ્વરૂપ અનુમોદનાથી ઉભરાઈ ગયાં હશે ? તેમાં શંકાને સ્થાનજ નથી.

શાસન પ્રભાવનાના પુનીત પ્રસંગો વિશ્વભરના પ્રાણીઓને ધર્માભિમુખ કરવામાં લોહચુંબક જેવાં આકર્ષક છે. આથીજ અનેકાનેકના જન્મોને પાવનકારી=કલ્યાણકારિ પ્રભાવના છે !!!

સુરતને આંગણે આગમોદ્ધારક સંસ્થા

અને

તામ્રપત્ર જૈનાગમ મંદિર

આલેખનકાર:—**સુધાવર્ષી.**

સુરત શહેરની જૈન-જૈનેતર જનતા ઉપર અનહદ ઉપકાર કરેલો હોવાથી સુરતવાસિઓ શત શત મુખે બોલી શકે છે, ગૌરવ લઈ શકે છે; અને પ્રશંસીશકે છે કે એ **ગીતાર્થ સાર્વભૌમ શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી સુરતના છે.** એટલુંજ નહિ પણ એ **પ્રથમ પ્રાવચનિક પ્રથમ પ્રભાવક પુણ્યાત્મા શ્રી સાગરાનન્દસૂરીશ્વરજીનું સુરત છે.**

સિદ્ધક્ષેત્રની શાશ્વતભૂમિ ઉપર શ્રી વર્દ્ધમાન જૈનાગમ મંદિરને મૂર્તસ્વરૂપ આપવાના અનુપમ દિવસે તામ્રપત્ર જૈનાગમ મંદિર બાંધવાના મનોરથોને મૂર્તસ્વરૂપ આપવાનો અને તે શાસનપ્રભાવનાનું મહદ્ કાર્ય પણ સુરતને આંગણે કરવાનો નિર્ધાર થયો. નિર્ધારની નિર્મળ વાણી શ્રવણ કરીને **સુરત વાસિયોએ રાત દિવસ તન-મન-ધનાદિ સર્વસ્વ સમર્પણ કરીને આગમાવતાર શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીના મહદુપકારના મહાઋણમાંથી મુકત થવા ભાગ્યશાળીઓ થયા જેના યશોગાન આજે જૈન આલમ ગાઇ રહી છે.**

સુરતવાસિયોએ તેઓશ્રીના ઋણમાંથી મુકત થવા તેઓશ્રીના નામથી (આગમોદ્ધારકના નામથી) એક સંસ્થા અને આગમોની અખંડ ઉપાસનાના પુનીત પ્રતીક સ્વરૂપ તામ્રપત્ર આગમ મંદિર સુરત આંગણે બંધાવીને અમર નામ કરવાનો દ્રઢ નિશ્ચય કર્યો. તે સંસ્થાની ઉત્પત્તિ અર્થે રાખવામાં આવેલ ગુપ્ત ભંડારમાં સુરત વાસિયોએ રૂ. પોણો લાખ (૭૫ હજાર) રૂપીયાથી અધિકાધિક ભંડાર ભરી દીધો. અલ્પ સમયમાં "આગમોદ્ધારક-સંસ્થા"ની જાહેરાત સુરત વાસિયોએ કરી.

[ચાલુ]

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

P.P. Gurudev Kailassagarsuri Gyanmandir
Mahavir Jain Aradhana Kendra
Koba Gandhinagar Pin 382007

श्री सिद्धचक्र.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

भावार्थः—शाश्वत आनन्दने देनारा श्री सिद्धचक्रने नमस्कार थाओ. अने सर्व मन्त्रोने विषे आ मन्त्र अचिन्त्य-चिन्तामणिनी जेम आचरण करे छे. —**आ. बो.**

आराध्योनुं एकीकरण.

आलेखनकारः—**सुधावर्षी=पू. पंन्यासप्रवर-श्रीचन्द्रसागरजी-गणीन्द्र.**

परमेष्ठि भगवंतोना परमेष्ठिपणानुं पुनीत शिक्षण आपनार अने आराध्य भगवंतोनुं एकीकरण करनार आ आराधना छे, अने तेथीज-आश्वित-मासनी शाश्वत-आराधनानी परिसमाप्ति साथेज आराधको चैत्र-मासनी शाश्वत-आराधनानी एक सरखी अंखना पुनःनो प्रयोंज करे छे. खरेखर! आ आराधनामां ओतप्रोत थयेला आराधकोनुं जीवन विश्वभरने आशीर्वाद रूप छे, एटलुंज नहिं पण ते जीवन जैन-जनताने परमदृष्टांत रूपे अनुमोदनीय छे.

आश्विन मासनी आ आराधना करतां चैत्र मासनी आ आराधना साथे **अंतिम-शासनाधिपतिनो जन्म-कल्याणक महोत्सव,** अने **पांचक्रोड-मुनिवरोना परिवार साथे श्री पुंडरीक गणधर निर्वाण महोत्सव संकळायेलो** छे, तेथी पण आ आराधनानी विशेषता छे.

आगामिकाळे थनारी-अनंतानंत चोवीशीना अनंतानंत तीर्थंकरो, के भूतकाळमां थइ गयेली अनंतानंत चोविशीना अनंतानंत तीर्थंकरो, वर्तमान चोवीशीना चोवीश जिनेश्वरो के वर्तमान वीशीना वीश विहरमान भगवंतो; आ सघळाये तीर्थपतिओ व्यक्तिगत-नामथी, आकारथी, जीव द्रव्यथी, अवस्थाथी, क्षेत्रथी, कालथी: अने वर्णादिथी भिन्न भिन्नपणे स्मृति-पथमां पुनः पुनः दृष्टिगोचर थाय छे, छतां **एक अरिहंतपदनां**

[वधु माटे जुओ टाइटल पेज ३ जो.]

वी. सं. २४७४
वि. सं. २००४
वर्ष १४-अंक ७.

प्रकाशिका—
श्री सिद्धचक्र साहित्य प्रचारक समिति,
तन्त्रीः—पानाचंद रूपचंद झवेरी.
२५, २७, धनजीस्ट्रीट—मुंबइ.

वार्षिक लवाजम
रू. ३-०-०
छुटक नकल एकना
रू. ०—४—६

શીરપુરથી અમલનેર.

લેખકઃ—ઉત્તમચંદ જિભુભાઇ.

શીરપુર–પશ્ચિમ ખાનદેશ મધ્યે ચાલુ વર્ષના ગત–પાંચમા અંકમાં અષ્ટાહ્નિકા મહોત્સવો, અષ્ટોત્તરી સ્નાત્રો અને સાધર્મિક ભક્તિનું સંક્ષેપ વર્ણન; તથા મહા સુદ ૫ સુધીની પુનીત કાર્યવાહીઓનું અવલોકન કરીને વાંચક વર્ગ અનુમોદનાદિ કરવા ભાગ્યશાળી થયો. છે. એટલુંજ નહિં પણ ગામ–પરગામ–દેશ–દેશાવરથી **આવનાર સાધર્મિક ભાઇઓ તથા બહેનોની સાધર્મિક ભક્તિ કરીને વિદાયગીરી અવસરે રૂપૈયો શ્રીફળ આપવાનું ચાલુજ હતું એ શીરપુર વાસિઓની હાર્દિક ભક્તિનો નમુનો છે.**

માહ સુદ ૬ થી શરૂ થતાં મહા સુદ ૧૪ સુધીનો અંતિમ મહોત્સવ, અષ્ટાન્હિકા, અષ્ટોત્તરી સ્નાત્ર, પૂજાઓ–આંગી પ્રભાવના, અને સાધર્મિક ભક્તિ તથા ઘર દીઠ રૂપૈયો અને શ્રીફળની પ્રભાવના શ્રેષ્ઠિ જિભુભાઇ દીપચંદ તરફથી થઈ અને તેઓશ્રીએ આશરે રૂપૈયા ૩૫૦૦) પાંત્રીસો ઉપરાંતનો ખર્ચ કરીને પુણ્યનો સંચય કર્યો છે.

માહ વદ ૩ ના રોજ વિહારની જાહેરાત થતાં જેઠ વદ ૩ ના પ્રવેશથી લગભગ નવ મહિનાનો સુંદર લાભ શ્રી સંઘે મળીને જે લીધો તેની અનુમોદના કરતાં નવ મહિનાનો નવ નવીન આનંદની ઉર્મિઓને અનુભવતાં અને વિયોગથી ઉત્પન્ન થતાં દુઃખોને સ્મરણ કરતાં શ્રી સંઘની દરેક દરેક વ્યક્તિઓ નયનોથી અશ્રુઓને વરસાવતાં વરસાવતાં સર્વ વ્યક્તિરૂપ શ્રી સંઘ ગામના સિમાડે **પૂ. પંન્યાસ પ્રવરશ્રીજી આદિ ઠાણા સાત** સાથે આવ્યો. અંતિમ મંગળના મધુર શબ્દો શ્રવણ કરીને શાસન અને જયનાદોના ગર્જારવ કરતાં કરતાં સકળ–સંઘ સમુદાય બે વિભાગમાં વહેંચાઇ ગયો. તે અવસરે ભાગચંદ માણેકચંદ તરફથી સલાવદ મુકામે સાધર્મિક–વાત્સલ્ય થવાની જાહેરાત થઈ, અને એક વિભાગ ગામ તરફથી કૂચ કરે છતાં વિહારમાં સાથે રહેવાનું થાય તો સારૂં એ ભાવના પૂર્વક વિદાય થયો, અને બીજો વિભાગ સ્થિરતા થવાના મુકામ સુધી સાથે રહ્યો.

સવારમાં વિહાર કરીને **સલાવદ** મુકામે જવાનું થયું, અને લગભગ બસો શ્રાવક શ્રાવિકાઓ દર્શનાર્થે આવ્યા. **શ્રેષ્ઠિ ભાગચંદ માણેકચંદ** વાળાઓ તરફથી સાધર્મિક–ભક્તિ હતી. તે ઉપરાંત ગામવાળાઓની પણ અવસર ઉચિત ભક્તિ કરવાથી ગામના સર્વ લોકો જૈન શાસનની ઘણી ઘણી અનુમોદના કરવા લાગ્યા.

(અનુસંધાન ટાઇટલ પેજ ત્રીજું જુઓ.)

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૪.	ચૈત્ર-માસ.	તંત્રીઃ
અંક ૭ મો.	તા. ૧૭-૪-૪૮.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વિશ્વવન્દ્ય-શ્રીવીર-સંદેશ.

લેઃ—ચન્દ્રપ્રભસાગર ચિત્રભાનુ.

ધર્મ, રાષ્ટ્ર અને સંસ્કૃતિની પ્રગતિમાં સદા બબ્બે કદમ આગળ ફાળ ભરનાર જૈન સમાજ, આજે આટલો પાછળ કેમ પડી ગયો છે?, તે વિચારવાની તસ્દી, એના નાયકો કેમ લેતા નથી?

ઇતીહાસનાં પાનાં સાક્ષિ પૂરે છે કે, જે વિરલ અને વિરાટ કાર્યો જૈનાચાર્યો, જૈન-મહામંત્રીઓ અને સુશ્રાવકો કરી ગયા છે, તે વિરલ અને વિરાટ કાર્યો આજના માનવ માટે, આદર્શ-અહિંસાનું પ્રતીક છે!

આજનો જૈનસમાજ, તેજ **માનવમૂર્ધન્ય-શ્રી મહાવીરનો** સંતાન છે કે, જેનો પુનિત જન્મ આજથી **૨૫૪૬ વર્ષ પૂર્વે, ચૈત્ર સુદ તેરસના યાદગાર** દિને, આ પવિત્ર ભારત ભૂમિમાં થયો હતો. અને જેમણે વિશ્વમાં અહિંસા અને સમ્યક્ જ્ઞાનની મહાસરિતાઓ વ્હેતી કરી હતી, છતાં એનોજ સંતાન એવો જૈનસમાજ સ્વાર્થ અને અજ્ઞાનની અંધારી ગલીઓમાં અથડાઇ રહ્યો છે-આ કેવી દુઃખદ અને વિષમ ઘટના છે! એ અંધારી ગલીઓમાં પરિભ્રમણ કરતાં કેટલાક માનવોને એટલું ય ભાન નથી કે જૈનોની ઝળહળતી સંસ્કૃતિ, અપૂર્વ આદર્શ જેવા જિનાલયો; આજે જડવાદના તૂફાની-મહાસાગરમાં ડોલતી નૌકાની જેમ ભયગ્રસ્થ બન્યાં છે!

જે મન્દિરોના સર્જન પાછળ અઢલક્ષ સંપત્તિઓ ખર્ચાણી હતી અને જે જિનાલયોના રક્ષણ માટે સ્વાર્પણો કર્યાં હતાં; તે મન્દિરો અને જિનાલયો આજે નાપાકોના અપવિત્ર ચરણોથી અપવિત્ર બની રહ્યાં છે! પવિત્રમાં પવિત્ર ગણાતાં તીર્થ-ધામો, આજે અસંસ્કૃત માનવ રાક્ષસોના ભયંકર લોખંડી પંજાઓમાં દિન પ્રતિદિન બદ્ધ થતાં જાય છે અને પાકિસ્તાન જેવા પ્રદેશમાં તો, ભવ્ય જિનાલયોમાં આજે ઘોર ખેદ છે રહી છે, છતાં આપણે સ્વાર્થાન્ધતામાં ઘોર્યા કરીશું અને નિર્માલ્યતા દાખવીશું તો, સમયનું એંધાણ સૂચવે છેઃ-કે તમારી અપૂર્વ-સંસ્કૃતિ પર કાળનો ગાઢ અન્ધકારમય પડદો સમયની મર્યાદા માટે છવાઇ જશે!,

આ યુગમાં સ્વાર્પણ કર્યા વિના, આત્મ-ભોગ આપ્યા વિના, સ્વાર્થાન્ધતા છોડયા વિના;

અને આત્મિક બળ કેળવ્યા વિના સ્વમાન ભેર જીવી શકાય તેમ નથી અને સંસ્કૃતિનું રક્ષણ કરી શકાય તેમ નથી! આ જવલન્ત યુગમાં, વાતો શું કે વકતૃત્વ શું, ભાષણો શું કે શબ્દજાળ શું-એથી કાંઇ વળે તેમ નથી. આજનો **ક્રાન્તિકાર યુગ તો માંગે છે, વાસ્તવિક જગતના નક્કર કર્તવ્યો!**

માટે તમારા ધર્મના રક્ષણ ખાતર, તમારીજ સંસ્કૃતિની સલામતી ખાતર, તમારા તીર્થોના અસ્તિત્વ ખાતર અને તમારા સિદ્ધાન્તોની હૈયાતી ખાતર પણ જાગો!

ધર્મ, સંસ્કૃતિ, તીર્થો અને સિદ્ધાન્તો પર આપત્તિઓની કાળી વાદળી તૂટી પડે, એના પૂર્વેજ જાગ્રત બની જવું-એમાંજ દીર્ઘદર્શીનું ગૌરવ અને કલ્યાણ છે!

આમ જુઓ! સમય અને પ્રવાહ થંભ્યા નથી, થંભતા નથી અને થંભશે પણ નહિ. માટે બનતા સમયમાં સચેત અને જાગૃત બની સ્વરક્ષણ કરી લેવું, એ પ્રત્યેક સમજુ માનવની પ્રથમ ફર્જ છે. એ ફર્જમાં જે માનવી જેટલો પાછળ રહેશે, તેટલો તે માનવી, પોતાની જાતનો, રાષ્ટ્રનો અને ધર્મનો દ્રોહી ગણાશે, આવા દ્રોહને, પ્રાચીન અને અર્વાચીન ઇતીહાસ કર્ણપટને ફોડી નાંખે એવા શબ્દોમાં વ્યકત કરી રહ્યો છે, છતાં આ વાતને નહિ સાંભળવા માટે કોઇ પોતાના કાનમાં આંગળી નાંખશે, તેટલા માત્રથી કાંઈ જગત બ્હેરૂં બનનાર નથી.

બ્હેરો તો બનશે કાંનમાં આંગળી નાખનાર!

માટે, કાનના પડદાને દૂર કરી, સમય અને શ્રી વીરની હાકલ સાંભળો. અને સમય સાથે મક્કમ કદમ ભરો. તમો **શ્રીવીરનાજ** સંતાન છો. વીર બનો. ધીર બનો. **કલ્યાણકારિ શ્રી વીરના પુનિત જ-મ-કલ્યાણક દિવસે** એમના અનીર્વચનીય ગુણોને સંભાળો પ્રેરણાની બક્ષિસ મેળવી રહો. એમના સંદેશની અમૃત વર્ષા આ દાઝેલી દુનિયા પર વર્ષાવી રહો. તમારી સંસ્કૃતિ અને સિદ્ધાન્તોની રક્ષા ખાતર અમર બલિદાનોને અર્પી રહો, અને શાન્તિના ફૂવારા છોડતો શ્રી વીરનો અમર ઉપદેશ યુગયુગ જીવન્ત રહો!!! એજ એક-શુભેચ્છા!!!

પત્ર વ્યવહારાદિ કરનારાઓને.

પ્રાતઃસ્મરણીય પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના પરમ-વિનેય પન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર સાત ઠાણા સાથે અત્ર બિરાજે છે. ચૈત્ર ૫ સુધી અત્ર સ્થિરતા થશે, અને વૈશાખ સુદ ૫ સુધી આજુબાજુના બાદરપુરા પરોલા તીર્થ-આદિ ગામોમાં દર્શનાર્થે જનાર છે; પરંતુ પત્ર વ્યવહાર કરનારે પૂ. પંન્યાસ પ્રવરશ્રીજી નામથી નીચે મુજબ કરવો. ઠે. શા. રીખવચંદ હાથીચંદ કાપડ બજાર, મુ. આમલનેર. T. V. Rly. પૂર્વ ખાનદેશ.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ--પૂ. આગમોદ્ધારક-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

[નોંધઃ—વિ. સં. ૧૯૬૦ ના સુરત ચાતુર્માસમાં નેમુભાઈની વાડીના ઉપાશ્રયે પૂ. દેશનાકારે શ્રીધર્મરત્ન-પ્રકરણ ઉપર અમોઘ-દેશના આપી હતી, તેનો સારભૂત સંચય પૂ. પં. શ્રી હેમસાગરજી ગણિએ કરેલો તે તેઓશ્રી પાસેથી મેળવીને પૂ. પંન્યાસપ્રવરશ્રી-ચન્દ્રસાગરજી-ગણીન્દ્ર પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે, છતાં પૂ. દેશનાકારના આશય-વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર અમો ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. વિવેકને ખસેડનારાં પ્રભુત્વ, વૈભવ, સત્તાદિને સમજતાં શીખો.

૨. હાર્યાનો એકરાર દેવો કરે છે.

૩. મિથ્વાત્વાદિ—ચારેમાં ચકચૂર થયેલાઓની દશા વિચારો.

૪. આઠ યોજનની શીલામાં ત્રણ અક્ષર 'ભરત' લખવા જેટલી જગા નથી.

૫. વ્યભિચાર-રહિત કાર્ય-કારણ-ભાવની કિંમત.

૬. સ્વલિંગથી નિરપેક્ષ રહેનારને કેવળ-જ્ઞાનની પ્રાપ્તિ નથી.

૭. સાધુ-વેષનું સામ્રાજ્ય.

૮. સિદ્ધિનો રાજમાર્ગ.

૯. આકસ્મિક-સંયોગો એ વ્યવહારૂ નથી.

૧૦. દેહ-દમનાદિ સાથે કેવળજ્ઞાન-પ્રાપ્તિની વિચારણા.

૧૧. અન્ય લિંગે અગર ગૃહ લિંગે એક ત્યારે સ્વલિંગે સિદ્ધ થયેલા અસંખ્યા હોય છે.

૧૨. ભરત આદિના દ્રષ્ટાન્તો એ ક્રિયા-કાંડને ખસેડવાના સાધન નથી.

૧૩. ત્યાગ માર્ગ પ્રત્યે અરૂચીવાળાઓ કેવળજ્ઞાન કે મોક્ષ પામતાંજ નથી.

વિવેકને ખસેડનાર કોણ ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે શ્રી ધર્મરત્ન પ્રકરણ કરતાં થકાં જણાવે છે કે જેમ ખેડુતને અનાજ વાવવું હોય તો પ્રથમ જમીનનો સંસ્કાર કરવો જોઇએ. સામાન્ય ખેડુતોથી વાર્ધકીરત્નની કારવાઈના ભરોસે રહેવાય નહિં. ચક્રવર્તીનું વાર્ધકીરત્ન એવું તાકાતદાર હતું કે તે સવારે અનાજ વાવે ને સાંજે ઉગી જાય, તે અને અનાજ કામમાં લેવાય આ વાત સાંભળી સામાન્ય ખેડુતથી બેસી રહેવાય નહિં. આવા ચક્રવર્તીઓ અનેક થઇ ગયા છે. ચક્રવર્તીઓ દક્ષિણના ત્રણ ખંડ જીતી ઉત્તરમાં ચોથો ખંડ જીત્યા પછી આગળ પાંચમાં ખંડમાં જીત થાય ત્યારે તેઓને એવી અભિમાનની દશા થાય છે કે મારા જેવો કોઇ નથી. વિપુલ-વૈભવ, વિશાળ-વિચાર શકિત, અને વિપુલ સત્તા એ એક એક મનુષ્યને ઉન્મત્ત કરનારા છે. એકલી પ્રભૂતા, એકલી વિચાર શકિત, અને એકલો વૈભવ મળ્યો હોય તો પણ ઉન્મત થવાય, તો પછી ત્રણે મળ્યાં હોય તો પુછવું શું ? એકલી વિચાર શ્રેણિ

જબરજસ્ત હોય. એકલી વય સંપૂર્ણ બળવાળી હોય તો ઉન્મત્ત થવાય તે જગો પર તો અહીં તો ચોક આખો પુરાઇ ગયો છે. પ્રભૂતા, વૈભવ, બળ અને વિચાર શક્તિ પણ સંપૂર્ણ. આ જગો પર ચાર પદાર્થ રૂપ ચોકમાં કયું બાકી છે? એક એક વસ્તુ વિવેકને ખસેડી નાંખે.

બુદ્ધિ-બળનું સામર્થ્ય.

પ્રભુત્વને અંગે દેવતાએ બંધ કરેલી ગુફા તે ચક્ર રત્નના ઘાથી ઉઘડી નાંખે છે. દેવતાને આજ્ઞાધીન થવું પડે છે. એને કબુલ કરવું પડે છે. હું તમારી આજ્ઞાનો કિંકર છું અમુક દિશાનો રખેવાળ છતાં દેવતા કિંકર બને છે. તે જગો પર પ્રભૂતામાં શું ન્યૂન છે. દેવતાએ બંધ કરેલા કમાડો ખોલવા પડે અને ખુલ્લી જાય. વૈતાઢયના કમાડો કડકડ કરતાં ઉઘડી જાય. હવે પ્રભુત્વમાં કયું બાકી? આવી પ્રભૂતા છતાં જ્યાં દેવતાએ દરવાજા ખોલ્યા અને પસાર થવાની તૈયારીમાં જીવન મરણનો સોદો ખડો કરે તેવી વચ્ચો વચ્ચ ત્રણ ત્રણ જોજન પટવાળી નદીઓ છે. નદીઓ કેવી? ઘાસ પડે તો પણ ઊંચું આવે, અર્થાત ડૂબે નહિં. આવી ઉન્મગ્ના નદી છે, જેમાં તણખલા જેવી ચીજ નાંખવામાં આવે તો નીચે જાય નહિં. નિમ્નગામાં તણખલું નાંખો તો ડૂબી જાય એક ઉછાળવાવાળી નદી છે; અને એક ડૂબાડવાવાલી નદી છે. તે ત્રણ યોજનની નદીઓ આવે છે. તે નદીઓને પૂલ બાંધી પસાર કરે છે. તે ચક્રવર્તિના વાર્ધકી-રત્નની વિચાર શક્તિ કેટલી હોવી જોઇએ? તે પણ અંધારી ગુફામાં અને કાંગણી રત્નથી અજવાળું કરીને ત્રણ જોજન નદી ઉપર પુલ બાંધી લશ્કરને પસાર કરવું એ વિચાર શક્તિ કેવી! આવી રીતે જેનામાં પ્રભુતા સંપૂર્ણ થઇ છે, અનેવૈભવમાં નવ વિધાન તાબામાં છે. જે ગુફામાં આવેલી આવી નદીઓ જેની બુદ્ધિના બળને મુંઝવી શકતી નથી. તે ઉન્મગ્ના અને નિમ્નગ્નામાં શું થાય? ત્રણ જોજનની નદી શું ન કરે? તે છતાં ઉન્મગ્ના અને નિમગ્ના બન્નેને બુદ્ધિ બળના સામર્થ્યથી પૂલ કરી લશ્કર પાર ઉતાર્યું.

હાર્યાનો એકરાર.

આગળ જતાં જતાં અનાર્ય દેવતા ઉપદ્રવ કરે છે પણ તે ઉપદ્રવથી ધૈર્યને લગીર પણ નુકશાન થતું નથી. છાતી લગીર પણ પોચી પડતી નથી. દેવતાઈ ઉપદ્રવ તેમાં કૌટિલ્ય નીતિ પ્રમાણે વધારે ઉપદ્રવ અગ્નિનો ગણવો પણ તે નાશ્ય ચીજ છે. અગ્નિ નાશ માટે જગતમાં પાણી એ સ્વાભાવિક ચીજ છે. અગ્નિ એ પાણીથી અટકે છે. તે અગ્નિનો ઉપદ્રવ પરિમિત છે. સળગતો અને વધતો અગ્નિ હોય તો ચારે બાજુ ઝાડ કાપી નાંખે તો તે અટકી જાય છે. બાળવાનાં અને અગ્નિ વધારવાનાં સાધનો કાપવાથી અગ્નિને અંગે સત્તા ક્ષેત્રથી પરિમિત છે. અગ્નિનો ઉપદ્રવ જેટલો ખરાબ નથી, તેના કરતાં પણ ખરાબ ઉપદ્રવ પાણીનો છે. જેનું સાધન કંઇ કરી શકીએ નહિં. એ ઉપદ્રવમાં બીજો કોઈ ઉપાય નહિં, માટેજ તીવ્ર ઉપદ્રવ પાણીનો કરવો. તે ઉપદ્રવ ચક્રવર્તિ ઉપર અનાર્ય ઉઠાવે છે ત્રણ ખંડ જીતી ગુફા ઉઘાડી, નદીયો ઉતરીને આવ્યો તેના ઉપર પાણીનો છેલ્લામાં છેલ્લો ઉપદ્રવ કરિયો. ત્યાં પણ જેનું એક રૂંવાડું હાલતું નથી. મુશળ-ધારાએ સાત સાત દિવસના વરસાદ જગતનો આખો વ્યવહાર સંબંધ કપાઈ જાય છે. લાખોને કરોડોનું લશ્કર તેનો જગત સાથે વ્યવહાર

કપાઈ જાય તે જગોપર વ્યવહાર કપાય બીજી બાજુ ઉપદ્રવ રહે. છતાં તેનું રૂંવાડું ફરજતું નથી. આ ચક્રવર્તિ પુરૂષની શક્તિ ધૈર્ય સાહસ પ્રભૂતા વિચાર શક્તિવાળો યાવત્ દેવતાને પણ હતાશ કરી નાંખે છે. દેવતા થાકે છે. જે કહે છે કે એની આગળ અમારૂં ચાલે તેમ નથી. મનુષ્યનું ધૈર્ય સાહસ શક્તિ તે દેવતાને નિરૂપાય કરી નાંખે છે. જેને પોતાના ભક્તોને કહેવું પડે છે કે મારૂં કંઇ ચાલે તેવું નથી. દેવતાઓ હાર્યાનો એકરાર કરે છે. અમે હાર્યા એ જબરજસ્ત છે.

મિથ્યાત્વાદિ ચારેમાં ચક્રચૂર.

વિચાર કરી જોયો કે જેની શક્તિનો સામર્થ્યનો દ્રઢતાનો મજબુતીનો ઉપદ્રવ કરનારો દેવતા એકરાર કરે છે તેના મગજમાં રાઇ કેટલી એટઠી થાય ? દેવતાને ધૂળ ફાકતા કર્યા, તેના મગજમાં કેટલી મગરૂરી હોય ? જ્યાં આખા પાંચમા ખંડને સાધે તે વખતે એક ખંડ બાકી રહે તે પણ એક ચપટીમાં જીતે છે. એક ચપટીમાં જીતાય. આમ પાંચમા વખતે છઠ્ઠો બાકી છે. કેમકે ઋષભકૂટ પર્વત પાંચમાં ખંડમાં આવવાનો ત્યાં સાર્વભૌમ તરીકે પોતાનું નામ લખવા કેમ તૈયાર થયો છે. સમજે છે કે છઠ્ઠો ખંડ જીતવો તે તો ચપટી છે. નામોની ભીડ છે કે કોરી જગા મળતી નથી. આઠ જોજન પ્રમાણનો ઋષભકૂટ તેમાં નામ કયાં લખવું. ચક્રવર્તીના નામ એટલા ભરાઇ ગયા છે કે જેની અંદર નામ કયાં લખવું તેનો પત્તો નથી. છેવટે અભિમાની મનુષ્ય અભિમાન સફળ કરવા બીજાના માનનું મર્દન કરીને પણ તૈયાર થાય. કોઇક ચક્રવર્તીનું નામ ભુંસી નાંખે છે ત્યારે પોતાનું નામ લખો શકે. નામ લખવાની જગા નથી. તેથી પૂર્વના ચક્રવર્તીનું નામ ભુંસી નાંખીને પોતાનું નામ લખવું પડે છે. આ અપેક્ષાએ આ જગતમાં જીવો ચક્રવર્તીની સ્થીતિમાં કેટલા ? આઠ જોજન આખું ભરાઇ ગએલું જેમાં એક પણ જગા ખાલી નહિં. આટલા પરાક્રમ ધૈર્ય ધારણા બુદ્ધિ વૈભવશક્તિવાલો પ્રભુત્વવાળો પણ પોતાનું નામ લખવા માટે જગ્યા મેળવી શકતો નથી. એક એક વસ્તુ મગજને ખસેડી નાખનાર છે છતાં આને=આ ચક્રવર્તિને બધી વસ્તુ મલી છે. તે પ્રભુત્વ આદિ ચારેનો ચોક અહીં પુરાએલો છે. ત્યાં વિવેક દશા આવવી મુશ્કેલ છે, તો પછી આ જીવને પણ મિથ્યાત્વ અવિરતિ-કષાય અને યોગ આ ચારનો ચોક પુરાઇ ગયો છે. જ્યાં એક એક ચીજ ચક્કર ઉપર ચઢાવી દે તે જગો પર ચારે ચીજો એ ચક્રચુર હોય ત્યાં આપણું શું થાય તે વિચારો.

દેહ દમન અને કેવળજ્ઞાન.

એવા ચક્રવર્તીનું ચર્મરત્ન સવારે વાવે ને સાંજે બવડાવે તે સાંભલી કોઇપણ ખેડુત તે ભરોસે રહી જમીનનો સંસ્કાર ન કરે તેમ બને ખરૂં ? ના. એ તો કોઇ પુન્યાઈ વાળો અર્થાત્ તેવો પ્રભાવશાલી કોઇ નિકળે કે જેને ચર્મરત્ન મલ્યું હોય તે સવારે વાવે ને સાંજે લાવે. એવો પુણ્યવાન્ ખેતીની મહેનત કર્યા વગર આખા લશ્કર માટેનું અનાજ તૈયાર કરે. તે સાંભળીને કોઇ ખેડુત હળને તોડી નાખનાર, બળદને છોડી મેલનાર, અને કેડ છોડી દેનાર હોય તો ખેડુતને પાલવે નહિં. એવી રીતે શાસ્ત્રકારોએ જણાવ્યું છે તે ભેળાભેળી લક્ષ્યમાં લેવાનું છે. સામાયક પૌષધ ક્રિયા કરતાં કમકમાટી છુટતી હોય તેવાઓ કહે છે કે ભરત મહારાજાએ ને

વલ્કલ ચીરીએ કયા સામાયક પૈષધ કર્યા? પડિકમણા કર્યા વગર તેઓએ કેવળજ્ઞાન મેલવી લીધા છે, તો પછી અમારે શું? જવ વેચાતા શા માટે લેા છા? તેના ઉત્તરમાં લેનારે કહ્યું કે ફ્રેાગટ નથી મળતા એટલે પૈસાથી લેવા પડે છે. શ્રાવકના વ્રત ચક્રવર્તી ન ઉચ્ચરે તેથી સુંદરી શ્રેયાંસને શ્રી ઋષભદેવના પરિવારમાં ગણ્યા છે, પણ ભરતને પરિવારમાં ગણ્યા નથી. અનાજ કીંમતથી કયારે લેવું પડે છે કે મફત ન મળતું હેાય. પણ ભરત અને વલ્કચીરીના દૃષ્ટાંતે કેવળ સામાયિકાદિ કર્યા વગર પણ કેવલજ્ઞાન મળી જાય છે. જેમ સામાયિકાદિક કરતા હેા તે વખતે પુછે કે શા માટે કાયા દમેા છેા? ત્યાં તમારાથી એ ઉત્તર ન દેવાય કે તે વગર કેવળજ્ઞાનાદિ નથી મળતા. એમ નહીં કહી શકેા. કેમકે દેહ દમન વગર ભરતે અને વલ્કલ ચીરીએ કે મરૂદેવાએ દેહ દમન વગર કાયા કર્યા વગર ધર્મની આરાધના વગર કેવળ મેળવેલા છે. તેા દેહ દમન વગર પણ કેવળજ્ઞાન મલ્યા છે. કાર્ય કારણભાવ સર્વત્ર હેાવા જોઇએ, અને તેમાં વ્યભીચાર ન હેાવેા જોઇએ. દેહ દમન કેવળજ્ઞાનનું કારણ હેાય તેા કેાઈ જીવને દેહ દમન વગર કેવળ થવું ન જોઇએ. એકને પણ દેહ દમન વગર કેવળ થયું તેા દેહ દમન વગર કેવળ થયું તેા દેહ દમન એ કેવળનું કારણ રહ્યું નહિં.

ત્યાગનું અનેકાન્તિકપણું નથી.

સ્વલિંગે સિદ્ધ થયેલાઓ કરતાં અન્યલિંગે સિદ્ધેા અને ગૃહી-લિંગે સિદ્ધેા અસંખ્યાતમે ભાગે છે. સ્વલિંગે અસંખ્યાતા સિદ્ધ થાય ત્યારે ગૃહિ અન્યલિંગે એક સિદ્ધ. સ્વલિંગ સિદ્ધ એ મેાક્ષનું કારણ હેાય તેા એકપણ સ્વલિંગ સિવાય મેાક્ષ જાય નહિં. એક પણ જગેાપર ગધેડા વગર ધડેા થાય તેા ગધેડા વગરનેા ધડેા ગણાય નહિં. સ્વલિંગ એ કેવળનું કારણ ગણાય નહિં. જો સ્વલિંગ વગર એક પણ મેાક્ષે જાય તેા. એક પણ જીવ સ્વલિંગ વગર મેાક્ષે જાય તેા સ્વલિંગ એ મેાક્ષ કે કેવળનું વાસ્તવિક કારણ ગણાય નહિં આ વાદીનેા પ્રશ્ન છે. પ્રશ્ન સાંભળીને ગેાટાશેા નહિં. આ જગેા પર શાસ્ત્ર દ્રષ્ટિનું સમાધાન સમજી લ્યેા કે સ્વલિંગથી નિરપેક્ષ અને ત્યાગ-માર્ગથી બેદરકારીવાળેા કેાઇ કેવળ જ્ઞાન પામ્યેા, પામશે કે પામતેાજ નથી. આ વાત વાદીને અને પ્રતિવાદીને બંન્નેને કબુલ છે. અન્ય કે ગૃહિલિંગે કેવળ કે મેાક્ષ પામેલા કેાણ? જેઓ સ્વલિંગની શ્રદ્ધા અભિરૂચિ પ્રાપ્તિ આકાંક્ષા પુરેપુરી ધરાવનારા હેાય તેજ. આ વાત તારે મંજુર હેાય તેા કહે કે દ્રવ્યલિંગે અન્યવેષ રહ્યા છતાં ભાવલિંગ તેા સ્વલિંગજ રહ્યું. તેથી બાહ્ય દ્રવ્યલીંગની અપેક્ષાએજ ભજના. બાકી સમ્યકદર્શન ચારિત્ર રૂપી જે ભાવલીંગ તે અપેક્ષાએ વિકલ્પ છેજ નહિં. ગધેડાનેા વ્યભિચાર છે, પણ ભારવહનનેા વ્યભિચાર નથી. ચાહે ગધેડા, ચાહે બળદ, ચાહે હાથી કે માણસ ઉઠાવી લાવે. બાણમાંથી બેાદી માટી લાવવી એ બાબતનેા વ્યભિચાર છેજ નહિં. ત્યાગ કરવાની તત્પરતાનેા વ્યભિચાર કેાઇ દિવસ પણ નથી. ત્યાગની અભિરૂચિવાળાજ હેાય સ્વલિંગ કે ગૃહિલિંગે મેાક્ષે જનારા ત્યાગની અભિરૂચિવાળાજ હેાય. 'ગૃહસ્થપણું સારૂં છે અને ત્યાગની જરૂર નથી.' આ ધારણા ધારવાવાળેા કેાઇ જીવ મેાક્ષે ગયેા નથી, જતેા નથી, ને જશે પણ નહિં. ત્યાગના સંસ્કાર અને ભાવના રૂંવેરૂંવે ઓતપ્રોત થાય ત્યારે ચાહે સાધુ લિંગવાળેા હેાય, ગૃહિ કે અન્ય-

લિંગવાળો હોય ત્યારેજ મોક્ષ પામી શકે છે. આ વાત વાદીને અને પ્રતિવાદીને બન્નેને કબુલ છે. ત્યાગનું અનેકાંતિકપણું નથી. ત્યાગના વેષનું અનેકાંતિકપણું છે. તે પણ માત્ર બાહ્યદ્રષ્ટિથી વસ્તુતાએ નહિં.

અન્ય-લિંગ ડૂબાડનાર છે.

કેવળજ્ઞાની થએલો આનેજ મોક્ષની ધ્વજા સમજે છે. જે મહાપુરૂષોને આકસ્મિક ભાવનાથી કે આકસ્મિક ત્યાગના વિચારથી શ્રેણિ આરોહણ કરીને કેવળ જ્ઞાન થઇ પણ ગયું પછી પાઘડો બંધો કયારે રહ્યો ? કહેવું પડશે કે નથી રહ્યો. કેવળ જ્ઞાન પામ્યા પછી શા માટે ગૃહસ્થ ન રહ્યો ? કહેવું પડશે કે ગૃહસ્થ નજ રહે ચાહે ભરત કે વલકલચીરી પણ આ વેષની ધ્વજા ફરકાવવા કેમ લાગ્યા ? કહો કે કેવળજ્ઞાન થયા પછી પણ મોક્ષની પ્રાપ્તિનો ડંકો આજ સ્વલિંગજ વગાડે છે. કેવળી થએલાને પણ મોક્ષનો ડંકો આ દ્વારાએજ વાગે છે. જેઓને કેવળજ્ઞાન નથી, એવા આને કુટયું ઢોલ કહે તેની શી દશા ! અન્ય-થયેલા લિંગ સિદ્ધનો અને ગૃહીલિંગ થયેલા સિદ્ધનો નિયમ રાખ્યો છે. અન્ય લિંગ એટલે શું ? અન્ય-લિંગે સિદ્ધ એ શબ્દ પણ કેવળી મહારાજેજ કહ્યો છે. એટલે સાધુ વેષનો ડંકો વાગી ગયો. અન્ય શબ્દનો અર્થ સમજો અન્ય કોને કહેવું ? અન્ય શબ્દનો અર્થ કયો ? મોક્ષને લાયકનું લિંગ નહિં. અન્ય શબ્દનો અર્થ જેમ અન્ય જાતિની કન્યા લાવ્યો એ વાકય કહી આપે છે કે બીજી નાતની કન્યા છે. બીજું કહેવું પડે તેમ નથી કારણ કે એ કન્યા ગેર જ્ઞાતીની છે. એ લગ્ન વ્યાજબી ન હતું. કાછીઓ પણ કોલણ ઉપાડી લાવ્યો, તે કહો તેનો સિદ્ધો અર્થ કયો ગણો છો ? આ કન્યાને લાયક નહનો, છતાં લાવ્યો માટે આ લગ્ન પ્રશંસાપાત્ર નથી. બની ગયું તેને ના કહેતા નથી પણ બનવા યોગ્ય ન હતું માટેજ પણ શબ્દ વાપર્યો તેથી ચોકખું થયું. એક નાનું બાળક પણ સમજી શકે કે આ માણસે ઠીક ન કર્યું. થવું ન જોઇએ અર્થાત પણવાળું લગન છે. તેમ અહીં કેવળી મહારાજા પોતાના મુખે તમને જણાવે છે કે આ લિંગ મોક્ષને લાયકનું નથી. મોક્ષ માટે ગૃહિ અન્ય-લિંગ નકામું. મોક્ષ સિદ્ધિને વિરૂદ્ધ કરનાર વેષ છે. અન્યમતિનો વેષ ભવમાં ડૂબાડનાર ચીજ છે. તારનાર ચીજથી વિરૂદ્ધ ચીજ છે. ત્રણ ભેદ કેમ કહ્યા ? નહીંતર બે ભેદ બસ હતા. સ્વલિંગને તે સિવાય અન્ય-લિંગ-ગૃહી અને અન્યલિંગ કહી ત્રણ ભેદ કેમ રાખ્યા ? સ્વ અને અન્યમાં આખું જગત સમાઇ જાય છે કારણ કે ભાવાભાવ ત્રીજી ચીજ નથી. કાંતો ભાવ કાંતો અભાવ-અહીં સ્વ અને અન્ય બે બસ હતા. ત્રણ શું કરવા કર્યા ? એટલાજ માટે કે આજે અન્ય લિંગો ડૂબતાને ગળે શીલા માફક છે, ભવચક્રમાં ડૂબતાને શીલા તરીકે ભારરૂપ છે, પરંતુ ગૃહિલિંગ શીલારૂપ નથી.

સિદ્ધિનો રાજમાર્ગ.

અન્ય લિંગમાં ડૂબાડવાની તાકાત છે અને ગૃહિલિંગમાં તારવાની તાકાત નહિં. ઝાડનું પાંદડું એ આલંબન ભૂત ન થાય, પરંતુ હોડી આલંબન ભૂત થાય. પથરો વધારે ડૂબાડનાર થાય, પરંતુ ગૃહસ્થપણાનો વેષ પાંદડા જેવો છે, તેથી તે કારણ ન બને. ગૃહસ્થો જેવા આરંભ પરિગ્રહ કરે તેવા ડૂબવાના. અર્થાત્ ગૃહસ્થમાં આલંબન ભૂત ન થાય. અન્યલિંગ એ કોટે બાંધેલી શીલા છે. મૂળમાં પોતે ડૂબી રહ્યા હોય તેમાં પત્થર બાંધે તો શું થાય ? જ્યારે સ્વલિંગ હોડીરૂપ ડૂબતાને પણ બચાવી લે. તેવો તે સ્વલિંગ છે. હોડી હોવાથી ખુદ કેવળી

મહારાજને પણ સ્વલિંગ કહી અન્ય લિંગને ગૃહિ લિંગ જુદા પાડવા પડયા મોક્ષનું લિંગ આ એમ કેવળી કહે છે. જો કેવળી મહારાજ આને મોક્ષનું કારણ ન માને તો સ્વશબ્દ કેવળી વાપરે નહિં. તીર્થંકર મહારાજાએ કહેલું ગાવું, પણ સમજીને ગાવું. અણસમજુ ગાય તો પણ કેવળીઓએ આને સ્વલિંગ માન્યું છે. રજોહરણને સ્વલિંગ કહ્યું છે. સ્વલિંગ એટલે મોક્ષનું લિંગ નવતત્વમાં મોક્ષ એ તત્વમાં સ્વ શબ્દ વાપરે છે. જેને મોક્ષે જવું હોય તેને આ રજોહરણ એજ રસ્તો છે. મોક્ષે જવાવાળાને રજોહરણ એ પોતાનું ઘર છે, પછી પારકે ઘેર ભીખ માંગી પેટ ભરાય પણ ભીખના હાંલ્લા શીંકે ન ચઢે. અન્યલિંગે એટલે તે ભીખે ભૂખ ભાંગવાની નથી. તેથી કેવળી મહારાજે શ્રીમુખે ફરમાવ્યું કે આ રજોહરણ એજ સ્વલિંગ. વ્યભિચાર કરી છોકરો જણી આવે ને ધણી આગળ આવી કહે કે છોકરો જણી આવી તો પણ કુલીન સ્ત્રી મન, વચન, કાયાથી તે વાત તરફ ધ્યાન દે ખરી ?, નજ દે. અન્યલિંગે સિદ્ધ થવાય છે તેનો અર્થ શો ? પવિત્રતા નહિં. આકસ્મિક ભાવનાથી સંયોગથી કર્મ ક્ષયાદિથી ભલે થયું પણ થવાનો રસ્તો એ નથી. સ્વલિંગ શબ્દ કહી આપે છે કે— મોક્ષે જવું હોય તેને રસ્તો લેવાનો આજ છે. બીજા બધા એટલે અન્યલિંગ–ગૃહસ્થલિંગ ગેર રસ્તા છે. તેથી સ્વથી અન્ય શબ્દ ચોકખો જુદોજ છે, અને ગૃહી પણ ચોકખો જુદો શબ્દ છે. એ છતાં અન્યલિંગે સિદ્ધ કહ્યા છે તેથી સ્વની જરૂર નથી. અન્યલિંગે મોક્ષ કહ્યો છે માટે સ્વની જરૂર નથી; તે પેલી બાયડી માફક નફટ છે. સ્વ શબ્દ ચોકખો છે, છતાં તેનો અન્યના આલંબને અનાદર કરવો તે કોને શોભે ? નફટોને નફટ સિવાય અન્ય શબ્દ બોલતા શરમ આવે. કેવળી મહારાજ કહે છે કે આ રસ્તો નહિં. બીજાથી છોકરો થયો તે કુલીન બાયડીને ન શોભે, તેમ અહીં કેવળી મહારાજે અન્યલીંગ એ સ્વલિંગે થતાં મોક્ષથી ઉલટોજ રસ્તો કહ્યો. ઉલટે રસ્તે ગએલા અથડાઇ હેરાન થયા તેની શાબાશી શી રીતે લેવાય ? કેવળીઓ તો જેને જેને મોક્ષે જવું હોય તો આજ રસ્તો બતાવે. બીજા રસ્તા મોક્ષની વિરૂદ્ધના બતાવે. કેવળજ્ઞાની થઇ જાય તો પણ સ્વલિંગમાં આવવું પડે. તેથી કેવળી મહારાજે તે બંન્નેને અન્ય રસ્તો જણાવ્યો. ડૂબવાના રસ્તે ગએલા માર્ગે આવી ગયા. તેનો અર્થ એ કે હેરાનગતિ ભોગવી રસ્તે આવ્યા અન્ય અને ગૃહીલિંગ એ શબ્દ કહી આપે છે કે, આ અથડામણવાળો રસ્તો. જે ઉન્માર્ગે ચાલનારો હોય, તે સીદ્ધા રસ્તાની કીંમત ન ગણે. તે ગૃહી અન્યને આગળ કરી સ્વલિંગની કિંમત ઘટાડે તેની કિંમત કેટલી ?. આથી ત્યાગ એજ મોક્ષ આપનાર છે, અર્થાત્ સિદ્ધિનો રાજમાર્ગ છે.

આકસ્મિક સંયોગો અવલંબન ભૂત નથી.

આથી સ્વનું કારણ કહેતા હતા તે રહેતું નથી, ભરત મહારાજા અને વલ્કલ-ચીરીય સામાયક પૌષધાદિ વગર કેવળ પામ્યા માટે સામાયિકાદિક કારણ રહ્યા નહિં. આમ કહેનારને શાસ્ત્રકારે ઈલકાબ આપી દીધો કે આવું કહેનારા શાસન બહાર છે. અર્થાત્ જ્ઞાન દર્શન ચારિત્રથી નિકળી ગએલા સમજવા.

સિજ્ઝંતિ ચરણ-રહિયા દંસણ રહિયા ન સિજ્ઝંતિ ॥

આ પદ બોલીને જણાવે છે કે ચારિત્ર રહિત મોક્ષે જાય છે, પણ દંસણ રહિત મોક્ષે જતા નથી. આથી- ચારિત્ર બીન જરૂરી ચીજ એમ અર્થ કરાય છે, પરંતુ આનો અર્થ દર્શનની મજબુતી કરવા માટે કરવાનો છે. બાહ્ય ત્યાગ ન કરે તો પણ મોક્ષ મળે છે આવું બોલ-

નારાઓને ત્રીજું ને ચોથું આદિ પદના સંબંધને સમજવાની જરૂર છે. સમ્યક્ત્વ રહિત મોક્ષે જવાતું નથી માટે સમ્યક્ત્વ મજબુત રાખવું "શાસનમાં ચારિત્ર રહિત બાહ્ય ત્યાગ વગરના જીવો પણ મોક્ષે જાય છે માટે ચારિત્રની જરૂર નથી." આ કહેવાવાળાને શાસન બહાર ગણ્યા છે. ચારિત્ર રહિત મોક્ષે જાય છે, માટે ચારિત્ર મોક્ષના કારણ તરીકે ન ગણવું એવું કહેનારને શાસ્ત્રકારે શાસનબહાર ગણ્યા છે. જેમ ચારિત્ર રહિત મોક્ષે જવાય છે, માટે ચારિત્ર મોક્ષનું કારણ ન ગણવું; તેમ સ્વલિંગ વગર પણ મોક્ષે જવાય છે, માટે તે પણ ચારિત્રનું કારણ ન ગણાય; અર્થાત્ સ્વલિંગને મોક્ષનું કારણ ન ગણવું. શાસનથી બહાર છે તેમ નિર્યુક્તિકાર ભાષ્યકાર મહારાજ અને શ્રીહરિભદ્રસૂરીજી ટીકાકાર પણ તેઓને શાસનથી બાહ્ય ગણે છે. ત્યાં શંકા કરી કે સ્વલિંગના પોષણમાં બોલી જાવ તેથી માનવા તૈયાર નથી કબુલ કરો છો કે ચારિત્ર વગર મોક્ષે ન જાય. અન્ય કે ગૃહિલિંગે મોક્ષે ન જાય ને કબુલ કરો. જો તે કબુલ ન કરો તો ચારિત્ર વગર કે સ્વલિંગ વગર મોક્ષે જવાય છે. એવું કહેનારને સમજાવે છે. મહાનુભાવ આકસ્મિક સંજોગે બનતા કાર્યો આલંબનમાં લઈ શકાય નહિં. દરિદ્ર મૂર્ખ મનુષ્ય જંગલમાં ગયો છે જતાં જતાં ઠેસ વાગી છે. જમીનમાં ઉપરોપરી ઈંટનો કટકો હોય તોજ ઠેસ વાગે છે. અક્કલ વગરનો મનુષ્ય જોરમાં ચાલે છે, અને જોર સાથે પથરો ઈંટાળો ઉખડી ગયો ત્યાં નીચે બે મહોરો જોઈ દેખ્યું કે બે મહોરો છે, પણ ભર શા છે? વાતનો નિર્ણય કર્યો કે પથરો ઉખડે તો બે મહોર નિકળે છે. જરૂર પડશે ત્યારે લાત મારશું એટલે બે મહોર મળશે દેખેલો બે મહોર તે ન લીધી અને ઘેર આવ્યો, બાપ આગળ બે મહોરની વાત કરે છે. એમાં શું? એવી મહોર ઠેસ વાગે તો નિકળે છે. જ્યારે જોઈએ ત્યારે ઠેસ વાગે, અને ઢેખાળો ઉખેડી નાંખીએ એટલે બે મહોર નીકળે છે, બાપાએ પેલાને મે કહ્યો કે જા બે મહોરો લઈ આવ. જ્યાં જ્યાં ઈંટાળો હોય ત્યાં ઠેસ મારે છે, અને પત્થર ઉખેડે છે છતાં મહોર મળતી નથી. આવાને કેવો ગણવો? મૂર્ખો. તેમ અહીં પૂર્વ ભવના બળવાન સંસ્કારવાળા લાખો પૂર્વના ચારિત્ર આરાધન કરેલાને અહીં પોસહ પડિકમણું ન ન કરતા હોય તેવાને પડિકમણું ન હોય, તેથી મોક્ષ મળી ગયો તે દેખીને આપણે આળસુ થઈએ; અને ચારિત્રની જરૂર નથી એમ બોલવું મૂર્ખાઈ છે. આવી ધારણાવાળા મળેલી મહોર લે નહિં અને છટ છટ કરી નાંખે તેને કેવો. મળેલી મહોરને લાત મારે કોની આશાએ? આપણે ત્યાગ વૈરાગ્યની મળેલી મહોરને 'ચિત્તઃ ચરણારુહિઆ' આ પદો બોલીને ભરત મહારાજે ક્યારે સામાયિક કર્યા હતા? આવું કહીને સ્વલિંગની બેદરકારી કરીએ તો આપણી કઈ દશા? શાસ્ત્રીય અપેક્ષાએ મળતી મહોરને કોઈ મેળી કરવા તૈયાર નથી. ચર્મરત્નથી ઉત્પન્ન થતાં અનાજને દેખીને કોઈ ખેતી બંધ કરતો નથી. તેમ ૨૧ ગુણથી આપણે બેદરકાર રહી શકાએ નહિં માટે આપણે તેવા ન થવા માટે ૨૧ ગુણ માટે પ્રથમ ઉદ્યમ કરવાની જરૂર છે આ બધું શાંતિસૂરિએ કહ્યું તેથી બે ભૂમિકા પ્રાપ્ત થઈ માતાએ આપેલી મહોર બોરામાં આપી દે, તેમ ૨૧ ગુણ તેના દ્રષ્ટાંત સાંભલ્યા પણ ધર્મ રત્નની કિંમત ન સમજે તો માતાએ આપેલી મહોર બોરા પેટે ગઈ. ધર્મને રત્ન ગણતા ન થઈએ તો બેડા પાર કરી શકીએ નહિં, માટે ધર્મને રત્ન ગણી અર્થી થવું જોઈએ. હવે તે અર્થિપણું કેવી રીતે પ્રાપ્ત થાય, તે અગ્રે વર્તમાન.

સુરતને આંગણે આગમોદ્ધારક સંસ્થા
અને
તામ્રપત્ર જૈનાગમ મંદિર

આલેખનકાર:--સુધાવર્ષી.

(ગતાંકથી ચાલુ)

આગમોદ્ધારક સંસ્થાની સ્થાપના થયા બાદ તે સંસ્થાના કાર્યવાહકોએ રાત દિવસના ઉજાગરા વેઠીને દોઢસો ઉપરાંત કારીગરોને કામે લગાડીને, પોતાનો વેપાર ધંધો છોડીને અને ઘરનાં સમસ્ત કાર્યો પ્રત્યે બેદરકારી રાખીને નવ માસના નાજુક સમયમાં પૂ. આગમાવતાર-આગમોદ્ધારકનાએ અનુપમ મનોરથને મૂર્ત સ્વરૂપે તૈયાર કરીને તામ્રપત્ર આગમ મંદિર રૂપ મજલાવાળું (વિશાળ ભોંયરા સાથે) બનાવરાવીને તીર્થભૂમિ સ્વરૂપે સર્વાંગે સુંદર ઉત્પન્ન થયું તેના સબળાયે સુયશ: સાગરની ઉત્પત્તિના અદ્વિતીય કારણરૂપ પૂ. આગમાવતાર આગમોદ્ધારકનો અમોઘ પ્રેરણાત્મક પુનીત સદુપદેશજ છે.

જગ્યા સમર્પણ કરનાર ઝવેરી કુટુંબના ઉદાર-ચરિત રત્નબહેન, ખાત મુહૂર્તનું શુભ કાર્ય કરનાર સંઘવી માણેકલાલ મનસુખભાઈ, કે જેના શુભ હસ્તે શ્રેષ્ઠિ બાલુભાઇ ઉત્તમચંદની દેખરેખ નીચે શાસ્ત્રી સન્મુખરામ કેશવરામ સમાર્ત કરાવી હતી. શિલારોપણનું શુભ-કાર્ય કરનાર ભાવનગર નિવાસી શ્રેષ્ઠિ વાડીલાલ ચત્રભુજ, ખાતમુહૂર્ત અને શીલારોપણના સુંદર સમારંભોની શુભ ક્રિયાઓમાં આગેવાની ભાગ ભજવનાર અનુક્રમે સંઘપતિ બાબુભાઈ ગુલાબભાઇ તથા શાસનરસિક શ્રેષ્ઠિ જય શનદાસ લલ્લુભાઇ વખારીયા હતા.

વિ. સં. ૧૯૯૯માં આગમાવતાર શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીના વરદ હસ્તે સિદ્ધક્ષેત્ર મુકામે થયેલ અંજન શલાકા પૈકિ ૧૨૦ જગદ્બન્ધ જિનેશ્વર બિંબોને વાજતે ગાજતે સુરતના માણેકણીઆમાં અમરી બ્હેનના ઉપાશ્રયમાં પધરાણા તરીકે પધરામણી કરાવનાર કાર્યવાહકો, પ્રતિષ્ઠા કરનાર, કરાવનાર, પ્રતિષ્ઠાના પ્રારમ્ભ કાળથી પરિસમાપ્તિના પુનીત દ્રશ્યોના દર્શન કરનારાદિ અનેકવિધ અનુમોદના કરનાર; અને આ સિવાય પૂર્વાપરના પુનીત પ્રસંગોને સંક્ષેપ દ્રષ્ટિએ અવલોકન કરીને સર્વ પ્રસંગોનું આલેખન થાય તો એક અનુપમ ગ્રંથની ગરજ સારે તેવા સામગ્રીથી ભરપૂર ત્વરિત નિબંધ લખી શકાય તેમ છે.

સુરતને આંગણે આગમોદ્ધારક સંસ્થા અને આગમ મંદિર એ બંન્ને આગમાવતાર આગમોદ્ધારકનો અમર કીર્તિ મંદિરના અનુપમ સુવર્ણ કલશ અને સુવર્ણ દંડ છે.

આ પ્રસંગને શોભાવવા બસો ઉપરાંત પૂ. સાધુ સાધ્વીઓ અને ગામ પરગામ દેશપરદેશથી દશ હજાર ઉપરાંતની માનવ મેદની વચ્ચે ચાલુ વર્ષની માહ સુદ ૭ નો પ્રતિષ્ઠાનો દિવસ જૈનશાસનમાં તીર્થસ્વરૂપ આગમ મંદિરનો પ્રતિષ્ઠા તરીકે યાદગાર રહેશે.

આ તીર્થના નિભાવ માટે લગભગ બે લાખ રૂપીઆ જેટલી રકમ થવી, અને આ તીર્થના દર્શનાર્થે આવતા યાત્રાળુઓની સાધર્મિક ભક્તિ યથાશક્તિ કરવા માટેનું ખાતા ફંડ પણ હજારો રૂપીયામાં થયું છે.

આ તામ્રપત્ર જૈન આગમ મંદિરનો મહિમા ભાવિ કાળમાં અધિક-અધિકતર અધિકતમ થવાનોજ હોય તેવાં આ ઉપર જણાવેલાં શુભ સૂચક ચિહ્નો છે. એટલું જ નહિં પણ આ શુભ સૂચક ચિહ્નો જાણે કવિ ચક્રવર્તિ કાલીદાસની પદ્યપંક્તિને ચરિતાર્થ કરે છે. प्रसाद चिह्नानि पुरः फलानि.

આ આગમ મંદિરની ઉત્પત્તિ આદિ શુભ કાર્યો

માટે અમે અમારા ગત અંકનાં અમ લેખમાં જણાવી ગયા છીએ. આ સંબંધમાં સુરતથી પ્રગટ થતા પ્રતાપ નામના પત્રમાં તા. ૨૬-૨-૪૮ના વિસ્તારથી આલેખન આવેલું છે તેમજ બીજા પત્રોએ મળેલી બીનાઓથી જૈન જૈનેતર જનતાને જણાવીને અનુમોદના કરવા કરાવવાનો ઉદ્યમ કર્યો છે, તેથી તેની પણ પ્રશંસા પૂર્વક નોંધ લેઇએ છીએ.

આ પુનીત પ્રસંગ સિવાયના આનુષંગિક અનુમોદનીય કાર્યો જેવાં કે પંન્યાસના જૈન જૈનેતર માટે (રૂા. ૬૫૦૦૯) રાહત ફંડ, ગરીબોને ભોજન અને જીવદયા માટે રૂા. ૪૦૦૦) આદિ અનેક કાર્યો થયેલાં છે. ખરેખર! **સુરત જૈન સંઘે 'સુરત સાગરજીનું છે અને સાગરજી સુરતના છે.' એ શબ્દોને વાણી દ્વારાએ, શારિરીક, નૈતિક, આર્થિક, માનસિક શક્તિ-સંપત્તિ દ્વારાએ ચરિતાર્થ કરી બતાવ્યું છે.** એટલુંજ નહિં પણ કલિકાલસર્વજ્ઞ ભગવાન।। "શ્રાદ્ધઃશ્રોતા સુધિર્વક્તા" એ પદ્યના પદો સુરત વાસિયો આઠસો વર્ષે તાજાં કરાવે છે.

મંદિરના દર્શનીય પ્રથમ વિભાગમાં વચ્ચેના માળમાં ત્રણ ગભારા છે. મૂળ ગભારામાં **શાસનપતિ શ્રી વર્દ્ધમાન વિભુને** બિરાજમાન કરી જન્મ કૃતાર્થ કરનાર ઝવેરી પુરૂચંદ કલ્યાણચંદની પુત્રી લલિતાબ્હેન છે. જમણી-ડાબી બાજુએ અનુક્રમે બિરાજમાન કરનાર ઝવેરી કસ્તુરચંદ ઝવેરચંદ અને ઝવેરી મોતીચંદ હીરાચંદ નવલચંદ છે.

બોયરાના મૂળ ગભારામાં મૂળનાયક બિરાજમાન કરવાર વખારીયા ગણપતરામે દેવચંદ છે, અને જમણી ડાબી બાજુએ બિરાજમાન કરનાર અનુક્રમે ઝવેરી મોતીચંદ ગુલાબચંદ તથા વાંઝ નિવાસી શ્રેષ્ઠિ જીવણલાલ કપુરાજી છે.

ત્રીજા માળના મૂળ ગભારામાં મૂળ નાયકજીને બિરાજમાન કરનાર શ્રેષ્ઠિ કાંતીલાલ જેકીશનદાસ વખારીયા છે, અને જમણી-ડાબી બાજુએ અનુક્રમે બિરાજમાન કરનાર ઝવેરી બાલુભાઈ ફકીરચંદ તથા અમ્બાલારી નિવાસિ શ્રેષ્ઠિ રાયચંદ ગુલાબચંદ છે.

વચ્ચેના માળમાં બે સમવસરણ છે, અનુક્રમે જમણી-ડાબી બાજુએ ભગવંતોને બિરાજમાન કરનાર ઝવેરી રૂપચંદ ધેલાભાઇ તથા પુના નિવાસી ઝવેરી મોતીચંદ રૂપચંદ છે.

તેવીજ રીતે બોયરાના બે સમોસરણમાં શ્રી સિદ્ધચક્રજીના મંડળો છે, અને ત્રીજા માળના બે સમોસરણમાં ચૌમુખે ચાર ચાર પ્રતિમાજીઓ છે.

વચ્ચેના માળમાં જમણી-ડાબી બાજુએ આઠ આઠ દેરીઓ, બોયરામાં બે દેરીઓ, અને ત્રીજા માળની ૭ બાજુક દેરીઓમાં ત્રૈલોક્યનાથ ભગવંતોના મનોહર બિંબો શોભી રહ્યા છે.

મંદિરનો મહત્ત્વપૂર્ણ-પ્રથમ વિભાગનું અવલોકન કરીને તે મંદિરની દિવ્ય-દિવાલો ઉપર નજર ફેંકતા જૈનાગમો ઉપર નિમિષ-દૃષ્ટિ ઠરે છે. અને પંડિત વીર વિજયજીનું મનોહર ગુર્જર પદ્ય-સ્મૃતિ પટ પર આરીને હાજર થાય છે-

'વિષમકાળ જીનબિંબ-જીનાગમ ભવિયણકું આધારા."

૧ જામનગર નિવાસિ ઝવેરી જમનાદાસ મોનજી તરફથી શ્રી આચારાંગ સૂત્ર

૨ ,, ,, જમનાદાસ મોનજી તરફથી શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર.

૩ સુરત નિવાસિ ઝવેરી કસ્તુરચંદ ઝવેરચંદ તરફથી શ્રી સ્થાનાંગ સૂત્ર.

૪ જામનગર નિવાસિ ઝવેરી જમનાદાસ મોનજી તરફથી શ્રી સમવાયાંગ સૂત્ર.

૫ સુરત નિવાસિ ચોકસી ચીમનલાલ ઝવેરચંદ તરફથી શ્રી ભગવતી સૂત્ર

૬ ,, ,, ઝવેરી નગીનદાસ મંછુભાઇ સાહિત્યોદ્ધારક ફંડ તરફથી શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર

૭ છાણી નિવાસિ શ્રેષ્ઠિ નગીનદાસ બાપુભાઈ તરફથી શ્રી ઉપાસક દશાંગ

૮ શ્રેષ્ઠિ પોપટલાલ જેશંગભાઈ તરફથી શ્રી અંતકૃત દશાંગ

૯ શ્રેષ્ઠિ હસમુખલાલ ભોગીલાલ જેઠાલાલ પાટણવાળા તરફથી શ્રી અનુત્તરોપપાતિક દશાંગ

૧૦ શ્રેષ્ઠિ મોતીચંદ ગુલાબચંદ હ. ગુલાબચંદ તરફથી શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર

૧૧ ઝવેરી હ. અ ના સુપત્ની રૂક્ષ્મણી બ્હેનના સુપુત્રી તેજકોર બ્હેન તરફથી શ્રી વિપાક સૂત્ર

૧૨ શ્રેષ્ઠિ મણીલાલ હરખચંદના સુપત્ની કાંતાબ્હેન તરફથી શ્રી ઔપપાતિક સૂત્ર

૧૩ શ્રેષ્ઠિ લાલજી હરજીભાઈ તરફથી શ્રી રાયપ્પસેણિ સૂત્ર

૧૭ ચોકશી રતનચંદ કસ્તુરચંદના સપત્ની પ્રભાવતી તરફથી શ્રી ચન્દ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર

૧૯ ઝવેરી કેશરીચંદ ખીમચંદના સુપત્ની ચન્દ્રાવતી બ્હેન તરફથી શ્રી નિરયાવલિ સૂત્ર

૨૪-૨૫-૨૬-૨૭ શ્રેષ્ઠિ અચરતલાલ હીરાલાલ મોરખીયા તરફથી ચતુઃશરણ પ્રકીર્ણ, આઉર પચ્ચખાણ, મહાપચ્ચખાણ અને ભકત પરિજ્ઞા એ ચાર સૂત્રો.

૨૯-૩૦-૩૧-૩૨-૩૩ શ્રેષ્ઠિ માણેકલાલ જેઠાભાઇ તરફથી-સંસ્તાર પ્રકીર્ણ, ગચ્છાચાર પ્રકીર્ણ, ગણિવિદ્યા પ્રકીર્ણ, દેવેન્દ્ર સ્તવ પ્રકીર્ણ, મરણ સમાધિ પ્રકીર્ણ.

૩૪ ભાણી નિવાસિ શ્રેષ્ઠિ લાલભાઇ મોહનભાઇ તરફથી શ્રી નીશીથ સૂત્ર

૩૫ કપડવંજ નિવાસિ શ્રેષ્ઠિ સોમાભાઇ પુનમચંદ તરફથી શ્રી બૃહત્કલ્પ સૂત્ર

૩૬ સુરત નિવાસિ શ્રેષ્ઠિ મૂળચંદ તલકચંદની સુપુત્રી જશવન્તી બ્હેન તરફથી શ્રી વ્યવહાર સૂત્ર

૩૭ શ્રી બચુબ્હેન ગુલાબચંદ સરકાર સુરતવાળા તરફથી શ્રી દશાશ્રુત સ્કંધ

૩૮ શ્રેષ્ઠિ જયન્તીલાલ શંકરલાલ પાદશાહના સુપત્ની વિમળાબ્હેન તરફથી શ્રી જીતકલ્પસૂત્ર

૪૦ ઝવેરી ગુલાબચંદ નગીનચંદ ઉસ્તાદ તરફથી શ્રી આવશ્યક સૂત્ર

૪૧ શ્રેષ્ઠિ માણેકચંદ ઝવેરચંદ જરીવાળા હ. શ્રેષ્ઠિ નગીનભાઈ તરફથી શ્રી દશવૈકાલિક સૂત્ર

૪૨ નેમકોર બ્હેન હ. ચુનીલાલ તલકચંદ ઝાંપાવાલા તરફથી શ્રી પિણ્ડનિર્યુક્તિ.

૪૩ ઝવેરી નેમચંદ મોતીચંદના સુપત્ની શાન્તાબ્હેન તરફથી શ્રી ઉત્તરાધ્યયનિ.

૪૪ શીવગંજ નિવાસિ શ્રેષ્ઠિ ગોમરાજ ફતેચંદજી તરફથી શ્રી નન્દીસૂત્ર.

૪૫ સુરત નિવાસિ ઝવેરી ખુશાલચંદ પુલચંદના સુપત્ની ચંદાબ્હેન તરફથી શ્રી અનુયોગદ્વાર સૂત્ર.

આ સિવાય ૧૪ શ્રી જીવાભિગમ સૂત્ર, ૧૫ શ્રી પ્રજ્ઞાપના સૂત્ર, ૧૬ શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ, ૧૮ શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, ૨૮ તંદુલ વૈયાલિય, ૩૯ શ્રી મહાનીશીથ સૂત્ર આપવાનાં બાકી છે.

કપડવંજ નિવાસિ શ્રેષ્ઠિ સોમાભાઇ ઝવેરભાઈ પરીખ તરફથી બાકી પ્રતિક્રમણ સૂત્ર. અજમેર નિવાસિ શ્રેષ્ઠિ જીતમલજી લોઢાના સુપત્ની પ્રભાવતી કુંવરબ્હેન તરફથી શ્રી કલ્પસૂત્ર (બારસા સૂત્ર) શ્રી પોદ્દારકુંડ- શ્રેષ્ઠિ કાન્તિલાલ તરફથી શ્રી પંચકલ્પભાષ્ય સૂત્ર અને માંગરોલ નિવાસી સ્વ. શ્રેષ્ઠિ જમનાદાસ મોરારજીના ધર્મ પત્નિ રૂક્ષ્મણી બ્હેન તરફથી શ્રી ઓઘનિર્યુક્તિ, ગ્રંથો તૈયાર કરવામાં આવ્યા છે.

ઉપરના સંઘળાયે આગમો અને સૂત્રોને તામ્ર પત્ર પર આરૂઢ કરાવીને લગભગ હજાર ઉપરાંતની સંખ્યામાં જર્મન સીલ્વરની પટીમાં મઢેલા છે. સિદ્ધક્ષેત્ર શ્રી વર્દ્ધમાન જૈનાગમ મંદિરમાં લગભગ ત્રણસો ઉપરાંતની શીશામાં કોતરાવેલા આગમો અક્ષરશઃ તામ્રપત્ર ઉપર આરૂઢ કરાવીને સુરતને આંગણે શ્રી તામ્રપત્ર જૈનાગમ મંદિર તીર્થભૂમિ સ્વરૂપે દીપી રહ્યું છે

માહ સુદ ૬ ની પ્રતિષ્ઠાના અનન્તર માહ સુદ ૪ ના શનિવારે અમૃતસિદ્ધિ યોગમાં **આ મંદિરનો ઉદ્ઘાટન વિધિ શાસનરસિક જયકીશનદાસ, જયન્તીલાલ અને ગુરૂભક્તિરસિક શ્રેષ્ઠિ હાકોરમલજીએ કર્યો હતો જેનું વર્ણન અનિર્વચનીય છે.**

નવગ્રહ પૂજન, ધ્વજા દંડ, પોંખણા, અષ્ટોતરી વખતે બારહ રૂપૈયા મુકવા, અને સુવર્ણ કળશ આગમ મંદિર ઉપર ચઢાવવા વિગેરે વિગેરે શુભ કાર્યો અનુક્રમે ઝવેરી નવલચંદ ખીમચંદ ધર્મરસિક જયકીશનદાસ વખારીયા ઝવેરી મોતીચંદ હીરાચંદ ઝવેરી કેશરીચંદ ખીમચંદ; અને ઝવેરી પાનાચંદ રૂપચંદ તરફથી થયાં હતાં વિ. પ્રભુ પધરાવવાનુ (મૂળ નાયક આદિ ભગવંતોને પધરાવવાનુ) પૂજન, આરતી, મંગળ દીવા વિગેર છુટક છુટક કાર્યોની નોંધ મળી જ નથી એટલે આ સંબંધમાં મળેલા હેવાલ મુજબ સક્ષિપ્ત નોંધ લેઇ હૃદયના અભિનંદન પૂર્વક વિરમું છું. **ધન્ય છે શાસન પ્રભાવકોને! ધન્ય છે શાસન પ્રભાવતાને!**

॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર

(ગયા અંકથી ચાલુ)

ભાવ ચારિત્રવન્ત આત્માઓએ માર્ગાનુસારિ-ક્રિયા કરતી વખતે શાસ્ત્રની મર્યાદા અને સંવિજ્ઞ-ગીતાર્થ પૂર્વ પુરૂષોએ આચરેલ રીતિ-નિતિ-વ્યવહારને લક્ષ્યમાં રાખવો જરૂરી છે. જેઓ ઉપરની બન્ને સ્થિતિ-નિતિ-રિતિ વ્યવ-હારને અનુસરતી ક્રિયાનું પાલન કરે છે, અને કરાવે છે તેઓ વર્તમાન જીવનમાં તથા ભાવિ જીવનમાં કોઇપણ પ્રકારના ભિતિ-ભયાદિકને પામતાજ નથી.

'દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિને અનુસરીને વર્તમાન કાલીન જીવોને બહુ ગુણકારક થશે" એવી ધારણા પૂર્વક સૂત્રમાં જણાવ્યા છતાં જુદીજ રીતે સંવિજ્ઞ ગીતાર્થોએ આચરેલું હોય તે આચારનો અગર આચરણાનો ભવભીરૂ-ભાવ સાધુઓએ અમલ કરીને આ પ્રથમ માર્ગાનુ-સારિપણાનો યથાર્થ લાભ લેવો જોઇએ.

સૂત્રમાં જણાવ્યા છતાં અન્યથા રીતિએ તરપણીઆદિને ઠેરા દેવાં, પર્યુષણ મહાપર્વની તિથિને પાલટવું વિગેરે આચરણાઓનું બહુમાન પૂર્વક સેવન કરવું. સર્વજ્ઞ—પ્રણીત—પાંચે વ્યવહારો પૈકી વર્તમાન કાલીન જીવોને માર્ગા-નુસારિપણાની ક્રિયા જીત વ્યવહારે આચરવાની છે, માટે વગર કારણે તે પ્રત્યે અનાદર-અરૂચી આદિનું સેવન કરવું યોગ્ય નથી. અર્થાત જીત-વ્યવહારને અનુસરીને બાંધેલા આચાર મર્યાદા-ઓને વગર કારણે તજી દેવાં યોગ્ય નથી. આ સંબંધમાં સાડી ત્રણસો ગાથાના સ્તવનની ચૌદમી ઢાળની-છઠ્ઠી-સાતમી ગાથાઓ વિચારવી.

નિર્વિવાદ-પ્રવર શ્રદ્ધા.

એટલુંજ નહિં પણ ક્ષેત્રનો મમત્વ, શ્રાવક-શ્રાવિકા પ્રત્યેનો મમત્વ, શાસ્ત્ર-પરંપરાથી વિરૂદ્ધ અશુદ્ધ વસ્ત્ર-પાત્ર-કંબળાદિ લેવાં, અશુદ્ધ વસતિ અશુદ્ધ આહાર-પાણી લેવાં, અને સુખ-શીલપણું અર્થાત્ શરીર—ઇન્દ્રિયના વિષય-વિકારોને પોષણ મળે તેવું સુખ—શીલપણું જેઓ આદરતા હોય તેવાઓ માર્ગાનુસારિપણાના ભાવ-સાધુના પ્રથમ લક્ષણને સ્પર્શ્યાજ નથી એમ ચિત્તમાં ધારણ કરવા પૂ. ઉપાધ્યાયજી ભગવાન્ જણાવે છે.

અનુષ્ઠાનોની શાસ્ત્ર-પરંપરા વિહિત સેવના કરવી, વિનય વૈયાવચ્ચ તપશ્ચર્યા કરવામાં અસંતોષ=અત્યન્ત પ્રયત્નવન્ત થવાનું ચાલુ રાખવું. શાસન માન્ય દેશના દેવી, મૂળ ઉત્તર-ગુણમાં સ્ખલન થવાની સાથે આલોચનાદિ કરવા પૂર્વક વિશુદ્ધિ થવાની પરિપૂર્ણ કાળજી રાખવી, અને ધર્મ કરવા-કરાવવાની શ્રદ્ધામય ઇચ્છાઓને વેગવંતી કરીને નિર્વિવાદ શ્રેષ્ઠ શ્રદ્ધાનું સેવન કરવું. શુભ-સુંદર-પથ્ય-લોજ્યમાં દૃઢરાગ=અતિ અત્યંત પ્રેમ હોવા છતાં પ્રતિકૂળ સંયોગમાં જે મળે તેથી ચલાવીને અનુકૂળ સંયોગ-સાધન સામગ્રીની પ્રાપ્તિ માટેના અતિ દૃઢ પ્રેમને તીવ્રતર-તીવ્રતમ કરે છે, તેવી રીતે ચારિત્રની સેવનાનો અર્થે વિધિ સેવનામાં અતિ રાગવાળો હરહંમેશ હોવોજ જોઇએ. શુભ કાર્યો પ્રત્યેનો દૃઢ-રાગ પ્રથમ પ્રવર શ્રદ્ધા વિષયક છે.

નિર્ધન માણસ જેમ કિંમતિ રત્નો મળ્યા છતાં કે મેળવતાં છતાં અસંતોષી રહે છે, તેવી રીતે ચારિત્રવન્ત આત્મા તપોધર્મ-વિનય-વૈયાવચ્ચાદિ વિશિષ્ટ રત્નોને પ્રયત્ન પૂર્વક ગ્રહણ કરતોજ જાય છે, છતાં ધરાતો નથી. ૨. આત્મ-હિતકર-રત્ન-પ્રાપ્તિમાં અસંતોષ આ ગુણ પણ શ્રદ્ધાનો પોષક છે.

પૂ. ગુરૂ મહારાજની આજ્ઞા પામીને અને પાત્રા પાત્ર દેખીને, દેશના દેવામાં અતિ-ઉજમાળ સાધુ શરીરનાં અંગોપાંગ ઇન્દ્રિયોને પણ સંયમ મર્યાદાશીલ રાખવા ઉદ્યમવંત હોય છે. ત્રીજો દેશના શુદ્ધિ ગુણ પણ શ્રદ્ધાનો પોષક અને વર્ધક છે. અને અતિચારાદિ કાદવથી મલીન થયેલાં વ્રતાદિને આલોચનાદિ જલથી શોધીને નિઃશંકપણે તે ભાવ સાધુ શ્રદ્ધામય જીવન જીવવાને ભાગ્યશાળિ બને છે.

પ્રજ્ઞાપનીયપણાની પરાકાષ્ઠા.

આ રીતિએ ભાવ સાધુનું બીજું લક્ષણ નિર્વિવાદ-પ્રવર-શ્રદ્ધાને અથવા નિર્વિવાદ શ્રેષ્ઠ શ્રદ્ધાના વર્ણનને ચાર વિભાગમાં વ્યવસ્થા પૂર્વક વ્હેંચીને સ્પષ્ટ કર્યું.

આ ઉપરથી ભાવ સાધુના બીજા લક્ષણમાં ઓતપ્રોત થયેલ ચારિત્રવન્ત આત્મા ૧. વિધિ સેવના, ૨. આત્મ હિતકર રત્ન પ્રાપ્તિમાં અસંતોષ, ૩. શુદ્ધ દેશના, અને ૪. વ્રતાદિમાં થયેલ સ્ખલનાની વિશુદ્ધિનું સંરક્ષણ કરવામાં ઉજમાળ હોય તોજ જીવનમાં નિર્વિવાદ-પ્રવર શ્રદ્ધા સુંદર રીતિએ વિકસ્વર થાય છે. શ્રદ્ધા અને પ્રતીતિના પૂર્ણ ભેદને સમજીને શ્રદ્ધા પ્રતીતિરૂપ બને છે અને પ્રતીતિનું પૂર્ણ પ્રયાણ રૂચિપદને સ્પર્શે છે ત્યારેજ પ્રવર શ્રદ્ધામય જીવન જીવવા ભવ્યાત્મા યોગ્ય બને છે.

શ્રદ્ધામય જીવન પ્રતીતિ પૂર્વકનું આગળ વધે છે, અને અનન્યભાવે રૂચિવર્ધક બને છે. ત્યારે અતિગહન-ગંભીર આગમ ભાવોને પરિણમાવવા તે ચારિત્રવન્ત જીવો ભાગ્યશાળિઓ બને છે.

ગુરૂવર્યની ઇચ્છાને આધીન રહેવું, તેઓશ્રીના હૃદયગત ભાવોને ઇંગિત આકારે જાણીને તે પ્રમાણે વર્તવું, અને પ્રસંગે પ્રસંગે ગુરૂવર્યને આવિર્ભાવ થતાં સર્વ ભાવોને પરિતૃપ્ત કરવાં સર્વસ્વ સમર્પણ કરવાં તૈયાર રહેવું એજ અગમ્ય આગમ ભાવો=આગમ રહસ્યો જાણવાની તથા પરિણમાવવાની પુનીત કલ્યાણકારિ કળા છે. એ કલાનો નિષ્ણાત જાણેલાં અને પરિણમા-વેલાં આગમભાવો વડે પોતાનું વર્તમાન-ભાવિ જીવન અસ્ખલિતપણે આરાધકમય બનાવે છે એ નિઃશંક બીના છે. આથીજ તે પુણ્યાત્માનું પુનીત જીવન વિજ્ઞાન દશાના વિશિષ્ટ સંસ્કારોથી સુશોભિત બન્યું હોય છે, કે જેથી કરીને કાળી ભૂમિમાં પાણી પરિણમી જાય તેવી રીતે તે ભવ્ય-આત્મ-ભૂમિમાં સર્વ ભાવો પાણીની જેમ પરિણમે છે. આ ઉપરથી શ્રદ્ધામય જીવન સાથે પ્રજ્ઞાપનીયપણું સુસંગત બને છે, અને તે પ્રજ્ઞાપનીયપણા સાથે આરાધકપણું ચિરંસ્થાયિ બને છે.

ક્રિયાતત્પરનું વિશેષ-સ્વરૂપ.

સાડા ત્રણસો ગાથાના સ્તવનની ચૌદમી ઢાળમાં ચોથો ગુણ ક્રિયામાં અપ્રમત્તપણું છે એમ જણાવે છે. પંચાશક શાસ્ત્રકાર ક્રિયામાં તત્પરતાવાળોજ ક્રિયાપર કહેવાય છે, અને તેજ વાતને પૂ. ઉપાધ્યાયજી અપ્રમત્તપણે ક્રિયા=મોક્ષમાર્ગને અનુકૂળના અનુષ્ઠાનો કરવામાં

પ્રમાદ રહિતપણે ઉજમાળ હોય એમ જણાવે છે. કારણ કે પંચ-મહાવ્રતધારિ પૂ. મહાત્માઓ પાંચ મહાવ્રતોનું પાલન કરવામાં ઉજમાળ હોવા છતાં તેઓ તરફથી પ્રતિલેખનાદિ સામાચારિ સાચવવ'માં=પરિપાલન કરવામાં છકાય જીવોને ક્લામણાદિ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. અર્થાત્ પ્રમત્ત ગુણસ્થાનકે વર્તતા-ચારિત્રવન્તોને પ્રતિલેખનાદિ સામાચારીમાં અપ્રમત્તપણે સંયમ જીવન જીવમાં યથાર્થ રીતિએ મહાવ્રતોનું પાલન થાય છે, આથીજ પ્રમાદ રહિતપણે ચારિત્રવન્ત આત્માઓએ શુભ ક્રિયાઓના સંયોગ પામીને અવસરે સેવન કરવા ઉજમાળ થવું.

શાસન-માન્ય-ગુણવન્ત મહાત્માઓની સોબત કરે, અને ગુણવાન્ પુરૂષોની સંગતિ ટકે, વધે તથા ઉત્તરોત્તર વધે તે રીતે વર્તવા પ્રયત્નશીલ રહે. તે તે મહાત્માઓમાં રહેલા ગુણો પ્રત્યે અવિહડ અનુરાગ ધરાવે અને બીજાઓની સન્મુખ તે તે મહાત્માઓની અને તે તે ગુણીજનોના ગુણોની પ્રશંસા કરે તથા સાથે સાથે પોતાના અવગુણોને દેખતો રહે. દેખાતાં અવગુણો ક્યારે જાય અને ગુણોનું આવિર્ભાવ થાય તેવો તેવો ઉદ્યમ કરતો રહે તોજ ગુણાનુરાગિપણું વિકસ્વર થાય છે. આ ઉપરનો ભાવાર્થ તે સ્તવનની ચૌદમી ઢાળમાં પૂ. ઉપાધ્યાયજી જણાવે છે. વધુ જિજ્ઞાસુઓએ તે સ્તવનની તે ઢાળ અને તે ગાથાઓ પૂર્વાપર વિચારવી.

શક્યારંભનું સુસંગતપણું.

કોઇપણ કાર્યનો આરંભ કરતી વખતે આત્માર્થિઓએ પોતાની શક્તિ-સાધન-સંપત્તિ અને બલાબલનો વિચાર કરવો જરૂરી છે. અને તે સંબંધનો નિર્ણયાત્મક વિચાર થયા પછી શુભ કાર્યનો આરંભ કરવો અન્યથા નહિંજ. જે ગુણનું વિવરણ કરતાં શાસન-પ્રભાવક-આર્ય મહાગિરિ મહારાજે પોતાનાં શક્તિ-બલને તપાસીને જિનકલ્પની તુલના કરવા ઉદ્યમવંત થયા, અને જિનેશ્વર ભગવંતોના મંદિર તથા વિશ્વવન્દ્ય-ત્રૈલોક્યનાથની મૂર્તિથી અખિલ વિશ્વને મંડિત કરનાર **સંપ્રતિરાજા પ્રતિબોધક—સૂરિપુરંદર—આર્ય સુહસ્તિ મહારાજે** પોતાની શક્તિ-બલાદિના અભાવમાં જિન કલ્પની તુલના કરવામાં ઉદ્યમ ન કર્યો એ દ્રષ્ટાન્તનું સમર્થન તે [1]સ્તવનમાં પૂ. ઉપાધ્યાયજીએ કરેલું છે. પરંતુ બલાબલ-શક્તિ આદિને તપાસ્યાં વગર ઉદ્યમ કરનાર શિવ-ભૂતિએ પોતાના ગુરૂની હિલના કરીને દીગમ્બર પંથની શરૂઆત કરી. આથીજ શક્યારંભ સંગત ગુણના ઉપાસક ભાવ ચારિત્રવન્તે ઉપરના ત્રણે પ્રસંગોનું પર્યાલોચન કરવું જરૂરીનું છે. આ રીતિએ ચાલુ પંચાશકના છઠ્ઠા પદ્યમાં (ગાથામાં) જણાવેલાં છ ગુણોનું વર્ણન યથાસ્થિત વિસ્તાર પૂર્વક પૂ. ઉપાધ્યાયજીએ કરેલું છે, પરંતુ સાતમા ગુણોનું વર્ણન તે સ્તવનની ચૌદમી ઢાળમાં છે, પણ ચાલુ પંચાશકમાં નથી. છતાં સમાધાનરૂપે ઉપરના છએ ગુણના સેવનરૂપ સર્વ આચારના મૂળ શ્રી ગુરૂ મહારાજ હોવાથી ઉપલક્ષણથી અર્થાત્ અર્થાપત્તિથી વિચારીએ તો શ્રી ગુરૂ મહારાજના ચરણાવિંદની સેવામાં ભ્રમરવત્ જીવન જીવનારો, અને ફરમાવેલ આજ્ઞાઓનું આરાધન કરનારો શિષ્યાદિ વર્ગ હોય એમાં શંકાને

---

૧ સાડી ત્રણસો ગાથાનું સ્તવન ઢાળ ચૌદમી.

સ્થાનજ નથી. એટલે ગુરૂ આજ્ઞાનું આરાધનપણું એ સાતમાં ગુણ પણ સ્પષ્ટ સમજાય છે.

અનધિકારિઓને દ્રવ્ય-વન્દના.

અનુપર્ણંધક સમ્યગ્દૃષ્ટિ અને ચારિત્રવન્ત આત્માઓજ ભાવવન્દનના અધિકારી છે, અને તે સિવાયના અનધિકારિ-જીવો છે. એ વાતને શાસ્ત્રકાર અને વૃત્તિકાર સ્પષ્ટ કરી ગયા છે. આથીજ પૂર્વે જણાવેલાં ત્રણ સિવાયના માર્ગાભિમુખ, માર્ગપતિત, સકૃદ્બન્ધક અને બીજા મિથ્યાદ્રષ્ટિ આત્માઓ ભાવવન્દનાના અધિકારિ જીવો નથી. એટલુંજ નહિં પણ તેઓનું વન્દન ભાવથી વ્યતિરેક અર્થાત દ્રવ્યથી હોય છે. એટલે તેઓની વન્દન ક્રિયાને દ્રવ્યવન્દનાજ કહેવાય છે. ભાવવન્દનાની યોગ્યતાના અભાવમાં અનધિકારીપણું જણાવેલું છે. ભાવવન્દનાને જે અયોગ્ય જીવો છે તે જીવોને જે દ્રવ્ય વન્દના કહેવાય છે તેનું મુખ્ય કારણ એ છે કે તે તે જીવોને તે તે દ્રવ્યવન્દના શાસ્ત્રવિહિત ભાવવન્દનાનું કારણ થતી નથી માટે દ્રવ્ય વન્દના કહેવી. ભાવવન્દનાને યોગ્યઆત્માઓ જે વન્દના કરે છે તે પ્રધાન-વન્દના કહેવાય છે, અને તે સિવાયના જીવોને અપ્રધાન દ્રવ્ય વન્દના કહેવાય છે. **દ્રવ્ય શબ્દ અયોગ્યતામાં અને અપ્રાધાન્યમાં વપરાય છે.** ગાથા ૭.

અપ્રધાન-વંદનાનું સમર્થન.

અપુનર્બંધક-સમ્યગ્દ્રષ્ટિ અને ચારિત્રવંત આત્માઓથી પર—જે સકૃદ્બન્ધક આદિ જીવો છે, તેઓને ભાવવંદના-વિષયક-યોગ્યતાનો અભાવ હોવાથી ભાવવંદના હોતી નથી, પરંતુ યોગ્યતાના સદ્ભાવમાં ભાવવંદના થવામાં લેશભર વાંધો નથી. યોગ્યતાના સદ્ભાવમાં પૂર્વે જણાવેલાં ગુણગણનો આવિર્ભાવ થયેલો હોવોજ જોઇએ, અને તે તે ગુણોના અભાવમાં યોગ્યતાનો અભાવ માનેલો છે, આથીજ સકૃદ્બંધક આદિ જીવોને વંદના વિષયક થતી ક્રિયાઓને દ્રવ્ય વંદના કહેવાય છે. સિદ્ધિ-ગમન-યોગ્ય ક્રિયાના અભાવમાં અભવ્યાત્માઓ અનેકવાર નવગ્રૈવયેક સુધી પહોંચી શકે છે, પરંતુ સિદ્ધિ ગમન યોગ્ય ભાવવંદનાને અયોગ્ય હોવાથી દ્રવ્યવંદના (ભાવવંદનાના કારણભૂત દ્રવ્ય વંદના) નો પણ અભાવ કહેલો છે; અને આથીજ તે તે અયોગ્ય આત્માઓથી કરાતી દ્રવ્યવંદનાને શાસ્ત્રકારો અપ્રધાન વંદના જણાવે છે તે સમજવું પ્રાસંગિક છે. ગાથા ૮.

દ્રવ્યવંદનાના ચિન્હો.

દ્રવ્યવંદનાના અને ભાવવંદનાના ચિન્હોને જાણ્યા વગર તે બંન્નેમાં રહેલું અંતર અગર ફરક જાણી શકાતોજ નથી, અને તેથીજ આ પદ્યમાં દ્રવ્યવંદનાના અને ભાવવંદનાના ચિન્હો શાસ્ત્રકાર જણાવે છે, અર્થાત્ દ્રવ્યવંદના કરનારના ચિન્હોને અને ભાવવંદના કરનારનારાના ચિન્હોને સ્પષ્ટ કરે છે.

૧ દ્રવ્યવંદના કરનારને જિનેશ્વરં ભગવંત સમાન તે ભગવંતોના બિંબને વંદનાદિ ક્રિયા કરતી વખતે આ તરણુ-તારણ દેવાધિદેવજ છે, અને હું તરનારો છું ઇત્યાદિ ભાવ થતોજ નથી. ૨ ચૈત્યવંદનાની ક્રિયાને સફલીભૂત બનાવનારા-શાસનમાન્ય સૂત્રમાં કહેલ ભાવોને એક ચિત્તે શ્રવણ-મનન-પર્યાલોચન કરવું તે પણ તે કરતોજ નથી. ૩ વંદન કરવા યોગ્ય અરિહંતાદિ

પરમેષ્ઠિઓમાં રહેલા અરિહંતપણાને સિદ્ધપણાદિ પ્રત્યે અને તે તે પરમેષ્ઠિ-પદમાં બિરાજમાન તે તે ભગવંતોના અનેકાનેક ગુણ પ્રત્યે બહુમાનાદિ પણ તે કરી શકતોજ નથી. ૪ તે દ્રવ્ય-વન્દના કરનારને વન્દનાદિ ક્રિયા કરતાં પ્રમોદરૂપ પુનીત આશ્ચર્યભાવ પણ થતાંજ નથી. એટલે "અનાદિ અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં પ્રાપ્ત ન કરી શકાય તેવી જિનેશ્વર ભગવંતોના ચરણ કમળની વન્દના પ્રાપ્ત કરી છે." આવા ભાવને અનુસરતો અમોઘ-પ્રમોદરૂપ આશ્ચર્યાદિ પુલકિત હૃદયગતભાવ થતોજ નથી. ૫. વળી દ્રવ્ય વન્દના કરનારને સંસારના અનંત-પરિભ્રમણ સ્વરૂપ જન્મ-મરણાદિની ભવભય-ભિતિ પણ થતીજ નથી. ઉપર પ્રમાણે દ્રવ્ય વન્દનાના પાંચ ચિહ્નો છે. અર્થાત્ દ્રવ્ય વન્દના કરનારી દીન દશાનું અવલોકન ઉપર જણાવેલાં પાંચ ચિહ્નો દ્વારા દ્રવ્ય વન્દનારૂપે નિર્ણીત થાય છે, કારણ કે શ્રી અનુયોગ દ્વારમાં "अनुपयोगो द्रव्यमिति" એ વચનને અનુસારે જે ક્રિયામાં ઉપયોગજ ન હોય તેને દ્રવ્ય ક્રિયા કહેવાય છે. ઉપર જણાવેલાં પાંચે ભાવ-અભાવો અનુપયોગ સ્વરૂપે હોવાથી દ્રવ્યવન્દના કહેવાય છે. ગાથા ૯.

ભાવવન્દનાથી ભાવિત.

હવે ભાવવન્દનાનું સ્વરૂપ જણાવતાં થકાં શાસ્ત્રકાર જણાવે છે કે દ્રવ્ય વન્દનામાં જે પાંચ ચિહ્નો જણાવ્યાં તે ચિહ્નોનો વિપર્યાસ=વિપર્યય-ભાવ છે. તેને અનુસરવું તેજ ભાવવન્દના છે. વન્દના વિષયક ભાવ, વન્દના વિષયક સૂત્રાર્થનું પર્યાલોચન, ગુણાનુરાગ, વિસ્મય=આશ્ચર્ય, અને ભવભય આ પાંચે ભાવવન્દનનાં ચિહ્નો છે.

વન્દન કરવા યોગ્ય અરિહંત ભગવન્તો, સિદ્ધ ભગવન્તો, આચાર્ય ભગવન્તો, ઉપાધ્યાય ભગવંતો, શ્રમણ ભગવંતો, અને તે તે પરમેષ્ઠિ-ભગવંતોમાં રહેલું પરમેષ્ઠિપણું અર્થાત્ અરિહંતપણું-સિદ્ધપણું, આચાર્યપણું-ઉપાધ્યાયપણું, શ્રમણપણું; અને તે તે પરમેષ્ઠિપદે બિરાજમાન પરમેષ્ઠિઓના ગુણગણ પ્રત્યે બાહ્યથી ભક્તિ-પ્રતિપત્તિ સેવા વિનયાદિ તથા અભ્યંતરપણે આદર બહુમાનાદિ કરવો તેજ ભાવવન્દના-વિષયક ભાવ ચિહ્નનું પ્રથમપણું સમજવું. ૨. વન્દના કરવાના અવસરે તદ્વિષયક-ક્રિયાને અનુસરતાં બોલાતાં સૂત્રો, સૂત્રાર્થ, અને રહસ્યમાં વિવેક પૂર્વક તન્મય થઈ જવું તે બીજુ ચિહ્ન છે. ૩. તરણ-તારણ-દેવાધિદેવાદિ પંચ પરમેષ્ઠિ ભગવન્તોના ગુણગણ રાગમાં રંગાઇ જવું તે ગુણગણ રાગ નામનું ત્રીજું ચિહ્ન જાણવું ૪. વન્દના અવસરે થતાં ત્રૈલોક્યનાથ-ભગવંતના દર્શન, નમન, પૂજન, સેવનાદિ અને વન્દના રૂપ ક્રિયા કરતી વખતે સૂત્ર-સૂત્રાર્થાદિમાં તન્મયતા થવાથી ઉદ્ભવતાં અપૂર્વ અપૂર્વ ભાવોથી રોમરાજીનું વિકસ્વર થવું તે ચોથું ચિહ્ન છે, અર્થાત પૂર્વે આવો ભાવ પ્રાપ્ત થયોજ નથી, એ વિચારણાની સાથે આશ્ચર્યના આંદોલનોમાં ઓતપ્રોત થઇ જવું તે ચોથું ચિહ્ન છે. ૫. 'સંસારમાં જન્મવું અને મરવું' એ જન્મ મરણની જંજાળમાંથી છુટવાની અભિલાષા પૂર્વક મરણના ભય કરતાં જન્મના ભયની ભિતિ થવી, અર્થાત જ્યાં સુધી જન્મ બન્ધ નહિં થાય ત્યાં સુધી મરણના પંજામાંથી છુટવું મુશ્કેલ છે. આવી રીતિના અનુપમ

વિચારોથી ભવભિતિ થયાજ કરવી તે પાંચમું ચિન્હ છે. આ ઉપરથી ભાવ-વન્દનાથી ભાવિત થનારો ભવ્યાત્મા ભવ-ભયથી ઉદ્વિગ્ન થયેલો હોય છે, અને ભવવિરહ કરવાની ભવ્ય-ભાવનાદિ-ઉપાયોનું અહર્નિશ સેવન કર્યાજ કરે છે.

ભાવવન્દનાની વિશિષ્ટતા.

પૂર્વે જણાવેલાં દ્રવ્યવન્દનાના અને ભાવવન્દનાના ચિહ્નો વિચાર્યા છતાં શાસ્ત્રકાર બીજાં ચિહ્નો જણાવીને તે બન્નેના ભેદનું વધુ સ્પષ્ટી કરણ કરે છે. "भेदः प्रकारसादृश्ये" इति वचनात् આ સૂત્રથી જે જે જગોએ ભેદનું સ્પષ્ટીકરણ થતું હોય તે તે ભેદોમાં પ્રકારતા જુદી જણાય છતાં યત્કિંચિત્ અથવા થોડા વધુ પ્રમાણમાં દરેકે દરેક ભેદોમાં સાદૃશ્યતા=સરખાવટ રહેલીજ હોય છે. ચૈત્યવન્દન વિધિ કરવાને ઉજમાળ થયેલો ભવ્યાત્મા ભાવવન્દનાને અનુસરનારો હોય તો તે તે ક્રિયાઓના નિયતકાળને લક્ષ્યમાં રાખીનેજ નિયતકાળેજ વન્દનાદિ કરે છે. ત્રિકાલ-સંધ્યાદિની વન્દનાને તેજ અવસરે=શાસ્ત્રમાન્ય નિયત અવસરે કરે છે, અર્થાત્ નિયતકાલનું ઉલ્લંઘન કર્યા વગર વન્દનાદિ વિધિ વિધાન તે તે પુણ્યાત્માઓ સાચવે છે. એટલુંજ નહિં પણ આ અવસરે ભવભય નિવારણના અમોઘ રૂપ આ ક્રિયાઓજ આરાધન કરવા યોગ્ય છે, અર્થાત્ નહિં આરાધન કરવા યોગ્યથી વિરામ પામવું અને આરાધન કરવા યોગ્યનું સેવન તે તે અવસરેજ કરવું જરૂરીનું છે. તથા વિધિ-વિધાનના ક્રમને અનુસ્યૂત સંબંધે જાળવવું જરૂરીનું છે. એ રીતિએ વિવેકપૂર્વક ભાવવંદનાના વિધિક્રમને સાચવીને જન્મ કૃતાર્થ કરે છે. અને તેથી વિધિ ક્રમને સાચવનારો આ રીતિએ શાસ્ત્રવિહિત વિધિને સાચવે છે.

જિન મંદિરમાં પ્રવેશ કરનારો ભાવ વંદનાથી ભાવિત થનારો ત્રણ નૈષેધિકી, ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ, ત્રિવિધ પૂજા, ત્રણ અવસ્થા, ત્રણદિશિ-નિરીક્ષણ-વિરતિ, ત્રણ વખત ભૂમિ-પ્રમાર્જન, વર્ણાદિકત્રણ, ત્રણમુદ્રા; અને ત્રિવિધ પ્રણિધાનાદિ ઉપયોગપુરઃસ્સર સાચવવાનું ભૂલતોજ નથી. આ ત્રણ ત્રણ પ્રકારના દશ સ્થાનકોને જાણવાની વધુ અભિલાષાવાળાએ ચૈત્યવંદન ભાષ્યનું વિવરણ (ગાથા-૬-૭) વિચારવું.

ચૈત્યવંદ-વિષયક વિવિધ-સ્થાનોમાં મન-વચન-કાયાની એકાગ્રતા કરવી અર્થાત્ તે તે અવસરે તન્મય થવું તે તદ્ગત-ચિત્તાદિ પણ સમજવા અને ધારવા યોગ્ય છે. અને અંતિમ ચિન્હને જણાવતાં તદ્વૃદ્ધિ ભાવ જણાવે છે. એટલે **ભાવ વંદનાથી ભાવિત-થયેલા-ભવ્યાત્માને રોમરાજીનું વિકસ્વર થવું, ભક્તિ-ભાવનો અતિરેક થવો, સર્વસ્વ-સમર્પણ કરવાની ભાવનાઓનું પ્રવૃદ્ધમાન** થવું. ઈત્યાદિ ભાવો વધતાં-પરિણામથી તેઓ આગળ કૂચ કરે છે, અને દ્રવ્યવંદના કરનારને તેવાં ભાવોનો સર્વથા અભાવજ હોય છે. આ રીતિએ ભાવવંદનામાં અને દ્રવ્યવંદનામાં આટલો વિશેષઃ ફરક રહેલો હોય છે તે વિવેકશઃ વિચારણા કરવાથી સ્પષ્ટ સમજાય છે. ગાથા ૧૦.

ભાવવૃદ્ધિ-લિંગની પ્રાધાન્યતા.

ભાવવંદનામાં જણાવેલાં ચિન્હો વિષે ભાવવૃદ્ધિ-લિંગનું બલવત્તરપણું છે. ભાવવંદનાના અધિકારિ જીવો (અપુનર્બંધક આદિ જીવોને)ને

શુભ અધ્યવસાય રૂપ ઉત્પન્ન થતો ભાવ અનુક્રમે પ્રાયઃ પ્રશસ્ત પરિણામ રૂપ ભાવને ઉત્પન્ન કરેજ જાય છે. અને તેથીજ પૂર્વે જણાવેલાં સર્વલિંગો કરતાં ભાવવૃદ્ધિ એટલે રોમરાજીનું વિકસ્વરાદિ થવું, તથા સાથે સાથે ઓટ વગરની ભક્તિના ભરપુર ભવ્ય કલ્લોલરૂપ ભરતી થયાંજ કરવી. આ ઉપરથી શુભ ભાવની પ્રાપ્તિથી અને શુભ ભાવના પ્રકર્ષપણાથી શુભ ભાવનો સદ્ભાવ થતાં શુભ ભાવની વૃદ્ધિની સળળ સત્તા વિશાળપણે વિસ્તરે તેમાં નવાઇજ નથી. અથવા એકવાર ઉત્પન્ન થયેલો ભાવ અન્ય-ભાવને ઉત્પન્ન કરે છે, અને અન્ય ભાવથી અન્ય ભાવની પરંપરાએ ભાવવૃદ્ધિની દીર્ઘ પરંપરા તથા ભાવવૃદ્ધિની સળળ-સત્તાનું વિશાળપણું લાંબા કાળે વિસ્તારપણાને પામે છે. ગાથા ૧૧.

અમૃત સાથે શુભ ભાવની સરખામણી.

શુભ ભાવને અમૃત સાથે સરખાવતાં શાસ્ત્રકાર જણાવે છે કે-જેવી રીતે અમૃત પરિણામ પામેલ નથી એવા માંસ-ચરબી-રૂધિર આદિ સપ્ત ધાતુથી પરિણામ પામેલા શરીરમાં અમૃત પરિણામ પામે છે તે શરીર સૌષ્ઠવ-દીપ્તિ-કાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-આરોગ્ય આદિ શુભ ભાવોથી આવિર્ભાવ થાય છે. તેવીજ રીતે આ દૃષ્ટાન્તને લક્ષ્યમાં રાખીને અમૃત સદૃશ-શુભભાવ એજ અજરામરપણે=જન્મ જરામરણ રહિતપણે મોક્ષ પ્રાપ્તિનું અવન્ધ્ય કારણ બને છે. સકલ કર્મનો સર્વથા ક્ષય કરવામાં અપુનર્બંધકાદિ અવસ્થામાં ઉત્પન્ન થતો શુભ ભાવ સ્વરૂપજ અમૃત મોક્ષ સ્વરૂપ=અજરામર સ્થાન સિદ્ધિને પ્રાપ્ત કરાવે છે.

અમૃત પરિણામ પામેલી શરીર-અવસ્થા અને અમૃત પરિણામ નહિં પામેલો પૂર્વ શરીર-અવસ્થામાં જેમ આટલો ફરક પડે છે, અર્થાત્ અમૃત પરિણામ પામવાની સાથેજ સાથે શરીરમાં આવિર્ભાવ થવા લાયકની સઘળી કાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-આરોગ્યાદિ ભાવ સંપત્તિઓનો આવિર્ભાવજ થાય છે. આ આવિર્ભાવ થતાં શુભ ભાવને અમેજ અમૃતરૂપ જણાવીએ છીએ એમ નહિં, પણ જૈનેતર શાસન માન્ય-પાતંજલાદિ-શાસ્ત્રકારો પણ તેજ વાતને પોતાના ગ્રંથમાં પ્રતિપાદન કરે છે. ગાથા ૧૨.

વેલા વિધાનાદિનું સમર્થન.

ભાવ-વન્દના વિષયક-ભાવવૃદ્ધિ સિવાયના લિંગો (નિયત કાલે આરાધન કરવું વિગેરે) નું સમર્થન કરતાં જણાવે છે કે મન્ત્ર વિદ્યાદિની સિદ્ધિ કરનાર અર્થિઓએ તે તે મંત્ર વિદ્યાની પ્રસિદ્ધ વિધિ વિધાન અવસર સામગ્રીનું સેવન કરવાથીજ ઇષ્ટ મંત્ર વિદ્યાદિની સિદ્ધિ થાય છે તે ધ્યાનમાં રાખવું જરૂરીનું છે, તેવીજ રીતે કલ્યાણના અર્થિ-ભવ્યાત્માએ મન્ત્રાદિ વિધાન કરતાં પણ ભાવવન્દનાનાં અધિક-અધિકતર ભાવથી અર્થાત્ વિશિષ્ટ-વિશિષ્ટતર-ભાવથી નિયતકાલ-તદ્ગત-ચિત્તાદિમાં ઉદ્યમ કરવો જરૂરી છે. આ લોકના અર્થિઓ નાશવન્ત પદાર્થની પ્રાપ્તિમાં મંત્ર-વિદ્યાની સાધનામાં અસ્ખલિતપણે ઉદ્યમવંત હોય તો પછી સ્વર્ગ-અપવર્ગ-પ્રાપ્તિના ઉમેદવારોએ અમોઘ સાધન રૂપ ભાવવન્દનામાં અધિક-અધિકતર-અધિકતમ ઉદ્યમ અપ્રમત્તપણે કરવો જરૂરી છે. આજ

વાતને નવાંગી-વૃત્તિકાર શ્રીઅભયદેવ સૂરીશ્વરજી-સ્પષ્ટ કરે છે-" भवति हि विशिष्ट-फलार्थिनां विशिष्ट-फल हेतौ तदन्यापेक्षया विशिष्टो यत्न इति " સામાન્ય કાર્ય સિદ્ધિમાં સેવન કરાતાં સામાન્ય-હેતુ વિષયક જે યત્ન=ઉદ્યમ હોય છે, તેની અપેક્ષાએ વિશિષ્ટ કાર્ય સિદ્ધિમાં સેવન કરાતાં વિશિષ્ટ હેતુ વિષયક ઉદ્યમ અધિક-અધિકતર અધિકતમ હોવોજ જોઇએ. અર્થાત્ વિશિષ્ટ-કાર્ય-સિદ્ધિમાં વિશિષ્ટ હેતુ, વિશિષ્ટ સાધન-સામગ્રી સંયોગાદિ દ્વારા વિશિષ્ટ પ્રયત્નજ કાર્ય સાધક બને છે એ ભુલવા જેવું નથી. નિયતકાલે થતી આરાધનાનું સેવન કરવું વિગેરે લિંગોના સદ્ભાવમાં ભાવવન્દનાનો સદ્ભાવ છે. આ રીતિએ ભાવવન્દનાના વેલાવિધાનાદિ લિંગોનું સમર્થન કર્યું છે તે ધ્યાનમાં રાખવા જેવું છે. ગાથા ૧૩.

ભાવવન્દનામાં અધિક-પ્રયત્નની જરૂર.

મન્ત્રાદિ વિધિવિધાનના સેવન કરતાં 'પરમ-પુરૂષાર્થરૂપ નિર્વાણ-પ્રાપ્તિના અમોઘ કારણ રૂપ ભાવવન્દનામાં અધિકતર-ભાવથી ઉજમાળ થવું, અને તે માટે " एत्तोऽधिगभावाओ " ઇત્યાદિ પદો પૂર્વ પદ્યમાં શાસ્ત્રકારે જણાવ્યાં હતાં તેનું સમર્થન કરે છે.

અણિમા-લઘિમાદિ અષ્ટ મહાસિદ્ધિની અપેક્ષાએ આ પરમસિદ્ધિ રૂપ=પ્રધાનપુરૂષાર્થ નિષ્પત્તિ નિર્વાણની પ્રાપ્તિ આ ભાવવન્દનાના ભાવિત-આત્માઓને પ્રાપ્ત થાય છે. અને તેથીજ મંત્ર-વિદ્યા અગર અષ્ટ સિદ્ધિના વિધિ વિધાનના સેવન કરતાં અંતિમ ફલના અર્થિઓએ પરમ સિદ્ધિરૂપ મોક્ષ પ્રાપ્તિના અવન્ધ્ય કારણરૂપ ભાવવન્દના-વિષયક લિંગોના સેવનમાં અધિક-અધિકતર-લીન થવુંજ જરૂરીનું છે.

જેવી રીતે વિદ્યાને સાધનારાઓ, મન્ત્રના ઉપાસકો અને અણિમાદિની સિદ્ધિ કરનારાઓ આલસ્ય રહિતપણે વિદ્યા-મન્ત્ર-સિદ્ધિની પ્રાપ્તિ કરે છે, તેવીજ રીતે ભવ ભયને સર્વથા નાશ કરનારી અને પરમ સિદ્ધિ સ્વરૂપ નિર્વાણપદની પ્રાપ્તિ કરાવનારી ભવ્ય ભાવવન્દનાનું આલસ્ય રહિતપણે અધિકતમ પણ ઉદ્યમ કરવું જરૂરીનું છે. એટલુંજ નહિં પણ ભવ્યાત્માએ પૂર્વે જણાવેલાં ભાવ વન્દના વિષયક-સર્વ લિંગોના સ્વરૂપમાં ઓતપ્રોત થઇ જવું જરૂરીનું છે. આ ઉપરથી આ પદ્યદ્વારાએ મંત્ર-વિદ્યાદિ સાધના કરતાં ભાવવન્દનાની સાધના અધિકપણે સાધવા યોગ્ય છે. એ જણાવી દીધું. અને સાથે સાથે ભાવવન્દના વિષયક ફલ પ્રાપ્તિનું આધિક્યપણું હોવાથી તદ્વિષયક સર્વ ચિહ્નો અને સર્વ ચિહ્નો વિષયક-પ્રયત્નાદિ અધિક-અધિકતર-અધિકપણે કરવા યોગ્ય છે એમ પણ જણાવી દીધું ગાથા ૧૪.

વન્દનાથી ઉભય-ફલ-પ્રાપ્તિ.

ભાવવન્દનાથી ભાવિત થનારને પારલૌકિક-ફલ રૂપ પરમસિદ્ધિ=નિર્વાણજ પ્રાપ્ત થાય છે, પરંતુ ઇહલૌકિક ફલ પ્રાપ્ત થતું નથી એવી શંકાદિ કરનારને શાસ્ત્રકાર જણાવે છે કે ઉભય ફલની પ્રાપ્તિનાં અમોઘ કારણ રૂપ આ વન્દના છે. અવશ્યં વેદવા યોગ્ય નિરૂપક્રમ કઠિન કર્મના ઉદયથી આ લોક સંબંધિ ધન ધાન્યાદિની ઘણું કરીને હાનિ દેખાય છે, અથવા તો હાનિ થવાનો સંભવ જણાય છે. પરંતુ અવસર ઉચિત ભાવ-વન્દનાના ભાવિત-ઉદ્યમવન્ત જીવોને ઇહ લોક સંબંધિ ધન ધાન્ય શરીરાદિ સંપત્તિઓની હાનિ થતી નથી અને પરલોકમાં સુંદર ગતિ સાધન સામગ્રી સંયોગાદિ વિશિષ્ટ વસ્તુ-

(ચાલુ.)

ત્યાંથી વિહાર કરીને **બેટાવદ** આવવાનું થયું. ૪૦ ઘરની વસ્તી છે, અને નવીન ગૃહ મંદિરમાં ભગવાન્ બિરાજમાન કરવાના હતા, તેથી શુભ મુહૂર્તે બિરાજમાન થયેલા ભગવંત ઉપર પૂ. પંન્યાસ પ્રવરશ્રીના વરદ હસ્તે વાસક્ષેપાદિની શુભ ક્રિયા થઈ. સંઘે શ્રી નવપદજીની પૂજા ભણાવી હતી. **કલમસરા** તથા **આમલનેર**થી આવેલ ભાઇઓએ પોતાના ગામ પધારવાની વિનંતિ કરી. ત્યાંથી વિહાર કરી બે દિવસ **કલમસરા** થઇને **સીરસાળા** આવવાનું થયું. ત્યાં એક દિવસ સ્થિરતા કરીને માહ વદ ૧૦ ના અમલનેર પૂર્વ-ખાનદેશમાં આવવાનું થયું. અત્ર સો ઘરની વસ્તિમાં લગભગ નાના મોટા પાંચસો ભાઈ બ્હેનો મંદિર-માર્ગી છે. ત્રણ મજલાવાળું નવીન મંદિર લાખોના ખર્ચે તૈયાર થયેલ છે. **પ્રાતઃ સ્મરણીય પૂજ્યપાદ શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી વિરચિત શાસ્ત્રવાર્તા-સમુચ્ચયનો શ્લોક-"દુઃખં પાપાત્" અર્થાત્ "ધર્મ સંચય કરવાની અનિવાર્ય જરૂર"** એ વિષય ઉપર એક મહિનાથી નવ-નવીન ભાવોને પોષક-વ્યાખ્યાન-વાણી શરૂ છે. **પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીની વ્યાખ્યાન-સુધાવાણીથી સિંચાયેલા શ્રી સંઘે સામુદાયિક આરાધના કુંકુંમ પત્રિકા કાઢીને કરવા કરાવવાનો નિશ્ચય કર્યો છે.** નવ દિવસ આંગી-પૂજા-પ્રભાવના-આયંબીલ-ભાવના-જન્મ કલ્યાણકનો વરઘોડો. ચૈત્રી-દેવ-વન્દ-અત્તરવાયણા-પારણાદિ શુભ ક્રિયાઓ થનાર છે, માટે લાભ લેનારાઓને પધારવા શ્રી સંઘના તરફથી વિનંતિ છે.

[પાછલ પેજ ૧ થી ચાલુ]

આરાધનાથી આરાધકો ત્રિકાળવર્તિ, સર્વ-ક્ષેત્રવર્તિ, સર્વ-અવસ્થાવર્તિ-અરિહંતોની આરાધનાનું અમોઘ કાર્ય કરીને આરાધ્ય કક્ષાની અભિમુખ થવાની યોગ્યતા સિદ્ધ કરે છે.

આ પ્રથમ પરમેષ્ઠિ-પદની અમોઘ આરાધનાના અગમ્ય-રહસ્યનું આસ્વાદન કરીને આરાધકો અનુક્રમે સિદ્ધપદની, આચાર્યપદની, ઉપાધ્યાયપદની, અને સાધુપદની આરાધનાદ્વારાએ ત્રિકાળવર્તિ, સર્વ-ક્ષેત્રવર્તિ, સર્વ-અવસ્થાવર્તિ-પરમેષ્ઠિ-ભગવંતોની સેવનાનો સુંદર લાભ ઉઠાવે છે.

વ્યક્તિ અને નામના મોહને છોડ્યા વગર, ક્ષેત્ર અને કાળની ભાંજગડને ભાંગ્યા વગર, શરીરની ઉંચાઇ અને નીચાઇનું નિર્માણ કરવાની કુટેવને તિલાંજલિ આપ્યા વગર, શરીરના વર્ણ અને અવસ્થાને વિસ્મરણ કર્યા વગર, અને ગચ્છ કે સમુદાયની સાદી સમજને દૂર કર્યા વગર **આરાધ્ય પદે સ્થિત થયેલા અરિહંતોનું અરિહંતપણું, સિદ્ધ-ભગવંતોનું સિદ્ધપણું, આચાર્ય ભગવંતોનું આચાર્યપણું, ઉપાધ્યાય ભગવંતોનું ઉપાધ્યાયપણું અને સાધુ ભગવંતોનું સાધુપણું સમજવું** એ સેંકડો બોધ દૂર છે.

卐

સુધા-વર્ષા.

આલેખનકારઃ—સુધાવર્ષી–પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૫૯૧. પરનિન્દાદિ પાપમય-વિચારોથી પરાઙ્મુખ થઈને હૃદ્ય-હૃદય-કમલને વિષે અરિહંતાદિ નવ-પદનું ધ્યાન ધરો.

૫૯૨. જે દેશમાં શ્રી વીરવિભુનું તીર્થ ઉત્પન્ન થયું, અને જગત્માં જે દેશમાં વિસ્તાર પામ્યું તે દેશને ગીતાર્થ-ભગવંતો વિશેષપણે તીર્થ કહે છે.

૫૯૩. શ્રેણીક જેવો સેવક વર્તમાન શાસનમાં થયો નથી અને થવાનો નથી; કે જેણે શ્રી વીરવિભુના ચરણકમલની વિધિપૂર્વક ઉપાસના કરીને સમાન સંપત્તિને અનુકુળ-એવું તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

૫૯૪. "શાસનના માલીક પ્રથમ ગણધર ભગવંત શ્રી ગૌતમ સ્વામિજીનું આગમન શ્રવણ કરીને શાસન-રસિક-શિરોમણિ-શ્રેણીક-મહારાજા સકલઋદ્ધિથી પરિવરેલા પરિવાર સાથે અને પોત પોતાની ઋદ્ધિ અનુસાર તૈયાર થયેલા-જનસમુદાય સાથે વગર વિલંબ આવી પહોંચે છે." આ પ્રસંગને અનેક વખત શ્રવણ કર્યા છતાં શાસન સંચાલકોના આગમનાદિ શ્રવણ કરીને પણ આલસ્યાદિમાં ઓતપ્રોત થનારાઓ ધર્મ-ધર્મિ-કે ધર્મ સાધનની વાસ્તવિક કિંમત સમજી શકયાજ નથી, એ કહેવું અત્ર પ્રાસંગિક છે.

૫૯૫. પંચવિધ-અભિગમ-સાચવીને, ત્રણ પ્રદક્ષિણા દેઇને, અને શાસન-માલીક-શ્રીગૌતમ-સ્વામિજીના ચરણકમલોને બહુમાનપૂર્વક નમસ્કાર કરીને ઉચીત જગોએ શાસનરસિક શિરોમણિ શ્રેણીક બેસે છે, આ પ્રસંગનું પુનીત-પર્યાલોચન કરનાર-વિધિ-વિધાન-રસિકોને દેશના ભૂમિમાં પ્રવેશાદિની વિધિપુર-સ્સરની પુનીત પ્રેરણાઓ પ્રાપ્ત થાય છે.

૫૯૬. સંસારરસિક-આત્મઓના મગજમાં એક ખુમારી છે કે "પૈસાથી સંસારની સર્વ સામગ્રીઓ મળે છે." આ વાતને અને આ વાતની ખુમારીને તિલાંજલિ આપતાં શીખો, કારણ કે ધનપ્રાપ્તિ, પ્રાપ્ત થયેલા ધનનો ટકાવ, અને વૃદ્ધિ આદિ ધર્મની આરાધનાથો ઉત્પન્ન થયેલા અખંડ પુણ્યથીજ થયેલ છે એ સમજતાં શીખો.

૫૯૭. 'ધનથી બધું મળે છે' એવું કહેનારાઓને કહી દે જો કે મનુષ્યભવની પ્રાપ્તિ, આર્ય દેશમાં જન્મ, દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ, પાંચ ઇન્દ્રિયોની વાસ્તવિક-શક્તિ-સાથની સંપૂર્ણતાની સપ્રાપ્તિ નિરોગીપણાની પ્રાપ્તિ, ઉત્તમ કુળમાં-ઉત્તમ જાતિમાં અવતરવાનો અમોઘ લાભ, દેવ-ગુરૂ-ધર્મની જોગવાઈ મળી જવી, પંચપ્રમાદ રહિત વીતરાગ વાણીનું શ્રવણ થવું; અને ધર્મારાધનમાં ઉદ્યમવંત થવું આદિ સઘળી સામગ્રીઓ પુણ્યથીજ પ્રાપ્ત થાય છે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.

પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

પ.પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિ
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૯

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ આ૦ બો૦ મઙ્ગલમ્ ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —**આ. બો.**

સાધર્મિકનું સગપણ.

આલેખનકાર:—**સુધાવર્ષી=પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.**

ત્રૈલોક્યનાથ તીર્થંકર-ભગવંતોએ **સાધર્મિક-વાત્સલ્યને શ્રેષ્ઠતમપણે પ્રરૂપેલું** છે. અને આજ વાતને **વિજયરત્નશેખરસૂરીશ્વરજી** પણ શ્રી શ્રીપાલ ચરિત્રના ૨૨૮ મા પદ્યમાં આ રીતિએ જણાવે છે—

तम्हा तुम्हं जुज्जइ, एसिं साहम्मिआण वच्छल्लं ।
काउं जेण जिणिंदेहिं वन्निअं उत्तमं एयं ॥ २२८ ॥

ભાવાર્થ:—જ્યારે શ્રી શ્રીપાલને અને મયણાને સકલ સંઘ સમક્ષ સકલમનોવાંછિત-પૂર્વક શ્રી સિદ્ધચક્ર યંત્રની આરાધના, આરાધનનો વિધિ, આરાધનના નિયત દિવસો, આરાધનનો મહિમા, આરાધન કરનારે રાખવું જોઇતું વર્તન, અને આરાધના દ્વારા પ્રાપ્ત થતાં અનંતર-પરંપર ફલ જણાવી દીધાં, ત્યારે તે અવસરે શ્રાવક-શ્રાવિકાને તે પૂજ્ય-સૂરીશ્વરજીએ જણાવી દીધું કે-"તમારે પણ આ બંને સાધર્મિકોનું યોગ્ય વાત્સલ્ય કરવું જ જોઇએ. કારણ કે **જિનેશ્વર ભગવંતોએ સાધર્મિક-વાત્સલ્યનું પ્રધાનપણે સમવસરણમાં પ્રરૂપણ કરેલું છે.**" તે વાતને સાંભળતાં તે અવસરે શ્રાવક-શ્રાવિકાઓએ રહેવાની, પહેરવાની, ખાવાની, પીવાની અને આરાધન-કરવાની સકળ સંયોગ સાધન સામગ્રી પુરી પાડેલી છે.

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જો.]

વી. સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪
વર્ષ ૧૪-અંક ૮.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

(૧૮૪ મા પાનાથી ચાલુ)

વિ. છઠ્ઠને પારણે છઠ્ઠ કરનારા વર્ષી તપના તપસ્વિ ભાઇએ પારણાના દિવસે ગોધરાના આંગણે ૭૫૦) ઉપરાંત ભાઇ બ્હેનોના સ્વામિ વાત્સલ્ય થાય એ ભાવનાથી રૂા. ૨૦૧) બસોને એક રૂપીઆ અમલનેરની ટીપમાં ભરાવ્યા છે. આ આપત્તિકાળમાં અનાજની ભારે તંગીના સમયમાં આ ભાઇએ ઉચીત કર્યું છે. એમ કહ્યા વગર ચાલે તેમ નથી.

તા. ૨૬ મી માર્ચ ૧૯૪૮ના રોજ ગોધરા (પંચમહાલ) માં જે અગ્નિતાંડવ થયું, અને જૈન જૈનેતરોને ક્રોડોનું નુકશાન થયું છે, તેની હિન્દુસ્તાનના સકળ સંઘે ખેદપૂર્વક ભારે હમદર્દી બતાવી છે. એટલુંજ નહિં પણ આ આકસ્મિક સંયોગોમાં સપડાઈ ગયેલા અને નિરાધાર બનેલા જૈન ભાઇ બ્હેનો પ્રત્યે ખાવા, પીવા, પહેરવા, ઓઢવા અને વસવા સંબંધિની સગવડ કરી આપવા માટે તન, મન, ધન સમર્પણ કરવા ઉજમાળ થયા છે, તેઓની ભૂરિભૂરિ અનુમોદના કરીએ છીએ. એટલુંજ નહિં પણ સાધર્મિકના સગપણ જેવું સગપણજ નથી એ બતાવવાનો અમોઘ અવસર કોઇપણ સંઘની વ્યક્તિઓ ભૂલશેજ નહિં. શક્તિસંપન્ન આત્માઓએ આ પ્રસંગે છૂટે હાથે દાન કરીને ભક્તિપૂર્વક તન, મન, ધનથી અને તેટલું કરી છૂટવા ભલામણ છે. અત્યાર સુધીમાં જે જે સંઘના ભાઇઓએ ગોધરાના નિરાધાર જૈન ભાઇ બ્હેનો માટે કર્યું છે, કરી રહ્યા છે અને કરશે તે સર્વની અત્ર અનુમોદનાપૂર્વકની નોંધ લઇએ છીએ.

ગોધરાના જૈનો માટે અમદાવાદ, મુંબઇ, સુરત, અછારી, વાપી, દમણ, નવસારી આદિ અનેક ગામના આગેવાનો દિલસોજીપૂર્વક આ કાર્ય પાર પાડવા ભારે રસ લઇ રહ્યા છે તેની અનુમોદનાપૂર્વક તે કાર્યને તુરત પાર પાડવા ઉદ્યમશીલ રહેલા ભારપૂર્વક ભલામણ કરીએ છીએ. એજ.

[અનુસંધાન ટાઇટલ પેજ ૧ થી ચાલુ]

આ પ્રસંગને સ્મૃતિપટ પર સ્થિર કરીને આજના દુઃષમકાળમાં નિરાધાર બની ગયેલા શ્રાવક-શ્રાવિકાઓ માટે તન-મન-ધન સમર્પણ કરવાનો, કરાવવાનો અમોઘ અવસર શ્રીમંતો અને ધીમન્તોએ ભુલવા જેવો નથી, અને તે સિવાયનાઓએ અનુમોદનનો પણ લાભ લેવો.

પરમાત્મ-શાસનના પરમ પ્રેમાળ-**પંજાબના જૈન ભાઇઓ** માટે હજુ સકળ સંઘે કરવા લાયકનું કાર્ય પુરું કર્યુંજ નથી, તેટલામાં તો **ગોધરાના ગર્ભ શ્રીમંતો** પણ કોમી હુતાશનની કારમી આગમાં સર્વસ્વ ગુમાવી બેઠા છે. તેવા નિરાધાર ભાઈ-બ્હેનો માટે **સઘળાંએ સગપણ કરતાં સાધર્મિકનું સગપણ શ્રેષ્ઠતમ લાભદાયિ સ્વીકારીને** જે જે સંઘના આગેવાનો **ઉદ્યમ** કરી રહેલા છે તે **અનુમોદનીય** છે.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૪.	વૈશાખ-માસ.	તંત્રીઃ
અંક ૮ મો.	તા. ૧૭-૫-૪૮.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ--પૂ. આગમોદ્ધારક-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૦ ના સુરત મુકામે શેઠ નેમુભાઈની વાડીના ઉપાશ્રયમાં ચાતુર્માસ દરમિયાન પૂ. દેશનાકારે શ્રીધર્મરત્ન-પ્રકરણ સંબન્ધિ અમોઘ-દેશના આપી હતી, તેનો સારભૂત સંચય પૂ. પં. શ્રી હેમસાગરજી ગણિએ કરેલો તે તેઓશ્રી પાસેથી મેળવીને પૂ. પંન્યાસપ્રવરશ્રી-ચન્દ્રસાગરજી-ગણીન્દ્ર પાસે પ્રેસકોપી વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે, છતાં પૂ. દેશનાકારના આશય-વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ અદત્ત તેઓશ્રીની અત્ર અમો ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. શ્રવણ-જ્ઞાનભૂમિના સ્પર્શનની સુલભતા.

૨. વિજ્ઞાનભૂમિ પ્રાપ્તિની અતિ દુર્લભતા.

૩. શ્રવણભૂમિ અને જ્ઞાનભૂમિની પ્રાપ્તિ પણ અનંતા જન્મોએ મળે છે.

૪. સારાયે ભવચક્રના હિસાબે મેરૂ-પર્વત જેટલા ઓઘા-મુહપત્તિ કર્યા છે એવું કહેનારાઓને સાદી શિખામણ.

૫. એક જન્મમાં પ્રાપ્ત થયેલ રજોહરણને ફરી પ્રાપ્ત કરવામાં કેટલો કાળ વ્યતીત થાય છે તે સમજવાની જરૂર.

૬. પલ્યોપમકાળના આયુષ્યો આગળ માનવ જીવનનું વર્તમાનકાલીન આયુષ્ય એ વિજળીના ઝબકારાથી પણ ઓછું છે.

૭. વિજ્ઞાનભૂમિનું સ્પષ્ટ દિગ્દર્શન.

૮. "આરંભ પરિગ્રહ ત્રિવિધે ત્રિવિધે છોડવા લાયક છે" એવું કહેવું અને કરવું તેમાં આસ-જમીનનું આંતર છે.

૯. પરિગ્રહને પાપ કહેવું એ જેટલું સહેલ છે, તેટલું પરિગ્રહ વધે હું પાપમાં વધુ છે એ સમજવું અને માનવું પણ મુશ્કેલ પડે છે.

૧૦. વધુ પરિગ્રહથી વધુ પાપ રૂપ ગુમડાં છે એ સમજો.

૧૧. દુઃખીના દુઃખની ઉપેક્ષા કરવી એજ કર્મ બંધનનું કારણ છે.

૧૨. શબ્દ-દૃષ્ટ અને અર્થ-દૃષ્ટિના ફરક સમજો.

૧૩. શબ્દ-દૃષ્ટિના શિખરે ચઢેલાઓને અર્થ-દૃષ્ટિનું આંગણું ઓળખાતું નથી.

અનંત જન્મોએ શ્રવણ અને જ્ઞાન.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મોપદેશ દેતાં થકાં ધર્મરત્ન પ્રકરણમાં શ્રાવકને લાયકના ૨૧ ગુણ અને તેનું વર્ણન તથા તેના દ્રષ્ટાંતો આગળ જણાવી ગયા. તે જણાવવાથી સહેજે શ્રોતાને શ્રવણ ને જ્ઞાન એ બે ભૂમિકા પ્રાપ્ત થઇ શકી, કારણ કે સંજ્ઞી પંચેંદ્રિય મનુષ્યને ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવાની તાકાત સ્વાભાવિક હોય છે. તે પુદ્ગલોને પોતાના અર્થને અર્થપણું હોવાથી સહેજે જણાવે છે. શબ્દનો અર્થ માલમ પડવાથી શ્રવણ ને જ્ઞાન બે ભૂમિકા સહેજે પ્રાપ્ત થાય છે. તે બે ભૂમિકા આ જીવને પણ પૂર્વ ભવની અપેક્ષાએ અને ઇતર જીવોની અપેક્ષાએ શ્રવણ ને જ્ઞાન મુશ્કેલ છે. છતાં સંજ્ઞીપણાને લીધે અને આર્યભૂમિને લીધે તે બન્નેની પ્રાપ્તિ સહેલી માલમ પડે છે. હવે પહેલાની અપેક્ષાએ શ્રવણને જ્ઞાન મુશ્કેલ માનવામાં આવે છે, પણ અનંતી વખત તે મળી ગઈ છે. શ્રવણ ને જ્ઞાન ભૂમિકા અનંતી વખત મળી ગઈ છે, પરંતુ નવી નથી. એક બાજુ મુશ્કેલ કહો છો એક બાજુ અનંતી વખત મળી છે. આ બે વાત મળે શી રીતે ? અનંતાનંત ભવોમાં અનંતી વખત મળેલી ચીજ મુશ્કેલ ગણાય કે નહિં ? શ્રવણ ને જ્ઞાનભૂમિકાનું મળવું તે પણ અનંતા જન્મોએજ હોય છે. આવી રીતે મેરૂ જેટલા ઓઘા–મુહુપત્તિ કર્યા કહીએ છીએ, તે આખા ભવચક્રને મેળવીને કહીએ છીએ.

પ્રાપ્તિ થવી દુર્લભ છે.

એક મલ્યો ને બીજો મળવામાં આંતરૂં કેટલું ?, વનસ્પતિકાય જે મોક્ષે જવાના હોય તેને અર્ધપુદ્ગલમાં નિકળવાનું હોય છે. જેઓ સમ્યકત્વ પામેલા ન હોય તેને વનસ્પતિમાં ઉતર્યા પછી સહેજે અર્ધપુદ્ગલમાં નિકળવાનું હોતું નથી. પહેલા સમ્યકત્વ પામેલો તે અર્ધ-પુદ્ગલમાં જરૂર નિકળે. અઢી આવલિકામાં જેટલા સમય તેટલા પુદ્ગલ પરાવર્તો રખડી મરવું પડે. આપણને અર્ધપુદ્ગલ ભયંકર લાગે છે. એક આંખ મીંચી ઉઘાડીએ તેમાં અસંખ્યાતા સમય. બે ઘડીમાં જે **एगाकोडिसतसट्ठी लक्खा सत्तहुत्तरी सहस्सा या दोय सया सोलहिवा आवलिया इगमुहुत्तम्मि** ॥१॥ આ કહીને એક મુહૂર્તમાં આવલિકાઓનું પ્રમાણ કહ્યું છે. એક કોડ સડસઠ લાખ સત્યોતેર હજાર બસો ને સોળ આવલિકા એક મુહૂર્તમાં થાય છે. તેટલી અઢી આવલિમાં જેટલા સમયો તેટલા પુદ્ગલ પરાવર્તો–વનસ્પતિમાં સમ્યકત્વ પામ્યા વગરનો જીવ રખડે. એક સમયે એક પુદ્ગલ પરાવર્તનો કાલ સમ્યકત્વ પામ્યા વગરનો જીવ વનસ્પતિમાં ઉતરી ગયો અને રખડી મર્યો. અહીંના સમ્યકત્વનો મહિમા ત્યાં કેટલો કામ લાગ્યો. સમ્યકત્વ પામ્યા વગર જે વનસ્પતિમાં ઉતરી ગયો તો અઢી આવલિમાં જેટલા સમય તેટલા પુદ્ગલ પરાવર્તો વનસ્પતિમાં રખડયા કરે. તેટલા પુદ્ગલ પરાવર્તો કરતાં દ્રવ્ય ઓઘામુહપતી કઇ દિશામાં ? એ પુરા કરે ત્યારે બાદર નિગોદમાં આગળ આવે. તેમ રખડતો રખડતો મનુષ્યમાં આવે ત્યારે તેમાંનો ઓઘો કોઈ વખત મેળવે. ઢગલા કરેલા ઓઘા મુહપત્તીનો કાળ તેની વચમાં આંતરૂં સમજ, કારણ કે દ્રવ્યથી લેવાયેલા ચારિત્રમાં આંતરૂં છે. તેમ શ્રવણને જ્ઞાન ભૂમિકા એવા આંતરેજ મળી છે. દુર્લભ છે કે નહિં ? અનંતી વખત કેમ ? આ જીવ કેટલી વખત તેમ ભટકયો. અનંતાનંતી વખત આ જીવ એવી

રીતે તેવી રીતે ભટક્યો છે. તેમાં માત્ર મેરૂપર્વત તે સંખ્યાતિ ચીજ લાખ જોજન ઉત્કૃષ્ટુ સંખ્યાતું, તેથી આગળ ઉત્કૃષ્ટુ અસંખ્યાતું, તેથી આગળ ઉત્કૃષ્ટુ અનંતુ તેથી આગળ અનંતાનંત વખત મળેલું શ્રવણ જ્ઞાન ઓઘા-મુહપત્તી. આમ સમુદાયે ભલે ઘણું લાગે, પણ એક એકનું આંતરૂં વિચારીએ. એક ચારિત્રને બીજું ચારિત્ર એક શ્રવણને બીજું શ્રવણ, એક એક જ્ઞાનને બીજું જ્ઞાન તે વચ્ચેનું આંતરૂં વિચારીએ તો પૂર્વ ભવની અપેક્ષાએ પ્રાપ્તિ થવી દુર્લભ હતી.

વિજળીના ઝબકારા જેવું જીવન.

એ બે ભૂમિકા દૂર્લભ છતાં વર્તમાન ભવની અપેક્ષાએ સંજ્ઞી પંચેન્દ્રિયપણું પામ્યા પછી શ્રવણને જ્ઞાન ભૂમિકા સુલભ છે. આટલા ઓઘા કરે છતાં ભાવ આવે નહિં ?, તેના ઉત્તરમાં જણાવ્યું કે અત્યારે મુશ્કેલ પડે છે. મેરૂપર્વત જેટલા બધાને નિયમિત કહેતા નથી, પણ ઉત્કૃષ્ટુ કહીએ છીએ. શ્રવણ ને જ્ઞાન ભૂમિકા અત્યારની સામગ્રીની અપેક્ષાએ આપણે માટે સુલભ છે. જે સામગ્રી ભવિતવ્યતાના સંયોગે આપણને મળી ગઇ છે. પણ તે મળેલાની અપેક્ષાએ શ્રવણ ને જ્ઞાનની અપેક્ષાએ સુલભ થઇ છે પણ ખરેખરો વખત અત્યારેજ મોતી પરોવી લેવાનો છે. વિજળી કે ઝબુકેમેં મોતી પરોવી લે તો પરોવી લે. મોતીનો હાર તુટી ગયો. અંધારી રાત છે તેમાં વિજળીનો ઝબકારો થયો તેમાં ધ્યાન રાખી પરોવી લે તો પરોવી લે. તેમ મનુષ્ય જન્મ વિજળીનો ઝબકારો ૩૩ સાગરોપમની આયુષ્યની સ્થીતિ–એક સાગરોપમ એક પલ્યોપમ કેટલા હિસાબમાં ? તેની અપેક્ષાએ ક્રોડ પૂરવ અને આપણું દૂષમ કાળનું જીવન કેટલા હિસાબમાં ? વિજળીના ઝબકારાનો ટાઇમ વધશે પણ પલ્યોપમની આગળ આપણો મનુષ્ય જન્મનો ટાઇમ વધે તેવો નથી. પલ્યોપમની આગળ આપણું આયુષ્ય ઝબકારાથી પણ ઓછું છે. ક્રોડ પૂરવનું આયુષ્ય પલ્યોપમ આગળ હિસાબમાં નથી. તો પછી ૫૦–૬૦ વર્ષમાં પોણારા ગણનારનું આયુષ્ય કેટલા હિસાબમાં ? માટે વિજળીના ઝબકારામાં થાય છે એવું બોલવું તે પણ કામ ન લાગે. તેમ અહીં મનુષ્યભવ વિગેરે બધી સામગ્રી મળી છે, તેમાં 'થાય છે' એવું બોલવું તે કામ ન લાગે.

શબ્દજાળ અને પરિણતિનું અંતર.

વિજળીના ઝબકારામાં જેને મોતી પરોવવું છે તે કેવો સાવચેત હોય ?, તેમ મનુષ્યભવમાં શ્રવણ જ્ઞાન ભૂમિકા સ્વભાવે મળી છે. હવે મેળવવાનું કયું ? હવે ત્રીજી ભૂમિકા વિજ્ઞાન ભૂમિકા મેળવવાની છે. મેરૂ પર્વત જેટલા ઓઘામુહપત્તી ચરવલા–કટાસણા કર્યા, પણ જે મળેલી નથી. તે વિજ્ઞાન ભૂમિકા છે. જીજ્ઞાસા થશે કે એવી વિજ્ઞાન ભૂમિકા કેવી છે ?, કે અનંતી વખત સર્વ વિરતિ દેશ વિરતિ કરી છતાં પણ તે ભૂમિકા ન મળી. તે કઈ ચીજ ? તે ભૂમિકામાં આદરવા લાયક વસ્તુ એજ ત્રિવિધ ત્રિવિધ આદરવા લાયક મનાય, છાંડવા અને લાયક વસ્તુ ત્રિવિધ ત્રિવિધ યોગે છાંડવા લાયક મનાય. સામાન્યથી આપણે દરેક કબુલ કરીશું કે તે અમે કબુલ કર્યું છે. સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર આદરવા લાયક, અને આરંભ પરિગ્રહ વિષય કષાય છાંડવા લાયક ગણીએ છીએ તો અમે વિજ્ઞાન ભૂમિકામાં કેમ નહિં ? શબ્દમય જગત્ માનીને આ વાત

કરી લઇએ તો આદરવા લાયક તે આદરવા લાયક છે, અને છાંડવા લાયક તે છાંડવા લાયક મનાય છે. શ્રાવકનો છોકરો સમ્યગ્ દર્શનાદિને આદરવા લાયકજ કહે છે, અને આરંભાદિને છાંડવા લાયકજ ગણે છે. આ બધું શબ્દજાળ આવી રીતે આદરવા લાયક, અને છાંડવા છાયક કહી વિજ્ઞાન ભૂમિના અધિકારી બની જઇએ તે શબ્દ જાળની અપેક્ષાએ. તત્વ દ્રષ્ટિએ તપાસીએ તો બોલીએ વચનને અને પરિણતિને આકાશ પાતાળ જેટલું આંતરૂં છે.

પરિગ્રહની વૃદ્ધિમાં પાપની વૃદ્ધિ.

તમારી પાસે લાખ રૂપીયા છે તે લાખ રૂપીઆ પરિગ્રહ છે અને તે પાપ છે. તે દ્રષ્ટિ વિચારી જુઓ. પરિગ્રહ પાપ વાત કબુલ હતી, શબ્દ કબુલ હતા, પણ મારી પાસે લાખ છે, તે મહા પાપ છે. મારા કરતાં ૫૦ હજારવાળો ઓછો પાપી છે. પાંચ રૂપીયા વાળો તે કરતાં ઓછો પાપી છે. તે મનમાં આવ્યું છે ?; પરિગ્રહ પાપ છે તે સિદ્ધાંત સાચો પરિણમ્યો છે. તો પછી ૫૦ કરતાં ૭૫ હોય. લાખ હોય તે વધારે થાય છે, તે કેમ નથી આવતું ? લાખમાં પાંચ હજારનો વધારો થયો તો હું વધારે પાપી થયો તે ક્યારે લાગ્યું ? લાખમાં પાંચ કે દસ કે પચીસ હજાર વધ્યા તો વધારે પાપમાં ડૂબ્યો તે કયારે આવ્યું ? તો પરિગ્રહ એ પાપ છે તે શબ્દ સિદ્ધાંત છે. વાસ્તવિક સિદ્ધાંત હોય તો ૨૫ ના ૩૦ થાય તો ઘુજી જાય શરીરે ગુમડા થયા હોય તેમાં એક વધે તો કેમ થાય ?, ગુમડાં અનિષ્ટ છે તેમ આર્થિક તત્વે પરિગ્રહ છાંડવા લાયક છે. તે શાબ્દિક તત્વ હજુ આર્થિક તવે થયું નથી. લાખ હોય તો લાખ ગુમડા. દસ લાખ હોય તો દસ લાખ ગુમડા છે. પરિગ્રહથી હેરાનગતિ બાહ્યપુદ્ગલથી જવાવાળી નથી, છતાં તેની હેરાનગતિ ગણી પોતાના પરિગ્રહને અંગે વૃદ્ધિમાં પાપની વૃદ્ધિ થવાની માની.

દુઃખની ઉપેક્ષામાં કર્મ બંધ.

શ્રીમાન હરિભદ્ર સુરિવરજી અષ્ટકજીમા જણાવે છે કે " **धर्मार्थं यस्य वित्तेहा** " જે ધર્મને માટે પૈસાની ઇચ્છા રાખે તેને ઇચ્છા રહિત પણું એજ મુખ્ય ચીજ છે. બધું ધર્મ કાર્ય કરતો હોય તો પણ ઇચ્છા નકામી છે. કચરો લગાડીને ધોવો તે કરતાં કચરામાં ન લેપાવું તે શ્રેષ્ઠ છે. ધરમ માટે જે પૈસો પેદા કરાય તો તેને શાસ્ત્રકાર કચરો કહે છે. પૈસો ન કમાય અને ભીખ માંગે તો લઘુતા જૈન શાસનની થાય છે. અન્ય કોમ પાસે માગે ત્યારે ?, તેનો ઉત્તર કહે છે કે. લઘુતા થાય તેની દરકાર છેજ નહિં, પરંતુ સાધુતાની દરકાર છે. બધા તેવા થાય તો આહારની જરૂરજ ન પડે. બધા સાધુ થશે તે કલ્પના આવે ને આ કલ્પના કામ કેમ ન આવે ? ૩૩ હજાર વર્ષે ખોરાક લ્યે તે સંભવિત. બધા સાધુ થઇ જશે તે કલ્પના આવે છે. કરવું પડે તેથી સારૂં માની લેવાય નહિં ગરીબને બહાને પૈસાદારે પૈસાની સ્થીતિ પુષ્ટ કરવી છે. નિર્વાહથી વધારે પરિગ્રહનું ત્રિવિધ પચ્ચખાણ છે ? જેને નિર્વાહના સાધનને લાત મારે તો ઉભુંજ છે. તીજોરીવાળાને લાખોની ઇચ્છા છે, આમાં ખરો લોભજ છે. લક્ષ્મી દાનમાં ન દઇએ તો પાપ. જે અનુકંપાથી અપાય છે તે પાપનું કારણ નથી, પણ તે તીવ્ર પાપના ઉદય. તેથી બચવા માટે અપાય છે. તીવ્રને બસેડી મંદ રાખવો તેમાં હરકત નથી. પાપનો ઉદય છે, તે દુઃખ રૂપે ભોગવે છે, અને તેની મદદમાં ઉભા

ન રહીએ તો આપણે પાપ બાંધીએ છીએ. એ નિર્જરાએ પહોંચે તેમાં સહાય ન કરીએ તો આપણે પાપ વધારીએ. એના દુઃખની ઉપેક્ષા એજ આપણને બંધનનું કારણ.

અનુકંપા નહિં કરનાર પાપી.

ભાવના પૂર્વક દયા ચિંતવીને તે જલદી કર્મ ભોગવી છુટો થાય તે આપણી ભાવના છે. કર્મ નિર્જરામય જીવન જીવે તે ભાવદયા ચિંતવી પ્રથમ દયાનો અવકાશ રાખ્યો. સાધનો ધરાવતાં છતાં દ્રવ્ય દયા ન કરે તે પણ પૈસા બચાવવાને ખાતર. દુઃખ માનતો હોય તેનું દુઃખ દૂર કરવાનું છે. ઢંઢણ ઋષિને તે તે વખતે ગોચરી ન મળી તો સાધુઓએ પણ લાવવાનો ઉપાય કર્યો, તેને પણ ન મળવા લાગી. સાધુ પણ નથી કંટાલ્યા. ઢંઢણને થયું કે મારો તીવ્ર ઉદય છે. મારે લીધે તેમને મળતું હતું તે નથી મળતું માટે પછી નિયમ કર્યો ત્યાં દુઃખ ન હતું. છતાં સાધુએ બેદરકારી કરી નથી ભગવાને ખીલાની વ્યથા માની ન હતી. તો વૈદ્યે અને શ્રાવકે નિર્જરામાં અંતરાય કર્યો? દુઃખ ન માને તો પણ આપણે દૂર કરવાનો વિચાર કરીએ. સાધુને દુઃખ ન અપાય, પણ ખાડા ટેકરાવાળી જમીન સારી કરે.

સુકોશળ મુનિને ઉપદ્રવ થાય તેથી રાજાએ પોલીસ રાખ્યા પોલીસ જાય તો ઉપદ્રવ કરી જાય પણ મુનિને કશું નથી. દુઃખ માનવાવાળાએ કેમ રહેવું તે વાત જુદી. પણ બીજાએ દુઃખ માનવા છતાં અનુકંપા ન કરે તો પાપનો ભાગીદાર થાય. જુઓ ભગવાન મહાવીરને રેવતીએ કોલા પાક આપ્યો તો નિર્જરામાં અંતરાય કર્યો નથી.

શાબ્દિક અને આર્થિકમાં ફરક.

શબ્દની પ્રધાનતા રાખી આપણે દરેક કબુલ કરીશું કે અમે આરંભાદિક છાંડવા લાયક ગણીએ છીએ. સમ્યગ્ દર્શનાદિ આદરણીય ગણીએ છીએ એ શબ્દમય દ્રષ્ટિ કરી છે. પણ અર્થમય દ્રષ્ટિને ઘણું છેટું છે. પાંચમે પરિગ્રહ બે વખત બોલીએ છીએ. આ શબ્દમય દ્રષ્ટિ છે. વધે ત્યારે પાપ વધ્યું, શું અરર થાય છે? લાખના સવા લાખ થાય ત્યારે અરરર થાય છે કે ઓહો થાય છે? પરિગ્રહ ત્રિવિધ છાંડવા લાયક છે. તે કઇ દ્રષ્ટિથી બોલાય છે. લાખના સવા લાખ બે લાખ થાય તે વખતે ઓહો થાય છે કે અરરર થાય છે? જ્યારે એકપણ પ્રાણીને અરરર થતું નથી ને ઓહો થાય છે. મોં ઉપર રોગ હોય તો પણ લાલી આવી જાય. હવે લાલી કયા હિસાબની?, ત્રિવિધ છાંડવા લાયક છે. તે વધ્યું તે ઠીક થયું નથી. પાપ વધ્યું તે ઠીક ન થયું તે આર્થિક દ્રષ્ટિએ. શાબ્દિક દ્રષ્ટિએ પરિગ્રહ પાપ છે, ને ત્રિવિધ વોસરાવવા લાયક છે. શાબ્દિકને આર્થિક દ્રષ્ટિ કેટલી જુદી પડે છે. જેમ પરિગ્રહમાં કહ્યું તેમ આરંભ પરિગ્રહ કુટુંબ વિષય કષાયમાં બધામાં ઉતારી જુઓ.

આર્થિક દ્રષ્ટિનાં આંગણામાં હજુ આવ્યા નથી. જ્યાં આ સ્થીતિ છે ત્યાં આપણું બોલવું કંઇ ને વર્તવું કંઇ થાય તેમાં નવાઇ શી?

કહેવામાં અને કરવામાં ફરક.

વૈષ્ણવોમાં દ્રષ્ટાંત ચાલ્યું, એક જજ હતો કોઇકે કહ્યું કે તારી બાયડી મરી ગઈ. 'ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું શ્રી ગોપાળ.' આ બીજા મતની વાત છે. જ્યાં સ્ત્રીના મરણે

જંજાળ ભાંગી ગણે છે. રૂંવાડે આ આર્થિક–દૃષ્ટિને આંગણે આવ્યા છીએ. માનીએ ખરા શાબ્દિક દૃષ્ટિમાં, પણ આર્થિક દૃષ્ટિના આંગણે હજુ નથી આવ્યા. જે આરંભો પરિગ્રહો શબ્દથી કટુક ગણ્યા છે, પણ પદાર્થ તરીકે કટુક ગણ્યા નથી. ગુનેગારે જાહેર કર્યું. ફરીયાદીએ પુરવાર કર્યું. અને કોરટે પણ ગુનેગાર ફરમાવ્યો ત્યારે આરોપીએ કહેવું જોઇએ કે હું મને બીન-ગુનેગાર જાહેર કરૂં છું. બીન ગુનેગાર બોલવામાં એક દલીલ એક પુરાવો નથી છતાં હું મને બીન ગુનેગાર જાહેર કરૂં છું. ૧૦૦ ટકા ગુનેગાર છતાં શબ્દથી બે ગુનેગાર જાહેર કરૂં છું. તેમ આપણે આરંભથી તેનો છાંટો પણ તત્વથી અનિષ્ટ ગણુતા નથી. આરોપી બે ગુનેગાર જાહેર કરે તેમ આપણે આરંભાદિક ત્રિવિધ વોસરાવવા લાયક ગણું છું. માત્ર કહેવામાં પણ ફરક છે એટલે વર્તવામાં ફરક છે. આરોપી બે ગુનેગાર થવા માંગે છે, પણ તે અહીં નથી.

ભવદેવનો પુનીત-પ્રપંચ.

હવે આ જગોએ ભવદેવે ભવદત્તને પ્રપંચથી સાધુ કર્યો. ભવદત્ત કોણ ? જંબુસ્વામીજીનો જીવ. પ્રપંચથી સાધુ કરાયેલા કયાં સુધી વધે છે, તે જંબુસ્વામીની સ્થીતિ મગજમાં હયે. જંબુસ્વામીનો જીવ છેતરપીંડીથી કરાયેલા સાધુ છે. ભાવથી કે વૈરાગ્યથી સાધુ નથી કરાયા. છેતરપીંડીથી સાધુ કરાયા છે. ભવદેવ સાધુ થએલા આચાર્ય સાથે વિચરે છે. વિચરતા ગામ આવે ત્યારે સ્હેજે કુટુંબીયો પેલા સાધુને સગાં જાણી સાધુ ભવદેવને વિનંતિ કરે છે, અને વહોરવા જાય ત્યારે સાધુઓ ભવદેવની મશ્કરી કરે છે. મહારાજ મોકલો ને અચિત્ત ભેળું સચિત્ત પણ લઈ આવશે. આમ પહેલેથી મશ્કરી કરે છે. ગોચરી વહોરી–આવે ત્યારે મશ્કરી કરે છે કે એમને એમ આવ્યા, શું સચિત્ત પણ ન લાવ્યા ? અપરિચિતમાં જઇએ તો અચિત લઇ આવીએ તો પરિચિતમાં ગયા તો પણ તેવું જ લાવ્યા. સચિત્ત લાવી શકયા નહિં ?, ત્યારે બીજા સાધુ મ્હેણું મારે છે. (પીપળ–પાન ખરંતતા હસ્તી કુંપળીયો, મુજ વીતિ તુજ વીતશે ધીરી બાપડીયાં) તમારે ગામ પણ પધારશો અને તમારે ઘેર પધારશો ત્યારે તમો લાવશો તો દેખીશું. બાળચેષ્ટા કરે છે પણ આ વિષય કયો ? હાસ્ય કુતૂહળ મશ્કરીઓ ત્યાગની છે. દરેક ગામમાં દરેક સાધુને તેમ બને છે. જોગાનુજોગ આચાર્ય ભવદેવના ગામમાં આવ્યા. ગોચરીનો વખત થયો. સાધુઓ પરસ્પર કહેવા લાગ્યા કે મહારાજ ભવદેવને મોકલો. એ તો અચિત્ત ભેળું સચિત્ત જરૂર લાવશે. હવે ભવદેવનો ભાવ હોય કે ન હોય જવું તો પડે. ભવદેવ જ્યાં ગામમાં જાય ત્યાં. નજીકના કુટુંબમાં એકલો ભાઇ તે પીઠી ચોળાવી રહ્યો છે. હવે પણ જ્યાં ખબર પડી કે ભવદેવ આવ્યા છે. એ ભવદત્ત નાનો ભાઇ પીઠી ચોળાવતો તે છોડી ભાઇ પાસે દોડે છે. આ જગોપર ચોળાતી પીઠી કરતાં દ્રવ્ય થકી ભાઇ સાધુનું અધિકપણું મગજમાં આવ્યું છે. મારા ભાઇ સાધુ આવ્યા છે. અર્ધ શણગાર–થયો છે. સ્ત્રીને પણ અર્ધ શણગારી છે. અર્ધી તેમની તેમ છે. વિચારને પીઠી ચોળાય છે, તે અર્ધી છે. ઉઠીને ચાલી નિકલ્યો. ધર્મદૃષ્ટિ નથી, અને ધર્મ–ભાવના નથી. મારો ભાઇ છે, ભાઇ ગોચરી લઇ ચાલવા માંડયો. બીજા વળાવવા લાગ્યા; પણ પોતે સાથે જાય છે. આ મારા સગા ભાઇ છે. આ પારકી માના જણ્યા પાછા જાય છે. હું તો એક

માનો જણ્યો કેમ એમ જણે? એકલો જોડે રહ્યો છે. હવે મુનિએ પ્રપંચ શરૂ કર્યો. થાકશે ત્યારે પાછા વળવાનું નામ લેશે હવે થાક ન લાગવા દેવો. આચાર્ય પાસે લઈ જવો છે. રસ્તામાં બાળ ક્રીડાઓ યાદ કરાવતા ઉપાશ્રય સુધી લાવી નાખે છે. આ જવાનું નામ ન લે ત્યાં સુધી આને આગળ લેવો. આલંબને લેવો કે જેથી થાકે નહિં? તળાવ, ખેતર, સીમાડા ઉલ્લંઘન કરતાં આચાર્ય નજીક આવ્યા. સાધુએ દેખ્યો વાહરે ભવદેવ! લાવ્યો સચિત્ત. સાધુઓ આચાર્ય પાસે ગયા, અને કહે છે કે ખરેખર સચિત્ત લાવ્યો. અમે તો હસતા હસતા કહ્યું હવે ભવદેવ પાસે તે ભવદત્ત આવે છે.

વચનની કિંમત.

આચાર્ય ઉપરલી વાત ઉપર મદાર બાંધે છે. ને પુછે છે કે તારે દીક્ષા લેવાના ભાવ છે. બીજા સાધુ ભવદેવને શાબાશી આપે છે. તમે તો તૈયાર કરી લાવ્યા. આચાર્ય દીક્ષાના ભાવ કહે છે. પેલાએ દેખ્યું કે ભાઇએ સરત કરી છે. તેથી જો ના કહું તો ભાઇની ભુંડી છે. ભાઇ કૅાડીના બનશે. મારા મોટાભાઇ મારી મોજને અંગે કૅાડીના બને તે મને ન શોભે. ઉત્તર હામાં દીધો, અને મોટાભાઇ કહે છે કે દ્યો દીક્ષા. ભવદત્તે હા કહી, અને આચાર્યે બે સાધુને જાવ કહ્યું. "બે જણ દીક્ષા દઈ ચાલ્યા આવ." બે સાધુને આજ્ઞા દીધી. બે સાધુ વિહાર કરી ગયા, અને દીક્ષા દઇ દીધી. હવે ઉપાશ્રયે કુટુંબીયો આવ્યા. હા આવ્યો હતો ને ગયો. હવે આ ભાઇ એકજ વિચાર કરે છે. આ મોટાભાઇની લાજે બંધાયો છું. આ ન હોય તો હું છુટો છું. સાધુપણું પાળે છે. દ્રષ્ટિ કયાં છે? આ સ્થીતિનું સાધુપણું પાળનાર. ભાઇની લજ્જા ખાતર દીક્ષા લેનારે જંબુસ્વામીનો જીવ. આવી રીતે તળાવડી ને આંબા આંબલી કરતાં ખેંચેલા ભાઇની શરમ ખાતર હા પાડેલી. ભાઇ ન હોય તો મારે લેવા દેવા નથી. એ દ્રષ્ટિએ સાધુપણું પાળનારા, જંબુસ્વામીના ભવદેવભાઇ કાળ કરી ગયા. ભવદેવ પોતે ઘેર ચાલવા માંડ્યા. સમુદાય છોડી ઘરમાં ઘુસવા માટે પોતે પોતાને ગામ ગયા. ગામ ગયા અને જઇને બહાર ઉતર્યા. વિચાર આવ્યો કે એવું ન થાય કે. એક શેઠને ત્યાં વધ્યું છે તો ગરીબને દઉં. એવો શેઠને વિચાર આવ્યો, અને ગરીબને બધાને બોલાવ્યા. લુચ્ચો ગરીબ અંદર છે, છતાં બે શરાવલા લીધા અને બહાર નીકળ્યો. એક શરાવલામાં માલ લીધો, અને સંતાડયું. જ્યાં રહી ગયો ત્યાં વિચાર કરે છે તો પાછળ કુતરૂં આવી બાવા માંડયું. વહેંચનારે કહ્યું કે પાછળ શું છે. નવો મહ્યો નહિં ને જુનો માલ કુતરો બાઇ ગયો. હું અહીં ચુકું ને ત્યાં બાયડી મરી ગઇ હોય તો આ છોડું કયારે? જ્યારે બાયડી ઘેર મળવાની હોય ત્યારે. પોતાનીજ બાયડી પાણી ભરવા આવી છે. પોતાની સ્ત્રીએ ઓળખ્યો, પોતે પોતાની સ્ત્રીને ઓળખતો નથી. બાયડી એવી સજાત અર્ધ શણગારાએલી હતી, મંગળ ફેરા ફર્યા નથી છતાં વચનથી દેવાઈ તો દેવાઇ, માટે હવે બીજા તો ભાઇ અને બાપ તે એવી ને એવી સ્થીતિમાં રહી. એની કુલીનતાની હદ કેટલી? આજ તો સ્થીતિ વિચિત્રતા છે. વચન માત્રથી દેવાએલી કન્યા, અર્ધ સ્નાત; અર્ધ શણગારાએલી હતી. ફેરા ફરાયા નથી તો પણ વચનથી દેવાઇ તે દેવાઇ. હાથીના દાંત નિકલ્યા તે નિકલ્યા, વચન નિકલ્યું બસ છે, દસ્તાવેજ સહી કોના માટે? ફરી જવાવાળા માટે છે. વિવાહમાં દસ્તાવેજ

કરાતા નથી. કહેા વચન બસ છે. વચનની આટલી કીંમત છે.

પવિત્ર-પત્નીઓની પુનીત પ્રેરણા.

ભવદત્ત શરમ ખાતર સાધુપણામાં રહ્યો છે ને સ્ત્રી કુળ મર્યાદાથી ધર્મમાં લીન થઇ ગઇ છે. એ પાણી ભરવા આવે છે. તપસ્યા કરતી હોવાથી, બોખરી હાંડલી જેવી થએલી હોવાથી, ભવદત્તે ઓળખી નહિં. ભવદત્ત પુછે છે કે આ ગામમાં કુલાણેા શેઠ અને તેની છોકરી છે ? વિગેરે પુછે છે. પેલી સમજી ગઇ કે પરિણામ પતિત છે. ત્યાં કહે છે કે હાથી ઉપર ચઢેલેા મરવું કબુલ કરે પણ ગધેડે તેા નહિં બેસે. આ સ્ત્રી કહે છે. સાધુપણામાંથી પાછા આવનાર ભરતારને આમ કહે છે. પેાતાની મેળે ભરતાર આવી રહ્યો છે. એ આત્માની કઈ દશા હશે ? કે એકજ વાકય વિચારીએ તેા બસ છે. વિચારેા આની હદ કઈ ? આપણે સંસારીક સંયેાગની અનુકૂળતાનું ધ્યેય રાખીએ તેા ધન્યભાગ્ય માનીએ છીએ. આપણે આ જગેાએ શું કરીએ ? ઘણી ઘરમને ધક્કો મારી આવવા માંગે છે. ત્યાં સ્ત્રી નિર્બળ જાત ચાર ગુણી કામ વાસનાવાળી જાત, જેને અવગુણની ખાણ અને નિર્બળ જાત કહેા છેા; એ જાત એ કહે છે કે હાથીએ ચઢેલેા મરી જાય તેા પણ ગધેડા પર ન ચડે. ઝેરી જાનવર કાળેા નાગ કરડે, અને વમ્યું વિષ ગળવાનેા અવસર આવે તેા તે અગ્નિમાં પડી બળી જાય; તેા પણ ગળે નહિં. તે કામ તમે શું જોઇને કરવા તૈયાર થયા છેા ?, આ બાયડી કહે છે. કાળા નાગ કરતાં પણ હલકી કેાટિમાં પેાતાના પતિને બેસાડે છે. આવી ઘટના કરે છે ત્યાં ભવદત્તને વિચાર આવે છે કે ખરી વાત છે. કાળા નાગ કરતાં ભુંડા થાઉં છું માટે મારે ઉચિત નથી. સંયમ લેવા પાછેા વળે છે. સંજમથી પતિત થએલાને પવિત્ર પત્નિઓ પરમાર્થ તરફ કઇ રીતે પ્રેરે છે ?, તે વિચારી જુઓ.

તારનારા માટે આવું ન બેાલેા.

ત્યાં વળી પાછેા આવે છે અને પેલેા હૃદય ખુલે છે, કે મેં ભાવથી સાધુપણું લીધું નથી. અંદરનું કાળજું ખુલે છે. મને તેા ભવદેવે આવી રીતે ઠગીને ભેાળવીને લુચ્ચાઇથી સાધુપણું આપ્યું છે. આ તેા ખરેખરૂં છે તેજ કહે છે કે મને ભેાળવી ઠગીને ભરમાવી. ભાઇને લીધે સાધુપણું લેવું પડયું હતું. ભાવથી લીધું નથી છતાં ધણીયાણી કહે છે કે—તમારા પરમાર્થ મિત્ર તમારેા ભવ સુધારનાર હિતકારી એવા ભાઇ ઉપર આ વિચાર કલ્પના કરવી તે તમારે ઉચિત નથી. આ પ્રમાણે બાયડી કહે છે. જ્યાં વચન માત્રથી પત્ની પેાતાની કુલીનતા પાળે છે. પેલેા હૃદય ખેાલી કહે છે કે આ રીતે સાધુ થએલેા છું. આમ છતાં પેલી શું બેાલે છે ? વચનથી વરાએલી શું બેાલે છે ? તમારા ભવેા ભવના-હિત કરનારા પરમાર્થ માર્ગે ચડાવનારા તેવાને વિષે તમારેા આ વિચાર કેમ થાય છે ? સંસારીપણું તેને લાત મારવાનેા વખત કેાણ લાવે ?, પુણ્યશાલિ સંસારને જમીનદોસ્ત કરી નાંખે છે. પેાતે પૂર્વની સ્થીતિ સમજે છે પણ એવાને એ સ્ત્રી શું કહે છે ? તમારા આત્માને તારનાર, મેાક્ષને રસ્તે ચડાવનારા માટે આવા વિચાર કરેા તે કેટલું અધમ છે ? સંયમને બળાત્કારે અપાવનારા અજાણ્યા રાખી અપાવનારા તેવાને અંગે ધણીને અધમ કહે છે.

હવે આર્થિક દ્રષ્ટિએ આપણે કયાં ઉભા છીએ તે તપાસેા એજ ભવદેવ કાળધર્મ પામીને

સાધુપણામાં દેવલોકે જાય છે. ત્યાંથી ચ્યવી મનુષ્ય થઇ સાધુ સાગરચંદ્ર અવધિજ્ઞાની સાધુ થાય છે. ભવદત્તનો જીવ શિવકુમાર નામનો રાજપુત્ર થાય છે. સંયમ તરફ જે અનાદર બુદ્ધિ રહેલી હતી તેથી સંયમ પાલન કર્યું. પણ લક્ષ્ય રહેલું તે પરિણામે સાગરચંદ્ર પાસે પ્રતિબોધ પામ્યા, પણ જીંદગીમાં ચારિત્ર પામ્યા નહિં. હવે તે શિવકુમાર સાગરચંદ્રને પુછે છે કે મને કોઇ તરફ રાગ કે પ્રેમ થતો નથી. તેવો તમને જોઇને કેમ થાય છે ? ત્યાં અવધિજ્ઞાનથી ઉત્તર આપે છે કે મહાનુભાવ પ્રપંચથી પહેલા ભવમાં મેં તને મોક્ષમાર્ગમાં જોડયો હતો, તેથી મારા ઉપર પ્રીતિ રહે છે. શિવકુમારનો પૂર્વભવ ભવદત્તના સંબંધવાળી પેલી બાઇ એક પણ પ્રપંચથી, સાધુપણું મલવાથી, પ્રપંચને કે પ્રપંચ કરનારને એક રૂંવાડે પણ નિંદે નહિં. ક્યારે ? તો કે–આર્થિક દૃષ્ટિમાં ગયા હોય ત્યારે આપણે આરંભાદિક હેય ગણીએ તે પોતાને બીનગુનેગાર જાહેર કરે તેવું છે. સમ્યગ્ દર્શનાદિ આદરણીય છે. તે શાબ્દિક દૃષ્ટિ છે. તો વિજ્ઞાન ભૂમિકા મુશ્કેલ કેમ છે ? તે વિજ્ઞાનભૂમિ શાબ્દિક દૃષ્ટિમાં વધનારી નથી. તે આર્થિક દૃષ્ટિમાં વધનારી છે. તે શાબ્દિક દૃષ્ટિમાં શીખરે ચડયા છીએ, અને આર્થિક દૃષ્ટિના આંગણામાં પણ આવ્યા નથી. એવી આર્થિક દૃષ્ટિએ વિજ્ઞાનભૂમિકાએ ચઢેલાઓ ધર્મ એજ રત્ન અને ધર્મ એ રત્નજ છે. એમ વર્તે છે–માને છે. એ દૃષ્ટિમાં આવેલા હોય. તો મુખ્યાર્થ અને લક્ષ્યાર્થની ઘટના કેવી રીતે ઘટે છે. વિગેરેનો અધિકાર અત્રે પ્રસ્તુત.

અનુમોદનીય-પ્રસંગો.

અમલનેરમાં આરાધના.

પૂર્વ ખાનદેશમાં ત્રીસ હજાર ઉપરાંત માનવ ગણુની વસ્તીવાળા આ શહેરમાં લગભગ ૧૦૦ ઉપરાંત જૈન શ્વે૦ મૂ૦ પૂ૦ ઘરો છે. તે ઘરો ગુજરાતી–કાઠીયાવાડી–મારવાડી અને કચ્છી ભાઈ બહેનોની ૫૦૦) પાંચસો ઉપરાંતની સંખ્યામાં છે. પૂર્વ ખાનદેશ–અમલનેરના શ્રી સંઘના સદ્ભાગ્યે શીરપુર–પશ્ચિમ ખાનદેશથી વિહાર કરીને પૂ **આગમોદ્ધારક-આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના પૂ. પરમ વિદ્વદ્વિનેય પૂ. પં. પ્રવરશ્રી ચંદ્રસાગરજી ગણીન્દ્ર આદિ ઠા. ૭** ની અત્ર બે મહિનાથી વધુ સ્થિરતા થયેલ છે. તે દરમિયાન ધર્મારાધના વ્યાખ્યાન શ્રવણ આદિ અનેક શુભ કાર્યો થઇ છે. પૂ. **પંન્યાસ પ્રવરશ્રીજી**ની વૈરાગ્યપોષક ધર્મમય દેશના શ્રવણ કરીને તેઓશ્રીજીની નિશ્રામાં ચૈતર માસની શાશ્વતી આરાધના કરવાનો શુભ મનોરથ અત્રના શ્રી સકળસંઘે જાહેર કર્યો. આરાધનાની જાહેરાત થતાં કુંકુંમ પત્રિકાઓના નિમંત્રણ દ્વારા ધુળીઆ, જલગાંવ, ચાંદવડ, માલેગાંવ, કલમસરા, નરડાના, બાદરપુરા અને શીરપુર આદિ ગામના શ્રાવક શ્રાવિકાઓએ આ આરાધનના નવે દિવસોમાં સારી સંખ્યામાં લાભ લીધો છે. આરાધન કરનારાઓની સંખ્યા સો ઉપરાંતની હતી.

નવ દિવસનાં આયંબીલ, આંગી, પૂજા, ભક્તિભાવના, પ્રભાવના, અક્ષરબાયણુ, પારણા, શ્રી વીર વિભુના જન્મ કલ્યાણક મહોત્સવની મહાન્ રથયાત્રા, ચૈત્રી દેવવંદન આદિ આરાધ-

નાની અનુમોદના ગામના સર્વ ભાઇ બ્હેનો મુક્ત કંઠે પ્રશંસા કરી રહ્યાં હતાં કે "આવી સામુદાયિક શ્રીનવપદની આરાધના અને ચૈત્રી દેવવંદનની શુભ ક્રિયાઓનું સેવન પોણોસો વર્ષ ઉપરાંતના કાળમાં અત્ર થયેલું નથી, અને સાંભળ્યું પણ નથી."

આરાધન કરનાર ભાઇ બ્હેનોને અમદાવાદવાળા કીર્તિકુમાર–વિમળભાઇની કું. તરફથી એક રૂપીયો અને શ્રીફળની પ્રભાવના, જન્મકલ્યાણકના દિને સકળ સંઘને લાડુની પ્રભાવના, અને ચૈત્રી દેવવંદનને દિવસે સીરસાવાળા શ્રેષ્ઠિ ઝવેરચંદભાઈ તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

આ આરાધનાના ઉપરના સર્વ પ્રસંગોની ઉજવણી નિમિત્તે રૂા. ૨૫૦૦) પચીસસો ઉપરાંતનો ખર્ચ શ્રી સંઘની ઉદાર વ્યક્તિઓએ ભેગા મળીને લાભ લીધો હતો. નવે દિવસમાં બારસો ઉપરાંતના ભાઈ બ્હેનોએ લાભ લીધો હતો. રથયાત્રા અને પૂજાદિ પ્રસંગે રૂા. ૯૦૦)ની ઉપજ દેવદ્રવ્યમાં થઈ છે. આરાધન કરનારાઓની સંખ્યા ૧૦૦) ઉપરાંતની હતી આ આરાધનાની પરિસમાપ્તિ પછી તુરતમાં ચૈ. વ. ૫ ના પંન્યાસ પ્રવરશ્રીજીનો વિહાર હતો, પરંતુ ધર્મપરાયણ તપસ્વી શ્રેષ્ઠિ રતીભાઇ મોહનલાલ છઠથી વર્ષીતપ કરતાં હોવાથી પારણા નિમિત્તે આગ્રહભરી વિનંતિ થવાથી અત્ર ત્યાં સુધી સ્થિરતા થવા સંભવ છે.

શાસનને લાભ થયો.

શીરોહી સ્ટેટમાં આવેલ આબુજી તીર્થ ઉપર માણસ દીઠ રૂા. ૧૫ મુંડકાવેરો લેવાતો હતો. તે તા. ૨૬–૩–૪૮ વિ. સં. ૨૦૦૪ (મારવાડી માસ ચૈ. વ. ૧) ફા. વ. ૧ ને શુક્રવારના રોજ મહારાણી કૃષ્ણકુંવરબાઇએ રાજ્યમાં જાહેરનામું પ્રગટ કરીને તે મુંડકાવેરો લેવાનું બંધ કર્યું છે. એટલુંજ નહિં પણ જાહેરનામામાં જણાવે છે કે "ધાર્મિક અનુયાયિઓપર કોઇપણ ટેકસ લગાના યહ પાપહૈ, કયોંકિ ઇસસે લોગોંકી ધર્મભાવનાઓંકો ચોંટ પહુંચતીહૈ." આથી શાસનમાન્ય આ તીર્થસંબંધિ આરાધના કરનારા યાત્રાળુઓને મુંડકાવેરો લેવાની રીતિ બંધ થવાથી યાત્રા કરવામાં ઘણી સુલભતા થઇ છે. અને આ કાર્યથી એકંદર શાસનને લાભ થયો છે.

તીર્થ સેવાનો લાભ.

શ્રી કેસરીયાજી તીર્થ માટે માંગરોળ નિવાસિ–તપસ્વિની સુ.શ્રાવિકાએ ઉપવાસ આદર્યા છે, આ તપસ્વિની બાઈ અને સકળ સંઘોના વિરોધ છતાં ઉદેપુર મહારાણાના અને રાજ્યના કર્મચારિયોના કાન ઉઘડયાંજ નથી. સકળ સંઘે આ સંબંધ વિરોધનું વિકાળ સ્વરૂપ રાજ્યને, રાજ્યકર્તા રાણાને અને રાજ્યના વહીવટકર્તાઓના કાને પહોંચે અને હૃદયમાં કારી ઘા થાય તે રીતે પહોંચાડી દેવું જ જોઇએ. એટલુંજ નહિં પણ આ કાર્યમાં જૈનોના હિતમાં થાય તે સારૂ લાગવગ લગાડીને શ્રી હીન્દીસંઘના કાર્યકર્તાઓ પાસે પણ પહોંચી જઇને દબાણ લાવવાપૂર્વક ધારેલ કાર્યસિદ્ધિ કરીને તીર્થ સેવાનો અમોઘ લાભ લેવા ચુકવું જ નહિં. શ્રી કેશરીયાજીના વર્તમાન પ્રકરણમાં જે રસભરી કાર્યવાહી ચાલુ છે, તેથી સંતોષ નહિં પામતાં તે કાર્યવાહીને વધુ વેગવંતી બનાવવાની જરૂર છે. તીર્થ સેવાની તમન્નાવાળા જૈનો તન–મન–ધનથી આ આ પ્રકરણને ઉગ્ર સ્વરૂપ આપે તો અલ્પ સમયમાં ના. મહારાણાને સમજવાની ફરજ પડે તેમ છે.

શીરસાળામાં આરાધના.

અમલનેર મુકામેથી ચૈત્રીની શાશ્વત આરાધના કરાવવા માટે અઠવાડીયા પહેલા શ્રી સંઘ વિનંતિ કરીને પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી પાસેથી આજ્ઞા મેળવીને તેઓના બંન્ને શિષ્ય મુનિશ્રી ચન્દ્રકાન્તસાગરજીને તથા મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજીને લઇ ગયા. અને વ્યાખ્યાન વાણીથી પંદર ઘરની વસ્તીમાં નવ દિવસ આયંબીલ–આંગી–પૂજા–ચૈત્રી દેવવન્દન–જન્મ કલ્યાણુકનો વરઘોડો અને પારણાને દિવસે સાધર્મિક ભક્તિ વિગેરે સારા પ્રમાણમાં થઇ હતી. વિ. ટમકુર (મૈસુર સ્ટેટ) જૈન દેરાસર માટે રૂ. ૩૦૦) ની રકમ મુનિશ્રી ચન્દ્રકાન્તસાગરજીના ઉપદેશથી શીરસાળા જૈન દેરાસર ખાતેથી મોકલવામાં આવી છે.

ડભોઈ મુકામે ચાતુર્માસ-નિર્ણય.

સુરત મુકામે પં. શ્રી દેવેન્દ્રસાગરજી આદિ ઠા. ૭ તામ્રપત્રજૈનાગમમંદિરની પ્રતિષ્ઠા–પ્રસંગનો પુનીત લાભ લઇને ગ્રામાનુગ્રામ વિહાર કરીને, ઝઘડીયાજીથી ડભોઇ ગયા. ડભોઇ મુકામે વ્યાખ્યાનવાણી શ્રવણ કરીને શ્રી સંઘે ચાતુર્માસ માટે પં. દેવેન્દ્રસાગરજીને વિનંતિ કરી, તેના જવાબમાં જણાવેલું કે સુરત મુકામે અમારા પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી જે દિવસે સંવત્સરી કરે તેજ સંવત્સરી તમે બધા કરી શકો તેમ હો તો પછી હું ચાતુર્માસ માટે આજ્ઞા મંગાવું. શ્રી સંઘે કબુલ કર્યા પછી શ્રી સંઘના આગેવાનો સુરત મુકામે પંન્યાસજી દેવેન્દ્રસાગરજીનો પત્ર લઇને ગયા. અને સુરતથી પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવે ફરમાવ્યું છે કે "તમને અને શ્રી સંઘને અનુકૂળતા હોય તો ચાતુર્માસ કરવામાં વાંધા જેવું નથી."

અમલનેર–(પૂર્વ ખાનદેશ) મુકામેથી પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્રે પણ શ્રી સંઘની વિનંતિના પત્ર સાથે પં. દેવેન્દ્રસાગરજીનો પત્ર ચાતુર્માસ કરવાની આજ્ઞા મંગાવવાનો પત્ર આવતાં પત્રદ્વારાએ ઉત્તર આપતો જણાવ્યું કે "હજુ અઢી માસનો ગાળો છે તેથી શાસનનું કોઇ મહત્વનું કાર્ય નહિં હોય તો ચાતુર્માસ કરાવવામાં વાંધા જેવું નથી, અને તમારૂં ક્ષેત્ર સાધુ વગરનું નહિંજ રહે."

સુરતથી માણસ અને અમલનેરથી પત્ર આવ્યા બાદ શ્રી સંઘે ચાતુર્માસની જય બોલાવી હતી. દર્શનાર્થે પં. દેવેન્દ્રસાગરજી આદિ ઠા. ૭ વડોદરા, છાણી વિગેરે ગામોમાં થોડા દિવસ માટે વિહાર કરશે.

જૈનોએ જાગૃત થવાની જરૂર છે.

જૈનોની સંસ્કૃતિ, તત્વજ્ઞાન, સિદ્ધાન્તો, આચરણા અને સઘળાંએ રીતિ–રિવાજો હિન્દુઓની અનેક જાતિઓ સાથે સંબંધ રાખતાંજ નથી, માટે પ્રથમ તકે હિંદી સંઘમાં હિન્દુઓથી જૈનો તદ્દન જુદા છે એમ અલગ પડયા વગર આપણી સંસ્કૃતિનું, આપણા તત્વજ્ઞાનનું, આપણા તીર્થોનું, આપણા મંદિરોનું, આપણી મૂર્તિઓનું અને આપણા નિર્મળ આચારવિચારોનું રક્ષણ કરી શકવાનાજ નથી. બિહાર–હિંદુ રીલીજિયસ ટ્રસ્ટ એકટનો વિરોધ બિહાર પુરતો કરવાનો નથી, પરંતુ સઘળાંએ પ્રાંતોમાં તેનો ધ્વનિ પહોંચી જાય કે "આ કાયદો અમારા ધર્મ–સંસ્કૃતિ આદિના મૂળમાં કુઠારાઘાત સમાન છે." આ સંબંધમાં તન–મન–ધન અને

લાગવગથી આ કાયદો જૈનોને સ્પર્શેજ નહિં તે માટે સઘળુંએ તુરતમાં કરી છૂટવાની અનિવાર્ય જરૂર છે. જૈનોએ જાગૃત થવાની જરૂર છે.

પ્રયત્ન થઇ રહ્યો છે.

પાલીતાણાના રખોપાના બ્હાને અપાતી ટેકસ રૂપીયા ૬૦૦૦૦) સાઠ હજારની રકમ સત્વર બંધ કરવા માટે આંદોલન ઉભું કરીને સૌરાષ્ટ્ર સરકારના વડા પ્રધાન પાસે જઇને તે બાતનો ઘટતો પ્રત્યુત્તર મેળવવા પ્રયત્ન થઇ રહ્યો છે તે અનુમોદનીય છે.

નવપદની આરાધનાના વધુ સ્થળો.

શ્રી તારંગાજી મુકામે આરાધન કરનાર ૫૦૦) પાંચસો ભાઇ બ્હેનો હતા. દેવદ્રવ્ય ખાતે ૭૦૦૦)ની ઉપજ થઈ હતી. તે સિવાય સામુદાયિક આરાધના ગામેગામ પુર જોસમાં થાય છે તે ઘણુંજ અનુમોદનીય છે. ઉદયપુરમાં, ડભોઇમાં. ભાવનગરમાં, ભીલડીયાજીમાં, બાલાપુરમાં, ઉજ્જૈનમાં અને ઇન્દોરમાં સામુદાયિક આરાધના સારા પ્રમાણમાં થઈ છે. વધુ સમાચારો તે તે ગામના મળ્યાજ નથી.

ગોધરાના જૈનો માટે.

ગોધરા-પંચમહાલ જીલ્લાનું મુખ્ય શહેર છે. કોમી કડવાસને લીધે હુલ્લડ અને આગમાં ૩૫૦૦) ઘર નાશ પામ્યાં. જેની અંદર જૈન મંદિર સિવાય મંદિરની તમામ સ્થાવર મીલ્કત અને જૈનોનાં લગભગ બસો ઘર નાશ પામ્યાં છે. ગર્ભશ્રીમંતાઇમાં ઉછરેલાં કુટુંબો તદ્દન નિરાધાર અવસ્થામાં આવી ગયા છે, તેઓને તાત્કાલિક મદદ ખાવા-પીવાની, પહેરવાની ઓઢવાની અને રહેવાના નિવાસસ્થાન માટેની અતિ જરૂરની છે. તે ગોધરાના શ્રી જૈન સંઘ તરફથી મદદ માટે માંગણી કરવા વૈદ્ય મણીલાલ પાનાચંદ તથા કાન્તીલાલભાઇ સુરત મુકામે પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી પાસે આવેલા હતા. પરંતુ ચૈ. વ. પ. પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચંદ્રસાગરજી ગણીન્દ્રનો વિહાર થઇ જશે એ ધારણાથી અને પૂ. આગમોદ્ધારક આશાર્ય દેવેશની ખાસ પ્રેરણાથી તે બંને ભાઇઓ અમલનેર મુકામે અહીં આવેલા છે. પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીએ વ્યાખ્યાન અવસરે સાધર્મિક ભક્તિ તન-મન-ધનથી કરનારને દૃઢ પુણ્યાનુબન્ધિ પુણ્યની પ્રાપ્તિ વિગેરે લાભો અવશ્યમેવ થાય છે, અને તે દરમિયાન ગોધરાના જૈનોની કરૂણાજનક સ્થિતિનો અહેવાલ વૈદ્ય મણીભાઇની અસરકારક સમજાવવાથી તુરત ટીપની શરૂઆત થઇ છે. ગોધરા મુકામે ૭૫૦) ઉપરાંતની સંખ્યામાં નિરાધાર ભાઇ બ્હેનો એકજ રસોડે જમતાં હોવાથી અનાજ વિગેરે તાત્કાલિક પુરૂં પાડવાની વ્યવસ્થા બાનદેશમાંથી થતી ટીપના નાણાંથી કરવાનું શ્રી સંઘે નક્કી કર્યું છે. અમલનેર મુકામેથી લગભગ રૂ. ૮૪૦૦) ની ટીપ ભરાવવાનું કામ ચાલુ છે. (શીરપુર પશ્ચિમ બાનદેશ)ના આગેવાનો ઉપર પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીનો ભલામણ પત્ર લઇને જતાં તુરત ત્યાંના શ્રી સંઘે ત્રણ કલાકમાં રૂપૈયા ૪૧૦૦) ચાર હજાર એકસો ઉપરાંતની ટીપ કરી અને શીરસાળા મુકામેથી રૂ. ૮૦) ટીપના થયા છે. હજુ નંદુરબાર, માલેગાંવ, પુના વિગેરે સ્થળે મદદ માટેનું કામ ચાલુ છે. આ બધા રૂપૈયાનું અનાજ ગોધરાના જૈન રસોડે જશે.

(વધુ માટે જુવો ટાઇટલ પેજ ૨ જો.)

॥श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર.

(ગયા અંકથી ચાલુ)

એની પ્રાપ્તિ થયાજ કરે છે. શ્રેષ્ઠ સર્વવિરતિ ધર્મનું પાલન કરનારાઓને વન્દનાથી પ્રાણાદિની હાનિ સંભવે છે, તો પછી વન્દનામાં પ્રયત્ન કરનારને હાનિ થતીજ નથી એ કહેવું અસંગત છે. આ પ્રશ્ન કરનારને સમાધાન આપતાં જણાવે છે કે નિરૂપક્રમ=એવા અવશ્યં વેદવાલાયકના કર્મથી ઇહલોક પરલોકમાં હાનિ થવાનો સંભવ છે. ગાથા ૧૫.

ભવ્ય કિલ્લારૂપ ભાવવન્દના,

માર્ગ ગમન કરનાર મુસાફરને ચોર-લુંટારા-બદમાસોથી બચવા માટે ચાલુ માર્ગમાં સંરક્ષણ સ્થાનરૂપ જેમ કિલ્લો કહેવાય છે, તેવીજ રીતે મોક્ષમાર્ગના મુસાફરોને કુટીલ કર્મરૂપ ચોરો, વિકાળ વિષય વિકારો અને ક્રારમી કાર્યવાહિમાં પાવરધારૂપ ક્રોધાદિ કષાયોથી બચવા માટે પૂર્વે જણાવેલ ભાવવન્દનાદિ ત્રિધાનો સુરક્ષિત કિલ્લા સમાન છે. અર્થાત્ સર્વજ્ઞ કથિત=શ્રી અરિહંત ભગવદુપદિષ્ટ શાસનથી બાકીના વિપક્ષભૂત બીજા શાસન માન્ય સિદ્ધાન્ત-પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ ક્રિયાકાંડાદિથી બચવા માટે **ભાવવન્દના એ ભવ્ય કિલ્લારૂપ છે.** તેથી કરીને ભવ્યાત્માઓએ ભાવવન્દનાનું ભાવ ભક્તિ-આદર બહુમાન પૂર્વક સેવન કરવું જરૂરી છે. કારણ કે બીજા દર્શનકારોએ પણ પ્રરૂપેલા મિથ્યા સ્વરૂપ મોક્ષ માર્ગ અને તેને અનુસરતી મિથ્યા સ્વરૂપ ક્રિયાકાંડથી બચવા માટે **"ભાવવન્દનાદિ ક્રિયાઓજ બલવત્તમ કિલ્લારૂપ છે"** એ વચનો સમૃતિપટપર સર્વત્ર સર્વથા સ્થિર કરવા જેવાં છે.

બીજા દર્શનકારો સ્વીકાર કરેલા ભાવવન્દનને મોક્ષમાર્ગના મુસાફરોને વિષય-વિકાર-કર્માદિ ચોરોથી બચવા માટેના કિલ્લારૂપ જણાવે છે, આથી અન્ય દર્શનકારોએ સમ્યગ્ પ્રરૂપેલી પ્રરૂપણાને સ્વીકારવામાં વાંધો નથી, કારણ કે જે સ્થળે અર્હદ્દર્શન સિદ્ધાન્ત-માન્યતાથી વિપરીત માન્યતા સ્વીકારતા હોય તે પ્રસંગોને બાજુ પર રાખીને આપણા સર્વજ્ઞ શાસનને માન્ય પ્રરૂપણા માનવામાં લેશભર વાંધો નથી. અને તેથી વૃત્તિકાર જણાવે છે કે અન્ય દર્શનકારો સર્વથા પ્રકારે વિપરીતવાદિઓજ છે એમ સમજવું નહિં ભાવવન્દના લિંગાધિકારની પરિસમાપ્તિમાં પ્રસંગોપાત ઉપર પ્રમાણે જણાવી દીધું. ગાથા ૧૬.

મુદ્રાઓની વ્યવસ્થા.

આ પંચાશકના પ્રારંભમાં ઉત્કૃષ્ટાદિ ત્રણ ભેદે વંદના જણાવીશ એવું જે કથન કર્યું હતું તેજ સ્થળે નમસ્કારાદિ ત્રણ ભેદથી અને અપુનર્બંધકાદિ ભાવ ભેદથી ત્રણ પ્રકારે વંદનાનું સ્વરૂપ જણાવી દીધું. અને તેજ સ્થળે 'मुद्राविण्णासपरिसुद्धं' જણાવ્યું હતું, તેથી વંદન કરનારને મુદ્રાવિન્યાસની સંશુદ્ધિ કેવી રીતે સાચવવી તે જણાવે છે. પ્રણિપાત=પ્રણામ કરવો તે પંચાંગ પ્રણિપાત થવો જોઇએ. અર્થાત્ બે ઢીંચણ બેહસ્ત અને મસ્તક આ પાંચે અંગોને માનના મર્દનપૂર્વક નમાવવાની રીતિએ નમાવીને પ્રણામ કરવો તેને પંચાંગ-

પ્રણિપાત કહે છે. શક્રસ્તવાદિ પાઠ સ્તવનં (નમુત્થુણંનું ઉચ્ચારણ) યોગ-મુદ્રાએ કરવું, અને પ્રણિધાન એટલે શુભાર્થ પ્રાર્થના સ્વરૂપ જયવીયરાય ઇત્યાદિ પાઠ મુક્તાશુક્તિ મુદ્રાથી કરવાં જરૂરી છે. જેઓ શક્રસ્તવ-યોગ મુદ્રાએ ન કરવું પણ ચતુર્વિંશતિસ્તવ=લોગસ્સ યોગ મુદ્રાએ કરવાનું જણાવે છે, તેઓએ **શ્રી જીવાભિગમ અને શ્રી જ્ઞાતાધર્મ કથાના પાઠોના પરમાર્થને પિછાણવાની જરૂર છે. પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ પંચાશકકાર શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ** ચૈત્યવંદન વૃત્તિમાં પ્રણિપાત દંડક માટે જુદો વિધિ કહેલો છે. આ ઉપરથી પ્રમાણિક ગ્રંથોમાં વિવિધ વિધિ દેખવા માત્રથી વ્યામોહિત થવું નહિં, પરંતુ તે તે સ્થળોએ ગ્રંથકારોએ માનના મર્દન કરવા રૂપ અને વિનય ધર્મના સેવન રૂપ ફરમાવેલા વિધિને નિષેધ કરી શકતાજ નથી, અને આથીજ યોગ મુદ્રાએ શક્રસ્તવ કરવાનો પાઠ પણ સુસંગત છે. આ રીતિએ ચૈત્યવંદના અવસરે બોલાતાં સૂત્રો કઇ કઇ મુદ્રાએ કરવા તેની વ્યવસ્થા જણાવી દીધી. ગાથા-૧૭.

બે મુદ્રાઓનું સ્વરૂપ.

બે જાનુ (ઢીંચણ), બે હસ્ત=હાથ, અને ઉતમાંગ=શિર=મસ્તક એ પાંચે અંગોને વિનય-બહુમાન-આદર અને ભક્તિભાવપૂર્વક જમીન ઉપર યથાવિધિએ સ્થાપન કરવા તેનેજ પંચાંગ પ્રણિપાત કહે છે. ગાથા-૧૮.

યોગમુદ્રાના સ્વરૂપને પ્રતિપાદન કરતાં થકાં જણાવે છે કે-પરસ્પર આંગળીઓનું યથા વિધિએ મીલન કરીને, બીડાયેલ કમળના આકાર સદશ કરીને, અને બે હાથને જોડીને પેટની ઉપર બંન્ને કુહણીઓ સ્થાપન કરવાથી જે મુદ્રા કરાય છે તેને યોગ મુદ્રા કહે છે. શાસ્ત્ર વિહિત વિધિ વિધાન યુકત બંન્ને હસ્તોનું વિશેષ યોજન કરવું, કે જેથી કરીને આ મુદ્રાને અનુસરનારો ચિત્તાદિની વ્યગ્રતાને વિસર્જન કરીને સમાધિના સુંદર લાભને પ્રાપ્ત કરનારો થાય છે. આ મુદ્રાના મહત્ત્વને સમજીને **જે પુણ્યાત્માઓ આ યોગ મુદ્રાને યથા વિધિ અનુસરે છે તેઓ અનેકવિધ વિઘ્નોની પરંપરાને દૂર કરવા સમર્થશાલી બને છે.** ગાથા ૧૯.

વિઘ્નોને જીતવાના સ્વભાવવાળી જીનમુદ્રા છે. કાયોત્સર્ગ અવસ્થામાં ઉભો રહેનાર પોતાના બન્ને ચરણને આગળના ભાગમાં ચાર આંગળના આંતરે રાખનારો હોય, અને પાછળના ભાગમાં ચાર આંગળથી કંઇક ઓછા આંતરે બંન્ને પગને રાખતો હોય, અર્થાત્ ઉપરના આંતરને અનુલક્ષીને બંન્ને ચરણોના પરસ્પર સંબંધનો પરિત્યાગ કરેલો હોય તેને જીનમુદ્રા કહેવાય છે. યોગમુદ્રાથી આ જીનમુદ્રાનું વૈલક્ષણ સ્વરૂપ છે. રાગ દ્વેષને જીતનારા-જિનેશ્વર ભગવંતોને કાયોત્સર્ગ કરવાના અવસરે આ મુદ્રા હોય છે તેથી આ મુદ્રાને જિનેશ્વરોને કાયોત્સર્ગ અવસરે સંબંધ હોવાથી પણ જિનમુદ્રા કહેવાય છે. ગાથા ૨૦.

સમુદ્રમાં થતી છીપોમાં મોતી પાકે છે, અને તે મોતી સહિતની બીડાયેલ છીપના આકારે થતી મુદ્રાને મુકતાશુકિત મુદ્રા કહે છે. તે મુદ્રાનું સ્વરૂપ આ પ્રમાણે છે. યોગ-મુદ્રામાં પરસ્પર આંગળીઓનું મીલન કરવાનું હતું તે પ્રમાણે નહિં કરતાં આ મુદ્રાશુકિત મુદ્રામાં સામસામી આંગળીઓ એક સરખી મીલન કરીને, અને બે હસ્ત મીલાવીને લલાટ

પ્રદેશે યથાવિધિએ તે બે હસ્ત લગાડાય છે. કેટલાક આચાર્યો મુક્તાશુક્તિ મુદ્રામાં ઉપરની બધી બીના સ્વીકારે છે, પરંતુ લલાટ દેશે=ભાલ પ્રદેશે બે હસ્તને લગાડવાં નહિં એમ જણાવે છે. ગાથા ૨૧. ઉપર પ્રમાણે ગા. ૧૮-૧૯-૨૦ ૨૧ માં અનુક્રમે પંચાંગ પ્રણિપાત મુદ્રા, યોગ-મુદ્રા, જિનમુદ્રા; અને મુક્તાશુક્તિ મુદ્રાનું સ્વરૂપ આરાધકોના હિતાર્થે જણાવી દીધું.

પ્રણિધાનની પારમાર્થિકતા,

'पणिहाणं मुत्तमुत्तीए' આ પદો સત્તરમા પદ્યના ઉત્તરાર્ધમાં જણાવેલાં છે. આ કથનથી શંકાકાર શંકા કરે છે કે મુક્તાશુક્તિ મુદ્રા અવસરે પ્રણિધાન કરવાનું જણાવ્યું છે, એટલે વન્દનાના અન્તભાગમાં પ્રણિધાન કરાય છે. તો પછી બાકીની વન્દના પ્રણિધાન રહિતજ કરવી જોઇએ એમ ધ્વનિત થાય છે. આ શંકાના સમાધાનમાં શાસ્ત્રકારના પરમાર્થને વૃત્તિકાર સમજાવતાં છતાં જણાવે છે કે વન્દનાન્તે જે પ્રણિધાન કહેવાય છે તે વન્દના કરનારને પ્રાર્થના કરવા યોગ્ય-પ્રાર્થનાના પુનીત પરમાર્થમાં તન્મય થઇ જવા રૂપ ઉપયોગને અત્ર પ્રણિધાન જણાવેલું છે, અને બાકીની વન્દનામાં અર્થાત્ પંચાંગ પ્રણિપાત આદિ વન્દનામાં તે તે વિધિ-વિધાન સૂત્રાર્થમાં એકાગ્રતા સ્વરૂપ=તન્મય થવા સ્વરૂપ પ્રણિધાન તો અવશ્ય કરવાનું વિધાન કરેલું જ છે, એકાગ્રતા સ્વરૂપ પ્રણિધાન સર્વત્ર વ્યાપક છે, અને પ્રાર્થનારૂપ પ્રણિધાન નિયત સૂત્રવર્તિ છે.

અજ્ઞાન દશાની આંધીમાંથી બહાર નિકળ્યા વગર, વીતરાગના વચનોનું શ્રવણ-મનન-પરિશીલન કર્યા વગર, હેય-ઉપાદેયના નિર્મળ નિશ્ચયાત્મકરૂપ જ્ઞાન દશાને પામ્યા વગર, પર પૌદ્ગલિક ભાવોના પારાવાર પ્રસંગોમાં પણ સર્વજ્ઞ-શાસન-માન્ય સિદ્ધાંતોમાં ઓતપ્રોત થયા વગર આત્માઓ ઉચ્ચ જ્ઞાન દશા પામી શકતાજ નથી. આથી બેસતાં-ઉઠતાં-હાલતાં-ચાલતાં અર્થાત્ અનેકવિધ કાર્યવાહીઓ કરતાં કરતાં ઉચ્ચ જ્ઞાનદશાને પામેલાજ જીવો પ્રણિધાનની પુનીત કાર્યવાહીના પરમાર્થ પિયૂષનું આસ્વાદન કરી શકે છે. પ્રણિધાનના પ્રાથમિક આશયના ઉંડા રહસ્યનું આસ્વાદન કરનારોજ ધર્મ નહિં પામેલા જીવોને ધર્મ સન્મુખ કરે છે, ધર્મ સન્મુખ થયેલાઓને પ્રયત્ન કરીને ધર્મ પમાડે છે, ધર્મ પામેલાઓને ધર્મમાં વધુ વધુ સ્થિર કરવાને ઉજમાળ થાય છે, ધર્મમાં સ્થિર થયા છતાં ધર્મની પ્રવૃત્તિમાં મંદતાદિ દોષો દેખાઈ આવે તો નિવારણ કરવા કટીબદ્ધ થાય છે; અને મંદતા-આલસ્યાદિ દોષ રહિત કરવા છતાં ધારેલ ધારણાની સિદ્ધિ થતી નથી તેવાં હતોત્સાહિ જીવોને ઇષ્ટ સિદ્ધિ અવરોધક વિઘ્નોનું વિવેકપૂર્વક દિગ્દર્શન કરાવે છે. આથીજ શ્રીમાન્ ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી જણાવે છે કે ધર્મરહિત જીવોની હીનદશા દેખીને ધર્મ પામેલા જીવોને કરૂણા-ભાવ ઉત્પન્ન થવોજ જોઇએ, અને કરૂણાભાવને અનુસરતી યોગ્ય કાર્યવાહી કરવીજ જોઇએ, અને ધર્મ પામેલાઓ ધર્મ નહિં પામેલાઓ પ્રત્યે ત્યારેજ કરૂણાભાવની કાર્યવાહી કરી શકે છે કે જ્યારે તેઓ પ્રણિધાનના પરમાર્થને પુરેપુરો પિછાણ્યો હોય છે; અન્યા નહીંજ. જુઓ સાડી ત્રણસોની ગાથાનું સ્તવન-ઢાળ દશમી, ગાથા પાંચમી.

'કરૂણા ન કરે હીણની, વિણપણિહાણ ન નેહરે,

દ્વેષ ધરંતાં તેહ શું રે હેઠા આવે તેહ રે. પ્રભુ તુંજ વાણી મીઠડીરે લોલ. ગા. ૫.

આ ઉપરથી સમ્યક્ જ્ઞાન વગરની ક્રિયાઓમાં દોષાદિ થવાનો સદ્ભાવ છે, માટે સમ્યક્જ્ઞાનદશાને પામવા પૂર્વક પુણ્યાત્માઓને દરેકે દરેક ક્રિયાઓમાં, અનુષ્ઠાનોમાં અને તે તે અનુષ્ઠાનોની મુદ્રાઓ તથા ઉચીત વિધિવિધાનના સેવનમાં ચિત્તની એકાગ્રતા રૂપ પ્રણિધાનનું પુનઃ પુનઃ સેવન કરવું જરૂરી છે. અને આથીજ પ્રણિધાનની પારમાર્થિકતા જણાવી. ચાલુ પંચાશક ના ૨૨મા પદ્યના પ્રથમ પદમાં "सव्वत्थवि" એટલે સમસ્ત વન્દનામાં ચિત્તનું એકાગ્રપણું અર્થાત્ ચિત્તની તન્મયતા હોવીજ જોઇએ એમ જણાય છે. ગાથા. ૨૨. પૂર્વાર્દ્ધ.

વન્દના વિષયક પ્રણિધાન.

સમસ્ત વન્દનામાં અર્થાત્ સર્વ પ્રકાર ની વન્દનામાં ચિત્તની એકાગ્રતા હોવીજ જોઇએ. આ પદ્યની શરૂઆતમાં "सव्वत्थवि' જણાવેલ છે. એટલે છેલ્લી વન્દનામાંજ પ્રણિધાન કરવાનું જણાવેલ નથી, પણ અપિ શબ્દાર્થથી સમસ્ત વન્દનામાં પણ પ્રણિધાન કરવાનું જણાવે છે. અને તેથીજ તે તે વન્દના અવસરે કરાતી ક્રિયા આદિમાં ચિત્તને સ્થાપન કરવું. અર્થાત્ મુદ્રાઓના મહત્ત્વને સમજીને યથાયોગ્ય યથા વિધિએ સેવન કરવું, વન્દનીય પરમાત્માદિ પ્રત્યે મુખ-દ્રષ્ટિ આદિનું સ્થાપન કરવું, ભૂમિપ્રમાર્જન કરવું; અને કાયોત્સર્ગ કરવો વિગેરે ક્રિયામાં ચિત્તનો ઉપયોગ તન્મયપણે રાખવો.

વન્દના અવસરે બોલાતાં સૂત્રો, સૂત્રસ્થિત પદો, પદસ્થિત અક્ષરો, વિભક્તિ, વચન, વિશેષણ વિશેષ્ય, ક્રિયાપદોના ઉચ્ચારમાં હ્રસ્વતા, દીર્ઘતા, શબ્દાર્થ, વાકયાર્થ, મહાવાકયાર્થમાં પણ ચિત્તનું અસ્ખલિત સ્થિરીકરણ કરવું, અને વન્દનીય શ્રી વીતરાગ ભગવંતોના બિંબ પ્રત્યે દ્રષ્ટિ સ્થાપન કરવી અથવા તો તે તે જીનેશ્વર ભગવંતોના સમ્યકત્વપ્રાપ્તિ, તીર્થંકરના કર્મની નિકાચનાદિ અનેક પ્રસંગોના પુનીત પિયૂષનું આસ્વાદન કરી કરીને વન્દન કરનારે પોતાના આત્માને પરમ આનન્દ અને પરમ સંતોષથી સમૃદ્ધશાલિ બનાવવો. પ્રણિધાનના પારમાર્થિક રહસ્યને સમજાવતાં વન્દનાવિષયક પ્રણિધાન સમજાવી ગયા. હવે શાસ્ત્રકાર છિન્ન જ્વાલાના દ્રષ્ટાંતથી તેનું (પ્રણિધાનનું) દૃઢીકરણ કરે છે, અને તે દ્રષ્ટાંતને આપણે દ્રષ્ટાન્તદ્વારા દાર્ષ્ટાન્તિક-ઉપનય સાથે વિચારીએ. ગાથા ૨૨.

પ્રણિધાનની પ્રભા સાથે ઘટના.

સળગાવેલાં ઇન્ધનથી=લાકડામાંથી ઉઠેલી જ્વાળાઓ છિન્નભિન્ન થતી નજરે દેખાય છે. જેવી રીતે મૂલ જ્વાલાથી સંબંધ નહિં રાખનારી છિન્ન જ્વાલા નજરે દેખાય છે, છતાં પણ સંબંધવાળી છે એમ સમજવામાં વાંધો આવતો નથી, તેવી રીતે છિન્નભિન્ન દેખાતી જ્વાલાઓનાં પુદ્ગલ પરમાણુઓના વિચિત્ર રીતિએ પરિણામ થયેલ હોવાથી મૂલ જ્વાલા સાથે સબંધપણું છે અને અસંબંદ્ધપણું છે એ જરા બુદ્ધિને જોર દેવાથી ચિત્તમાં સુસંગત કરી શકાય છે. જેવી રીતે ગૃહની અંદર સળગતા-દીવાની પ્રભા પૂર્ણ પ્રકાશમાન નજરે પડે છે, તેવી રીતે ઘરના દ્વાર પાસે અગર ઘરના કરવાજાની બહાર તે પ્રભા પ્રકટપણે ભાસમાન નજરે પડતી નથી, છતાં અંદરની પ્રભાનો પ્રકાશ અને

બહારની પ્રભાનો પ્રકાશ ઓછો વત્તો માલમ પડે છે તેથી કરીને અસંબદ્ધપણું અને સંબદ્ધપણું કલ્પી શકાય છે; પરંતુ સંબદ્ધપણું સર્વથા નથી એમ કહી શકાતું જ નથી. આથી કરીને પ્રભાને જ્વાલારૂપ સ્વીકારીને મૂળ દીવાથી ઉઠેલી પ્રભા સાથે ઓછાવત્તા પ્રમાણમાં સંબંધ રાખનારી તે પ્રભા સ્વીકારવીજ પડે છે, તેવી રીતે વન્દનાદિ ક્રિયા-અનુષ્ઠાનાદિમાં એકજ સ્થળે પ્રાપ્ત થયેલું પ્રણિધાન પણ અવ્યક્તપણે સુસંબદ્ધપણે વ્યાપેલું છે એમ માનવામાં વાંધો આવતો નથી.

અથવા દીવાળીના દિવસોમાં લોખંડની લાંબી સળી ઉપર દારૂ (સ્ફોટક પદાર્થ) લગાડેલ હોય છે, છોકરાંઓ સળગાવે છે, અને પછી તે સળીને આંગળી ઉપર રાખીને ભમાવે છે, છતાં ગોળાકાર દેખાતું તે આલાત ચક્ર ચોક્કસ વિભાગમાં ગોળાકાર નથી એમ જાણવા છતાં પોતાના ક્ષેત્રથી અપર ક્ષેત્રમાં શીઘ્રવૃત્તિથી સ્વસંબંધને સ્પષ્ટીકરણ કરતું જણાય છે. તેવીજ રીતે પ્રણિધાન પણ એકજ સ્થળે સ્વરૂપથી વર્તતું માલુમ પડે છે. પરંતુ શીઘ્રવૃત્તિથી સર્વ સ્થળે અવભાસમાન થાય છે. તેથીજ "सव्वत्थविपणिहाणं" એ પદોપદ્યમાં ગુમ્ફિત થયા છે તે યુક્તિ યુક્ત સુસંગત છે. ગાથા ૨૨ ના ઉત્તરાર્ધમાં 'दिट्ठंतो छिन्न जलाओ' એ પદોથી જણાવેલ દ્રષ્ટાન્ત દ્વારાએ દાર્ષ્ટાન્તિક પ્રણિધાનનું સમર્થન કર્યું. ગાથા ૨૨ નું દ્રષ્ટાન્ત.

દ્રષ્ટાન્તનું પારમાર્થિકપણું.

પૂર્વે જણાવેલા દૃષ્ટાન્તના રહસ્યને જણાવતાં શાસ્ત્રકાર ચાલુ પ્રસંગમાં ત્રેવીસમું પદ્ય જણાવે છે. જ્વાલાનો ઉચ્છેદ થયા છતાં પણ તે જ્વાલાવિષયક પરમાણુઓના વિવિધ સ્વરૂપે પરિણામાન્તર થયેલ હોવાથી જ્વાલાની એક સરખી પરંપરાના અભાવમાં જ્વાલાનું દર્શન થતું નથી, છતાં જ્વાળાના પરમાણુઓનું વિદ્યમાનપણું છે, તેવીજ રીતે એકાગ્રતાને પામેલ મનવાળા જીવોને વ્યક્તપણે=પ્રકટપણે થનારા અનુભવના અભાવમાં પણ અપ્રકટપણે ભાવ= ઉપયોગ વર્તતો હોય છે. એ માનવાને લેશભર શંકાજ નથી. એવીજ રીતે છિન્ન જ્વાલા ન્યાયેન અર્થાત્ અલાતરૂપ છિન્ન જ્વાલા ન્યાયેન, એકજ સ્થળે એકજ અનુભવ કરાતા વિષય સંબંધવાળા પદાર્થથી થતો ઉપયોગ જે જે વિષયરૂપ બીજા બીજા ઉપયોગો પ્રવર્તે છે તેજ સ્થળે અવ્યક્તપણે પ્રણિધાન પ્રવર્તે છે; કારણ કે વિષય અને વિષયિનો પરસ્પર અભેદ સંબંધ છે. આ સ્થળે અલાત સ્વરૂપ છિન્ન જ્વાલા પક્ષનું દ્રષ્ટાન્ત સુસંગત યુક્તિયુક્ત છે, પરંતુ ચક્રાકાર અને દંડાકારરૂપ દ્રષ્ટાન્તમાં પ્રણિધાનનો પરમાર્થ સુસંગત બનતોજ નથી, કારણ કે ચક્રાકારનું અને દંડાકારનું અતાત્ત્વિકપણું છે. અતાત્ત્વિકપણાનું સમર્થન કરતાં વૃત્તિકાર જણાવે છે કે ચક્રાકાર અને દંડાકાર જ્વાલાનું ભાસમાન થવું એ શીઘ્રવૃત્તિથી કરેલો આકાર વિશેષ છે. ગાથા ૨૩.

આદરપૂર્વક આરાધનનું સાફલ્યપણું.

કયા કર્મના ક્ષયોપશમથી વન્દના વિષયક મુદ્રાવિન્યાસાદિરૂપ પુનીત એવો આત્યંતિક પ્રયત્ન પ્રવર્તે છે? આ સંબંધમાં શાસ્ત્રકાર જણાવે છે કે ક્ષાયોપશમિક ભાવરૂપ આત્મ પરિણામની વિદ્યમાનતામાંજ મુદ્રા વિન્યાસાદિ નિર્મળ વિધિ-વિધાન પુરસ્સરનું અનુષ્ઠાન પ્રવર્તે છે, પરંતુ ઔદયિક

ભાવમાં શાસ્ત્ર વિહિત મુદ્રાવિન્યાસાદિ પ્રવર્તતાંજ નથી; કારણ કે અનંતાનુબંધિના ક્રોધ-માન-માયા લોભ અને મિથ્યાત્વ મોહનીય કર્મના વિનાશથી થવાવાળો આ ક્ષાયોપશમિક ભાવ સ્વરૂપ આત્મપરિણામ છે.

ચૈત્યવંદનાદિક અનુષ્ઠાનને પરમ આદરપૂર્વક આદરેલું, અતિ બહુમાનપૂર્વક આરાધેલું, અને ભક્તિ ભાવનાના ભરપૂર ભવ્ય ભાવોથી સેવેલું હોય, ત્યારે તે તે અનુષ્ઠાનની સેવનામાં ઉજમાળ થયેલા ભવ્યાત્માઓ તથાવિધ-કોઇક કર્મના ઉદયથી આરાધન કરાતાં અનુષ્ઠાનથી પતિત ભાવને પામે છે, તો પણ ફરીથી જ્યારે તે અનુષ્ઠાન ક્ષાયોપશમિક-ભાવથી ભાવિત થયેલાને પ્રાપ્ત થાય છે, ત્યારે તે અધ્યવસાય-અર્થાત્ તે આત્મિકભાવ અધિક-અધિકતર વૃદ્ધિપણાને પામે છે. મોક્ષના અવંધ્ય કારણ રૂપ તે વૃદ્ધિ પામતો પરિણામ સફલદાયિ નીવડે છે, અને આથીજ વંદનાવિષયક સેવન કરાતો પુનીત પ્રયત્ન સુસંગત છે માટે **આરાધના પ્રત્યે આદરવંત બનવું જરૂરી છે.** ગાથા-૨૪.

પુનઃ પ્રાપ્તિપૂર્વક ભાવ વૃદ્ધિ.

'પતિત ભાવને પામેલાઓ પુનઃ મૂળભાવને પામીને તેઓને તે ભાવની વૃદ્ધિ થાય છે.' એ અનુભવની આછી ઝાંખી કેવા જીવોને થાય છે, તે જણાવતાં શાસ્ત્રકાર જણાવે છે કે પરમ આદર-બહુમાન અને અત્યંત ભક્તિભાવથી ભાવિત થયેલા આત્માઓ તે ભાવથી પતિત થાય તો પણ પુનઃ તે ભાવને પ્રાપ્ત કરીને વૃદ્ધિ કરવા સમર્થ થાય છે. પ્રાપ્ત કરેલા ભાવથી પતિત બનારા પુણ્યાત્માઓની બુદ્ધિ ઘણું કરીને સર્વજ્ઞકથિત ધર્મવ્યાપારમાં વિશેષે કરીને ધર્મમય વાસનાથી વાસિત થયેલી હોય છે. આથીજ ધર્મમય વાસનાથી વાસિત થયેલ તે પુણ્યાત્માઓ પુનઃ જિન પ્રવચનને અનુસરતાઓએ અવશ્યમેવ સમ્યક પ્રકારે અવધારણ કરવાલાયક છે. ગાથા ૨.

અવન્દ્ય કારણ જિજ્ઞાસા.

ચાલુ પંચાશકની પ્રથમ ગાથામાં "મુદ્રાવિન્યાસપરિશુદ્ધાં વન્દનાં વક્ષ્યે" આ પદો જણાવેલાં છે. આથીજ પૂર્વે જણાવેલ મુદ્રાના મહત્વને સમજનારાઓની અને સમજપૂર્વક સાચવનારાઓની વન્દના પરિશુદ્ધવન્દના કહેવાય છે, માટે પરિશુદ્ધ વન્દનાના લિંગ=ચિહ્ન જણાવે છે. વન્દના કરનારને વન્દનીય વિભુને વન્દના વિષયક-સૂત્ર-સૂત્રાર્થ-રહસ્ય-વિધિ—વિધાનાદિ જાણવાની અતિ-તીવ્ર જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. કારણ કે મોક્ષમાર્ગ પ્રાપ્તિના અવન્ધ્ય કારણભૂત સમ્યગ્જ્ઞાનાદિ છે, અને પૂર્વે જણાવેલ જિજ્ઞાસા એ સમ્યક્જ્ઞાન સ્વરૂપ હોવાથી આ જિજ્ઞાસા મોક્ષના અવન્ધ્ય કારણરૂપ છે. આથીજ વૃત્તિકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી જણાવે છે કે જેઓ નિર્વાણ પ્રાપ્તિના અર્થિઓ છે, તેઓ **નિર્વાણ પ્રાપ્તિના અવન્ધ્ય કારણરુપ સમ્યગ્ જ્ઞાનાદિ** (સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ) **જિજ્ઞાસાથી પ્રાપ્ત કરે છે, અને જિજ્ઞાસાથી જાણવામાં આવેલાં તે તે કારણોદ્વારા નિર્વાણરૂપ કાર્યની અવશ્યમેવ સિદ્ધિ કરે છે,** આ ઉપરથી નિર્વાણ અંગભૂત પરિશુદ્ધ વન્દનાનું જિજ્ઞાસા એ અમોઘ કારણ છે. જે ભૂમિમાં બીજનું વપન થયેલ છે તે ભૂમિ પર અનુકૂળ વર્ષાનું વરસવું એજ અંકૂરાની ઉત્પત્તિ કરવામાં તે વર્ષા અમોઘ-

કારણરૂપ એ કાર્યકારણ ભાવ બુદ્ધિમાનોને સમજવામાં લેશભર વિલંબજ થતો નથી. ગાથા ૨૬

તત્ત્વધર્મ-યોનિસ્વરૂપ.

જિજ્ઞાસાને મોક્ષના અવન્ધ્ય કારણોનું નિમિત્તપણું તમેજ જણાવો છો કે બીજા શાસ્ત્રકારો પણ આ વાતને સમ્મત છે, આ વાતને પ્રતિપાદન કરતાં જણાવે છે કે-અન્ય દર્શનકાર-પાતઞ્જલિએ પોતાના અધ્યાત્મ ગ્રન્થ તરીકે પ્રસિદ્ધિ પામેલ પાતઞ્જલ યોગશાસ્ત્રમાં તત્ત્વધર્મ યોનિનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે. ત્યાં આ બીનાને સ્પષ્ટ કરે છે—"धृतिः श्रद्धा सुखा विविदिषा विज्ञप्तिरिति तत्त्वधर्मयोनयः"। ખેદ-ઉદ્વેગાદિ આઠ દોષનો પરિહાર કર્યા વગર આત્માને હિતકારી એવું ચિત્ત સ્વાસ્થ્ય થતું જ નથી, અને આથીજ ઉપર જણાવેલાં ખેદ-ઉદ્વેગ-ભ્રમાદિ દોષોને દેશવટો દેનાર પુણ્યાત્મા ધૃતિ=ચિત્ત સ્વાસ્થ્યનું સુંદર આસ્વાદન કરી શકે છે. શ્રદ્ધા એટલે તત્ત્વરૂચિ અર્થાત્ સર્વજ્ઞ શાસનમાન્ય તત્ત્વો પ્રતિ પ્રતીતિપૂર્વકની જે રૂચિ તેને તત્ત્વરૂચિ રૂપ શ્રદ્ધા કહે છે. અનુષ્ઠાનોનું સેવન કરતાં અર્થાત વન્દનામાં ઓતપ્રોત થનાર ભવ્યાત્માને વન્દના અવસરે સૂત્ર-સૂત્રાર્થ-તદુભય રહસ્યોનું આસ્વાદન કરતાં કરતાં જે વિશિષ્ટ આલ્હાદનું આસ્વાદન થાય છે, તેજ વિશિષ્ટ-આલ્હાદ રૂપાને સુખા કહે છે. **કરાતી વન્દના ક્રિયાને બોલાતાં કે શ્રવણ કરાતાં સૂત્રોને સમજમાં આવતાં સૂત્રાર્થોને અને અનુભવાતાં અગમ્ય રહસ્યોને પરમાર્થ રીતિએ પિછાણવાની અતિ અત્યંત તીવ્ર ઇચ્છારૂપ જિજ્ઞાસા યોગશાસ્ત્રકારોએ સ્વીકારી છે.** આ ચાલુ પંચાશકના સત્તાવીશમા પદ્યમાં પ્રાયે કરીને ધૃતિ, શ્રદ્ધા, સુખા, અને વિવિદિષા એ ચાર જ યોનિ એટલે તત્ત્વ ધર્મની યોનિઓ કહેલી છે, પરંતુ પાતઞ્જલ શાસ્ત્રકારે તો પાંચમો ભેદ તત્વધર્મ યોનિનો વિજ્ઞપ્તિ જણાવેલ છે. એટલે પ્રાયઃ શબ્દથી વધુ હોય તો વાંધો નથી. આ ઉપરથી તત્વમય ધર્મની પ્રાપ્તિ કરનારાઓને ધૃતિ આદિ યોનિઓ અમોઘ કારણરૂપ છે; કારણ કે મોક્ષના અર્થિઓને મોક્ષના અવન્ધ્ય કારણરૂપ સમ્યગ્ દર્શન જ્ઞાનાદિની ઉત્પત્તિ કાલે ધૃતિ-શ્રદ્ધા-સુખા-વિવિદિષા-જિજ્ઞાસા આદિ ભેદો નિમિત્તરૂપે સ્વીકારેલા છે. અને આ વાત એટલે યોનિ અધિકારને પાતઞ્જલાદિ યોગ શાસ્ત્રમાં તે શાસ્ત્રકારોએ સવિસ્તરપણે જણાવેલો છે. ગાથા ૨૭.

જિજ્ઞાસાનો સ્થાન-નિર્દેશ.

પૂર્વે જણાવેલ જિજ્ઞાસારૂપ તત્ત્વધર્મયોનિ= કારણે શુદ્ધવન્દના અવસરે કયારે હોય છે?, એ શંકાના સમાધાનમાં શાસ્ત્રકાર-'पढम-करणोवरि' ઇત્યાદિ પદો દ્વારા એ સમાધાન આપીને જિજ્ઞાસા=જાણવાની તીવ્ર ઇચ્છા રૂપ કારણનો પ્રાપ્તિકાલ જણાવે છે. યથા પ્રવૃત્તિ નામના આદ્ય પરિણામથી આગળ વધીને વધવાવાળા પુણ્યાત્માઓને ઉપર જણાવેલી જિજ્ઞાસા સુસંગત રીતિએ હોય છે. તે યથા પ્રવૃત્તિના પ્રથમ કરણથી=પ્રથમ-પરિણામથી આગળ વધવા વાળા જીવો અપુનર્બંધક-સકૃદ્ બંધકાદિજ પુણ્યાત્માઓ છે, કારણ કે શુદ્ધ વંદનાને યોગ્ય વિધિ વિધાન-લિંગાદિને તેઓએ પ્રાપ્ત કરેલાં હોય છે. અથવા અતત્ત્વ પ્રત્યેના અસદ્ આગ્રહને તિલાંજલિ આપેલ હોવાથી તત્કાલ ઉચીત પ્રથમ કારણથી આગળ વધવા-વાળા જીવોને બાહ્ય તત્ત્વના અસદ્ આગ્રહથી

રહિત જીવો કહેવાય છે, અને તેથીજ પૂર્વે જણાવેલી જિજ્ઞાસા સુસંગત છે એ માનવામાં બાંધો આવતો નથી. આ ઉપરથી અસદ્ આગ્રહના આંદોલનોમાં મુંઝાયેલા-નિષ્પુણ્યક-જીવોને પૂર્વે જણાવેલ જિજ્ઞાસાનો આવિર્ભાવ હૃદય મંદિરમાં અંશ માત્ર પણ થતોજ નથી એ પ્રાસંગિક વિચારણા અત્ર વિચારી શકાય છે. શુદ્ધ વંદના કયારે અને કયા સ્થાનમાં આવિર્ભાવ પામે છે?, તે પ્રસંગને જણાવતાં પ્રથમ કરણથી આગળ વધેલાને અને પ્રથમકરણ રૂપ યથાખ્યાતથી આગળના અધ્યવસાય વર્તતા હોય ત્યારેજ તે (શુદ્ધવંદના) થાય છે. તો પછી કેટલા પ્રકારના કરણ છે?, ત્રણ પ્રકારના કરણ અર્થાત્ ત્રણ પ્રકારના અધ્યવસાય=પરિણામ વિશેષ શાસ્ત્રોમાં સિદ્ધાંતકારોએ પ્રતિપાદન કરેલા છે. પરિણામોની વિચિત્રતાને વિચારતાં સંસારવર્તિક જીવોને અનેકાનેક પરિણામો=અધ્યવસાયો હોઇ શકે છે, પરંતુ આત્મ હિતકર મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરનારને ત્રિવિધ કરણનો અભ્યાસ અને તેનું સેવન કર્યા વગર મોક્ષમાર્ગ પ્રાપ્તિના અવન્ધ્યકારણ રૂપ સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થતાંજ નથી. અને આથીજ શાસ્ત્રકારોએ અત્ર ત્રિવિધ કરણ જણાવ્યાં છે. ગાથા-૨૮.

ત્રણ કરણરૂપ પરિણામનું સ્વરૂપ.

અધ્યવસાય વિશેષને કરણ કહે છે. તે ત્રણ કરણોના નામ અનુક્રમે યથાપ્રવૃત્તિ કરણ, અપૂર્વકરણ; અને અનિવૃત્તિકરણ કહેલાં છે. ક્રિયતે=વિધીયતે=કરાય છે. કર્મબન્ધ, કર્મોદય, કર્મોદીરણા, કર્મોપશમ, કર્મક્ષયોપશમ-ક્ષયાદિ જેનાથી કરાય છે તેને કરણ કહે છે. યથાપ્રવૃત્તના શબ્દાર્થને જણાવતાં ચર્કાવાંતકાર જણાવે કે—અનાદિ અનંત કાળથી સંસારમાં જે રીતે અર્થાત્ જે પરિણામથી પ્રવર્તતો હતો તેજ રીતિએ તે પરિણામથી પ્રવર્તવું તેનું નામ યથાપ્રવૃત કરણ કહેવાય છે, એટલે મૂળ પરિણામથી બીજા પરિણામને પ્રાપ્ત થયેલું તે યથાપ્રવૃત્તિ કરણ કહેવાય છે. અથવા શાસ્ત્રવિહિત પ્રવૃત્તિમાં પણ અનાદિ અનંતકાળથી વર્તતા પરિણામથી પ્રવર્તવું એટલે સાંસારિક વાસનાથી વાસિત થયેલા સમ્યકત્વ રહિત જીવોનું શાસ્ત્રવિહિત પ્રવૃત્તિમાં પ્રવર્તવું થાય છે. તે અવસરે પ્રાયઃ કરીને યથાપ્રવૃત્તિ કરણરૂપ અધ્યવસાય વિશેષ વર્તતો હોય છે. અનાદિ અનંત કાળથી પરિભ્રમણ કરનાર આત્માને પૂર્વે કોઇપણ કાળે પ્રાય થયોજ નથી એવો પરિણામ વિશેષ પ્રાપ્ત થાય તેને બીજો અપૂર્વકરણ રૂપ પરિણામ વિશેષ કહે છે. મોક્ષરૂપ મહાવૃક્ષના બીજ સદૃશ-સમ્યકત્વને પ્રાપ્ત કર્યા વગર પાછો વળતોજ નથી એવો જે આત્મપરિણામવિશેષ તેને ત્રીજો અનિવૃત્તિ કરણરૂપ પરિણામ કહે છે, તે અનિવૃત્તિ કરણ એટલે સમ્યકત્વ રત્નને પ્રાપ્તિ કરાવનાર પરમોત્કૃષ્ટ પરિણામ મોક્ષ-માર્ગમાં ગમન કરવાને ઉચીત પ્રવૃત્તિમાં ઉદ્યમશીલ ભવ્યાત્માઓનેજ આ પરિણામ થાય છે, પરંતુ ઇતરેષાં=અભવ્યાત્માઓને=મોક્ષમાર્ગની પ્રાપ્તિને અયોગ્ય આત્માઓને આ પરિણામ થતોજ નથી; કારણ કે તે અભવ્યાત્માઓને યથાપ્રવૃત્તિકરણ નામનો આદ્ય પરિણામજ પ્રવર્તે છે, અર્થાત્ છેલ્લા બે કરણ રૂપ અપૂર્વ અને અનિવૃત્તિના અમોઘ લાભને તેઓ પામી શકતાજ નથી. શાસ્ત્રમાં કરણને પરિણામ અર્થાત્ આત્માના અધ્યવસાયવિશેષ કહેવાય છે, અને તેજ વાતને શાસ્ત્રકાર 'भण्णइ करणत्ति परिणामो' આ પદોથી સ્પષ્ટ કરે છે. ગાથા. ૨૯.

(અપૂર્ણ.)

૬૦૮. અરિહંતાદિ પંચપરમેષ્ઠિઓના પરમેષ્ઠિપણાની પૂરી પીછાણ કરીને તે તે પરમેષ્ઠિ ભગવંતોનું ધ્યાન ધરો એમ શ્રી વિજયરત્નશેખરસૂરીશ્વરજી ફરમાવે છે.

૬૦૯. સુવર્ણનો અર્થી કશ–તાપ–છેદપૂર્વક સુવર્ણને તપાસે છે અને પરીક્ષા કરી–કરાવીને લે છે, પરંતુ કયા ગામનું સુવર્ણ છે? કોનું સુવર્ણ છે? ઇત્યાદી પ્રશ્નોને અવકાશજ નથી, તેવીજ રીતે પરમેષ્ઠિપ્રણાની પિછાણ થયા પછી વન્દન દર્શનાદિ ક્રિયાને બદલે કોણ છો? કયા ગામના છો? કોના શિષ્ય છો; ઇત્યાદિ પ્રશ્નોની ગુંચવણમાં પડનારાઓ ખરેખરા પરમેષ્ઠિપણાની પિછાણ વગરના છે એમ કહેવું સુસંગત છે.

૬૦૯. નવે દિવસની આરાધનામાં આવતાં નવે પદોનું ધ્યાન ધરનારાઓને અને બબ્બે હજાર જાપ કરનારાઓને ધ્યાન રાખવું જરૂરી છે કે અરિહંત–સિધ્ધાદિપદોથી એક વ્યક્તિનું આરાધન નથી, પરંતુ ત્રિકાળવર્તિ સકળ અરિહંત સિધ્ધાદિની આરાધના કરવા કરાવવાના આ અમોઘશાશ્વત દિવસો છે. અને આ અમોઘશાશ્વત આરાધના છે.

૬૧૧. અઢાર દોષથી મુકત થવાની સાથે કેવળજ્ઞાનને પ્રગટ કરનારા તીર્થંકરો વિશ્વભરને પામવા લાયક વસ્તુને પમાડવા તત્વમય ઉપદેશ દે છે.

૬૧૨. મનુષ્યજન્મમાં પામવા લાયકની વસ્તુ પામ્યા છતાં અન્ય જીવોને પ્રબળ પ્રયત્નવન્ત થવું એજ વિનિયોગનું સેવન છે.

૬૧૩. વિનિયોગના વિશાળ–આશયને અનુસરનારો આત્માજ અન્ય જીવોને પામવા લાયકના પદાર્થોની પ્રાપ્તિ કરાવવા માટે ભગીરથ પ્રયત્નો કરે છે.

૬૧૪. નિયમા ઘનઘાતીને તોડનારા, નિયમા કેવળજ્ઞાન પ્રગટ કરનારા, અને સર્વ કર્મનો ક્ષય કરીને નિયમે મોક્ષે જનારા હોવા છતાં પણ વિશ્વવન્દ્ય–તીર્થંકર ભગવંતોનું તીર્થંકરપણું વિનિયોગને અનુસરીને વિશ્વભરને લાભદાયિ નીવડે છે.

૬૧૫. વિશ્વભરને પામવા લાયકની વસ્તુઓ પમાડવાની પૂર્ણ તાલાવેલી ત્રણ ત્રણ ભવથી કરેલી છે. અને તેજ માટે તીર્થંકરનામકર્મની નિકામના કરીનેજ તીર્થંકર થયા છે.

૬૧૬. જિનેશ્વર ભગવંતોનો અને જિનેશ્વર ભગવંતના શાસનનો મૌલિક આદર્શ સિદ્ધપણું પ્રાપ્ત કરવામાં છે.

૬૧૭. શાશન માન્ય સઘળાંએ અનુષ્ઠાનોની આરાધનામાં અને ક્રિયાકારોની પરિસમાપ્તિમાં આરાધકોને પ્રાપ્ત કરવા લાયક સિદ્ધપણું જ છે એ ભૂલવા જેવું નથી.

૬૧૮. ત્રૈલોકયનાથ તીર્થંકર ભગવંતોના પુનીત ઉપદેશનું સાફલ્ય પરિણામ સિદ્ધપદને આભારી છે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

સુધા-વર્ષા.

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

આલેખનકાર:—સુધાવર્ષી-પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૫૯૮. મહા કષ્ટદાયક પંચ પ્રમાદમાં પડેલાઓ, પડીને ઉંડા ઉતરી ગયેલાઓ, અને તેની પડખે ચઢેલા બિચારા પામરાત્માઓ પરમાત્મા પ્રણીત-ધર્મતત્ત્વની સુંદર આરાધના કરી શકતાજ નથી.

૫૯૯. મહાકષ્ટદાયક પંચ પ્રમાદને પૂર્ણતયા પરિવર્જન કરીને પ્રબળ-પુણ્યાત્માઓજ ધર્માનુષ્ઠાનમાં ઉદ્યમવંત થાય છે એજ માનવજીવનની સાફલ્યતા છે.

૬૦૦. ભાવ વગરનું દાન મોક્ષસાધનાને અનુકૂળ થતું નથી, ભાવ વગરનું શિયળ યથાર્થ ફળને દઈ શકતું નથી, અને ભાવ વગરનો તપોધર્મ ભવની પરંપરાને ઘટાડી શકતોજ નથી; માટે ભાવપૂર્વક દાન-શીયળ-તપોધર્મની આરાધના કરો.

૬૦૧. ભાવધર્મની ઉત્પત્તિ-ટકાવ-વૃદ્ધિ અને ફલ પ્રાપ્તિ કરવી હોય તો અતિદુર્જય એવા મનને વશ કરતાં શીખો, કારણ કે ભાવધર્મની ઉત્પત્તિ આદિ મનોવિષયક છે.

૬૦૨. મુમ્બાપુરીના મર્કટને મુમ્બાપુરી વિભાગના પ્રાંતોના ગામેગામ અને નગરે નગર ભમવું મુશ્કેલ પડેલ છે, પરંતુ મનોમર્કટને તો દુનિયાપારના દેશપરદેશમાં પરિભ્રમણ કરવામાં એક પણ વિઘ્ન નડતું નથી, માટેજ અતિ ચંચળ મનને વશ કરવું જરૂરી છે; અને તેથીજ શાસ્ત્રકારોએ તે મનને અતિ દુર્જય જણાવેલું છે.

૬૦૩. અતિ દુર્જય મનને વશ કરવા શાસનમાન્ય સાલંબન-ધ્યાનનો જરૂર આશ્રય કરો.

૬૦૪. શાસન માન્ય શાસ્ત્રોમાં અનેકવિધ-આલંબનો જણાવેલાં છે, છતાં તે સર્વ આલંબનોમાં શાસનના સારભૂત શ્રી નવપદનું આલંબન શ્રેષ્ઠતમ સ્વીકારેલું છે.

૬૦૫. સર્વજ્ઞ ભગવંત-જિનેશ્વરોએ સાલંબન ધ્યાનમાં શ્રી નવપદ ધ્યાનને પ્રધાનતમપણે ઉપદેશેલું છે.

૬૦૬. નવપદનો આરાધક નવપદના પરમાર્થ પિયૂષનું આસ્વાદન કરીને નવપદપણું જ્યાં જ્યાં ભાસમાન થાય ત્યાં ત્યાં દર્શન-વન્દન-પૂજન-સત્કાર-સન્માનાદિ કરવા ઉજમાળ થાય છે.

૬૦૭. નવપદનો આરાધક વ્યક્તિના રાગમાં રંગાઇને નવપદમાંના કોઇપણ પદને પ્રાપ્ત કરેલા પુણ્યાત્મા પ્રત્યે અનાદર કે અરૂચી, અકકડતા-વક્રતા બતાવી શકતોજ નથી.

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થઃ—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —**આ. બો.**

લૌકિક-પ્રેમનું અંતિમ.

આલેખનકારઃ—સુધાવર્ષી=પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

પ્રેમ શબ્દમાં ત્રણ વ્યંજન, અને બે સ્વર છે, એટલે વ્યંજન-સ્વર સંમિલિત થઇને પાંચ અક્ષર છે; છતાં સ્વર સિવાયના વ્યંજનોચ્ચાર કરવા એ અશક્ય હોવાથી સાહિત્યકારોએ અને વ્યવહાર રસિકોએ સ્વર સહિતના વ્યંજનને અક્ષરની ગણત્રીમાં ગણેલો છે. પૂર્વોક્ત-ગણત્રીના હિસાબે **પ્રેમ** શબ્દમાંના ૨ ને અર્ધાક્ષર, અને **પ્રે-મ** દરેકને એક એક અક્ષર ગણીને સંમિત થયેલ-**અઢી અક્ષર યુક્ત-પ્રેમ** શબ્દ વ્યવહાર-સાહિત્ય સૃષ્ટિમાં સ્વીકૃત થયેલો છે.

અજબ જાદુઇ શક્તિ, અલૌકિક આકર્ષણ શક્તિ; અને અનુપમ અમૃતવર્ષણ શક્તિ, આઘનેકવિધ શક્તિ સંપન્ન-**પ્રેમ** શબ્દ ગુર્જર ભાષામાં વપરાતા સઘળા એ શબ્દોના શબ્દ રત્નમહોદધિમાં અચિન્ત્ય ચિન્તામણિથી પણ અધિક કાર્ય સિદ્ધિ કરનાર અદ્વિતીય વિજયવન્તપણે વર્તી રહ્યો છે.

અઢી અક્ષર યુક્ત-પ્રેમ શબ્દનો અખંડ-અભ્યાસિ-આત્માજ પ્રેમ શબ્દના પ્રનીત-પિયૂષનું આસ્વાદન કરીને પારમાર્થિક-પંડિતાઇને પામેલો હતો, છે અને રહેશે એજ કહેવું યુક્તિ-યુક્ત સુસંગત છે.

છતાં પ્રેમ શબ્દનો પ્રચાર પૃથ્વીપટ ઉપર પ્રસંગોપાત એવા સ્વરૂપે થઈ રહ્યો છે, અને થાય છે કે જે પ્રેમની વિકૃતદશા વિદ્વજ્જનોને પણ વિષમ-હાસ્ય-ખેદના ખાબોચીયામાં ડૂબાડવા પ્રયત્નશીલ રહે છે. [વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું.]

વી. સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪
વર્ષ ૧૪-અંક ૯.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

[ટાઇટલ:૨ જા પેજથી ચાલુ]

૬૨૮. નામ કમાવવાની તાલાવેલીમાં પડેલા કહેવાતા દાનેશ્વરી–કીર્તીયાગરા દાન દેઇને, અને દાની તરીકે પ્રસિદ્ધિ પામીને બીજાની આબરૂના કાંકરા કરવા માટે બકવાદ કરે છે તેઓ દાન ધર્મના વાસ્તવિક ફળને પામી શકતાંજ નથી.

૬૨૯. 'બીજાની આબરૂનું રક્ષણ થાય છે કે ભક્ષણ' આ વિચારાદિને પર્યાવ્યા વગર સહાયરૂપ દેવાતું દાન વાસ્તવિક ફળ નીપજાવી શકતુંજ નથી.

૬૩૦. "પાપને પાપ તરીકે માનવા જેટલી તૈયારી નથી, અને માન્યા છતાં દૂર કરવાની તાલાવેલી નથી," તેવા આત્માઓનું બાહ્ય વર્તન અને અભ્યંતર વર્તન તદ્દન નિરાળું હોય છે, અને તેથીજ તેવા–આત્માઓને શાસ્ત્રોમાં માયાના મંદિર–મિથ્યાદ્રષ્ટિ તરીકે વર્ણવેલાં છે.

૬૩૧. કર્મક્ષય કરવા માટે મોક્ષ માર્ગે સિધાવનાર શ્રમણ ભગવંતના વ્યક્તિ–સ્વાતન્ત્ર્યની સરખામણીમાં સમાજ સ્વાતન્ત્ર્ય ટકી શકતુંજ નથી, કારણ કે શ્રમણ ભગવંતનું વ્યક્તિ, સ્વાન્ત્ર્ય એ સર્વજ્ઞ કથિત શાસ્ત્રાધીન છે.

૬૩૨. સર્વજ્ઞ કથિત શાસ્ત્રાધિન–શ્રમણ ભગવંતોનું વ્યક્તિ, સ્વાતન્ત્ર્ય વિશ્વભરના સઘળા જીવોને આશીર્વાદ સમાન છે.

૬૩૩. પરમાત્મા સાથે પ્રેમ બાંધનારાઓએ અને પરમાત્મ પદમાં લીન થનારાઓએ 'પરમાત્મા પૂર્ણ છે અને હું અપૂર્ણ છું' એ ભાવથી ભાવિત થયા વગર પરમાત્મ–પદની પ્રાપ્તિ ઘણીજ દુર છે.

૬૩૪. કૃતજ્ઞતાના જ્ઞાતાઓ ઇર્ષ્યાભાવે કૃતઘ્ન–શિરોમણિ બને છે, ત્યારે તેઓ શાસન માન્ય ગુણોને અવગુણ તરીકે દેખવામાં, કહેવામાં અને આલેખવામાં અંશભર અચકાતાં નથી.

૬૩૫. સનાથતા કે અનાથતા એ અનુક્રમે સાકર કે અફીણના પડીકાં નથી, પરંતુ સર્વજ્ઞ–વચન–શ્રવણ રસિક આત્માઓ શ્રદ્ધા બળે સનાથતાને સહૃદયમાં સ્થિર કરી શકે છે, અને અનાથતાને અજ્ઞે કોષ દુર કરી શકે છે; એની અમોઘ ફલદાયિ ચીજ છે.

૬૩૬. ખોટું કલંક દેનાર અને તેજ કલંકના પ્રતાપે શૂળીપર ચઢનાર સજ્જન શિરોમણિ સુદર્શન શેઠ અભયારાણીનું લવલેશ બુરું ઇચ્છતો નથી, એટલુંજ નહિં પણ ભલું ઇચ્છવા અને ભલું કરવા કટીબદ્ધ થાય છે; એજ મૈત્રીભાવની મહત્તા છે.

[ટાઇટલ ૧ લા પેજથી ચાલુ]

લૌકિક–પ્રેમના પાશમાં સપડાયેલ પાત્રોમાં પ્રેમની વિકૃત દશાનું અવલોકન અનેકવાર થયું છે, અને થશે, છતાં લૌકિક–પ્રેમના પાત્રોનો પરીક્ષણપૂર્વક પરિચય કરતાં પરીક્ષકો નીતિ–ન્યાયની તુલાથી તોલીને પરીક્ષાના પરિણામ કહી શકે છે અને જાહેર કરી શકે છે—**તે લૌકિક પ્રેમ પુનીત નથી, પણ પાપ-વર્ધક અને પુણ્યશોષક વિકૃત પ્રેમ છે;** કારણ કે લૌકિક પ્રેમનું અંતિમ પરિણામ લૌકિક પ્રેમના પાત્રોના જીવન રાગ–દ્વેષ–સ્વાર્થ અહંભાવ, મમતા, આપઘાતાદિમાં પરિણમે છે. આથીજ લોકોતર વિશુદ્ધ પ્રેમની બલિહારી છે. (ચાલુ)

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૪.	જ્યેષ્ઠ-માસ.	તંત્રીઃ
અંક ૯ મો.	તા. ૧૭-૬-૪૮.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ--પૂ. આગમોદ્ધારક-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૦ ના કારતક સુદ ૧૫ ના રોજ ચાતુર્માસ બદલ્યું, તે અવસરે ઝવેરી સાકરચંદ ખુશાલદાસના બંગલામાં આપેલ દેશનાનો સારભૂત સંચય પૂ. પં. શ્રી હેમસાગરજીએ કરેલો તે તેઓશ્રી પાસેથી મેળવીને પૂ. પંન્યાસપ્રવર-શ્રી ચન્દ્રસાગરજી-ગણીન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે, છતાં પૂ. દેશનાકારના આશય-વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર અમો ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. રખડંપટ્ટી મટાડનારા અરિહંતો અને ગુરૂવર્યો.

૨. ધર્મસાધનદ્વારાએ સંસારની રખડંપટ્ટી મટે છે.

૩. સકલ જીવો માટે આરાધન કરવા લાયકની ચીજ—ધર્મ.

૪. મોક્ષનેજ સાધે, અને મોક્ષને સાધેજ; આ બે અવધારણ પૂર્વકની સાધના કરનાર સાધુ.

૫. ધર્મ પ્રાપ્તિ માટે સાધુ ભગવંતોની ભક્તિ બહુમાન-પૂર્વક સર્વદા સેવા કરો.

૬. સકળ જીવોની હિતબુદ્ધિને હૃદયમાં ધારણ કરો.

૭. પોતાનું હિત ઇચ્છનારે સર્વ જીવો પ્રતિ હિતબુદ્ધિ ધારણ કરવીજ જોઇએ.

૮. મમત્વભાવમાં મૂર્છિત થયેલાઓજ પરનું અહિત ઇચ્છે છે.

૯. સાધુ સેવા, સકળ જીવો પ્રતિનો મૈત્રીભાવ; અને મમત્વનો ત્યાગ એજ ધર્મ પ્રાપ્તિ આદિનું પ્રકૃષ્ટ-સાધન છે.

૧૦. ધર્મિ-આત્માઓએ ધર્મ પ્રાપ્તિના સાધનનું સેવન કરવું જરૂરીનું છે.

साधुसेवा सदा भक्त्या मैत्री सत्त्वेषु मावतः ।
आत्मीयग्रहमोक्षश्च धर्म-हेतु-प्रसाधनम् ॥

રખડંપટ્ટી મટાડનારા.

શાસ્ત્રકાર મહારાજા શ્રીભગવાન્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મોપદેશ કરતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી રખડે છે. તેની રખડંપટ્ટી મટાડનાર કોઈ પદાર્થ હોય તો

જીનેશ્વર ભગવન્ત એકજ છે. જો કે જીનેશ્વર ભગવાન રખડંપટ્ટી મટાડનાર કહેવાય અગર ગુરૂ મહારાજ પણ રખડંપટ્ટી મટાડનાર કહેવાય પણ તે સાક્ષાત્ હાથ ઝાલીને મટાડનાર નથી. દેવ કે ગુરૂ રખડંપટ્ટી મટાડે છે તે ધર્મ દ્વારાએ. જેમ ચક્રવર્તી પ્રસન્ન થાય ને દારિદ્રય દૂર કરે પણ કયા દ્વારાએ ? તો કે ધનદ્વારાએ. ચક્રવર્તિઓ પણ દારિદ્યદિને સ્વતંત્ર દૂર કરી શકતા નથી પરંતુ ઋદ્ધિ સમૃદ્ધિ દ્વારાએ દારિદ્યાદિ દૂર કરે છે, તેમ અરિહંતો કે ગુરૂ મહારાજાઓ પણ રખડંપટ્ટી મટાડનારા છે, પણ ધર્મદ્વારાએ.

ધર્મપ્રાપ્તિસ્થાન.

અરિહંત મહારાજના આરાધનથી ગુરૂ મહારાજની સેવાથી મેળવવાનું શું ? તો કહો કે ધર્મ. ગુરૂ કે દેવની સેવા કરતાં ધર્મની પ્રાપ્તિ થઇ. તો રખડંપટ્ટી મટી જવાની. હવે એમ કહેવામાં આવે કે ધર્મદ્વારાએ રખડંપટ્ટી મટવાની છે તો જીનેશ્વર કે ગુરૂ મહારાજનું કામ શું ? ચક્રવર્તી કે વાસુદેવ ઋદ્ધિ સમૃદ્ધિ દ્વારાએ દારિદ્રય ચૂરે તો, વાસુદેવ કે ચક્રવર્તીનું કામ શું ?, તે ચક્રવર્તી વાસુદેવ દ્વારાએજ મેળવી શકાય છે, અને તેથી દારિદ્રય નાશ પામે છે તેમ અહીં પણ ધર્મ પ્રાપ્તિ કોનાથી કરાય ?, જીનેશ્વર અને ગુરૂ મહારાજ દ્વારાએ, અર્થાત્ જીનેશ્વરનું આરાધન કરવાથી, અને ગુરૂની સેવા કરવાથી ધર્મપ્રાપ્તિ થાય છે. અને તે ધર્મ આપણને રખડંપટ્ટીથી છોડાવી અવ્યાબાધ પરમ સુખમય એવા મોક્ષ સુખને આપે છે. માટે ધર્મ સર્વ જીવોને સર્વ મનુષ્યોને સર્વ બુદ્ધિવાનોને આરાધ્ય વસ્તુ ગણાએલી છે. ધર્મ આરાધ્ય અને પ્રાપ્ત કરવા લાયક ગણાયો, અને ધર્મ કોની પાસેથી મળે છે તે દેખાડયું.

સાધુપદનું રહસ્ય.

હવે ધર્મ સાધવો શી રીતે ? વિદ્યા-સિદ્ધે મંત્ર આપ્યો, અને રસ-સિદ્ધે રસ આપ્યો પણ તે મંત્રને અને રસને સિદ્ધ કરવો શી રીતે ? શ્રી અરિહંતે તથા ગુરૂએ ધર્મની પ્રાપ્તિ કરાવી, પણ તેની સિદ્ધી કરવી શી રીતે ? જેને ધર્મની સિદ્ધી કરવી હોય તેણે ત્રણ વસ્તુનો ખ્યાલ રાખીને અમલ કરવોજ જોઇએ. ધર્મના કારણોને સિદ્ધ કરનાર ત્રણ ચીજો છે. જગતમાં એવી ચીજ નહિં દેખો કે પોતે ડૂબતી હોય ને બીજાને તારે. બીજાને તારે અને પોતે તરે એવી ચીજ મળશે એટલા માટે આપણે આલંબન કોનું લેવું ? પોતે ધર્મ સંપૂર્ણ કરનારા હોય પોતે ધર્મ ન કરનારા હોય તેવાને આલંબને આપણો આત્મા ધર્મમાં પ્રવૃત્તિ કરી શકેજ નહિં. સાધુ શબ્દના અર્થમાં ઉંડા ઉતરવાની જરૂર વધુ છે સાધુ એટલે—' साधयति अपवर्गमिति साधुः ' કેવળ મોક્ષનેજ સાધે. મોક્ષ સિવાય બીજી સાધના જેનાં અંતઃકરણમાં ન હોય. મોક્ષને સાધતો હોય ૧. 'જે મોક્ષનેજ સાધે,' ૨. 'મોક્ષને સાધેજ;' આ બે નિશ્ચય લક્ષ્યો ત્યારે તે સાધુ.

ધર્મપ્રાપ્તિનો પ્રથમ પાયો સાધુ-સેવા.

હવે સાધુથી શી રીતે ધર્મ લેવો ? શું તે ગાય છે કે દોઇ લેવાય ? અગર રેલ્વે છે કે મુંબાઇ પહોંચાડે છે ?, તો શું રેલ્વેના ડબ્બામાં બેાળે તો મુંબાઇ મળે ખરૂં ? ઘોડો ગામ પહોંચાડે છે તો ઘોડાના પેટમાં ગામ બેાળવાં જાયતો ? તેમ ગાયના આંચળની પેઠે દેવ ગુરૂ પોતામાં રહેલો ધર્મ બીજાને આપતા નથી, કે જેથી તેના આલંબને તમે પહોંચી શકો. ગાડીના ડબ્બાના આલંબને તમે મુંબઇ પહોંચી શકો. તેમ જીનેશ્વર અને ગુરૂના આલંબને ધર્મ પામી મોક્ષ પામી શકો છો. જીનેશ્વર કે ગુરૂની સેવા કરવામાં આવે તો ધર્મની પ્રાપ્તિ થાય તે કઇ રીતે કરવી ? भक्त्या ભક્તિ બહુમાનથી. સેવા કરનારો ધર્મને પામી શકે, હવે ભક્તિ બહુમાન તે બંન્ને દેરા અને ઉપાશ્રયમાં ઉપજે તેમ નહિં માટે સદા-ચાહે જીનેશ્વરના દરબારમાં હાજર હો કે બહાર હો, ગુરૂ પાસે બેઠા હો કે દૂર હો; પણ ચોવીશ કલાક અંતકરણમાં સાધુ સેવા વસવી જોઇએ. ધર્મની જડ કઇ ?, હંમેશા ભક્તિથી સાધુ એટલે મોક્ષને સાધનારા તેમની સેવા.

બીજો પાયો સર્વ-જીવો પ્રતિ હિતબુદ્ધિ.

આ ધર્મ પ્રાપ્તિનું પ્રથમ સાધન છે. તેમની સેવા કર્યા છતાં અભીચિ જેવું થાય તો ? ઉદયન રાજાએ રાજ્ય ભાણેજને આપ્યું, અભીચિને ન આપ્યું, તેથી મનમાં વેર રહ્યું. શ્રીમહાવીર મહારાજ પાસે તે શ્રાવક થયો. અને વ્રત આરાધ્યા પણ વેર ગયું નહિં. આવા મનુષ્યને સાધુ સેવા ભક્તિથી ધર્મ જેવી ચીજ મળતી હોય તો પણ યથાવત્ ફળ થાય નહિં. માટે मैत्री सत्त्वेषु भावतः અંતકરણથી તમામ જીવોપર હિતબુદ્ધિ થાય, તોજ ધર્મ ફળદાયિ થાય. 'સકળ જગતનું હિત થાવ' એ સિદ્ધાંત તો કીડમાં લખાઇ જવો જોઇએ. કારણ કે જગતની હિત બુદ્ધિ આપણામાં વસી નથી ત્યાં સુધી આપણું હિત પણ કોરાણે છે. ખેતરમાં એક પણ દાણો પડેલો હજારો દાણા આપશે. તેમ જગતની હિતબુદ્ધિરૂપી દાણો તમારા ક્ષેત્રરૂપી અંતઃકરણમાં હશે તોજ તમારૂં હિત થશે.

ત્રીજો પાયો મમત્વ-ત્યાગ.

કોઇ મોંથી બોલતું નથી, કે ઇચ્છતો નથી પણ અર્થાંતરે હૃદય તપાસીએ તો અહિત ઇચ્છે છે ને કરે છે. બીજાનું અહિત અર્થંતિરે ઇચ્છે છે, અને અહિતનું કાર્ય કરાવે છે ને કરે છે. કારણ મમત્વ ભાવ, પોતાના કુટુંબ-ધન-માલ શરીરને અંગે મમત્વ ભાવ હોવાથી મોંઢે ન બોલે છતાં હૃદયથી બોલે છે કે સકલનું અહિત થાવ. આ વસ્તુ મને મળે અને બીજાને ન મળે તે માટે ત્રીજો પાયો મજબુત કરો आत्मीय-ग्रह-मोक्षश्च પોતાપણાની મારાપણાની બુદ્ધિને છોડો. ૧ ભક્તિથી સદાકાળ સાધુસેવા, ૨ સર્વ જીવોપર મૈત્રીભાવ રહે, અને ૩ મમત્વ બુદ્ધિ ન રહે તો ધર્મ હેતુનું અમોઘ કારણ એટલે પ્રબળ સાધન થવા માંડયું છે એમ સમજો. આ સાંભળી આ ત્રણમાં જે ઉદ્યમ કરશે તે આભવ પરભવ કલ્યાણ માંગલિક માલાને પામી મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે. સર્વમંગલ. ઇત્યાદિ.

[નોંધ:—વિ. સં. ૨૦૦૧ ના મુંબાઈ ચાતુર્માસ દરમ્યાન માહ માસની પૂર્ણિમાએ તા. ૨૮–૧–૪૫ના રોજ શ્રીગોડીજી–પાર્શ્વનાથના ઉપાશ્રયમાં શ્રેષ્ઠિ–કાન્તિલાલ–ઈશ્વરલાલ–જૈન–કન્યાશાળાના મેળાવડા પ્રસંગે **પૂ. આગમોદ્ધારક–શ્રી આનન્દસાગર સૂરીશ્વરજી** મહારાજે જ્ઞાન દાનની મહત્તા ઉપર અમોઘ દેશના દીધી હતી. તે દેશનાનો સારભૂત સંચય **પૂ. પં. શ્રી હેમસાગરજી** પાસેથી મેળવીને **પૂ. પ્રવર શ્રી ચન્દ્રસાગરજી** ગણીન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે. છતાં **પૂ. દેશનાકારના** આશય–વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ જદલ તેઓશ્રીની અત્ર અમો ક્ષમા યાચીએ છીએ. લિ **તંત્રો.**]

દેશનાના સારભૂત–અવતરણો.

૧. ત્યાગના પ્રાથમિક સંસ્કારને સુદૃઢ બનાવવા માટે દાન ધર્મનું સેવન કરો.

૨. ફળના અર્થિ–બેહુનો વાવેતરમાં સારૂં–સુંદર અને કિંમતિ બીજનું વાવેતર કરે છે, આથીજ દાનના અર્થિઓએ સાતે ક્ષેત્રમાં સુંદરતમ ધનાદિ વાપરવાની જરૂર છે.

૩. દાનના દિવ્ય સંસ્કારમાં ઓતપ્રોત થનારાઓજ શીલાદિ ત્રણે ધર્મનું સેવન સુંદર રીતિએ કરી શકે છે.

૪. દાન ધર્મમાં બાહ્ય ધનાદિનો ત્યાગ છે, જ્યારે શીયળ–તપ: અને ભાવ ધર્મના સેવનમાં શરીર–ઇન્દ્રિયો–મન અને આત્માની સાથે આંતરિક સંબંધ વધુ છે.

૫. 'મેળવી શકાય, મેળવેલું ચાલ્યું જાય, ચાલ્યું ગયેલું ફરી આવે' ઇત્યાદિ વિશેષણો યુક્ત ધનાદિના મમત્વને નહિં છોડનારા અને દાન દેવામાં દીન બનેલાઓને કલિકાલ સર્વજ્ઞ રાંક જણાવે છે.

૬. સંસારના રસિક આત્માઓ જ્ઞાન પ્રવૃત્તિના બહાને પાપ પ્રવૃત્તિઓ વધારે છે, જ્યારે સમ્યક્‌જ્ઞાન–દાન–પ્રવૃત્તિના સદ્‌ભાવમાં પાપ આદિનું રોકાણ અવશ્યમેવ હોય છે.

૭. જ્ઞાનની ગોખણપટ્ટી અને અનુભવમાં અનુક્રમે અસીલ વકીલના વિશાળ અંતરને સમજતાં શીખો.

૮. કથની અને કરણી અર્થાત્ જ્ઞાન–ક્રિયાના પરમાર્થને પિછાણો.

૯. જન્મતાંની સાથે જૈન સિદ્ધાંતના સંસ્કારો દૃઢીભૂત કરો અને કરાવો, કારણ–કે દૃઢ સંસ્કાર રહિત જીવો સંસર્ગથી અવળે રસ્તે ચઢી જાય છે.

દાનધર્માનમિજ્ઞેભ્યોઃ વાચનાદેશનાદિના ।
જ્ઞાનસાધન દાનં ચ જ્ઞાનદાન મિતીરિતં ॥

કલિકાલ–સર્વજ્ઞ–ભગવાન–શ્રીમદ્–
હેમચંદ્ર સૂરીશ્વરજી

'દાન'ને પ્રથમ સ્થાન શાથી ?

શાસ્ત્રકાર મહર્ષિ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્ર–સૂરીશ્વરજી મહારાજા, ભવ્યાત્મવૃન્દના કલ્યાણાર્થે, જ્ઞાની નિર્દિષ્ટ ધર્મના ચાર ભેદો (દાન, શીલ, તપ તથા ભાવ)માં દાનને પ્રથમ સ્થાન કેમ આપવામાં આવ્યું તેને સ્પષ્ટ કરે છે. જે મનુષ્ય 'મેળવી શકાય તેવા, મેળવેલું ચાલ્યું જાય તેવા, ચાલ્યું ગયેલું ફરી પણ મેળવી શકાય તેવા' દ્રવ્યને દાનમાં નથી દઇ શકતો; તેવા દ્રવ્યનો સદુપયોગ નથી કરી શકતો તે રાંક, સર્વથા પરિગ્રહના ત્યાગ રૂપ સંયમ તો ક્યાંથી લઇ શકવાનો ? મળેલી લક્ષ્મીને જે સાત

ક્ષેત્રમાં નથી વાવતો, પ્રારંભના ત્યાગ પાઠનો જે અભ્યાસ નથી કરતો તે સર્વત્યાગને શી રીતે પામશે ? દાન એટલે ત્યાગ. પ્રાથમિક-સંયમ એટલે સર્વત્યાગ મહાદાન !

ક્ષેત્ર શબ્દનો પરમાર્થ.

જે ચીજ જ્યાં વવાય તેને ક્ષેત્ર કહેવાય. વાવવા યોગ્ય ક્ષેત્રો જ્ઞાનિ-મહાત્માએ સાત કહ્યાં છે, જે પ્રસિદ્ધ છે. 'સાત ક્ષેત્ર' એ શબ્દ તો જૈનોનો પારિભાષિક છે. ક્ષેત્રમાં માલ કેવો વવાય ? ખેડુત નબળું, પાતળું મોળું, સુકું અને કસ-વગરનું અનાજ ખાય ખરો પણ ખેતરમાં વાવવામાં તો બી ઊંચામાં ઊંચુજ વાપરે. એ બીના કર્ષણ માટે પૂરતી કાળજી રાખે, પૂરતી મહેનત કરે, કારણ કે વાવેલા દાણાના હજાર ગુણા દાણા લેવાં છે. 'ક્ષેત્ર' શબ્દ સામાન્યતઃ બધા લોકો બોલે છે, પણ તેનો અર્થ, તેનું રહસ્ય બધા જાણતા નથી. જેમાં વાવવાથી, વવાયેલી ચીજ અનેક ગુણી ઉત્પન્ન થાય અને મળે, શતગુણી, સહસ્રગુણી મળે, તે ક્ષેત્ર કહેવાય છે. જેવું ક્ષેત્ર જેવું બી, અને જેવો કર્ષક તેવી ખેતી ઉતરે પણ વવાયેલુ વધારે પ્રમાણમાં મળે તેનું નામ ક્ષેત્ર. જૈનોમાં એવાં સાત ક્ષેત્રો, દાનને માટે નિયત છે.

દાનની પ્રાથમિકતા.

દાન ધર્મને જે સમજે, આચરે તેજ આગળ વધી શકે છે, તેજ શીલ, તપ તથા ભાવ એ ધર્મ છે એમ સમજી શકે છે અને આચરી શકે છે દાન દેવામાં તો બાહ્ય પદાર્થનો ત્યાગ છે, જ્યારે શીલ, તપ, ભાવમાં તો થતાં ત્યાગને આત્માની સાથે આંતરિક સંબંધ છે. બાહ્ય ત્યાગમાં ગમ્યાં ગણનારો આંતરિક ત્યાગ શી રીતે કરવાનો ? આટલાજ માટે ધર્મના ચાર ભેદોમાં 'દાન'ને પ્રથમ સ્થાને કહેલું છે. ત્યાગની શાળાના અભ્યાસિયોને દાનની પ્રાથમિકતાને અવશ્ય મેવ પિછાણવી પડે છે.

જ્ઞાનદાનની વિશિષ્ટતા.

દાન પણ અનેક પ્રકારે છે. કેટલાક દાન એવાં છે કે આપ્યું, અને ગયું અર્થાત્ 'આ ગયા ને બો ગયા' જેવું છે. જીંદગીને ક્ષણે ક્ષણે સુખી કરનારૂં, દેનાર તથા લેનારને પરંપરાએ વૃદ્ધિગંત થઈ, બન્નેને અનંત સુખ આપનારૂં, બન્નેને કલ્યાણ કરનારૂં દાન કયું ? એવું એકજ દાન છે અને તે જ્ઞાનદાન છે. જ્યાં ત્યાં જ્ઞાનદાન માની ન લેતા. જ્ઞાન કોને કહેવું ?, એ પ્રથમ મહત્વનો પ્રશ્ન છે. ધ્યાન રાખજો કે જેનાથી આત્માનું કલ્યાણ થાય તેજ જ્ઞાન છે. અને જ્ઞાનદાનમાં એવા જ્ઞાનના દાનનું વિધાન છે. ગમે ત્યાં 'જ્ઞાન' શબ્દને જોડતા ના ! જો એમ માનવાનું હોય તો તો તેવું જ્ઞાન તો કોણ નથી આપતું, ? એ પ્રવૃત્તિતો ચાલુજ છે. વેશ્યા પોતાની છોકરીને, અને અનીતિપોષક કુલને લાયકની કેળવણી આપવામાં કચાશ રાખે છે ?, ના ચોર બદમાશો પણ પોતાનાં છોકરાંને કેળવણી આપે છે. કુતરાં, બિલાડાં, પશુ, પક્ષી પણ એવું શિક્ષણ તો આપેજ છે. અહીં તે જ્ઞાનના દાનની વાત છે કે જે જ્ઞાન આત્માને સ્પર્શ કરે, સ્પર્શીને આત્માની સાથે રહે અને કલ્યાણ કરે. પાપથી વિરામ પમાડે અને પુણ્યાદિતરફ પ્રવૃત્તિ કરાવે તેજ જ્ઞાનદાન છે. અને આથીજ જ્ઞાનદાનની વિશિષ્ટતા છે.

વકીલ અને અસીલ.

શાસ્ત્રકારે જ્ઞાન બે પ્રકારનું કહ્યું છે. ૧ અનુભવ રૂપે, અને ૨. ગોખણપટ્ટી રૂપે માત્ર ગોખણપટ્ટી રૂપે કંઇક ન્યુન દશપૂર્વ સુધી

ભણેલાને પણ સમ્યગ્જ્ઞાન-સ્પર્શનના અભાવથી જ્ઞાનિઓ, તત્વજ્ઞાતાઓ, અને શાસ્ત્રકારો અજ્ઞાની કહે છે. આત્માને જવાબદાર, લેખમદાર ગણાવે અને બનાવે તેજ જ્ઞાન વાસ્તવિક જ્ઞાન કહેવાય. અસીલની વતી વકીલ 'હું હું, અમેં અમે,' બોલ્યા કરે, 'અમે આમ કર્યું અમે તેમ કર્યું', કહ્યા કરે પણ એ હું તથા એ અમેની સાથે વકીલને કાંઈ સંબંધ નથી. વકીલ તો પ્રીથી વેચાયેલો છે માટે બોલી જાય, અને બેસી જાય પણ પછીના પરિણામને અને ન્યાય સાથે એને કશીજ લેવાદેવા નથી. ન્યાયાધીશ હુકમનામું ફરમાવે કે કેદની સજા કરે તો એ હુકમનામું ભજવાનું અસીલને ત્યાં. એ સજા ભોગવવાની અસીલને હોય, વકીલ સાહેબ તો વેગળાજ! તેજ રીતિએ ગોખણપટ્ટીનું જ્ઞાન સમજી લેવું. जीवाऽजीवा पुण्णं पावासवसंवरो य निज्जरणा बंधो मुक्खोय तहा नव तत्ता हुंति नायचीव्वाः આ ગાથા કેટલીએ વાર ગોખી, બોલ્યા, અર્થ પણ જાણ્યો, અને બીજાને કહ્યો પણ પરિણમન કેટલું થયું? ત્યારે કહો કે એ તમામ વકીલ તરીકે ભાડુતી થયું, સંબંધક થવું જોઇએ; અર્થાત્ અસીલ તરીકે અનુભવમાં આવ્યું જ નહિં.

કથની કરણી=જ્ઞાન ક્રિયા.

આથીજ શાસ્ત્રકાર-મહર્ષિઓ કહે છે કે ધર્મથી અજ્ઞાત મનુષ્યોને દરેક પ્રકારે ધર્મનું શિક્ષણ આપવુંજ જોઇએ; ધર્મનું જ્ઞાન આપવા માટે જે દાન થાય તેનું નામ લાભદાયિ-જ્ઞાન દાન છે. ઇતર ધર્મ અને જૈન ધર્મનો એક નોંધવા યોગ્ય ફરક એ છે કે ઇતરમાં કથની તથા કરણી એક નથી તેમાં ભેદ છે; જ્યારે જૈન મતમાં તેમાં ભેદ નથી, કથની કરણી એક છે. જેવું જાણવાનું માનવાનું તેવુંજ આચરવાનું: અને તેમ થાય તોજ સિદ્ધિ થવાનું મનાય છે. ज्ञानक्रियाभ्यां मोक्षः જ્ઞાન તથા ક્રિયા (બન્ને) થી મોક્ષ છે. કથની કરણી શબ્દો એ દુન્યવી-ભાષા છે, જ્યારે જ્ઞાન તથા ક્રિયા એ શબ્દો શાસ્ત્રીય છે. વાત એકની એકજ છે.

જ્ઞાન આપનારા સાધનાદિ.

બધાજ જ્ઞાનને જાણનારા ન હોય. જ્ઞાનરહિત જીવો દયાપાત્ર છે. શાસ્ત્રકાર કહે છે કે જ્ઞાનરહિત જીવોને, સૂત્રાર્થ વાંચી વંચાવીને, સંભળાવીને, ઉપદેશથી જ્ઞાનનુ દાન આપવું એ પરમ લાભદાયક અને ખાસ કર્તવ્ય છે. શ્લોકમાં आदि શબ્દ છે તેથી સમજી લેવું કે જ્ઞાન આપનારાં અનેક વિધ સાધનો, ગ્રન્થો, અને ભણાવવાની સગવડ વિગેરેનો પ્રબંધ કરવો તે, પણ જ્ઞાન-દાન કહેવાય છે.

સંસ્કારની ઉંડી જડ.

એક કહેવત છે કે કાળીઆની સાથે ધોળીઆને બાંધવામાં આવે તો ભલે વાન ન આવે પણ સાનતો આવે! આ વાત વિચારશો તો પ્રત્યક્ષ દૃષ્ટિ-ગોચર પોતાના અંગે થશે. ધર્મવિરોધીઓ, અને ધર્મ-હીનોના સંસર્ગે તમારા માનસમાં, હૃદયમાં, વાતાવરણમાં કેવો પલટો કર્યો છે તે તપાસો. જૈનપણાથી કેટલે દૂર ગયા છો તે વિચારો. તમારો બાળક ૫×૫=૨૭ બોલે ત્યારે માત્ર બે અંકની સહજ ભૂલ (કે જે સહેજે સુધરી શકે તેવી છે તેના)

માટે તમારા મગજનો પારો કેટલે ઉંચે ચઢે છે તે તે પારાશીશીને. તપાસો અને એજ બાલક "ઓ ઇશ્વર તું એક છે, સરજ્યો તેં સંસાર, પૃથ્વી પાણી પર્વતો, તેં કીધાં તૈયાર" એ બોલે ત્યારે તે પારાશીશી તપાસો કે રૂંવાડુયે ફરકે છે? પારો નીચેજ હોય છે. ત્યાં તમારૂં લક્ષ્યજ નથી. બેશક! તમે ધર્મથી દૂર નથી, તેઓની વાત નથી લીધી પણ સાનના ઝપાટે સપાટે તો સપડાયા! બાલ્યવયના સંસ્કાર ખસતા નથી એ ધ્યાન રાખવું. જન્મતાં જેણે વાયુપ્રકૃતિવાળી માતાનું દૂધ પીધું હોય તેને જીવે ત્યાં સુધી વાયુની અસર રહેવાની. ગમે તેવા ગરમ ઉપાયો કરો તોયે તે વાયુની અસર જવાની નહિ અને ગરમ ઉપાયોની ગરમી વેઠવી તે વધારામાં! એજ રીતે ગરમીની પ્રકૃતિવાળી માતાનું દૂધ પીનાર બાલકને જીવે ત્યાંસુધી ગરમીનો ઉપદ્રવ રહેવાનો ઠંડા ઉપચારો શરદી કરે તે વધારે! આ દૃષ્ટાંતે બાલકોને પણ ધર્મના સંસ્કાર આજ વયમાં નાખવા, વિરોધી સંસ્કારથી દૂર કરવા તે કર્તવ્ય લક્ષ્યમાં લઇ, જેઓ જ્ઞાનદાન, (કે જે સુખ અપાવનાર ધર્મ બતાવે છે અને તેનેજ જ્ઞાન કહેવાય તે) માટે શક્ય કરશે તેઓ જેમને દાન અપાય છે તેને તથા પોતાને, બન્નેને માટે સુખ મેળવવાનો અપાવવાનો પ્રયત્ન કરે છે. જ્ઞાનદાન એ બન્નેને પરંપરાએ મોક્ષ અપાવનાર છે માટે સુખાર્થી એ જ્ઞાનદાનમાં તત્પર થવું. તેમ કરનારાઓ તે દાનના ફલરૂપે પ્રાંતે મોક્ષ સુખમાં નિમગ્ન થશે. સર્વમંગલ૦ ઇત્યલં.

ઉજ્જ્વળ-દાંપત્ય-આદર્શ.

[લેઃ—ચિત્રભાનુ.]

ભારતવર્ષમાં જ્યારે વાણીસ્વાતન્ત્ર્ય, વિચાર-સ્વાતન્ત્ર્ય, સમાન હક્ક, છૂટાછેડા અને પુનર્લગ્નનો પવન ફૂંકાયો નહોતો, તે જમાનાનો આ રમ્ય અને મનહર પ્રસંગ છે!

જે દિવસે મદનાસુંદરીના લગ્ન, કુબ્જા એવા શ્રી શ્રીપાલની સાથે થયાં તેજ રજનીની આ વાત છે.

શ્રીપાલના સેવકોની મંડળી, આજની રાત્રિ ઘણાજ આનન્દ અને ઉત્સાહમાં વ્યતીત કરી રહી છે. કારણ કે, એ લોકના માલિક ઉંબરરાણાના લગ્ન થયા છે, અને એ પણ એક સુંદર રાજકુમારી સાથે! એટલે આનંદ અને ઉત્સાહમાં શું મણા હોય?

આનન્દના આ વાતાવરણની એક બાજુ, એક દામ્પત્ય યુગલ, કાંઈક ગંભીર સ્વરે વાર્તાચિત કરી રહ્યું છે. પુરૂષનો હિતશિક્ષાને દેતો ગંભીર સ્વર સંભળાય છેઃ—

"હે સુંદરી! તારા પિતાએ ઘણુંજ અયોગ્ય કર્યું છે. ક્રોધના આવેશથી તારા પિતાનો વિવેક બળીને ભસ્મિભૂત થયો છે! તારા જેવી સુંદર બાળાને મારા જેવા કોઢીયાને આપવામાં, તારા પિતાએ અતીવ અનુચિત કર્યું છે! ગધેડા ઉપર અંબાડી ન હોય. કાગડાના કંઠમાં રત્નમાળા ન શોભે! કોઢીઆ સાથે રમ્ભા ન શોભે! માટેઃ—

तहवि न किंपि विणट्ठं, अज्जवि तं गच्छ कमवि नररयणं।
जेणं होइ न विहलं, एयं तुह रुवनिम्माणं ॥१६४॥

અર્થઃ—હજુ કાંઇ બગડયું નથી. હવે પણ કોઈ નર રત્નની પાસે જા કે, જેથી તારા આ રૂપનું નિર્માણ વિફલ ન થાય!

ખરેખર, આ શબ્દોમાં કેટલું સ્વાર્પણ છે. કેટલાક મુગ્ધ માનવો નૈસર્ગિક રીતે સ્ત્રી-સૌન્દર્યમાં લંપટ હોય છે. આ સંસાર-બગીચામાં, સારી રીતે ખીલેલા નારી-પુષ્પોનો રસાસ્વાદ કરવા માટે, અજ્ઞાની પુરૂષ-

ભ્રમરો સદા ઉત્કંઠિત હોય છે! પણ શ્રીપાલ, તે આ ઉતરતી કોટિનો માનવ ન હતો. એ તો હતો એક સજ્જન-શ્રેષ્ઠ! એનું શરીર રોગથી વ્યાપ્ત હતું પણ મન નહિ! એ સારી રીતે સમજતો હતો કે, **પ્રાયઃ ખરાબની અસર સારા પર જલ્દી થાય છે. જ્યારે સા.ની અસર ખરાબ પર ઘણા-દીર્ઘકાલે થાય છે!** એક સડેલું પાન, સારા સો પાનને ચેપ લગાડે, તેમ એક રોગી હજારને પણ કર્મોદયે ચેપ લગાડે છે. આ વાત ધ્યાનમાં લઈ, પોતાને મળતી સુંદર સુંદરીની પણ ઉપેક્ષા કરી, સ્વાર્થાન્ધતાને ઠોકર મારીને પણ; મયણાસુંદરીના ભાવિ જીવનને સુરક્ષિત રાખવા માટે આ શબ્દો કહ્યાઃ—

"હે ભદ્રે! આ સમુદાયમાં મારી સાથે રહેવામાં તારી સલામતી નથી. પ્રાયઃ કુસંગના સંગથી જેમ મને કોઢનો રોગ થયો; તેમ તારા માટે પણ મારા તરફથી ભય છે. તેથી આ ટોળામાં રહેવું એ તારા માટે સલામત નથી!"

શ્રીપાલના આ વચનો સાંભળી, મદનાસુંદરીનું કોમળ હૈયું વેદનાથી ભરાઈ આવ્યું. એના શુભ્રકપોલ પર આંસુની ગંગા-જમના વહેવા લાગી. એનું પ્રસન્ન મુખકમળ વેદનાના દાવાનલથી તપીને લાલચોળ બની ગયું. જનેતાને છોડતાં જેને જરાપણ દુઃખ ન થયું. પિતાના વાત્સલ્યને છોડતા જેને જરાપણ ન લાગ્યું, વૈભવથી ઉભરાતાં રાજ-મહેલોને ત્યજતાં જેના હૃદયમાં જરા પણ આઘાત ન થયો; તેજ મદનાસુંદરીનું હૈયું, પતિના આ હિતવચનોથી ઘાયલ થયું; એ! હૃદયમાં વેદનાના ચીરાડા પડવા લાગ્યા! કારણ? કારણ એકજ હતું. આ શબ્દોમાં આર્યકન્યાઓના ધર્મનો નાશ હતો, સતીત્વનું લીલામ હતું અને પોતાના મહામૂલા સિદ્ધાન્તનો ઘાત હતો. તેથીજ, શ્રીપાલના ચરણોમાં પોતનું માથું મૂકી, ગદ્‌ગદ કંઠે કહેવા લાગીઃ—

सामिअ! सव्वं मह आइस्सेसु किंचेरिसं पुणो वयणं।
नो मणियव्वं जंदूहवेइ, मह माणसं एयं ॥१६७॥

અર્થઃ—હે નાથ! આપ મને બીજી સર્વ પ્રકારની આજ્ઞા કરો. પણ આવું વચન ફરીથી બોલશો મા. કારણ કે, આવા પ્રકારનું વચન મારા મનડાને દુખિત કરે છે!" અને ખરૂં કહું તો—

सीलं चिअ महिलाणं विभूसणं, सीलमेव सव्वस्सं।
सीलं जीवियसरिसं, सीलाउ न सुंदरं किंपि॥१६९॥

"શીલ એજ બાળાઓનું આભૂષણ છે શીયલ એજ બાળાઓનું સર્વસ્વ છે. શીલ એજ બાળાઓનું જીવન છે. શીયલથી સુંદર-રમણીય બીજું કાંઈ નથી. માટેઃ—

ता सामिअ! आमरणं, मह सरणं तंसि चेव नो अन्नो।
इअ निच्छियं वियाणह, अवरं जं होइ तं होउ॥१७०॥

"હે સ્વામિન્! મરણ સુધી-જીવન પર્યંત મારે તો આપ એકજ શરણ છો. બીજો નહિ. આ વાત આપ નિશ્ચય માનજો. બીજું તો જે થવાનું હશે તે થશે!"

"કારણકે, સતીને પતિ એકજ હોય! આર્ય રમણીઓ પતિથી અધિક ઉત્તમ વસ્તુ જીવન માટે સ્વીકારવા તૈયાર નથી. આપ મારા નાથ છો. હું આપની દાસી છું. મેં મારૂં તન, મન અને ધન આપના ચરણે સમર્પ્યું છે. જીવન સમર્પણ કર્યા પછી અન્યની અપેક્ષા કરવી, એ ભયંકર આત્મઘાત છે! રોગ અને શોક આવવો એ તો કર્મની વાત છે. પૂર્વે કરેલા પાપનો ઉદય આવ્યો હોય, તે સમયે ઘભરાવવાની શી જરૂર છે? દુઃખના દિવસો કાંઇ ચિરંજીવ રહેવાના નથી. પુણ્યના તેજસ્વી સૂર્ય આગળ પાપ-અંધકાર બિચારૂં કેટલા દિવસ ટકશે? માટે ચાલો. પ્રભાતનો સમય થઇ ગયો છે. પ્રભુ દર્શન કરી પાવન થઇએ. અને પાપનો વિનાશ કરીએ!"

મદનાસુંદરીના આ શબ્દો કેટલા રમ્ય છે! આ શબ્દોમાં કેટલો ગંભીર અર્થ ભરેલો છે. સ્ત્રી-આદર્શની કેવી નિર્મલ ભાવના એના શબ્દે શબ્દમાંથી ઝરે છે! "છૂટાછેડા' અને પુનર્લગ્નની પ્રઘોષણા કરતી પ્રગતિ-ઘાતક બહેનોએ, મદનાસુંદરીના આ સુવર્ણ-સત્ય વાકયો વારંવાર વિચારવા ઘટે!!!

પૂ. ગુરૂદેવની તબીયતના છેલ્લા સમાચાર.

છઠ્ઠને પારણે વર્ષી તપ કરનાર શ્રાદ્ધ-વર્ય રતીલાલ ભાઇના અતિ આગ્રહથી વૈ. સુ. ૩ સુધી સ્થિરતા કરવાની ઇચ્છા પૂ. પંન્યાસ પ્રવરશ્રીએ જણાવી હતી, પરંતુ **વૈ. વ. ૧૪ના રોજ પૂ૦ ગુરૂદેવની નાદુરસ્ત તબીયત સંબંધી તાર અને ટપાલથી પૂ. ગુરૂદેવની તબીયત નાદુરસ્તની ખબર પડતાં શ્રી સંઘમાં વૈ. વ. ૦)) વિહાર થશે એ નિર્ણય જાહેર થયો, અને તે** વાતની જાણ થતાં સકળ સંઘ દુખાતા હૃદયે વગર રોકટોકે વિદાયગીરી આપી, અને પાંચઠાણાએ વિહાર કર્યો. વર્ષી તપના પારણા નિમિત્તે ખાનદેશ મહારાષ્ટ્રાદિ માંથી ભાઇ-બ્હેનો મોટા પ્રમાણમાં આવનાર હોવાથી અને પારણું કરનાર રતીભાઇને સંતોષ થાય તેથી પૂ. પંન્યાસ-પ્રવરશ્રીજીએ પોતાના બે શિષ્યો મુનિશ્રી ચન્દ્રકાન્તસાગરજીને અને મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજીને અમલનેર મુકામે રાખવામાં આવ્યા. વૈ. સુ. ૩ નું કાર્ય પૂર્ણ થયા પછી તુરત વિહાર કરીને તે બંન્ને શિષ્યો નરડાના મુકામે મળી ગયા હતા. અમલનેર મુકામેથી વળાવવા આવેલ શ્રી સંઘના બહોળા સમુદાય સાથે વિહાર કર્યા બાદ શ્રી સંઘે પૂ. ગુરૂદેવની તબીયતના સમાચાર પુછાવેલ હતા, તેનો જવાબ રસ્તામાં મળી ગયો કે— કંઇક સુધારા પર છે. અને નરડાના આવવા અગાઉ શીરપુર સંઘે પૂ. ગુરૂદેવની તબીયતના સમાચાર પુછાવેલ તેના જવાબમાં તબીયત સારી છે. એ પણ સમાચાર મળવાથી, અને અમલનેરથી બે સાધુઓ અહીં લેગા થવાના હોવાથી, એક દિવસની વધુ સ્થિરતાનો લાભ શીરપુર સકળ સંઘના સર્વ ભાઇ બ્હેનોએ આવીને લીધો. નંદુરબાર પહોંચતા પૂ. ગુરૂદેવની તબીયતમાં ઉથલો આવવાથી ગંભીર હાલતના સમાચાર મળ્યા, અને મુનિશ્રી જ્ઞાનસાગરજીને દમ, હાંફણ, તાવ શરૂ થવાથી પાલીતાણાથી ડોલી મંગાવીને જલ્દી વિહાર શરૂ કર્યો. જેઠ વદ ૫ ને શનીવાર સુધીના **છેલ્લા સમાચારમાં તબીયત દીનપ્રતિદીન પૂ. ગુરૂદેવની સુધારા પર છે,** અને જેઠ શુદ ૫ ને શનીવારે સાતઠાણા પૂ. ગુરૂદેવની સેવામાં હાજર થશે.

વાંચકો માટે

સુરતના બધા પ્રેસ કામદારોની હડતાળને અંગે ચાલુ અંક તા. ૨૮-૬-૪૮ ના રોજ પોસ્ટ કરેલ છે. તન્ત્રી.

પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવો.

પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચંન્દ્રસાગરજી ગણીન્દ્ર આદિ સાતઠાણા સુરત મુકામે પૂ. આગમોદ્ધારક

આચાર્ય દેવેશ શ્રી ગુરૂવર્યશ્રીજીની તબીયતના કારણે પધાર્યા છે. પત્ર વ્હવાર કરનારે તેઓશ્રીના નામથી નીચેના સરનામે કરવો. ડે. શા. ચીમનલાલ સવાઇચંદ, ગળેમંડી; ગોળ શેરી. મુ. સુરત. B. B. C. I. Rly.

સુધારીને વાંચવું—ચાલુ વર્ષના ૮ મા અંકના સિદ્ધચક્રમાં પૃ. ૧૮૪ ના બીજા કોલમની ૨૧ મી પંક્તિમાં (રૂ. ૮૪૦૦) ને બદલે રૂ. ૪૪૦૦) સુધારીને વાંચવું. ટાઇટલ પેજ ત્રીજાના નં. ૬૧૨ ના વાકયમાં અન્ય જીવોને પ્રબળ પ્રયત્નવન્ત થવું' છપાયેલ છે, તેને બદલે 'અન્ય જીવોને પમાડવા પ્રયત્નવન્ત થવું' એ રીતે સુધારીને વાંચવું. તેવીજ રીતે ટાઇટલ પેજ ત્રીજાના નં. ૬૧૫માં 'નિકામના' ને બદલે નિકાચના,' અને નં. ૬૧૭ માં "ક્રિયાકારોની" ને બદલે 'ક્રિયાકાંડોની' એ પ્રમાણે સુધારીને વાંચવું

ગોધરા-જૈન સહાયક ટીપ ચાલુ છે.

પૂ-પંન્યાસ-પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્રજીના સતત પ્રયત્નથી પશ્ચિમ ખાનદેશ, પૂર્વ ખાનદેશના શીરપુર, અમલનેર, સીરસાલા માલેગાંવ, અને એવલામાંથી ગોધરા જૈન સહાયક ટીપના લગભગ કુલ મળીને રૂ. દશ હજાર ઉપરાંત ભેગા થયા છે. નંદુરબાર મુકામે આવતાં પૂ. પંન્યાસ પ્રવરશ્રીના પ્રયત્નથી અમલનેરવાળા ચત્રભુજ રામજી અને નંદુરબારના સ્થાનિક શા. મણીલાલ ડાહ્યાભાઇ તથા ત્રંબકલાલ ભાઇની તીવ્ર લાગણીથી હજાર રૂપૈયા ઉપરાંત ભરાઇ ગયા છે. ટીપ ચાલુ છે અને બે હજાર ઉપરાંત થવાની ધારણા છે. ખાનદેશમાં થયેલા રૂપૈયા શીરપુર મુકામે શા. ખૂબચંદ હીરાચંદને ત્યાં ભરી દેવા કારણકે તેર હજાર ઉપરાંતનું અનાજ ગોધરાના જૈનો માટે ખરીદાઇ ગયેલ છે. આપનાર સખી ગૃહસ્થોના પૈસાનો સત્વર સદુપયોગ થાય તે માટે ખાનદેશના તે તે ગામના શ્રીસંઘે આ પ્રબંધ કરેલ છે. રેલ્વે ગુડસ દ્વારા અનાજ ચઢવાની પરમીટ મળતાંની સાથે અનાજ ગોધરા તરફ રવાના થશે.

અશાંતીની વેગવંતી કૂચ.

વિજયના વિકાળ અને નફરત નશાના ઉન્માદમાં વિજેતાઓએ અને વિજેતાઓની લાગવગ તળે દબાયેલા દેશોએ શાંતિને દેશવટો દેવા પોતાનાથી બનતું કરી છુટયા છે, અને હજુ પણ શાંતિને સ્થાને અશાંતિનું અખંડ સામ્રાજ્ય સર્જવા ભગીરથ પ્રયત્નો કરી રહ્યા છે. એ નોંધ સખેદ લેવી પડે છે. યુદ્ધની પુર્ણાહુતી પછી રશિયાના સરનશીન સ્ટેલીનને પણ હીટલરની જેમ યુરોપમાં પોતાનું સાર્વત્રિક-વર્ચસ્વ માનવાનો જસ્વ-પર નાશક ઉત્સાહ અને કોડ છે. છેલ્લાં ચાર વર્ષમાં પાંચ લાખ ચોરસ માઇલ વિસ્તારના ૧૩ દેશોની આઠ કોડ પ્રજા પર રશિયાએ સામ્યવાદની સહેલી રાજ રમતથી પોતાનું વર્ચસ્વ જમાવ્યું છે.

સત્તાની ભુખ શું નથી કરતી? એ આ અણુ ઉકેલ કોયડામાં બ્રિટન અને અમેરિકા પણ પોતાનું બનતું કરી રહ્યા છે. ખરેખર! હાલ તો અશાંતિની કૂચ વેગવંતી બની છે. અશાન્તિની વેગવંતી કૂચના આ પ્રસંગો દેશ-સમાજ અને શાસનને બોધપાઠ શીખવે છે.

ઝીણવટ પૂર્વક અભ્યાસની જરૂર.

જે કાયદાની કલમથી સંખ્યાબંધ ધરપકડો કરીને પકડાયેલાઓને ગુન્હેગાર ગણાય છે, તેજ કાયદાની કલમથી તેજ પકડાયેલાઓને ન્યાયાધીશો બીનગુન્હેગાર ગણીને છૂટા કરે છે; માટે કાયદાના અભ્યાસિઓએ મુંબઇ સરકારના સલાહમતિ ધારાનો ખૂબ ઝીણવટથી અભ્યાસ કરવાની જરૂર છે. તેવીજ રીતે આશ્રવ-સંવરના નિર્ણય માટે આત્મકલ્યાણના આર્થિઓએ સૂત્ર-સૂત્રાર્થ-અને તદુભય રહસ્યનો ખૂબ ઝીણવટથી અભ્યાસ કરવો જરૂરી છે.

બોધ પાઠ શીખવે છે.

જિન મંદિરોમાં જિનેશ્વરોના દર્શનાર્થે જનારાઓના, અન્ય દેવમંદિરોમાં દેવને પૂજનાર્થે જનારા પૂજકોના; અને તીર્થ યાત્રાદિ યાત્રાર્થે જનારા યાત્રાળુઓની હાંસી ઠઠ્ઠા મશ્કરી કરનારાઓ માટે ટાઉન હોલમાં જઇ સ્વ૦ ગાંધીજીના મૃત દેહની રાખ અને અસ્થિને નમનારાઓએ તથા અંજલિ આપનારાઓએ નમન-અંજલિ વિગેરે સમજ પૂર્વક કર્યાં હશે?, જિન પ્રતિમાને નહિં માનનારા સ્થાનકવાસિયોએ ટાઉન હોલમાં રાખેલા ઘડામાં સ્વ૦ ગાંધીજીના મૃતદેહની રાખના દર્શનાર્થે દોડાદોડી કરી મુકી, તે શું ઘેલછા છે કે સમજપૂર્વકની સાચી રાષ્ટ્ર ભક્તિ છે?; વિશ્વવન્દ્ય તીર્થંકરોના નિર્વાણ સમયે થતાં મહોત્સવો, અને હાડ-દાઢાદિને સ્વર્ગમાં જઇને રત્નના દાબડામાં રાખીને દેવો-દેવી દ્વારા થતાં પૂજનના અધિકારને અતિશયોક્તિ ભર્યાં જણાવનારાં કહેવાતાં પંડિતોને વર્તમાનકાલીન-બનેલ સ્વ૦ ગાંધીના મૃતદેહની ભસ્મ હાડાદિના મહોત્સવો અને નમનાદિની કરણીએ બોધ પાઠ શીખવે છે.

હિંસક વૃત્તિનો સ્વીકાર.

પૈસાની લાલચે વાંદરાદિ અશરણ મુંગા પ્રાણીઓને મરાવીને ચામડાની ચટાઇ બનાવનારાઓએ અહિંસકપણાની અમોઘ-સ્વ-પર હિતદાયિ-વૃત્તિને તિલાંજલી આપી છે. બદલે હિંસક વૃત્તિનો સ્વીકાર કર્યો છે.

卐 શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય. 卐

નોંધ:—આ 'શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય' નામના નાનકડા ગ્રન્થમાં આલેખન કરેલ લખાણ વાંચકોના લાભાર્થે અપાય છે. લેખકઃ-પંન્યાસ પ્રવરશ્રી ચંદ્રસાગરજી ગણીવર. તંત્રી.

[લેખાંક ૧૩ મો]

સઘળાએ સહકારી સંયોગોમાં ધર્મની વાસ્તવિક ઉપાસના કરવી તે પૂર્વના અનુસ્યૂત પ્રકરણોનો પરમાર્થ છે.

આ જીવને પરમપદની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી આ જીવની વાસ્તવિક ઉપાસના પરિપૂર્ણ થઇ નથી એ સમજવાની જરૂર છે. પરમપદની પ્રાપ્તિ માટે શંકા સમાધાન પૂર્વક ધર્મનું સ્વરૂપ અને ધર્મનું ફળ સમજી ગયા. આત્મામાં ધર્મનો આવિર્ભાવ થયો છે ?, આવેલો ધર્મ ટકયો છે ?, ટકેલો ધર્મ વધ્યો છે ?, વૃદ્ધિ પામતો ધર્મ ફળ મેળવવા ભાગ્યશાળી થયો છે ?, એ બધા પ્રસંગોને સમજવા સારૂ ચારે ભાવનાઓને પરિશીલનપૂર્વક ભાવી ગયા. ચાર ભાવનારૂપ થર્મામિટરથી ધર્મી આત્માઓના ધર્મની વાસ્તવિક યોગ્યતા મપાય છે. તાવની ડીગ્રીનું માપ જેમ થર્મામિટરથી મપાય છે, તેમ ધર્મી આત્માઓના ધર્મનું માપ આ ચાર ભાવનાઓથી માપી શકાય છે. એ જ વાતને શ્રીહરિભદ્રસૂરિજીએ રચેલા ધર્મબિંદુના ત્રીજા શ્લોક 'વચનાદ્ય૦' ના ઉત્તરાર્ધથી આપણે વિચારી ગયા છે.

ભાવના સાથે અનુપમ શ્રદ્ધા અને સમજના સુંદર સંયોગનો સુમેળ કેવો હોય છે તે પણ સમજી ગયા. ચારે ભાવનાઓનું હાર્દિક સ્વરૂપ સમજ્યા પછી તે ભાવનાઓનો સદુપયોગ કરી આત્મા કઇ રીતિએ આગળ વધે છે અને દુરૂપયોગ કરી આત્મા કઇ રીતિએ સંસારચક્રમાં પરિભ્રમણ કરે છે તે પણ વિચારી ગયા. સમજણ વગરના સદ્ગર્તનમાં અને સમજણપૂર્વકના સદ્ગર્તનમાં શ્રદ્ધાના સુંદર બીજની બીલવણી કેવી હોય છે ? તે શિક્ષણ શિખી ગયા. શ્રદ્ધા એટલે સમ્યકત્વ માનનારાઓને અનુપમ શ્રદ્ધાનું સ્વરૂપ કેવું છે ?, અને તે સ્વરૂપની પ્રાપ્તિ માટે શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ, સ્પર્શન, પાલન અને અનુપાલન-સંજ્ઞક-વિભાગોને ઉત્તરોત્તર લાભદાયીપણે સમજવાની જરૂરીયાતો શી શી છે ? તે પ્રશ્નોત્તરપૂર્વક સમજી ગયા છતાં પૂર્વાર્ધના પૂરા પરમાર્થને સમજવાની જરૂર છે.

કયું પૂર્વાર્ધ ?, કયા શ્લોકનું પૂર્વાર્ધ ?. તેનો કર્તા કોણ ?, વિગેરે પ્રશ્નો તેને જ ઉદ્ભવે કે જેનું હૃદય આ ગ્રંથમાં આવી ગયેલા 'ધર્મનું સાચું સ્વરૂપ' નામવાળા પ્રકરણના પિયૂષથી પાવન થયું ન હોય. તે પ્રકરણમાં આવેલા એ શ્લોકનું પૂર્વાર્ધ આ પ્રમાણે છે—

'वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम्'

આપણે હવે એ પૂર્વાર્ધના પરમાર્થને પામવાનો પ્રયાસ પ્રારંભીએ, કારણ કે તે જ શ્લોકના ઉત્તરાર્દ્ધમાં—

'मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते।

(ચાલુ)

॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર.

(ગતાંકથી ચાલુ)

ત્રણ કરણોનું વિભાગી કરણ.

પૂર્વે જણાવેલાં ત્રણ કરણોનું વિભાગીકરણ કરતાં થકાં શાસ્ત્રકાર ભગવાન્ "जा गंठी ता पढमं०" એ પદોદ્વારા પ્રથમકરણની શરૂઆત કરે છે. જેવી રીતે રેશમનાં ઝીણાં ઝીણાં તંતુઓનું પરસ્પર મીલન થઈને ગાંઠોવાળું ગુંચળું વળી ગયેલું હોય, અને તે ગાંઠોનું ગુંચળું તેલના ટીંપાથી અભિસિંચિત થયેલું હોય, તો પછી ગાંઠવાળું ગુંચળું ઉકેલવું અતિ મુશ્કેલ છે; છતાં પણ પ્રયત્નશીલ પ્રખર અભ્યાસી તે ગુંચળાને ઉકેલવાને કદાચ મહાન કષ્ટે કરીને સમર્થ થાય; તેવી રીતે આ આત્માને ક્લિષ્ટ-કર્મના ઉદયથી નિબિડ-ઘન-ગુઢ ગાંઠને જેવો રાગદ્વેષનો જે પરિણામ થાય છે, તેને શાસ્ત્રકારો ગંઠિ=ગાંઠ કહે છે; આ ગાંઠની સમીપમાં આવવાવાળા જીવો આયુષ્ય સિવાયની સાતે કર્મની સ્થિતિને સાગર કોડાકોડી પ્રમાણ છોડીને ખપાવેલ હોય છે, તેજ જીવો આ શાસ્ત્ર સુપ્રસિદ્ધ ગાંઠ સમીપ આવે છે. શાસન સંસ્થાપક-તીર્થંકર-ભગવંતો, શાસન-સંચાલક-શ્રમણ અને સેવન કરનાર ચતુર્વિધિ સંઘ, અનુષ્ઠાનોને આરાધન કરવા કરાવવાની સાધન સામગ્રી સંયોગ; અને સંસ્થાપક સર્વજ્ઞ ભગવંતો કે સંચાલક સૂરિ ભગવંતો પાઠક ભગવંતો, સાધુ ભગવંતોના ઉપદેશાદિ આત્મહિત કરે છે, કર્મમાત્રકારક છે, સકલવિઘ્નોનું ઉચ્છેદન કરીને પરમપદ અપાવનાર છે; એ માન્યતાના મહત્વનું આસ્વાદન ગંઠી-સમીપ આવેલ આત્મા કરી શકતોજ નથી. અનેકાનેક ભવોમાં જન્મ મરણ કરીને આ જીવે અનેક વખત આયુષ્ય સિવાય સાતે કર્મની સ્થિતિને ખપાવીને સાગર કોડા કોડીહીણ કરી દીધી, છતાં તેને રાગદ્વેષ નિબિડગૂઢ ઘન ગાંઠને ભેદવા લાયક અપૂર્વ વીર્યોલ્લાસ વર્ધક પરિણામ થયોજ નથી. કારણ કે તે ત્રિશિષ્ટતમ પરિણામ થવાની સાથે તે ગંઠીનો ભેદ થઈ જાય છે.

આ ઉપરથી જ્યાંસુધી ગ્રંથિપ્રદેશ પર્યંત આવવું ત્યાંસુધી પ્રથમકરણરૂપ યથાપ્રવૃત્તિ નામનો આદ્યપરિણામ એટલે જીવનો અભવ્યસાય વિશેષ વર્તે છે. અને એ ગાંઠને સમ્યક્ પ્રકારે ઓળંગવાનું કાર્ય કરતો અર્થાત્ તે ગાંઠને ભેદવાવાળાને અપૂર્વકરણરૂપ પરિણામ અર્થાત્ બીજું કરણ થયું કહેવાય છે, અને ત્રીજું અનિવૃત્તિ-કરણ કે જેના પ્રબળ પ્રભાવે અવશ્યમેવ પ્રાપ્ત કરવા લાયક સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા અવસરે કરે છે તે; અર્થાત્ અવશ્ય પ્રાપ્ત કરવા લાયક મોક્ષમહેલના દરવાજારૂપ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા અવસરે અનિવૃત્તિ-કરણારૂપ અત્યુત્તમ આત્મ પરિણામદ્વારા સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. આ રીતિએ ગંઠી-પર્યંત પ્રથમ કરણ, ગંઠીના ભેદ અવસરે બીજું ને ત્રીજું સમ્યક્ત્વ પ્રાપ્તિપૂર્વે અવશ્યમેવ થતો જે આત્મ પરિણામ તે અનિવૃત્તિ કરણ છે, આ ઉપર જણાવેલાં ત્રણ કરણો આત્માના પરિણામરૂપ હોવાથી આત્માનેજ થાય છે. ગથા ૩૦.

મોક્ષહેતુભૂત-શુદ્ધ-વન્દના.

શુદ્ધ વન્દના પ્રથમ કરણના પરિણામથી આગળ વધેલા જીવોને હોય છે, અને તે બીના ચાલુ પંચાશકના ૨૮-અઠ્ઠાવીશમા પદ્યમાં જણાવી ગયા હતા. તેજ વાતને વધુ સ્પષ્ટ કરતાં થકાં આ પદ્યમાં એટલે ૩૧ એક ત્રીશમા પદ્યમાં જણાવે છે કે ઉપર જણાવેલી શુદ્ધ-વન્દના (પ્રથમ કરણથી આગળ વધેલા પરિણામ-વાળા જીવોને થતીજ વન્દના શુદ્ધ-વન્દના) મોક્ષના હેતુભૂત થાય છે. આ કથનથી એ નિર્ણય થાય છે કે પ્રથમ કરણના પરિણામ પર્યંત જીવોને થતી વન્દના સર્વદા અશુદ્ધ વન્દના હોય છે, અને આથીજ આ પદ્યમાં 'इत्तो उविभागाओ" આ પદો દ્વારા શુદ્ધ વન્દના અને અશુદ્ધ વન્દનાનો વિવેક પૂર્વક વિભાગ સમજાવી ગયા. એટલુંજ નહિં પણ પ્રથમપણાનો સર્વથા અભાવ છે એવા આ સંસારમાં અર્થાત્ અનાદિ-અનંત એવા આ સંસારમાં પરિભ્રમણ કરનારા જીવો પ્રથમકરણ=યથાપ્રવૃત્તિકરણ નામના પ્રથમ કરણમાં થતાં પરિણામથી આગળ વધેલા નહિં હોવાથી તેઓએ ભાવ રહિત દ્રવ્યલિંગ= દીક્ષા-વેષાદિ અનેકશઃ ધારણ કરેલાં છે. આ ઉપરથી શુદ્ધ વન્દનાનેજ મોક્ષનું બીજ=નિર્વાણ પ્રાપ્તિનું અમોઘ કારણ જણાવેલું છે. અથવા અનાદિ-અનંતકાળથી સંસારમાં દ્રવ્યલિંગોને ધારણ કરતાં કરતાં જે કારણથી મોક્ષ હેતુ બને એટલે નિર્વાણ પ્રાપ્તિનું કારણ બંને તે રીતિએ આ શુદ્ધ વન્દનાનું સેવન કરવા લાયક છે. આ કથન ઉપરથી પ્રથમ કરણ વર્તતું હોય ત્યાં સુધી આ આત્માએ અનાદિ-અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં અનેક વખત દ્રવ્યલિંગ ધારણ કર્યા અને દ્રવ્યલિંગમાં અશુદ્ધ વન્દના અનંતી વખત પ્રાપ્ત થઇ. પરંતુ તે વન્દના મોક્ષના કારણભૂત બનીજ નથી, કારણકે અશુદ્ધ હોવાથી મોક્ષના કારણભૂત તે વન્દના બનતીજ નથી. તેથીજ હવે આ પદ્યમાં મોક્ષના કારણભૂત થનારી શુદ્ધ વન્દનાને નિરૂપણ-કરેલી છે. ગાથા. ૩૧.

સહેતુક-શુદ્ધા શુદ્ધ વન્દના.

અનાદિ-અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં આ આત્માએ દ્રવ્યલિંગ ધારણ કર્યા, અને જે વન્દના અનેક વખત પ્રાપ્ત થઇ તે અશુદ્ધજ હતી, પરંતુ શુદ્ધ વન્દના થઈજ નહોતી. આ વાતને સ્પષ્ટ કરતાં જણાવે છે કે-શુદ્ધ વન્દનામાં શુદ્ધ અધ્યવસાય વર્તતા હોય છે, અને તે તે અશુદ્ધ વન્દનામાં શુદ્ધ પરિણામ હોતાંજ નથી. એટલુંજ નહિં પણ આ અશુદ્ધ વન્દના વર્તતી હોય ત્યારે સંસાર પરિભ્રમણની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રવર્તતી હોય છે, અર્થાત્-અર્ધ પુદ્ગલ પરા-વર્તથી અધિક સંસારવર્તિ જીવોને શુદ્ધ અધ્ય-વસાયમાય-શુદ્ધ વન્દના થતોજ નથી. આજ વાતને જિનેશ્વર ભગવંતના સિદ્ધાંતમાં સ્પષ્ટપણે જણાવેલી છે. "कालमणंतं च सुए०" ઇત્યાદિ પદો વડે નવાંગીવૃત્તિકાર તે વાતનું સમર્થન કરે છે. તે પદ્યનો પરમાર્થ આ પ્રમાણે છે. અનેક-વિધ આશાતનાના આસ્વાદન-રસિક જીવોને શુદ્ધ વન્દનાની પ્રાપ્તિ થવામાં ઉત્કૃષ્ટ અંતર રહેલું હોય છે, અને આથીજ તે તે સંસાર-

રસિક-જીવોને અનાદિ-અનંત-સંસારમાં થતી વન્દના દ્રવ્ય સ્વરૂપ હોય છે, અર્થાત મોક્ષનું રૂપ શુદ્ધ વન્દના થતીજ નથી. ગાથા. ૩૨.

પૂર્વે જણાવેલ પ્રસંગને પરમાર્થ રૂપે દ્રઢીકરણ કરતાં જણાવે છે કે જૈન આગમ-સંગતિને આશ્રિને અથવા યુકિતયુકત યુકિતને આશ્રિને નિર્વાણના આર્થિઓએ શુદ્ધ વન્દનાજ નિરૂપણ કરવા યોગ્ય છે. આ શુદ્ધ વન્દનાને સદ્ભાવ-માત્રથી =સત્તા માત્રથી નિરૂપણ કરવા યોગ્ય નથી, પરંતુ આ વન્દનાની શુદ્ધતા વિચારીને ભાવ પૂર્વક આ શુદ્ધ વન્દનાનું સેવન કરવું કે જેથી કરીને જલ્દી નિર્વાણ પ્રાપ્તિ થાય. ગાથા. ૩૩.

આ બન્ને પદ્યના પદ્યોના સારભુત સારાંશને વિચારતાં વાંચકે એ વિચારવું જરૂરીનું છે કે અર્ધ પુદ્ગલ પરાવર્તથી અધિક સંસાર સ્થિતિ સંપન્ન જીવોને શુદ્ધ વન્દના થતીજ નથી, અને તેથી ઓછી સ્થિતિવાળા જીવોને સાધનાદિની પ્રાપ્તિ સાથે શુદ્ધ વન્દના થવામાં વિલંબ પણ થતોજ નથી. આ બંન્ને પદ્યના પદ્યો દ્વારા શુદ્ધ-અશુદ્ધ વન્દનાનું સહેતુક નિયમન પૂર્વક નિરૂપણ કર્યું. ગાથા ૩૧-૩૨.

દ્રવ્ય-ભાવલિંગનું સ્પષ્ટી કરણ.

કેવળ દ્રવ્યલિંગોનું અનન્ત્ય=અનંતપણું વિચારીને દરેકે દરેક-વન્દનાનું અશુદ્ધપણું છે, એમ વિચારવાનું નથી; પરંતુ આ વન્દના વિચારમાં વન્દનાનું શુદ્ધાશુદ્ધપણું તપાસવા માટે રૂપ્ય અને છાપ-મહોરની ચતુર્ભંગીનું શાસ્ત્રસંમત દ્રષ્ટાંત વિચારવા લાયક છે. સકલશાસ્ત્ર પારંગત-ચૌદ પૂર્વધર-ભગવાન્ શ્રીભદ્રબાહુસ્વામિજી શુદ્ધ-અશુદ્ધ રૂપકનાં દ્રષ્ટાંતને આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં સવિસ્તરપણે જણાવેલ છે. તે શુદ્ધ-અશુદ્ધ રૂપકદ્રષ્ટાંતની ચતુર્ભંગી આ પ્રમાણે છે. ૧. અશુદ્ધરૂપું અને અશુદ્ધ છાપ-મહોર-આ પ્રથમ ભંગ, ૨. અશુદ્ધરૂપું અને શુદ્ધ છાપ મહોર-આ બીજો ભંગ, ૩. રૂપું શુદ્ધ અને છાપ મહોર અશુદ્ધ-આ ત્રીજો ભંગ, અને ૪. શુદ્ધરૂપું અને શુદ્ધ છાપમહોર આ ચોથો ભંગ છે. રૂપાની સદશ ભાવલિંગ અને છાપમહોરની સરખું દ્રવ્યલિંગ-છે. પ્રથમ એટલે દ્રવ્યભાવ બંનેનું અશુદ્ધપણું હોવાથી પ્રથમ ભાંગો અશુદ્ધ છે. બીજા ભાંગામાં પાસ્થા કુશીલીયાદિ ગણાવ્યા છે, કારણકે દ્રવ્યલિંગ હોવા છતાં ભાવલિંગનું અશુદ્ધપણું છે. ત્રીજા ભાંગામાં પ્રત્યેકબુદ્ધાદિ કે જેઓએ અંતર્મુહૂર્ત માત્ર દ્રવ્યલિંગ ધારણ કર્યું નથી, પરંતુ ભાવ-લિંગની વિદ્યમાનતા છે. ચતુર્થ ભાંગામાં શાસન માન્ય-શીલ સંપન્ન-શ્રમણ ભગવંતો અને જિન કલ્પિકાદિ છે, કારણકે આ અંતિમ ભાંગામાં દ્રવ્ય ભાવલિંગ-બંન્નેની વિદ્યમાનતા છે. આ પ્રમાણે ઉપરના ચારે ભાંગામાં રૂપક=રૂપૈયારૂપ-નાણામાં રૂપું અને છાપ મહોર જણાવેલ છે, પરંતુ ત્રણ ભાંગા અશુદ્ધ છે અને કેવળ ચતુર્થ ભાંગો આરાધનીય છે. અર્થાત્ ચોથા ભાંગામાં વર્તતા જીવો આરાધન કરવા યોગ્ય=નમસ્કાર વન્દનાદિ કરવા યોગ્ય છે. અને એ રીતિએ પરલોકના અર્થિ-જીવો માટે ત્રણ ભાંગાવર્તિ જીવો નમસ્કારાદિ કરવા યોગ્ય નથી. આ પ્રસંગને વિસ્તારથી જાણવાની અભિલાષા

ક્ષમાસઓએ તે સૂત્રમાં ત્રીજા વન્દના–આવશ્યકની નિર્યુક્તિની ગાથાઓ વિચારવી જરૂરીની છે. આ ચતુર્વિધ ભાંગા યુક્ત તે સ્થળના દ્રષ્ટાંતને વિવેક પૂર્વક વિચારવાથી દ્રવ્યલિંગની મર્યાદાનું યથાવસ્થિત ભાન થાય છે. ગાથા. ૩૪.

ચતુર્વિધ-ભેદ-રહસ્ય.

ચિત્રભેદ એટલે બહુ પ્રકારના ભેદરૂપ અર્થ, પરંતુ અત્ર ચતુર્વિકલ્પ ભેદરૂપ જણાવ્યો છે. પૂર્વે તે ચાર ભેદોને ચાલુ સારાંશમાં આપણે સમજી ગયા, છતાં શાસ્ત્રકાર તે ચાર ભેદને વ્યવસ્થિત રીતિએ પદ્યદ્વારા પ્રતિપાદન કરે છે.

દ્રવ્ય–રૂપ્યમય-સુવર્ણમય=નાણું વિશેષ, અને ટંક=છાપ-મહોર-અક્ષર વિશેષ, અર્થાત્ જે નાણા વિશેષમાં રૂપું અને સુવર્ણ શુદ્ધ હોય તથા છાપ-મહોર-અક્ષર વિશેષ પણ ઉચીત-બરોબર શુદ્ધ હોય તો પ્રથમ ભેદ છેક=વિશુદ્ધજ કહેવાય છે. દ્વિતીય ભાંગામાં એટલે બીજા ભેદમાં ઉચીત છાપ-મહોર-અક્ષર વિશેષ રહિત હોવા છતાં રૂપું-સુવર્ણાદિ શુદ્ધ રીતિએ વર્તતાં હોય તો પણ એકાન્ત વિશુદ્ધ ન કહેવાય, કારણ કે છાપ-મહોર=અક્ષરાદિના અભાવ હોવાથી દેશ-થકી અશુદ્ધ હોવાથી આ બીજા ભાંગો અશુદ્ધજ છે. ગાથા ૩૫.

ત્રીજા ભાંગામાં એટલે ત્રીજા ભેદમાં રૂપું-સુવર્ણાદિ ઉચીત દ્રવ્યના અભાવમાં છાપ-મહોર-અક્ષર વિશેષાદિ હોવા છતાં પણ અશુદ્ધ છે. તેવીજ રીતે ચોથા ભાંગામાં એટલે ચોથા ભેદમાં રૂપું-સુવર્ણાદિ દ્રવ્યનો અભાવ અને છાપ-મહોર-અક્ષર વિશેષાદિનો અભાવ હોવાથી આ ભેદ તો એકાન્ત અશુદ્ધજ છે. આ ચારે ભાંગાઓ એટલે ચારે ભેદો રૂપાના રૂપૈયામાં અને સુવર્ણની સોના મહોરમાં સ્પષ્ટપણે ઘટાવી શકાય છે. આ ચાર ભેદમાં પ્રથમ ભેદ પૂર્ણ છે, અને બાકીના ત્રણ કંઇક સર્વ અંશે અપૂર્ણ છે, અને પ્રશ્નાનુપૂર્વીએ છેલ્લા બે ભેદ શાસ્ત્રવિહિત સર્વથા પ્રકારે ફલના અભાવવાળાં છે, અર્થાત્ યથાર્થ ફલદાયક નથીજ; આ ઉપરથી અન્ત્ય બે ભેદો=બે ભાંગા કંઇપણ ફળદાયક નથી. એ શંકાના સમાધાનમાં જણાવે છે કે મુગ્ધ-ભોળા લોકોને ઠગવારૂપ ફલ સિવાય બીજું કંઇ થતું જ નથી, અર્થાત્ એ ભાંગા=એ બે ભેદમાં વર્તતા જીવોદ્વારા મુગ્ધ=ભોળા-જીવો ઠગાય છે તે વિવેકિજનોમાં તે બે ભાંગા સ્વ-પર હિતકર ફલદાયિ થતાંજ નથી. અથવા-વન્દનાનું ફલ ભાંગામાં ન જણાય તો વન્દનાનું વિધાન સાર્થકરૂપ નીવડે નહિ. તેથી અતિવ્યાપ્તિ નિવારણ માટે આ ચાલુ રૂપા-સુવર્ણના નાણા-વિષયક-દ્રષ્ટાન્તમાં રૂપૈયા સુવર્ણ મહોરથી જણાવાતાં અંતિમ બે ભાંગાના સ્વરૂપથી વિચારીએ તો ભોળા-મૂર્ખ લોકોને ઠગવાનું બને છે. પરંતુ વન્દના-વિષયક-ફલાફલનો વિચાર કરીએ તો શાસ્ત્રવિહિત ફલનો સર્વથા અભાવજ છે. ગાથા-૩૬.

વન્દનામાં પ્રતારણાદિનો વિરહ.

પૂર્વ પદ્યમાં પ્રાથમિક-વ્યાખ્યાનુસારે અન્ત્ય બે ભાંગાથી કંઈપણ ફલ થતું જ નથી, એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં ભોલા લોકોને ઠગવાનું થાય છે. એ ફલ બતાવ્યું. એ બે ભાંગામાં વર્તતા જીવો તે અનર્થ ફલથી તે અનર્થ ફલવાળા થયેલા કહી શકાય. તેથી પ્રતારણ=ઠગવારૂપ ફલ અનર્થ ફલને દેનારૂં કહેવાય, અને તે અનર્થ ફલ સ્વ-પરને ઉપકાર રૂપ ફલદાયક હોતું જ નથી. અનર્થ ફલદાયક-વન્દનાદિ ક્રિયા વડે સજ્જનોને નિયમા પરવંચનાદિથી પ્રયોજન હોતું જ નથી. ચાલુ અધિકાર એટલે રૂપા-સુવર્ણના દૃષ્ટાન્તમાં પર-પ્રતારણાદિ પ્રસંગ સૂચવી ગયા તે નિષ્પ્રયોજન છે, માટે અહીંઆ આત્મગત-સ્વવિષયજ ગ્રહણ કરવાનાં છે, કરનારને (ખરીદનારને) મેળવવા લાયક લાભ ચાલુ પ્રસંગમાં છે, પરંતુ પરવિષય પ્રતારણાદિ=પરવિષય-પરવંચનાદિ નથી. આ ઉપરથી સુવર્ણ-રૂપા વિષયક નાણાના દૃષ્ટાન્તમાં ઇષ્ટ વસ્તુ લાભની વિચારણા વિચારાય છે, અને તેજ બીના શાસ્ત્રથી પરિપૂર્ણ વિશુદ્ધ છે, પરંતુ બીજાને ઠગવારૂપ અસદ્ વ્યવહારના વિનિમય=લેવડ દેવડને અત્ર અવકાશજ નથી. આ સંબંધમાં અથવા કહીને બીજી રીતિએ વ્યાખ્યાન કર્યું હતું તે વિષયમાં શંકા કરતાં જણાવે છે કે શું વન્દનાથી ઠગવાપણું દેખેલું છે?, તેના જવાબમાં 'तं पुण' ઇત્યાદિ પદોથી જણાવે છે. અર્થાત્ આ વન્દના-સ્વરૂપ-દાર્ષ્ટાન્તિક સંબંધને વિચારતાં વન્દનાથી પર પ્રતારણાદિ નથી, કારણ કે વન્દના એ જીવ વિષયક હોવાથી અને શાસ્ત્રમાં વન્દનાનું ફલ મોક્ષ બતાવેલું હોવાથી પર પ્રતારણાદિને લેશભર સ્થાનજ નથી. આ ઉપરથી છેલ્લા બે ભાંગાવાળા દૃષ્ટાન્તમાં યત્કિંચિત ઠગવાપણું વિગેરે નાણાં વિષયક લેવડ દેવડ હોવાથી સુસંગત બની શકે, પરંતુ દાર્ષ્ટાન્તિક-વન્દનામાં ઠગવાપણાદિને લેશભર સ્થાન નથી એ આ પદ્યનો પરમાર્થ છે. ગાથા ૩૭.

ઉભય-વિશુદ્ધ-પ્રથમરૂપક.

દૃષ્ટાન્તમાં કથન કરેલાં પ્રસંગોને સફલપણે જણાવીને, દાર્ષ્ટાન્તિક-વન્દના વિષયક વિચારોને સફલપણે જણાવે છે, અથવા દાર્ષ્ટાન્તિકે વંદનાને સામાન્યથી પ્રતિપાદન કરીને વિશેષપણે પ્રતિપાદન કરવાની અભિલાષાવાળા શાસ્ત્રકાર વિશેષપણે પ્રતિપાદન કરે છે. **'भावेणं'** ઇત્યાદિ પદો.

અપુનર્બંધકાદિ જીવોને શાસન-માન્ય યોગ્ય શ્રદ્ધા-ભક્તિ સ્વરૂપ થતો જે આત્મિક પરિણામ તે રૂપ દ્રવ્ય, અને વન્દના વિષયક બોલાતા સૂત્રો-સૂત્રસ્થિત-પદો-પદસ્થિત-અક્ષર—સ્વર—વ્યંજન-હ્રસ્વ-દીર્ઘવર્ણો તથા ક્રિયા-વિષયક આલંબનાદિ-ટંકકલ્પ=ઉચિત ચિત્રાદિ નિરવદ્ય-કરણ ભૂતોથી થતી વન્દનાને પ્રથમરૂપક=પ્રથમ ભાંગાની=પ્રથમ ભેદની વન્દના જણાવી છે. આ વન્દના અનુક્રમે નિર્વાણફલને દેનારી થાય છે, પરંતુ સંસારની પરંપરારૂપફલને વધારનારી થતીજ નથી. પરંપર ફલ મોક્ષને આપનારી પ્રથમ ભેદની વન્દના છે, છતાં અનંતરફલ આલોકના ઇષ્ટફળને આપનારી પણ થાય છે. અર્થાત્ દ્રવ્ય-ટંક-યુક્ત-ઉભય રીતિએ વિશુદ્ધ વન્દનાને અનુસરનારા જીવો પ્રાયઃ કરીને અવશ્યમેવ આલોકની ઇષ્ટ સંયોગ-સાધન-સામગ્રીની અનુકૂળતાને પ્રાપ્ત કરનારા થાય છે. આ રીતિએ પ્રથમરૂપક દાર્ષ્ટાંતિકની યથાસ્થિત યોજના જણાવી દીધી. ગાથા. ૩૮.

દ્વિતીયરૂપકમાં ભાવનું પ્રાધાન્યપણું.

અપુનર્બંધકાદિ જીવોને શાસન-માન્ય યોગ્ય શ્રદ્ધા ભક્તિ સ્વરૂપ-થતો જે વન્દના વિષયક આત્મિક પરિણામ તે રૂપ દ્રવ્યોપમા, અને વન્દના વિષયક બોલાતાં સૂત્ર-પદ-અક્ષરાદિ વિહીન-અવસ્થા-ટંકકલ્પા-વંદના; આરીતિએ દ્રવ્ય યુક્ત ટંકવિહીન રૂપકતુલ્ય દ્વિતીય ભાંગાની વંદના પ્રથમ ભેદ જેટલી વિશુદ્ધ નથી. પરંતુ તે વંદના પ્રશસ્ત છે અને મોક્ષ-અભ્યુદયાદિ ફલને સાધવામાં તે વંદના પણ અમોઘ સાધનભૂત છે. કારણ કે તીર્થંકર-ભગવંતોએ ભાવનું પ્રાધાન્યપણું ઉપદેશેલું છે. અર્થાત્ જે વંદનામાં ભાવનું પ્રાધાન્યપણું વર્તે છે, તે વંદનાને પ્રશસ્તપણે વર્ણવેલી છે. આથીજ સર્વજ્ઞકથિત વચનોનો અનુવાદ કરનાર શાસ્ત્રકાર જણાવે છે કે—

क्रियाशून्यश्च यो भावो भावशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥१॥

ક્રિયા રહિત જે ભાવ તે સૂર્યસદૃશ છે, ભાવરહિત જે ક્રિયા તે આગીઆ જેવી છે; અર્થાત ભાવનું પ્રાધાન્યપણું છે. ગાથા-૩૯.

દુર્ગતિ-ફલદાયક-વન્દના.

અપુનર્બંધકાદિ જીવોને શ્રદ્ધા ભકિત સ્વરૂપ થતા જે પરિણામ તે પરિણામ વગરના અર્થાત તદુપભાવ વગરના જીવોને ત્રીજા ભાંગામાં વન્દના વિષયક સૂત્ર-પદ્ય-અક્ષરાદિ શુદ્ધ હોવા છતાં પણ દ્રવ્ય રહિત (ભાવ રહિત) ટંકયુકત=અક્ષરાદિ શુદ્ધ પણ અશુદ્ધજ છે. અને ચતુર્થ ભાંગામાં તો દ્રવ્ય-ટંક રહિત હોવાથી એટલે શુદ્ધ ભાવ રહિત અને સૂત્ર-પદ-અક્ષરાદિ શુદ્ધિ રહિત હોવાથી આવી વન્દના મુદ્રા સદૃશ=નામ માત્ર અનિષ્ટ ફળને દેનારી છે. ગાથા. ૪૦.

ઉપર જણાવેલ ત્રીજા-ચોથા ભાંગામાં જણાવેલા વિચારોને અનુસરતી વન્દના કયા જીવોને હોય છે ?, અને તે તે જીવોને તે તે બે ભાંગાને અનુસરતી વન્દના હોય તો અનુક્રમે કયા ફલને દેનારી થાય તે વિસ્તારથી આ ૪૧માં પદ્ય-દ્વારાએ શાસ્ત્રકાર તે પ્રસંગને પ્રતિપાદન કરે છે. અને વૃત્તિકાર-ભગવાન્-વૃત્તિમાં તે પ્રસંગને સ્પષ્ટ કરે છે તે આ પ્રમાણે છે.

સંકલેશની પરંપરાને વધારનારા રાગના રંગથી અનુક્રમે રંગાઇ ગયેલા અને દ્વેષના દોષથી દૂષિત થયેલા જીવોને કિલષ્ટ સત્ત્વો કહેવાય છે, અને મિથ્યાત્વાદિની મલીન વાસનાઓથી જેઓની બુદ્ધિ હણાઇ ગયેલી હોવાથી જડબુદ્ધિવાળા જીવો પણ કહેવાય છે. આથીજ ઉપર જણાવેલી બે ભાંગાની વન્દના જડબુદ્ધિવાળા-સંકિલષ્ટ જીવોનેજ હોય છે, પરંતુ પ્રાયઃ શબ્દથી અસંકિલષ્ટ જીવોને કોઇક અવસરે ઉપયોગ રહિતાદિ-અવસ્થા વર્તતી હોય ત્યારે ઉપરની બે ભાંગાવાળી વન્દના સંભવી શકે છે. આ ઉપરથી કોઇક હળુકર્મિ જીવોને મુદ્રા પ્રાયઃ વર્તતી આ વન્દના ઇષ્ટફલને દેનારી એટલે સંપૂર્ણ વન્દનાના કારણ રૂપ બને છે તેથીજ શાસ્ત્રકારે—આ **"पाएणेसा"** પદ પદ્યમાં જણાવેલું છે.

બે ભાંગાની વન્દનાને પ્રાપ્ત કરનારા જીવો જણાવ્યા પછી જણાવે છે કે તે વન્દના (બે ભાંગા વિષયક વન્દના) દુર્ગતિ ફલને દેનારી છે.

ઉપરના બંન્ને ભાંગાની વન્દનાને અનુસરનારા જીવો, અને તદ્વિષયક વન્દનામાં વર્તવું એ દુઃષમા કાલનો કારમો પ્રભાવજ છે. ગાથા. ૪૧.

અધિક-ફલદાયિ-લોકોત્તર-વન્દના.

પૂર્વે જણાવેલ પદ્યના પરમાર્થને જાણ્યા પછી તેજ પદ્યના અર્થમાં મતાન્તર છે તે આ

પ્રમાણે છે. પૂર્વે જણાવી ગયા છે કે તે બે ભાંગાની વન્દના અનિષ્ટ ફલને દેનારી છે, ત્યારે આ પદ્યના અર્થમાં બીજા આચાર્યો જણાવે છે કે સાક્ષાર્થ અનર્થ ફલને નહિં દેખનારાઓ આ વન્દના (છેલ્લા બે ભાંગાની વન્દનાને) ને લૌકિક વન્દના અર્થાત્ સામાન્ય લોક સંબંધિની વન્દના છે એમ જણાવે છે. જિનેશ્વર ભગવંતના શાસનને અનુસરતી વન્દના તે જૈની વન્દના છે, અર્થાત્ તે લોકોત્તર વન્દના છે; અને આ છેલ્લા બે ભાંગાની વન્દના તે લૌકિક-વન્દના છે. લોકોત્તર એટલે જૈની વન્દનામાં દેવાધિદેવ જિનેશ્વર ભગવંતને વન્દનાદિ કરવાનું વિધાન હોય છે, અને લૌકિક વન્દનામાં શિવ-વિષ્ણુ આદિને વન્દનાદિ કરવાનું હશે ?, તેથી તમે આર્હતી-વન્દના કહેતાં નહિં હોય ?; આ પ્રશ્નના સમાધાનમાં જણાવવાનું કે આ વન્દના નામ માત્રથી વન્દના છે, પરંતુ પરમાર્થથી ફલ દ્વારાએ વિચારીએ તો વન્દનાજ નથી. આ બે ભાંગાની વન્દના લૌકિક છે, પરંતુ લોકોત્તર=જૈની વન્દના નથી એ શા ઉપરથી નિર્ણય કરાય છે ?, આ શંકાના સમાધાનમાં શાસ્ત્રકાર જણાવે છે કે-લૌકિક વન્દનાનું ફલ લૌકિક=આ લોકને અનુસરતાં સાધન-સંપત્તિ-ફલ પ્રાપ્તિ સ્વરૂપ સાધ્યજ છે, અને લોકોત્તર વન્દનાનું ફલ મોક્ષ અથવા મોક્ષ માર્ગને અનુકૂળ સાધન-સામગ્રી-સંયોગાદિની પ્રાપ્તિ સ્વરૂપ સાધ્ય હોય છે. એટલે લૌકિક-વન્દનાની અપેક્ષાએ લોકોત્તર વન્દનાના ફલમાં અધિક-અધિકતર--અધિકતમ—સાધન—સામગ્રી સંયોગાદિ=સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ સાધન સામગ્રી સંયોગાદિની પ્રાપ્તિ વિશેષતઃ હોય છે, અને લૌકિક વન્દનામાં સંસાર-વર્ધક-વિનાશિ ભાવોનું અત્યંત અલ્પમાં અલ્પ લાભરૂપ ફલ હોય છે. ગાથા ૪૨.

લોકોત્તર-લૌકિક-વન્દનાની વિશેષતા.

પૂર્વ પદ્યમાં જણાવેલ બીજા આચાર્યના મતને સ્પષ્ટીકરણ કરતાં થકાં જણાવે છે કે-કુવન્દનાનું લૌકિકપણું છે એમ પૂર્વે મતાન્તરે જણાવી ગયા. એટલુંજ નહિં પણ અમે તે બે ભાંગાની=પશ્ચાનુપૂર્વિએ છેલ્લા બે ભાંગાની વન્દનાનું અનિષ્ટપણું અમે જણાવીએ છીએ એમ નહિં, પરંતુ યુકિત યુકત તેજ વાત સુસંગત છે; એ આ પદ્યમાં જણાવે છે. જૈની-વન્દના=લોકોત્તર-વન્દનાનું સેવન નહિં કરવાથી અર્થાત્ અન્ત્ય વન્દના રૂપ બે ભાંગાની અંદર અપુનર્બંધકાદિ ભાવનો અભાવ હોવાથી જૈની વન્દનાનું આ સેવનજ નથી. કારણકે તે જૈની વન્દના એટલે લોકોત્તર વન્દનાની આરાધનાથી ઉત્પન્ન થયેલ સ્વર્ગ-મોક્ષાદિ સંપદાઓની પ્રાપ્તિ અને ક્ષુદ્ર ઉપદ્રવોની હાનિરૂપ ફલજ નથી, અર્થાત્ જે હેતુથી એટલે વિધિ વિધાન પૂર્વક સેવન કરવાથી ઉપર જણાવેલાં ફલની પ્રાપ્તિ થાય અને અવિધિપૂર્વક સેવન કરવાથી ઉન્માદાદિ રોગ ધર્મ-ભ્રષ્ટાદિ અનર્થોની ઉત્પત્તિ રૂપ પ્રત્યપાય ભાવની પ્રાપ્તિ થવી એજ કુન્દનાનું ફલ છે. અથવા જૈની વન્દનામાં છેલ્લા બે ભાંગાની વન્દના કે જે મુદ્રાપ્રાયઃ વન્દના કહેવાય છે, તેમાં તો અનર્થોનો અભાવજ હોય છે. અર્થાત્ અનર્થાદિની પરંપરાનો અભાવ માનેલો છે. અને જો આ વન્દનામાં ઉન્માદ રોગ-ધર્મભ્રંશાદિ-અનર્થોનું અવલોકન થતું હોય તો જૈની વન્દના નથી, પરંતુ લૌકિક વન્દના છે, એજ સમજવું યુકિત યુકત છે. આ ઉપરથી જૈન શાસનને માન્ય બે ભાંગાની પણ આ જૈની વન્દના નથી, કારણકે જૈની-વન્દનાના અનાસેવનથી મુદ્રાપ્રાયઃ વન્દનામાં ઇષ્ટફલ ઘટતું

નથી; એટલુંજ નહિં પણ તે બે ભાંગાની વન્દનામાં તજજન્ય અનર્થ પણ ઘટતો નથી. ગાથા ૪૩.

વન્દનાજન્ય-બીજ.

લોકોત્તર—વન્દના અને લૌકિક-વન્દનાનું વિશેષતઃ સ્પષ્ટીકરણ કરીને તેજ ભાવાર્થને ભાવતાં થકાં જણાવે છે કે એકજ જૈની-વન્દના બે ઇષ્ટ-અનિષ્ટ ફલને ઉત્પાદન કરવામાં બીજ સમાન વર્તે છે, અર્થાત્ એકજ પદાર્થ ઉભયજ-તન-સ્વભાવ=ઇષ્ટ-અનિષ્ટ ફલોત્પાદન સ્વભાવ રૂપ છે એ કેમ માની શકાય ?, તેના જવાબમાં જણાવે છે કે શાસ્ત્રમાન્ય-વિધિ-વિધાન-પૂર્વક કરેલી લોકોત્તર-વન્દના ઇષ્ટ ફલોત્પાદનના બીજ સમાન છે, અને અવિધિ-વિધાન-પૂર્વક કરેલી લોકોત્તર-વન્દના બે અનિષ્ટ ફલોત્પાદનના બીજ સમાન છે. તેજ રીતિએ લૌકિક-વન્દના માનીએ તો વાંધો શો છે ?, આ શંકાના સમાધાનમાં જણાવે છે કે-લૌકિક વન્દના લૌકિક-સાંસારિક ફલને અપાવનારી છે તેથી લૌકિકને અનુસરતું વિધિ વિધાન પણ લૌકિક ફલને દેનારજ છે.

લૌકિક વન્દનામાં અગર લોકોત્તર વન્દનામાં સરખા ન્યાયે વિચારણા કરીએ તો પણ ઉપર પ્રમાણે ફળમાં ફરક છે. જેવી રીતે વિધિપૂર્વક સેવન કરવાથી થતાં ફલની જેમ જૈની વંદનામાં પ્રત્યપાયભાવ=અનર્થાદિની ઉત્પત્તિ ઘટતીજ નથી. અને આથીજ **'तत्फलमिव तत्प्रत्ययपाय-भावोऽपि न युक्त'** इति આ શબ્દો જણાવી ગયા.

હવે જે વન્દનામાં ઇષ્ટફલ અને અનિષ્ટફલ બે બંને ફલનો અભાવ છે, તો પછી તે વન્દ-નામાં જૈનીપણાના બીજ સ્વરૂપને ભજવાવાળી શી રીતે કહી શકાય ?, શંકાના સમાધાનમાં જણાવે છે કે અનર્થના નાશને અમોઘ બીજ સ્વરૂપ જૈનીવન્દના છે. શાસનમાન્ય બીજપણું= જૈનીવન્દનાના ફલ પ્રાપ્તિના અમોઘ ફલ પ્રાપ્તિ સ્થાન સ્વરૂપ અપુનર્બંધકપણું આદિ સ્થળે અનર્થાદિ ભાવોનો વિનાશ અને મોક્ષને અનુકૂળ સાધન-સામગ્રી સંયોગાદિના આવિર્ભાવ થાય છે. પરંતુ અપુનર્બંધકાદિ-ભાવ-રહિત જીવોને બીજનો અભાવ હોવાથી તે વન્દનાદિ લૌકિકીજ છે એ સમજવું અત્ર સુસંગત છે. ગાથા-૪૪.

અસત્યવાદને અનુસરનારી-વન્દના.

જે કારણથી આ વંદના વિષયક-પ્રત્યપાયનો અભાવ હોવા છતાં પણ જૈની-વંદના=લોકોત્તર વન્દના નથી. તેજ કારણથી આ જૈનીવંદના સદૃશી અર્થાત્ જિનશબ્દનું ગ્રહણ કરવાથી જૈનીવન્દનાભાસ કહેવાય છે. જેવી રીતે શિષ્ય-પણાના ધર્મને નહિં અનુસરવાવાળા શિષ્યને શિષ્યા-ભાસ કહેવાય છે, તેવી રીતે આ વંદનાને જૈનીવન્દનાભાસ=લોકોત્તર-વંદનાભાસ કહેવાય છે, અર્થાત્ લૌકિકી વંદના કહેવાય છે. પૂર્વાપરની સંગતિથી ન્યાયપૂર્વક વિચારણા કરીએ તો આ સ્વીકારેલ વંદનાને લૌકિકી-દુર્વન્દના તરીકે જાણવા લાયક છે. તે વન્દના અસત્યવાદને અનુસરનારી છે, કારણ કે વન્દના વિષયક અભિધેય પદાર્થ શ્રદ્ધાનાદિ પરિણામાદિનો અભાવ હોવાથી અસત્યવાદને અનુસરનારી છે; આથીજ તે લૌકિક-દુર્વન્દના છે એમ કહેવું યુક્તિ યુક્ત છે. જ્યારે વન્દના કરનારો આત્મા **" ठाणेणं मोणेणं झाणेणं "** ઇત્યાદિ પદોનું સમ્યક પ્રકારે ઉચ્ચારણ કરે છે, ત્યારે તે તે ભાવાદિમાં તે તે ભાવો માટે નહિં તલ્લીન થનારો આત્મા બોલવા પ્રમાણે વર્તતો નથી એજ મૃષાવાદજ છે. અને તેથીજ આ વન્દનાને મૃષાવાદને અનુસરનારી લૌકિક વન્દનાજ જણાવી દીધી. ગાથા ૪૫.

(ચાલુ)

આ વર્ષે ભાદરવા સુદ ૪ ને સોમવારેજ સંવત્સરી વ્યાજબી કેમ ?

શાસનપ્રેમી જૈન-જનતાએ આ વર્ષે ભાદરવા શુદ ૪ ને સોમવારેજ સંવત્સરી કરવી જોઇયે.

સુરત, તા. ૧૫-૬-૪૮,
ઠે. નેમુભાઇની વાડીનો ઉપાશ્રય ગોપીપુરા.

એ બાબતના કારણો નીચે મુજબ છે.

૧. પંચાંગનું નિયમિતપણું.

૨. પર્વાન્તર પર્વના ક્ષયે પૂર્વોત્તર અપર્વતિથિનો ક્ષય.

૩. અનુદયવાળી પણ પર્વતિથિ 'ક્ષયેપૂર્વા' ના ન્યાયે માનવી જોઇએ.

૧. આ ત્રણ મુદ્દા પૈકી પહેલા મુદ્દાને અંગે જરૂર સમજવા જેવું છે કે શ્રી જૈનસંઘે કોઇપણ એક પંચાંગ નિયમિત અપનાવવાની સર્વકાળ માટે જરૂર છે. કેમકે જો એમ ન કરવામાં આવે તો જુદા જુદા આચાર્યો જુદી જુદી પક્ષી અને ચૌમાસી કરે અને સંઘનું છિન્નભિન્નપણું થાય અને આટલાજ માટે વર્તમાન શ્રી સંઘે સર્વદેશોમાં જૈન પર્વતિથિ અને તહેવારો માટે જોધપુરી પંચાંગ નક્કી કરેલું છે અને તેથી જ્યાં સુધી સમસ્ત સંઘ મળીને બીજું પંચાંગ ભવિષ્ય માટે માનવાનું નક્કી ન કરે ત્યાં સુધીમાં બીજા પંચાંગને આધારે પર્વતિથિ કે તિથિની હાનિ વૃદ્ધિ કરેલી માનવી તે સંઘની આજ્ઞા બહારનું કામ છે. ચોટલું જ નહિ પરંતુ સંઘમાં સ્થાને સ્થાને ઝગડા કરવાનાજ છે. એ કોઇ પણ સુજ્ઞજનને કબુલ કર્યા વગર ચાલશે નહિ. આ સાલના જોધપુરી પંચાંગમાં ચોકખી રીતે ભાદરવા સુદ પનો ક્ષય છે. એટલે બીજી તિથિનો તે વખતે ક્ષય માનવો એ સંઘ આજ્ઞાની વિરુદ્ધ હોવા સાથે ફાંકું અને કલેશ કરાવનાર છે. વળી એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જૈન સંઘ દેશ કે દેશાન્તરે રહેલો છે તો પણ પંચાંગ જોધપુરી માને છે. કારણ કે જો એમ ન માને તો એકજ આચાર્ય વિગેરેને પક્ષી પક્ષી વચ્ચે ચોમાસી ચોમાસી વચ્ચે અને સંવત્સરી સંવત્સરી વચ્ચે ક્ષેત્રભેદ થવાથી આંતરાનો ભેદ થઈ જાય અને શાસ્ત્રમાં કહેલ કાળ માર્યાદાનું ઉલ્લંઘન કરવાનું થાય. માટે આચાર્ય ભેદે કે ક્ષેત્રભેદે જૈન સંઘે પંચાંગ ફેરવવાનું નહિ રાખતાં એકજ જોધપુરી પંચાંગ સર્વક્ષેત્રે સર્વ આચાર્યોએ માનવાનું રાખેલું છે અને અને તે પંચાંગમાં ભાદરવા સુદ પનો ક્ષય છે તે ચોકકસ છે.

૨. જૈન શાસનમાં ગણિતના હિસાબે જ્યોતિષ્કમાં પર્વતિથિનો ક્ષય પણ આવે અને લૌકિક પંચાંગના હિસાબે વૃદ્ધિ પણ આવે તો પણ જૈન શાસનને અનુસરનારાઓ પર્વતિથિના ક્ષયની વખતે પર્વતિથિની આરાધનાને ઉડાવવા માગતા નથી. તેમજ લૌકિક પંચાંગના આધારે વૃદ્ધિ વખતે પર્વતિથિનાં અનુષ્ઠાનો બેવડાવવા પણ માંગતા નથી. અર્થાત્ માસમાં અને વર્ષમાં જે જે પર્વતિથિઓ નિયત છે તે તે પર્વતિથિઓને ઉડાવ્યા વગર કે બેવડી કર્યા વગર માનવાને તૈયાર છે અને તેથી જ્યારે જ્યારે ટીપણામાં પર્વતિથિનો ક્ષય આવે છે, ત્યારે તેનાથી પહેલાંની અપર્વતિથિ જે ઉદયવાલી હોય છે, છતાં પણ તેનો ક્ષય માનવામાં આવે છે

૩ કેટલાકો તરફથી એમ કહેવામાં આવે છે કે જોધપુરી પંચાંગને પકડી રાખવાથી તેમાં પાંચમનો ક્ષય હોવાથી ત્રીજનો ક્ષય કરવો પડે અને તેથી સંવત્સરી અને પાંચમ બંને ઉદય વગરના માનવા પડે અને પર્યુષણની આઠે તિથિઓમાં ગરબડ થાય. માટે અમે જોધપુરી પંચાંગ છોડી દઈએ છીયે. આવું કહેવાવાળાઓ પણ શાસનને અવળે માર્ગેજ દોરવી રહ્યા છે. આ વાત સમજવા માટે બીજા પુરાવા ઘણા છે. છતાં પણ ગ્રન્થસ્થ એક પુરાવો તેઓએ જરૂર વિચારવા યોગ્ય છે. તત્વતરંગીણીમાં ખરતરો જ્યારે ચૌદશનો ક્ષય હોય તો પુનમના દિવસે ચૌદશ પર્વતિથિ હોવાથી ચૌદશ કહી પક્ષી કરવા માગે છે. ત્યારે તેમને ઉત્તર દેતાં ગ્રંથકાર જણાવે છે કે જો તું એમ કરીશ

તો ભાદરવા શુદ ૪ કે જે સંવત્સરીનો દિવસ છે, તેનો ક્ષય હશે ત્યારે તું ત્રીજના દિવસે ચોથ માની સંવત્સરી નહિ કરી શકે પરંતુ તારે પાંચમનો દિવસ પર્વરૂપ હોવાથી સુદ પાંચમને દિવસે ચોથ માની સવંત્સરી કરવી પડશે અને તેમ કરવામાં તારો ઢંગધડો નહિ રહે આ જણાવવા માટે પંકિત નિચે પ્રમાણે છેઃ—

કિંચ–પર્યુષણા ચતુર્થ્યાઃ ક્ષયે પંચમીસ્વીકાર–પ્રસંગેન ત્વં વ્યાકુલો ભવિષ્યસીત્યપિ જ્ઞેયમ્, આ પંકિત જોનારો સુજ્ઞ મનુષ્ય શાસ્ત્ર અને પરંપરાની શ્રદ્ધાવાળો હશે. તો ઉદય વગરની સંવત્સરી અગર આઠ તિથિઓને ફેરફાર વિગેરેનું બાનું કાઢી સંઘને ભરમાવશે। નહિ અને પર્વતિથિ કે જે તે વખતે ઉદય વગરની હોય છે તો પણ તેને ઉદયવાળી માનીને ઉદયકાળથી પર્વતિથિનો વ્યપદેશ કરીને આરાધના કરવામાં આવે છે અને તેવીજ રીતે વૃદ્ધિ વખતે પર્વતિથિને એવડી માનીને એક દિવસે વિરાધન કરવું જૈન સંઘને નહિ પાલવતું હોવાથી તે પહેલાના દિવસે પર્વતિથિ ઉદયવાળી હોય છે. છતાં પણ તેને અપર્વના ઉદયવાળી ગણી અપર્વના નામથી વ્યપદેશ કરી તેને અપર્વ તરીકેજ આચારમાં લે છે. જેમ એકાકી પર્વતિથિના ક્ષય વૃદ્ધિ વખતે તેના એક દિવસને અખંડિત નિયમિત રાખવા માટે પહેલાના અપર્વની હાનિવૃદ્ધિ કરાય છે. તેવી રીતે પૂર્ણિમા અમાવાસ્યા જેવી પર્વાનન્તરપર્વની ક્ષય વૃદ્ધિ વખતે બંને પર્વો તો અખંડ વ્યવહાર આચાર રાખવા માટે સાથેજ રાખવામાં આવે છે. તેથીજ ક્ષય હોય તો તે તેરસનો અને વૃદ્ધિ હોય તો પણ તેરસની વૃદ્ધિ થાય છે. તે હિસાબે અહીંયા ભાદરવા સુદ પાંચમ એ ભાદરવા સુદ ૪ પછીની પર્વતિથિ છે માટે તેની હાનિ કે વૃદ્ધિ વખતે તે સંવત્સરી અને પાંચમનું અખંડપણું અને સદાચરિતપણું રાખવા માટે ત્રીજનીજ ક્ષય વૃદ્ધિ કરવો એ શાસનપ્રેમીઓને માટે વ્યાજબી છે.

આમ તત્વતરંગિણીની પંકિત સ્પષ્ટ કરી આપે છે કે શ્રી તપાગચ્છ અને ખરતર ગચ્છવાળો સમગ્ર સમુદાય અનુદયવાળી એટલે ત્રીજને દિવસે ચોથ માનીને સંવત્સરી કરવામાં અને પર્યુષણની આઠે તિથિઓનું તે સંવત્સરીની એક તિથિને લીધે પરાવર્તન કરવાનું યોગ્યજ ગણતો હતો, માટે જેઓ ઉદય વગરની ચોથ છે એવા એવા બહાના કાઢે છે, તેઓ તપગચ્છ કે ખરતરગચ્છની એકની સમાચારી કે શાસ્ત્રને આગળ ન કરતાં કેવળ પોતાની કલ્પનાનેજ આગળ કરે છે.

તા૦ ક૦—આ ઉપરથી સમસ્ત શાસનપ્રેમિઓને સ્પષ્ટપણે જણાય જશે કે પોતાની કલ્પનાના આધારે પ્રવર્તવું પ્રવર્તાવવું ન હોય અને જેને શાસ્ત્ર અને પરંપરાને આધારે પ્રવર્તવું–પ્રવર્તાવવું હોય તેને તો આ વખત **ભાદરવા સુદી ૪ને સોમવારેજ સંવત્સરી અને તે પ્રમાણે પર્યુષણ કરવા વ્યાજબી છે.**

(વિક્રમ સંવત ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯ વિગેરે વર્ષોમાં સુક્ષ્મ ગણિતના પંચાંગો નિકળતાં ન હતાં અને આ વખતે તો સુક્ષ્મગણિતોના પંચાંગોની નકલો મોટી સંખ્યામાં બહાર પડી છે. અને તે વિધાનોમાં ઘણીજ માનીતી થયેલી છે. તે સુક્ષ્મ ગણિતના પંચાંગોની નકલોમાં સ્પષ્ટપણે ભાદરવા શુદી ત્રીજનોજ ક્ષય છે. હવે જે જેઓ જોધપુરી સિવાયના પંચાંગોનેજ પકડવા માંગતા હોય તેમને ત્રીજનો ક્ષય જણાવેલો છે **તે સુક્ષ્મગણિત પૂર્વકના પંચાંગોને ન પકડતાં છઠનાં ક્ષયવાળા પંચાંગને વળગવાની જરૂર શી ?)**

લિ. આનંદસાગર.

મુંબઈ વિજયદેવસૂર સંઘનો નિશ્ચય

શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં શાસન પ્રભાવક આચાર્ય મહારાજશ્રી કીર્તિસાગર સૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણાની નિશ્રામાં ટ્રસ્ટીઓ અને આગેવાન સદ્‌ગૃહસ્થો એકઠા થયા અને સર્વાનુમતે નિર્ણય કર્યો છે, કે અહીં શ્રી વિજયદેવસૂર સંઘની પાટે આ વખતનાં સંવત્સરી ભાદરવા શુદ ૪ ને સોમવારનોજ કરવાની છે. અને બીજા પણ શ્રીવિજયદેવસૂરગચ્છવાળાઓ આ પ્રમાણે ચાલશેજ એમ આશા રાખવી ખોટી નથી.

સુધા-વર્ષા

આલેખનકારઃ—સુધાવર્ષી–પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૬૧૯. લોકોત્તર–પ્રેમના અર્થિઓનો પ્રેમ પરમાત્મપદ–પ્રાપ્તિ પ્રત્યે અવિરત કૂચ કરે છે, અને તેજ પ્રેમ સર્વસ્વના ભોગે તે પદની પ્રાપ્તિ નિયમા કરાવે છે.

૬૨૦. નિર્ગ્રંથ–પ્રવચન–પિયૂષનું આસ્વાદન કરનારાઓ પોતાના જીવનને દ્વેષથી દૂષિત કરતાંજ નથી.

૬૨૧. 'નિગ્રન્થ પ્રવચન શત્રૂતાને દેશવટો દેવાનું અને મૈત્રીભાવ કેળવવાનું ફરમાવે છે' એ સુવર્ણવાક્ય સ્મૃતિ–પથમાં સ્થિર કરવું જરૂરીનું છે.

૬૨૨. નિગ્રન્થ–શ્રમણ ભગવંતો કોઇને શત્રુ માનતાજ નથી.

૬૨૩. સંસાર રસિક આત્માઓ સાંસારિક–પદાર્થો પાછળ પાગલ બન્યા છતાં, અનાથ માનવાની અક્કડતામાં નાથપણું પામેલા શ્રમણ ભગવંતોના સમાગમનો યથાર્થ લાભ મેળવી શકતાંજ નથી.

૬૨૪. વિશ્વભરના સઘળાંએ ત્રસ–સ્થાવર જીવ–સમુહમાં વાસ્તવિક–નાથપણું પામેલા શ્રી શ્રમણ ભગવંતો છે.

૬૨૫. તૃષાતુર–અવસ્થામાં સરોવર–દ્રહ–નિર્ઝરણાદિનો પણ આશ્રય લેવો નહિં, અને ક્ષુધાતુર અવસ્થામાં વનસ્પતિ–ફલ–કુલ–પર્ણાદિ ગ્રહણ કરવાં નહિ; અર્થાત કાચું પાણી પીવુંજ નહિં અને વનસ્પતિ ફલાદિનો આહાર કરવોજ નહિં એ શ્રમણ ભગવંતોના સનાથપણાની સુંદર–કાર્યવાહિઓ સાક્ષિ સ્વરૂપ છે.

૬૨૬. વિષમ કાલમાં આવી પડેલાં અને આવી પડતાં કષ્ટોને સહન કરવાની સુંદર આવડતવાળા શ્રમણ ભગવંતોજ સહનશીલ ધર્મમાં નિષ્ણાત છે. અહંભાવ અને શત્રુતાના સન્નિપાતમાં ફૂટકલેકોનું આરોપણ કરવું એ પાપ છે, અને તત્સંબંધની સર્વ કાર્યવાહી કાયરતારૂપ છે, એ સમજતાં શીખો.

૬૨૭. જમણા હાથે આપેલું દાન ડાબો હાથ ન જાણે એટલી સાવધાની દાનેશ્વરીઓને રાખવી ઘટે છે, કારણ કે દાન બીજાને સહાયરૂપ થવા માટે છે, નહિં કે બીજાની આબરૂના કાંકરા કરવા માટે દાન અપાય છે.

[વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૨ જો.]

શ્રી કેશરીયાજી-તીર્થ શ્વેતાંબરનું છે.

૧. મૂલ સ્થાન એમનું વડોદ છે, અને ત્યાં શ્વેતાંબરોએ મંદિરો ચૌદમી સદીમાં બંધાવ્યા છે.
૨. વડોદમાં અત્યારે પણ તે સ્થાને દેરી શ્વેતાંબરોની છે.
૩. ધુલેવામાં પ્રભુ પ્રતિષ્ઠિત થયા ત્યારથી આંગી રચના થાય છે.
૪. ૧૭૦૨ થી આંગી રચના થતી આવી છે એ વાત તો દિગંબરો પણ માને છે.
૫. ૧૭૫૬ શ્વેતાંબરીય–શ્રીવિજયસાગરસૂરિજી કે જેઓ મહારાણા રાજસિંહજીના પ્રધાન શેઠ દયાળશાના ગુરૂ હતા તેઓએ બાવન જિનાલય સ્થાપના કરી છે,
૬. દિગંબરોમાં બાવન જિનાલયવાળું દેરૂં હોતું નથી, કારણ કે બાવન જીનાલય નંદીશ્વરમાં છે એમ દિગંબરો માને છે, પણ ચક્ષુ સહિત બિંબવાળા છે એમ માને છે તેથી બાવન જીનાલયવાળું દેરૂં દિગંબરો માનતા નથી.
૭. ૧૮૦૧ થી પહેલાં મૂલ મંદિરની ચારે બાજુ કોટ શ્વેતાંબરોએ કરાવેલ છે.
૮. ૧૮૦૧ માં મોટા કોટની અંદર શ્રી સુમતિચંદ્રજીએ કરેલી છે.
૯. ૧૮૩૭માં મૂલ દેરાની આગળ નવ ચોકી શ્વેતાંબર શ્રી જિનલાભે કરેલી છે.
૧૦. મરૂદેવા માતાની સ્થાપના જે હાથી ઉપર છે તે પણ શ્વેતાંબરની માન્યતાનીજ છે, અને તે સ્થાપના શ્વેતાંબર મુનિરાજ શ્રી કનકવિમલજીએ કરાવી છે તેવો લેખ છે.
૧૧. શ્રી ભાનુચંદ્ર વિગેરેના પગલા છે તે પણ શ્વેતાંબરનાં છે.
૧૨. નગારાખાતું જે સુલતાનજીએ મોટા દરવાજે બંધાવ્યું છે તે પણ શ્વેતાંબરનું છે.
૧૩. દરબાર શ્રી ફતેહસિંહજીએ લાખ રૂપીયાની આંગી ચઢાવી છે તે પણ શ્વેતાંબરની માન્યતાની છે.
૧૪. અત્યારે પણ પૂજા, આંગીની વ્યવસ્થા શ્વેતાંબરની રીતિ પ્રમાણેજ ચાલે છે.
૧૫. શ્રી કેશરીયાજીની દરબારે નીમેલી કમીટી તે પણ ઓસવાળ શ્વેતાંબરનીજ હતી.
૧૬. શેઠ સુલતાનમલજીએ ધ્વજાદંડ ચઢાવ્યો છે જે અત્યારે ભંડારમાં પણ છે તે શ્વેતાંબરજ હતા.
૧૭. ધૂળેવાની ભાગોળે જ્યાં શ્રીકેસરીયાનાથજી પ્રગટ થયા હતા ત્યાં છત્રી પણ શ્વેતાંબરનીજ કરાવેલી મોજુદ છે.

તા. ક:–વિસ્તારથી જાણવાની ઇચ્છાવાળાએ શ્રીકેશરીયાજીનું વૃતાન્ત અને કેશરીયાજીનો ઇતિહાસ વાંચી લેવો જરૂરી છે.

વાંચકગણ આ ઉપરથી સમજી શકશે કે ધર્મપરાયણ–શ્રીમતી–જવલબેનની તપસ્યા અને શેઠ તેજસીંગજી કોઠારીનું નિયમન સર્વથા વ્યાજબી છે.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

પ્રેમકેસરસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

સોમવારની સંવત્સરીના સબળ-સાધનો

શાસ્ત્ર, શાસન અને પરંપરાના હિસાબે ભાદરવા સુદ ચોથ ને સોમવાર તા. ૬-૯-૧૯૪૮ ની સંવત્સરીન સાચી છે. હજી પણ મંગળવારની સંવત્સરી કરવાવાળા સાચે માર્ગે આવે અને સંઘમાં શાંતિ સ્થપાય તે માટે અંદરના લેખો વાંચવાની ખાસ ભલામણ છે, વાંચ્યા પછી સોમવારની સંવત્સરી કરવાવાળા સુદૃઢ બને, મંગળવારની કરવાની ઇચ્છાવાળાઓને સદ્‌બુદ્ધિ સુઝે; અને સોમવારની સંવત્સરી કરવાનો નિર્ણય કરે એજ એક શુભેચ્છા. શાસનદેવ સૌને સદ્‌બુદ્ધિ આપો.

વી. સં.. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪
વર્ષ ૧૪-અંક ૧૦

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમ.

આલેખનકારઃ— સુધાવર્ષી=પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

લૌકિક-પ્રેમના પાશમાં સપડાયેલા પામર-આત્માઓનું જીવન પરીક્ષણ પૂર્વક તપાસવામાં આવે તો લૌકિક-પ્રેમનું અંતિમ-પરિણામ અતિઅધમ-અતિકરૂણ-અતિદીનરૂપે નિર્મલ-બુદ્ધિમાનોના બુદ્ધિ-પ્રદેશમાં નિર્ણયાત્મકરૂપે તે પરિણામરૂપ નક્કર-સત્ય સુસ્થિર થાય છે.

ઇતિહાસના પાનાઓનું પરિશિલન કરનારને અને વર્તમાન કાલીન-બનતા અનેક પ્રસંગોનું અવલોકન કરનારને ઉપરની જણાવેલ બીના નીચે જણાવેલાં દ્રષ્ટાન્તોથી દ્રઢીભૂત બને છે.

યુવાનોનો યુવતિઓ પ્રત્યે, અને યુવતિઓનો યુવાનો પ્રત્યે; માતાઓનો પુત્રીઓ પ્રત્યે અને પુત્રીઓનો માતાઓ પ્રત્યે; પિતાઓનો પુત્રો પ્રત્યે, અને પુત્રોનો પિતાઓ પ્રત્યે; રાજાઓનો પ્રજાજનો પ્રત્યે, અને પ્રજાજનોનો રાજાઓ પ્રત્યે; શ્રેષ્ઠિઓનો નોકરો પ્રત્યે, પતિ-બનેલાઓનો પત્નીઓ પ્રત્યે, અને પરણીત પત્નીઓનો પતિ પ્રત્યે; આવાં આવાં અનેકવિધ દ્રષ્ટાન્તો અને પ્રસંગોને નજરે નિહાળવામાં કે શ્રવણ ગોચર કરવામાં, અને પરિશીલન કરવામાં આવતાં ચોળમજીઠના રંગને ભૂલાવે એવા રસવર્ધક રાગની ચીકાશ, ભવભ્રમણ વધે એવાં માનસિક વિચારોનો વિલાસ, વાચિક શબ્દ-પ્રયોગો અને કાયિક-કલેશવર્ધક પ્રવૃત્તિઓના ઉભરાતાં પૂર, તન-મન-ધનાદિ સર્વસ્વના ભોગે સ્વાર્થ-સિદ્ધિના કડવાશ ભર્યાં કિસ્સા, અહંભાવની અનેકવિધ આંધીઓના આકસ્મિક આક્રમણ, મમતાભર્યાં મોહના મૂર્છિત પ્રયોગ; અને સાથે સાથે વિષભક્ષણ, કૂપપતન, અગ્નિદહન, ગિરિશૃંગપતન, ગળાફાંસાદિ અતિ અધમ-અતિકરૂણ અને દીન પ્રસંગો નયન ગોચર થાય છે. આથીજ ગતાંકમાં જણાવેલ લૌકિક પ્રેમના અંતિમ સાથે જણાવેલ પરિણામને સ્થિરતાપૂર્વક હૃદયમાં પચાવીને પ્રેમના અર્થિઓએ **લોકોત્તર વિશુદ્ધ પ્રેમનું સર્વસ્વના ભોગે સેવન કરવું જરૂરી છે. લોકોત્તર વિશુદ્ધ પ્રેમનો પૂજક-પૂજ્ય બને છે.** માટે આ પ્રેમનું સ્વરૂપ આવતા અંકમાં વિચારીશું.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૪.	આષાઢ-માસ.	તંત્રીઃ
અંક ૧૦ મો.	તા. ૧૭-૭-૪૮.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ--પૂ. આગમોદ્ધારક-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૦ ના કારતક વદ ૧ ના રોજ ચાતુર્માસ બદલ્યું, તે અવસરે ઝવેરી સાકરચંદ ખુશાલદાસના બંગલામાં આપેલ અમોઘ દેશનાનો સારભૂત સંચય પૂ. પં. શ્રી હેમસાગરજીએ કરેલો તે તેઓશ્રી પાસેથી મેળવીને પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે, છતાં પૂ. દેશનાકારના આશય-વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ્યા તેઓશ્રીની અત્ર અમો ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. વિશ્વના સર્વ—વ્યવહારોની જડ જ્ઞાન છે.

૨. અચિન્ત્ય પુણ્યોદય-ને અનુસરનારૂં તીર્થંકર નામકર્મ.

૩. કેવળજ્ઞાન પછીજ તીર્થંકર નામકર્મનું વાસ્તવિક-ફળ.

૪. કલ્યાણકોની વાસ્તવિક સુસંગતા.

૫. દેવદ્રવ્યનું સ્પષ્ટીકરણ અને સ્વરૂપ.

૬. વિશ્વભરના જીવોના કર્મ રૂપી મેલ કાઢવા માટે બાંધેલ તીર્થંકર-નામકર્મ.

૭. જ્ઞાનનો અચિન્ત્ય મહિમા.

૮. તારનારૂં જ્ઞાન અને ડુબાડનારૂં જ્ઞાન.

૯. સાધુની વિદ્યમાનતમાં તીર્થ અને તીર્થની વ્યવસ્થા.

बिभेषि यदि संसारान्मोक्षप्राप्तिश्च कांक्षसि ।
तदीन्द्रियजयं कर्तु स्फोरय स्फारपौरुषम् ॥१॥

સર્વત્ર જ્ઞાનની જરૂર.

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે અષ્ટકજી નામના પ્રકરણને કરતાં થકાં પહેલાં જણાવી ગયા કે-સંસાર માત્રની અંદર જ્ઞાન એ ચીજ જરૂરીની ગણવામાં આવેલી છે. દુનીયામાં અગ્રપદ જ્ઞાનને અપાએલું છે. શરીર પ્રાપ્ત થયું છતાં શરીર કેમ રક્ષિત અને વૃદ્ધિગત કરવું, અને તેને ઉપદ્રવથી કેમ બચાવવું તે બધું જ્ઞાન હોય તોજ શરીર ટકી શકે. મૂર્ખના હાથમાં રહેલી ઋદ્ધિ ટકી શકતી નથી. ઋદ્ધિ આદિના રક્ષણના અને

વૃદ્ધિના ઉપાય જ્ઞાનદ્વારાએજ મેળવી શકે છે. દુનિયાની કોઇ ચીજ લ્યો તો તેની પ્રાપ્તિ થયા છતાં તેનો ઉપયોગ સદુપયોગ સંરક્ષણના ઉપાય વિગેરે જાણવાની પ્રથમ જરૂર રહે છે. મનુષ્ય કરતાં તીજોરી વધારે માલિકી ધરાવે છે, છતાં તીજોરીને કોઇ શેઠ કહેતું નથી. કારણ કે વ્યવસ્થા કરવાનું જ્ઞાન તિજોરીને નથી. અરે! તિજોરીને ગલ્યાનું પણ જ્ઞાન નથી. તિજોરીમાં મોતી મહોર કે હીરા ભરીને તાળું મારો, છતાં તિજોરીને કંઇ નહિં. જડ હોવાથી રૂપિયા મહોર કે મોતીમાં ફરક નથી, છતાં દુનીયાદારીથી તે તે રૂપિયા આદિ સમજવા જ્ઞાન ઉપયોગી ચીજ છે. તેમ શાસ્ત્રીય અપેક્ષાએ પણ જ્ઞાન એ પહેલા નંબરની ઉપયોગી ચીજ છે. કારણ આખું શાસન સ્થપાય કયારે?, તીર્થંકરને કેવળજ્ઞાન થાય ત્યારે. સાવદ્યના ત્યાગી થયા હોય, સાધુ બન્યા હોય, પરિસહ ઉપસર્ગ સહન કરતા હોય, પણ સાધુપણાની પ્રાપ્તિ વખતે કે પરિસહ ઉપસર્ગ સહન કરતી વખતે શાસનની સ્થાપના થતીજ નથી. ક્ષપક-શ્રેણિમાં ક્ષીણ મોહ થઇ ગયા, છતાં પણ કેવળજ્ઞાન ઉત્પન્ન ન થાય ત્યાંસુધી શાસનની સ્થાપના થઇ શકતી નથી. શાસનની સ્થાપના કયારે?, કેવળજ્ઞાન થઇ જાય પછી.

પ્રાતિહાર્યોનો પ્રાપ્તિ-સમય.

તીર્થંકર નામ કર્મ પહેલા ભવમાં નિકાચિત કરીને જન્મ્યા છે છતાં તીર્થની સ્થાપના થતીજ નથી. કોઇપણ તીર્થંકર પાછલા ત્રીજા ભવમાં એ તીર્થંકર નામ કર્મની નિકાચના કરેજ છે. એ પાછલો ત્રીજો ભવ કયો?, તીર્થંકરના ભવથી પહેલા દેવતા કે નારકીનો ભવ, અને તે પહેલાં મનુષ્યનો ભવ તે ત્રીજો પાછલો ભવ, અને તેમાંજ તીર્થંકર નામ કર્મને નિકાચિત કરે છે. જન્મથી દેવતાએ પૂજ્યા છે, અને દીક્ષા મહોત્સવમાં દેવતાએ પૂજ્યા છે, પણ અષ્ટ મહા પ્રાતિહાર્ય-રૂપી પૂજા તો કેવલિ થયા સિવાય તીર્થંકરની પણ પૂજા થતીજ નથી. આઠ પ્રાતિહાર્યો તો ગર્ભ વખતે, જન્મ વખતે, દીક્ષા વખતે, કે પરિસહ ઉપસર્ગ સહન કરતી વખતે પણ હોતાંજ નથી. જ્યારે કેવળજ્ઞાન થાય ત્યારેજ આઠ મહા-પ્રાતિહાર્યો હોય છે.

કલ્યાણકોનું અસંગતપણું.

ખુદ ત્રીજા ભવ પહેલાં નિકાચિત કરેલું તીર્થંકર નામ કર્મ ઉદયમાં કયારે આવે?, ફળ દેવા રૂપે ફળની સિદ્ધિરૂપે પ્રગટ થતું કેવળજ્ઞાન ઉદયમાં આવ્યા સિવાય ફળ આપતું નથી. તીર્થંકર નામ કર્મથી તીર્થંકરો ત્રણ ભુવનને પૂજનિક થાય તે ઉદય કયારે હોય?, જ્યારે તીર્થંકર કેવળજ્ઞાન પામે ત્યારે. આ સાંભળી જરૂર શંકા થશે કે ગર્ભ વખતે જે નમુત્થુણં અને જન્મ વખતે જે નમુત્થુણં કહેવાયું, અને જે ગર્ભ-જન્મ-દીક્ષા વખતે નમુત્થુણં દ્વારા જે ઇન્દ્રે સેવા કરી તે શાને અંગે?, હવે જો તીર્થંકર નામ કર્મનો ઉદય કેવળી થાય ત્યારે રાખ્યો, તો પછી ગર્ભ વખતે, જન્મ વખતે ને દીક્ષા વખતે પૂજાયા તે બધું શાને લીધે? તે વખતે તમે તીર્થંકરપણાનો ઉદય તો માનતા નથી. એટલે કેવળજ્ઞાન ગર્ભ એટલે ચ્યવન કલ્યાણકથી શરૂ છે એમ પણ નહિં. કેમકે તમે કેવળજ્ઞાન થયા પછી તીર્થંકર નામ કર્મનો ઉદય માનો છે. તો કેવળજ્ઞાન કલ્યાણક પણ તમારાથી તીર્થંકરનું કહેવાય નહિં. આથી તીર્થંકરનું એકજ કલ્યા-

ણુક મોક્ષ વખતનું એટલે તીર્થંકરનું મોક્ષ કલ્યાણુક માનો. સાચો રીતે કલ્યાણુક માનવું હોય તો કેવળ મોક્ષ કલ્યાણુક માની શકો. માટે ચ્યવન, કલ્યાણુકમાં તીર્થંકર નામકર્મનો ઉદય ન હોય તો મોક્ષ શાનો ?, અને મોક્ષ હોય તો કર્મનો ઉદય કેમ ? પહેલાં ગર્ભ જન્મ દીક્ષા ને કેવળજ્ઞાન કલ્યાણુક એ તીર્થંકર નામ કર્મનો ઉદય ન હોવાથી તીર્થંકર ન ગણાય. તેમ કર્મ તે મોક્ષનો વિરોધી પદાર્થ છે, માટે મોક્ષ કલ્યાણુક પણ નથી. તેના ઉત્તરમાં જણાવ્યુ કે એક નયની અપેક્ષાએ. જે ક્રડે માણે ક્રડે આ નયની અપેક્ષાએ જે સમયે જ્ઞાનાવરણીયનો ક્ષય તેજ સમયે કેવળજ્ઞાન. હવે આ વાતને અંગે વિચારીએ. તો તીર્થંકર નામ કર્મનો ઉદય કેવળજ્ઞાન થયા પછીજ. તો એક મોક્ષ કલ્યાણુકજ માનવું જોઇએ. આથી કલ્યણુકોનું અસંગતપણું જણાય છે.

ચ્યવન-જન્મ-કલ્યાણુકાવસરે પણ તીર્થંકર-નામકર્મની સુસંગતા.

ચ્યવન આદિ ચાર કલ્યાણુક વ્યાજબી નથી. તે વખતે તીર્થંકર નામ કર્મનો ઉદય નથી. કહ્યું છે કે तित्थेण तिहुअणस्सवि पुज्जो से उदओ केवलिणो ॥ તીર્થંકરપણામાં પણ ચ્યવન, જન્મ, દીક્ષા, અને કેવળજ્ઞાન નથી, માટે ચાર કલ્યાણુક માનવા ઠીક નથી. આમ કહેનારાઓએ ઉંડા ઉતરી સમજવાની જરૂર છે. પ્રકૃષ્ટ પુન્ય સંભાર તેનો ઉદયતો ચ્યવન કલ્યાણુકથીજ છે. પ્રકૃષ્ટ પુન્ય સંભાર રૂપે તીર્થંકર નામકર્મનો ઉદય ચ્યવનથીજછે. તેથી ચ્યવન થાય ત્યારે માતાને ચૌદ સ્વપ્નોનું આવવું, અને ઇંદ્રોના આસનનું ડોલાવું થાય છે. જન્મ વખતે બધા ઇંદ્રોનું આવવું અને જન્માભિષેક થવો વિગેરે બને છે. બાર મહિના બાકી રહે ત્યારે લોકાંતિક દેવનું આવવું, અને સંવત્સરી દાનનું પ્રવર્તવું. સ્વપ્ન દર્શનથી તે સંવત્સરી દાનનું થવું તે પ્રકૃષ્ટ પુન્ય સંભાર રૂપે છે, અને તે રૂપે અથવા તેના ફળરૂપે આવેલું અરિહંતપણું પણ ગર્ભથી માંડીનેજ છે. પ્રકૃષ્ટ પુન્ય સંભાર રૂપે ગર્ભથીજ તીર્થંકરપણું દાખલ કરવું છે. તેથી તીર્થંકર પણાને અંગે ચૌદ સ્વપ્ન, આસનકંપન, દેવતાનું સેવાર્થે આગમન વિગેરે તે તીર્થંકર નામકર્મને લીધેજ બનેલું છે. તો તીર્થંકર નામકર્મ ચ્યવનથીજ માનવાની ફરજ રહી. તીર્થંકરના જન્મકલ્યાણુક અર્થાત્ જે વખતે મહાવીર-મહારાજને જન્માભિષેક થઇ રહ્યો છે, અને ડાબા પગના અંગુઠાથી ભગવાને મેરૂને ધ્રુજાવી નાંખ્યો છે, તે વખતે ઇંદ્ર ક્રોધાયમાન થાય છે કે તીર્થંકર રૂપ ભક્તિમાં વિઘ્ન નાંખનાર છે કોણ ?, હું તીર્થંકરની ભક્તિરૂપ કલ્યાણ માર્ગમાં પ્રવર્તિ રહ્યો છું તેમાં કયા દેવતાને વિઘ્ન નાખવાનું સૂઝયું છે ?, તે જોવું તે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો તો ભગવાને પોતે કર્યું છે ત્યારે ઉપયોગથી જાણ્યું કે મારી શંકા દૂર કરવા કર્યું છે. આ જન્મકલ્યાણુકની જગોએ તીર્થંકરપણું નથી તો તીર્થંકરની ભક્તિ કયાં ? ભક્તિ નથી તો ક્રોધ ચઢવાનું કારણ શું ? તીર્થંકરપણું ન હતું તો તીર્થંકરની ભક્તિમાં વિઘ્ન વિગેરે નહોતા તો વિઘ્નની શંકાએ આવેશ શાથી ?, તીર્થંકર નામકર્મનો ઉદય ચ્યવનથીજ ગણવો પડે, અને ત્યારેજ ચૌદ સ્વપ્નો, જન્માભિષેક, ચ્યવન દીક્ષા જન્મ વિગેરે તીર્થંકરોનાં કલ્યાણુકો છે એમ માની શકાય.

દેવદ્રવ્યનું વાસ્તવિક-સ્વરૂપ.

કેટલાકો એમ કહે છે કે ચ્યવનથી તીર્થંકરપણું હોય તો દીક્ષા કલ્યાણુકાવસરે સંવત્સરીનું દાન લેવાવાળા દેવદ્રવ્યના ભોગી થાય. ઋષભદેવજી મહારાજે પોતાના ૧૦૦ પુત્રોને રાજ્ય આપ્યું તો સંવત્સરી દાનમાં દાન લેવાવાળા બધા પુત્રો દેવદ્રવ્યના ભોગી થયા માટે તીર્થંકર નામ કર્મને કેવળજ્ઞાન પછી માનવું વ્યાજબી છે. ૧૦૦ પુત્રો સંવત્સરી દાન લેવાવાળા દેવદ્રવ્યના ભોગી ન થાય. મહાનુભાવ! વિચાર કરજે સ્વપ્નમાં ચૌદ સ્વપ્ન દેખ્યા, લોકાંતિક દેવતાઓ હાજર થયા વિગેરેનો વિચાર કરીશ તો માલુમ પડશે કે દેવદ્રવ્યના ભોગનો વિચાર કરવા પહેલાં ચ્યવનાદિ કલ્યાણુકો કોના? તમારે તો તીર્થંકર માને તો દેવદ્રવ્યનો ભોગવટો લાગી જાય, અને જો દેવ તરીકે માને તો દેવ દ્રવ્યનો ભોગવટો લાગી જાય. તીર્થંકરના દાનના અતિશયો શાને અંગે છે? નવો રોગ થાય નહિં ને જુનો રોગ મટી જાય વિગેરે અતિશય કોના અંગે માનવા છે?, ચ્યવનથી તીર્થંકરપણું માન્યા વગર છુટકો નથી. જો ચ્યવનથી તીર્થંકરપણું ન માને તો જન્મથી જે ચાર અતિશયો છે તે કોને અંગે? આહાર-નિહારવિધિ અદ્રશ્ય, નિર્મલ કાયા, માંસ રૂધિરનો ક્ષીર જેવો રંગ તે કોનો અતિશય. જન્મથી ચાર અતિશય તીર્થંકરના કે ઇતરના? ચોત્રીસ અતિશયાદિ તીર્થંકરના ગણ્યા છે. અતિશયરૂપી કાર્યો તે તીર્થંકરપણાનું કાર્ય છે. અતિશયો એ કારણ નથી, પણ કાર્ય છે. તીર્થંકર ન માનીએ તો ચાર અતિશયરૂપ તીર્થંકરના અતિશય તે કાર્ય બની શકેજ ક્યાંથી? ચ્યવનાદિ કલ્યાણુકોમાં ઇન્દ્ર અને લોકાંતિકાદિનું આવવું વિગેરે બને છે માટે ગર્ભમાં આવે ત્યારથીજ તિર્થંકર છે. હવે સવાલ એ રહ્યો કે દેવદ્રવ્યનો ભોગ ન કેમ લાગે?, બ્રાહ્મણને વસ્ત્ર આપ્યું એ દેવદ્રવ્યનો ભોગ ગણુવો જોઇએ કે નહિં?; છ અતિશયવાળું દાન તે જગોએ ડુબાડનારૂં દાન માનવું પડે. આ કહેનારા દેવદ્રવ્ય એટલે શું? તે સમજ્યા નથી. **જીનેશ્વરની ભક્તિ પૂજન માટે, મૂર્તિને આશાતનાથી રહિત કરવા માટે, અંગપૂજા, અગ્રપૂજાદિ માટે સામગ્રી એકઠી કરેલી હોય તે દેવદ્રવ્ય.**

તીર્થંકર નામ કર્મનું ફલ.

રાજ્યની વ્યવસ્થા માટે કોઇએ એ દ્રવ્ય આપ્યું નથી. ઝૂંભક દેવતાઓએ નિધાનો તીર્થંકરના ભવનમાં એકઠા કર્યા, તે અંગ-પૂજાદિ માટે એકઠા કર્યા નથી. પરંતુ તીર્થંકરની મહત્તાને અંગે લાવીને એકઠું કરેલું દ્રવ્ય તેને દેવ દ્રવ્યનો સંબંધ શો?, આ તો સંબંધ નથી, છતાં સંબંધ લગાડવો છે. પોતાને ખાવાની છુટ મેળવવા માટે આ સંબંધ લગાડવામાં આવે છે. દેવની ભક્તિ માટે તે એકઠું કર્યું નથી. એ વાત એટલે રાખી મૂળમાં આવીએ. તમારા હિસાબે ચ્યવન થાય ત્યારે તીર્થંકર તેથી ચ્યારે કલ્યાણુકો તીર્થંકરના છે તેમ માની શકો પણ સે ઉદ્રઓ કેવલિણો તીર્થંકર નામ કર્મનો ઉદય હોય ત્યારેજ કેવળ પામે, પછી હોય તેનું શું કરવું? બીજી બાજુ તીર્થંકર નામ કર્મનો ઉદય કેવલીપણામાં અનાદ્ય આ બેમાં શું કરવું? અચિંત્ય પુન્ય સમુદાયરૂપે તીર્થંકર નામકર્મ ચ્યવન થાય ત્યારથીજ છે

પણ ફળરૂપે તીર્થંકર નામકર્મનો ઉદય કેવળી-પણામાંજ છે.

વિશ્વનો મેલ કાઢવા માટે તીર્થંકર નામકર્મ.

આ એ ભેદ કેમ પડે છે? ગર્ભમાં આવે ત્યારથીજ તીર્થંકર તેથી ગર્ભમાં કરેલા અભિગ્રહને જગત્ ગુરૂનો અભિગ્રહ અને દાન અષ્ટકમાં જગતગુરૂનું દાન કહીએ છીએ. દીક્ષા પણ જગત્ ગુરૂની કહીએ છીએ. અચિન્ત્ય પુન્ય સમુહરૂપે ચ્યવનથી તીર્થંકર નામકર્મનો ઉદય છે. અને ફળ સાધના રૂપ તીર્થંકર નામ કર્મ કેવળી થયા પછી છે. ફળ સાધના રૂપ શું? તીર્થંકર નામકર્મ શા માટે ઉપાર્જન કર્યું? બીજા બધામાં સામાન્ય નિયમ એ છે કે 'ધર્માર્થ' यस्य वित्तेहा०' ઇત્યાદિ પદોદ્વારા મેલ કચરો લગાડવો ને પછી ધોવો તે કરતાં ન લગાડવો એ શ્રેષ્ઠ છે. તો પછી તીર્થંકર નામકર્મ આત્માએ બાંધવું ને પાછું ભોગવી તોડવું તે કરતાં તીર્થંકર નામકર્મ ન બાંધવું તે શ્રેષ્ઠ છે. બાંધતી વખતે તોડવાનું સમજે છે, અને મિથ્યાત્વી જીવ તીર્થંકર નામકર્મ બાંધતોજ નથી. સમકીતિ જીવ તેવું તીર્થંકર નામકર્મ બાંધે છે, તેને જરૂર ધારણા હોવી જોઇએ કે વળગાડવું ને પછી તે નકામું છે માટે બાંધીને તોડવું પડશે. છે. વાત ખરી પણ લુગડામાં સાબુ ઘાલો છો તેથી કાઢવાનું સમજીને ઘાલો છો કે અંદર રાખી મેલવાનું ધારીને કાઢો છો? દીવેલથી ચોટનો મલ સાથેજ નીકળી જાય છે. સાબુને કાઢવા તો નવું પાણી જોઇશે. ધોવા લાયક લુગડાને સાબુ લાગે છે, પાછું સાબુ કાઢવા માટે પાણી જોઇએ છે. સાબુ ઘાલનારો કપડામાં રાખવાની બુદ્ધિએ ઘાલતોજ નથી, તો ઘાલે છે શું કરવા? કહેવું પડશે કે ન ઘાલું તો મેલ નીકળે નહિં. લુગડાને ચોકખું કરવા માટે લુગડામાં સાબુ નાંખવો પડે છે, તેમ જગતનો મેલ કાઢવા માટે તીર્થંકર નામ કર્મ રૂપ સાબુ લેવો પડે છે.

ફળરૂપ તીર્થંકરપણું.

જે જે જીવનું આયુષ્ય સુધી કલ્યાણ કરવું હોય ત્યાં સુધી ઉપદેશ રૂપ સાબુ દ્વારા તે કચરો કાઢી નંખાય. કેવળી-તીર્થંકરો માત્ર ઉપદેશ આપે છે. જ્યારે ઉપદેશ આપી તારવા માટે તીર્થંકર નામ કર્મ હોય તો દરેક ઉપદેશ દેવાવાળાને તીર્થંકર નામકર્મ હોવું જોઇએ. આમાં શું રજીષ્ટર વગર સ્ટાંપના લેખ લખત હોય? લખી આપનાર કાગળ લખત તે પણ સ્ટાંપ વગરની ચિઠ્ઠી તે ફોતરૂં છે, સ્ટાંપ આવી રજીષ્ટર કરી લખેલો દસ્તાવેજ પાકો છે, તેમ જે બીજા દેશનાઓ ઉપદેશ આપે છે તે ઉપદેશ કાળાંતરે ટકવાવાળો હોયજ નહિં. કાળાંતરે મોક્ષ માર્ગ વહેવડાવનારો ઉપદેશ ફક્ત તીર્થંકર કેવળીનો હોય. બાર અંગની રચનાના કારણરૂપ ચૌદ-પૂર્વીની રચનાના કારણ રૂપ ફક્ત તીર્થંકર કેવળીનો ઉપદેશ હોય. તીર્થંકર મહારાજાએ જે તીર્થંકર નામકર્મ બાંધ્યું છે તે છોડવા અને તોડવા માટે બાંધ્યું છે. જેમ મેલના નિવારણાર્થે પણ સાબુ કાઢી નાંખવા માટે

લગાડાય છે, તેમ કર્મ મેલ દૂર કરવો છે. તીર્થંકર નામકર્મ ખપાવવા લાયક ગણ્યા છતાં, ભવ્ય જીવોને મોક્ષમાર્ગે ચઢાવવા માટે તીર્થંકર નામકર્મ બાંધવાની જરૂર હતી, અને તે ફળ ચ્યવન-જન્મ-દીક્ષા વખતે નથી. ભવ્યને મોક્ષ માર્ગે ચઢાવવા રૂપ તે ફળ કેવળ-જ્ઞાન થાય પછી. પૂજ્યતા કરનારૂં તીર્થંકરપણું તે ચ્યવનથી શરૂ પણ પ્રતિબોધવા રૂપ ફળ તે તીર્થંકરપણું, તો કેવળી-પણા પછીજ છે. આટલા માટે જ્યાં પ્રશ્ન કર્યો કે તીર્થંકર નામ કર્મ ભોગવાય શાથી? ત્યારે ઉત્તર દીધો કે 'अगिलाइए धम्मदेसणाइए' ગ્લાન રહિતપણે ધર્મ દેશના દેવાથી ભોગવાય. વળી ફળસાધક તીર્થંકરપણું કેવળજ્ઞાન પામ્યા પછી હોય અને પ્રકૃષ્ટ પુન્ય સમુદાયરૂપ તીર્થંકરપણું ચ્યવન કલ્યાણથી શરૂ થાય. આથી પાંચ કલ્યાણક માનવામાં અડચણ રહેશે નહિં. નિકાચિત કરેલું તીર્થંકરપણું ફળ સાધના-રૂપે કેવળજ્ઞાન થયા પછીજ હોય. તેથી જ્ઞાનનો મહિમા વિચારીશું તો આવું અચિન્ત્ય પુન્ય ઉદયમાં આવ્યા છતાં, તીર્થંકરપણું ચ્યવનથી ચાલુ હોવા છતાં, કેવળજ્ઞાન થાય ત્યાંસુધી ફળ સાધનરૂપે તીર્થંકરપણું આવતું જ નથી.

જ્ઞાનનો મહિમા.

અચિંત્ય પુન્ય પ્રાગ્ભાર તીર્થંકરનેજ હોય. દેશનાદ્વારાએ જગતના જીવને ઉદ્ધરવા તે રૂપ ફળ તે અગ્લાનિએ પહોર સુધીની દેશનાદિએ કરીને ફળરૂપે વેદાય છે. દેશનાદિકે કરીને જીવોને ધર્મમાં જોડવા જગતનું કલ્યાણ ભક્તિ સ્મરણાદિક દ્વારાએ તીર્થંકરો કરશે તે મુદ્દો નથી. મૂળ વાતમાં આવો કે તીર્થંકરો તીર્થંકર નામ કર્મ ત્રીજા ભવમાં નિકાચિત કરે તે કયા મુદ્દાએ? જગતને દેશનાદિક દ્વારાએ ધર્મ રસ્તે જોડવા માટે. તેથીજ તેમના વચનથી બોધ પામી ગણધરો ચૌદ પૂર્વ અને બાર અંગની રચના કરે છે, અને તે દ્વાદશાંગી યાવત્ શાસન સુધી જગતને તારનારી થાય. છદ્મસ્થપણામાં ભક્તિ કરનારા દાન કરનારા પાર પામી ગયા પણ પોતે કયા ફળે કઇ રીતે ફળ મેળવવાનું છે? દેશનાદિક વડે જીવને ઉદ્ધરવાનું નામ કર્મ બાંધ્યું છે. તેવું ફળ તીર્થંકરપણામાં કેવલીપણા પછી ભોગવાય છે. અહીં વાત કેટલી લેવી છે? આપણો મુદ્દો એજ છે. આવું શાસન સ્થાપવા રૂપ તીર્થંકર નામ કર્મ તે કેવળીપણા પછી હોય. તીર્થંકરના ફળરૂપે જે શાસનનું પ્રવર્તન તે કેવળજ્ઞાન પામ્યા પછીજ હોય. આ ક્ષાયિક જ્ઞાનની વાત કરી. હવે જે સૂત્રાર્થને સમજ-નારાને જ્ઞાન માન્યું છે, અને તેવા જ્ઞાનવાળાનું સાધુપણું માન્યું છે. આંધળો પણ ગામ પહોંચે પણ દેખતાની પાછળ લાગેલો આંધળો ગામ પહોંચે તે મહિમા દેખતાપણાનો કે આંધળા-પણાનો?, તે તો દેખતાપણાનો મહિમા છે. દેખતો પોતે પણ પહોંચે. બીજાને પણ પહોંચાડે તેથી દેખતાનો બમણો મહિમા. તેમાં આંધ-ળાની બોલબાળા નથી. તેમ અહીં ગીતાર્થ

એટલે સૂત્ર અર્થના જ્ઞાનવાળો પોતે સાધુપણામાં હોય અને તેઓની નિશ્રાએ રહેલો અજ્ઞાની તેને પણ સાધુપણું રખાવે. આમાં અજ્ઞાનીના અજ્ઞાનનો, મહિમા નથી, પણ જ્ઞાનનોજ મહિમા છે.

તારનારૂં અને ડૂબાડનારૂં જ્ઞાન.

આ વાત વિચારીશું તો માલમ પડશે કે શાસનની અસલી જડ જ્ઞાન છે, કેમકે શાસન સાધુને આધારે સાધુ સિવાય તીર્થ નથી. સાધુ થાય ત્યારે તીર્થ સ્થપાય, અને સાધુ હોય તોજ તીર્થ ચાલે. બંધ થાય તો તીર્થ પણ બંધ થાય. જૈન શાસનમાં ત્યાગની મૂર્તિ હોય ત્યાંસુધીજ જૈન શાસન ટકે કે જ્યાંસુધી ત્યાગમૂર્તિ હોય. સાધુની પરંપરા એજ શાસનની પરંપરા. આથી તીર્થ=શાસન સાધુ પર આધાર રાખે છે, અને સાધુપણું જ્ઞાન સાથેજ સંબંધ રાખે છે. શાસનની પ્રવૃત્તિમાં આદિ શ્રુત-જ્ઞાન. શાસન સ્થાપનામાં આદિ શ્રુત જ્ઞાન માટે કલ્યાણની જડ દેખીએ તો જ્ઞાન ઉપર છે, પણ જ્ઞાન બે પ્રકારનું છે. જ્ઞાન શબ્દથી મુંઝાવું નહિં અજ્ઞાનીઓ પુત્ર શબ્દથી મુંઝાય પણ પુત્ર બે પ્રકારના છે, એક સુપુત્ર અને કુપુત્ર. સુપુત્ર કૂળ અજવાળે, અને કુપુત્ર કૂળ લજવાવે. અહીં જ્ઞાન બે પ્રકારનું. એક સંસારમાં ડૂબાડનારૂં, અને એક સંસારથી તારનારૂં. સંસારથી તારનાર જ્ઞાન તરફ લક્ષ્ય દેવાનું કયું જ્ઞાન?, અને સંસારથી તારનાર જ્ઞાનનું ફળ કયું?; તેથી ઇતરનો વ્યવચ્છેદ કરી પ્રાણીને સાવચેત કેમ કરશે, તે અધિકાર અગ્રે વર્તમાન.

ભાદ્રપદ-પંચમીનું પર્વ-તિથિપણું.

આલેખનકાર:-પૂ. મુનિશ્રી કંચનવિજયજી મહારાજ.

કેટલાક ભદ્રિક લોકો આચાર્ય-ભગવાન્ યુગપ્રધાન-શ્રીકાલિકસૂરિજીએ ભાદરવા સુદ ૫ ની સંવત્સરી થતી હતી તે પલટાવીને ભાદરવા સુદ ૪ ને દિવસે સંવત્સરી પ્રવર્તાવી. એ વાતને સંવત્સરીના પરિવર્તનમાં નહિ લેતાં ભાદરવા સુદ ૫ નું પર્વતિથિપણું કેટલાકો ઉઠાવી દે છે. અને તેમાં 'એ નહિ પર્વે પંચમી સર્વ સમાણી ચોથ' એ પંડિત શ્રીવીરવિજયજીએ ચૈત્યવંદનમાં કહેલું વચન આગળ કરે છે. પણ તે ધારણા શાસ્ત્રને અનુસરનારી નથી, માત્ર સ્વચ્છંદ કલ્પના છે. કેમકે જેમ પુનમની ચોમાસી પલટાવી ને ચૌદશની કરી અને તેથી તે પુનમોને અઠ્ઠાઇમાં ન ગણી, છતાં તે પુનમોનું પર્વપણું તો શાસ્ત્રકારે માનેલું છે. चतुर्मासाष्टाह्निका चतुर्दशीं यावत्पूर्णिमां यावद्वा गणनीयेति? प्रश्नोऽत्रोत्तरं-चतुर्मासाष्टाह्निका साम्प्रतं चतुर्दशीं यावद्गणनीया, पूर्णिमा तु पर्वतिथित्वेनाराध्या एवेति ॥२६९॥ सेनप्रश्न-उ० ३.

આ ઉપરથી ચોમાસાની બધી પુનમો ચોમાસી તરીકે પલટીને ચૌદશો ચોમાસી થઇ અને તેથી ગ્રન્થકાર હાલ એવો શબ્દ વાપરે છે, પરંતુ તે સાથે પુનમને પર્વતિથિ તરીકે માનવાનું તો કાયમ રાખે છે તેવી રીતે ભાદરવા સુદ ૫ (પંચમી) પણ શાસ્ત્રકારોએ પર્વતિથિ તરીકે કાયમ રાખી

છે. અને તેથી હીરપ્રશ્નના પ્રકાશ ૪ પૃ. ૩૦ માં નીચે પ્રમાણે લેખે છે,—

येन शुक्लपञ्चम्युच्चरिता भवति स यदि पर्युषणायां द्वितीयातोऽष्टमं करोति तदैकान्तेन पञ्चम्यामेकाशनकं करोति उत यथारुच्या ? इति प्रश्नोऽत्रोत्तरम्—येन शुक्लपञ्चम्युच्चरिता भवति तेन मुख्यवृत्त्या तृतीयातोऽष्टमः कार्यः। अथ कदाचिद् द्वितीयातः करोति तदा पञ्चम्यामेकाशनकरणप्रतिबन्धो नास्ति, करोति तदा मन्यमिति ॥१४॥

એટલે પંચમીની આરાધના કરવાવાળાઓએ મુખ્યત્વે ત્રીજથી અઠ્ઠમ કરવો જોઇએ એમ કહી પાંચમનું અજવાળી પાંચમ તરીકે પર્વતિથિપણું જણાવે છે. તેવીજ રીતે હીરપ્રશ્નના પૃષ્ટ-૪ પ્રશ્ન ૭ મો.

पर्युषणोपवासः पञ्चमीमध्ये गण्यते न वा ? इति प्रश्नोऽत्रोत्तरम्—पर्युषणोपवासः षष्ठकरणसामर्थ्याभावे पञ्चमीमध्ये गण्यते, नान्यथेति ॥७॥ અને

षष्ठकरणशक्त्यभावे पञ्चम्युपवासः पञ्चम्यां विधीयतेऽथवा पर्युषणाचतुर्थ्यामिति प्रश्नोऽत्रीत्तरम्-पर्युषणायामुपवासे कृतेऽपि शुध्यति, श्रीहीरविजयसूरिप्रसादितप्रश्नसमुच्चयेऽपि तथैवोक्तत्वादिति ॥८१॥ सेनप्रश्न पृ. २८ उ-२.

આથી છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તેનેજ પંચમી (ભાદરવા સુદ ૫) નો ઉપવાસ સંવચ્છરીના ચોથના ઉપવાસની અંદર ગણી લેવાનું જણાવે છે.

આ બધા ઉપરથી સ્પષ્ટ થશે કે **ભાદરવા સુદ ૫ ની સંવચ્છરી પલટયા છતાં, પણ તેનું પર્વતિથિપણું પલટયું નથી અને ભાદરવા સુદ પાંચમનું પર્વતિથિપણું માનીત રહેલું હોવાથી જ શ્રીતત્ત્વતરંગિણી** પૃ. ૫ માં—

किं च पर्युषणाचतुर्थ्याः क्षये पञ्चमीस्वीकारप्रसंगेन त्वं व्याकुलो भविष्यसीत्यपि ज्ञेयम् ।

એ વાક્ય કહીને ગીતાર્થ તપાગચ્છસંરક્ષક-ઉપાધ્યાયજી શ્રીધર્મસાગરજી મહારાજ પર્યુષણાની ચોથના ક્ષયે ખરતરોને ભાદરવા સુદ પાંચમનું પર્વતિથિપણું ગણીને સંવચ્છરી કરવાનો પ્રસંગ જણાવે છે.

ઉપર જણાવેલા મુદ્દા પામીને શાસ્ત્ર અને પરંપરાને માનનારા મનુષ્યો તો ભાદરવા સુદ પાંચમનું પર્વતિથિપણું તો માન્યા સિવાય રહેશે જ નહિ. તેથી તેનો ક્ષય કે વૃદ્ધિ માનવા તૈયાર થશે નહિ. પંડિત શ્રીવિરવિજયજી મહારાજશ્રીએ તો શ્રીકલ્પસૂત્રના વાંચન, શ્રવણને અંગે જ પાંચમનો સમાવેશ ચતુર્થીમાં જણાવેલો છે. તેથી પહેલાં લખે છે કે 'પંચમી દિને વાંચે સુણે, હોય વિરાધી નિયમા' એ પંડિત શ્રીવીરવિજયજીનાં બન્ને વચનો ચોથની સંવત્સરીના પ્રતિપાદનનાં અને પંચમીએ કલ્પ નહિ વાંચનનાં છે. તેથી પંડિત શ્રીવીરવિજયજીના નામે ભાદરવા સુદ પાંચમનું પર્વતિથિપણું ઉડાવવું તે અજ્ઞાનતા અને મહાપુરૂષોના વચનની અવજ્ઞા કરનારૂં છે.

તા. ક:—જેઓને શાસ્ત્ર તથા પરંપરા માનવી છે તેવા મહાનુભાવો માટે આ લખાણ ઉપયોગી છે. બાકી જેઓને શાસ્ત્ર અને પરંપરા ઉઠાવીને ભાદરવા સુદ ૫ નહિજ માનવી તેવો આગ્રહ છે. અથવા પર્વ તિથિની ક્ષય વૃદ્ધિ આરાધનામાં લેવી જ એવો આગ્રહ જ છે તેવાને માટે આ લખાણ નથી; તેમજ જેઓ પંચાંગ માનવામાં ફેર કુંદડીઓ ફરે છે તેને માટે તો કંઇ કહેવાનુંજ નથી.

જેમ સંવત્સરીના પલટાથી પાંચમનું સંવત્સરી પર્વપણું જવા છતાં પર્વતિથિપણું જતું નથી તેમ ચોથને દિને સંવત્સરી કરવાથી ચોથનું અપર્વપણું રહેતું જ નથી અને તેથી ચોદશની વૃદ્ધિ હાનિના વખતે 'क्षये पूर्वा०' નો નિયમ લાગુ કરાય છે અને તે માટેજ તત્ત્વ-તરંગિણીમાં 'पर्युषणाचतुर्थ्याः क्षये०' કહીને ખરતરની વ્યાકુલતાનો પ્રસંગ આપ્યો છે. શ્રી વીરવિજયજીવાળું ચૈત્યવંદન તો ચોથને પર્વ તિથિજ મનાવવા માટે છેજ. 'ये पोषधोपवासेन तिष्ठन्ति पर्ववासरे' એમ કહીને શ્રીવિજય લક્ષ્મીસૂરિજી સંવત્સરીના દિવસને એટલે ચોથને પર્વવાસર એટલે પર્વતિથિ તરીકે સ્પષ્ટપણે જણાવે છે. એ ભૂલવા જેવું જ નથી.

ચોમાસીથી સંવત્સરી અને સંવત્સરીથી ચૌમાસીના અંતર વચ્ચે વારના હિસાબે પચાસ દિવસ અને સીત્તેર દિવસો મેળવવા માંગે છે તેઓ અધિક મહિનો હશે ત્યારે કેમ કરશે ? ખરી રીતે તો તે આંતરૂ તિથિના હિસાબનું છે, વાર કે દિવસનું આંતરૂં નથી. અને તે તિથિના હિસાબે પક્ખી-ચોમાસી-સંવત્સરી થાય છે. નહિંતર પક્ખી તેર દિવસે અને સોળ દિવસે પણ હોય છે તેવી રીતે ચોમાસી સંવત્સરી જાણવી. सुज्ञेषु किं बहुना.

તેર તિથિ નહિં થવાનો ખુલાસો.

આલેખનકારઃ—

પૂ. મુનિશ્રીક્ષેમંકરસાગરજી મહારાજ.

ભાદરવા સુદ ૪ ને પર્વતિથિ માનતાં તેર તિથિ ન કહેવાય. કારણ કે ભાદરવા સુદ ૪ ની સંવત્સરી હોવાથી તેને પર્વતિથિ માનવાની જેઓ તિથિની અધિકતા ગણાવે છે તેઓએ સમજવું જોઇએ કે દરેક મહિનાની દરેક ચોથને પર્વતિથિ માને તોજ તેર તિથિ થાય. આ તો આખા વર્ષમાં એકજ વખત છે. અને વર્ષમાં એક વખત તો કલ્યાણુકો અને વર્ષી-તપના પારણાં વિગેરે તિથિઓ માનવા છતાં બાર પર્વમાં અધિકતા ગણાતી નથી કેમકે તે બાર તિથિઓ દરેક મહિનાની છે.

નવામતવાળાઓને તો દરેક મહિનાવાળી તિથિમાં અધિકતા ને ન્યૂનતા કરવી છે. તેથી તેઓ તેર તિથિની માન્યતાવાળા અને અગીયાર તિથિની માન્યતાવાળા છે.

આઠમ-ચઉદસ-પુનમ અને અમાવાસ્યાએ ચારને પર્વ માનતા હતા ત્યારે પણ સંવત્સરી પર્વ તો હતુંજ.

તા. કઃ—પર્વતિથિઓ બે પ્રકારની હોય છે. અષ્ટમી વિગેરે તિથિ કાલ પર્વતિથિઓ છે, અને કલ્યાણુક વિગેરે તિથિઓ કાર્ય પર્વતિથિઓ છે.

વ્યપદેશમાં બલવત્તાનો આધાર પ્રસિદ્ધિ ઉપર રહે છે. सुज्ञेषु किं बहुना.

"દેવ-દ્રવ્ય"

આલેખનકાર:—પૂ. શ્રી અમરેન્દ્રસાગરજી મહારાજ.

શાસ્ત્રકારની આજ્ઞા મુજબ જુદું કાઢેલું હોય યાતો કાઢેલું ન હોય પણ જે દ્રવ્યમાં દેવ એટલે જિનેશ્વરની ભક્તિ તે જિનેશ્વરની મૂર્તિ અને જિનમંદિર દ્વારાએ હોય, પૂજા દ્વારાએ હોય, કે બીજા કોઇપણ પ્રકારે હોય તો પણ તેને દેવ-દ્રવ્ય કહેવામાં આવે છે.

આજ કારણથી જિનમંદિર વિગેરે કરાવનાર મનુષ્ય અગર શ્રાવક પોતાના ઘરના દ્રવ્યથીજ હકેરાસર વિગેરે કરાવતો હોય તો પણ યોગ્ય કારીગરને યોગ્ય મહેનતાણું નહિં આપતાં અધિક દ્રવ્ય આપે તો તેને શાસ્ત્રકારોએ દેવ-દ્રવ્યનું નુકશાન કરનારો માન્યો છે. અને તે શેઠ તથા કારીગરોને સંસારમાં ડૂબવાનું માનેલું છે.

આ વાત પૂ. શ્રી આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજીએ કરેલા પંચાશક વિગેરે શાસ્ત્રોમાં સ્પષ્ટપણે જણાવી છે. કેમકે તે કાર્યમાં જેટલું દ્રવ્ય વપરાયું તે દેવની ભક્તિ નિમિત્તે વાપર્યું તેમ તે વાપરનાર શ્રાવકાદિ ગણે છે અને કહે છે. એટલે દેવ-દ્રવ્યનો ઉપયોગ દેવની ભક્તિ સિવાય બીજા કાર્યમાં કરવો કે કરાવવો અગર દેવ-દ્રવ્યનો ઉપયોગ થતો હોય તેનો નિષેધ કરવાને માટે કટીબદ્ધ ન થવું તે દેવ-દ્રવ્ય ખાવાના દુષણને લેવા જેવું છે.

કેટલાક અણસમજુઓ એમ કહે છે કે-દેવ વીતરાગ-નિરંજન-નિરાકાર જ્યોતિ-સ્વરૂપ છે. એટલે તેઓ પરિગ્રહ રહિત છે, માટે તેમનું દ્રવ્ય હોવું ન જોઇયે?; આ કથન પણ તદ્દન સમજણ વગરનું અને વિવેક વગરનું છે. કેમકે કોઇ પણ જૈન દેવદ્રવ્યના માલીક તરીકે-દેવને (જિનેશ્વરને) ગણતોજ નથી, પરંતુ દેવની ભક્તિ કરવા માટેનું દ્રવ્ય તેનેજ દેવદ્રવ્ય માને છે.

વળી તીર્થંકરો કોઇ દિવસ પણ નિરંજન-નિરાકારપણે તીર્થંકર સ્વરૂપમાં હોતાજ નથી. કેમકે તેઓ તો છત્ર આદિ આઠ પ્રાતિહારીવાળા અને ચોત્રીસ અતિશયવાળાજ હોય છે. જો કે તેઓ સિદ્ધ થાય ત્યારે અને દરેક સિદ્ધો સિદ્ધપણું પામે ત્યારે નિરંજન-નિરાકાર હોય છે. પરંતુ જૈનો માત્ર તે સિદ્ધ દશાનું ધ્યેય રાખે છે. અને ભક્તિ તો તેમની સાધક અગર ઉપદેશક દશાની કરે છે તેમજ સાધક અને ઉપદેશક દશામાં કોઇપણ નિરંજન નિરાકાર હોતાજ નથી. જોકે જેને ભવનો ભય નથી, શાસ્ત્રની શ્રદ્ધા નથી, સંઘનો ડર નથી અને સંઘ બહાર થયેલા છે. એવા યદ્વાતદ્વા પ્રલાપ કરે. પરંતુ તે જૈનમાંજ નથી તેથી તેની વાતને કોઇ પણ જૈને લક્ષ આપ્યું નથી અને આપતું નથી.

આગામી પર્યુષણમાં સંવત્સરી ભાદરવા સુદ ૪ સોમવારે સાચી છે.

(લેખકઃ— વાડીલાલ જીવરાજ શાહ.)

ઉપરના હેડીંગથી શરૂ થતો લેખ મુંબાઈ સમાચાર તા. ૩-૭-૪૮ ના મુંબાઈ સમાચારમાં આવેલ છે, તે અમારા વાંચકો માટે અક્ષરશઃ અત્ર અપાય છે.

[લિ૦ તન્ત્રી.]

આવતા પર્યુષણમાં આ. શ્રી. નેમિસૂરિજી તથા આ. શ્રી વિજયવલ્લભસૂરિજીએ ભાદરવા સુદ ૬નો ક્ષય માની સંવત્સરી ભાદરવા સુદ ૪ મંગળવારે કરવા આદેશ કર્યો છે. અને તેના સમર્થનમાં સં. ૧૯૫૨-૬૧-૮૯ના વર્ષમાં પણ તેમ થયેલું છે તેમ જણાવેલ છે. પરંતુ તે બરાબર નથી તેના કારણો નીચે જણાવેલ છેઃ—

(૧) આગળના વર્ષોમાં જે આચરણા થવાનું કહેવામાં આવે છે તે કેવળ તાર્કિક દલીલ અને અપવાદ માર્ગે જ થયેલું છે. અને તે પણ સૂક્ષ્મ પંચાંગોની ગેરહાજરીમાં થયું છે. આજે તેમ નથી.

(૨) જૈન સમાજમાં પહેલાં અન્ય સૂક્ષ્મ પંચાંગોની ગેરહાજરી હોવાથી ચંડાશુ પંચાંગ મનાતું આવેલું છે. આ પંચાંગનું સ્થુલ ગણિત હોવાથી તેના ગ્રહો, ગતિ અને અંશોમાં ઘણો ફેર આવે છે. અને બે ઘડીથી માંડી ૧૨ ઘડી સુધી ફેરફાર આવતો હોવાથી કુંડળીઓ, મુહૂર્તો ઇત્યાદિમાં પણ તેટલોજ ફેર પડે છે અને તેથી ફળાદેશ પરિણામ પણ ફેરફારવાળું અથવા ખોટું હોય છે. આ વિષે મેં લગભગ દશેક વર્ષ પહેલાં આ પત્રમાં લેખ લખેલ છે અને નિર્ણયસાગર, મહેન્દ્ર, કેતકી, તીલક, ભારત-વિજય, મુંબઇ સમાચાર, ગુજરાતી ઇત્યાદિ ઘણાં પંચાંગની મેળવણી કરી સિદ્ધ કરેલ હતું કે ચંડાશું પંચાંગ હવે જૈનોએ બદલી લેવું જોઇએ. આજે પણ લગભગ સર્વ સાધુઓ મહેન્દ્ર પંચાંગ પ્રમાણે દીક્ષા, ઉપધાન વિગેરેની તથા પ્રતિષ્ઠાની લગ્નાદિ કુંડળીઓ તે (મહેન્દ્ર પંચાંગ) પ્રમાણે ગ્રહણ કરે છે. છતાં જાહેરમાં તેને સર્વમાન્ય કરવામાં માત્ર પ્રતિષ્ઠાનું ભૂત નડે છે. આજ પંચાંગનો ફર્મો સંદેશવાળાઓ ગ્રહણ કરી શકે અને તેના કર્તા પં. શ્રીવિકાશ વિજયજી મહારાજ સાહેબ સંપાદક મંડળમાં હોઈ શકે પણ જૈન સાધુઓનેજ જાહેરમાં ગ્રહણ કરવામાં જાણે માનહાનિ ન હોય! આ લખાણ કરવાનું કારણ તે છે કે મહેન્દ્ર પંચાંગ, જન્મભૂમિનું પંચાંગ, સંદેશનું પંચાંગ સૂક્ષ્મ છે. અને તેમાં જ્યોતિષ દ્રષ્ટિએ પણ ભાદરવા સુદ ત્રીજનો ક્ષય છે. તો ભા. સુ. છઠનો ક્ષય કેમ માની શકાય?

(૩) જો ચંડાશુ પંચાંગને માન્ય ગણો તો પણ પાંચમનો ક્ષય તેમાં છે તો વાચક ઉમા-

સ્વાતિના પ્રઘોષ પ્રમાણે પણ સંવત્સરી ભા. સુ. ૪ અખંડિત રાખી ત્રીજનો ક્ષય કરવો સિદ્ધાંતિક છે. તે પણ છોડી ભા. સુ. ૬ નો ક્ષય તો ભ્રાન્તિજન્ય છે. ઉપરના લખાણથી સમજાશે કે જ્યોતિષની દ્રષ્ટિએ, ગણિતની દ્રષ્ટિએ અને જન પરંપરા સિદ્ધાંતિક દ્રષ્ટિએ પણ ભાદરવા સુદ ૩ નોજ ક્ષયમાની ભાદરવા સુદ ૪ સોમવારેજ સંવત્સરી કરવી સત્ય છે. સુદ ૬નો ક્ષય કરવામાં નતો જ્યોતિષ, ગણિત અને પરંપરા જળવાય છે. એટલુંજ નહિ પણ આખા વર્ષમાં તિથિ હાનિ વૃદ્ધિ પ્રસંગે પર્વતિથિ જો અનુદય હોવા છતાં તે આચરણા ચાલુ રાખી તે સિદ્ધાંતિક મનાય અને સંવત્સરી જેવા એકજ મહાન દિવસને માટે ચાલુ સિદ્ધાંતિક માન્યતા અને આચરણા છોડી દઈ જૂની રીત કેમ ગ્રહણ કરાય તે સાદી બુદ્ધિમાં ઉતરી શકે તેમ નથી.

આ વિષે શ્રી સાગરાનંદસૂરિજીએ ભાદરવા સુદ ૪ સોમવારે કરવા આગ્રહ કર્યો છે, અને તેમનું નિવેદન ખૂબ મનનીય છે. તેઓ પહેલા મુદ્દા વિષે લખતાં કહે છે કે 'જૈન સંઘે કોઇ પણ એક પંચાંગ નિયમિત અપનાવવાનું સર્વકાળ માટે જરૂર છે."

આપણે ત્યાં નિર્નાયક દશા છે. નહિ તો જૈનેતરો માન્ય રાખે છે અને બાનગીમાં સર્વ સાધુ માન્ય "મહેન્દ્ર પંચાંગ"ને પ્રથમથીજ માન્ય રાખ્યું હોત. "કેવળ બાલીશ દલીલો અને ખોટા ભયથી સમાજનું કાર્ય કેટલું બગડયું છે તેની તુલના કરવી જોઇએ. શુદ્ધ પંચાંગ જો નિશ્ચીત હોત તો તિથિચર્ચાનો મોટો ઝઘડો કદાચ ઉપસ્થિત ન થાત.

અંતમાં આચાર્ય શ્રીનેમિસૂરિજી તથા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીને નમ્ર વિનંતી કરૂં છું કે આપે પ્રથમ તો જો છઠનો ક્ષય કરવોજ હોત તો દિવાળી પછી તરતજ બહાર પાડવું જોઇતું હતું. આઠ મહિના વીત્યા પછી પણ જો પ્રસિદ્ધ આચાર્યોની સાથે પત્રથી મંત્રણા કરી બહાર પાડયું હોત તો ઈષ્ટ હતું ખેર! સમાજનું હજુ પણ ઐકય જાળવવું હોય તો છઠનો ક્ષય ન કરતાં સાચો ત્રીજનો ક્ષય જાહેર કરો તો ઐકય જળવાશે અને આપની આવી નીડરતા માટે સમાજનું આપના પ્રત્યે માન વધશે.

મુંબઇમાં ગોડીજી ઉપાશ્રયે ભાદરવા સુદ ૩ નો ક્ષય માની ભા. સુદ. ૪ સોમવારે સંવત્સરી થવા નિર્ણય કરવામાં આવેલ છે. શ્રીશાન્તિનાથજી ઉપાશ્રયે પણ તે રીતેજ થવા સંભવ છે અને શ્રીઆદીશ્વરજીના ઉપાશ્રયે પણ ઉપર પ્રમાણે આરાધના થશે તેવું જાણવામાં આવેલ છે. આમ મુંબઇમાં ભા. સુદ ૪ સોમવારે સંવત્સરી થવા સંભાવના છે. પૂ. મુનિવર્યોને મારી વિનંતી છે કે સર્વત્ર ઐકય જળવાશે તેમાંજ શાસન શોભા છે. સમાજ પર વર્ચસ્વ દેખાડવાનો સમય વીતી ગયો છે. સુજ્ઞેષુ કિં બહુના!

ભાદરવા સુદ ૪ ને સોમવારેજ શાસન-પ્રેમીઓને સંવત્સરી વ્યાજબી હોવાનાં કારણો.

આલેખનકારઃ—પૂ. પં. શ્રી હેમસાગરજી ગણિવર્ય.

૧. શાસ્ત્રકારોના વચન પ્રમાણે એક પાટે પ્રવર્તેલો વ્યવહારને વૃત્ત કહેવાય, બે પાટે પ્રવર્તેલો અનુવૃત્ત કહેવાય અને ત્રણ પાટે પ્રવર્તેલો વ્યવહાર પ્રવૃત્ત વ્યવહાર એટલે જીત વ્યવહાર કહેવાય અને જીત વ્યવહાર શાસ્ત્રકારોએ આગમની માફક જરૂર માનવા લાયક ગણ્યો છે.

૨. જોધપુરી પંચાંગ વર્તમાનમાં દરેક સાધુઓને આચાર્યોના બબે ત્રણ ત્રણ પેઢીના પૂર્વ પુરૂષોએ સ્વીકારેલું છે અને તેથી તે જોધપુરી પંચાંગનું સ્વીકારવું તે જીત વ્યવહારજ કહેવાય અને તેનો અનાદર કરવો તે પણ જીત વ્યવહારનોજ અનાદર કર્યો કહેવાય. શ્રી ધર્મરત્ન પ્રકરણમાં શાન્તિચંદ્રસૂરિજી અને વૈરાગ્યકલ્પલતામાં શ્રીયશોવિજયજી ઉપાધ્યાય સ્પષ્ટપણે જણાવે છે કે જે વસ્તુ લાંબા કાલથી સંઘમાં રૂઢ થયેલી હોય તેનો લોપ કરનાર તે મનુષ્ય આચરણાનો લોપ કરનાર ગણાય. એટલે જ્યાંસુધી સકલ સંઘ મળીને બીજું પંચાંગ નક્કી ન કરે ત્યાં સુધી જે જોધપુરી પંચાંગને છોડવું તે જીત અને આચરણાને લોપને નોતરવા જેવું છે.

૩. બારે મહિના સર્વ પર્વતિથિઓ, બાર પર્વતિથિઓ અને દિવાળી વિગેરે તહેવારોની વખતે તો વર્તમાન તપગચ્છ જૈન સંઘ અવિવાદપણે એકરૂપે માનતો આવ્યો છે ને માને છે એટલુંજ નહિ પરંતુ જોધપુરીમાં હોય તેમ અમે તો કરીએ છીએ એમ કહે પણ છે. તો તે પંચાંગને છોડતાં પોતાના કહેલા વચનની કિંમત કોડીની પણ ન રહે તે સહેજે સમજાય તેવું છે.

૪. આ બધું છતાં જોધપુરી પંચાંગમાં પાંચમનો ક્ષય દેખીને જેને પરાપૂર્વથી ભડકામણ હોય તેઓએ બીજાં ટીપણાં લેવાં હોય તો પણ સંદેશ, જન્મભૂમિ જેવા પ્રત્યક્ષ પંચાંગો કેમ ન લેવાં ?

૫. સંદેશ વિગેરે પ્રત્યક્ષ પંચાંગોમાં ભા. સુ. ૩ નો સીધોજ ક્ષય હોવાથી ભા. સુ. ૫ નો ક્ષય માન્યા વગર ત્રીજનોજ ક્ષય માનીને પણ સંવત્સરી સોમવારેજ કરાય.

૬. પાંચમના ક્ષયની જગોપર તે ક્ષય ન બોલવો પડે તેવી કલ્પનામાત્રથી જોધપુરી પંચાંગ સરખાને છોડી દેવું તે કોઇ પણ પ્રકારે વ્યાજબી ગણાયજ નહિ. કેમકે કોઇપણ ધર્મ કલ્પના ઉપર આધાર રાખતો નથી. તેમજ જૈનધર્મ તો બીલકુલ કલ્પના ઉપર આધાર રાખતો નથી સ્વચ્છંદ કલ્પનાને ધર્મના આધાર ભૂત કહેતાંજ નથી.

૭. પર્વતિથિઓ ઉદયવાળીજ હોવી જોઇએ એવો આગ્રહ કરનાર મનુષ્ય જૈન શાસનની શ્રદ્ધા વગરનોજ છે, કેમકે જૈન શાસનના હિસાબે તો આરાધનામાં પર્વતિથિનો ક્ષય ન હોય તો પણ ગણિતની દૃષ્ટિએ પર્વ તિથિનો ક્ષય આવેજ છે.

૮. શ્રીઉમાસ્વાતિ વાચકજી અદ્દકે તે પહેલાંથી પણ જૈન શાસનમાં પણ પર્વતિથિનો

ક્ષય આરાધનાની અપેક્ષાએ નહિ પણ ગણિતની અપેક્ષાએ મનાયેલોજ છે. અને તેથી **क्षये पूर्वा तिथिः कार्या**–એ પ્રઘોષ જૈનશાસનમાં જગો જગો ઉપર જાગતોજ છે. જો પર્વ તિથિ ગણિતની અપેક્ષાએ ક્ષય ન પામતી હોય તો આ પ્રઘોષને અને તેને આધારે શ્રીશ્રાદ્ધ વિધિકાર વિગેરેને કઇ કહેવાનું રહેત નહિ.

૯. ૧૯૯૨–૯૩ માં જે વખતે ભા. સુ. બે પાંચમો આવી તે વખતે શાસનપ્રેમીઓએ જે બે ત્રીજે અગર કેટલાકોએ બે ચોથે કરીને જે સંવત્સરી કરી હતી તેમાં ચોથ ઉદયવાળી હતીજ નહિ છતાં સંવત્સરી કરી છે તે વાત જગજાહેર છે. એટલે ઉદયવાળી ચોથના નામે જોધપુરી પંચાંગ છોડીને કોઇક ખુણે પડેલાં છઠ્ઠના ક્ષયવાળા પંચાંગોને પકડીને મંગળવારની સંવત્સરી કરવાનો કદાગ્રહ સેવવો એ શાસન પ્રેમીઓને તો કોઇપણ પ્રકારે પાલવે તેવું નથી.

૧૦. નવા ઉત્થાપક વર્ગને છોડીને સકલ સંઘ પર્વાનન્તર પર્વની તિથિ જે ૧૪ પર્વતિથિ પછી અમાવાસ્યા–પૂનમ આવે છે તેની હાનિ વૃદ્ધિ હોય છે ત્યારે તેરસની હાનિ કે વૃદ્ધિ માને છે કરે છે, અને કહે છે. તે છપાવીને પણ જાહેર કરે છે તો સામાન્ય ૧૪ ની પર્વતિથિ કે ચોમાસી જેવી ૧૪ ની પર્વતિથિ વગર ઉદયની પણ માનવામાં અડચણ આવતી નથી. તો પછી **અત્યારે ઉદયવાલીના** નામે અડચણ કહેવી તે **કેવળ સ્વમતિ** કલ્પનાજ કહેવાય.

૧૨. પુનમની વૃદ્ધિ હોય ત્યારે પહેલી પુનમના દિવસે સૂર્યોદય નથી હોતો છતાં તે દિવસે ૧૪ માનીને સકલ સંઘ પક્ખી કે ચોમાસી કરે છે.

૧૩. અમાવાસ્યાનો ક્ષય હોય ત્યારે ૧૩ ના દિવસે ૧૪ નો સૂર્યોદય ન હોવા છતાં ૧૪ ની પર્વતિથિ માનીને પક્ખી કરવામાં આવે છે.

૧૪. અમાવાસ્યાની વૃદ્ધિ હોય ત્યારે પહેલી અમાવાસ્યાના દિવસે ૧૪ નો સૂર્યોદય ન હોવા છતાં તે દિવસે ચૌદશ પર્વ તિથિ માનીને શ્રી–સકલ સંઘ પક્ખીની આરાધના કરે છે.

૧૫. શ્રીપ્રેમવિજયજી વગેરે તો ઉત્થાપક વર્ગ જ્યાંસુધી ઉત્થાપક બન્યો ન હતો અને જ્યાંસુધી શાસનની રીતિ પ્રમાણે ક્રિયા કરતો હતો ત્યાંસુધી તે પણ પુનમ અગર અમાવાસ્યાની હાનિ કે વૃદ્ધિએ તેરસની હાનિ કે વૃદ્ધિ માનતો હતો, કરતો હતો તે વીરશાસનના પંચાંગોમાં છપાયેલું જગજાહેર છે. એટલે પર્વાનન્તર પર્વતિથિના ક્ષયે કે વૃદ્ધિએ પૂર્વતર અપર્વ તિથિની હાનિ કે વૃદ્ધિ આખા સંઘને અસલથી સંમત છે. અને તે પ્રમાણે થતું આવેલું છે.

૧૬. ઉત્થાપક વર્ગ જ્યારે બાર પર્વતિથિની અગ્યાર અગર તેર પર્વતિથિ કરવા લાગ્યો અને તેમ કરીને મૂલ માર્ગ ઉઠાવ્યો તેવી રીતે પર્વતિથિ ઉદયવાલીજ લેવી તેવા આગ્રહમાં જવાનું કાર્ય શાસનપ્રેમીનું હોયજ નહિ.

૧૭. શાસનપ્રેમીઓ કોઇ દિવસ પણ જુઠા આગ્રહવાળા જુઠા દોષવાળા હોતા નથી તેથી તેઓને કદાચિત્ પહેલાં છઠ્ઠનો ક્ષય કરવાની ભૂલ થઈ પણ હોય તો તેને પકડી બેસેજ નહિ.

૧૮. કદાચિત્ સમજ ફેરથી જોધપુરી પંચાંગ બે એક વખતને માટે છૂટી પણ ગયું હોય, પરંતુ જીત વ્યવહારને સમજીને પાછું જોધપુરીને અપનાવે તોજ શાસનપ્રેમી કહેવાય.

૧૯. છઠ્ઠના ક્ષયવાળા મુંબાઇ સમાચાર સરખા પંચાંગમાં પણ ગણેશ ચતુર્થી સોમવારની લખીને ભાદરવા સુદ ૪ ને સંવત્સરી છે એમ જણાવે છે.

૨૦. છઠ્ઠના ક્ષયવાળા ટીપણાઓ પણ મંગળવારે ઋષિપંચમીજ લખે છે. એટલે જે પાંચમી સંવત્સરી પર્વને માટે નકામી થયેલી છે. તેજ પાંચમ મંગળવારે સંવત્સરી કરનારના ગળે આવી પડે છે.

૨૧. યાદ રાખવું કે છઠ્ઠ કે પાંચમના ક્ષયવાળા બધા પંચાંગો મંગળવારના દિવસે પાંચમ માનીનેજ તેને ઋષિપંચમી તરીકેજ જાહેર કરે છે. એટલે મંગળવારનો દિવસ પંચમી તરીકેના વ્યપદેશ અને વ્યવહારવાળો છે.

૨૨. જોધપુરી પંચાંગ પાંચમના ક્ષયવાળું છે. માટે ચોથનો ઉદય ક્ષયે પૂર્વાના ન્યાયે નથી મળતો તેવો જુઠ્ઠો પાઠ જણાવનારાઓ શા માટે સંદેશ–જન્મભૂમિ વિગેરે ભાદરવા સુ.૩ના સીધા ક્ષયવાળા પંચાંગો નથી લેતા ? શાસનપ્રેમીઓને તો ચંડાશુંચંડુ પંચાંગ માનીને શાસ્ત્ર અને પરંપરા પ્રમાણે પૂનમ–અમાવાસ્યાની વખતે તેરસની વૃદ્ધિ હાનિ થાય છે, તેમ આ પાંચમની હાનિ વખતે ત્રીજની હાનિ કરીને સોમવારે ચોથ માનવી તે સીધો રસ્તો છે.

૨૩. મંગલવારના પક્ષવાળાઓ જો હઠ કે કદાગ્રહમાં ન જાય તો તેઓ સાચી રીતે ભા. સુ. ૪ ને સોમવારેજ સંવત્સરી પર્વ કરે. જો તેઓને હઠ–કદાગ્રહ ન હોય તો શા માટે જોધપુરી પંચાંગને છોડે. લખ્યો પ્રત્યક્ષ પંચાંગો સીધો ત્રીજનો ક્ષય, કહેનારાં છે, તેને છોડે અને કોઇપણ દિવસ આચરણામાં ન લેવાનું તેવું કાંઇક છઠ્ઠનાં ક્ષયવાળું પંચાંગ પકડે.

૨૪. વઢવાણથી કે બીકાનેરથી તે તો જણાવવામાં આવેલું નથી કે ફલાણા પંચાંગને આધારે અમે ફલાણો ક્ષય દેખીને ક્ષય માનીએ છીએ, પરંતુ એટલુંજ જણાવવામાં આવેલું કે અમે છઠ્ઠનો ક્ષય કરવાના છીએ. અર્થાત્ હેતુ કે નિર્દેશ વગરનું કથન તે હોવાથી શ્રીસંઘમાં કેટલું માન્ય થાય તે શ્રીસંઘેજ વિચારવા જેવું છે.

૨૫. સં ૧૯૫૬–૬૧ ને ૧૯૮૯માં તો આ પ્રત્યક્ષ ગણિતના પંચાંગો હતાંજ નહિ એટલે તે વખતે તેનું આલંબન આચરણાને છોડવાવાલા પણ ન લે તે સ્વાભાવિક હતું.

૨૬. ચાલુ સાલમાં તો કેઇ મુદ્દતથી બહાર પડતાં સૂક્ષ્મ પંચાંગો જન્મભૂમિ–સંદેશના લાગ્યા છે અને તે બધામાં સીધી રીતે ત્રીજનો ક્ષય છે ને સોમવારે ઉદયવાલી ચોથ છે, તો જેને કદાગ્રહ કે હઠવાદ ન હોય અને પરંપરાની પણ દરકાર હોય તો તે પ્રત્યક્ષ પંચાંગોમાં કહેલ સિધો ત્રીજનો ક્ષય લઇને ભા. સુ. ૪ ને સોમવારેજ સંવત્સરી કરે.

તા. ક.—યાદ રાખવું કે જૈન શાસનની અંદર તત્વતરંગિણી વિગેરે શાસ્ત્રો અને પરંપરા એજ કહે છે કે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેની પહેલાની અપર્વતિથિને અપર્વતિથિના નામે બોલાવવી પણ નહિ, પણ તેનો વ્યવહાર તથા વ્યપદેશ પર્વતિથિના નામેજ કરવો અને આ વાતની સિદ્ધિને માટે અપર્વતિથિને તાંબા જેવી અને ક્ષય પામેલી પણ પર્વતિથિને રત્ન જેવી કહેલામાં આવી છે. અને તેમ કરીને પર્વ

તિથિનોજ વ્યપદેશ ને વ્યવહાર થાય તેમ ચોકખું જણાવેલું છે. આજ કારણથી ઉત્થાપક વર્ગના આગેવાનને તત્ત્વતરંગિણી શાસ્ત્રમાંના **'चतुर्दश्या एव'** ની જગો ઉપર **'चतुर्दश्या'** એટલુંજ લખીને **एव**કારને ઓળવવો પડયો હવે જો ચૌદશના ક્ષયે તેરસના દિવસને તેરસ તરીકે કહેવાય નહિ અને ચૌદશજ કહેવી પડે અર્થાત્ ક્ષય પામેલી પણ પર્વતિથિ અખંડ તરીકેજ વ્યવહારમાં લેવાય ત્યારે પુનમ-અમાવાસ્યાના ક્ષયે, ચૌદશના દિવસે [redacted] પૂનમ અમાવાસ્યાજ કહેવા પડે અને તેથી ઉડાડી નાખેલી ચૌદશ તેરસને દહાડે કહેવી અને આરાધવી પડે. તેવી રીતે અહીં પણ મંગળવારના દિને પાંચમ પર્વતિથિ કહેવીજ પડે અને ચોથ સોમવારના દહાડેજ કહી સંવત્સરી આરાધી શકાય અને તેજ અખંડ આરાધના કહેવાય એમ ન કરતાં જેઓ ભેળસેળવાલા છે તેઓ તિથિ શંકરીઆ બનવા સાથે ઉત્થાપક બને છે. અને એવી રીતે તો કોઇપણ શાસનપ્રેમી વર્ગ બનવા તૈયાર થાયજ નહિ. અને તેથી ભા. સુ. ૪ ને સોમવારેજ શાસનપ્રેમી વર્ગ સંવત્સરી પર્વ કરે.

(આ વાત પર્વાનન્તર પર્વને પણ લાગુ પડે છે. અને તેથીજ તેમાં પહેલી પૂનમ કે અમાવાસ્યાએ પક્ષખી એટલે ચૌદશ ઉદયમાં ન છતાં ચૌદશ કરાય છે. અને તે સિવાજ ચારસો વરસ પહેલાંથી ચાલ્યો આવતો હોવાથી ખરતરગચ્છવાળાએ તપગચ્છવાળાને ઓલંભો દેતાં નપુંસક તિથિમાં તમે પક્ષખી કેમ કરો છો તેમ જણાવેલું છે.)

ઉપરની બધી હકીકતથી નિઃસંશય પણે એ વાત સાબીત થાય છે કે ચારસો વરસ પહેલાંથી જૈનશાસનમાં પર્વાનન્તર પર્વતિથિની હાની વૃદ્ધિ ગણિતના હિસાબે માનવામાં આવી હતી ને આરાધનામાં ત્રીજે સ્થાને રહેલી તેરસની હાનિ વૃદ્ધિ થતી આવી છે. અને તે વાતને સમજીને શાસનપ્રેમિ વર્ગ તો ચાલુ સાલમાં ભા. સુ. ૫ નો ક્ષય જોધપુરી ટીપણામાં દેખીને સોમવારના દહાડે ચોથને સંવત્સરી કરશે અને મંગળવારના દહાડે તો પાંચમજ માનશે.

તા. ક—કેટલાકોનું એમ કહેવું થાય છે કે એક સંપી અને સંઘની શાન્તિ માટે મંગલવારની સંવત્સરી કરવી સારી છે. એમ કહેવાવાળાઓએ સમજવું જોઇયે કે સંઘની શાન્તિ અને એક સંપીનો ભંગ મંગલવારની સંવત્સરી કરનારેજ કરેલો છે. કેમકે સોમવારની સંવત્સરીના લખાણ અને તેના સ્વીકારને તો આજ આઠ આઠ મહિનાઓ થઈ ગયા છે. એટલે સોમવારની સંવત્સરી કહેનાર અને કરનારાઓને શાન્તિ અને એક સંપીના ભંગ કરનાર કહી શકાયજ નહિં. ખૂદ જૈન સિદ્ધાન્તજ એ છે કે સિદ્ધાન્તના રક્ષણ પૂર્વકજ થતી શાન્તિ અને એક સંપી આદરવા યોગ્ય છે. સિદ્ધાન્તના ભોગે તો જૈન શાસન શાન્તિ કે એક સંપીને માનતુંજ નથી. દાખલા તરીકે મયણાસુંદરીનું દ્રષ્ટાન્ત જૈનોમાં પ્રસિદ્ધજ છે. માટે સાચો સોમવારની સંવત્સરીનો સિદ્ધાન્ત શાસનપ્રેમી જૈનોએ અપનાવ્યો છે ને અપનાવવાનો છે.

॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(ગથા અંકથી ચાલુ)

પ્રધાન-વન્દનાને અયોગ્ય.

આ રીતિએ પશ્ચાનુપૂર્વિએ અંત્ય બે ભાંગાની વન્દનાને અનુસરતું ફલ પ્રતિપાદન કર્યું, અને હવે પૂર્વાનુપૂર્વિએ પ્રથમ બે ભાંગાની વન્દનાને અનુસરતું ફલ અભવ્ય-આત્માઓને અતિ-અત્યંત દુર્લભ છે. તે (બે ભાંગાની) વન્દનાની દુર્લભતા અભવ્ય-આત્મા-વિષયક પ્રતિપાદન કરે છે કે ઇષ્ટકારણ-સંબંધક-વિશિષ્ટ-અભ્યુદય-ક્ષયકરાદિ કાર્યોની ઉત્પત્તિના અમોઘ કારણભૂત સ્વભાવ છે જેનો, અથવા સાંસારિક સુખ-શાન્તિ આનંદ આપવાનો સ્વભાવ છે જેનો એવાં તે ચિન્તામણિ—કલ્પવૃક્ષ—કામઘટ-ચિત્રાવેલ્યાદિને પ્રાપ્ત કરવામાં અયોગ્ય-આત્માઓ, બેનશીબ હોય છે, અર્થાત્ જલ્દી પ્રાપ્ત કરી શકતાંજ નથી. તેવીજ રીતે પ્રથમ બે ભાંગાની વન્દનાને અને વન્દના-વિષયક-વિશિષ્ટ-લાભોને અભવ્યો-અયોગ્ય=આત્માઓ પ્રાપ્ત કરી શકતાંજ નથી. કારણ કે પ્રથમ-બે ભાંગાને અનુસરતી વન્દના તે ઉત્કૃષ્ટ વન્દના છે, અને પ્રધાન-વન્દના એ મોક્ષ પ્રાપ્તિના અમોઘ કારણભૂત છે; અર્થાત્ પરમપદ પ્રાપ્તિના અમોઘ બીજ ભૂત છે. ગાથા ૪૬

અભવ્ય-સદૃશ-ભવ્યો.

પ્રધાન-વન્દનાને અને પ્રધાન-વન્દના-વિષયક ફલને જેવી રીતે અભવ્ય આત્માઓ પ્રાપ્ત કરી શકતાંજ નથી, તેવીજ રીતે સર્વ ભવ્યો પણ પ્રથમ બે ભાંગાને અનુસરતી પ્રધાન વન્દના અને પ્રધાન વન્દના વિષયક ફલને પણ પ્રાપ્ત કરી શકતાંજ નથી. આજ પ્રસંગને આ પદ્યમાં શાસ્ત્રકાર જણાવે છે, અને તેજ પ્રસંગનું સ્પષ્ટીકરણ વૃત્તિકાર જણાવે છે; તેનો સારાંશ આ પ્રમાણે છે. પૂર્વે જણાવેલી વન્દના અને વન્દના વિષયક ફલને પ્રાપ્ત નહિં કરતાં હોવાથી ભવ્યો=યોગ્ય-આત્માઓ પણ અભવ્યો=અયોગ્ય-આત્માઓજ છે એમ કહેવું યુકિત યુકત છે. અર્થાત્ ભવ્યો પણ ફલ પ્રાપ્તિમાં અભવ્યો જેવાં છે.

ચાલુ પ્રસંગમાં ચિન્તામણિ આદિ સદૃશ પરમ વન્દનાની પ્રાપ્તિને અને તે વન્દના વિષયક ફલને પ્રાપ્ત કરનારા કેટલાક આસન્ન ભવ્યોજ પામી શકે છે, કારણ કે જે આત્માઓને ભવ્ય હોવા છતાં સંસારમાં વધુ રખડપટ્ટી કરવાની નથી, અને જેઓ બે-ચાર-પાંચ-સાત-આદિ ભવોમાં સકલ કર્મને વિનાશ કરવાની સાધન સામગ્રી સંયોગ પામવાના છે તેઓનેજ આસન્ન ભવ્યો કહેવાય છે. અને આથીજ અચિન્ત્ય ચિન્તામણિ-સદૃશ પરમવન્દનાને અને તે વન્દના-વિષયક-ફલાદિને પ્રાપ્ત કરનારા કેટલાક આસન્ન ભવ્યોજ હોય છે એમ જણાવ્યું. પરંતુ જે ભવ્યોને અનાદિ-અનંતકાળથી જાતિ-ભવ્યપણું શાસ્ત્ર સિદ્ધાન્તમાં જણાવેલું છે તે ભવ્યોને ઉપર જણાવેલી પરમ વન્દના, પરમ વન્દના વિષયક સાધન-સામગ્રી-સંયોગ, અને તદ્વિષયક મોક્ષ પ્રાપ્તિ રૂપ ફલ પ્રાપ્ત થવાનુંજ નથી; તેજ કારણથી સર્વ ભવ્યોને સકલ કર્મના ક્ષયરૂપ નિર્વાણ પ્રાપ્તિ=મોક્ષ પ્રાપ્તિનો અપ્રાપ્તિ નિષેધ જણાવ્યો છે. ગાથા ૪૭.

આસન્ન ભવ્યોનું સ્વરૂપ.

આસન્ન ભવ્ય-આત્માઓના સ્વરૂપનું સામાન્યતઃ પ્રતિપાદન ઉપર કરી ગયા, છતાં આસન્ન ભવ્યોના પરિણામ કેવા પ્રકારના વર્તતા હોય તે દ્વારાએ શાસ્ત્રકાર જણાવે છે. જેઓ પ્રથમ બે ભાંગાની પ્રધાન-વન્દનાને સર્વજ્ઞ કથિત શાસ્ત્ર માન્ય વિધિ વિધાન પૂર્વક સેવન કરે છે, અથવા તો તે પ્રધાન વન્દના પ્રતિ શ્રદ્ધા-પ્રતીતિ પૂર્વકની રૂચિ કરે છે; તેઓ આસન્ન ભવ્યો છે. એટલુંજ નહિં પણ જે પુણ્યાત્માઓ ઉપર જણાવી ગયા તે પ્રધાન વન્દનાને, પ્રધાન વન્દના વિષયક વિધિ-વિધાન પ્રત્યે દ્વેષ કરતા નથી તેઓ પણ આસન્ન ભવ્યો છે એ સમજવું અત્ર પ્રાસંગિક સુસંગત છે. આ ઉપરથી વન્દનાને સેવન કરનારાઓ અને વન્દના વિષયક શ્રદ્ધા-પ્રતીતિ-રૂચિ ધરાવનારાઓને આસન્ન ભવ્યો જણાવ્યા. અને આથીજ શાસન માન્ય વિધિ વિધાન પ્રત્યે દ્વેષ ન થવો એવા જીવોને નજીકમાં કલ્યાણ કરનારા છે, અથવા તો 'નજીકમાં કલ્યાણ કરનારા થશે' આ લોભની પ્રાપ્તિ અદ્વેષપણામાં થાય છે, આ પ્રરૂપણા દ્વારાએ આ શાસનની વિશાળ-ઉદારતાનું અત્ર દિગ્દર્શન થાય છે. જે ભવ્યાત્માઓને વન્દના વિધિ-વિધાન અને તદ્વિષયક પ્રરૂપણા અંગે દ્વેષ થતો નથી તે પણ આસન્નભવ્યો છે, તે પ્રસંગનું વિવરણ કરતાં જણાવે છે કે-પરમપદને પ્રાપ્ત કરવામાં જે ભવ્યાત્માઓ અલ્પ સંસારી છે, અર્થાત્ જેઓ થોડા ભવો કરી મોક્ષ પ્રાપ્ત કરનારા છે તે આસન્નભવ્યોને વન્દના વિષયક-વિધિ-વિધાન અને પ્રરૂપણા થતી હોય તે અવસરે અમત્સર= અદ્વેષ=માધ્યસ્થ ભાવ હોય છે, એટલે તેઓ દ્વેષ વગરનાં હોય છે. પૂર્વે જણાવ્યું કે આસન્ન-ભવ્યો વન્દનાનો વિધિ સાચવનારા હોય છે. અને શ્રદ્ધાવન્ત હોય છે, આ કથનની વિશુદ્ધિમાં કારણ જણાવે છે કે તેઓએ શ્રદ્ધા અને પ્રવૃત્તિ પાલનને રોકનારાં ક્લિષ્ટ કર્મોનો ક્ષયોપશમ કરેલો હોવાથી, તેઓને શુદ્ધિ પ્રાપ્ત આસન્નભવ્યો કહેવાય છે. અને આથીજ તે પુણ્યાત્માઓ માધ્યસ્થ ભાવને અનુસરે છે.

મોક્ષમાર્ગ પ્રત્યે માધ્યસ્થ ભાવનો આવિર્ભાવ થવાનાં ક્લિષ્ટ-કર્મનો ક્ષયોપશમ થવો જરૂરીનો છે. આ વાતને સ્પષ્ટ કરતાં વૃત્તિકાર જણાવે છે કે—**न हि क्लिष्ट कर्मणां मार्गं प्रति माध्यस्थ्यमपि न जायते** । આ વાકયને અનુસરીને એક વ્યાપ્તિ નિયામક બને છે. જ્યાં જ્યાં માધ્યસ્થ્યભાવ વર્તે છે ત્યાં ત્યાં નિયમા ક્લિષ્ટ-કર્મનો ક્ષયોપશમ થયેલોજ છે! આ વ્યાપ્તિના સમર્થનને સુંદર દ્રષ્ટાન્ત દ્વારાએ દ્રઢીભૂત કરે છે. જેવી રીતે ક્ષુદ્ર મૃગલાંઓ સિંહનાદને શ્રવણ કરી શકતાંજ નથી. પરંતુ તે સિંહનાદ ત્રાસનાદિને ઉત્પન્ન કરનાર હોવાથી તે ક્ષુદ્રહરિણોને ગભરામણ કરે છે; તેવીજ રીતે **ક્લિષ્ટ કર્મોથી વ્યાપ્ત-અલ્પ-સત્ત્વવન્ત જીવો સિંહનાદ સમી મોક્ષમાર્ગના અવન્ધ્ય કારણભૂત વન્દનાદિ-વિષયક-વિધિ વિધાનને અનુસરતી વિશુદ્ધ પ્રરૂપણાઓને શ્રવણ કરી શકતાંજ નથી.** કારણ કે ક્લિષ્ટ-કર્મ વ્યાપ્ત-જીવો સંસાર રસિક હોય છે, અને આ સિંહનાદ સરખી વિધિમાર્ગ પોષક વિશુદ્ધ પ્રરૂપણાઓ તથા અમોઘ દેશનાઓ સંસાર

રસિકતાને સર્વથા-સર્વદા દેશવટો આપવા અતિ સમર્થ હોય છે. અર્થાત્ દેશના-શ્રવણકાળે તે નિષ્પુણ્યક-જીવોને તે પ્રરૂપણા ત્રાસાદિ ભયજનક= વર્ધક જણાય છે.

વિધિ-માર્ગની વિધેયતા.

વન્દના વિષયક-વિધિ-સ્વરૂપ અને તદ્વિષયક-અવિધિ-સ્વરૂપ પ્રતિપાદન કરીને, વિધિનું સ્વરૂપ સમજીને વિધિમાર્ગનું સેવન કરનાર કેવું સુંદર ફલ પ્રાપ્ત કરી શકે છે, અને અવિધિનું સ્વરૂપ સમજીને અવિધિ-સેવન કરનારો શાસ્ત્ર વિહિત-વાસ્તવિક ફલની પ્રાપ્તિને બદલે અનેકવિધ-કષ્ટની પરંપરામાં કેવી રીતે પટકાઇ પડે છે; આ બંન્ને પ્રકારનું દિગ્દર્શન કરાવીને હવે આ ૪૯-૯૬માં વન્દના વિષયક-વિધિ માર્ગની વિધેયતાનું દિગ્દર્શન કરાવતાં થકાં 'आलोचिऊण' ઇત્યાદિ પદો દ્વારા જણાવે છે.

આ રીતિએ પૂર્વ જણાવેલાં ભાવો અર્થાત્ વન્દના વિષયક-વિધિ-અવિધિ સંબંધિ કથન કરેલાં તન્ત્ર=પ્રવચનસ્થ-ભાવોને વિવેકપૂર્વક વિચારીને વિધિ માર્ગમાં ઉદ્યમ કરવા લાયક છે.

આ ઉપરથી પૂર્વે જણાવેલાં ભાવોને ઉપર ઉપરથી જોઇ જવાં, અગર પૂર્વાપર ભાવોને નયન માત્રથી દૃષ્ટિગોચર કરવાં ઉચીત નથી; માટેજ શાસ્ત્રકારે 'पूर्वापरेण तन्त्रमालोच्य' એ પદોનું કથન કર્યું તે સુસંગત છે. આથીજ આલોચન માત્રનો વ્યવચ્છેદ કર્યો, કારણ કે પૂર્વાપર ભાવોને ઉપર ઉપરથી જોઇ જવાથી કે દૃષ્ટિગોચર કરી લેવા માત્રથી તત્ત્વાવબોધની યથાર્થ પ્રાપ્તિ થઇ શક્તીજ નથી. શાસનમાન્ય-સૂરિવર્યોએ અથવા શાસન માન્ય-આત્મહિતાભિલાષિ પંડિત-વર્યોએ શાસ્ત્રવિહિત-અવસરાદિ આરાધન સ્વરૂપ વન્દના વિષયક વિધિ-વિધાનમાં સ્વયં આલસ્ય રહિતપણે ઉદ્યમ કરવા લાયક છે, અને બીજાઓને પણ વન્દના વિષયક વિધિ-વિધાનમાં ઉદ્યમ કરાવવા લાયક છે. આ કથન કરીને અવ્યુત્પન્ન બુદ્ધિમન્ત જીવો હિતના માટે પ્રધાન પુરૂષોનું અનુકરણ કરનાર હોવાથી અવિપરીતપણે તુરત વન્દના વિધિ વિધાનમાં પ્રવર્તે છે. ગાથા. ૪૯.

અપભ્રાજના નિવારણાર્થે.

જ્યારે ગીતાર્થ ભગવંતો શાસ્ત્રવિહિત વિધિ વિધાન યુક્ત વન્દના સ્વયં કરે છે, અને બીજાઓને તેજ રીતિએ કરાવે છે; ત્યારે અવ્યુત્પન્ન બુદ્ધિમન્ત જીવો પણ તેજ રીતિએ પ્રવર્તે છે, કારણ કે માર્ગને અનુસરવાવાળાઓ માર્ગના જ્ઞાતા પ્રધાન-પુરૂષને અનુસરે છે.

ઉત્તમ મહાપુરૂષોએ જે માર્ગ શરૂ કરેલો છે, પ્રવર્તાવ્યો છે, તે બીજાઓને દુષ્કર થતોજ નથી; અર્થાત્ બીજાઓ સહેલાઈથી આચરણ કરી શકે છે. ગીતારથ-ભવભીરૂ-જયણાવન્ત આચાર્ય ભગવંતો જે માર્ગની આચારણા કરે છે, તે માર્ગનું અનુશીલન કરનારાઓ શું કોઇપણ પ્રકારે ખેદ પામે છે?, અર્થાત્ તે ખેદ પામતાંજ નથી. વૃત્તિ ગાથા.

દુષમાદિ સમયમાં અગર દુર્ભિક્ષાદિ=દુકાલાદિ અવસરમાં ચરણ-કરણને અનુસરતાં અનેકવિધ અનુષ્ઠાનોમાં ઉદ્યમવંત-બહુશ્રુતો જે જે સ્થળે જે જે આચરણ કરે છે, તે તે આચરણનું

આલંબન તીવ્ર શ્રદ્ધાવન્તો અનુશીલનાર્થે ગ્રહણ કરે છે. તેવીજ રીતે વન્દના વિષયક વિધિ માર્ગમાં પ્રવૃત્તમાન થયેલાઓ વન્દનારાધનાથી ઉત્પન્ન થયેલા-હિતને પ્રાપ્ત કરે છે, અને વન્દના વિષયક-વિરાધનાજન્ય વિઘ્નાદિ કષ્ટોથી મુક્ત થાય છે, તે માટે જનસમુદાયમાં અપ-ભ્રાજના ન થાય આ અભિપ્રાયથી ઉપર મુજબનો ઉપદેશ જણાવેલો છે. અર્થાત્ અપુનર્બંધકાદિ અવસ્થા પ્રાપ્ત નહિં કરનારાઓને, પૂર્વે શાસ્ત્ર કથિત જિજ્ઞાસાદિ લિંગ રહિત જીવોને ઉપદેશ દેનારા અસમંજસમણે સ્વયં વન્દના વિષયક-વિધિ-વિધાન સાચવનારાં શાશન-માન્ય આચાર્યોને આ ઉપદેશ છે, અને આ કથન જનસમુદાયમાં અપભ્રાજના ન થાય એ અભિપ્રાયથી કરેલું છે. ગાથા ૪૯ ની વૃત્તિ.

અંતિમ-ઉપદેશ.

જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ વ્યાધિથી વ્યાપ્ત થયેલા રોગી અને બાલાદિ વૃદ્ધ-જીવોને પથ્ય ભોજન, ઔષધ, વિનય-વૈયાવચ્ચાદિથી સુખ-શાન્તિ-સંતોષ પમાડાય છે, તેવી રીતે અત્ર વન્દના વિષયક-વિધિ-માર્ગની સેવના કરનારા-ઓમાં જઘન્ય-મધ્યમાદિ ભાવો વિચારવા લાયક છે. આમીજ ચાલુ વન્દનાના અધિકારમાં જેમ બિમારને આઠ વર્ષની અવસ્થાવાળા બાળકને, અને વૃદ્ધને ઉચિતકાળે ઉચીત પથ્ય ભોજન, ઔષધાદિ અપાય છે, તથા અપાતાં પથ્ય ભોજન-ઔષધાદિ ગુણકર થાય છે, પરંતુ ઉચીત અગર પથ્યદેવા-ખોરાકાદિ ન સચવાય તો દોષની વૃદ્ધિ માટે થાય છે, તેમીજ રીતે સકલ-[illegible]ને કરવાના સ્વભાવવાળી વન્દના યોગ્ય આત્માઓનેજ વિધિપૂર્વકજ દીધેલી હોય તોજ તે તે આત્માઓને ગુણ કરનારી અર્થાત્ આત્મ-હિત વર્ધક ગુણગણને વધારનારી થાય છે, નહિંતર અનર્થની પરંપરાને ઉત્પન્ન કરનારી થાય છે.

વન્દના વિષયક વિધિ વિધાન-અનુસરનાર-આત્માઓને પણ વન્દના વિષયક વિધિનું સેવન ત્યારેજ ગુણકર થાય છે, કે જેઓએ એટલે સત્ત્વશાલિ-આત્માઓએ લોકોપવાદની બીક રાખ્યા વગર વિધિપૂર્વક વન્દના વિધિ માર્ગનું સેવન કર્યું છે. ગાથા. ૫૦.

અન્ય માન્યતાઓનું નિરસન.

હવે કેટલાકોની માન્યતા અત્ર પ્રગટ કરતાં જણાવે છે કે શ્રાવકોને શક્રસ્તવ માત્રજ વન્દન કરવું યુક્ત છે, અને આ વાત કરીને જિવા-ભિગમ સૂત્રની, અને રાયપસેણી સૂત્રાદિની સાક્ષિ આપે છે; તથા સાથે સાથે વિજયદેવનો અને સૂર્યાભદેવનો અધિકાર જણાવીને પોતાની વાતને દ્રઢીભૂત બનાવે છે. એટલુંજ નહિં પણ જ્ઞાતા સૂત્રની સાક્ષિ આપીને સતી દ્રૌપદીએ, અને જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિમાં ઇન્દ્ર મહારાજાએ શક્રસ્તવ રૂપ વન્દન કરેલું છે એમ જણાવે છે. આ રીતિએ શક્રસ્તવ માત્રજ વન્દન હોઇ શકે છે એમ જણાવે છે. ઉપરના શાસન માન્ય-ગ્રંથોમાં તે પ્રમાણે આચરેલું છે, અને આચરેલું પ્રામાણ્ય હોવાથી, તથા શ્રી ગણધર ભગવંતોએ કરેલા સૂત્રોમાં જણાવ્યા સિવાયનું અધિક કરવાનું નહિં કથન કરેલું હોવાથી; શક્રસ્તવથી અધિક વન્દન વિધિ વિધાનજ નથી એ પક્ષને અત્ર સ્થિત કરે છે. અર્થાત્ માનેલી માન્યતાને દ્રઢીભૂત કરે છે.

(ચાલુ)

સુધા-વર્ષા.

આલેખનકારઃ—સુધાવર્ષી–પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૬૩૭. કલ્યાણકાંક્ષિ-શિષ્યાદિ વર્ગે પરમોપકારિ સદ્‌ગુરૂવર્યાદિ પ્રત્યે સર્વસ્વ-સમર્પણ કરવાની સુંદર ભાવનાથી ભાવિત થઇને ત્રિકરણ-યોગે ત્રિવિધ પ્રવૃત્તિને પગભર બનાવવી- એજ સામર્થ્ય યોગની સિદ્ધિનો રાજમાર્ગ છે.

૬૩૮. પોતાની અપેક્ષાએ અતિ કઠિન અને અશકય જણાતું અનુષ્ઠાન કરવાની તીવ્ર-તાલાવેલીમાં લયલીન-બનેલા-આત્માઓએ તે અનુષ્ઠાનમાં આગળ વધેલા પુરૂષ સિંહોની ખૂબ ખૂબ પ્રેમપૂર્વક પ્રશંસા કરવી, શકિત અનુસાર સેવા કરવી; અને અન્ન-પાન-વસ્ત્ર-ઉપકરણાદિથી વિનય-વૈયાવચ્ચમાં વિવેક પૂર્વક આગળ વધવું એજ અતિકઠિન-અશકય-અનુષ્ઠાન પ્રાપ્તિનો અને પ્રાપ્ત થયેલ અનુષ્ઠાનોનું અમોઘ-ફલ પ્રાપ્ત કરવાનો સીધો-સરળ-નિષ્કંટક રાજમાર્ગ છે.

૬૩૯. જન્મવું અને વિદાય થવું, વિકાસ થવો અને હ્રાસ થવો; તેમજ ઉન્નતિના ઉન્નત શિખરે આરોહણ કરવું અને પતનની પામર-દશામાં દીન બનીને પટકાઇ જવું વિગેરે પ્રસંગોનું અવલોકન કરીને વિદાય થવા પહેલાં વિશ્વનો આશીર્વાદ મેળવીને વિદાય થવું એજ વિવેકિયો માટે સર્વદા-સર્વત્ર-સર્વથા હિતકર-સદુપદેશ છે.

૬૪૦. વિવેક ભર્યું વિશિષ્ટ જીવન-જીવવાની અભિલાષા હોય તો વીતરાગની વાણીનું શ્રવણ-મનન-અને પરિશીલન કરવાની અનિવાર્ય જરૂર છે.

૬૪૧. જેઓ સ્વજીવનનો સર્વજ્ઞકથિત શાસ્ત્રાનુસારે વિકાસ સાધીને, અન્ય જીવોને વિકાસના માર્ગે યોજી ગયા છે અને યોજી રહ્યા છે, તેઓજ પ્રાતઃસ્મરણીય, પરમવંદનીય, પરમપૂજનીય; અને પરમપ્રભાવશાલિઓમાં પ્રથમ નંબરે ભવ્યાત્માઓના પુનીત હૃદયમાં સ્થિર થાય છે.

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી–પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

શ્રી સકલ જૈન સમાજને ચેતવણી.

અષાડ ચોમાસી પર્વ ક્યારે ?

શાસ્ત્ર અને શાસનની અવિચ્છિન્ન પરંપરા માનનારાઓ અમાવાસ્યા અને પૂર્ણિમાની ક્ષય કે વૃદ્ધિના અવસરે-તેરસનીજ ક્ષય-વૃદ્ધિ કરે છે. તેવીજ રીતે ભાદરવા સુદ ૫ ના ક્ષય કે વૃદ્ધિએ ભાદરવા સુદ ત્રીજની ક્ષય કે વૃદ્ધિ કરવી તે શું સંગત છે ? આથીજ હંમેશાં શ્રી જૈન સંઘમાં મનાતા ચંડાંશુ-ચંડુ પંચાંગમાં ચાલુ સાલમાં અષાડ સુદિ-પુનમની વૃદ્ધિ છે તેથી શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારો શ્રીસકળ-સંઘ સુદ ૧૩ બે કરીને અષાડ-ચોમાસીની આરાધના નીચે મુજબ કરશે—

અષાડ સુદી-ચૌદશ (ચોમાસી) ને વાર મંગળ તા. ૨૯-૭-૪૮ ની આરાધના કરશે. તે રીતિએ ચાલુ સાલના ચંડાંશુ-ચંડુ પંચાંગમાં ભાદરવા સુદ ૫ નો ક્ષય છે તો તે પણ શાસ્ત્ર-અને પરંપરા અનુસારે ભાદરવા સુદ ૩ નો ક્ષય કરીને પર્યુષણા-પર્વની આરાધના નીચે મુજબ કરશે.

પર્યુષણાની આરાધના ક્યારે ?

પર્યુષણા-પ્રારંભ—શ્રાવણ-વદ ૧૧ ને વાર સોમ તા. ૩૦-૮-૪૮ અઠ્ઠાઈધર.
શ્રાવણ વદ ૧૪ ને ગુરૂવાર તા. ૨-૯-૪૮ કલ્પધર, કલ્પસૂત્ર વાંચન પ્રારંભ.
,, ૦)) ને શુક્રવાર તા. ૩-૯-૪૮ પ્રભુ શ્રી મહાવીર જન્મ વાંચન.
ભાદરવા સુદ ૧ ને શનિવાર તા. ૪-૯-૪૮ તેલાધર.
ભાદરવા સુદ ૪ ને વાર સોમ તા. ૬-૯-૪૮ સંવત્સરી પર્વની આરાધના

ઉપર મુજબની નિયત તિથિએ શાસ્ત્ર ને પરંપરા માનનાર શ્રી.સકલ સંઘ આરાધના કરશે.

તા. ક:—પોતાની કલ્પના ખાતર બ્રહ્મ પક્ષના પંચાંગના નામે એક દિવસ માટેજ માત્ર પંચાંગ જુદું લેવું તે કોઇપણ સજ્જનને શોભે તેવું નથી. એટલે ભા. સુ. ૬ નો ક્ષય કરી મંગળવારે સંવત્સરી પર્વ હોઇ શકેજ નહિં, અને પર્વ તિથિનો ક્ષય તો માત્ર નવિન મતલાળા ઉત્પાપક્ષેજ માને છે.

પૂ. કાંતિલાલસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ. ૩૮૨૦૦૯

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

પૂ. શ્રી માણિક્યસાગર સૂરિવર્યના સંદેશ.

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક-આચાર્યદેવેશ ગીતાર્થ સાર્વભૌમ ગુરૂદેવ **શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીની આજ્ઞાથી** આરાધકોને જણાવાય છે કે—

વિ. સં. ૨૦૦૪ ના શ્રાવણ વદ ૧૧ ને સોમવારે અઠ્ઠાઈનું પર્વ અને ભાદરવા સુદ ૪ ને સોમવારે સંવત્સરી પર્વની આરાધના કરવી, એ કેઈ યુગોથી મનાયેલા જોધપૂરી પંચાંગને અનુસારે શાસ્ત્ર અને શાસન-માન્ય-પરંપરાથી સિદ્ધજ છે.

આ ઉપર જણાવેલ ગીનાને ઘણુંજ પેપરોમાં, પંચાંગોમાં, અને લેખોમાં ઘણીજ મુદ્દતથી સાબિત કરવામાં આવેલી છે, અને સામા પક્ષે એનો એક પણ શાસ્ત્રીય કે યુકિત યુકત-દલીયો હજુસુધી આપેલોજ નથી, તેથી તેજ પ્રમાણે સોમવારની માન્યતાવાળાઓએ સોમવારની સંવત્સરી કરવાની છે.

પર્વાધિરાજ પર્યુષણાના દિવસો આરાધકો માટે શાંતિમય પસાર થાય તે હેતુથી શ્રાવણ વદ ૧૦ ને રવિવારથી ભાદરવા સુદ ૮ ને શુક્રવાર તા. ૧૦-૮-૪૮ સુધીમાં **સોમવારની સંવત્સરની આરાધના કરવાવાળા કોઇપણ વ્યકિતએ સામા પક્ષના શાસ્ત્રીય પુરાવાના કોઈપણ કારણ સિવાય આ ચર્ચામાં ઉતરવું જ નહિં એજ.**

વી. સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪
વર્ષ ૧૪-અંક ૧૧

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

શ્રી શાંતિપ્રિય, દ્વિરેફ અને બાલાભાઈ આર. શાહને જવાબ.

લેખકઃ—મુનિ હંસસાગર.

મું. સ. તા. ૨૬–૭–૪૮ માં શ્રી શાંતિપ્રિય, 'મુનિશ્રી હંસસાગરજીની મોટી ભ્રમણા' એ શીર્ષક તળે ત્રણ આચાર્યોના વર્ચસ્વથી સમાજનો મોટો ભાગ મંગળવારે સંવત્સરી કરવાનો છે, એમ લખી નવાઈ કરી આપે છે કે–'મંગળવારની સંવત્સરી કોઈ શાસ્ત્રાધારથી થતી નથી, કેવળ વર્ચસ્વથીજ થાય છે.' આ કહેવાતું વર્ચસ્વ પણ કેટલું પોકળ છે, તે બીના પૂ૦ સૂરિસમ્રાટે છઠનો ક્ષય જાહેર કર્યા બાદ તે અસત્યના અનુકરણમાં પૂ. આ. શ્રીવિજયવલ્લભસૂરિજી એકજ જોડાવા પામ્યા હોવાથી ઉઘાડું છે. અહિં કહેવુંજ નહિ કે—પૂ. આ. મ.શ્રી વિજયહર્ષસૂરિજી પણ તેમાં જોડાયા છે. કારણ કે હજુય સોમવાર સાચો કહેનારા તેઓ તો નવામતીની રીતિએ પાંચમનો ક્ષય માનવામાં સંડોવાયા નથી.

આ રીતે સિદ્ધાંતહીન છઠના ક્ષયની જાહેરાતમાં એકજ આચાર્યશ્રી ભળેલ છે, જ્યારે 'ત્રીજનો ક્ષય અને સોમવારી સંવત્સરી'ની સૈદ્ધાંતિક જાહેરાતમાં પૂ. ડઝનબંધ આચાર્યો અને મુનિવરો જાહેર ઉભા છે. છતાં શાંતિપ્રિય, સિદ્ધાંતહીન છઠના ક્ષયવાળાને સાચા સિદ્ધાંતવાળા કહે છે અને સિદ્ધાંતિક ત્રીજના ક્ષયવાળાને 'સાચા સિદ્ધાંતથી જુદો પાડનાર તુચ્છ વર્ગ' કહે છે, તે તેમના જેવા નામ છુપાવતા ઉપાન્યે શોભતુંજ ગણાય.

અંતે શાંતિપ્રિય કહે છે કે 'શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ૦, પૂ. શ્રીનેમિસૂરીશ્વરજી મ.ની આજ્ઞામાં હોવાથી મંગળવાર સિવાય બીજી સંવત્સરી ન કરે' પરંતુ તેઓની આ વાત પણ પૂ. આ. મ. શ્રીવિજય-પ્રતાપસૂરીજી મ., સં. ૧૯૯૩ માં 'ભા. સુ ૫ ના ક્ષયે ત્રીજનો ક્ષય જાહેર કરવાની પૂ. સૂરિસમ્રાટે આપેલી પ્રથમ આજ્ઞાનો ભંગ કરે તોજ બને તેમ છે. ૧૯૯૩ ની આજ્ઞાનો અમલ તો પૂ. પ્રતાપસૂરિજીએ તે વખતે પોતાના નામથી મોટી પત્રિકાઓ બહાર પાડીને અને તેમાં 'ભા. સુ. ૫ ના ક્ષયે ત્રીજનો ક્ષય કરવો' તેવા પૂર્વાચાર્યોના ચાર પાઠો મૂકીને પણ ઉદ્ઘોષણાપૂર્વક કર્યો છે. આથી તેઓશ્રીને આજની આધારહીણ આજ્ઞા પાળવા જાય તો ૧૯૯૩ ની આધારયુક્ત આજ્ઞાનો ભંગ થતો હોવાનું મહાન્ સંકટ છે.

દ્વિરેફે જાહેર કરેલી સંવત્સરી પર્વ નિમિત્તની સરળતા પણ આવી છે!

તા. ૩૧–૮–૪૮ ના મું. સ. માં વળી 'સંવત્સરી પર્વ અને સરળતા' એ શિર્ષક નીચે ઉપા. દ્વિરેફ, પોતાના જ્ઞાનદાતા પૂ. આગમોદ્ધારક દેવેશશ્રીને ડંખે છે! કારણ એકજ કે–પૂ૦ આગમોદ્ધારકશ્રીનું તા. ૧૫–૭–૪૮ નું નિવેદન, દ્વિરેફના ગુરૂ માને છે તે સોમવારી સંવત્સરીને તો શાસ્ત્રીય પદ્ધતિથી સાચી ઠરાવે છે, પરંતુ પોતાના પદદાતાની છઠનો ક્ષય અને મંગળવારી સંવત્સરીને કેવળ કલ્પનાની જાળ તરીકે ઉઘાડી પાડે છે!

આ રોષથી ડંખતા દ્વિરેફ, એક બાજુથી 'પોતે કરે છે તેજ સર્વથા સત્ય છે, એમ આગ્રહ સેવાય અને બીજી કરે છે તે ભૂલ ભરેલું છે, એમ ધૃષ્ટતાપૂર્વક બોલાય' એમ કહે છે અને બીજી બાજુથી મંગળવારના આગ્રહમાં જ્ઞાનદાતાને 'સંવત્સરીના સૂત્રધાર સાગરજીનું જાહેરપત્ર જેનું નિવેદન વિષયીજનને ઉચ્છેદનાર છે કે–વાવનાર?' એમ કહીને પોતેજ પોતાને 'મંગળવાર સત્ય છે' એમ આગ્રહ સેવનારા અને 'સોમવાર ભૂલ ભરેલ છે' એમ ધૃષ્ટતાપૂર્વક બોલનાર તરીકે ઓળખાવી આપે છે. આવા લેખકો આથીજ મૂળનામ છુપાવતા હોય છે. અને તેથી તેઓનાં લખાણો સમાજને હાનિપ્રદ હોય છે.

જ્ઞાનદાતાને 'સંવત્સરીના સૂત્રધાર સાગરજી' શબ્દોથી અને તેઓશ્રીનાં સિદ્ધાંતિક નિવેદનને 'વિષયીજ વાવનાર' શબ્દોથી શીરપાવ આપનાર દ્વિરેફે તેવું બોલીને જીભની ખરજ ઉતારવા કરતાં-કેવી રીતે

[વધુ માટે જુવો ટાઈટલ પેજ ૩ જો.]

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૪.	શ્રાવણ-માસ.	તંત્રી:
અંક ૧૧ મો.	તા. ૧૭-૮-૪૮.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકાર:--પૂ. આગમોદ્ધારક-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

[નોંધ:—વિ. સં. ૧૯૯૦ ના કારતક વદ ૨ ના રોજ, ઝવેરી સાકરચંદ ખુશાલદાસના મકાનમાં આપેલ અમોઘ દેશનાનો સારભૂત સંચય કરનાર પૂ. પં. શ્રી હેમસાગરજીએ ગણિ છે; અને તેઓશ્રી પાસેથી તે મેળવીને પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે, છતાં પૂ. દેશનાકારના આશય-વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર અમો ક્ષમા માગીએ છીએ. લિ. તંત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. આત્માની ઉન્નતિ કરનારૂં, અને અવનતિ કરનારૂં જ્ઞાન છે.

૨. વિશ્વની સઘળી વ્યવસ્થા માટે જ્ઞાનની જરૂર.

૩. સુપુત્ર-કુપુત્રની જેમ સમ્યગ્જ્ઞાનને અને મિથ્યાજ્ઞાનને ઓળખો.

૪. 'પાપ કાર્યો કરનારાઓ અજ્ઞાની નથી' એ સમજતાં શીખો.

૫. બેધારી તલવારરૂપ જ્ઞાનને વાપરતાં શીખો.

૬. લોભની વૃદ્ધિ પામતી પ્રવૃત્તિઓ સાથે જાણપણાનો સંબંધ.

૭. પરિગ્રહના પર્યવસાનનું પર્યાલોચન કરો.

૮. સર્વ નુકશાનોમાંથી બચાવનાર જ્ઞાન છે.

૯. ભવ-ભીરૂઓ માટે ઇંદ્રિયોનો વિજય પરમાવશ્યક છે,

૧૦. મોક્ષાભિલાષિઓ માટે પણ ઇંદ્રિયોનો વિજય પરમઆવશ્યક છે.

૧૧. ઇંદ્રિયો પર વિજય મેળવનારા સુશિક્ષકો કોણ ?

૧૨. ઇન્દ્રિયોના વિજય સાથે સમ્યગ્-જ્ઞાનનો સંબંધ.

बिभेषि यदि संसारान्मोक्षप्राप्तिश्च कांक्षसि ।
तदेन्द्रियजयं कर्तुं स्फोरय स्फार-पौरुषम् ॥

ઉન્નતિ કરનારૂં જ્ઞાન, અને અવનતિ કરનારૂં જ્ઞાન.

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય-

પ્રાણિઓના ઉપગારને માટે અષ્ટકજી નામના પ્રકરણને કરતાં થકાં આગળ જણાવી ગયા કે શરીર ધારણ માટે અને તેના નિર્વાહ માટે દુનીયાદારીએ જ્ઞાનની જરૂરીયાત માની છે, તેમ શાસનની પ્રવૃત્તિમાં મુખ્ય કારણ જ્ઞાન માનવામાં આવ્યું છે. શાસનને ચલાવવામાં ક્ષાયોપશમિકાદિ જ્ઞાન માનવામાં આવ્યું, અને આથીજ તે શાસન સ્થાપનાથી શરૂ થતી સર્વ–પ્રવૃત્તિમાં જ્ઞાનની જરૂરીયાત સ્વીકારી છે. જીવનના ટકાવને અંગે, જીવનના સાધનને અંગે, શાસનની સ્થાપના પછીની સર્વ પ્રવૃત્તિને અંગે; જ્ઞાનની અનિવાર્ય જરૂરીયાત દરેકને સ્વીકારવી પડે છે. પુત્રની જરૂરીયાત સ્વીકાર્યા છતાં પણ સુપુત્રની જરૂરીયાત છે. કુપુત્ર એ પુત્ર ગણાય છતાં પુત્ર તરીકેનો વંશને મળવો જોઇતો લાભ તે કુપુત્ર મેળવી દે નહિં. તેમ જ્ઞાનની જરૂરીયાત દેખી છતાં પણ જ્ઞાન બે પ્રકારનું છે. જેમ પુત્ર બે પ્રકારના છે, એક કૂળની ઉન્નતિ કરનારો છે, અને એની એ જાતમાં એટલે કુળમાં જન્મેલો, છતાં બીજો કુળની અવનતિ કરનારો છે; તેમ જ્ઞાન પણ જરૂરી છતાં એક જ્ઞાન આત્માની ઉન્નત્તિ કરનારૂં છે, અને એક જ્ઞાન આત્માની અવનતિ કરનારૂં છે.

જ્ઞાનનું બેધારી-તલવારપણું.

જેમ કેટલાક જગતના જીવોને પુત્રને અંગે સુપુત્ર અને કુપુત્રનો વિભાગ સમજવો આકરો પડે. છે, તેમ અજ્ઞાન જીવો એટલે અજ્ઞાન પિતાઓ અને અજ્ઞાન માતાઓએ પુત્રના કૂળ તરફ ધ્યાન દઇ શકતીજ નથી, પરંતુ કેવળ પુત્રપણા તરફ ધ્યાન દે છે, તેમ જગતમાં જ્ઞાનના સુંદર કે અસુંદરપણા તરફ ધ્યાન ન દે પણ અજ્ઞાન સ્ત્રી કે પુરૂષ પુત્રપણા તરફ ધ્યાન દે તેમ અજ્ઞાન જીવો માત્ર જ્ઞાન તરફ ધ્યાન દે છે. જેમ અજ્ઞાન જીવો કુપુત્રપણું કે સુપુત્રપણું વિચારવા જેટલી સમજ ધરાવતા નથી. દુનીયાદારીથી પુત્રનું સુપુત્રપણું અને કુપુત્રપણું દુનીયાદારીના કથનથી અગર દુનિયાદારીમાં આવતા ફળથી અજ્ઞાની જીવ જાણી શકે છે, અને માની શકે છે. પરંતુ જ્ઞાનની અંદર ખોટાપણું અને ખરાબપણું એ માનવાને તૈયાર થવાતું નથી. વળી જ્ઞાન હોય તે ખોટું કેમ? પુત્રનું કુપુત્રપણું દુનીયાની રીતિથી માનવા લલચાય, પણ જ્ઞાનનું ખોટાપણું એ માનવામાં આવતું નથી. એમાં સવાલ રહે છે કે જ્ઞાન હોય તો ખોટું નહિ. ખોટું હોય તો તે જ્ઞાન નહિં. પુત્રનું કુપુત્રપણું દુનીયાદારીની લાજથી, વાણીથી અને ફળથી હજુ પણ માનવા તૈયાર થવાય છે, પણ જ્ઞાનનું અશુભપણું માનવા તૈયાર જગતમાં કોઇ થતો નથી. પણ શાસ્ત્રકાર કહે છે કે. ઊંડા ઉતરી વિચારોશું તો સમજી શકીશું. જેમ પુન્ય સંવર નિર્જરા વિગેરેનું ઉત્પાદક જ્ઞાન છે, તેમ પાપ દુર્ગતિ ગમન યોગ્ય આશ્રવ બંધનું ઉત્પાદક જ્ઞાન છે, અર્થાત્ જ્ઞાન બેધારી તલવાર છે.

જાણપણા સાથે વધારે કર્મનો બંધ.

બેધારી તલવાર આ બાજુ અને બીજી બાજુ પણ કાપે. જ્ઞાન પુન્ય સંવર પણ બંધાવી દે છે, અને નિર્જરા પણ ઉત્પન્ન કરે છે, તથા વૃદ્ધિગત પણ કરે છે. જ્ઞાન પરમપદ પણ

મેળવાવી દે. તેમ પાપ આશ્રવ બંધ દુર્ગતિ આ બધું પણ જ્ઞાન મેળવાવી દે છે. જ્ઞાન પાપ કેમ મેળવાવે ?, દુર્ગતિ કેમ આપે ?, કર્મનો બંધ કેમ કરાવે ?, જ્ઞાન સંસારમાં કેમ રખડાવે ? **ज्ञानाग्निः सर्व कर्माणि भस्मसात् करोति** જ્ઞાનરૂપી અગ્નિ એ સર્વ કર્મને બાળી નાંખે છે. જેમ શ્રીકૃષ્ણે અર્જુનને જણાવ્યું તેમ જ્ઞાનથી પાપ બંધાવાનું, કર્મ બંધાવાનું સંસારમાં રખડી જવાનું, એ બધું દરેકને સમજાવો તો તે કેમ ઠસે ?, આ સંબંધમાં ઉંડા ઉતરી તપાસો જગતમાં જુઠા દસ્તાવેજ કરનારા, ચોરી કરનારા, શીકારીઓ, પારધિઓ, અને રંડીબાજો, એ બધાં શું અજ્ઞાની હોય ?, અર્થાત્ જ્ઞાન શૂન્ય હોય અને આવાં ઘોર કૃત્ય કરે છે તેમ કદી કહી શકશો નહિં. ખોટી ચલણી નોટો ઉભી કરવી, ખોટા દસ્તાવેજ ઉભા કરવા, તે જાણુપણાના જ્ઞાન વગર થાય છે ?, જ્યારે આ જાણુપણા વગર થતું નથી, તો એ જાણુપણા-વાળાને વધારે કર્મનો બંધ એનાથીજ થયો.

જ્ઞાનનો છોકરો લોભ.

હવે ઉંડા ઉતરીએ, હવે ચેતના શૂન્યને પાપ બંધ હોય ખરો ? જડ પદાર્થને પાપ બંધાય છે ? પાપ ચેતનને બંધાય છે ? ચેતનનેજ પાપ બંધાય ત્યારે આપો આપ કહેવું પડશે કે પાપ બંધનમાં ચેતનજ કારણ છે. આટલું છતાં શાસ્ત્રની સ્થીતિએ વિચારીએ તો જેમ જ્ઞાનની વૃદ્ધિ, તેમ દુર્ગતિની વૃદ્ધિ. જેમ જ્ઞાન વધારે, તેમ દુર્ગતિ પણ વધારે. એકેન્દ્રિય બેઇન્દ્રિય તેઇન્દ્રિય ચૌરેન્દ્રિયવાળા કોઇપણ જીવ મરીને નરકે જાય નહિં. નરકે જાય કોણ ? પાંચે ઇન્દ્રિયના જ્ઞાનવાળોજ નરકે જાય. વિચારજો જ્ઞાન ઓછું હોય તેથી નરક થતી હોય તો પ્રથમ એકેન્દ્રિય જીવો નરકે જવા જોઇએ. એથો બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અને પંચેન્દ્રિયને તે કરતાં મનુષ્યોને નરક ઓછી હોવી જોઇએ. કારણ મનુષ્યો તે કરતાં જ્ઞાને ચઢીયાતા છે. જેમ જેમ ચઢીયાતા તેમ નરક ઓછી હોવી જોઇએ. તે જગોપર એકેન્દ્રિયથી ચૌરેન્દ્રિય સુધી કોઇ નરકે જાય નહિં. કહો જેને પાંચ ઇન્દ્રિયનું જ્ઞાન ન હોય તે નરકનું પાપ બાંધી શકે નહિં. કોણ પાપ બાંધે ? તેમાં પણ અસંજ્ઞી પંચેન્દ્રિય પહેલી નરકમાં માત્ર થોડો ભાગ, પરંતુ પહેલીનું ઉત્કૃષ્ટ આયુષ્ય નહિં. જેને માનસિક જ્ઞાન નથી તેવા જીવો ઉંડી નરકે જતા નથી. ઉંડી નરકે તેઓજ જાય છે, કે જે પાંચે ઇન્દ્રિયના જ્ઞાન છતાં માનસિક-વિચાર ધરાવનાર હોય. તેજ સાતે નરકના થાળા પુરા કરે. સાત નરકની સંખ્યા પાંચ ઇન્દ્રિયના જ્ઞાન સાથે જેમને વિચાર શકિત છે, તેઓ નરકના સ્થાન પુરા કરે છે. આ વાત શાસ્ત્રીય કહી. આપણે એ વાત એક સરખી રીતે માનીએ છીએ કે પાપનું મૂળ, અને પાપ પ્રવર્તક લોભ છે, છતાં પણ લોભ એ જ્ઞાનનો છોકરો છે, પણ લોભ અજ્ઞાનનો છોકરો નથી.

પરિગ્રહનું પર્યવસાન.

અજીવમાં કેટલા કષાય મળે ?, કહો કે એકે નહિ. પાપનો બાપ લોભ, લોભનો બાપ જ્ઞાન. આપણને જ્યાં સુધી પદાર્થ જાણવામાં નથી

આવ્યો ત્યાંસુધી તેને મેળવવાની ઇચ્છા થતી નથી. ઘડીઆળ મેળવવાની ઇચ્છા ક્યારે ?, ઘડીઆળ જાણી ત્યારે. નાના છોકરાને સંખ્યા એકસોની શીખવી તો એકસોનો લોભ. જેમ જેમ જ્ઞાન વધારે તેમ તેમ લોભ વધારે. અક્કલ વધારે તેમ લુચ્ચાઈ વધારે ગામડાનો કેસ બને તો ત્રણ મહીનામાં પતી જાય. શહેરમાં એક બદનક્ષીનો કેસ હોય, તો પણ ખુનના કેસ કરતાં શહેરમાં બદનક્ષીના કેસમાં વધારે વખત લાગે, તેમાં વેપારીની તકરાર તો વરસો સુધી પાર ન આવે. આ બધું શું કહી આપે છે ? કહો પાપનો બાપ લોભ. લોભનો બાપ જ્ઞાન આ સમજી કહેશો કે જ્ઞાન આટલા બધા અનર્થનું કારણ ? પાપ, લોભ, દુર્ગતિ; એ પણ જ્ઞાનથી, તો જ્ઞાનને વોસરાવવું સારૂંને ? સર્વ વ્યસનનું સ્થાન જુગારની ટોળીમાં નાગોપુગો જાય તો કોઇ ઉભો રાખે નહિં. વેશ્યા એ પણ નાગાપુગા સામે દેખે નહિ. રાજા પણ નાગાપુગા સામું કરડી નજર કરે નહિં. વેશ્યા, જુગારી રાજાઓ નજરમાં મીલકતવાળાને લાવે. ઘરઘેર કુટુંબમાં ઝઘડા કયાં હોય ? નીચ કોળીમાં કુરગતિનો કેસ માંડવાની જરૂર પડતી નથી, આથી પરિગ્રહનું પર્યવસાન નક્કી કરે છે, કે જેમ પરિગ્રહ વધારે તેમ ભયાનક સ્થીતિ.

સર્વ નુકશાનોને હઠાવવાની તાકાત જ્ઞાનમાં છે.

દુનીયા ઉપર સત્તા ચલાવનારને છાતીએ હાથ મેલી ચલાવવું પડે છે. રાજાઓને પાણી ભોજન ડાકટર તપાસીને દે શાનો ભય છે ? સત્તાધીશોને પણ ભય શાનો ?, પરિગ્રહાદિનો. આટલા પરિગ્રહ પાછળ પ્રપંચ જાણ્યા છતાં પરિગ્રહ છોડવા કેમ તૈયાર થવાતું નથી ? પરિગ્રહનું પર્યવસાન પાછું જીવોને પરમ રમણીક દેખાય છે. જેમ પરિગ્રહ પાછળ પંચાતની પરંપરા દેખ્યા છતાં પરિગ્રહના ફળ તરીકે દુનીયાદારીની સ્વસ્થતા દેખવામાં-જ્ઞાનની પાછળ આટલી ભકિત દેખાયા છતાં જ્ઞાનને છાંડવા લાયક કહેતા નથી. કારણ સંવર નિર્જરા મોક્ષ દેવલોક સર્વ જ્ઞાનથી થાય છે. અચેતનને પાપ ન બંધાય તેમ પુન્ય પણ બંધાતું નથી. પાપ જેમ ચેતનાવાળોજ બાંધે, તેમ પુન્ય પણ ચેતનાવાળોજ બાંધે છે. જેમ નરકગતિ એ વિચારવાળા પંચેંદ્રિયથી ભરાએલી છે. તેમ દેવલોક કોનાથી ભરાયો છે ? એકેન્દ્રિય બેઇન્દ્રિય તેઇન્દ્રિય ચૌરેન્દ્રિયવાળા જીવો મરી દેવલોકે જતાજ નથી. જેમ તે નરકના સ્થાન પુરનારા નથી, તેમ દેવતાના સ્થાન પણ એકેન્દ્રિય બેઇન્દ્રિય તેઇન્દ્રિય ચૌરેન્દ્રિયવાળા પુરતા નથી. અસંજ્ઞી પંચેંદ્રિય માત્ર જ્યોતિષ દેવતા. સૌધર્મમાં અસંજ્ઞી પંચેંદ્રિય જાય નહિં. બાર દેવલોક નવગ્રૈવેયક તથા પાંચ અનુત્તર કોણે પૂર્યા ?, સંજ્ઞી પંચેંદ્રિયજ પુરી શકે છે. તેમ સદ્ગતિનું કારણ પણ જ્ઞાનજ છે, એટલુંજ નહિં પણ બે સ્થાન જ્ઞાને રજીષ્ટર કર્યા છે, અનુત્તર ને સિદ્ધી. પાંચ-અનુત્તર અને સિદ્ધિ તેમાં અજ્ઞાનીને સ્થાન નથી. પાંચ અનુત્તરમાં કોઇપણ અજ્ઞાની જઇ શકતો નથી. અજ્ઞાની જીવને નવગ્રૈવેયક સુધી જવાનું, બને

છે. પાંચ અનુત્તર કે મોક્ષમાં અજ્ઞાની જીવને જવાનો અધિકાર નથી. આથી બીજી વાત કે અજ્ઞાનથી પાપો આશ્રવોના બંધ કરેલા નુકશાનો હઠાવવાની તાકાત હોય તો તે માત્ર જ્ઞાનમાંજ તાકાત છે.

જ્ઞાનરૂપી પુત્ર.

જેમ પુત્રમાં ગેરફાયદા સાથે સુપુત્રપણું હોય તો ફાયદા વધારે ગણ્યા છે. તેમ કુત્સિત-જ્ઞાનના ગેર ફાયદા છતાં સમ્યગ્જ્ઞાનના ફાયદા ઘણા વધારે છે, માટે જ્ઞાન પદાર્થને અહીં જરૂરી ગણ્યો. હવે જ્ઞાન પદાર્થ જરૂરી ગણ્યો, છતાં પુત્રને સુપુત્ર બનાવવા માટે માતા પિતા હરદમ કાળજી રાખે તેમ જ્ઞાનને જરૂરી ગણ્યું. પણ સમ્યગ્જ્ઞાન બનાવવા માટે જ્ઞાન કુત્સિત જ્ઞાન ન બનવું જોઇએ, જ્ઞાન સમ્યગ્જ્ઞાન બનવું જોઇએ. એવી લાગણી રહેવી જોઇએ. એવો કયો પ્રબંધ કે જ્ઞાન ખરાબ જ્ઞાન તરીકે થાયજ નહિં. તે માટે એક માસ્તર સોંપ્યો છે. માસ્તરના હાથમાં પુત્ર સોંપાય તો સ્હેજે સુપુત્ર થઇ જાય. તેમ અહીં જ્ઞાનને સમ્યગ્જ્ઞાન બનાવવા માટે શાસ્ત્રકારે એક માસ્તર સોંપ્યો છે. તે માસ્તર કયો ? સમ્યગ્જ્ઞાન કેવી રીતે બને તે વિગેરે અધિકાર શાસ્ત્રકાર બતાવતાં કહે છે કે-જેમ પુત્ર જન્મ પામે અને તે સુપુત્રને સારા શિક્ષકની દેખરેખ નીચે ઉછેરવો જોઇએ, તેમ આત્માને જ્ઞાનરૂપી પુત્ર જન્મ્યો છે.

ઇન્દ્રિયોના જયની અગત્યતા.

કંઇક મહદ કર્મના ક્ષયોપશમે, અને કંઇક મહદ કર્મના ઉદયે કરી છે, માતા પિતા પુત્રને ઉત્પન્ન કરવામાં મદદગાર છે, પણ પુત્રને સુપુત્ર બનાવવો તેમાં શિક્ષક મુખ્ય ભાગ ભજવે છે. તેમ આત્માને આવરણનો ક્ષયોપશમ, અને પંચેંદ્રિય જાતિનો ઉદય આ બેથી જ્ઞાનની ઉત્પત્તિ થઇ. પણ પુત્ર કુસંગે ચાલે તો તેજ પુત્ર કુપુત્ર રૂપે થાય, અને સારા શિક્ષકના હાથ તળે કેળવાય તો સુપુત્ર બને. આત્માનો જ્ઞાન પુત્ર સમ્યગ્જ્ઞાનરૂપે સુપુત્ર ત્યારેજ બને કે જ્યારે સારા શિક્ષકના હાથ નીચે તૈયાર થાય. જ્ઞાનને સાચું જ્ઞાન બનાવનાર શિક્ષક કયો ? સમ્યગ્જ્ઞાન બનાવનાર સુશિક્ષક આત્મામાંજ છે, અને કુત્સિતજ્ઞાન મેળવનાર પણ આત્મામાં છે. તે માટે શાસ્ત્રકારે જણાવ્યું કે જો પાંચે ઇંદ્રિયો સ્વચ્છંદ બને તો તે એ કુશિક્ષક છે. જો કાબુથી વર્તે તો તે સુશીક્ષક છે. પાંચે ઇંદ્રિયો ઉચ્છૃંખલપણે વર્તે તો તે કુશિક્ષક, ને પાંચે ઇંદ્રિયો કાબુથી વર્તે તો સુશિક્ષક તરીકે જ્ઞાન સમ્યગ્જ્ઞાન બને છે. આ જગોપર મિથ્યાત્વ અને કષાય ન લીધા, પણ ઇંદ્રિયને ઇંદ્રિયનો જય કયાંથી ઉલો કર્યો ? જો સંસારથી ડરતો હોય, તેમજ મોક્ષ પ્રાપ્તિની તારી ઇચ્છા હોય. અને સંસારના પરિહારની તથા મોક્ષ પ્રાપ્તિની તારી ઇચ્છા હોય તો આ ઇંદ્રિયોને કાબુમાં લેવા માટે તારાથી બને તેટલો પરાક્રમ ફોરવ, અર્થાત્ ઇંદ્રિયોને કાબુમાં રાખનાર સંસારથી બચી મોક્ષને મેળવી લે. આ જગોપર સમ્યકત્વ, વિરતિ, અને ક્ષમાદિક ગુણ વિગેરે સાથે ઇંદ્રિયનો કેવો સંબંધ છે તે સંબંધ આગે બતાવશે.

સાગર-સમાધાન.



નોંધ:—ચતુર્વિધ સંઘમાં કોઈ વ્યક્તિએ પૂછાવેલ પ્રશ્નોનું સમાધાન પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી પાસેથી પ્રાપ્ત કરીને અત્ર અપાય છે. લિ૰ **તન્ત્રી.**

પ્રશ્નઃ—પર્વતિથિનું નામ પહેલાં નક્કી કરવું અને પછી તેનું તપ આદિ કાર્ય કરવું એમાં શાસ્ત્રીય પુરાવો કયો ?

ઉત્તરઃ—પ્રવચનપરીક્ષા પૃ. ૪૦૮ માં **'तत्र प्रथमा तिथिर्मासो वा निजकनामकार्येषु-आषाढादिमासेषु प्रतिपदादितिथिषु चेदं कर्तव्यादिरूपेण स्वस्वनामाङ्कितकृत्येषु'** એવો વૃત્તિનો પાઠ અને **'निजयनामकज्जेसु'** એવો મૂળનો પાઠ છે, આ બંને પાઠો જોનારા અને જોઇને સમજનાર મનુષ્ય તો સ્પષ્ટપણે કબુલજ કરશે કે **પહેલાં પર્વતિથિનું નામજ નક્કી કરવાનું હોય છે.** વળી ટીકાકાર લખે છે કે—**यथा किल विवक्षितः-तिथिश्चतुर्दशी, सा च प्रवचने पाक्षिकपर्व्वत्वेनाभिमता, तस्य च कृत्यं चतुर्थतपः पाक्षिकप्रतिक्रमणं चेत्यादि,** આ પાઠ પણ પક્ખી અને ઉપવાસને માટે પહેલાં ચૌદશ તિથિ નક્કી કરવાનું કહે છે અને પછી તેની આરાધના કહે છે. એટલે નવામતવાળાઓને સાતમ, તેરશ વગેરે નામ રાખીને આઠમ, ચૌદશનાં કાર્ય કરવાં તે કોઇપણ રીતે પાલવશેજ નહિ.

પ્રશ્નઃ—શ્રીપ્રવચનપરીક્ષામાં તિથિ અને માસ વધેલા હોય ત્યારે પહેલી તિથિ અને પહેલા માસને અને બીજી તિથિ અને બીજા માસને તેના તેના અવયવો ગણ્યા છે, એટલે બન્ને માસોની માફક બન્ને તિથિઓ પણ એકજ નામે બોલાવાય એમ ખરૂં ?

ઉત્તરઃ—જ્યોતિષની ગણત્રીમાં માસ અને તિથિની વૃદ્ધિ જે રૂપે થાય છે તે રૂપ માત્ર ત્યાં સૂચવેલું છે, છતાં તેને જો પર્વતિથિના નામેજ કહેવામાં આવે તો **શ્રીપ્રવચનપરીક્ષાકાર પર્વતિથિના નામની સાથેજ પર્વતિથિના કૃત્યો કરવાનું સ્વનામાંકિત કૃત્ય એમ કહીને જણાવે છે.** એટલે બે ચૌદશ કહેનારાઓને બન્ને ચૌદશે પક્ખી પ્રતિક્રમણ કરવાં પડશે. શાસ્ત્રકાર તો શ્રીતત્ત્વતરંગિણીમાં ક્ષયના પ્રસંગમાં સ્પષ્ટપણે જણાવે છે કે:—ચતુર્દશીના ક્ષયના વખતે તેરશ ઉદયવાળી છતાં તે તાંબા જેવી છે, પરંતુ સૂર્ય ઉદય વગરની પણ ચૌદશ રત્ન જેવી છે. માટે તે તેરશને દિવસે ચૌદશજ કરવી. એ ઉપરથી સિદ્ધ થાય છે કે જે દહાડે નામ લેવું તે દહાડે તેનું કાર્ય કરવુંજ જોઇયે તેટલા માટે શાસનપ્રેમીઓ આઠમ આદિના ક્ષયે સાતમ આદિને આઠમ આદિ કહીને અર્થાત્ સપ્તમી આદિનો ક્ષય કરીને અષ્ટમી આદિનાં કાર્યો કરે છે. તેવી રીતે વૃદ્ધિમાં પણ બીજી આઠમ આદિ તિથિએજ આઠમ આદિનું કાર્ય કરવાનું હોવાથી બીજીને આઠમ આદિ નામ આપે છે.

તા. કઃ—ઉપરના લખાણથી સ્પષ્ટ સમજાશે કે—**પર્વતિથિના ક્ષયની વખતે પહેલાની તિથિનો ક્ષય કરીને પર્વતિથિ કહેવી જોઇએ. અને વૃદ્ધિને વખતે બીજીનેજ પર્વતિથિ તરીકે કહેવીજ જોઇએ એ સિદ્ધજ છે. શાસનપ્રેમીઓએ ધ્યાન રાખવું કે આ ઉત્થાપક વર્ગની સ્થિતિ એવી છે કે ગણિતના નામે કહેલા વાક્યો અને પ્રશ્નોને આરાધનાની અંદર જોડી દે છે. અને ભદ્રિક જીવોને તે ગણિત અને પ્રશ્નના વાક્યથી ભડકાવે છે,** પણ શાસનનું સદ્‌ભાગ્ય છે કે શાસનપ્રેમીઓ તેવા ઉત્થાપકોના ઝપાટામાં આવતાંજ નથી. શ્રીતત્ત્વતરંગિણીમાં સ્પષ્ટપણે ક્ષયની વખતે પર્વતિથિનું નામ કહેવાનું જણાવ્યું છે તેવી રીતે માસને અંગે કોઇપણ જગો પર જુદો વ્યવહાર કરવાનો **ગણાવ્યો નથી તેથી ભાદરવા બે કહેવાય છે, પણ પર્વતિથિ બે કહેવાતી નથી.**

મંગળવારની સંવત્સરી કરવાવાળાઓ આટલું વિચારશે કે ?

લેઃ-વ્યાકરણ વિશારદ મુનિ શ્રી જ્ઞાનસાગરજી મહારાજ.

૧. કઈ યુગોથી મુખ્ય જૈન સમાજ ચંડાંશુ-ચંડુ પંચાંગના આધારેજ બાર પર્વતિથિ અને ઓળી, પજુષણ વિગેરે કરતો આવેલો છે તો આ વખતે તે પંચાંગને કબુલ નહિ કરવું તે શું ચાલ્યા આવતા કેઇ યુગોના (પરાપૂર્વના) રિવાજનો ભંગ નથી ?

૨. ભાદરવા સુદ છઠનો ક્ષય કરવા માટે કયું પંચાંગ લેવામાં આવ્યું ?, તે કોઇપણ મંગળવાર કરવાવાળા તરફથી જાહેર થયેલું નથી.

૩. જે કોઇ પંચાંગ છઠના ક્ષય માટે લેવાયું હોય તે પંચાંગ સંઘની સમુદાયની સંમતિથી ચંડાંશુચંડુ ફેરવીને લેવાયું છે કે પોતાના મનસ્વીપણે લેવાયું છે ?

અને મનસ્વીપણે લેવાયું હોય તો હરકોઇ મનુષ્ય હરકોઇ પંચાંગના આધારે હરકોઇ તિથિએ પજુષણ કરી લેશે અને પજુષણ બેસાડશે.

૪. માનો કે આ વખતે કોઇક કોઇક ટીપણામાં છઠનો ક્ષય છે પરંતુ બધાય ટીપણામાં ભાદરવા સુદ પાંચમનોજ ક્ષય હોત તો મંગળવાર કરવાનું કહેવાવાળાઓ કયી સ્થિતિમાં જઇ પડત ?

૫. જૈનશાસ્ત્રોમાં આરાધનાને અંગે પર્વ તિથિનો ક્ષય કે વૃદ્ધિ ન હોય તેવું તો મંગળવાર કરનારાઓથી કહી શકાય તેમ છેજ નહિ, કેમકે એમ હોત તો **ક્ષયે પૂર્વા** વિગેરેનું વિધાન હોત નહિ એટલે શાસ્ત્રોમાં **ક્ષયે પૂર્વા** નું વિધાન છે તેજ મંગળવાર કરનારાઓને ચૂપ કરે તેવું છે.

૬. સરકારમાં જૈનોમાં અને લોકોમાં એ રિવાજ છે કે વર્ષના બધાય પર્વોની જાહેરાત વર્ષની શરૂઆતમાંજ કરે અને તે પ્રમાણે સોમવારની સંવત્સરીવાલાઓએ તો કરેલુંજ હતું. પરંતુ મંગળવારવાળાઓ તો સોમવારની સંવત્સરી જાહેર થયાને કેટલાય મહિના થઈ ગયા પછી ઠેઠ વૈશાખ મહીને મંગળવારની સંવત્સરી જાહેર કરી તેનું કંઇ કારણ ખરૂં ?

૭. ૧૯૫૨-૬૧-૮૯ માં પ્રત્યક્ષ પંચાંગો નહતાં અને હાલ તો સંદેશ-જન્મભૂમિ વિગેરે લાખોની સંખ્યામાં પંચાંગો છે અને તેમાં ત્રીજનો સીધો ક્ષય છે તો પછી પાંચમનો ક્ષય નહિ બોલવા માંગતાં અને ચોથની ઉદય તિથિ લેવાની આગ્રહ દશા સેવનારાઓએ શા માટે તે પંચાંગો ન લીધાં ?

૮. મંગળવારવાળાઓની ધારણા તો એવી નજ હોવી જોઇએ કે સોમવારની સંવત્સરી બધાય લોકો માનવા લાગ્યા છે તો હમારે હમારાપણું દેખાડીને મંગળવાર કરાવવો છે.

૯. ૧૯૫૨-૬૧-૮૯ માં પોતાના પૂર્વજો અને પોતે ભાદરવા સુદ પાંચમના ક્ષયની જગા પર ભાદરવા સુદ છઠનો ક્ષય કર્યો હતો અને તેથી આ વર્ષે પણ હમે ભાદરવા સુદ પાંચમના ક્ષયની વખતે પણ ભાદરવા સુદ છઠનો ક્ષય કરીએ છીએ તેમ કહેવાવાળા કેવળ જૈન જનતાને ભરમાવેજ છે. કેમકે પ્રથમ તો તે વખતે નિશીથ-ચૂર્ણિ, દેવસૂરિપટ્ટક, ઉત્સૂત્રખંડન વિગેરેના પાઠો જાહેર થયેલા નહતા અને તેથી પૂનમ અમાવાસ્યાની હાનિવૃદ્ધિએ તેરસની હાનિવૃદ્ધિના લેખની માફક ભાદરવા સુદ પાંચમની હાનિ-વૃદ્ધિએ ભાદરવા સુદ ત્રીજની હાનિવૃદ્ધિ થાય એ જાહેર થયેલું નહતું. અને વળી તે વખતે કોઇપણ પંચાંગમાં સીધો ત્રીજનો ક્ષય નહતો. તેથી જે કાંઈ કરવામાં આવ્યું હોય તો તેનું આલંબન લેવું તે સુજ્ઞ મનુષ્યોને વ્યાજબી નથી. અજ્ઞાનમાં અને અણસૂટકે થયેલું કાર્ય જ્ઞાન છતાં અને સીધી દશામાં કરે તો તે કેવો ગણાય તે મંગળ-વારની સંવત્સરી કરનારાએ જરૂર વિચારવા જેવું છે.

૧૦. ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિ વખતે પહેલી પાંચમે સંવત્સરી કરતાં જેણે ચોથનો ઉદય જોયો નથી તે મનુષ્યો અત્યારે ચોથના ઉદયની વાતો કરતાં કેમ શરમાતા નથી ?

તા. ક:—આશા છે કે આ બધાયનો કલમવાર ઉત્તર મંગળવારવાળા આપશે અગર સોમવારની સંવત્સરી કરવા તૈયાર થશે,

પ. પૂ. આ. મ. શ્રીવિજયભક્તિસૂરીશ્વરજી મહારાજનો આદેશ.

ભા. સુ. ત્રીજનો ક્ષય કરી ચોથને સોમવારે સંવત્સરી કરજો.

સં. ૧૯૫૨-૬૧ અને ૮૯ ની સાલમાં ચંડાંશુચંડુ પંચાંગમાં ભા. સુ. પાંચમનો ક્ષય આવેલો હતો. એ વખતે ભા. સુ. પાંચમની અનન્તર ચોથે સંવત્સરી કેવી રીતે કરવી ? એ પ્રશ્નનો ઉકેલ જણાવનારાં કોઇપણ પૂર્વાચાર્યોનાં પ્રમાણિક પ્રમાણો સમાજના આચાર્ય મહારાજાઓને મળ્યાં નહોતાં. જેથી શ્રીસંઘમાં સંપ અને શાંતિ જળવાય એ મુદ્દા ઉપરજ ખાસ લક્ષ રાખીને શ્રીસંઘના મોટા ભાગે ટીપ્પણાની ઉદયાત્ ભા. સુ. ૪ આરાધવાનો માર્ગ કાઢીને ટીપ્પણાની ચોથે સંવત્સરી કરેલ. આ પછી સં. ૧૯૬૨ અને ૧૯૬૩-માં ચંડાંશુચંડુ પંચાંગમાં ભા. સુ પાંચમ બે આવેલ આથી ફેર ઉદયાત્ સંવત્સરી કરવાનો તે પ્રશ્ન આગળ આવ્યો. પરંતુ સમાજના સદ્‌ભાગ્યે તે વખતે 'ભા. સુ. પાંચમના ક્ષયે ભા. સુ. ત્રીજનો ક્ષય કરવો' એમ સ્પષ્ટ જણાવનારા ઉલ્લેખો સંખ્યાબંધ પ્રમાણમાં મળ્યા. જેમાંના કેટલાક ઉલ્લેખો તો ચારસો ચારસો વર્ષ પૂર્વેના પ્રામાણિક અને સર્વમાન્ય પૂર્વાચાર્યોના ફરમાનો રૂપે છે. જે શાસ્ત્રીય પ્રમાણો દશની સંખ્યામાં 'શાસ્ત્રીય પૂસવા' નામની પુસ્તિકામાં સં. ૧૯૯૩ માં જાહેર થયા છે. આથી આવા પ્રામાણિક પ્રમાણોના અભાવે સં. ૧૯૫૨-૬૧ અને ૮૯ માં શાસનપ્રેમીઓએ જે ઉદયાત્ ભા. સુ. ચોથે સંવત્સરી આરાધવાનો માર્ગ કાઢયો હતો તે માર્ગ આ પ્રમાણો મળ્યા પછી સં. ૧૯૬૨-૬૩ માં ફેરવ્યો અને તેથી ચોથને ટીપ્પણાની પહેલી પાંચમે લાવીને બધાજ શાસનપ્રેમીઓએ તે પહેલી પાંચમે બનાવેલી ચોથે સંવત્સરી કરી હતી. આ રીતે સં. ૧૯૫૨-૬૧ અને ૮૯ નો ઉલ્લેખના અભાવે માનેલ ઉદયાત્ ચોથનો માર્ગ ૧૯૬૨ અને ૬૩ માં સહુ શાસનપ્રેમીઓએ બંધ કર્યો હતો. આ પછી આ સાલ ચંડાંશુચંડુમાં ફેર ભા. સુ. ૫ નો ક્ષય આવ્યો, તેથી પૂ. આ. મ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ સકલ શાસનપ્રેમીઓએ માન્ય કરેલાં ૧૯૬૨-૬૩માં મળેલા તે પ્રમાણો આદિને આધારે ભા. સુ. ત્રીજનો ક્ષય માનીને ચોથને સોમવારેજ સંવત્સરી હોવાનું દરેક પૂછનારાઓને જણાવતા હતા. આમ છતાં કેટલાક લેખકો અને પ્રચારકોએ 'તેઓ તો મંગળવારે સંવત્સરી કરવાના છે' તેવો ખોટો પ્રચાર કરવાથી પૂ. આ. મ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજે અષાડ વદ ૬ ના રોજ પાલીતાણા મુકામે અનેક ગામના શ્રાવકો અને પૂ. સાધુ-સાધ્વીઓ વચ્ચે ફરમાવ્યું હતું કે અમો ભા. સુ. ત્રીજનો ક્ષય કરીને ચોથને સોમવારેજ સંવત્સરી કરવાના છીએ અને તમો સહુ પણ શાસ્ત્ર-મુજબની સોમવારેજ સંવત્સરી કરજો.

શા. રમણલાલ નહાલચંદ પાલીતાણા.

તા. ૨૭-૭-૪૮

શ્રી મુંબઈ કોટના ટ્રસ્ટીઓનો સર્વાનુમતે ઠરાવ.

અત્રે ભા. સુ. ૩ નો ક્ષય કરી સોમવારે સંવત્સરી થશે.

તા. ૩૦-૭-૪૮

શ્રી મુંબઈ કોટના શ્રીશાન્તિનાથજી મહારાજના દહેરાસરના ટ્રસ્ટીઓ સર્વાનુમતે જાહેર કરે છે કે-અત્રેના શ્રી કોટના ઉપાશ્રયે આગામી સંવત્સરી શાસ્ત્ર અને પરંપરા મુજબ ભાદરવા સુદી ત્રીજનો ક્ષય કરીને ચોથને સોમવારે ઉજવાશે.

આ બાબત હાલનું વિવિધ વાતાવરણ જોતાં પર્યુષણા જેવા પરમ આરાધ્ય દિવસોમાં કોઇ કલેશ કરી શ્રીસંઘની શાંતિને ન જોખમાવે એ શુભ આશય ધરાવનારા અત્ર ચાતુર્માસ સ્થિત પૂ. ગણિવર્ય શ્રી કૈલાસસાગરજી મહારાજની ઉત્તમ મનોભાવનાને અવલંબીને આ જાહેરાત સમયસર કરી દેવી ઉચિત માની છે.

(૧) શેઠ હરકીશનદાસ મોહનદાસ મેનેજીંગ ટ્રસ્ટી. (૨) શેઠ રણછોડદાસ છોટાલાલ ટ્રસ્ટી.
(૩) શેઠ ચંદુલાઈ નગીનદાસ ભાખરીયા-ટ્રસ્ટી. (૪) શેઠ રામચંદભાઇ (હરખચંદ મનજીજી) ટ્રસ્ટી.

મંગળવારના આદેશનો ગુરૂજી હર્ષસૂરિજીએ ઇન્કાર કર્યો ત્યારે આ. શ્રીકલ્યાણવિજયસૂરિજી, સિદ્ધાંતોજ ફેંકી દે છે!

લે.—મુનિ મહેન્દ્રવિજયજી.

આચાર્યશ્રીવિજયહર્ષસૂરિજી મ. હજુ પણ સોમવારેજ સંવત્સરી માને છે. આમ છતાં આ૦ શ્રીકલ્યાણવિજયસૂરિજીએ મું. સ. તા. ૫-૭-૪૮માં પોતાના ગુરૂને નામે મંગળવારી સંવત્સરીનો આદેશ ગુરૂને પૂછયા વિનાજ જાહેર કરી દેવાથી તેઓના ગુરૂજીએ તે સામે વાંધો ઉઠાવ્યો. પરિણામે આ. કલ્યાણવિજયસૂરિજીએ તે આદેશને તા. ૨૬-૭-૪૮ના મું. સ. માં ફેરવવો પડયો અને હવે કાળધર્મ પામેલા ભગવાન ભદ્રબાહુસ્વામીના નામે તે આદેશને જાહેર કરવો પડયો છે. એક જૈનાચાર્યના હાથે આ રીતે થતી જનવંચના શોભાસ્પદ ન ગણાય. આ રીતે તેઓએ મંગળવારનો આદેશ જેમ ગુરૂને પૂછયા વિનાજ ગુરૂના નામે સ્વછંદે બહાર પાડી દીધેલ, તેમ તા. ૯૭૪૮ના વીરશાસનમાં તો તે આદેશને તેઓએ અમદાવાદના કહેલાના ઉપાશ્રયના આગેવાનોની સંમતિનેજ નામે ચઢાવી દીધેલ. તેઓએ કરેલી આ બીજી વંચનાની જાણ થતાંજ અમારા પૂ. ગુરૂદેવ આ. મ. શ્રી વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મ.ને એ વિશ્વાસઘાતથી બચવા પોતાની સોમવારની સંવચ્છરીની મૂળ માન્યતા જાહેર કરી દેવી પડી અને અત્રેથી તથા ઉંઝાથી તા. ૧૩-૭ ૪૮ના રોજ વિરોધ દર્શક પત્રિકાઓ બહાર પાડવામાં આવી. પરિણામે આ લેખમાં તેઓ હવે 'કહેલાનો ઉપાશ્રય મંગળવારની સંવત્સરી કરશે એમ સંભળાય છે. એમ શંકિત વાક્ય લખવાની ફરજમાં મૂકાય છે અને કહેલાના આગેવાનોની સંમતિવાળી વાત સંકેલી લે છે.

(૧) કલ્યાણવિજયસૂરિજી મહારાજ! તમો પ્રથમ કહેતા હતા કે—"પચાસ દિવસ વારથી લેવાના છે.' આ સામે જ્યારે વારથી નથી લેવાના, તિથિથી લેવાના છે.' એમ લખાયું ત્યારે વળી હવે તમો લખો છો કે-'તિથિ કે વારથી ગણાય તોપણ પચાસ દિવસ બરોબર આવે છે!' આ સામે પ્રશ્ન છે કે-તે પચાસ દિવસ વારથી ગણવાનું કયા શાસ્ત્રમાં કહ્યું છે, તે બતાવશો? પૂ. વિજયહીરસૂરિજી મ. હીરપ્રશ્નના બીજા પ્રકાશમાં જણાવે છે-'આંતરાના આ પચાસ દિવસ અશાડ સુદ ૧૫થી જ લેવાના છે.' આમ છતાં અમારા આ પૂજ્યશ્રી લખે છે કે-'ચૌદશને અલગ બનાવી પૂનમથી ગણતરી કરનારાઓને પોતાના મંતવ્યને સિદ્ધ કરવાની ઘેલછા લાગી છે.' ત્યારે પ્રશ્ન થાય છે કે-પૂ. શ્રી વિજયહીરસૂરિજી મ.ને તમારી પાસે પોતાનું મંતવ્ય શું સિદ્ધ કરવાનું છે? વળી પૂ. હીરસૂરિજી મ. ના એ વચન ઉપરવટ થઇને પણ જ્યારે તે પચાસ દિવસ ચૌદશથી ગણવાનું કહો છો તો "ચૌદશથીજ તે પચાસ દિવસ ગણવાના છે,' એવો કોઇ પાઠ આપશો કે? વળી તિથિના હિસાબે ચૌદશથી ગણે તો ભા. શુ. ૪ સુધી પચાસ દિવસ થાય કે એકાવન? જો એકાવનજ થાય છે, તો આપે જે "તિથિથી ગણાય તોપણ પચાસ દિવસ બરોબર આવે છે.'

એમ કહ્યું છે તે ખુલ્લો મૃષાવાદ ખરો કે નહિ? સોમવારની સંવત્સરીનાં પંચાંગ બહાર પાડેલાં તે વખતે આપની ગણતરીએ હવે થતા આ પચાસ દિવસની આજ્ઞા કેમ વિરાધેલ? જવાબ આપશો.

(૨) આ સાલ સોમવારે સંવત્સરી કરનારા ડઝન બંધ પૂ. આચાર્યો વિ. જાહેર હોવા છતાં એક પૂ. આ. મ. શ્રીસાગરાનંદસૂરીશ્વરજી મ. ને અમારા આ પૂજ્ય શ્રી, 'એ તો પ્રથમથીજ અલગ કરતા આવ્યા છે, એટલે આ સાલ પણ અલગ કરેજ ને?' એમ લખી કટાક્ષ કરે છે, અને બીજી બાજુથી 'આ જમાનો એકતાનો છે કે ખેંચાખેંચીનો?' એમ લખી શીખામણ આપે છે! આ શું એકતા કેળવાય છે? આ રીતભાત સજ્જનને શોભતી છે? તેઓશ્રી કહે છે કે— "સાચો સોમ કે મંગળ, તે તો કેવલી ભગવાન્ જાણે!' તો પ્રશ્ન છે કે,—પહેલાં સોમનાં પંચાંગ શું જનતાને ઠગવા બહાર પાડયાં હતાં? અને તે રદ કરીને હવે આપ મંગળમાં જોડાયા છો, તે પણ શું એક નાટક રૂપજ છે! અને જો તેમજ છે તો પછી આ લેખમાં શાસ્ત્ર સિદ્ધ સોમવાર માનનારાઓ ઉપર હુમલો શું કામ અને મંગળવારની તરફેણ અને ઉદ્ઘોષણા શું કામ?

(૩) સં. ૧૯૫૨-૬૧ અને ૮૯ના પૂ. રત્નવિજયજી મ.ના શિષ્યો વિ. ના મોજીદ દાખલાઓ તથા તે પછી ૧૯૯૩માં પૂ. દેવ વાચક વિ.ના મળેલા પટ્ટકો અનુસાર પૂ. આ. મ. શ્રીવિજયનીતિસૂરિજી મ., પૂ. આ. મ. શ્રી કલ્યાણસૂરિજી મ., તથા પૂ. પં. મ. શ્રી સંપતવિજયજી મ. વિગેરેએ "સાંવત્સરિક શાસ્ત્રીય વિચાર" માં તેમજ તા. ૧૦-૩-૪૦ તથા ૨૪-૩-૪૦ ના જૈન પત્ર વિ. માં જાહેર કરેલા અર્થ સહિત પટ્ટકો વિગેરે તપાસીને, અને ૧૯૫૨-૬૧ અને ૮૯ ની (ઉદયવાળો ભા. શુ. ૪ ઉભી રાખવાની) વાતનું સં. ૧૯૯૨-૯૩માં કરેલ પરિવર્તન વિગેરે ધ્યાનમાં લઈને ડેલાની પરંપરાએ સોમવારની સંવત્સરીની જ આરાધના વાસ્તવિક માની હતી. આ સોમવારે જ સંવત્સરી કરવાની માન્યતા તમોને આઠ મહિના સુધી વાસ્તવિક લાગી છે. આમ છતાં હવે તમોને આ લેખમાં ડેહલાની પરંપરાએ મંગળવારની આરાધના વાસ્તવિક લાગે છે! આ કેવું આશ્ચર્ય? ડેલાની પરંપરા મુજબની સોમવારી સંવત્સરી માનવાવાળાઓનો કેવો વિશ્વાસઘાત? પૂ. પં. શ્રીસત્યવિજયજી મ. ના પટ્ટધર પૂ. પં. મ. શ્રીમોહનવિ. મ. નું નામ, પૂ. પં. શ્રીભાવ વિ. મ. ના નામ પછી લખ્યું તેમાં પણ કુટિલતાતો ખરીજ ને? આ શું ડેહલાની પરંપરની વફાદારી બતાવે છે?

(૪) આમ છતાં આખાયે સમુદાયે કરેલા 'ડેહલાની પરંપરા મુજબના' સોમવારના નિર્ણયને વળગી રહીને જ સોમવારે સંવત્સરી જાહેર કરનાર અમારા પૂ. ગુરૂદેવ આ. મ. શ્રી વિજય-સુરેન્દ્રસૂરિશ્વરજી મ. શ્રી ઉપર તેઓ, ગુરૂ-દાદા-ગુરૂની આજ્ઞાને બાજુ પર રાખી પોતાની આજ્ઞા પળાવનારા તરીકેના આક્ષેપો કરે છે, તો તેઓને પૂછું કે-આઠ માસ સુધી તો તમે પણ સોમવારનીજ સંવત્સરી સાચી છે, તેવી લેખિત અને મૌખિક જાહેરાત કરી છે, અને ગુરૂજીની

આજ્ઞા વિરૂદ્ધનો મંગળવારનો આદેશ તો તેમના નામે હમણાંજ બહાર પાડયો છે, તો તમે કેવા?

(૫) તમોએ તો જૈન પત્ર તા. ૨૪-૩-૧૯૪૦માં પર્યુષણા પંચમ્યાઃ ક્ષયવૃદ્ધિર્ન ભવતિ ભા. શુ. ૪. પછીનો પાંચમનો ક્ષય કે વૃદ્ધિ ન થાય.) એમ પૂ. ઉ. શ્રી દેવવાચકજીનાં પટ્ટકને નામે પણ જાહેર કરીને જણાવ્યું છે, છતાં તે પાંચમ પર્વનો "ચોથમાં સમાણી" કહીને આજે ક્ષય કેમ કરો છો? કહેશો? પાંચમને એમ ચોથમાં સમાવશો તો "अणागयाए चउत्थीए" એ પાઠ અનુસાર પાંચમની એક દિવસ પહેલાં ચોથ લાવવી જોઇએ, તે કયાંથી લાવશો? અનંતર પાંચમ લેવાનું તમારે કયાં રહ્યું? મંગળવારની જાળમાં સપડાતાં પહેલાં આ દરેક બાબત વિચારવામાં આવી નથી, એથીજ આ દરેક સિદ્ધાંતોને આ સૂરિજી આજે ફેંકી દે છે, અને છેવટે જમાનામાં ચાલતા વોટનો આશ્રય લઇ જેના વોટ વધારે હોય તેની સંવત્સરી કરવી આવી બેહુદી વાત કરી છૂટે છે! ખરેખર આ સૂરિજી, જો પ્રભુ મહાવીરદેવની હયાતિમાં આચાર્ય તરીકે હોત તો તેઓની દલિલ મુજબ તેઓને ગોશાળાના પક્ષમાંજ ભળવું પડત. હાલના સમયને આશ્રીને વોટ લેવામાં આવે તો ખરેખર બાવાની જમાતમાંજ રહેવું પડે. શાસનદેવ સદ્‌બુદ્ધિ આપે, અને હજુ પણ આ સૂરિજી ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણીને શાસ્ત્ર સિદ્ધ સોમવારેજ સંવત્સરી સાચી છે, તેવું જાહેર કરી પોતાનાં લેખિત અને મૌખિક વચનનું રક્ષણ કરે. અને સમાજમાં શાંતિ સ્થાપે.

પેટલાદ તા. ૬-૮-૪૮ શુક્રવાર.

શાસ્ત્રસિદ્ધ સોમવારી સંવત્સરી છોડીને મંગળવારી સંવત્સરી કોણ કરે?

લેખકઃ—પૂ. મુનિશ્રીકુમુદવિજયજી મહારાજ-સોનગઢ (સૌરાષ્ટ્ર)

શાસનસમ્રાટ પદને હરકત પહોંચે છે, એમ માની લઇને પૂ. વિ. નેમિસૂરિજી મહારાજ, શાસનપ્રેમી સુવિહિત આગમોદ્ધારક જેવા સૂરિવરોની સાથે ઇર્ષ્યા કરે, અને શાસનના કાર્યમાં સહયોગ નજ આપે, એમ વર્ષોથી બનતું આવ્યું છે; પણ વ્યક્તિ દ્વેષથી સમાજના ઐકય પર પણ અગ્નિ મૂકવા તેઓશ્રી તૈયાર થાય એ ખરેખર જૈન સમાજનું દુર્દૈવ છે. જો બીજાં પંચાંગમાં જો છઠનો ક્ષય કરવો વ્યાજબીજ હોત તો તેમ સૌરાષ્ટ્રસિંહે વર્ષારંભેજ ખાસ જાહેર કર્યું હોત; પણ તેવો ખોટો મત ત્રાડ પાડીને જાહેર કરવાની હિમ્મત, સિંહને નજ થાય. શાસન સમ્રાટે મૂષકનીતિને અવલંબીને હેઠ સાત મહિને ખોટી સંવત્સરી જાહેર કરી અને સમાજના ઐકયને કુંકો મારતાં મારતાં ફોતરવા માંડયું. પણ હવે સમાજ અજ્ઞાનની ઘોર નિદ્રામાં પડેલો નહિ હોવાથી સમ્રાટની મૂષકવૃત્તિને તે લગારે પણ ચલાવી લેતો નથી. નજ ચલાવી લે.

પૂ. આત્મારામજી મહારાજે ૧૯૫૨ માં બીજું પંચાંગ માન્યું હતું, એટલે તેમના પટ્ટધરે તો એ પરંપરાને ચલાવવીજ જોઇએ. પછી ભલે સત્ય ગમે તે હોય. આ આગ્રહ, એ શું શાસન બગશે? પૂ. આત્મારામજી મહારાજે

કયા સંયોગોમાં તેમ કર્યું, એ જોવા નવો પક્ષ ચોક્યો નહી અને 'તેમ કરવું વ્યાજબી નથી' એમ જણાવનારા પુરાવાઓ પણ મળ્યા છે, છતાં તેને અવગણીને નવો મત ચલાવ્યેજ રાખ્યો, તેમ (તે તિથિ લોપકોની જેમ) પૂ. વલ્લભસૂરિજી મહારાજે પણ પૂ. આત્મારામજી મ૦ ના સંયોગો અને ૧૯૯૨-૯૩ માં મળેલા પુરાવાઓ ઉપર ધ્યાન આપ્યા વિના મંગળવારની સંવત્સરીને સંમતિ આપી દેવાનું બન્યું છે. અને તે પણ વ્યકિત દ્વેષથી બન્યું છે. પંજાબ કેસરીએ, સિંહાવલોકનમાં ગુરૂદેવે અન્ય પંચાંગ સ્વીકારેલું જોયું, અને પોતાના વિરોધકોને જોયા; પણ પાકીસ્તાનની આપત્તિમાંથી છોડાવનારને નહિ જોયા, એ બેહદની બીના છે. "ભા. સુ. પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવો" એવા જુના પુરાવા મળ્યા છતાં આવી રીતે વ્યક્તિ દ્વેષથીજ મોટામોટા આચાર્યોએ સત્ય પરંપરાને છોડી દીધી, તો પણ તે નક્કર સત્યને લગારે આંચ પહોંચી નથી તે બીના શાસનના અનેક આચાર્યો અને મુનિરાજોએ, ત્રીજનો ક્ષય અને સોમવારેજ સંવત્સરી કરવાની કરેલી જાહેરાતોથી સ્પષ્ટ જણાઇ આવે છે. **सत्यमेव जयति नानृतम्.**

તિથિ લોપકોને પરાસ્ત કરવા માટે આજસુધીમાં જે લખાણ પ્રસિદ્ધ થયું છે, તેમાં સામાન્ય વાંચનાર પણ સમજી શકે, એવી રીતે તિથિચર્ચા થઇ ગએલી હોવાથી 'પાંચમના ક્ષયે' ત્રીજનો ક્ષય કરવો એ વાત યથાર્થ છે, તે સૌ કોઇ જાણી શકયા છે. આમ છતાં દ્વેષ વૃત્તિના કારણે ઐકય સાધવાના બહાને તે સત્પરંપરાને છોડી દઇને જેઓ પાંચમ પર્વનો અને બીજા પંચાંગમાંની છઠનો ક્ષય માનવા-મનાવવા સાત મહિના પછી બહાર પડયા છે, તેઓએ ખરેખર કુબુદ્ધિજ વાપરી છે, અને માત્ર દ્વેષ ખાતરજ સમાજમાં અશાંતિ ફેલાવી છે, એ વાત સ્પષ્ટ છે. સત્યનાજ ભોગે કરેલો ઐકયનો પ્રયાસ એળેજ જવાનો, અને કદાચ સફળ થયો તો તે અસત્પક્ષના નાશમાંજ સફળ નીવડવાનો. પોતાનાજ પગ ઉપર કુહાડાનો ઘા કરવાની આ કેવી ચાતુરી ?

ગમે તે ભોગે ઐકય સાધવાની બેલ્લછાથી શી વલે થાય છે, તે હિન્દુસ્થાનની અશાંત દશા પુરવાર કરે છે, અને વ્યકિતદ્વેષથી શી વલે થાય છે તે પાકીસ્તાન અને નિઝામ પુરવાર કરે છે. જૈન સમાજની આવી ખતરનાક અને કફોડી દશા ન થવા દેવી હોય તો વ્યકિત દ્વેષોઓ અને ગમે તે ભોગે ઐકય સાધવા મથનારાઓથી સમાજે દૂર થવુંજ જોઇએ. સમાજને શુદ્ધ પરંપરા મુજબ ઠેઠથી દોરવણી કોણે આપી છે, તે જાણવા જેટલી બુદ્ધિ જૈન સમાજને છે જ. જરૂર છે માત્ર સત્ય પરંપરા માટેની વફાદારી બતાવવા દૃષ્ટિરાગના ત્યાગની, સત્યના આગ્રહ માટેની હિમ્મત બતાવવાની, આ જ યોગ્ય ઘડી છે. જો સમાજ આ સાચી ફરજ બજાવશે તો ફરી આ રીતે સત્યના ભોગે વ્યક્તિદ્વેષ કરવાની કે બનાવટી ઐકય સાધવાની હિમ્મત કોઇપણ નહિ જ કરી શકે. જરૂરી વપરાતી હિંમત અને વફાદારીથી નવી તિથિવાળાઓ લોપ જેવી દશા પામ્યા છે, અને મંગળવારીયાઓ પાછા પડતા જાય છે.

તા. ક.— શ્રી સોનગઢ મુકામે સોમવારેજ સંવત્સરી ઉજવાશે.

શ્રી જૈન સંઘની એકતાની ખાતર.

આ વર્ષે ચંડાંશુ ચંડુ પંચાંગમાં ભા. સુદ ૫ નો ક્ષય છે તેથી સોમવારે સંવત્સરી પર્વ આવે છે. અનેક વિદ્વાનોએ જુદા જુદા પ્રમાણોથી આ વિષયને સ્પષ્ટ કર્યો છેજ.

(૧) તિથિ ઘટે ત્યારે પછીની તિથિ ઘટાડાયજ નહિં એટલે પાંચમને બદલે છઠ્ઠનો ક્ષય થાયજ નહિં.

(૨) **ક્ષયે પૂર્વા** ના નિયમથી મંગળવારે પાંચમજ છે.

(૩) **'अणागयाए चउत्थीए'** એની વ્યવસ્થા પ્રમાણે મંગળવારે પાંચમ તેમ સોમવારે ચોથ છે.

(૪) **अवरविद्ध अवरावि** પાઠથી પણ મંગળવારે પાંચમજ છે.

(૫) ચંડાંશુચંડુ પંચાંગની વ્યવસ્થા પ્રમાણે મંગળવારે ઋષિ પાંચમ અને સોમવારે ગણેશ ચોથ છે.

(૬) પૂનમ ઘટે ત્યારે તેરસ ઘટાડાય એ રીતે પણ પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય થાય. વિગેરે વિગેરે અનેક પ્રમાણો સોમવારી સંવત્સરીના તરફેણમાં ઉપલબ્ધ છે અને જૈન પંચાંગોમાં પણ એજ રીતે, **"ભાવનગર જૈન પત્રની ઓફીસ"**—જૈન ધર્મ પ્રસારક સભા. જૈન આત્માનંદ સભાદ્વારા તથા વિ० **કલ્યાણસૂરિજી** તથા ત્રિપુટીજી દર્શનવિજયજી, **ન્યાયસૂરિજીના આજ્ઞાંકિત વિ. પ્રતાપસૂરિજી** પં. **હીરસૂરિજી** વિગેરે વિગેરે તરફથી બહાર પડેલા જૈન પંચાંગોમાં **પાંચમના ક્ષયે ત્રીજનોજ ક્ષય કરાયો છે. અને એજ રીતે છપાએલ છે.**

છતાં રહી રહીને અમે બે મહિનાથી નવો પ્રશ્ન ઉઠયો છે કે મંગળવારે સંવત્સરી કરવી. જો કે આ માન્યતાને શાસ્ત્રીય ટેકો તો નથીજ. કિન્તુ તે માન્યતાવાલાઓએ જે છુટક છુટક (તે પણ ચુટક ચુટક) વિચારો દર્શાવ્યા છે. તે ઉપરથી ત્રણ ચાર દલીલો ઉભી થાય છે. જે સર્વથા ભ્રામક છે. તે નીચેના મુદ્દાઓથી જાણી શકાય છે.

(૧) આ० વિ० વલ્લભસૂરિજી કહે છે કે સંવત ૧૯૫૨-૬૧-૮૯ માં પંચાંગાંતરથી ભા. સુ. ૬ નો ક્ષય કર્યો હતો. તેમ આ સાલ ૬ નો ક્ષય કરવો.

આચાર્યશ્રીના આ કથન પ્રમાણે સં. ૧૯૫૨ થી આ રીતે શરૂ થઇ છે. પરંતુ સં. ૧૯૯૨ માંજ તે બંધ થઇ ગઈ છે. કેમકે સં. ૧૯૯૨-૯૩ માં પાંચમની (પંચાંગમાં) વૃદ્ધિ હતી. ત્યારે ૬ ની વૃદ્ધિ ન કરતાં તે પૂજ્યો એજ ૩ ની વૃદ્ધિ કરી શાસ્ત્ર પ્રમાણે વ્યવસ્થા કરી હતી. અને એ રીતે તેઓએજ સં. ૧૯૫૨ વાળી પ્રવૃત્તિને બંધ કરી દીધી છે. એ પ્રવૃત્તિ પણ પંચાંગાંતરથી ૩ નો ક્ષય ન મળવાથી શરૂ થયેલી જ્યારે ચાલુ સાલમાં પંચાંગાંતરમાં પણ ત્રીજનોજ ક્ષય છે.

અને પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાના પાઠો પણ ઉપલબ્ધ છે. એટલે ૬ નો ક્ષય કરવાની તો વજુદ વગરનીજ છે. (૨) તે આચાર્યશ્રી બીજી વાત એમ જણાવે છે કે સંવત્સરી અને બેસતાં વર્ષનો વાર એકજ આવે. બેસતું વર્ષ મંગળવારે છે. માટે સંવત્સરી મંગળવારે કરવી. આ દલીલ પણ નબળી દલીલ છે. વિ. સં. ૧૯૬૬ વિ. સં. ૧૯૬૯ વિગેરે વર્ષોમાં સંવત્સરી તથા બેસતા વર્ષના વારો જુદા જુદા આવેલ છે, (જનક વિ૦ ની ચોપડી) અત્યારનાં પંચાંગોમાં પાસે પાસેની તિથિઓની પણ વધઘટ થતી જોવાય છે. તો પછી ૭૦ દિવસોમાં કેટલી તિથિ વધે ઘટે તેનું એકાંત ધોરણ તો જળવાય કયાંથી ? એટલે સંવત્સરી અને બેસતું વર્ષ એકજવારે આવે. આવી વ્યાપ્તિ છેજ નહિ. આથી આવી કલ્પનાઓના આધારે સંવત્સરી જેવા મહાન દિવસનો નિર્ણય કરી શકાયજ નહીં.

શાસ્ત્રોમાં ૫૦ અને ૭૦ દિવસોની બાબતમાં છે.

પણ વારની એકતાનો કયાંઈ ઉલ્લેખ નથી. એજ બતાવી આપે છે કે વાર એક હોવાની વાતો વાસ્તવિક નથી. (૩) આ. શ્રી. વિ. નેમિસૂરિજી મ૦ જણાવે છે કે પાંચમ બહ ચોથ લેવી. આ કથનથી પાંચમ પહેલાં ચોથ હોય એ નક્કી છે. પરંતુ પાંચમ ઘટે ત્યારે તો **हुज्ज नहु पुव्व तिविहया** એ પ્રમાણે મંગળવારે પાંચમ જ છે. એટલે મંગળવારે બહ ચોથ નથી કિન્તુ સોમવારે ચોથ છે. વળી સૌ કોઇ જાણે છે કે પાંચમ પહેલાંજ ચોથ હોય પણ **अणागयाए चउत्थीए** પાઠથી તો નક્કી થાય છે કે ઉદય પાંચમની અનંતર તિથિ તેજ પર્વ ચોથ છે. હવે જો પાંચમનો ક્ષય માનીએ તો બુધવારે છઠ અને મંગળવારે ચોથ એમ ઉદય છઠની અનન્તર ચોથ બને છે. બીજી રીતે કહીએ તો છઠ બહ ચોથ બને છે. પણ ઉદય પાંચમ ન હોવાથી પાંચમ બહ ચોથ બનતીજ નથી. પાંચમ બહ ચોથ લેવાની હોય તો એ પાંચમ થાય ત્યારે પહેલી પાંચમવાળી ચોથજ પાંચમ બહ તિથિ બનશે. આ રીતે જોતાં પાંચમવાળી ચોથ લેવી. આ વ્યવસ્થા અધૂરી વ્યવસ્થા છે. માટેજ તે તાર્કિક રીતિ છે. શાસ્ત્રમાં પણ તે માટેનું કોઇ પ્રમાણ મળતું નથી શાસ્ત્રમાં તો અનન્તર ચોથ આદેશી છે. એ રીતે મંગળવારે પાંચમ અને સોમવારે ચોથ છે. તિથિ ઘટે ત્યારે પૂર્વની તિથિજ વિહ તિથિ મનાય અને તેથીજ ઘટાડાય એ ધ્યાન બહાર જવું ન જોઇએ. (૪) આ. વિ. હર્ષસૂરિજી જણાવે છે કે શાસ્ત્રમાં અષાડી ૧૪ થી ૫૦ મા દિવસે સંવત્સરી આદેશી છે. મંગળવારે ચોમાસી ચૌદશ અને મંગળવારે સંવત્સરી એમ ૫૦ દિવસો પુરા થાય છે. આ કથનથી તેઓ ચોમાસી ચૌદશ સાથે સંવત્સરીના ૫૦ દિવસ માને છે પણ તે તો તેઓની ભ્રમણા છે. એ રીતે તો ૫૧ દિવસજ થાય તેની ગણત્રી આ પ્રમાણે છે.

અષાડ સુદ ૧૪	(૧)
અષાડ સુદ ૧૫	(૧)
અષાડ વદી પક્ષ	(૧૫)
શ્રાવણ સુદી પક્ષ	(૧૫)
,, વદી પક્ષ	(૧૫)
ભા સુ. સંવત્સરી સુધી	(૪)
કુલ દિવસ	૫૧

એટલે આચાર્યશ્રીએ મંગળવારે સંવત્સરી કરવાને માટે બતાવેલ આ ગણિત પણ અસત્ય તેમજ જુઠના પાયા પર રચાયેલું છે.

મંગળવારે સંવત્સરી માનનારાઓની આ ચારે દલીલો કલ્પના રૂપજ છે. અને તે પૈકીની એક પણ માન્યતાને શાસ્ત્રોનો ટેકો નથી માટે **મંગળવારે સંવત્સરી પર્વ નથીજ** એ સ્વાભાવિક છે.

સોમવારની સંવત્સરી માટે સંખ્યાબંધ પુરાવા મળે છે. તો પછી સોમવારે સંવત્સરી કરવી એજ વાસ્તવિક વસ્તુ છે.

ભા. સુદ ૫ ની વધઘટમાં શું કરવું તેના પાઠો ઉપલબ્ધ નહિ હશે ત્યારે ગમે તે રીતે ઉકેલ કામ ચલાઉ કાઢયો હશે પણ પાઠો ઉપલબ્ધ થયા પછી તો એમ લાગે છે કે ભા. સુદ ૫ નો ક્ષય થાય ત્યારે સીધી રીતે કે આડકતરી રીતે પાંચમનો ક્ષય કરવો તે મૃષાવાદ કે માયામૃષાવાદ છે. પર્વતિથિની વધઘટ નજ કરવી એ શુદ્ધ માર્ગ છે.

જૈનોમાં પર્વ વ્યવસ્થા માટે એવો નિયમ છે કે પર્વતિથિની વધઘટ થાય નહિં. પર્વતિથિ પછીની પર્વતિથિ વધારાય નહિં પરંતુ પર્વતિથિની વધઘટમાં પૂર્વ-પૂર્વતર અપર્વતિથિનીજ વધઘટ થાય છે. આ રીતે પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાથી **સોમવારેજ સંવત્સરી આવે છે.**

પ્રેમવિજયજી

અષાડ વદ ૧૨ સોમવાર.

પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવના જન્મ દિવસે ગવાયેલી ગહુંલી.

ગુરુ જન્મ દિવસ છે આજે રે ગુરુ જન્મ ઉજવીએ આજ,
અપૂર્વ અવસર મળીયો આજે, ધન્ય દિવસ ઘડી ધન્ય છે આજે;
ગુરૂ પૂજન કરવા કાજે રે. ગુરૂ૦ ૧

મોતીના તોરણ બંધાવો, કુમકુમના સાથીયા પુરાવો,
સોના રૂપાને પુલડે વધાવો રે. ગુરૂ૦ ૨

આગમદિવાકર આગમોદ્ધારકજીનું, ટુંક વૃત્તાંત હું કહું છું આજે,
સાંભળજો શાંતિથી સાથે રે. ગુરૂ૦ ૩

ઓગણીશ એકત્રીશની સાલે, કૃષ્ણ અષાડી અમાવાસ્યાએ,
શુભ ચોઘડીયે ગુરૂ જન્મ્યારે. ગુરૂ૦ ૪

ધન્ય જમના માતાના જાયા, પિતા મગનભાઇ કુલ સોહાયા,
શુભ હેમચંદ્ર નામ ધરાયા રે. ગુરૂ૦ ૫

બાળપણાથી ધર્મના રાગી, શાસ્ત્રો ભણવાની લય લાગી,
સિદ્ધાંતોના અનુરાગી રે. ગુરૂ૦ ૬

યૌવનવયમાં થયા નિરાગી, સોળમે વર્ષે સંસાર ત્યાગી,
ચારિત્રે લગની લાગી રે. ગુરૂ૦ ૭

સંવત ઓગણીશ સુડતાલીસે, મહા શુદિ પંચમીને દિવસે,
દીક્ષા લીધી ઉલ્લાસે રે. ગુરૂ૦ ૮

લીંબડી ગામે વિરતિ વરિયા, આનંદસાગર નામજ ધરિયા,
ઉપશમ રસના એ દરિયા રે. ગુરૂ૦ ૯

સંવત ઓગણીશ સાઠની સાલે, જેષ્ઠ સુદી શુભ દિન દશમીયે,
પંન્યાસપદે ગુરૂ થાવે રે. ગુરૂ૦ ૧૦

વિહાર કરી સુરતમાં પધાર્યા, સકલ સંઘને આનંદ થાયા,
બહુ પ્રેમે ગુરૂને વધાવ્યા રે. ગુરૂ૦ ૧૧

સંવત ઓગણીશ ચુમ્મોતેરે, વૈશાખ શુદી દિન દશમીએ,
આચાર્યપદે ગુરૂ થાવે રે. ગુરૂ૦ ૧૨

આગમ મંદિર ને સિદ્ધચક્ર મંદિર, સિદ્ધગિરિ છાંએ બંધાવરાવ્યાં,
ઓગણીશ નવ્વાણુની સાલે રે. ગુરૂ૦ ૧૩

ત્રણ ચોમાસા અહિંયા કરીને, રાત દિવસ પરિષહોને સહીને,
બહુ દુઃસાધ્ય કામો કીધાં રે. ગુરૂ૦ ૧૪

ગુરૂ ઉપદેશે મંદિર બંધાવ્યું, નવ માસમાં પૂર્ણ કરાવ્યું,
જે જોતાં અચરિજ થાય રે. ગુરૂ૦ ૧૫

[વધુ માટે જુવો પેજ ૨૬૨ મો.]

ઉત્થાપકોને મળેલી સોનેરી તક.

ભાદરવા શુદ ૬ નો ક્ષય કરવાનું કેમ થયું ?

આલેખનકાર:—પૂ. શ્રી ક્ષેમંકરસાગરજી.

જોધપુરી પંચાંગ કે જે કેઇ યુગોથી જૈનોમાં મનાતું આવ્યું છે, મનાય છે. અને ભવિષ્યમાં શ્રીસંઘ બીજું પંચાંગ નિયત નહિં કરે ત્યાં સુધી માનવામાં આવશેજ. તે જોધપુરી પંચાંગમાં આ વર્ષે ભાદરવા શુદ પંચિમનો ક્ષય જણાવવામાં આવ્યો છે. પુનમ અમાવાસ્યાની હાનિ વૃદ્ધિના હિસાબે ભાદરવા શુદ ત્રીજનોજ ક્ષય વ્યાજબી રીતે થાય. પરંતુ ૧૯૫૨-૬૧ અને ૮૯માં તેવા ભાદરવા શુદ ૫ ના ક્ષયની વખતે બીજાં પંચાંગો પકડી છઠનો ક્ષય કરેલ હોવાથી આ વખત પણ છઠના ક્ષયવાળાં પંચાંગ પકડીને કેટલાક થક્ષમ ગણિતનાં પંચાંગો ત્રીજના ક્ષયને જણાવનારાં હાલમાં પ્રવર્તે છે છતાં છઠનો ક્ષય કરવાના છે અને તે હિસાબે તેઓ જે કે મંગળવારે સંવત્સરી કરવાના છે પણ ગાડા નીચેના કુતરાના ભારની માફક શાસનના ઉત્થાપક બનેલા વર્ગે એક માત્ર મંગલવાર સરખો આવવાથી રાચવાનું થાય તેમ નથી. કારણ કે શાસન ઉત્થાપક વર્ગ તો ૧૨ અને ૧૩ પર્વતિથિઓ માને છે અને તેથી તે ઉત્થાપક વર્ગ તો ભાદરવા શુદ પાંચમ જેવી પર્વતિથિનોજ ક્ષય માનવાનો છે. અને તેથી ઉત્થાપકોએ તેમ જાહેર કરેલું પણ છે. જ્યારે આ વર્ગ તો ઉલટો **પાંચમ જેવી પર્વતિથિનો ક્ષય ન કહેવો માટે તો ચાલતું પંચાંગ છોડીને છઠના ક્ષયનું પંચાંગ પકડયું છે. અર્થાત્ મંગલવારના** સંવત્સરી કરનારાઓ પણ હંમેશાં તે પ્રેમવિજયજી આદિ ઉત્થાપકોને તો ઉત્થાપક તરીકેજ માને છે અને માનવાના છે. ઇચ્છીયે છીએ કે શાસનદેવ સદ્‌બુદ્ધિ આપે અને આ ઉત્થાપકો મંગળવારની સંવત્સરી કરનારાઓની સાથેજ થાય અને ૧૨ કે ૧૩ પર્વતિથિ કહેવા વિગેરેની ઉત્થાપક ચાલ છોડી દે. સુજ્ઞેષુ કિં બહુના.

[૨૬૧ પેજથી ચાલુ]

તામ્રપત્રોમાં **આગમો** લખાવ્યા, સુંદર મનોહર **ચિત્રો** ચિતરાવ્યા,
જેની જોડ જગતમાં અજોડ રે. ગુરૂ૦ ૧૬

બે હજાર ને ચારની સાલે, મહા શુદી ત્રીજને શુક્રવારે,
શાસનપતિ પ્રભુજી પધારાજ્યારે. ગુરૂ૦ ૧૭

સુરતનો ભાગ્યોદય ચઢીયો, સુરતરુ આવી આંગણે ફળીયો,
ચિંતામણિ ચડિયું હાથે રે. ગુરૂ૦ ૧૮

શાસન સમ્રાટ સૂરિ ચિરકાળ જીવો, **વીરશાસનનો** અમૂલ્ય દીવો,
જેણે ધર્મની જ્યોત જગાવી રે. ગુરૂ૦ ૧૯

ત્રૈતિર વર્ષજ પૂરાં થાએ, ગુરૂજીની જન્મતિથિ ઉજવાએ,
નેમુભાઇના ઉપાશ્રયે રે. ગુરૂ૦ ૨૦

ગુરૂગુણ ગાતાં હૈયું ઉલ્લસે, મારા મનના ભાવો વિકસે,
આનંદનો સાગર ઉછળે રે. ગુરૂ૦ ૨૧

જયમાળા ગુરૂના ગુણ ગાવે, ગાતાં ઉરમાં આનંદ પાવે,
જય જય મંગલ વર્તાયે રે, ગુરૂ જન્મ દિવસ છે આજેરે,
ગુરૂ જન્મ ઉજવીયે આજ. ૨૨

॥श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(ગયા અંકથી ચાલુ)

પ્રશ્નરૂપે માનેલી માન્યતાનું નિરસન કરતાં શાસ્ત્રકાર જણાવે છે કે ચરિતાનુવાદમાં જણાવેલાં પ્રસંગોમાં આચરેલું પ્રામાણ્ય છે, એ કહેવું અત્ર અયુકત છે; કારણ કે તે કથન ચાલુ વન્દનાના અધિકારમાં જણાવેલી વન્દનાને ઉચ્છેદ કરવા સમર્થ થતું જ નથી. એટલુંજ નહિં પણ અવિરતિવંત-પ્રમાદિ જીવો માટે તેટલા પ્રમાણમાં શક્ર-સ્તવજ યુકત છે, પરંતુ અપ્રમાદનું સેવન કરવા પ્રતિ લક્ષ્ય છે, એવા વિરતિવંત-વિશેષ ભકિતમન્ત જીવોને શક્રસ્તવાદિથી અધિક કરવાનું વિધિ વિધાન હોવાથી પણ દોષ નથી. અને જો આચરેલું પ્રમાણભૂત છે, અને તે આચરેલાનું અવલંબન કરીને પ્રવૃત્તિ કરવા લાયક છે એમ હોય તો અનેકવિધ-પ્રવૃત્તિ કરવા લાયકની થઇ જાય, તથા વિધેયતારૂપે અંગીકાર કરીને અનેક-વિધકાર્ય પણ બહુ વર્જન કરવા લાયકનું થઇ જાય.

દ્રષ્ટાન્ત તરીકે તે પ્રસંગોને પ્રતિપાદન કરતાં જણાવે છે કે વિજયદેવ વિગેરે દેવોએ પોતાની વાવડીનું પૂજવું, ભરતનું પરિવ્રાજક-વેષધારિ-મરિચિ-પ્રતિ વન્દન-કરવું, બાહુબળીને આજ્ઞા મનાવવા માટે ચક્રનું મુકવું, દીક્ષા-અર્થિની-સુંદરીને ભોગાર્થ માટે ભરતનું રોકવું, સતી દ્રૌપદીએ પાંચ ભર્તારનું કરવું, અને પ્રદેશી-રાજા તરફથી દાનશાળાઓનું કરાવવું એવું એવું વર્જન કરવા લાયક પણ વિધેયરૂપે થઇ જાય.

ધર્મ કથાનુયોગમાં કથન કરેલાં ધર્મ કૃત્યનેજ આલંબન કરવું યોગ્ય છે એમ કહેવામાં આવશે તો વિજયદેવ વિગેરે દેવોએ સિદ્ધ-ભગવંતોનું સ્નાન પોતાની વાવડીના પાણીએ કરાવ્યું છે, તો પછી ઇન્દ્રોએ જિનેશ્વર ભગ-વંતોનો જન્માભિષેક તેજ રિતિ પ્રમાણે કરવા લાયક છે, પરંતુ તે જન્માભિષેક વિવિધ તીર્થના પાણી-મૃત્તિકાદિથી (માટી-અને સુગંધિ-દ્રવ્યોથી) કરવો જોઇએ નહિં. અથવા ઇન્દ્રોએ જિનેશ્વરોના જન્મ મહોત્સવ-અવસરે સ્નાન બીજી રીતિએ કર્યું છે, તો પછી વિજયદેવાદિનું પુષ્કરિણીના જલથી કરાતું સ્નાન ઉચીત નથી એમ માનવું પડશે. અથવા વિજયદેવાદિએ કરેલું ઉચીત માનીએ તો ઇન્દ્રોએ જિનેશ્વરનું નિર્વાણમજ્જન ક્ષીર સમુદ્રના પાણીથી ન કરવો જોઇએ, અને જન્મ-દીક્ષા કલ્યાણુકના મહોત્સવ અવસરે જિનેશ્વરોનું મજ્જન તીર્થોના પાણીથી થયેલો છે. ઇન્દ્ર વિગેરે શક્રસ્તવનો પાઠ જે રીતિએ કર્યો છે, તે રીતિએ પર્યંકાસન સ્થિત મેઘકુમારે અનશન સ્વીકારકાળે કર્યો નથી. તેવીજ રીતે તંદુલના અષ્ટ મંગલ કરવા, બલિ વિગેરે સમર્પણ કરવું, આરતિ-લવણ ઉતારણ, વિગેરે ઇન્દ્ર આદિ દેવોએ કરેલું છે, પરંતુ શ્રીજિવાભિગ-માદિ શાસ્ત્રોમાં કથન કરેલું નથી.

આ ઉપરથી મોક્ષાભિલાષાદિનું કારણ હોવાથી, અશઠ એવા ગીતાર્થ ભગવંતોએ આચરેલું હોવાથી, જીત વ્યવહારના લક્ષણની આ ચાલુ પ્રસંગમાં સંગતિ લાગતી હોવાથી; અને ચૈત્ય-વન્દન-ભાષ્યકાર આદિ ભગવંતોએ ચૈત્યવન્દન

ભાષ્યાદિ ગ્રન્થોમાં આ કરણીનું સમર્થન કરેલું હોવાથી અધિકતમ કરવું તે યુકતજ છે.

અત્ર એ પણ શંકા ન કરવી કે ભાષ્યકારાદિના વચનો અપ્રામાણ્ય છે, કારણ કે ભાષ્યકારાદિના વચનોના અપ્રામાણ્યનો સ્વીકાર કરે છતે સર્વ–પ્રકારે આગમના અવબોધનો પ્રસંગ આવી જશે.

ષડ્–આવશ્યકરૂપ આવશ્યકનો સ્વીકાર કરે છતે, ચૈત્યવન્દનાનો સ્વીકાર થઈજ ગયો, કારણકે છ–આવશ્યકરૂપ આવશ્યકમાં તે ચૈત્યવન્દનરૂપ આવશ્યક બીજું છે; અને તેથીજ તે બીજા આવશ્યકથી ચૈત્યવન્દનના સૂત્રોના સ્વીકાર કરાય છે.

આ પ્રમાણે ત્રીજું ચૈત્યવન્દન વિધિ પ્રકરણના મૂલ પદ્યો અને પદ્યોના ભાવને પરિસ્ફુટ કરનારી વૃત્તિનો સારાંશ આલેખન કરીને આ ત્રીજું પંચાશક પરિસમાપ્ત થયું. શ્રાવકોને અને શ્રાવકોને માર્ગાનુસારિ આદિ જીવોને ચૈત્યવન્દનનું કાર્ય આવશ્યક હોવાથી ચૈત્યવન્દનને અનુસરતું વિધિ–વિધાન–સ્વરૂપ–હેતુ–ફલાદિને શાસ્ત્રકારે અને વૃત્તિકારે જે રીતિએ જણાવ્યાં છે, તેજ રીતિએ સંક્ષેપથી સારાંશરૂપે અત્ર જણાવ્યાં છે, છતાં તેઓશ્રીના અને પૂર્વ પુરૂષોના આશય વિરૂદ્ધ આલેખન થયું હોય તો ક્ષન્તવ્ય ગણીને બુદ્ધિમાન વાંચકો વાંચે–વિચારે–મનન કરે, અને પરિશીલન કરે એજ એક શુભેચ્છા.

अथ-चतुर्थ-पञ्चाशक।

આરાધન પદ.

સ્યાદ્વાદ–મુદ્રામુદ્રિત–શ્રી જૈનશાસનમાં શાશ્વત શાન્તિદાયક–સકલ–મંત્ર–તન્ત્ર-યન્ત્રાધિરાજ–રાજેશ્વર–શ્રીસિદ્ધચક્ર–મહાયંત્રની આરાધના સમસ્ત ચતુર્વિધ સંઘ કરે છે અને કરશે, તે **શ્રીસિદ્ધચક્ર મહાયન્ત્રને,** હૃદય મંદિરમાં સ્થાપન કરીને તથા સકલ સમીહિતપૂરક–અચિન્ત્ય–ચિન્તામણિ–શદૃશ–**શ્રીશંખેશ્વરપાર્શ્વનાથને** અત્યંત વિનમ્રભાવે નમસ્કાર કરીને જિનપૂજાવિધિ નામના ચતુર્થ પંચાશકનો સારાંશ અત્ર શરૂ કરાય છે. આરાધકોએ આરાધનામાં ઉજમાળ રહેવું એ શિષ્ટાચાર–સંમત આત્મકલ્યાણવૃદ્ધિનો અમોઘ રાજમાર્ગ છે.

પૂર્વે ત્રીજા પંચાશકમાં દેવાધિદેવ–શ્રીઅરિહંત–ભગવંતોને વન્દન કરવા વિષયક વન્દનવિધિ પ્રતિપાદન કર્યો, અને તે વન્દન વિધાન પૂજાપૂર્વક કરવા લાયક હોવાથી આ ચતુર્થ પંચાશકમાં પૂજા વિધિને કહેવાની અભિલાષા-વાળા ગ્રંથકાર મંગલ–અભિધેયાદિનું વર્ણન કરે છે. પૂજાપૂર્વક વન્દનવિધિ વિધાન યોગ્ય હોવાથી પ્રથમ પૂજા વિધિ પંચાશકની અને પછી વન્દનવિધિ પંચાશકની પુનીત રચના પૂ. ગ્રંથકારે કરવી જોઇતી હતી, છતાં વન્દનવિધિવિધાનને પ્રતિપાદન કરતાં પૂજા વિધિ વિધાન પર સિંહાવલોકન સિદ્ધ ન્યાયે પૂ. ગ્રંથકારે નજર રાખેલ હોવાથીજ તે વાતને વનાધિ–પવૃત્તિ ધારણ કરનાર વૃત્તિકાર ભગવાન્ વૃત્તિમાં **'वन्दनं च पूजापूर्वकं कार्यमिति'** આ પદો વડે ગ્રંથકાર ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજીના આશયને સ્પષ્ટ કરે છે.

ચાલુ પંચાશકના પ્રારંભમાં પણ પૂ. ગ્રંથકાર–ભગવંત–આસન્નોપકારિ–વિભુ શ્રીમહાવીર મહારાજાને નમસ્કાર કરીને જિનેશ્વર ભગવંતના પૂજન વિધિને જણાવીશ. ઉપકારિયોના ઉપકારને ભૂલ્યા વગર અને આરાધનાના પ્રબળ પ્રભાવે અનેકાનેક આરાધકો તરી ગયા તેથીજ આરાધન પદ–(**નમિઊણ** પદ) નું આદર–બહુમાન પૂર્વક સ્મરણ કર્યા વગર ગ્રંથકારો ગ્રંથનો પ્રારંભ કરતાંજ નથી.

મંગલાદિનું સ્પષ્ટીકરણ.

અનેકાનેક–ગ્રંથોનું ગુંથન કરનાર શાસ્ત્રાવતાર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ **નમિઊણ મહાવીરં** એ પદોદ્વારા માનનું મર્દન કરીને, અતિ–અત્યંત વિનમ્રભાવે વિનીત થઇને, શ્રી મહાવીર પ્રભુની પ્રભુતા પિછાણીને; અને હૃદયમાં લઘુતા ધારણ કરીને ઇષ્ટ–દેવાધિદેવ–વીતરાગ શ્રી મહાવીર પ્રભુને નમસ્કાર કરે છે. નમસ્કારની કરણી કરનારા અને ગ્રંથનું ગુંથન કરનારા ગ્રંથકાર ગ્રંથ ગુંથનની કરણીનો પ્રારંભ નમસ્કાર પૂર્વક કરે છે. અને તેથીજ વાંચકોને, વિચારકોને, અભ્યાસકોને તથા ગ્રન્થના ગહન–વિષયોનું પરિશીલન કરનારાઓને મહારી માફક ઇષ્ટ દેવાદિનું સ્મરણાદિ વર્તન કરવાની ખાસ ભારપૂર્વક ભલામણ છે. વારંવાર **નમિઊણ** પદનું આલેખન કરવાનો મુખ્ય હેતુ આરાધનાના અનેકવિધ–પ્રકારોમાં નમસ્કારની કરણી પ્રધાનપદે સ્યાદ્વાદ મુદ્રામુદ્રિત શાસનમાં સુપ્રસિદ્ધ શ્રેષ્ઠતમ સ્વીકારી છે.

આ રીતિએ પંચાશકના પ્રારંભમાં મંગલમય શ્રીમહાવીર મહારાજાને નમસ્કાર કરીને જિનેશ્વરની પૂજાનો વિધિ સંક્ષેપથી કહીશ એમ ગ્રંથકાર જણાવે છે, અને તેથી મંગલ તથા કહેવા યોગ્ય અભિધેય એટલે વિષયપણ જણાવી દીધો. પૂર્વ પદ્યમાં મંગલ–અભિધેય જણાવ્યા, અને ત્યારબાદ ઉત્તરાર્દ્ધમાં સંબંધાદિ જણાવે છે. પ્રાતઃસ્મરણી પૂજ્યપ્ય ગણધર ભગવંતાદિ ગુરૂવર્યોની પરંપરાથી ગ્રહણ–આસેવન શિક્ષાદ્વિદ્વારાએ જે પ્રાપ્ત કર્યું તેને અનુસરીને સંક્ષેપથી કહીશ. સંક્ષેપતઃ એ શબ્દથી પૂર્વાચાર્યોએ આ પૂજા વિધિ સંબંધમાં વિસ્તારથી કથન કરેલું છે, અને હું સંક્ષેપથી કહીશ. સંક્ષેપથી કથન કરનાર અલ્પાર્થ એટલે અત્યંત ઓછા પ્રમાણમાં ભાવોને પ્રતિપાદન કરે છે, આવી શંકાના નિરસનમાં ગ્રંથકાર જણાવે છે કે **મહાર્થ** અર્થાત્ પદ્યોદ્વારાએ સંક્ષેપથી પરંતુ તે પદ્યોમાં સ્થિત થયેલા ભાવો સમજવામાં આવશે ત્યારે મહા–મહિમાવન્ત મહાર્થોથી ભરેલા આ પુનીત પદ્યો છે આ નિર્ણય થશે. પૂજાવિધિ વિષયક–પુનીત ભાવોના પરમાર્થને સંક્ષેપથી અને વિસ્તારથી જાણવાની અભિલાષાવાળા–જીવો આ પ્રકરણના અધિકારિઓ છે. આ પ્રમાણે મંગલ–વિષય સંબંધ–અધિકારીઓ જણાવ્યા. કર્તા અને વાંચક એ બન્નેના પ્રયોજનો આ પ્રમાણે છે. કર્તાને અર્થિઓ પ્રત્યે અનિર્વચનીય ઉપકાર અને અપવર્ગની પ્રાપ્તિ તથા તેજ પ્રમાણે વાંચકને પ્રકરણ વિષયક જ્ઞાન–પ્રાપ્તિ અને અનુક્રમે પરંપરાએ અપવર્ગ પ્રાપ્તિ એટલે પૂજા વિધિ પ્રકરણના પરમાર્થને પિછાણનારો પૂજક પૂજ્યપણાની પરાકાષ્ઠાને પ્રાપ્ત કરીને પરમ પદની પ્રાપ્તિ કરે છે.

પૂજાવિધિ કથન–પ્રયોજન.

હવે પૂજા વિધિને કથન કરવાનું શું પ્રયોજન છે તે પ્રતિપાદન કરતાં **विहिणा उ** ઇત્યાદિ પદ્યો જણાવે છે. આ લોકમાં પણ વિધિ–વિધાન પૂર્વક કરાતી સર્વે ક્રિયાઓ ફલ આપનારી થાય છે, અર્થાત્ ઇષ્ટ સાધ્યને સાધવાવાળી થાય છે, તો પછી આલોકને અને પરલોકને હિત કરનારી જિનપૂજા શાસ્ત્રવિહિત વિધિ–વિધાનપૂર્વક કરવામાં આવે તો જરૂર ફલ દેનારી થાય છે. અનાજના અર્થિ ખેડુતોને, ધનના અર્થિ નિર્ધનોને, તંદુરસ્તીના અર્થિ રોગિજનોને; અને ઇષ્ટસ્થાન પ્રાપ્તિના અર્થિ મુસાફરોને તે તે ક્રિયાઓ ભલે આ લોકમાં સુખ–શાન્તિ–આનંદ દેનારી હોય તો પણ તે તે ક્રિયાઓના વિધિ-વિધાનને લક્ષ્યમાં રાખીને સાવધાની પૂર્વક કરવામાં આવે તોજ તે તે ક્રિયાઓ જરૂર ઇચ્છિત ફલને દેનારી થાય છે, અને તેવીજ રીતે જિનેશ્વર–ભગવંતોની પૂજા પણ વિધિ–વિધાનપૂર્વક સાવધાન થઇને કરવામાં આવે તો જરૂર ફલને દેનારી થઈ છે, થાય છે અને થશે. આથીજ શાસ્ત્રકાર ઉભયલોક (આ લોકને અને પરલોકને) હિતકારી હોવાથી પૂજા વિધિ કહેવો જોઇએ, અને આ પૂજા વિધિ કથનનું પ્રયોજન બતાવીને પૂજા વિધિની શરૂઆત કરે છે. ગાથા ૨.

(ચાલુ)

[ટાઈટલ ૨ જા પેજથી ચાલુ]

સૂત્રધાર ? કેવી રીતે વિષખીજ વાવનાર ? વિ૦ જણાવવા તરદી લીધી હોત તો વિદ્વાનોને નવું જાણવાનું મળત. પરંતુ દ્વિરેફ પાસે તેવા દોષારોપો સાચા જણાવવા કોઈ સાધન નથી. તેથીજ તેમણે આ ગોળ-ગોળાનો માર્ગ લીધો.

આ વર્ષ સમગ્ર શાસન પક્ષે સોમવારે સંવત્સરી જાહેર કરી છે. આમ છતાં ૧૯૫૨-૬૧ અને ૮૯ માં પોતે કર્યું હતું તેજ સાચું મનાવવા સારૂં જેઓએ સમગ્ર શાસન પક્ષથી વિરૂદ્ધ પડીને એકાએક ભા. સુ. ૬ નો ક્ષય જાહેર કર્યો અને સંઘમાં નકામો કલેશ નાંખ્યો તે પૂ૦ સૂરિસમ્રાટ તો દ્વિરેફને 'મારૂં તે સાચું અને બીજા બધા કરે છે તે બૂલ ભરેલું છે એમ ધૃષ્ટતા પૂર્વક બોલનારા' લાગતાજ નથી, તે પદયોગ્ય નહિ છતાં પદ આપેલ છે તેથીજ હશે ને ?

સોમવારી સંવત્સરી સમગ્ર શાસનપક્ષે જાહેર કરી છે. એકલા પૂ૦ આગમોદ્ધારકશ્રીએજ જાહેર કરી નથી. આમ છતાં આ સોમવારી સંવત્સરીના પણ સૂત્રધાર તરીકે તો આ દ્વિરેફ, પૂ૦ આગમોદ્ધારશ્રીનેજ માને છે, તો પછી 'જુના મત તરીકેની આગેવાની શ્રી સાગરાનંદસૂરિજીને કોઈએ આપી નથી' એમ જે કહે છે તે 'માતા મે વંધ્યા' જેવું નથી ? અને સોમવાર દરેકે બહાર પાડયો છે છતાં દ્વિરેફ, એકલા પૂ૦ આગમોદ્ધારકશ્રી ઉપરજ તૂટી પડે છે, એ દ્વેષાનલતા નથી ? મુનિ સંમેલનમાં પૂ૦ સૂરિસમ્રાટને અધ્યક્ષ તરીકે માનવાનો અને નીમવાનો વાંધો લેવાતાં પૂ૦ સૂરિસમ્રાટને ગોળમેજી કબુલવી પડી હતી તેથી નીમાયા વગરના તેઓશ્રીને દ્વિરેફ; સૂરિસમ્રાટ તરીકે માને છે કે નહિ ?

દ્વિરેફ, પૂ૦ આગમોદ્ધારકશ્રીને એક બાજુથી '૧૯૫૨-૬૧ અને ૮૯ માં જુના પક્ષના મોટા સમૂહથી જુદા રહ્યા હતા.' એમ કહે છે અને બીજી બાજુથી 'સાગરજી પોતાની હઠાગ્રહી પ્રકૃતિ (જે શબ્દો હબોહ પણ બોલેલ) ને લીધે સકલ સંઘના નિર્ણયને અનુસર્યા ન્હોતા.' એમ પૂર્વે શાંતિપ્રિય સંજ્ઞક લેખમાં જુઠું લખેલું અહિં ફરીથી કહે છે, તે દ્વિરેફતા છે કે દ્વિજીહ્વતા ? ચંડાંશુ૦ ના ભા૦ સુ૦ ૫ ના ક્ષયે છઠનો ક્ષય માનવો અને ભા૦ સુ૦ ૫ પણ બીજાં પંચાંગની માનવી, એવો નિર્ણય સંઘે કર્યો હતો તો આજે બધા નવા પંચી કહે છે કે—'અમે તો તે તે વખતે ભા૦ સુ૦ ૫ નોજ ક્ષય કર્યો હતો' એ જોતાં તે તે વખતે કહેવાતા જુના પક્ષના મોટા સમૂહમાં અને તે નિર્ણયમાં પણ હું-આવો, મંગળદાસ સિવાય કોણ રહ્યું ? 'તે તે વખતે પૂર્વજોએ પૂરેપૂરી વિચારણા કરી હતી. ભા૦ સુ૦ ૫ ના ક્ષયે ભા૦ સુ૦ ૬ નો ક્ષય કરવામાં બહુ દીર્ઘદ્રષ્ટિ પડેલાંચી હતી' એ દ્વિરેફની વાતને વળગી રહેવામાં સમાજને આજે આથીજ પૂ૦ સૂરિસમ્રાટ અને પૂ૦ પંન્યાસ કેસરી એમ બે જણજ નજરે આવે છે ને ? છે ત્રીજો કોઈ ? ૧૯૫૨-૬૧ અને ૮૯ ની ઉદયવાળી ચોથને માનવાની તે કહેવાની પૂરેપૂરી વિચારણાને સં. ૧૯૯૨ અને ૯૩ માં તો આ પૂ૦ સૂરિસમ્રાટ અને પૂ૦ પંન્યાસ કેસરીએ પણ પડતીજ મૂકી હતી છતાં પણ તેને આજે પૂરેપૂરી વિચારણા કહેનાર દ્વિરેફ વ્રતધારી શી રીતે ?

સં. ૧૯૯૨-૯૩ માં સકલ સંઘને માન્ય એવા પૂર્વાચાર્યોના 'ભા૦ સુ૦ ૫ ના ક્ષયે ત્રીજનો ક્ષય કરવો' એમ સ્પષ્ટ કહેનારા સંખ્યાબંધ પ્રમાણો મળ્યાં, અને તેથી જેઓશ્રીએ ૧૯૫૨-૬૧ અને ૮૯ ની કહેવાતી તે ઉદયવાળી ભા૦ સુ૦ ૪ ઉભી રાખવાની રીતિને ૧૯૯૨-૯૩ માં છોડી દીધીજ છે. છતાં આજે હુંબરે ચઢીને જેઓ 'હું તો ૫૨-૬૧-૮૯ માં કર્યું હતું તેમજ કરીશ' એમ કહીને સમાજમાં અશાંતિ જગાવી બેઠા છે તેઓની હઠાગ્રહી પ્રકૃતિ ગણાય કે-'હું તો સંઘ મળીને ત્રીજું પંચાંગ માનવાનું ઠરાવે તો બીજું પંચાંગ પણ માનવા તૈયાર છું.' એમ કહેનાર પૂ૦ આગમોદ્ધારકશ્રી ની ? આ દરેક વસ્તુ દ્વિરેફ, રોષ તજીને

[વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૪ થો.]

[ટાઇટલ 3 જા પેજથી ચાલુ]

શાંતિથી વિચારે અને શાસ્ત્રથી અને પરંપરાથી સોમવારનીજ સંવત્સરી સાચી છે. એમ માનવાની અને પ્રચારવાની સાચી સફળતા લાવે. સિવાય તો પર્યુષણાપર્વ નિમિત્તે દ્વિરેફે જાહેર કરેલી સરળતા ઉપર જણાવી તેવી છે. જે સમાજને હાનિપ્રદ છે.

બાલાભાઇ આર. શાહનો લેખ અપ્રમાણિક ઠર્યો છે.

સુરત તા. ૨૦-૭-૪૮ માં આ ભાઇએ અમદાવાદની સત્ય સ્થિતિ છુપાવવા અસત્ય સ્થિતિ પ્રસિદ્ધ કરેલ હતી, એમ તા. ૨૨-૭-૪૮ ના શ્રી મનુભાઇ કે. ચોકસીના જાહેર મોટા હેન્ડબીલથી સમાજને જણાવ્યા મજ્યું હતું. અમદાવાદ સરસપુરના શ્રી સંઘે તો તા. ૧-૮-૪૮ ના સંદેશ અને ૩-૮-૪૮ના ગુ. સ. માં પણ જાહેર કર્યું છે કે—'બાલાભાઇએ સરસપુર સંઘ સંબંધી જે લખાણ કર્યું છે તે હડહડતું જુઠાણું છે. અમોએ પૂ૦ મુનિરાજોને સોમવારે સંવત્સરી કરવાનું કબૂલ રાખીને વિનંતિ પૂર્વક રાખેલા છે.' છતાં બેદની વાત છે કે-બાલાભાઇ તેજ અપ્રમાણિક લેખ અક્ષરશઃ તા. ૫-૮-૪૮ ના મું. સ. ફરી પ્રસિદ્ધ કરાવીને જનતામાં ભ્રમણા ફેલાવવાનું ચાલુ રાખે છે. આથી જનતાના ખ્યાલ ઉપર અમદાવાદની સત્ય પરિસ્થિતિ જણાવવાની ટુંક ફરજ પડે છે કે-અમદાવાદમાં મંગળવારનો ગઢ તૂટયો છે. અનેક ઉપાશ્રયો સોમવારેજ સંવત્સરી કરવા તૈયાર થયા છે. પૂ૦ તપસ્વી મુનિરાજ શ્રી ધર્મસાગરજી મ. આદિ મુનિરાજોને સત્તર રથાનના આગેવાનોએ ભારે આદર આપીને સોમવારેજ સંવત્સરી કરવા સત્તર ઠેકાણે મુહપત્તિ પડિલેહાવી છે. પૂ૦ સૂરિસમ્રાટે ભદ્રિકોને ભરમાવીને ઠસાવી દીધેલ મંગળવારના આગ્રહમાં જેઓએ પૂ૦ મુનિરાજો માટે અમદાવાદ ભરમાં વસતિ નહિ મળવા દેવાનું અજૈનોચિત કૃત્ય કરેલું તેઓ આજે દિલગીર પસ્તાય છે. પૂ૦ મુનિરાજો તેઓને દિલાસા આપે છે. સિવાય સર્વત્ર શાંતિ છે.

તા. ક:—મુંબઇ સમાચારમાં શાંતિપ્રિયે પુનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિને જણાવનારાને જે પાનાને આધારે અસત્ય ઠરાવવા પ્રયત્ન કર્યો છે, તે પાનાં અહિં આગળ હાજર છે. તો તે પોતાના માનેલા સુધારકો લઇને ખુશીથી અહિં આવી શકે છે. અને તે પાનાં જોઇ શકે છે. તે વિજયદેવસૂરિના પટ્ટકના પાનાં સં. ૧૯૬૨ ૬૩ પહેલાં જાહેર નહોતા થયા તે સાંચી વાત છે. ખરતરનું ઉત્સૂત્ર ખંડન પણ જાહેર થયું છે તે પણ એજ જણાવે છે. એટલે પુનમ અમાવાસ્યાની ક્ષયવૃદ્ધિ માફક પાંચમની ક્ષય વૃદ્ધિએ ત્રીજની ક્ષયવૃદ્ધિ થાય છે. મહારાજ કલ્યાણસૂરિ વિચારે કે અધિક મહિને ૮૦ દિવસ થશે ત્યારે ૫૦)નું શું કરશો ? ખરી રીતે તો તિથિના નામને હિસાબે દિવસો છે. તેજ પ્રમાણે પક્ખી ચોમાસી સંવત્સરી વિગેરેમાં દિવસો બોલાય છે. ચોમાસી અને સંવત્સરી બે દિવસો ભેગા કરો તો તમારે હિસાબે ૫૧ થાય. ચોમાસીના મંગળથી સંવત્સરીના મંગળને મેળવીને તિથિ તુટવાની અપેક્ષાએ ૫૦ દિવસ મેળવનાર ખરી રીતે તો બે અષાડ સુદના અષાડ વદ ૧૫ શ્રાવણ સુદના ૧૫ શ્રાવણ વદના ૧૫ આ બધા મળીને ૪૭ તેમજ ભાદરવાના ચાર દિવસ એમ મળીને એકાવન દિવસેજ કલ્યાણસૂરિજીની અપેક્ષાએ ૫૧ દિવસે સંવત્સરી કરનારો થાય છે. ખરી રીતે તો ચોમાસીની સંખ્યાથી સંવત્સરીની સંખ્યા સુધી ગણવાનું હોવાથી સોમવારવાળાને તો બરાબર ૫૦ દિવસ તિથિની અપેક્ષાએ થાય છે માટે દરેક ભવી જીવોએ સંવત્સરી મહાપર્વની આરાધના સોમવારે કરવીજ. અને મંગળવાર કરવાવાળાને તો તેમના હિસાબે પણ ૫૧ દિવસો તિથિના હિસાબે થાય છે. શાસ્ત્રથી કે ગુરૂ પાસેથી જય વિયરાયનો અર્થ ધારનારો સામાન્ય મનુષ્ય પણ લોગવિરૂદ્ધચ્ચાઓ. એ પદથી સર્વની નિંદા વિગેરે લીધા છે તે બરોબર સમજે. અને કલ્યાણસૂરિ જેવા આચાર્ય થઇને પણ તે પદને અવળો વેતરે તેને શું કહેવું. કપડવંજ તા. ૧૦-૮-૪૮ મંગળવાર.

મુદ્રક:—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક:—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

श्रीकैलासागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पिन ३८२००९

श्री सिद्धचक्र.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

भावार्थः—शाश्वत आनन्दने देनारा श्री सिद्धचक्रने नमस्कार थाओ. अने सर्व मन्त्रोने विषे आ मन्त्र अचिंत्य-चिन्तामणिनी जेम आचरण करे छे. —आ. बो.

शाश्वत आराधना आवशे.

आलेखनकारः—पू. पंन्यासप्रवर श्री चन्द्रसागर गणीन्द्र.

दरेक वर्षे बे वखत शाश्वत आराधना आवे छे अने जाय छे, छतां आराधकोओ आराधना द्वाराओ आत्माने खूब खूब आराध्य भगवंतोनी अभिमुख करी देवा उजमाळ थवानी जरूर छे. आ अंकनी प्राप्ति पछी शाश्वत आराधनानी समाप्ति पहेलां पंदरमा वर्षनो प्रथम अंक विवेकि-वांचकोना करकमलमां प्राप्त थशे. ते अवसरे आराधको आराध्यपदनी प्राप्तिना उमेदवार बने, ते उमेदवारीने सफळ करे ते हेतुथी आ अंकमां अगाउथी सूचन कराय छे.

सर्व काळना, सर्व क्षेत्रना, सर्व अवस्थाना परमेष्ठिओनी पवित्र-आराधनाथी प्राप्त थयेल अमोघामृतनुं आस्वादन करवुं होय तो ते परमेष्ठि पदमां स्थित अरिहंतपणानुं, सिद्धपणानुं, आचार्यपणानुं, उपाध्यायपणानुं अने साधुपणानुं त्रिविधयोगे त्रिकरण विशुद्धिओ सेवन करो अने ते ते परमेष्ठिपणानी साथे सम्यग-दर्शन-ज्ञान-चारित्र-तपोधर्मनी आराधना सद्गुरुना समागममां रहीने करतां शीखो.

आयंबील थाय छे, नवकारवाळीओ गणाय छे, खमा समणां देवाय छे, उभय टंक प्रतिक्रमण अने प्रतिलेखन पण थाय छे, त्रिकाळ देव वंदन थाय छे, श्रीपाळ-चरित्र पण श्रवण कराय छे. छतां **श्रीपाळ-मयणा जेवुं जीवन कम जीवातुं नथी ओ माटे खूब खूब विचारणा करो.**

वी. सं. २४७४
वि. सं. २००४
वर्ष १४-अंक १

प्रकाशिका—
श्री सिद्धचक्र साहित्य प्रचारक समिति,
तन्त्रीः—पानाचंद रूपचंद झवेरी.
२२४, शेख मेमण स्ट्रीट—मुंबई.

वार्षिक लवाजम
रु. ३-०-०
छुटक नकल एकना
रु. ०—४—६

લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમ.

આલેખનકારઃ—પૂ. પંન્યાસ પ્રવર શ્રીચન્દ્રસાગરગણીન્દ્ર.

ચાલુ વર્ષના દશમા અંકના ટાઇટલ પેજ નં. ૨ બીજું પેજ વાંચકોએ વાંચ્યું હશે?, અર્થાત **લૌકિક પ્રેમનું અંતિમ-પરિણામ** ધ્યાનપૂર્વક વાંચ્યું હશે?, વિચાર્યું હશે?, અને વિવેકપૂર્વક પરિશીલન કર્યું હશે?; તેઓનેજ **લૌકિક-પ્રેમ સંસાર-પરિભ્રમણના પ્રબળ કારણરૂપ છે એમ નિશ્ચય જરૂર થયો હશે?**, આથીજ લૌકિક-પ્રેમના અનેક વિધ તે તે પ્રસંગોને ત્રિવિધે હાર્દિક-ભાવથી વોસિરાવીને **લોકોત્તર વિશુદ્ધ પ્રેમનું પરિશીલન કરીને પરમાત્મપદ-પ્રાપ્તિના પુનીત માર્ગે અસ્ખલિત કૂચ કરવી આવશ્યક છે.**

લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમ કરવાનુ, પ્રેમના પુનીત બંધનમાં બંધાઈ જવાનું, અને પુનીત પ્રેમ કેળવવાનું અખિલ વિશ્વભરમાં **અનન્યસ્થાન પરમાત્માજ છે,** આથીજ લોકોત્તર વિશુદ્ધ પ્રેમના પૂજારીની માનસિક-વાચિક-કાયિક-પ્રવૃત્તિઓનું દિગ્દર્શન પ્રાતઃસ્મરણીય પૂજ્ય-પુણ્ય-પુરૂષો રચિત અનેકાનેક-ગદ્ય-પદ્યાત્મક-સ્તવન-સ્તુતિ-પદ હૃદ્યાદિઓમાં નયન ગોચર, શ્રવણ ગોચર, અનુભવ ગોચર, હૃદય ગોચર; અને આત્મગોચર થયાંજ કરે છે. છતાં ઉપયોગપૂર્વક વાંચન-મનન-પરિશીલન કરનારા પુણ્યાત્માઓ **લોકોત્તર વિશુદ્ધ પ્રેમની પુનીત કાર્યવાહિથીજ પૂજકો** પૂજ્ય બને છે, **બન્યા છે અને બનશે એ નિઃશંક સત્યને સર્વદા સર્વથા સર્વત્ર આદર-બહુમાનપૂર્વક અવલંબી રહ્યા છે એજ જૈન કૂળમાં જન્મીને જૈનત્વ પ્રાપ્તિની સફલતા કરી રહ્યા છે,** ન્યાયાચાર્ય **શ્રીમાન્ યશોવિજયજી** ઉપાધ્યાયજી દ્વિતીય-તીર્થપતિ-**શ્રીઅજિતનાથના સ્તવનમાં**—"અજિત-જીણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ" આ પદો ગુર્જર ભાષામાં રચે છે. વાંચક-વિચારક અને અભ્યાસકને આ પદો દ્વારા પુનીત શિક્ષણ લેવાની જરૂર છે, તે હવે પછી વિચારશું.

મુદ્રકઃ—**મુલચંદ કસનદાસ કાપડીયા** "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.

પ્રકાશકઃ—તંત્રી-**પાનાચંદ રૂપચંદ ઝવેરી,** શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૪.	ભાદ્રપદ-માસ.	તંત્રીઃ
અંક ૧૨ મો.	તા. ૧૭-૯-૪૮	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

સૂર્યપૂરના આંગણે—

આગમોદ્ધારક આચાર્ય દેવેશનો જન્મ મહોત્સવ.

વિ. સં. ૨૦૦૪ ના અષાઢી અમાવાસ્યાનો બૃહસ્પતિવાસરે તા. ૫-૮-૪૮ નો દિવસ સૂર્યપૂરના આંગણે પૂ. ગુરૂદેવની ૭૪ મા વર્ષની ઉજવણીના પ્રસંગ સુવર્ણ મહોત્સવ રૂપે અંકિત થયેલો હતો. કારણ કે આ અવસરે તામ્રપત્ર-જૈનાગમ-મંદિરમાં આંગી-પૂજા-ભાવના, શ્રી અનંત-નાથજીના મંદિરે આંગી પૂજા અને વ્યાખ્યાનમાં આ નિમિત્તે લાહુની પ્રભાવના રાખી હતી. ત્રણ માસ પહેલાં શાસનના સદ્‌ભાગ્યે, સુરત સંઘના પ્રબળ પુન્યોદયે, અને સમુદાયના હિતાર્થે ભર માંદગીમાંથી ઉઠીને બોલવાની રજા દાક્તરોની નહિં હોવા છતાં એકાંત હિત કરવાની અપૂર્વ લાગણીથી લગભગ ૦॥ કલાક ઉપરાંત અમોઘ-દેશનાનું અમૃતપાન ચતુર્વિધ શ્રી સંઘને કરાવ્યું હતું. આ પ્રસંગે અન્ય વક્તાઓએ કરેલ વિવેચન, અને **પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારકની દેશના** હમારા વાંચકોના હિતાર્થે અત્ર આપવામાં આવે છે. સારભૂત સંચય કરનાર પૂ. શ્રી સૌભાગ્યસાગરજી છે. લિ. તંત્રી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

વચનાદ્યનુષ્ઠાનમવિરુદ્ધાદ્યથોદિતમ્ ।
મૈત્ર્યાદિભાવસંયુક્તં, તદ્ધર્મ ઇતિ કીર્ત્યતે ॥ ૩ ॥

પ્રસિદ્ધ-પદાર્થ-ધર્મ.

શાસ્ત્રકાર મહારાજા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં થકાં શ્રી ધર્મબિન્દુ નામના પ્રકરણ ગ્રંથમાં આગળ સૂચવી ગયા કે જગો જગો પર ધર્મની દુકાનો છે. હવે જો ધર્મ એ ચીજ સિદ્ધ છે, તો પછી તેના માટે પ્રતિપાદન કરવું એ એક ઘેરૂછા છે. આ પાટ ઉપરથી કોઇ બોલે કે પાંચ પચ્ચા પચ્ચવીશ તો બોલનારની સાંભળનારાઓ હાંસી કરે છે, કારણ કે જે વસ્તુનું શિક્ષણ બાળ-બચ્ચાંઓમાં રૂઢ થયેલ છે, તે વાતને અર્થાત્ સિદ્ધ વાતને પ્રતિપાદન કરવું તે હાંસીનો વિષય છે. શાસ્ત્ર પણ અપ્રસિદ્ધ-અપરિચ્છિત વસ્તુનું જ પ્રતિપાદન કરે છે, અને તે વાત શાસ્ત્ર શબ્દની વ્યુત્પત્તિથી સિદ્ધ છે. જે વાત ન માનેલી હોય, સિદ્ધ ન હોય, અને શંકા વિપર્યયાદિને અવકાશ હોય ત્યાં શાસન કરવાનું કામ શાસ્ત્ર કરે છે, પરંતુ ધર્મ એ તો જગતમાં સિદ્ધ વસ્તુ છે.

કોઇ કહે કે સાકર મીઠી છે, લીંબોડી કડવી છે; તો સાંભળનારા કહેશે કે વિશેષ શું કીધું ? આ ઉપરથી શ્રોતાઓ સિદ્ધ વસ્તુ સાંભળવા આવ્યા નથી, પરંતુ અસિદ્ધ, અપરિચિત ચીજોના શ્રવણ માટે આવેલા છે.

આ શ્લોકની પૂર્વે બીજો શ્લોક **धनदो०** ઇત્યાદિ પદો વડે છે તે જણાવી ગયા તેમાં ધન દેનારો ધર્મ છે, અભિલાષ પૂરક ધર્મ છે, સ્વર્ગ દેનારો ધર્મ છે, અને પરંપરાએ મોક્ષ દેનારો ધર્મ છે. આ ચારે બાબતો જગતમાં હરકોઇ જાણે છે એટલે જે પ્રસિદ્ધ વાત બોલાય છે તેનો એ અનુવાદ છે. દરેક મતવાલો પોતાના ધર્મને દુર્ગતિથી રોકનારો અને સદ્ગતિ આપનારો માને છે. તેમજ ધર્મ આદરવા લાયક છે અને ફલ પ્રાપ્તિ પણ ધર્મ દ્વારાએ છે એ વાત પણ પ્રસિદ્ધજ છે. હવે જે વસ્તુ આદરવા લાયક, અને ફલદાયક તરીકે પ્રસિદ્ધ થયેલી છે છતાં કેમ કહો છો ?, કારણ કે જેમાં શંકાદિને સ્થાન હોય તે વાત કરવાની જરૂર પણ આ ધર્મના વિષયમાં સર્વ દર્શનકારો સ્વીકારે છે તો પછી પ્રસિદ્ધને કહેવાથી શું ? દરેક ધર્મવાળો પોતાના દેવને, ગુરૂને અને ધર્મને સેવન–પૂજન કરવા લાયકનો જણાવે છે. આ ઉપરથી શંકા કરનારે પ્રસિદ્ધ વાતનું પ્રતિપાદન કરવું અયોગ્ય છે, એમ જણાવ્યું, પરંતુ પ્રસિદ્ધ વસ્તુની વાસ્તવિક પિછાણ ન કરવામાં આવે તો કેવો ગોટાળો થઇ જાય છે તે સમજો.

સ્વરૂપ સમજવાની જરૂર.

હીરો શબ્દ પ્રસિદ્ધ છે, અને તે શબ્દ શ્રવણ કરેલો છે, એટલે કાચના ટૂકડાને નાનું બચ્ચું હીરો કહે છે. બાપે કહી દીધું કે આ હીરો, છે, અને હીરો કિમતિ હોય છે; તેથી કાચના કકડાને હીરો કહે છે, હીરાનું રક્ષણ કરે છે, તે કિંમતી છે એમ બોલે છે, પરંતુ તથી સાચા હીરાની કિંમતે તે આવી શકતોજ નથી. તમે સાચા હીરાને હીરો કહો છો અને કિંમતિ કહો છો અને વ્યવહાર કરો છો, અને બાળક પણ હીરાનું નામ અને કિંમત બોલે છે તથા વ્યવહાર પણ કરે છે. છતાં બન્નેમાં ફરક કયાં છે ? સ્વરૂપમાં ફરક છે. બચ્ચું સ્વરૂપ જાણ્યા વગર બોલે છે, અને ઝવેરી સ્વરૂપ જાણીને બોલે છે. આથી નામ બોલવામાં સરખા, કિંમત બોલવામાં સરખા, અને વ્યવહાર કરવામાં સરખા છતાં સ્વરૂપ સમજાય એટલે સાચો હીરો કયો ?, એ તુરત પરખાઇ જાય. તેવીજ રીતે બધા મતવાળાઓ ધર્મ ધર્મ કહીને પોકારે છે, અને કિંમત તરીકે દુર્ગતિ રોકનાર અને સદ્ગતિ આપનાર તરીકે જણાવે છે. પરંતુ ધર્મનું નામ અને ફળરૂપ કિંમત બોલ્યા છતાં ધર્મ સ્વરૂપ સમજાતાજ નથી. તેથી ધર્મનું સ્વરૂપ શાસ્ત્રકાર શ્રીહરિભદ્રસૂરીશ્વરજી આ પદ્ય દ્વારાએ સમજાવે છે. ધર્મનું ફલ સિદ્ધ છે, ધર્મ આદરવા લાયક છે તેથી જગો જગોપર તેનું નામ પણ પ્રસિદ્ધજ છે. સ્વરૂપ સિદ્ધ નહિં હોવાથી હું સ્વરૂપ જણાવું છું, અને તેથીજ 'વચનાદ્ય.' ઇત્યાદિ પદો જણાવે છે. તમે કહી ગયા કે ધર્મનું ફલ સિદ્ધ છે, માટે પ્રતિપાદન કરવાની જરૂર નથી, અને પૂર્વ શ્લોકમાં જણાવ્યું તે તો પ્રસિદ્ધનો અનુવાદ કરેલો છે. તો પછી દશવૈકાલિક જેવા સૂત્રમાં **धम्मो मंगलमुक्किट्ठं** એ પદોથી ફલ કેમ પ્રતિપાદન કર્યું ?, આના સમાધાનમાં સમજવાનું કે મનક મુનિજી આઠ વર્ષના હતા તેથી ધર્મનું ફલ કહેવું પડયું; પરંતુ કોઇપણ અંગ–ઉપાંગમાં ધમ્મો મંગલ મુક્કિટ્ઠં એ શબ્દોજ નથી. આથી બાલ્ય જીવોને જે વાતની જાણ ન હોય, તે જણાવવું પડે માટે આ બાલક માટેનો ઉપદેશ

છે. આથીજ શાસ્ત્રકાર અપરિચિત અપ્રસિદ્ધવાતોને જણાવે છે, અને તેથી ધર્મનું સ્વરૂપ સમજવાની દરેક જીવોને અનિવાર્ય જરૂર છે. તેથીજ આ પદ્ય દ્વારાએ ધર્મનું સ્વરૂપ પ્રતિપાદન કરેલું છે. આ સ્વરૂપ સાંભળવામાં આવશે, સમજવામાં આવશે અને નિર્ણયરૂપે ધારવામાં આવશે તો દુનિયામાં ધર્મ કહીને ચાલનારાઓમાં વાસ્તવિક ધર્મ હોતોજ નથી એ નિર્ણય થશે. દુનિયામાં જેટલા બાળકો કાચના કકડાને હીરા કહે છે, માને છે, કિંમતિ તરીકે બોલે છે; પરંતુ એ બધા હીરા સાચા હીરાના સ્વરૂપે હીરાજ હોય તો બોટા–બરાની કિંમતજ ન રહે. બધા ધર્મ જો દુર્ગતિ રોકે અને સદ્ગતિ આપે તો પછી ધર્મની કિંમત અર્થાત્ સાચા ધર્મની કિંમતજ ન રહે. આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ-જાતિ, પંચેન્દ્રિય-પણું, અને દેવ ગુરૂ,ધર્મની જોગવાઇઓ મેળવ-વામાં ધર્મની દુર્લભતા માની છે, છતાં ધર્મનું સ્વરૂપ સમજ્યા વગર ધર્મની કિંમત મેળવવા પ્રયત્નો તો મહેનત સફળ ન થાય, માટેજ ધર્મનું સ્વરૂપ પ્રથમ સમજો.

વચનના આધારે સ્વરૂપ.

જેટલાઓને ધર્મીઓ કહો છો તો આંખમાં ઠંડક માલમ પડે છે, અને અધર્મિઓ કહો છો તો આંખમાં લાલાશ આવે છે; પછી ભલે અધર્મીને અધર્મી કહો તો પણ લાલચોળ થઇ જવાનો, કારણકે સર્વને ધર્મ વ્હાલો છે. વ્હાલા પદાર્થોના જુઠ્ઠા શબ્દો પણ વ્હાલા લાગે છે, અને અળખામણા પદાર્થના સાચા શબ્દ પણ અળખામણો લાગે છે. બ્રાહ્મણ આશીર્વાદ દે છે, બ્રાહ્મણના આશીર્વાદથી ધન, માલ, મીલ્કત, વાડી, વસ્તાર, છોકરાં કે આયુષ્ય વધવાનું નથી એ સમજો છો છતાં ધનાદિ પદાર્થો પ્રત્યે વ્હાલ છે તેથી બ્રાહ્મણના આશીર્વાદના શબ્દો સાચા નથી, છતાં પ્રિય લાગે છે. ગાળ દે છે તો આંખ લાલ કરો છો. આ ઉપરથી ઇષ્ટ વસ્તુનો જુઠ્ઠો શબ્દ પણ ઇષ્ટ લાગે છે, અને અનિષ્ટ વસ્તુનો જુઠ્ઠો શબ્દ અનિષ્ટ લાગે છે, તેવી રીતે આખું જગત ધર્મને ઇષ્ટ ગણે છે, અને અધર્મને અનિષ્ટ ગણે છે; ધર્મને સદ્ગતિ આપનાર અને અધર્મને દુર્ગતિ આપનાર તરીકે માને છે. છતાં દરેક મતવાળાઓને સ્વરૂપ પ્રતિપાદન કરવાનું આવે ત્યાં ઢીલા પડે છે, માટે જો સ્વરૂપની ચોખવટ થઇ જાય તો ધર્મનું કથન કરેલું ફળ અવશ્યમેવ મળે છે. ઠીક ત્યારે સ્વરૂપ કહેવું છે, પરંતુ કોઇ મતવાળાએ પોતાના દેવને અને ગુરૂને નજરે જોયા નથી, તપાસ્યા નથી. દેવના દેવત્વને અને ગુરૂના ગુરૂત્વને પિછાણતા નથી, તો પછી ધર્મના અનુષ્ઠાનો કયા? તે માલુમ નથી તો પછી નિર્ણીત સ્વરૂપ જાહેર કોના આધારે કરશે તે સમજવાની જરૂર છે. દેવની પૂજા, ગુરૂની પૂજા, ધર્મનું આચરણ અને અધર્મથી દૂર રહેવું એ પણ અમને કયારે ધર્મના સ્વરૂપની ચોખવટ પ્રથમ થવીજ જોઇએ. સ્વરૂપની ચોખવટ કરનારા વચન છે. એટલે વચનને આધારે સ્વરૂપ.

બનાવટોથી સાવધાન થાઓ.

દુનિયામાં મૂલ વગરનું ઝાડજ હોતુંજ નથી, આખું ઝાડ છે પણ મૂલનું ઠેકાણું નથી. માટે હરિભદ્રસૂરિજી કહે છે કે મૂળમાં આવો, અને ખ્યાલમાં લો. દુનિયામાં ચાલુ વ્યવહારમાં જે ચીજ ન હોય તેનો વિવાદ ચાલુ હોય છે. પૂર્વથી પશ્ચિમ જાઓ કે ઉત્તરથી દક્ષિણમાં જાઓ તો પણ બેને બે ચારમાં વાદવિવાદ થતોજ નથી. ઇન્દ્રિયોના વિષયમાં વાદવિવાદ થતોજ નથી. પરંતુ બજારમાં ભેગા થયેલા વેપારીઓમાં કોઇને મંદી સૂઝે અને તેજી સુઝે તેનું કેમ? બે રાજાના લશ્કરો લડે બંન્નેની

જીતની આશા છતાં એકને વિજય અને બીજાને પરાજય કેમ ?, સમાધાનમાં સમજવું પડશે કે જ્યાં મગજનો વિષય હોય ત્યાં ડગલે પગલે મતભેદનો અવકાશ છે. આ લોક અને પરલોકને સુખદાયિ માનીએ તો તેમાં તો વિરોધ અવકાશ જરૂરજ હોય તેમાં નવાઇ શી ? અણસમજુઓ વિરોધથી ભડકે છે, જ્યારે સમજુઓ વિરોધથી સાવચેત થાય છે. કાછીયા-લુહારોને બનાવટોથી બ્હેકવાનું ન હોય, પરંતુ ઝવેરી અને સોનીઓને બનાવટોથી વધુ સાવધાન રહેવાનું હોય. ઝવેરીઓ બનાવટો દેખીને સાવચેત રહે કે ધંધો છોડી દે તે ધ્યાન રાખવાની જરૂર છે. તેવી રીતે ધર્મની બનાવટો દેખીને આરાધકોએ સાવધાન રહેવું જરૂરીનું છે. ધર્મની બનાવટો દેખીને ધર્મના આરાધકોને સાવધાન રહેવાની જરૂર છે. સોનાને તપાસવા કસોટીની જરૂર છે, તેવીજ રીતે ધર્મના સ્વરૂપની ચોખવટ માટે આગમની જરૂર. આગમના વચનોથી અસલ ધર્મ અને બનાવટ ધર્મને પરખી શકાય. હવે તે વચનોદ્વારાએ કઇ રીતે પરખવું અને ધર્મના સ્વરૂપનું નક્કી કરવું તે અગ્રે વર્તમાન.

વ્યાખ્યાનની સમાપ્તિ સાથે એક શ્રાવિકાએ પૂ. ગુરૂદેવના જીવનપર આછી ઝાંખી પાડે તેવી ગહુંલી ગાઇને ચતુર્વિધ સંઘને આનંદિત કર્યો હતો, અને તે ગહુંલી ગત અંકમાં આપી છે. સુ. શ્રી. ઠાકોરભાઇ વકીલે ઉભા થઇને પૂ. ગુરૂદેવના યશોગાન ગાવાની શરૂઆત કરી.

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ ગુરૂદેવ, સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓને મ્હારે જણાવવું જોઇએ ગહુંલીમાં ગીતાર્થ સાર્વભૌમના જીવનના નાના મોટા પ્રસંગો અને ગુણો ગવાઇ ગયાં છે. છતાં એક અજોડ આગમોદ્ધારકના ગુણ ગાન ગાવાનો અને કીર્તિ ગાથાઓને પ્રશંસવાનો મ્હને શો અધિકાર છે ?, પરંતુ મ્હારે કહેવું જોઇએ કે વ્યાખ્યાનમાં સાંભળી ગયા કે સિદ્ધ વસ્તુનું વધુ વિવેચન કરવાની જરૂર નથી. જૈન આલમમાં પૂજ્યપાદ આગમોદ્ધારક એ સિદ્ધ-પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત અજોડ આચાર્ય છે. સમસ્ત જૈન સંઘ અને સુરતનો જૈન સંઘ આપશ્રીની ૭૪ મી વર્ષગાંઠ ઉજવીને દીર્ઘાયુષ્યવાન બનો એમ સૌ કોઈ ઇચ્છે છે. આપશ્રીજીએ આગમોનું વાંચના દાન દઇને, સમસ્ત સંઘને આગમ વાંચતા કરીને, આગમોને શીલા-તામ્ર પત્ર પર આરોહણ કરાવીને આપે આપના યથાસ્વિ જીવન ઉપર સુવર્ણ-કલશારોપણ કર્યું છે. આ કાળના યુગ પ્રધાન આગમોદ્ધારક ઘણું જીવો એ સમસ્ત સંઘના આશીર્વાદ સાથે, અન્ય ધર્મીઓ પણ આ જન્મ મહોત્સવની ઉજવણીને ઉમળકા ભેર જોર શોરથી પ્રચારે તેવું આપને સઘળું કરી છુટવું જોઇએ.

ત્યારપછી સુ. શ્રાવક ધર્મ પરાયણ ઠાકોરભાઇ દયાચંદ મલજીએ ઉભા થઇને જણાવ્યું કે શાસનપ્રભાવક શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણ પછી આગમોનો અમૂલ્ય વારસો ચતુર્વિધ સંઘને આપીને અને સુસ્થિર બનાવીને પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશનો કોઇપણ વર્તમાનકાલીન આચાર્યોની કીર્તિ રૂપ નદીઓના પ્રવેશ વગર યશઃ સાગર ઉભરાઇ ગયો છે; કે જેઓએ જૈન શાસનમાં અખંડિત રાખ્યો છે એજ તેઓશ્રીની વિશિષ્ઠતા છે. ઉપસંહારમાં પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના પરમ વિદ્વદ્વિનેય પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણિવર્યે જણાવ્યું કે પૂજ્ય ગુરૂદેવના ઘણા ગુણોનું યશોગાન ગાવાનો અને વર્ણન કરવાનો અવસર નથી, કારણ કે ટાઇમ બહુજ થઇ ગયો છે. પરંતુ

પૂજ્યપાદશ્રીજીને ઘણાઓ તરફથી આગ્રહીનું બિરૂદ અપાય છે, તે અમોઘ યશસ્વિ બિરૂદ તેઓશ્રી માટે અને સકળ–સાગર–સમુદાય માટે સર્વદા ચિરંજીવ રહો. આગ્રહી શબ્દ નિશ્ચિત સત્ય વસ્તુના સ્વીકારમાં અને અનિશ્ચિત અસત્ય વસ્તુના દુરાગ્રહમાં પણ વપરાય છે. અહીં પૂ. ગુરૂદેવ સંબંધમાં વપરાયેલ આગ્રહી=અડગ-નિશ્ચયી શબ્દ સત્ય વસ્તુના સ્વીકારમાં છે. વિ. સં. ૧૯૫૨ માં જે કર્યું તેજ બાવન વર્ષે પણ સત્ય રૂપે શાસન–રસિકોએ વધાવી લીધું. પાંચ વર્ષનો લગભગ દીક્ષા પર્યાય હોવા છતાં ચાલુ પરંપરાને બુદ્ધિ બળથી સુસંગત ઘટાવીને ચંડાશુ-ચંડુમાં પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષયજ સંભવી શકે એ જાહેર કરીને આરાધના કરી તેજ બીનાને આજે શાસ્ત્રાધાર–શાસન પરંપરાથી સિદ્ધ કરીને શાસને વધાવી લીધી છે. એજ સત્ય વસ્તુના સ્વીકારના આગ્રહથી આગ્રહી કહેવાતું હોય તો એ વાત હમારા પૂ. ગુરૂદેવ માટે અને સાગર સમુદાય માટે સદાકાળ વિજયવંત રહેવામાં હમો હમારૂં ગૌરવ સમજીએ છીએ.

એક તાજું બનેલું યુરોપના એક શહેરનું દ્રષ્ટાંત વિચારીએ. પાંચ કુટુંબો ધનવાન છે, તે પાંચે કુટુંબો વચ્ચે એકજ છોકરો છે. સ્કૂલે જતાં મલાઈ સાથે કેક ગળા ઉપરાંત બાઇ ગયો, અને એપેન્ટાઇઝ દરદ જે જગાએ થાય છે ત્યાં દુઃખાવો રાત્રિએ શરૂ થયો. ફેમીલી ડોકટર અને ગામના પ્રસિદ્ધ ડોકટરોની અવર જવર શરૂ થઇ. બધા ડોક-ટરોએ એપેન્ટાઇન્ઝ છે માટે ઓપરેશન કરવાનો અભિપ્રાય આપ્યો, પરંતુ તેનો બાપ બ્હાર ધંધાર્થે ગયેલ એટલે આવે ત્યાં સુધી થોભવા માટે કહ્યું. ડોકટરોએ વિલંબનીતિથી છોકરો ગુમાવવો પડશે એમ જણાવ્યું છતાં તેના બાપની હાજરી સિવાય કંઈ કરાવવું નથી. છેવટે તેનો બાપ આવ્યો, અને તેનો મિત્ર દાકતર રિટાટર લાઇફ ભોગવતો હતો તેને બોલાવવામાં આવ્યો, અને તેણે ચિકિત્સામાં નક્કી કર્યું કે છોકરાએ ગળા ઉપરાંત બાધું છે તે પાચન થયું નથી તેથીજ એક જગોએ ભરાઇ જવાથી દુઃખાવો થાય છે.

આ અવસરે આ દાકતરની વાત સાંભળીને બધા દાકતરો કહેવા લાગ્યા કે આ દાકતર પોતાની ચિકિત્સામાં આગ્રહી છે, પરંતુ આ અવસરમાં આગ્રહીપણું ન જોઇએ. પેલો અનુભવી કહે છે કે જરા ચિકિત્સામાં અનુભવનો અમલ કરો તો મ્હારી વાત સમજાશે. પરંતુ તેની વાત માન્યા વગર મનગમતું અને ફાવતું બોલવા લાગ્યા. અનુભવી દાકતરે જણાવ્યું કે હું મ્હારી ચિકિ-ત્સામાં આગ્રહી છું અને તેજ સત્ય છે, બીજાની શીખામણે ચાલશો તો છોકરો ગુમાવશો. છેવટે એનીમા અને ગરમ પાણી આપીને સ્થંડીલ વિગેરે કરાવી દીધા. છોકરાને આરામ થયો અને સવારે રમતો હસતો નિશાળે ગયો. સવારમાં ઓપરેશન માટે દાકતરોની ઉઘરાણી વલી શરૂ થઈ ગઇ. બાપે તે તે દાકતરોને જણાવ્યું કે ઓપરેશનની ઉતાવળ કરવા કરતાં ચિકિત્સાનું શિક્ષણ લો નહિં તો દરદીઓ મરી જશે. મારો છોકરો સ્કૂલે ગયો છે. આ ઉપરથી જેમ અનુ-ભવી દાકતરના ઉંડા અનુભવથી છોકરાની જીંદગી બચી ગઇ. તેવી રીતે શાસ્ત્રના આધાર સાથે, શાસનની પરંપરાને પિછાણ્યા પછી, પૂર્વાપરના શાસ્ત્ર સિદ્ધાંતોને કયાં કયાં બાધ આવશે તેનો યોગ્ય નિર્ણય કર્યા પછીજ અસ્ખલિતપણે બાવન વર્ષ સુધી આરાધનાને અખંડિત રાખવાનું પરમ સૌભાગ્ય અને યશ: હમારા પૂ. ગુરૂદેવને ફાળેજ જાય છે. સર્વ મંગળને શ્રવણ કરાવ્યા બાદ શ્રી સંઘ વિસર્જન થયો.

સિદ્ધ-ષટ્ત્રિંશિકા.

રચયિતાઃ—પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

ज्ञानानि सर्वाणि ह्यनावृतानि, जीवस्वरूपाणि सदा दधासि ।
परं न लेख्यं प्रतियान्ति कोटी-श्वगलये रीरिगणा यथाऽत्र ॥१॥

હે ભગવન્ ! જીવસ્વરૂપ આવરણ રહિત મતિ આદિ ચાર જ્ઞાનોને હંમેશાં તમે ધારણ કરો છો. પરંતુ જગતમાં કોટીશ્વરને ત્યાં પિત્તલના સમૂહની જેમ (તે જ્ઞાનોનો) કંઈ હિસાબ નથી. ૧.

चिंतामणिं धारयति स्वचित्ते, परं भवेद्वैश्रमणाम उच्चैः ।
तथैव कैवल्यमनुक्षणं दधत्, सदैव चित्सौख्यरोऽसि मान्यः ॥२॥

(જેમ) કોઈ પોતાના ચિત્તમાં શ્રેષ્ટ ચિંતામણિને ધારણ કરે છે. ઉંચે પ્રકારે વૈશ્રમણ સરખો થાય, તેમ હંમેશાં ક્ષણે ક્ષણે કેવળજ્ઞાનને ધારણ કરતા–જ્ઞાનાદિ સુખનિષ્ઠ આપ (જગતને) માન્ય છો. ૨.

अक्ष्णोर्युगं यद्वदधिष्ठितं स्याज्जान्योऽन्यघाति न सहायकर्तृ ।
युगं तथा कैवलमाश्रितो विभुः प्रतिक्षणं किन्न बुधेश्वगर्च्यः ॥३॥

જેમ અધિષ્ઠિત થયેલ નયનયુગલ પરસ્પર ઘાત કરવાવાળું નથી. સહાય કરવાવાળું નથી તેમ કૈવલ્યયુગલને આશ્રિત ભગવાન્ (આપ) ક્ષણે ક્ષણે બુધ માણસોમાં અગ્રેસરોને પૂજ્ય કેમ નહિ? (પૂજ્યજ છો.) ૩.

नैवांकविज्ञो गुणयुक्तभागे, क्रमाश्रितः स्याज्जिन तद्वदेव ।
न चेन्द्रियार्थानुभवं प्रपन्नो, विदन्नशेषं गुणवस्तुजालम् ॥४॥

હે જિનેશ્વર! જેમ આંકના હિસાબમાં નિપુણ. ગુણાકાર અને ભાગાકારમાં ક્રમવર્તિ ન થાય તેમ સંપૂર્ણ ગુણ અને વસ્તુના સમૂહને જાણતાં ઈન્દ્રિયવિષય અનુભવને પામેલા નથી. ૪.

शक्तस्य यूनो गमने यथेह-तापेक्षणीयो घनयष्टिभारः ।
यथास्थसौख्ये निजरूपजाते, प्राप्ते प्रभो ते शुभकर्मसौख्यम् ॥५॥

હે પ્રભુ! જગતમાં શક્તિવાન યુવાનને જેમ મજબૂત યષ્ટિનો સમૂહ આપેક્ષિક નથી તેમ સ્વસ્વરૂપે યથાસ્થિત સુખ પ્રાપ્ત થયે છતે તમને સાતાવેદનીય કર્મનું આપેક્ષિકપણું નથી –૫.

यथेह विद्वन्नयने चिदब्धौ, लीने सुखानां ततिमाश्रयेते ।
तत्केवलाप्त्या सुकृतस्य ते विभो, मग्नः सदात्मा निजभावसौख्ये ॥६॥

હે વિભુ! જેમ જગતમાં વિદ્વાનનાં બે નેત્રો જ્ઞાનસમુદ્રમાં લીન થયેલાં સુખોના વિસ્તારને પામે છે તેવી રીતે કેવળજ્ઞાનની પ્રાપ્તિથી સુકૃત એવો તમારો આત્મા સ્વાભાવિક સુખમાં મગ્ન થયેલ છે.–૬.

नित्यो विभो ते सुखदुःखवेद्य-कर्माणुनाशोऽस्ति परं समर्थः
निर्णिक्तसौख्यैकरसो यतो न, ह्यपेक्षा शिशुयानहेतोः ॥७॥

હે પ્રભુ! તમારે સુખદુઃખ વેદ્ય કર્મ પરમાણુનો નાશ થયેલ છે, પરંતુ અત્યન્ત નિર્મલ સુખમાંજ એક રસિક તથા સમર્થ છો. કારણ કે યુવાન પુરૂષને બાળકની ગાડી રૂપ સાધનની અપેક્ષાજ નથી. ૭.

कालोऽयं किल वस्तुजातनिचयं नित्यं स्वभावैः परा–
पूर्वैर्योगवियोगजातरसिकैर्युंक्ते वियुक्तेऽपि च ।
सोऽयं चिन्मयतां परामविचलामाप्तामनूनां त्वया,
दृष्ट्वा किं विललाप नाचलखलज्ज्वानः परं ते यशः ॥८॥

ખરેખર આ કાલ સંયોગ વિયોગમાંજ રસિક એવા સ્વભાવોથી દરેક વસ્તુના સમૂહને જોડે છે અને વિખુટા પાડે છે. તે (કાલ) તમે પ્રાપ્ત કરેલી અવિચલ અન્યૂન એવી શ્રેષ્ઠ ચિન્મયતાને જોઈને મહાન શબ્દ કરતો શું વિલાપ નથી કરતો? (વિલાપજ કરે છે) પરંતુ (તે વિલાપ) તમારો યશજ છે. ૮.

अभूतामचाल्यामनन्तामवार्या-मवार्त्यामवर्ज्यां महानन्दसेतुम् ।
विशालां समृद्धिं प्रभो ते समीक्ष्य, जगौ काल एषोऽत्र मेऽयंतकर्ता ॥९

હે પ્રભુ! કાલ તમારી પૂર્વે નહિ થયેલ અચલિત અનન્ત-અવાર્ય-અપરાવર્ત્ય મહા આનંદનો સેતુ એવી વિશાલ સમૃદ્ધિને જોઈને કહેતો હતો કે અહીં આ મારો નાશ કરનાર છે. ૯.

प्रतीतिस्तत्स्वार्थे जिनप विधिना या त्वयि चला,
सतां सम्यक्त्वं सा ननु यदि भवेत्सा त्वदुदिता।
ब्रमो तामत्येत्य स्वगतममलं नित्यमगमः,
तथापि त्वय्येतत् क्षयभवमपीश स्तुतिपदम् ॥१०॥

હે જિનેશ્વર! વિધિથી તત્ત્વાર્થમાં જે નિશ્ચલ પ્રતીતિ તેજ સત્પુરૂષોનું સમ્યકત્વ છે. જો તે (પ્રતીતિ) તમારીજ કહેલી છે તો હે ભગવન્ તેને (પ્રતીતિને) ઓળંગીને નિર્મલ સ્વગતને (સ્વસ્વરૂપને) પામ્યા તો પણ હે પ્રભુ તમારે વિષે એ ક્ષાયિક સ્તુતિપાત્ર છે. ૧૦.

जीवादितत्त्वेषु दधार रागं, योऽसौ भवेन्नूनमनन्तमायी-
त्वं वीतरागोऽसि कथं ह्यमुष्य, मायी विचित्रो हि भवत्स्वभावः॥११॥

જે જીવાદિ તત્ત્વોમાં રાગ ધારણ કરતા હતા તે નિશ્ચયથી અનંતને (અનંતાનુબંધીને) મથનાર થાય. તમે તો વીતરાગ છો તો આને (અનંતાનુબંધીને) મથનાર કેવી રીતે? ખરેખર આપનો સ્વભાવ વિચિત્ર છે. ૧૧.

भवेत्तु देशादघवृन्दमात्रा-
द्विरक्तिराप्ताश्रितजैनमार्गे।
त्वं सर्वदा मुक्तविरक्तिभावः,
कथं व्यतीतोऽसि तकच् चतुष्कम् ॥१२॥

આપ્તોએ સેવેલા જૈનમાર્ગમાં પાપના સમૂહ માત્રને આશ્રીને દેશથી વિરક્તિ (વૈરાગ્ય બુદ્ધિ) થાય. તમે તો સર્વદા વૈરાગ્ય ભાવથી યુકત છો. (તો) તે ચાર (અપ્રત્યાખ્યાન) કેવી રીતે નાશ કરનાર છો (તે ચતુષ્ક રહિત છો) ૧૨.

आप्राणान्तं व्युपरतिरघत्सर्वभेदाद्व्रतेशो,
यौगैः कायैः त्रिविधत्रिविधं पापबन्धोऽन्यथा तु।
चारित्रं तच्छिवपदगमश्चित्रमेतत् परं यत्-
नाघस्याल्पः कण इह महतां चिन्तनीयं न वृत्तम् ॥१३॥

ચારિત્રમાં પ્રાણાંત સુધી સર્વ પ્રકારના પાપથી યોગો અને કરણોના ત્રિવિધ ત્રિવિધે વિરતિ હોય છે. તેમ ન કરે તો પાપ બંધ થાય છે (તથા પ્રકારે વિરતિ) તે ચારિત્ર છે. આપ તો મોક્ષમાં ગયા (તો) આ પરમ આશ્ચર્ય છે કે અહીં પાપનો લેશ પણ લેશ નથી (તો શું) મહાન પુરૂષોનું વૃત્તાંત અમારે ન ચિન્તવવું? ૧૩.

व्यतीत्य सर्वं कलुषं कषायम्,
स्याद्दाप्तभावो निखिलो जगत्याम्।
जगत्कषायव्रजसिद्धबोधं,
कथं विभो त्वामकषायमाहुः ॥१४॥

જગતમાં સર્વ પાપીકષાયોને ઉલ્લંઘન કરીને સર્વ આપ્ત હોય (તો) હે પ્રભુ જગત કષાયના સમૂહથી સિદ્ધ જ્ઞાનવાળા (જગતના કષાયાદિના જાણવા યુકત જ્ઞાનવાળા) તમને લોકો કષાય રહિત કેવી રીતે કહે છે? (કષાય જ્ઞાન યુકત છતાં અકષાયી કહેવું તેજ આશ્ચર્ય) ૧૪.

व्यतीत्य चत्वार्यपि जीवितानि,
न कोऽपि जीवव्यपदेशभाक् स्यात्।
अजीवितस्त्वं तु परं समस्तां,
यज्जीविताद्धां खलु भावभूतेः ॥१५॥

ચાર જીવિતોને (આયુષ્યને) ઉલ્લંઘન કરીને કોઇપણ જીવ વ્યપદેશને ભજવાવાળો ન હોય પરંતુ તમે તો ખરેખર ભાવસ્વરૂપ હોવાથી સમસ્ત જીવિતકાલને (આયુષ્યને) જીવવાવાળા નથી (આયુષ્ય જીવન ન છતાં પણ જીવન કહેવાવ છો તે આશ્ચર્ય છે) ૧૫.

जिन त्वदुक्तीरवमन्यमानः,
स वातकी नाथ पिशाचकी वा।
सामर्थ्ययोगाद्भवतैव मुक्ता-
स्तथापि पूज्योऽसि जगत्यधीशः। १६॥

હે જિનેશ્વર તમારી ઉકિતઓને અપમાન કરનાર તે વાયડો અને પિશાચ છે, સામર્થ્ય યોગથી તમેજ તે ઉકિતઓને છોડી દીધેલ છે. છતાં જગતમાં અધીશ અને પૂજ્ય છો. ૧૬.

नामापि नाम्नो भवतीह लोके,
सुकर्मणः सत्कृतिशालिपुंसाम्।
अतीत्य तच्छाश्वतसिद्धनामा,
भवांस्तवोक्तिः कथमाप्तगम्या ॥१७॥

આ લોકમાં પુણ્યશાલી પુરૂષોનું શુભ નામકર્મથી નામ છે. આપ તે (નામકર્મ) ઉચ્છેદ કરીને શાશ્વત સિદ્ધ નામ થયા (તો નામકર્મથી નામ) એ તમારી ઉક્તિ (કથન) આપ્ત પુરૂષોને કેવી રીતે સમજાય ? ૧૭.

જિન ત્વદાજ્ઞાં શિરસોદ્વહન્પિ,
ન મોક્તુમિચ્છામિ તનૂમિમાં ખલુ ।
યતોઽનયા સા પ્રભવશ્ચ મુક્તે-
રસ્યા અયં લાભરસઃ ખલઃ ખલુ ॥૧૮॥

હે જિનેશ્વર ! તમારી આજ્ઞાને મસ્તકથી વહન કરનાર પણ હું આ શરીરને છોડવા ઇચ્છતો નથી. કારણ કે આ શરીરથી (તમારી) આજ્ઞા છે. શરીરથી મુક્તિની પ્રાપ્તિ છે છતાં (શરીરને નહિ છોડવામાં) ખરેખર (શરીરથી થતાં સુખનો) લાભ રસ એજ દુષ્ટ છે. (એ દુષ્ટ રસજ શરીરનો ત્યાગ કરવા દેતો નથી.) ૧૮.

જિનેશ માર્ગોઽયમમૃદશસ્ત્વયો-
દિતો યદસ્માત્ શિવશર્મ લાત્વા ।
નામાપિ ન ગ્રહ્યમમેયમાન તે,
તતઃ કૃતઘ્નાત્મદશા કથં ન ॥૧૯॥

હે જિનેશ્વર આ આવો માર્ગ તમેજ કહ્યો. આ માર્ગથી મોક્ષ સુખને લઇને (તમારૂં) નામ ગ્રહણ કરવાનું નથી તો હે અમેયમાન (ભગવન્) આત્મદશા કૃતઘ્ન કેમ નહિ ? ૧૯.

વિગ્રહં પ્રશમયન્તિ પંડિતાઃ, સ્વાન્યશાન્તિશમિતાંતરારયઃ ।
ત્વં તનૂં શમયસિ પ્રઘોષયન્,
સ્વાન્યવિગ્રહવિનાશપેશલં ॥૨૦॥

સ્વપર શાન્તિને માટે અંતરંગ શત્રુને શમાવનાર પંડિતો કલહને શમાવે છે. તમે સ્વપર શરીરના નાશમાં સુંદર રીતે ઘોષણા કરતા શરીરને શમાવો છો. ૨૦.

સભાપ્રબંધેન નિવેદિતં ત્વયા,
ન સારયુક્તાસ્તનવો નગાણ્ મ્ ।
ત્વદ્વચ્યાનમેક્ષપ્રમુતે ત્યમુષ્મા-
દ્દષ્ટ્વા કથં તન્મહનીયતાસ્પદમ્ ॥૨૧॥

સભાને રચના કરીને (સમોસરણમાં સભા સમક્ષ) તમે નિવેદન કરેલું છે (કે) મનુષ્યોનાં શરીર અસાર છે. ખરેખર આ શરીરથીજ થતું તમારૂં ધ્યાન અને મોક્ષ પ્રભુતા જોઈને તેનું (તમારા નિવેદનનું) પૂજનીયપણાનું સ્થાન કેવી રીતે ? ૨૧.

ન કર્મલલ્લામ ઇહાદ્રિયેત,
ન ચેદમુષ્માત્તવ ચિંતનાદિકમ્ ।
વિરાધ્ય વાક્યં ત્વદુપજ્ઞમદ્ય્યમ્,
તલ્લિપ્સુરેવેહ જનઃ કૃતજ્ઞઃ ॥૨૨॥

જગતમાં સત્કર્મના લાભવાળો (કુશલાનુબંધી કર્મવાળો) મનુષ્ય આ કર્મથી જો તમારૂં ચિંતન વિગેરે ન થાય તો તે કર્મનો આદર કરે નહિ. તમારા કહેલા (પુણ્યાનુબંધિ કર્મરૂપ) વાક્યને વિરાધીને આગળનું (નવું અથવા બીજું કર્મ બંધ ન થાય) તેને મેલવવાની ઇચ્છાવાળો માણસ જગતમાં કૃતજ્ઞ છે. ૨૨.

લોકેઽપિ પૂજ્યો ભવિતા સ એવ,
યઃ શુદ્ધગોત્રં સુવૃત્તમાપ્તઃ ।
ગોત્રેણ વૃત્તેન ચ હીનરૂપઃ,
કથં નુ દેવેન્દ્રમુનીન્દ્રપૂજ્યઃ ॥૨૩॥

લોકમાં પણ તેજ પૂજ્ય થશે કે જે સદ્વર્તન યુકત શુદ્ધ ગોત્ર વાળો છે. તમે તો ગોત્ર અને વર્તન રહિત દેવેન્દ્રો યોગીન્દ્રોને પૂજ્ય કેવી રીતે ? ૨૩.

આસેઽક્ષયં દાનગુણં નિહત્ય,
તદંતરાયં જગતામધીશઃ ।
હિત્વા ચ તં ત્વં શિવમાશ્રિતોઽર્હન્,
ન દાનભાવો નુ શિવપ્રદાયી ॥૨૪॥

હે જગતના નાયક દાનાંતરાયને તોડીને અક્ષય એવા દાનગુણને પામેલા છો, તમે તે દાનગુણને છોડીને મોક્ષમાં ગયેલા છો તેથી હે અર્હન્ મોક્ષને દેવાવાળો દાનભાવ તમારે નથી. ૨૪.

લાભા લાભ્યા નરભવગતા અંતરાયાદ્વિમુક્તેઃ,
સિદ્ધે બાધાવ્યપગમયુતે ન હ્યસિદ્ધં કદાચિત્ ।
મુક્તસ્તસ્યાઃ સકલનિકૃતેર્નૈવ લાભશ્ચ તેઽણુ-
રિત્યં વૃત્તં જગતિ મનુતે કઃ સચેતા મુનીંદ્ર ॥૨૫॥

મનુષ્ય ભવમાત્ર લાભો અંતરાયની મુક્તિથી (નાશથી) લભ્ય છે. (આ વાત) બાધાના (અંતરાયના) નાશથી સિદ્ધ છે કયારે પણ અસિદ્ધ નથી (સર્વ કાંઈ અંતરાયના નાશથીજ પ્રાપ્તિ છે એ નિયમ છે) તમે તો સકલ પાપથી મુક્ત છો (છતાં) તમને લેશ પણ લાભ નથી હે મુનીન્દ્ર જગતમાં કયો બુદ્ધિમાન આવા ચારિત્રને માને. ૨૫.

अभूदपूर्वं तव वीर्यमर्हन्,
यदा भवस्थो जनताविमोही ।
वीर्यान्तिरायक्षयभृज्जिनः सन्,
हहाऽप्रमर्थस्तृणकुञ्जतायै । २६ ।

હે અરિહંત ! જયારે (તમે) સંસારસ્થ જનતાને મોહ પમાડનાર હતા (ત્યારે) તમારું વીર્ય અપૂર્વ હતું. વીર્યાંતરાયના ક્ષયને ધારણ કરવાવાળા જિન છતાં બેદની વાત છે કે ઘાસનું કુજપણું કરવા માટે (નમાવવા માટે) અસમર્થ છો. ૨૬.

अनन्तमेवं क्षायिकं ज्ञानं, दर्शनं चापि शाश्वतम् ।
वीर्यैस्तवसौऽध्वान्तो, मग्नोऽनन्तबलःप्रभुः । २७॥

હે ભગવન્ શાશ્વત અને ક્ષાયિક જ્ઞાન દર્શનને ધારણ કરનાર અનંત બળવાળા આત્માના સુખરૂપ સમુદ્રમાંજ મગ્ન છો. ૨૭.

न योगा न कषायास्ते, संवरस्ते निरर्थकः ।
न च कर्माणुसंगस्ते, निर्जरा किं फलं सृजेत् ॥२८।

તમારે યોગ નથી, કષાય નથી (તો) તમારો સંવર નિરર્થક છે. તમારે કર્મનો સંગ નથી (તો) નિર્જરા શું ફલ કરે ? ૨૮

कृतार्थ सर्वथा देव, न शिष्टं तव साधनम् ।
वीर्यैऽनन्तेऽपि किं ते स्यात्. प्रवृत्तिः कर्मसंगदा ॥२९।

હે દેવ ! (તમે) સર્વ પ્રકારે કૃતાર્થ છો. તમારે સાધવાનું બાકી નથી. અનંતવીર્ય હોવા છતાં પણ તમારી પ્રવૃત્તિ શું કર્મ સંગને દેવાવાળી થાય (સકારણ થાય) ? ૨૯.

हहानन्ताच्युतं बोधं, लब्ध्वा स्वामिन् गतः शिवम् ।
अपुनर्भवभावत्वात्, सत्यं पारंगतः प्रभुः ॥३०॥

यथार्था नाथ ते सिद्धिः, श्रेणिभ्यां घात्यघातिनाम् ।
नाशं विधाय यत्प्राप्ता-ऽनादिर्नो न च कल्पिता ॥३१॥

હે નાથ તમારી સિદ્ધિ યથાર્થ છે કારણ કે એ શ્રેણિ વડે ઘાતિ અને અઘાતિ કર્મનો નાશ કરીને પ્રાપ્ત કરેલી છે. (તે સિદ્ધિ) અનાદિ નથી અને કલ્પિત પણ નથી. ૩૦.

હે સ્વામિન્ ! તમે અહીં અનન્ત અદ્ભુત એવા જ્ઞાનને પામીને મોક્ષમાં ગયા ફરીથી સંસારમાં નહિ આવવાનો ભાવ હોવાથી પાર પામેલા પ્રભુ છો તે સત્યજ છે. ૩૧.

अनन्तैर्यां पुरा सिद्धैस्तां श्रितवान् भवान्।
गुणानां श्रेणिमत्युग्रां, परंपरागतस्ततः ॥३२॥

પહેલાં અનન્તા સિદ્ધોએ કરેલી જે સિદ્ધિ છે તે સિદ્ધિને આપ કરેલા છો તેથી ગુણોની અત્યન્ત ઉંચી શ્રેણિને પરંપરાએ પામેલા છો (ગુણની શ્રેણિએ સિદ્ધિને પામ્યા તેથી જૈનો 'परंपरगयाणं' એ સિદ્ધનું વિશેષણ માને છે). ૩૨.

वस्तुसत्त्वान्मतिर्मुग्धा, येषां नैरात्म्यमाश्रिता ।
ते नो विदन्ति यन्मोहो-ऽभिष्वंगादसतोऽपि च ॥३३॥

વસ્તુ સત્વથી જેઓને મતિ મૂંઝાઈ ગયેલી છે તેઓ આત્મ રહિતપણાને (શૂન્યવાદને) સ્વીકારે છે. પરંતુ તે (બિચારા) જાણતા નથી કે અસત્ વસ્તુના રાગથી પણ મોહ થાય છે. ૩૩.

मत्या स्मृत्याऽऽ वचित्र्यं, विदन्नात्मनि पंडितः ।
जीवं ज्ञानमयं ज्ञात्वा, स्वां सिद्धं चिन्मयं महेत् ॥३४॥

આત્માને વિષેજ (પોતામાં) મતિ અને સ્મૃતિનું વિચિત્રપણું જાણતો પંડિત પુરૂષ જ્ઞાનમય આત્માને જાણીને જ્ઞાનમય સિદ્ધિને પામેલા તમને પૂજે. ૩૪.

जीवस्य सुखरूपत्वं, बुध्यन् बुद्धं शिवं गतः।
सुखरूपं प्रपेदानःसदानन्दं स विन्दति ॥३५॥

(જે) જીવના સુખરૂપપણાને જાણતો બુદ્ધ અને મોક્ષમાં ગયેલા સુખસ્વરૂપ (તમને) સ્વીકારનાર છે તે હંમેશાં આનંદ પામે છે. ૩૫.

सर्वैरास्तिकसत्तमैरभिमता सिद्धिःपरा ते प्रभो,
किं त्वन्यान्यगुणापलापकलिता शोच्या सतां या सदा।
किं त्वर्हन्नुदिता त्वया गुणगणश्रेण्यऽऽप्तमान्या यका,
स्तुत्या मे जिनराजशस्त्रमहिमद्योता सदानन्ददा ॥३६॥

હે ભગવાન્ તમારી ઉત્કૃષ્ટ સિદ્ધિ સર્વ આસ્તિકોને અભિમત છે પરંતુ બીજાની અન્ય ગુણોના અપલાપ-યુક્ત (સિદ્ધિ) સજ્જનોને નિરંતર શોચનીય છે પરંતુ હે અર્હન્ તમે કહેલી, આપ્તજનને માન્ય જે ગુણ શ્રેણિ, તે જિનેશ્વર (કથિત) શાસ્ત્રના મહિમાથી ગવાયેલી, (પ્રસિદ્ધ થયેલી) નિરંતર આનંદ દેવાવાળી મને સ્તુત્ય છે. (સ્તુતિ કરવા યોગ્ય છે). ૩૬.

इति सिद्धषट्त्रिंशिका।

(અનુવાદક-આચાર્ય-શ્રી માણિક્યસાગરસૂરિજી)

નવીન પ્રકાશનો.

૧. દરેક વર્ષની 'સિદ્ધચક્ર' માસિકની ફાઇલ (બાર અંક સાથે) એકના. ૩. ૫–૦–૦

૨. શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્ ભાગ ૧ લો (છ પાદ પર્યંત) અનેક પરિશિષ્ટો તથા તત્ત્વબોધિની અને આનન્દબોધિની સાથે. ૩. ૩૦–૦–૦

૩. વિધિયુક્ત પંચપ્રતિક્રમણ સૂત્રાણિ (બાળબોધ ટાઇપમાં) ૩. ૧–૨–૦

૪. સિરિ સિરિવાલ કહા (પ્રાકૃત). ૩. ૩–૦–૦

—: પ્રાપ્તસ્થાન :—

૧. શા. ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર
ઠે૦ ચાંલ્લાગલી, ગોપીપુરા, મુ. સુરત.

૨. શ્રી ઋષભદેવજી જગનીરામજીની પેઢી
ઠે૦ બારાકુવા, દહેરા બિડકી, મુ. ઉજ્જૈન (માલવા)

C. I

ઉત્થાપક-ટોળીની અવળી-રીત.

લેખકઃ—પૂ. પંન્યાસ પ્રવર શ્રીમચ્ચન્દ્રસાગરજી ગણીન્દ્ર.

જૈન જનતા જેમાં વિશેષે કરીને શ્રી તપાગચ્છ શ્રમણ સંઘના ભાઇઓને એ વાત તો સુવિદિત છે કે સંવત ૧૯૯૨ થી પ્રચ્છન્નપણે જૈન શાસનમાં ઉત્થાપકપણે કામ કરનારી ટોળી ખુલ્લી પડી, અને તેને પોતાનો વાડો બાંધવા માટે પર્વ તિથિઓની હાનિ અને વૃદ્ધિ કહેવા, માનવાનો કિસ્સો ઉભો કર્યો અને તે ટોળીએ એટલી તો સાવચેતી રાખી કે શાસ્ત્રના પુરાવા કે યુકિતઓનો જવાબ આપવો નહિ, અને પોતાને પ્રતિકુલ લાગતા શાસ્ત્રના પાઠો ફેરવી નાંખવા અને કાઢી નાંખવા, આવી રીતે જુદો ચોતરો ઉત્થાપક વર્ગે જમાવવા માંડયો. તેમાં તેઓ પોતાના અંધ ભકતો સિવાય બીજા સુજ્ઞ સમુદાયમાં બેસવા બોલવાને પણ લાયક રહ્યા નથી. આમ છતાં પણ કેટલીક વખતે મૂર્ખ મનુષ્યો શત્રુ મિત્રનો વિભાગ સમજી શકતા નથી. તેવી રીતે આ મંગળવારની સંવત્સરીના અંગે આ ઉત્થાપક વર્ગે અણસમજ દાખવી છે, અને તે ખુલ્લી પડી ગઇ છે. કેમકે ઉત્થાપક વર્ગ જ્યારે પર્વતિથિની હાનિ અને વૃદ્ધિ ડગલે પગલે કહેવાને તૈયાર થયો છે, અને તેથી ભાદરવા સુદ ૫ જેવી પર્વ તિથિનો ક્ષય માનીને જ્યારે મંગળવારી સંવત્સરી કરે છે. ત્યારે બીજો બધોય મંગળવાર કરવાવાળો સમુદાય તો સ્વપ્ને પણ પર્વ તિથિની હાનિ કે વૃદ્ધિ ધર્મમાં બોલાય નહિ, લખાય નહિ, કે મનાય નહિ એવું નિશ્ચયથી માનવાવાળો છે. અને તેથીજ તેઓને ચંડાંશુચંડુ પંચાંગમાં ભાદરવા સુદ ૫ જેવીનો કહેલો ક્ષય લઇને સંસ્કાર કરવો પડે એજ જરૂરી હતું. પરંતુ તેવી રીતે ક્ષયવાળું ટીપણું જ ન માનવું એમ ગણીનેજ તેઓએ બીજું ટીપણું માની તેમાં આવેલો છઠનોજ ક્ષય લીધો. આટલી બધી સન્જડ પ્રતિપક્ષતાને પણ સમજી શકતો નથી એવો આ ઉત્થાપક વર્ગ છે.

હવેથી તો ઉત્થાપક વર્ગ સિવાયનો બધોય મંગળવારી સંવત્સરી કરનારો વર્ગ પરંપરાએ મનાતા જોધપુરી પંચાંગ પ્રમાણેજ પર્વતિથિઓ ગણીને પર્વતિથિની ક્ષય વૃદ્ધિ ગણવા માન્યા સિવાયજ પર્વતિથિની આરધના કરવાનો છે. દાખલા તરીકે આવતી આસો સુદ ૧૫ જોધપુરીમાં બેવડી છે, અને તે વખતે ઉત્થાપક વર્ગ તો બે પુનમોજ માનશે. પરંતુ બાકીનો મંગળવારી

સંવત્સરી કરનાર તો કેઈ સદીઓથી ચાલતા આવતા રીવાજ અને શાસ્ત્ર પ્રમાણે ૧૩ નીજ વૃદ્ધિ કરીને બે તેરશેાજ માનશે.

તા. ક:—**શાસ્ત્ર અને પરંપરાને અવિચલ રીતે માનવાવાળા શાસન પ્રેમિ-ઓએ તો જોધપુરી પંચાંગને જોઇને પુનમ અમાવાસ્યાની ક્ષય વૃદ્ધિએ તેરશની ક્ષય વૃદ્ધિની માફક ભાદરવા સુદ ૫ ૩૫ પર્વતિથિના ક્ષયથી પહેલા દિનની સંવત્સરીની ચેાથની પર્વતિથિનેા ક્ષય નહિ કરતાં ભાદરવા સુદ ત્રીજનેા ક્ષય કરીને ભાદરવા સુદ ૪ ને સેામવારેજ સંવત્સરી કરેલી છે.** સુજ્ઞ વાંચકેાએ એટલું તેા સમજવાની પહેલી જરૂર છે કે શૈવ ધર્મિઓ અને વૈષ્ણવ ધર્મિઓ પણ પેાતાના ધર્મની પર્વતિથિઓ પંચાંગની તિથિઓમાં સંસ્કાર કરીનેજ માને છે. દાખલા તરીકે જન્માષ્ટમી, શિવરાત્રી વિગેરેમાં. વિશેષ તેા આશ્ચર્યની વાત એ છે કે જૈન શાસનમાં એ વાત સ્પષ્ટ કરવામાં આવેલી છે કે લૌકિક મિથ્યાદૃષ્ટિઓના શાસ્ત્રોને સંસ્કાર કરીને સમ્યગ્દૃષ્ટિ માને તેાજ તે સમ્યક્શ્રુત કહેવાય. એટલે હવે **આ વીરશાસન એ ચંદાંશુચંદુ પ્રમાણેજ સંસ્કાર કર્યા વગર તિથિઓ કહેતું માનતું હેાવાથી તે મિથ્યા શાસનજ છે. તેને વીર શાસન પંચાંગ તરીકે કે જૈન પંચાંગ તરીકે કહેવા માનવાનેા હકજ રહેતેા નથી.**

માનવંતા ગ્રાહકોને

ચાલુ વર્ષનેા આ બારમેા અંક મળી ગયા પછી પંદરમા વર્ષનું લવાજમ ૩. ૩) અંકે રૂપિયા ત્રણ તા. ૧૦-૧૦-૧૯૪૮ સુધીમાં મનીઓર્ડરથી નીચેના સરનામે મેાકલી આપવું નહિંતર પંદરમા વર્ષનેા પ્રથમ અંક વી. પી. કરવામાં આવશે.

નાણું ભરવાનાં સ્થળેા:—

૧. ઝવેરી પાનાચંદ રૂપચંદ,
ઠે. ૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨.

૨. શા. ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર
ઠે. ચાંલ્લાગલી, ગેાપીપુરા, મુ સુરત.

॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(ગયા અંકથી ચાલુ)

પૂજા વિધિના પંચદ્વાર.

પૂજા વિધિનો પ્રારંભ કરતાં તે વિધિને અનુસરતાં દ્વારો જણાવે છે. ૧. કાલદ્વાર, ૨. શુદ્ધિદ્વાર, ૩. વિશિષ્ટ પુષ્પાદિદ્વાર, ૪. વિધિદ્વાર, અને પાંચમું સારભૂત સ્તુતિ સ્તોત્ર દ્વાર. આ પાંચ દ્વારોને અનુસારે યથાયોગ્ય વિધિ વિધાનની પ્રવૃત્તિ–નિવૃત્તિ સ્વરૂપ ઉપદેશરૂપ કથન ગ્રંથકાર સ્વયમેવ કરશે. કયા કાલે પૂજા કરવી તેનો વિધિ કાલદ્વારમાં કહેવાશે. પવિત્રતા પ્રાપ્ત કરીને પૂજા કરવા લાયક છે, એટલે આ દ્વારમાં પવિત્રતાનું યથાસ્થિત પ્રતિપાદન તે શુદ્ધિ–દ્વારમાં કહેવાશે. દર્શનીય અને સુસંગધથી ભરપૂર વિશિષ્ટ પુષ્પોથી પૂજા કરવી, અને આદિ પદથી બીજાં કયાં કયાં દ્રવ્યો લેવાં તેનું પ્રતિપાદન પણ તે દ્વારમાં થશે. વિધિ દ્વારમાં પૂજાનો વિધિ કઈ રીતિએ સાચવવો તે પણ તે દ્વારમાં પ્રતિપાદન કરશે. એક શ્લોક પ્રમાણ સ્તુતિ અને ઘણા શ્લોક પ્રમાણવાળું સ્તોત્ર એટલે સ્તુતિ–સ્તોત્રથી જિનેશ્વર ભગવંતોની ભાવ પૂજા કેવી રીતે કરવી તે પણ વિસ્તારથી તે દ્વારમાં સમજાવાશે. ગાથા ૩.

ક્રિયા-કરણકાલ-દ્રષ્ટાન્ત.

હવે જિનેશ્વર ભગવંતોની પૂજા માટે શાસ્ત્રોમાં કયો કાલ પ્રતિપાદન કરેલો છે, તે આ પદ્ય દ્વારાએ શાસ્ત્રકાર જણાવે છે. જેવી રીતે વર્ષાઋતુના અવસરે કૃષિ કર્મ કરનારાઓ કૃષિ કર્મને વિધિ પૂર્વક કરતાં બહુ ફલ રૂપ ધાન્યાદિકને પ્રાપ્ત કરે છે, તેવીજ રીતે પૂજકો ઇષ્ટ ફલની સિદ્ધિ માટે કરાતી ક્રિયાઓ વિધિ વિધાન પૂર્વક ઉચિત અવસરે આદર બહુમાનપૂર્વક કરીને ધારણા મુજબ કરતાં અધિક ફળ પ્રાપ્ત કરે છે. આ ઉપરથી લૌકિક–ક્રિયાઓના વિધિ વિધાનને અને ઉચિત અવસરાદિ કરણીઓ બતાવીને બહુ ફલ પ્રાપ્તિ દ્વારાએ લોકોત્તર ફલાદિરૂપ જિનેશ્વર ભગવંતોની પૂજા કરવાનો ઉચીત કાળ બતાવ્યો છે, અર્થાત્ જિનેશ્વર ભગવંતોની પૂજાનો ઉચીતકાળ અર્થાપત્તિથી સુચ્વનિત કર્યો છે. એટલે આ પદ્યમાં કૃષિ-કર્મના દ્રષ્ટાન્તથી સર્વ ક્રિયાઓને ઉચીત અવસરે વિધિ વિધાનપૂર્વક કરવાથી બહુફલ પ્રાપ્ત થાય છે, અને તે જણાવીને પૂજા કરવાનો ઉચીત કાળ જણાવી દીધો છે. ગાથા. ૪.

પૂજન કાલની વ્યવસ્થા.

સર્વ ક્રિયાઓમાં બહુફલ પ્રાપ્તિના કારણ-ભૂતપણાથી પૂર્વે જે કાલ જણાવ્યો, તેજ કાળ અહીંયા જિનેશ્વર ભગવંતોની પૂજામાં પણ જાણવા લાયક છે. કૃષિકર્મ દ્વારાએ ફલ પ્રાપ્તિ કરનારાઓ માટે ચોમાસાની ઋતુજ (ચોમાસાનો કાળ)જ બહુ ધન ધાન્યાદિને દેનારી થાય છે, તેવીજ રીતે જિનેશ્વર ભગવંતોની પૂજાનો કાળ પણ ત્રણ સંધ્યાની કાળ વેલાઓને અનુસરીને ઉત્સર્ગ માર્ગથી જાણવો. એવેન પદથી સામાન્યતઃ અર્થાત્ ઉત્સર્ગ માર્ગે પૂજા કરનારાઓએ તો ત્રણ સંધ્યાનો અવસર સાચવવો જરૂરી

છે. છતાં પૂજા કરનાર ગૃહસ્થની આજીવિકા રાજ્યસેવા, નોકરી-ચાકરી, વ્યાપારાદિ ઉપર ચાલતી હોય, અને તે ત્રણ સંધ્યાઓને સાચવવાં જાય તો આ જીવિકાને બાધા પહોંચતી હોય; તેથી અપવાદ જણાવતાં શાસ્ત્રકાર નીચેના પદોથી સૂચન કરે છે કે પૂજા કરનારાઓએ આજીવિકાને બાધ ન પહોંચે તે રીતિએ પૂજાનો અવસર સાચવવો, **वित्तिकिरियाऽविरुद्धो**। એટલું જ નહિં પણ પદ્યમાં **अहवा**=અથવા પદથી ફરી સૂચન કરે છે કે આ જીવિકાને બાધા પહોંચતી હોય તેવા ગૃહસ્થે આજીવિકાને સાચવતાં વધારેનો (બાકી રહેલ) અવસર ઓછાવત્તા પ્રમાણનો પ્રાપ્ત કરીને પૂજાનો અવસર સાચવવો. આથી ત્રણ સન્ધ્યાનો અવસર તેવાઓ માટે નિયમિત નથી. ગાથા ૫.

અપવાદિક-કાલનું સમર્થન.

પૂજા વિષયક-કાલનું ઉત્સર્ગથી વિધિ વિધાન સહેતુક દૃષ્ટાન્ત પુરસ્સર પ્રતિપાદન કરતાં આપવાદિક કાલ નિરૂપણ કેમ કર્યું? એવી શંકાના ઉત્થાનમાં શાસ્ત્રકાર આ પદ્યદ્વારા સમાધાન જણાવે છે. ચાલુ પંચાશકમાં **पुरिसेणं** એ પદદ્વારા પુરૂષ ગ્રહણ કરીને પુરૂષને આશ્રીને વિધિ વિધાન જણાવે છે. તેથી વૃત્તિકાર જણાવે છે કે સર્વજ્ઞ કથિત શાસ્ત્રોમાં પુરૂષનું પ્રાધાન્યપણું સ્વીકારેલ હોવાથી અત્ર પણ તેમજ સમજવું. અથવા **पुः**=શરીર એટલે શરીરમાં વસવાટ હોવાથી પુરૂષ=જીવ વિશેષ અર્થ કરવાથી હરકોઇ સ્ત્રી-પુરૂષ પણ લઇ શકાય છે. **માનસિક-વાચિક-અને કાયિક-પ્રવૃત્તિઓ ઔચિત્યતા-પૂર્વક કરવાનું પરમ સૌભાગ્ય બુદ્ધિમાનોને પ્રાપ્ત થયેલ** હોવાથી પુરૂષમાં અથવા જીવ વિશેષમાં બુદ્ધિમાનપણું હોવું જરૂરીનું છે. આથીજ પૂર્વાપર પદોની સંગતિ લગાવીને જણાવે છે કે-પોતાના આત્માનું સુખ-વર્ધન=કલ્યાણની પરંપરાને ઇચ્છતા બુદ્ધિમાન પુરૂષ પરમાર્થથી જે રીતિએ કલ્યાણની પરંપરાઓ વૃદ્ધિ પામે તે રીતિએ પ્રયત્ન કરવા લાયક છે. આ ઉપરથી આજીવિકાને બાધા પહોંચે તે સમયને છોડીને પૂજામાં જણાવેલ અપવાદિક કાલનું સેવન કરાય છે. આ પ્રસંગને ઉપરના કથનથી સમર્થન કર્યું. ગાથા ૬.

વૃત્તિ-ઉચ્છેદથી થતું નુકશાન.

અપવાદિક-કાલનો આશ્રય ન કરે તો કેવી રીતે શુભ સંતાન એટલે શુભ-શુભતર-શુભતમ અનુષ્ઠાનાદિની પ્રાપ્તિની પરંપરાનો કઇ રીતે વ્યવચ્છેદ થાય છે?, તેના ઉત્તરમાં જણાવે છે કે વૃત્તિનો ઉચ્છેદ થવાથી અર્થાત આજીવિકાનો નાશ થવાથી ધર્માદિક અનુષ્ઠાન દ્વારાએ કુશલાનુબન્ધિ આદિ લાભોની પરંપરાનો જરૂર વ્યવચ્છેદ થાય છે. તેથીજ આ ગાથામાં વૃત્તિનો ઉચ્છેદ થવાથી શું થાય છે, તે જણાવતાં શાસ્ત્રકાર **वित्तीवोच्छेयम्मि** ઇત્યાદિ પદોથી સ્પષ્ટીકરણ કરે છે.

અર્થાત આજીવિકાનો નાશ થાય તેવી રીતે આજીવિકાના અવસરને બાધા પહોંચે તેવી રીતિનો

પૂજનો ટાઇમ લેવોજ નહિં. કારણ કે જે અવસરે આજીવિકાની નિયમિત ક્રિયા ચાલુ છે તેજ અવસરમાં પૂજાદિક ધર્મકરણી કરવા બેસે તો આજીવિકાનો નાશ થાય છે. અને વૃત્તિનો વિનાશ થવાથી ગૃહસ્થની ધર્મ-સંબંધિ, લૌકિક-સંસાર સંબંધિની સર્વ ક્રિયાઓ અને સમસ્ત વ્યાપારો મંદ પડી જાય છે, અર્થાત્ ગૃહસ્થો સાંસરિક-કાર્યોમાં પ્રવર્તન કરવાને અશક્ત નીવડે છે. સકલ પાપને મુકવામાં તત્પર મહા-મુનિઓના ચરણકમળની ઉપાસનામાં તત્પર એવા શ્રાવકને તે ક્રિયાઓમાં મંદતા આવવાથી વિશેષ શું ? કારણકે આજીવિકાથી નિરપેક્ષ રહેવાવાળાને તે સંભવી શકે છે. આ રીતિએ કથન કરનારને જણાવે છે કે આજીવિકાથી નિરપેક્ષ રહેનાર પુરૂષને તો સંપૂર્ણ સર્વવિરતિ ધર્મની સેવા કરવીજ સુસંગત વિધેય રૂપ છે. પરંતુ સંસારમાં રહેનારાઓને આજીવિકાથી નિરપેક્ષ રહેવું તે સર્વ પ્રકારે હિતાવહ નથી. ગાથા. ૭.

અભિગ્રહયુક્ત-પૂજાકાલ.

આજીવિકાને બાધા ન પહોંચે તેવી રીતે ચૈત્યવન્દનાદિને અનુસરતાં અમુક અમુક નિયમો લઇ શકાય છે. જેમ કે ચૈત્યવન્દન કર્યા વગર મ્હારે ભોજન કરવા લાયક નથી, અને ચૈત્યવન્દન કર્યા સિવાય મ્હારે શયન કરવા લાયક નથી; ઇત્યાદિ અભિગ્રહ-નિયમોનું સેવન કરી શકાય છે. અને આ રીતિએ જિનેશ્વર ભગવંતોની પૂજામાં ઉપર જણાવેલો અવસર વિદ્વજ્જનોએ પણ સ્વીકારેલો છે. હવે કોઇ શંકા કરે છે કે અભિગ્રહથી તો અકાલે પૂજામાં તે નિયમવાળો જીવ પ્રવર્તે છે, અને તેથી ઇચ્છાનુસાર પ્રવૃત્તિ પણ શાસનમાં પ્રાયઃ ગુણ કરવાવાળી મનાઈ જશે. આવી શંકાના સમાધાનમાં શાસ્ત્રકાર જણાવે છે કે તે નિયમવાળાને અભિગ્રહની વિદ્યમાનતામાં પૂજાદિ વિધિ વિધાન કરવાના અધ્યવસાય અસ્ખલિતપણે ચાલુ રહે છે. અથવા તેને અભિગ્રહની વિદ્યમાનતામાં દિનપ્રતિદિન પૂજા કરવાના પરિણામ અસ્ખલિતપણે ચાલ્યા કરે છે, અને પૂજાના પરિણામના અવિચ્છન્નતાને લીધે પુણ્યબંધ પણ પ્રકૃષ્ટપણે અવિચ્છિન્ન રહે છે. આથીજ અભિગ્રહ સહિત પૂજા-કરણકાલ એ અવિચ્છિન્ન પુણ્ય બંધ માટેનું અમોઘ સાધન છે. આ રીતિએ કાલદ્વારની સમાપ્તિ કરીને, કાલદ્વારમાં કહેવા લાયક વિષયની સમાપ્તિ કરી. ગાથા ૮.

દ્રવ્ય-ભાવ શૌચનું સ્વરૂપ.

શુચિદ્વાર એટલે ત્રીજા પદ્યમાં '**सुइभूएणं**' એ પદથી શુચિભૂતેન ઇતિ પદથી જે દ્વાર કહ્યું હતું, તે દ્વારની શરૂઆત કરતાં શાસ્ત્રકાર '**तत्थ सुइणा**' ઇત્યાદિ પદો દ્વારા સ્પષ્ટીકરણ કરે છે. પવિત્ર થયેલા પ્રાણીએ મનુષ્ય જન્મને સફળ કરનારી કરણીય જિનપૂજામાં બન્ને પ્રકારે-પવિત્રતા એટલે દ્રવ્ય-ભાવની અપેક્ષાએ સાચવવી જરૂરની છે. દ્રવ્ય પવિત્રતામાં શરીરનો મલ દૂર કરીને જલથી શરીર પવિત્ર કરવાનું

કાર્ય દેશથી અગર સર્વથી કરવું તે દ્રવ્ય શૌચ કહેવાય છે. અત્ર દ્રવ્ય શૌચમાં દેશથી એટલે પ્રસિદ્ધ વિધિ પ્રમાણે હાથ પગ મુખ મસ્તક વિગેરેને જલથી પવિત્ર કરવાં તેને દેશતઃ દ્રવ્ય શૌચ કહેવાય છે, અને જલથી સંપૂર્ણ શરીરને સ્નાન કરાવવું તેને સર્વતઃ દ્રવ્યશૌચ કહે છે. એટલુંજ નહિં પણ દેશતઃ દ્રવ્ય શૌચની અથવા સર્વતઃ દ્રવ્ય શૌચની ક્રિયા કરીને પવિત્ર વસ્ત્રો અને ઉત્તરાસંગાદિ વસ્ત્રોનું પરિધાન કરવું પણ જરૂરીનું છે. અથવા ઉજ્વલ વસ્ત્રોનું પરિધાન કરવું જરૂરીનું છે. ભાવે=ભાવ શૌચમાં અર્થાત્ ભાવ શૌચ વિષયમાં ગૃહસ્થપણાની તત્કાલીન–ઉચીત અવસ્થાને અનુસરીને, અથવા ગૃહસ્થપણાના જીવન નિર્વાહ માટે જે દેશમાં રહેવાનું થાય અને તે કાલને અનુસરતી વિશિષ્ટ અવસ્થાને અપેક્ષીને, અથવા પોતે જે ભૂમિકામાં સ્થિત હોય તે ભૂમિકાને અનુસરીને નિરવદ્ય પ્રાયઃ પ્રવૃત્તિથી આજીવિકાનું ન્યાય પૂર્વક સેવન પ્રધાનપણે કરતો હોય. અર્થાત્ ન્યાય પૂર્વક ધનાદિ પ્રાપ્તિમાં ઉદ્યમશીલ હોય. નિરવદ્યપ્રાયઃ આજીવિકા પૂર્વે જણાવી ગયા એટલે તીવ્ર–સમરંભ–સમારંભ અને આરંભના ત્યાગપૂર્વક જે આજીવિકામાં મંદ–મંદતર મંદતમ આરંભાદિ હોય તેનું સેવન કરતો હોય, અને નિરારંભિ–નિગ્રંથ મહાત્માઓ પ્રત્યે પૂર્ણ આદર બહુમાનવાળો હોય તેવાઓનેજ નિરવદ્યપ્રાયઃ વૃત્તિ જણાવી છે. તેમાં પણ ન્યાયનું પ્રાધાન્યપણું હૃદયમાં સ્થિર થયેલું હોવું જોઇએ. આથીજ શાસ્ત્રકારોએ અને ન્યાયસંપન્ન શાલિઓએ તો ન્યાય એજ ભાવ શૌચ છે, કારણ કે કર્મમલના પડલોથી મલિન થયેલા આત્માને નિર્મળ જલ સરખું માનેલું છે. ગાથા ૯.

ભાવસ્તવની વિશિષ્ટતા.

સ્નાનાદિક ક્રિયાઓમાં જીવોનાં વધ થવાનો સંભવ હોવાથી અર્થાત્ જીવોના વધમાં સ્નાનાદિક ક્રિયાઓ હેતુભૂત હોવાથી સ્નાનાદિક ક્રિયાઓ પણ દુષ્ટ છે, અને તેથી જીવ વધના હેતુભૂત સ્નાનાદિક કરવા યોગ્ય નથી એવી શંકા કરનારાઓની શંકાનું યથાશકય સમર્થનનું હેતુ–યુક્તિ દ્રષ્ટાન્ત દ્વારાએ આ પદ્યદ્વારાએ નિરસન કરે છે. દેહ શૌચનિમિત્ત સ્નાનાદિકનું વર્જન તો દૂર રહો, પરંતુ પૂજા–વિલેપનાદિમાં પણ જીવવધાદિનો સંભવ હોવાથી તે પણ વર્જન કરવા યોગ્ય છે એમ શંકા કરનાર જણાવે છે. આ શંકાના સમાધાનમાં શાસ્ત્રકાર જણાવે છે કે સ્વજન કુટુંબ પરિવારાદિ નિમિત્ત ખેતી વિગેરેથી આજીવિકા ચલાવનારને પૃથ્વી આદિ છ કાય જીવોના છેદન ભેદન તાડન તર્જન અને પ્રાણના અતિપાત પૂર્વક પ્રવૃત્તિ કરવી પડે છે. એવા અસદારંભમાં રક્ત ગૃહસ્થને યતના પૂર્વક બચી શકે તે જીવોને બચાવવા પૂર્વક પૂજાદિક કરણી કરવાથી તેઓને ગુણકારિ નીવડે છે. યતના પૂર્વક પૂજાદિક કરણી ગુણકારિ થાય છે તો પછી સાધુઓ કેમ ન કરી શકે?, તેના સમાધાનમાં પણ જણાવે છે કે શ્રમણ ભગવંતોએ સર્વ સાવદ્ય યોગની વિરતિ કરેલી હોવાથી અને સ્નાનાદિક ક્રિયા પૂર્વક થતાં દ્રવ્ય સ્તવરૂપ પૂજા કરવાના નિષેધ સાથે ભાવસ્તવમાં આરૂઢ થયેલ હોવાથી તેઓને યતના પૂર્વક પૂજાદિક દ્રવ્ય સ્તવ પણ ગુણકારિ થતાંજ નથી.

(ચાલુ)

[ટાઇટલ પેજ ૪ થી ચાલુ]

૬૫૦. નિર્ગુણી આત્માઓ ગુણને દેખી શકતાં નથી, અર્થાત્ ગુણવન્તોના ગુણોની કદર કરી શકતાંજ નથી; તેવી રીતે ગુણવન્તો પણ બીજા ગુણવન્તોને દેખીને ઇર્ષ્યાભાવ અગર મત્સરભાવ કેળવે છે એ ખેદનો વિષય છે.

૬૫૧. શાસ્ત્ર–માન્ય ગુણોને અનુસરીને ગુણવાન્ થવું અને ગુણાનુરાગી થવું અર્થાત્ ગુણોનુરાગ સાથે ગુણી થવું એજ માનવ જીવનની સાફલ્યતા છે.

૬૫૨. વિષય–વિકારના ચિન્તવનમાં ચકચૂર બનેલાઓ સંસારમાં અનેકશઃ પરિભ્રમણ કરે છે.

૬૫૩. વિષય ભોગના સાધનની પ્રાપ્તિ કર્યા વગર વિષયની ઇચ્છા માત્રથી પણ રૂપસેનના જીવને સાત ભવો સુધી ભટકવું પડયું.

૬૫૪. કર્મોદયની પ્રબળતામાં વિવેક અને બુદ્ધિ આદિનું વિસર્જન ન થાય તે માટે વીતરાગની વાણીનું ખૂબ ખૂબ સેવન કરો.

૬૫૫. લાંબા–પહોળા લપસણા–ભવકૂપમાં પડતા પ્રાણીઓને બચાવનારા વીતરાગના વચનોજ છે.

૬૫૬. વીતરાગની વાણીના અવલંબન વગર વિશ્વમાં કોઇનો પણ ઉદ્ધાર થયો નથી, થતો નથી અને થશે પણ નહિં.

પર્વ દેશના.

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવેશ **શ્રી આનન્દસાગર-સૂરીશ્વરજીની** અમોઘ દેશનાઓ કે જે વાર્ષિક પર્વો પર આપેલ છે, તેનો સંચય લગભગ ક્રાઉન સાઇઝ સોળપેજી ૨૪ ફારમના આ ગ્રંથમાં છે. પર્વોની સહેતુકતા સમજવી હોય, અને આરાધનાનો ઉજ્વળ લાભ લેવો હોય તો આ ગ્રંથને તાકીદે મંગાવો. કિંમત રૂ. ૫-૦-૦

પ્રાપ્તિસ્થાનઃ—

શ્રી જૈનાનંદ પુસ્તકાલય,

ઠે૦ ગોપીપુરા, ઓસવાલ મોહલ્લાના નાકે,

મુ. સુરત.

સુધા-વર્ષા.

આલેખનકાર:—સુધાવર્ષી–પૂ. પંન્યાસ પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણી-દ્ર.

૬૪૨. જેઓએ આપત્તિ કે મુશીબતો વેઠી નથી, તેઓએ પર પીડાની કિંમત મગજમાં ધારણ કરી નથી; કારણ કે દુધ-સાકરના શોખીનો ભૂખ્યા માણસની કિંમતને અને ભૂખ્યા માણસની પીડાને પિછાણી શકતાજ નથી.

૬૪૩. વિપરીત–માર્ગે જનારા ઉત્સૂત્ર પ્રરૂપકો સુવિહિત ગીથાર્થોની સૂત્રાનુસાર થતી પ્રવૃત્તિ-ઓની નિન્દા કરવામાં પાવરધા હોય છે, માટે તેવાઓથી સદા સાવધ બનો.

૬૪૪. ઇર્ષ્યાના આવિર્ભાવમાં ગુણવન્તોના ગુણોની લેશભર અનુમોદના થતીજ નથી.

૬૪૫. ઇર્ષ્યાના સદ્ભાવમાં પ્રમોદભાવનાનું વિસર્જન થાય છે, અને પ્રમોદ ભાવનાના વિરહ-કાળમાં સમ્યકત્વનો સદ્ભાવ હોતોજ નથી.

૬૪૬. શાસન માન્ય એવા અલ્પ ગુણની અનુમોદના કરતાં શીખો, નહિંતર ઉચ્ચ સ્થિતિએ પહોંચેલા જીવોને પણ પડતાં વિલંબ થતો નથી.

૬૪૭. ધર્મારાધન કાળે વિનાશિ–ભાવોને મેળવવાના–તીવ્ર મનોરથો અને ભોગવાસનાઓને તૃપ્ત કરવાના ભગીરથ પ્રયત્નો ધર્મિ–આત્માઓ માટે અધ:પતનના પગથીઆં છે.

૬૪૮. લોકોત્તર–વિશુદ્ધ–પ્રેમનો પુજારી અંતિમ સિદ્ધ દશાનો અર્થિ હોવાથી સ્તુતિ-સ્તોત્રના પદોનું ઉચ્ચારણ કરતાં અને આલેખન કરતાં પૂજ્ય પરમાત્મા સાથેનો પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચાડવા સાહિત્ય સૃષ્ટિના સિદ્ધ દ્રષ્ટાન્તોનું અવલંબન કરે છે.

૬૪૯. લોકોત્તર–વિશુદ્ધ–પ્રેમ-પિયૂષનું આસ્વાદન કરનારાઓજ પૂજ્ય–પરમેષ્ઠિઓ પ્રત્યે અનન્ય ભાવનું અવિરત સેવન કરે છે.

[વધુ માટે જુવો ટાઈટલ પેજ ૩ જો.]